વિભાગ બીજો

Chapter-2-1

મધ્યકાલીન સાહિત્યની જ્ઞાનમાર્ગી ધારા

નરસિંહ મહેતા
ઇ.સ. ૧૪૧૩-૧૪૭૬

નાથપ-થી સાધના તથા સન્તસાધનાની ચર્ચા કરતાં એ બને ધારાના ગૂજરાત સાથેના સંબંધની પણ વાત કરી હતી. નરસિંહ અને મીરાં તો સન્ત પરંપરા..માં આદરપૂર્વક સ્થાન પામ્યાં છે. જયપુરમાં દાદૂ પંથીઓએ કરેલા પદસંગ્રહમાં નરસિંહનાં પદો છે તે પણ સન્તસાધનાની ચર્ચા કરતી વેળાએ આપણે જોઇ ગયા. નરસિંહની કૃતિઓમાં બે જુદી જુદી સાધનાના સ્પષ્ટ પ્રવાહ જોવામાં આવે છે: એક તો સગુણ ધારા જે નિર્ગુણનો સર્વથા બહિષ્કાર કરે છે, એટલુંજ નહીં પણ એની આકરી ટીકા કરીને ઉપહાસ પણ કરે છે. કેટલીક વાર તો ભક્તને છાજે નહીં એવી અશિષ્ટતા અને ગ્રામ્યતામાં સરી પડીને પણ આવો ઉપહાસ કરે છે. ખાસ કરીને "હારમાળા" માં જુદાજુદા નિર્ગુણ શાખાના સન્ત મહન્તો સાથેની નરસિંહની દલીલમાં આ જોવા મળે છે.[1] વળી આ સગુણોપાસનામાં ઇષ્ટદેવ તે કૃષ્ણજ છે, રામ નહીં. રામના ઉપાસકોની પણ એમાં આકરી ટીકા કરી છે.[2] અલબત, આ"હારમાળા" નું કર્તૃત્વ નિ:સંદિગ્ધપણે નરસિંહનું નથી. આ સગુણોપાસના આરાધ્યદેવનું નખશીખ વર્ણન કરીને રાચે છે; ઇષ્ટદેવની લીલાનું વર્ણન કરીને રાચે છે; ને આ નિમિત્તે શૃંગારના નિર્લજ્જ અમર્યાદ વર્ણનમાં પણ ઘણીવાર સરી પડે છે.[3]

નરસિંહની આ સગુણધારામાં મૂળ વિશે જુદા જુદા વિદ્વાનોના જુદા જુદા મત છે. એક બાજુ ગોવર્ધનરામ કહે છે: " આ આદિ કવિઓમાં આ જ્વાલાઓ

---

[1] લંપટી કપટી જન્મ જૂઠો સદા, જે હરિ કૃષ્ણ શરણે ન આવ્યો
હીન તે દીન તે, ચટપટ ચાડિયો, તે હરિજન થકી દૂર કહાવ્યો. "હારમાળા" પદ ૫૭
જેનાં પાપ હોય તે થાય જોગી, અલ્યા અમે ભોગી રે ભોગી. પૃ.૨૧ નરસિંહ મહેતાકૃત
કાવ્યસંગ્રહ :ગૂજરાતીપ્રેસ: -એજ ન પૃ ૧૮,પદ ૪૮

[2] રહેવા દે તારો રામ, ભગુવા રહેવા દે તારો રામ,
તેનું મરતી વેળા છે કામ, ભગુવા રહેવા દે તારો રામ, -એજ૧ પૃ.૧૭ પદ ૪૨

[3] "હારમાળા" માં સહજરાનંદનો આક્ષેપ જુઓ:- તારી પેઠે કોઇએ ન ગાયો, નાગો ભૂડો
શણગાર. એજ ૧ પૃ ૧૨, પદ ૨૭

ગૂજરાત બહારના કોઇ પ્રસિધ્ધ નવા ધર્મપ્રવર્તકોમાંથી નથી આવ્યો, કારણ તે સર્વ આ કવિયુગ્મ (નરસિંહ અને મીરાં) ના આયુષ્ય પછી જન્મ્યા અથવા ઉદય પામ્યા છે." તો બીજી બાજુ આનન્દશંકરનું સુચિન્તિત મન્તવ્ય આવું છે:-(નરસિંહના) પ્રેમભક્તિનાં કાવ્યો ઉપરાંત "જાગીને જોઉં તો જગત દીસે નહીં...."

"નિરખને ગગનમાં કોણ ધૂમી રહ્યો...."

"જ્યાં લગી આતમા તત્વ ચીન્યો નહીં

ત્યાં લગી સાધના સર્વ જૂઠી "

આવાં કાવ્યો પણ છે. આ સાથે કબીરનાં

" આતમતત્ત્વ ચીના વિના સબ હે જુઠી સેવ,

કરે સો તો ભ્રમણા, કયા તીરથ કયા દેવ "

તથા "કહે કબીરા પરિબ્રાજકી, ચલકે જ્યોત ચણઙ

અરધા ઉરધાકે ઘાટ પર બાઇ, નિશદિન ખોજો પઙ" [૪]

ઇત્યાદિ પુષ્કળ વચનો સરખામણીમાં ટાંકી શકાય. કબીરને પંદરમાં શતકના આરમ્ભમાં મૂકીએ તો, ઉપરના ઉતારા સરખાવતાં એક જ અનુમાન નીકળે છે કે સાધુઓ વ્હારા યા બીજી કોઇ રીતે કબીરનો ઉપદેશ નરસિંહ મહેતા સુધી પહોંચ્યો હતો.... આ વખતે ઉત્તર હિન્દુસ્થાનના ચાલ્યાળુ સાધુઓ વ્હારા જ નરસિંહે નવા યુગનું ધર્મ-ઉત્થાન અનુભવ્યું હતું એમ માનવું જ ક્રમને સયુક્તિક જણાય છે.[૫] શ્રી મુનશી આ સગુણોપાસનાની અસરનું મૂળ બંગાળમાંના ચૌદમા સૈકામાં પ્રચારમાં આવેલા વૈષ્ણવ સહજિયા સમ્પ્રદાય, ચૈતન્ય પ્રમુખ ત્રણ કવિ ચણ્ડીદાસની મધ્વાચાર્યના બંગાળી શિષ્ય માધ્વેન્દ્રપુરી પર થયેલી અસર; એનો શિષ્ય ઇશ્વરપુરી ને એની ચૈતન્ય પર થયેલી અસર- ને આ ચૈતન્ય સમ્પ્રદાય ના સાધુ તથા ભક્તોની

---

[૪] સરખાવો નરસિંહની પંક્તિ: અકળ અવિનાશી એ, નવ જ જાણે કલ્યો, અરધા ઉરધાની મહિ મહાલે.

[૫] કાવ્યતત્ત્વ વિચાર પૃ.૨૬૩-૬૪ આચાર્ય આનન્દશંકર ધ્રુવ કબીરની સોરઠમાળાને એ દરમિયાન રા માંડલિકના સમયમાં પ્રવર્તતી મૂર્તિ પૂજાનો ઉલ્લેખ કરતું કબીરનું આ પદ ટાંકે છે: "....સોરઠ દેશમાં પોહોંચે જાઇ, જ્ઞ દેખા તીત કોધા હકીરા

પૂજહિં મૂરત ધોરત ધીસ્તરા."

નરસિંહ મીરાં પર અસર થઇ એમ આખી સંકળ જોડે છે. આ મત હવે ગ્રાહ્ય ગણાતો નથી, કારણકે આમ કરવા જતાં નરસિંહના સમયને છેક ૧૬મા સૈકા સુધી નીચે ખેંચી લાવવો પડે છે. નરસિંહની સગુણોપાસનાના પર જયદેવ, બોપદેવ તથા ભાગવતની અસર પડી હોય તે બનવા જોગ છે.

પણ સગુણોપાસનાનો આવો ચુસ્ત હિમાયતી ને આગ્રહી નરસિંહ જ્ઞાનમાર્ગ પરમ્પરા તરફ વળે ને એ પરમ્પરાનાં ~~અવિસ્મરણીય~~ સમરણીય પદો આપી જાય એ એક આશ્ચર્યકારક ઘટના છે. આચાર્ય આનન્દશંકર ધ્રુવે બતાવ્યું છે તેમ સમ કાલીન કબીરની નિર્ગુણધારાની સ્પષ્ટ અસર એના જ્ઞાનવૈરાગ્યના પદોમાં દેખાય છે. કેટલાક એવું અનુમાન કરે છે કે જુવાન નરસિંહ મુખ્યત્વે માધુર્યમાં રાચતા, ભક્તિ-શૃંગારમાં રાચ્યો હશે, પણ ધીમે ધીમે જ્ઞાનમાર્ગ તરફ વળીને પ્રૌઢાવસ્થામાં એણે આ ૬ પદો રચ્યાં હશે. પણ "ગોવિન્દગમન" જેવી શૃંગારી કૃતિ નરસિંહે વૃધ્ધાવસ્થામાં લખી છે. એ કૃતિના અન્તમાં કવિ કહે છે:

" હું ગાતાં ગાતાં વૃધ્ધા થયો, એક અંશ ગુણ ન ગાયા રે,
આજકાલ કરતાં જરા આવી, નથી મૂકાતી માયા રે,
...વળિયાં પળિયાં થડિયાં ચંગે , ત્યારે તો મેં લખિયું રે. [૬]

આથી આવું અનુમાન સાચું ઠરતું નથી.ચલણત, "ગોવિન્દગમન" [૭] નું કર્તૃવ્ય પણ નિ:સંદિગ્ધપણે નરસિંહનું મનાતું નથી. નરસિંહની કૃતિઓ છૂટા પદના સ્વરૂપની હોવાથી, ને એ પદો વચ્ચે દઢ સંબંધ સર્વથા ન હોવાથી એમાં પાછળથી રચાયેલાં પદો ~~ઘુસાડી~~ ઘુસાડી દેવાની પૂરી શક્યતા હતી એ હકીકત આપણે ધ્યાનમાં રાખવી જોઇએ. વળી નરસિંહના પદો કણ્ઠપરમ્પરાએ આપણી પાસે આવતાં, એની લોકપ્રિયતાને કારણે, અત્યન્ત અર્વાચીન ભાષા ને પામ્યાં છે. આથી કેવળ ભાષા ને આધારે એ પદોની ક્ષેપકતાનો નિર્ણય થઇ શકે તેમ નથી. આ પરિસ્થ પરિસ્થિતિમાં સગુણોપાસક નરસિંહ અને નિર્ગુણધારાનો જ્ઞાની સન્ત નરસિંહ- એ બે ભિન્ન વ્યક્તિઓ હોય એમ લાગે છે. સગુણોપાસક નરસિંહ ઇષ્ટદેવના રૂપના નખશિખ વર્ણનમાં રાચે છે.

---

[૬] નરસિંહ મહેતા કૃત કાવ્ય સંગ્રહ, ગોવિન્દગમન, પદ ૩૩ પૃ. ૭૪

૪.

જ્યારે જ્ઞાની સન્ત નરસિંહ..

"જો વિરાકારમાં જેહવું મન ગાળે, ભિન્નસંસારની ભ્રાંતિ જાયે [૭]

એમ કહીને એની પ્રાપ્તિનો આવો માર્ગ બતાવે છે:

" નેત્ર વિણ નિરખવો, રૂપ વિણ પરખવો, શ્રવણ જિવ્હાએ રસ
સરસ પીવો. [૮]

સગુણોપાસક નરસિંહ વૈષ્ણવજનનાં લક્ષણ વર્ણવતાં ..છાપા, તીલક, તુલસીની માળા ..વગેરે ભેષનું મહાત્મ્ય ગાય છે.:

" હરિ વૈષ્ણવ જનનાં કીયાં રે લક્ષણ, છાપા તીલક :કોટે: તુલસીની
માળારે,
હરિ તે વૈષ્ણવ જનનાં ભેષ દેખીને, જમ કિંકર ત્રાસે તતકાળ રે. [૯]

ત્યારે જ્ઞાનધારાને અનુસરતો નરસિંહ કહે છે:

" જ્યાં લગી આતમા તત્વ ચિન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી
.....
શું થયું સ્નાન સેવા ને પૂજા થકી, શું થયું ધેર રહિ દાન દીધો,
શું થયું ધરિ જટા ભસ્મ લેપન કરે, શું થયું વાળ લોચન કીધો,
.....
શું થયું તિલક તે તુલસી ધાર્યા થકી, શું થયું ગંગજળ પાન કીધો ? [૧૦]

સગુણોપાસક નરસિંહ ભક્તિનું ગૌરવ કરતાં એને ..

ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નહીંહી રે .. કહે છે.

એની આ ભક્તિ તે ભક્ત અને ભગવાનના દ્વૈતમાં રાયતી ભક્તિ છે, એમાં ઇશ્વરનું સ્વરૂપ પારખી તેમાં લય પામવાની તીવ્ર ઇચ્છા નથી. એમાં તો નિત્ય નંદકુમારને નિરખવાની ઇચ્છા છે. એ નરસિંહ મુક્તિને બદલે જન્મોજન્મ અવતાર માગે છે, ત્યારે નિર્ગુણધારાશ્રયી જ્ઞાની નરસિંહ "આવગમનનો ફેરો ટળે" એમ ઇચ્છે છે. [૧૧]

---

[૭] ભક્તિજ્ઞાનનાં પદો પદ ૩૮ મું ર.મે.કૃત કાવ્યસંગ્રહ પૃ. ૪૮૪
[૮] " પદ ૩૯ " પૃ. ૪૮૫
[૯] " પદ ૨જુ. " પૃ. ૪૬૯
[૧૦] " પદ ૪૩ " પૃ. ૪૮૬
[૧૧] " પદ ૧૨ " પૃ. ૪૭૪.

એ કૃષ્ણ અને નન્દકુમારને છોડીને ધીમે ધીમે "હરી" તરફ વળે છે ને હરિરસ માં "માતો" બને છે. [૧૨] પણ આ "હરિરસ" તે "અચલ્યો રસ " છે એમ જ્ઞાની નરસિંહ કહે છે, ને આ નિર્ગુણ "અનોપમ" જે "અમૃત પેં અતિ મીઠો" છે તે "નવ-ધાથી ત્યારો" હોઇ "દશધામાં દેખાશે" એમ સ્પષ્ટ કહે છે.[૧૩] જ્ઞાની સંત નરસિંહ આચાર જડતા, શાસ્ત્રજ્ઞાન, દેહદમનની કૃચ્છ સાધનાને માનતો નથી. આચારજડતાની સામે તો એણે બંડ ઉઠાવ્યું હતું તે એના હરિજનો સાથેના ભજન કરવાના જીવન પ્રસંગોથી જાણીતું જ છે. "લોકડિયાં" એ એની નિન્દા કરી તેના જવાબમાં નરસિંહે કહ્યું:

કર્મધર્મની વાત છે જેટલી, તે મુજને નવ ભાવે રે,

.....

હરિજનથી જે અંતર ગણશે, તેના ફોગટ ફેરા ઠાલા રે. [૧૪]

વળી અન્યત્ર... એમણે કહ્યું છે:

પક્ષપક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમ દૃષ્ટિને સર્વ સમાન. [૧૫]

આ સાધના તે સહજ ને સરળ સાધના છે. નરસિંહ કહે છે તેમ એમાં તો "લીપુ લ્હેકાવતાં રાજ લેવાનું" છે.[૧૬] આથીજ એ પોતાને " હળવા કર્મનો હું નરસૈંયો" એમ કહીને ઓળખાવે છે.[૧૭] દેહદમન કે જોગ જગન કે વ્રતાદિ પણ કશી જરૂર નથી, તીર્થ યાત્રાની પણ ભલા શા માટે ? શાસ્ત્રના ડખામાં પણ પડવું શા માટે ? માટે તો નરસિંહ કહે છે:

જાગ ને જોગ જગન જૂરથી ટળ્યા, ભૂખ વેઠી સીદ વ્રત કરતો;
તીર્થની સોચના, મેલ મનથી પરી, દેહ દમીને કાં જંજાલ કરતો.
સકલ સાધનનું, શ્રી હરી નામ છે, પાર પામ્યા કોઇ સંત પૂરા
શાસ્ત્ર રૂપી એ સમુદ્ર તરે જેટલા, જાલ કાપી ગયા જન શૂરા [૧૮]

અન્યત્ર પણ કહે છે: દેહ દમન બટ્ કર્યથી વેગળો સાધનવાળોજો જગત જાણે [૧૯]

---

૧૨ પદ પમું પૃ.૪૭૧ સરખાવો અખો: હરિ જાણે થકી ભક્તિ થાય,તેજ ભક્તિ જાણો ખરી.
:અષેગીતા કડવું ૧૦ મું.

૧૩ પદ ૫૭ પૃ.૪૯૧ ૧૭ પદ ૫ પૃ.૪૭૧

૧૪ પદ ૫ પૃ.૪૭૧ ૧૮ પદ ૩૬પૃ.૪૪૩

૧૫ પદ ૪ પૃ.૪૭૦ ૧૯ પદ ૩૭પૃ.૪૮૪

૧૬ પદ ૩૧ પૃ.૪૮૧

વળી, ગ્રંથ ગડબડ કરી, વાત નકરી ખરી, જેહને જે ગમે તેને પૂજે [૨૦]
તથા, શાસ્ત્ર કથા કહે, રજનીમાં ચાથડે, એમ અજ્ઞાનમાં શીખ ગોઠે[૨૧]
અને જપતપ તીરથ દેહડી ન દમીએ [૨૨]

તેમજ શું થયું વેદ વ્યાકરણ વાણી વદે, શું થયું ભૂગ ને રંગ જાણે,
શું થયું ષટ દર્શન સેવા થકી, શું થયું વરણના ભેદ આણે
એ છે પરપંચ સહુ, પેટ ભરવાતણા, આત્મારામ પરિબ્રહ્મ ન જોયો
ભણે નરસૈયો કે, તત્ત્વદર્શન વિના, રત્ન ચિંતામણી જન્મ ખોયો [૨૩]

પણ આ "તત્ત્વદર્શન" શી રીતે થાય ? નરસિંહ કહે છે તેમ-

મર્મ સમજ્યા વિના ભર્મ ભાગે નહિ... [૨૪]

આ "મર્મ સ્વરૂપના સાચા જ્ઞાનાથી જ પામી શકાય. માટે નરસિંહ જ્ઞાનનો મહિમા ગાય છે. જે મૂર્ખ છે તે આકના વૃક્ષથી અમૃત ફળ ચાખે તોડવાની આશા રાખશે; પણ જો હું અને તુંપણુ તજી ગુરૂનું શરણ નહીં લેશે તો જીવ ઈશ્વર અને બ્રહ્મનો ભેદ એને સમજાશે નહીં, ને એ જ્ઞાનવિહીણો જ ઠરશે. [૨૫] અગમ ગુરૂથી નિપજેલા નિગમ શિષ્યો જ બ્રહ્મની વાતનો ભેદ જાણે છે.[૨૬] પણ પંડિતો એનો પોથીમાં પાર નહીં પામે,[૨૭] જ્યારે જ્ઞાન વિજ્ઞાનની જ્યોત પ્રગટે ત્યારે ભિન્ન ~~સંસસ+ર~~ સંસારની ભ્રાંતિ ભાગે ને નિરાકારમાં મન ઓગળી જાય.[૨૮] એવા જ્ઞાનદીપકથીથકી જ તિમિર નાસે[૨૯] પણ એને માટે સન્તનો શબ્દ સુણીને જાગવાની જરૂર છે.[૩૦] નરસિંહે પણ જ્યારે આમ આમ જાગીને જોયું ત્યારે એને જગતની ભિન્નતા ભાસી નહીં. એ બધા ચટપટા ભોગ તો (જડતાની, અજ્ઞાનની) ઊંઘમાં જ ભાસતા હતા. હવે તો બધું ચૈતન્યના વિલાસરૂપ દેખાય છે; અહીં બીજું

---

૨૦ પદ ૪૦ પૃ. ૪૮૫
૨૧ પદ ૪૧ પૃ. ૪૮૬
૨૨ પદ ૫૬ પૃ. ૪૯૧
૨૩ પદ ૪૩ પૃ. ૪૮૬
૨૪ પદ ૪૫ પૃ. ૪૮૭
૨૫ પદ ૩૨ પૃ. ૪૮૨
૨૬ પદ ૪૯ પૃ. ૪૮૯
૨૭ પદ ૪૧ પૃ. ૪૮૫
૨૮ પદ ૩૩ પૃ. ૪૮૨
૨૯ પદ ૪૬ પૃ. ૪૮૮
૩૦ પદ ૩૮ પૃ. ૪૮૪

કોઇ તત્ત્વ જ નથી. આ તો બ્રહ્મ જ બ્રહ્મ આગળ લટકાં કરે છે. વેદ, શ્રુતિ, ~~સ્મૃતિ~~ સ્મૃતિ બધાં જ સાખ દે છે કે કનક કુંડળમાં કશો ભેદ નથી એ તો ઘાટ ઘડયા પછીના જૂજવા નામ રૂપમાત્ર છે .એને તો બધું હેમનું હેમજ છે. બ્રહ્મ આપ ઇચ્છાએ જીવ ને શિવ થાય છે ને ચૌદ લોકોનો પ્રપંચ રમે છે. જેણે આ જાણ્યું તે સંતો સિધ્ધિને પ્રાપ્ત કરી ગયા.[૩૧] આવાં પરબ્રહ્મને શી રીતે પામવું ? અહીં નરસિંહની વાણીમાં ઉપનિષદની વાણીના પડઘા સંભળાય છે: પતિ વીણ તેલ વિણ, સૂત્ર વિણ જોદવી,

અનળ
અચળ ઝળકે સદા અજ્મ દીવો.
નેત્ર વિણ નિરખવો, રૂપવિણ પરખવો,
વણ જીભ્હાએ રસ સરસ પીવો [૩૨]

એને માટે ની સાદી રીત બતાવતાં નરસિંહ કહે છે:

જડ ને ચૈતન, રસ કરી જાણવો, પકડી પ્રેમે સજીવન મૂળી [૩૩]

આ વસ્તુ તો અપરોક્ષાનુભૂતિનો વિષય છે. એ "માલમી" (સુકાની) તો કોઇ વિરલ ના અનુભવમાં આવે છે.[૩૪] જે જોગીની સગુણોપાસકને નરસિંહે નિન્દા કરી તે જ હવે આ અનુભવનો અધિકારી બને છે.

જોગી જોગેશ્વરા કોઇક જાણે [૩૫]

દમ્ભીઓને ચાબખા લગાવવામાં નરસિંહ અખાનો પુરોગામી છે:

અલ્યા નામ પામ્યો, પણ રામને નવ લહ્યા, વૈષ્ણવ પણ પદ કેરૂં
બિરદ ઝાલે

.....

હરિને જાણ્યા વિના, હરિ કેરો જન થયો, વાત પકવાનથી ભૂખ
ન ભાગે.

તું એમ જાણે જે, હરિજન હું થયો, વિષ્ણુપદ ગાઇ થયો ભક્ત ભવમાં

કરણી તો કાગની, હોડ કરે હંસની, હંસને તો હસી કાહડે લવમાં,

પિંડમાં પ્રભુ પણ, પ્રગટ પેખે નહીં, ફોકટ ભમે તે દૂર ભાળે
અગણિત બ્રહ્મનું ગણિત લેખું કરે, દુષ્ટ ભાવે કરી માલ ઝાલે [૩૬]

---

૩૧ પદ ૪૨ પૃ. ૪૮૬ ૩૪ પદ ૨૯ પૃ. ૪૮૦

૩૨ પદ ૩૯ પૃ. ૪૮૫ ૩૫ પદ ૩૮ પૃ. ૪૮૪ આની સાથે પદ ૪૩,૪૪,૪૫,૪૬,
પદ ૩૯ પૃ. ૪૮૪ ૫૧,૫૨, ૫૪ પણ જોવા.

૩૩ પદ ૩૦ પૃ. ૪૮૧ ૩૬ પદ ૫૩ પૃ. ૪૯૦

૮.

ગુરૂનો મહીમા પણ નરસિંહે એનાં આ પદોમાં ગાયો છે. પદ ૫૩ મું, આ પ્રકારની, ગુરૂપદની, વંદનાનું જ પદ છે. ત્યાં એ કહે છે કે હું ભવસાગર માં ગુરૂ રૂપી નાવમાં ચઢીને જ સહેજે સાગર પાર થયો. સદ્‌ગુરૂ "સાવધા હઠ હાંકણ હાકૂ" હોવાને કારણે "હોડા હિલ્લાં" એને નડ્યાં નહીં. ગુરૂ રૂપી દલાલે હરિનામનો વેપાર કરાવી ને ભવમાં "-ચાલ" કરાવી દીધો. એવા ગુરૂનો મહિમા શી રીતે વર્ણવાય ? સરસ્વતી ને વેદ પણ એને વર્ણવતા થાકે, શિવ સનકાદિક પણ ગુરૂગુણનો ભેદ વર્ણવી શકે નહીં. સંક્ષેપમાં કહીએ તો:

> ગોવિંદથી અધકા રે સદ્‌ગુરૂ ગુણનીધી રે, ચર્ધામ ઉર્ધારણ કહાવે નામ
> તનમનરસરખીરેસેવા `સદા કરું રે, નમી નરસૈંયો કરે પ્રણામ.[૩૭]

હઠયોગની કે ષટ્‌ચક્ર ભેદવની વાતનો અણસારો નરસિંહના પદોમાં વરતાતો નથી. એક સ્થળે માત્ર:

> શૂન્યમાં શબ્દ થઇ વેદ વાસે [૩૮]

માં શૂન્યની વાત આવે છે. આમ નરસિંહની સાધના તે કબીરની સહજ સમાધિના માર્ગને જ પ્રધાનમાં સ્વીકારનારી લાગે છે. અનુભવની પદ ૪૧ મા માં

> " શરીર શોધ્યા વિના સાર નહિ સંપડે" એમ કહ્યું છે. એનો અર્થ એમ ઘટાવી શકાય કે શરીરનું સાધન તરીકેનું મહત્ત્વ નરસિંહે સ્વીકાર્યું હતું ને જે પિણ્ડમાં છે તેજ બ્રહ્માણ્ડમાં છે એમ એનુ માનવું હતું.

જે"અયવ્યા રસ" ની નરસિંહ વાત કરે છે તે એણે જાણ્યો છે. એ હકીકતની પ્રતીતિ શુધ્ધા કાવ્યત્વથી દીપ્ત એના પદોથી આપણને થાય છે. એ ગગનમાં ગગનાકાર બનીને વ્યાપેલા ને સોઽહમ્ સોઽહમ્ ..તે જ હું શબ્દ બોલનાર તત્વને ઓરખે છે ને પછી કહે છે કે એને નિરખવાનો જે "અનંત ઓળખ્યા" છે તેમાં બુધ્ધિ પંથ ભૂલી જાય છે. નરસિંહની સુવિખ્યાત પંકિતમાં

---

૩૭ પદ ૪૦ પૃ. ૪૮૫ ૩૮ પદ ૩૯ પૃ.૪૮૫

એ ઓચ્છવનું વર્ણન જોઇએ:

જલહલ જ્યોત ઉદ્યોત રવિ કોટમાં, હેમની કોર જ્યાં નીસરે તોલે
સચ્ચિદાન-દ આનંદ ક્રીડા કરે, સોનાનાં પારણાં માંહી ઝૂલે ઝૂલે [૩૯]

આજ પ્રકારના આનંદ નું વર્ણન એ પ૭ મા પદમાં કરે છે.(પૃ.૪૯૧) ત્યાં નવધ્ધાથી
-યારા જે દશધ્ધામાં દેખાતા પૂર્ણાન-દ પુરૂષોત્તમને નિરખીને
નરસૈયો વિરભે થયો છે ને એની "હું તું" ની દુધ્ધા ટળી છે,
આ પદો આપણા કાવ્ય સાહીત્યમાં સદાકાળ એની પ્રજ્વલતા, ચબુતિની સચ્ચાઇનો
રણકો તથા નિરડંબરી ગહનતાને કારણે ચિરસ્મરણીય બની રહશે.

આમ આપણે નરસિંહના જ્ઞાનના પદોની ચર્ચા કરતાં આગળ વર્ણવેલી જ્ઞાનાશ્રયી સન્તસાધ્નાનાં લક્ષણો જોયાં. નરસિંહ જડ આચારને નિન્દે છે, માનવીને માટેના સ્નેહથી એનું હૃદય દ્રવે છે, બાલાડંબરમાં એ માનતો નથી, દમ્ભીને એ ચાબખો લગાવે છે, દેહ દમન વગેરે કુચ્છ સાધ્નોમાં એ માનતો નથી, એ પણ સહજ સરળ માર્ગ સ્વીકારે છે, પોથીનું જ્ઞાન કે શાસ્ત્રોની જટાજાળ એને મન "તત્વનું ટૂપણું" માત્ર છે. એ અપરોક્ષાનુભૂતિ અને સ્વસંવેદ્યતાને જ મહત્ત્વ આપે છે. હઠ યોગની જંજાળમમાં એ પડતો નથી, ગુરુનો મહિમા એ સાધ્નામાં સ્વીકારે છે, ને બ્રહ્મ સાથેના અભેદ સિધ્ધા કરીને અક્ષર પદને પામી અચવ્યો રસ ચાખવાનું જ ઇચ્છે છે. આમ જ્ઞાનાશ્રયી નિર્ગુણ સાધ્ના ધારાની પરમ્પરામાં નરસિંહ ની આ કૃતિઓ એક કડી બની રહે છે ને એના મુખ્ય સર્વ લક્ષણોને પ્રકટ કરે છે.

---

૩૮ પદ ૩૮ પૃ.૭૮૫

મીરાં
ઈ.સ. ૧૪૯૯-૧૫૪૭

મીરાંના જીવનકાળ દરમિયાન પંજાબમાં નાનક (ઈ.સ.૧૪૬૯-૧૫૩૯), બંગાળમાં ચૈતન્ય (ઈ.સ. ૧૪૮૫-૧૫૩૩), તથા મહાપ્રભુ વલ્લભાચાર્ય (ઈ.સ. ૧૪૭૯-૧૫૩૦) - આ ત્રણ જુદી જુદી સાધનાનું પ્રતિનિધિત્વ ધરાવનાર વ્યક્તિઓ પણ થઈ ગઈ. વળી, આ સમય દરમિયાન જ હિન્દી સૂફીવાદી કવિઓએ પોતાની કૃતિઓ રચી. આ બધાંની મીરાં પર કેટલી અસર થઈ તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે. મીરાંના પદોની કોઈ પ્રમાણભૂત હસ્તપ્રત મળતી નથી. કેવળ લોકગીતની પરમ્પરામાં જળવાઈ રહેલાં વ્રજ, રાજસ્થાની અને ગુજરાતી ભાષામાંના પદોને આધારે મીરાંની કૃતિઓની ચર્ચા કરવાની રહે છે. એ ત્રણ ભાષા પૈકી કઈ ભાષાનાં પદોને વધુ પ્રમાણભૂત ગણવાં ? રાજસ્થાની ભાષામાં રચાયેલાં પદો, મીરાં રાજસ્થાની હોવાથી, વધુ પ્રમાણભૂત ગણવા એવો કેટલાકનો મત છે. પણ મીરાંએ, તે જમાનાના અન્ય સન્તો ની જેમ યાત્રા કરી છે. એ વ્રજમાં જીવ ગોસ્વામીને મળી હતી ને એનું મૃત્યુ દ્વારકામાં થયું હતું. આથી એણે વ્રજભાષામાં તેમજ ગુજરાતીમાં પદો રચ્યાં પણ હોય. અખાએ પણ પંજાબી હિન્દી અને વ્રજ - આ ત્રણેના મિશ્રણવાળી કૃતિ રચી છે.

મીરાંના પર નાથ સમ્પ્રદાયની અસર પડી હોય એમ કેટલાક પદોને આધારે અનુમાન કરી શકાય. મીરાં ઘણીવાર પોતાના આરાધ્ય દેવને જોગીને નામે સમ્બોધે છે.[1] વળી મીરાં જોગ ધારણ કરવાની વાત ઘણી વાર એના

---

૧ તેરો મરમ નહિં પાયો રે જોગી. તથા- જોગિયાને હું કહ્યો જી આદેશ
જોગીએ ચતુર સુજાણ સજની, દ્યાવે સેકર સેસ

પદોમાં કરે છે. એ પોતાનું જોગણી તરીકે જે વર્ણન કરે છે તે નાથ સમ્પ્રદાય ના જોગીઓના વર્ણનનેજ મળતું આવે છે. [૨] વળી સાધનાની રીત વિશે વાત કરતાં એ "અવિનાસી હરિને"આસન મંડીને અડગ બેસીને ભજવાનું કહે છે. એ "અવિનાસી હરિ"ની આરતિ હમેશાં અન્તરમાં થયા કરે છે.:

આરતિ તેરી અન્તરિ મેરે, આવો અપની જાણ

આમ છતાં ઘણાં પદો એવાં પણ છે કે જેમાં મીરાંના શણગારનું વર્ણન નાથ પરમ્પરા ના જોગીના વર્ણનથી બીજે જ છેડે જઇને બેસે છે.[૩] બીજી બાજુ મીરાં હઠયોગ પ્રધાન નાથપંથી જોગીની સાધનાનો વિરોધ પણ કરે છે.:

જોગી હોય જુગતિ નહિ જાણી, ઉલટી જનમ ફિર આસી

મીરાંના પર કબીર વગેરેના સન્તમતની અસર થઇ હોય એમ માનવાને પણ કારણો મળી રહે છે. કબીરના ગુરુભાઇ રૈદાસ (રવિદાસ) નો ~~મીરાં~~ મીરાં પોતાનાં પદોમાં ગુરુ તરીકે ઉલ્લેખ કરે છે:

ગુરુ મિલિયા રૈદાસજી, દી-હીં ગ્યાનકી ગુટકી

તથા રૈદાસ સંત મિલે મોહિ સદગુરુ

અલબત્ત, અહીં એક પ્રશ્ન એ થાય કે રાણા સાંગાની મા રાણી ઝાલી પણ રવિદાસની

---

૨ ગલ બિચ સેલી હાથ હાજરિયો, અંગ ભભૂતિ રચાયો,
તથા
માળા મુદરા ભેખમાં રે બાળા, અમર લૂંગી હાથ, જોગિણ હોઇ જુગ ઢૂંઢસૂ રે
મ્હોંરા રાવળિયારી સાથ

૩ માઇ મ્હાને સુપને મે પરણ ગયા ગોવાલ
અંગ અંગ હલ્દી મૈં કરીજી, સુધા ભીન્યો ગાલ,
તથા મીરાં લાગો રંગ હરી, ઔરન રંગ અટક પરી
મૂડો મ્હારે તિલક ચરુ માલા, સીલ બની સિણગારો.

૩.

શિષ્યા હતી. તો મીરાંને ને રવિદાસને સમ્પર્કમાં આવવાનું સંભવે ખરું ? આના ઉત્તરમાં કેટલાક એમ કહે છે કે વિઠ્ઠલદાસ નામના રૈદાસી સન્ત મીરાંના ગુરુ હતા. આની સાબીતીને માટે પૂરતાં પ્રમાણ મળતાં નથી પણ, ગિરધર નાગરની સાંવરી સૂરત પર વારી જનારી, એ સાંવરીઆનું રૂપ ફરી ફરીને વર્ણવતાં નહીં થાકનારી, મીરાં સન્ત મતની નિર્ગુણ સાધનાની અસર નીચે આવી હોય એ સાવ અશક્ય તો નથી જ. મીરાંની દેરાણી અજબ કુંવર પુષ્ટિમાર્ગમાં દીક્ષિત હતી. એને જો કૃષ્ણની પૂજા કરતાં કોઈએ વારી નહીં તો મીરાંની આડે કેમ અન્તરાય ઊભા થયા ? આનું કારણ એ હોઈ શકે કે [illegible] મીરાંના કુટુમ્બમાં સન્તમતનો સ્વીકાર નહીં થયો હોય. સન્તો ઘણું કરીને હલકી જાતિના હોવાથી રાજકુટુંબની સ્ત્રી એવી વરણના સન્તો જોડે ભળે તે ઉચિત ન નહીં માન્યું હોય. પણ રાણી ઝાલી તો આ પહેલાં રવિદાસની શિષ્યા થઈ ચૂકી હતી. એટલે સન્તમતથી મીરાંનું કુટુંબ સાવ અપરિચિત હતું એમ તો ન જ કહી શકાય. એ જે હોય તે, મીરાંના પદોમાં સન્તમતની અસર સ્પષ્ટ દેખાઈ આવે છે. એ "નિત્ય વસ્તુ" રૂપી ભગવાનને "હરિ અવિનાસી" કહીને પણ સંબોધે છે. એની આરતિ એના હૃદયમાં થાય છે એમ એ કહે છે. આ વાત સન્ત સાધનાની આન્તર ઉપાસનાની જ યાદ દેવડાવે છે. વળી એનો આરાધ્ય તે પૂર્ણ બ્રહ્મપરમાત્મા" છે. એને " નિરંજણ" કહીને પણ એ સંબોધે છે. એ આદિનાદિ સાહબ"ની સેજ ગગનમણ્ડલમાં છે. ચન્દ્ર ન્હોય, સૂરજ ન્હોય, ધરણી આકાશ ને પવનપાણી નય નોય

એનો અવિનાસી તો અટલ જ રહે છે.[૪] આ પ્રિયતમ એના હૃદયમાં જ વસે છે, માટે એની ઉપાસનાની ઝાઝી આળપંપાળ જરૂરી નથી.[૫] એ કબીરની જેમ સહજ સમાધિમાં માને છે તે કહે છે:

સહજ મિલે અવિનાસી

એની પ્રાપ્તિના સાધન તરીકે ભક્તિને સ્થાને એ "જ્યાનકી ગુટકી" અને "જ્યાનગુહ ગાંસી" નો ઉલ્લેખ પણ કરે છે. ~~અન્યની પણ~~ અન્યત્ર પણ એ કહે છે:

દીપક જોઉં જ્યાનકા, ચઢું અગમ અટારી

તથા

ત્રિકુટી મહલમેં બના હૈ ઝરોખા તહાંસે ઝાંકી મગાઉં હી,
સુન્ન મહલમે સુરત ~~ચાંઉ~~, સુપરી સેજ બિછાઉં,
.....સાહિબ પાઉં.

પોતાના સંપ્રદાયોનો પરિચય આપતું મીરાંનું પ્રખ્યાત ગૂજરાતી પદ "સાસુ મારી સુષ્ટુમણા" પણ હઠયોગની સાધના પદ્ધતિથી મીરાં પરિચિત હતી એ હકીકત તરફ આપણું ધ્યાન ખેંચે છે. આ ઉપરાંત સન્તોને અભિમત એવી "શબ્દયોગ"ની સાધનાનોપણ એને પરિચય હતો એમ એના પદો પરથી લાગેછે.

માટે તો એ કહે છે: સતગુરુ સબદ લગાયા સંસરી, ધ્યાન લગાયા ધૂન મે.
વળી અન્યત્ર એ કહે છે

સુરત નિરતકા દીવા સંજોલે, મનસાકી કર લે બાતી
પ્રેમ હરીકા તેલ મગાંલે, જગે રહ્યા દિન રાતી,

કબીર તથા મીરાંનાં ઘણા પદોમાં સામ્ય જોવામાં આવે છે. સન્તમતમાં ગુરુનું

---

૪ ચંદા જાયગા, સૂરજ જાયગા, જાયગી ધરણિ અકાસી,
પવન પાણી દોનું હી જાયગે, અટલ રહે અવિનાસી,

૫ મેરા પિયા મેરે હીય બસત હૈ, ના કરું આની જાની.

મહત્ત્વ છે. મીરાં પણ ગુરુનો મહિમા એનાં પદોમાં અનેકવાર ગાય છે. ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરતાં એ કહે છે:

સત ગુરુ મિલિયા સુજ પિછાની, જૈસા બ્રહ્મ મૈં પાતી,
વે સગુરા સૂરા અમૃત પીવે, નિગુરા પ્યાસા જાતી.

સગુરાઓ જ અમૃતનું પાન કરી શકે,ને નગુરા તો તરસ્યા જ રહી જાય એમ એ કહે છે., વળી અન્યત્ર એ કહે છે:

સતગુરુ ભેદ બતાઇયા, ખોલી ભરમ કિંવારી
સબઘટ દીસૈ આતમા.....

આમ, સંભવ છે કે સદ્‌ગુરુ ને પ્રાપ્ત કર્યા પછી મીરાં નિર્ગુણ સાધના તરફ વળી હોય. મીરાંને પણ નિન્દા ઘણી સહન કરવાની આવી છે. એણે આકરી ભાષામાં દમ્ભીનો દમ્ભ પણ અન્ય સન્તોની જેમ ઉઘાડો પાડ્યો છે. રાણો જ્ઞાનની પોથી માગે છે તેના જવાબમાં મીરાં ઉદાબાઇને કહે છે:

બાઇ ઉદા, પોથી મ્હોંરી બાડી રી દ્યાર,
જ્ઞાન નિભાવન રાણો છૈ નહીં.

એ જ્ઞાનને નિભાવવું તે રાણાના બજા બહારની વાત છે. એમાં તો ~~અ "મગન"~~
સીસ ઉતારૈ ભુઇ ધરૈ, તબ પૈઠે ઈહ માહિ.
~~બા "મગન"~~ થયેલી મીરાં નિન્દાને ગણકારે ખરી ? એણે તો રાણાજીને કહી દીધું હતું:

રાણાજી મ્હોંને આ બદનામી લાગૈ મીઠી,
કોઇ નિન્દો, કોઇ બિન્દો, મૈં ચલૂંગી ચાલ અનૂઠી

આમ, બદનામીને મીઠી ગણીને મીરાંએ "અનૂઠી ચાલ" જ, અન્ય સન્તોની જેમ, પસંદ કરી. એને બીજા કશા શણગારની પડી નથી, માટે એ કહે છે:

ઔર સિંગાર મ્હારે કામ ન આવે, ઓ ગુરુ જ્ઞાન હમારો.

સાધનાની બાબતમાં એ બાહ્યાચારની જટાજાળ સ્વીકારતી નથી. એનો

૬.

"સહજ કર પૈસણ" (રાગ) એમ કહે છે અને વળી ઉમેરે છે:

જિન મારગ મ્હારા સાધા પધારે, ઉણ મારગ મ્હે જાસ્યાં,
જિન ભેષાં મ્હારો સાહિબ રીઝે, સોઇ ભેષ ધારણાં.

મીરાંના મોટા ભાગના પદો સગુણની ઉપાસનનાં છે, એમાં ખાસ કરીને વિરહ ની વેદના અત્યન્ત કાવ્યમય અને ઉત્કટ રીતે વર્ણવાઇ છે. મીરાંની આરત એ આપણા કાવ્ય સાહિત્યનો અવિસ્મરણીય સૂર છે. આ સગુણોપાસના પુષ્ટિમાર્ગની અસર હોય એમ લાગતું નથી. મીરાં "મહાપ્રભુનકી સેવક" નહીં બની માટે કૃષ્ણદાસ અધિકારીએ મીરાંએ આપેલી ભેટ સ્વીકારી નહીં.[૬] મીરાંએ મહાપ્રભુએ નહીં રચેલાં એવાં બીજાં પદો ગાયા માટે વલ્લભમતાનુયાયી સામદાસે "દારી રાંડ" જેવું અશિષ્ટ સમ્બોધન મીરાંને માટે વાપર્યું.[૭] આમ છતાં મીરાં, નરસિંહની જેમ, જયદેવ વગેરે વૈષ્ણવ કવિઓની અસર નીચે આવી હોય એમ બને.

આમ, શ્રી પરશુરામ ચતુર્વેદીએ એમના "સંતમત અને મીરાં" લેખમાં કહ્યું છે તેમ મીરાંબાઇના સમયનું વાતાવરણ સગુણોપાસક ભક્તિ તથા નિર્ગુણપન્થી સન્તો બન્ને – બંનેથી પ્રભાવિત હતું; ને મીરાંને એ બન્ને પરમ્પરાના સાધકોનો સત્સંગ થયો હશે. આને પરિણામે એના શુધ્ધ હૃદયે એ બન્ને પ્રકારના સાધનોને પોતાની રીતે આગવું રૂપ આપવાનો પ્રયત્ન કર્યો હશે. એણે તો એ બંને પ્રકારના ભાવોને એક સરખાઈ સરણી અને નિષ્ઠાથી એના પદોમાં ગાયા છે.

---

૬ " જો તું શ્રી આચાર્યજી મહાપ્રભુન કી સેવક નાહી હોત તા તે તેરી ભેટ હમ હાથ તે છુહે છુવેંગે નાહી, ઓ ઐસે કહિકે કૃષ્ણદાસ ઉહાં ને ઉઠિ ચલે.

૭ જૈજન્થ. પૃ. ૧૬૧,૧૩૨ :ચૌરાસી વૈષ્ણવનકી વાણી ડાકોર,સં.૧૯૩૦:

પંડિત ધનરાજ

(વિ. ૧૭ મા શતકનો પૂર્વાર્ધ)

ગૂજરાત વિધાસભાના હસ્તલિખિત ગ્રંથ નં. ૩૪૬ માં પંડિત ધનરાજની પ્રકીર્ણ રચનાઓનો સંગ્રહ છે. એમાં ગિરુઆ ગણપતિ, ચતુરવદનનું રાસ, અહનિશિરાસ, વેદપુરાણ, વાણી, ભમરુલી, ધોડલી, હેલિ, વીનતી, શોકભાવના, સાહેલડી, વૃધ્ધકારિક, લઘુકારિક, બીડુ, ઉમાહડુ, હીડોલુ, સોહબુ, મણિપદ્મનાભ, હર્ષભાવના, પદ્મનાભ શ્લોક, સોરંગી, અને આંડણાં— આટલાનો સમાવેશ થાય છે. આટલી જ કૃતિઓનો સમાવેશ કરતી બીજી એક હસ્તપ્રત : : પ્રાચ્યમંદિર, વડોદરામાં પણ છે. ગૂ. વિ. સ. ની હસ્તપ્રતની શૈલીને આધારે શ્રી કે. કા. શાસ્ત્રીએ પંડિત ધનરાજ વિ. ૧૭ માં સૈકાના પૂર્વાર્ધમાં થઇ ગયો હશે, એવું અનુમાન કરે છે.

પંડિત ધનરાજની કૃતિઓ ભક્તિમિશ્રિત જ્ઞાનને પુરસ્કારતી કૃતિઓ હોય એવું લાગે છે. એ વૈષ્ણવજનોને ઉદ્દેશીને પોતાની કૃતિ કહે છે ને અંતમાં "શ્રીકૃષ્ણાય નમ:" એવો પણ ઉલ્લેખ આવે છે. "પરબ્રહ્મ"ના વર્ણનમાં એનું "મુકુંદ"ને કૃષ્ણનું રૂપ વારેવારે વર્ણવાય છે. આમ છતાં કવિનો ઝોક જ્ઞાનમાર્ગ તરફનો હોય એમ લાગે છે. ઉપર ઉલ્લેખેલી કૃતિઓ પૈકીની, આ દૃષ્ટિએ નોંધપાત્ર એવી, કૃતિઓ પર અહીં એક નજર નાંખી લઇએ.

"અહનિશિરાસ" માં કવિ "અજર અમર અકલંક અરૂપ" એવા "હરિ પરબ્રહ્મ"ને જપવાનું કહે છે. "વેદ પુરાણ" માં પણ એ "મૂરતિવિણ પરમાતમા ધ્યાઇઇ" એમ કહે છે. પણ એનું ધ્યાન કેવું હોય તે વર્ણવતાં ઉમેરે છે:

જનની વિછોયું બાલક રોઇએ, જનની દીઠા વિણ ન નિવૃત્તિએ ૧૨
જેલ વિણ માછલી ટલવલિ અતિઘણું એ, ઉદક પામ્યા વિણ સુખ નથીએ. ૧૩
તિમ પરમાતમા શું રહિ આતમાએ. . . . ૧૪

પણ આ પરબ્રહ્મના વર્ણનમાં એના પર્યાયવાચી શબ્દરૂપે કવિ કૃષ્ણનું નામ પણ મૂકી દે છે:

વાસુદેવ પરમાતમા પરબ્રહ્મ વિષ્ણુ નારાયણ એકનૂં એ ૧૬

આ વાસુદેવને પામ્યાનો રસ તે અમૃત જેવો છે, એના જેવો બીજો રસ નથી માટે

અમૃત પામ્યૂં પ્રમાદિ ન ઢોલોઇ, અવર નથી રસ એહ સમુચે. ૩૦

યજ્ઞદાનાદિથી સુખવૈભવ ભોગવવાનાં મળે, પણ એનાથી મળેલું પુણ્ય ખૂટતાં જ એનો પણ અંત આવે: "ધર્મ ખૂટિ વલી દુ:ખ સહિચે." તો પછી આમ "કર્મ ભોગવી પછિ દૂ:ખ સહિચે" તેના કરતાં "પરબ્રહ્મ પદિ સુખિ" થવું શું ખોટું? માટે કવિ કહે છે:

ભમવ ન જાણૂંચં છંદ ન જાંણૂચૈં એક જ જાણૂં સ્વામી માંડ્યા હર

તૂં વડિ જૂવૂં તૂં વડિ માણૂં તું વડિ છોડવું ચારિ ખાંણિ ૪૦

"અહનિશિ રાસ" માં પણ કવિએ કહ્યું છે કે જે લોકો સુખવૈભવ ભોગવવા વ્રતતીર્થ ઉપવાસ કરે છે તે લોકો આખરે તો રખડો પડે છે:

સ્વર્ગ ભોગવી સંકટિ પડ્યા અક્ષયપદ વિણ તે રડવડ્યા. ૧૧

શાસ્ત્ર, વેદપુરાણથી પણ આ બ્રહ્મ સાથેનો અભેદાનુભૂતિ સિધ્ધ થાય નહિ માટે "ચતુર્વદન રાસ" માં પણ કવિએ કહ્યું છે :

કૃત્રિમ શાસ્ત્ર તણિ કુવિચારી, પડિ નર કિ માનવભવ હારિ,

પાર ન પામિ કોએ. ૨૯

આ બધું છોડીને "અધ્યાતમ યોગ" સાધવાની જરૂર છે. એને માટે આત્મસ્વરૂપનું ચિંતન કરવાનો જરૂર છે. તો જણાશે કે આખરે તો એક અને અદ્વિતીય બ્રહ્મ જ છે, એનો જોડ કયાંય નથી. એ રૂપવિહોણાનો જ આ સમસ્ત સૃષ્ટિ વિસ્તાર છે:

પિંડિ બ્રહ્માંડ વિચારી જોઇ, જેણિ માંહ્યું યમલું નહી કોઇ,

રૂપલિહુણુ માંડિએ વ્યાપક. (અહોનિશી રાસ, ૨૬)

બ્રહ્મસાથેની અભેદાનુભૂતિથી થતા આનંદને કવિએ પરબ્રહ્મ સાથેના વાણીના લગ્નો ત્સવરૂપે "વાણી" માં ગાયો છે:

પરબ્રહ્મ વાણા પરણીઇ બ્રહ્માંડિ જયજયકાર,

ચ્યારિ ખાણિ હવો નિરમલી ભાગ્યુ મોહસંસાર. ૧

લોપ્યાં લેષા, યમતણાં ઉઠીયું નરકપ્યાપાર.

બંધન છૂટાં જીવનાં સહુ મુગતું અપાર.

આ મુક્તિ તો સચરાચરમાં વ્યાપી ગઇ. સ્થાવર જંગમ મુક્ત થઇ ગયાં. સુરનર ને નાગલોક મુક્ત થઇ ગયા, સપ્તર્ષિ ને નવગ્રહો પણ મુક્ત થઇ ગયા. આ પ્રસંગના આનંદથી હરિહર ને બ્રહ્મા પણ આનંદિત થઇ ગયા ને ઊલટભર્યા હૈયે અનાહત વાણીથી ગાવા લાગ્યા. કાવ્યમય વાણીમાં આ ધન્ય પ્રસંગનું ચિત્ર કવિ આપણને આપે છે:

ઘરિઘરિ ગૂડીય ઉછલિ તલીયા તોરણ બારિ રે
બ્રહ્માંડ કુલ પગર ભયાં છ રિતુ હરિષ ધરે ચો.
દિવ્ય ચંદન હુઇ છાંટણાં હરષીયા બારિમેધ. :૯-૧૧:

શંખનો હુલુધ્વનિ બ્રહ્માંડભરમાં ઘૂમી વળ્યો. લક્ષ્મીનાથ નારાયણનો પણ હર્ષ માતો નથી, શંકર તાંડવ નૃત્ય કરવા મંડ્યા છે, બ્રહ્મા વેદ ભણવા મંડ્યા છે, હવે

સુખિયા સકુલ બ્રહ્માંડ હો આંહ વિ પરણ્યુ ગગનનાથ. ૧૭

હવે તો બધે "આનંદ પરમાનંદ" છે, બધાં સંકટદુઃખ ભાગી ગયાં છે. "દોહિલાં બંધન" છૂટી ગયાં છે, આત્મા નિર્મલ થયો છે. હવે નથી દિવસ કે નથી રાત. હવે નથી યુગ કે નથી કલ્પ, નથી ક્ષુધા કે નથી તૃષ્ણા, હવે ચિંતા પણ રહી નથી; હવે અન્ય "ઉપાર્જન કે "વ્યાપાર" રહ્યા નથી, હવે તો

સચરાચરિ સહુ ઉપનૂં સુખ પરિમાનંદ હરિષ ૨૯
એક જ તૂં અવનેશ્વર સ્તવોઇ આનંદોયા સંત. ૩૫

ધન્યતાના આનંદોચ્ચારનું આ સ્તોત્ર સદા સંભાર્યા કરીએ એવું છે.
"ભમારુલી" માં અજ્ઞાને કરીને જીવ ચોર્યાંશી લાખ ફેરા કેમ ફરે છે તે કહીને એમાંથી છૂટવા સ્વરૂપજ્ઞાનનો આવશ્યકતા કવિ બતાવે છે. આખરે તો આ જ વાત સાચી

તૂં નિરગુણ ઇમ જાંણી ઇ, તૂં આગલિ નહી કોઇ ૨૧

માટે

નાહરિમતિ ઉદ્ધરિ તુ લયલાગુ તુઉ નામિ,
ભોલી ભક્તિ ભેટીઉ તું પ્રત્યક્ષ પરબ્રહ્મ અનાદિ. ૧-૩૨

નિત્ય પરબ્રહ્મને જ સેવવા, આટલું કહ્યા પછી, અંતમાં એક સુંદર દૃષ્ટાંતથી કવિ આ વાત પૂરી કરે છે:

વાયુ ગંધ માંહિ સાંચરિ તુ ગંધ મૂકયું નિજરૂપ
તિમહરિગુણ માંહિ સાંચરિ તુ નિરગુણ જપિ તુ ઉ નામ. ૩૫-૩૬

"ધોડલી" માં માનમદમત્સર વગેરે ષડ્રિપુના શમી ગયા પછી પરબ્રહ્મમાં ધ્યાન લાગ્યું છે તે સ્થિતિનું વર્ણન છે:

શૂન્ય કીધુ રે સંસાર ધ્યાન નિરંતર ઉપનૂં
ભેટીયું ગુણાતીત ગુણ સંઘાત વિછોહીયું,
ધોડલી ઉગીયું જ્ઞાન આદિત્ય વીતી રે માયા રાતડી,
નિરમલૂં થયું મનચંદ ઊતર્યું મોહનૂં આભલૂં.

ગુણના સહકાર મહોત્સો ઊઠ્યા, વાસનાનો કોલાહલ ટહુકો ઊઠી, પરમાનંદ ઊલટ્યો ને કામાદિકની હોળી પ્રગટી ને હવે

ભાગુ અવર વિચાર, પરબ્રહ્મ ચિંતનિમન રહ્યું.

"મુક્તિનાયક" ને સમર્યા વિના, અન્યથો, મુક્તિ શી રીતે મળે? હવે તો યમ પણ ભાગી ગયો, નરક ને ગર્ભવાસ રહ્યાં નહિ, આવાગમન પણ ટળ્યું કારણ કે યમનું લેખું વાળી દીધું, પછી અવળવાણીનો ઉપયોગ કરીને કવિ આ દશાને વર્ણવે છે:

કર વિણ માંડિ વિશ્વ લોયન વિણ દેખિ સહુ,
મુખ વિણ બોલિ સાર પણ વિણ સંચરિ ફિરિ.
ઉદર વિણ કરિ આહાર ઇછા વિણ સુખ ભોગવિ
ઇછા વિણ કરી ભાવ નિત્ય આનંદિ સોઇરમિ
રૂપ પાખિ કરિ રાજ, સોઇ શણગાર પહિરિ ઘણા
મન વિણ જાણિ સર્વ કાન પાખિ સહુ સાંભલિ.

"ના વિના" ના અર્થમાં "પાખિ" નો ઉપયોગ આ કવિ પણ કરે છે. પરમાત્માને પામ્યા પછી આત્મા ફરી દેહ ધરતો નથી. જ્યાં આ પરબ્રહ્મપદની પ્રાપ્તિના આનંદની વાત થઇ. "હેલિ" માં પરમાત્માના ત્રણ અંશ જે "શરજી પાલિ સંહરિ" તેનો ખ્યાલ કવિ આપે છે ને આખરે કહે છે કે આ બધું વર્ણન તો કર્યું છું, પણ જેની જોડ જ નથી તેને શાની ઉપમા આપવી?

યેહ જમ્મલિ નહી કોઇ તેહતણો ઉપમા કહિ કહું?

"વીનતી" માં કવિ "આદિઅનાદિ" નિરંજન નિરાકાર" "હરિહર બ્રહ્મા"ને સ્તવે છે ભજનાર જે રૂપે જુએ છે તે રૂપે ભગવાન એને દેખાય છે:

તાહરાં રૂપનું પાર નથી યહાં લીલા બ્રહ્માંડ
ભક્ત યેહવું જિહાં મનિ ધરિ તિહાંતેહવું પિંડ. ૧૨

પણ જે લોકો પ્રકૃતિને છોંડીને તને જપે છે તે પરબ્રહ્મને જુએ છે:

તાહરિ ~~છંડીને~~ આધારિ એ જીવ છિ પંચવીસમુ યેહ
પ્રકૃતિ છાંડીનિ તૂં જપિ દેખિ પરબ્રહ્મ તે જ. ૨૦.

"શોક ભાવના" માં જે પોતાને પરબ્રહ્મસ્વરૂપ અનુભવતો નથી તે દુઃખ પામેજ છે એ વાત કવિએ કહી છે. હરિહરને બ્રહ્મા સુધ્ધાં રડે છે. તો મનુષ્ય પ્રાણી તે કોણ માત્ર? આપ વડે સાચા" આપ"ને ઢાંકીને ક્યારે" "આતમજ્ઞાન" ને છાંડે ત્યારે દુઃખ થવા નું જ. ૬ માટે સ્વરૂપજ્ઞાન મેળવી લેવું જોઇએ:

અજૅર અમર અકલંક તૂ રે કર્મ નહી તુઝ નામિ. ૨૪

હરિનામ એ એવડી મોટી શક્તિ છે કે જેના વડે યમને હણી શકાય છે. કાળનો શિરચ્છેદ કરી શકાય છે. કર્મનું વન સમુળગું બાળી નાંખી શકાય છે. ને અઠાવીસ નરકને ભાંગીને ચૂરેચૂરા કરી નાખી શકાય છે:

તા હરિનામિ યમ હણુ રે કાલનૂ કાપું શીસ,
કર્મતણું વન દાહવું ભાજૂં નરક અઠાવીસ.

હરિનામમાંની શ્રધ્ધા કવિએ અહીં બુલંદ રણકારથી પ્રગટ કરી છે. "બીહુ" માં સંતસંગતરૂપ ગંગાને સેવવાની વાત કવિએ કહી છે. બ્રહ્માદિક સર્વે મરણથી બીએ છે, કેવળ સંતો જ નિર્ભય છે. "હીડોલું" માં હિંડોળાને રૂપે કવિ બ્રહ્મની સાધનાનું સ્વરૂપ સંક્ષેપમાં આમ વર્ણવે છે:

જ્ઞાનવૈરાગ્ય તોરણ કરી નિ સ્તંભ શંકર બ્રહ્મ
નૈ:કર્મ ભગતિ હીડોલિડુ હીચિહિચિ તિહાં પરબ્રહ્મ. ૭

આમ અષ્ટાંગ યોગનો ૮૨મો પ્રકારની નિરાશી ફળની ભક્તિના જેવી "નૈ:કર્મ ભગતિ" નો આ હિંડોળો છે. આ હિંડોળો તે વિરાટનો હિંડોળો છે. એની "ધૂમણી"માથી તો આ બધું સરજાયું છે:

પહિલો ધૂમણો યુગધડો, બીજિ રાષિ વિશ્વ ત્રીજી ત્રિભોવન સંવરિ
ચુથીઇ નહી હવિ સૃષ્ટિ.

"સોહલું" એક પ્રકારની પ્રાર્થના જ છે. એમાં કવિ અમુક અનિષ્ટોથી વારવાની ને ઇષ્ટને સંપડાવી આપવાની વિનંતી કરે છે. સ્વાર્થને નિવારીને પરમાર્થ, પરકલ્પનાને નિવારીને કલ્પના, કૂડી કુબુધ્ધિને નિવારીને સિધ્ધ, અહંકારને નિવારીને તેને સ્થાને હૃદયમાં "નીરંજન શ્યામ"નો વાસ, પરસ્ત્રી પ્રત્યેની આસક્તિને નિવારીને પરબ્રહ્મમાં આસક્તિ, વિષયાસક્તિને સ્થાને અક્ષય નામનો જાપ, નિદ્રાને ટાળીને ભક્તિભાવ, વૈરાગ્ય, વિશ્વાસ અને સંતસંગતને માટે કવિ પ્રાર્થે છે. "મણિપદ્મનાભ" માં પણ કવિનો આનંદોદ્ગાર પ્રકટ થયો છે. પરબ્રહ્મપદની પ્રાપ્તિ થતાં "અવતરણ"માંથી ઉગારાયાનો એ આનંદ છે. એ આનંદ ચૌદરાજરમાં વ્યાપી ગયો છે

ઇંદ્રાદિક આનંદીયા મુનિયર કોટિ તેત્રીસ રે
સ્વર્ગિ એકવીસ દુંદુભિ બાજ્યાં જે
બ્રહ્માદિક સવે હરખીયા તેહ પરબ્રહ્મ પામ્યુ રે.

"હર્ષ ભાવના" માં પદ્મનાભના અવતાર બદલનો હર્ષ કવિ પ્રકટ કરે છે, પણ આ પદ્મનાભનું વર્ણન કરતાં કવિ કહે છે:

કોટિ બ્રહ્માંડ તિ માડીયાં તું છ અવ્યકત રૂપ.

તેમ છતાં

ભકતવત્સલ જાણો વીનવું રે ભગ્ત જન વિશ્રામ.

આ પદ્મનાભ "અનંતમૂર્તિ" છે, બ્રહ્માંડ જ એનું રૂપ છે. પણ વળી કવિ કહે છે:

પદ્મનાભ પરબ્રહ્મ તું રે, તું છ અવ્યકત રાઉ

આ અવ્યકત પરબ્રહ્મરૂપ પદ્મનાભની "વિષ્ણુ ભકિત" નો ઉત્સાહ કવિ અહીં ગાય છે:

ભકિત વિના નવિ પામીઇ રે ભકિતભોલુ રાઉ
વલીવલી મ સોધ શુ અવર નથી ઉપાય. ૩૩

"ચોરંગો"માં પણ કવિ આ "ભોલોભકિત" ની જ યાચના કરે છે. આ "દોહ્યલા સંસારસાગરને રામનામના બેડાથી પાર કરવાને માટેની આ પ્રાર્થના છે. જે કોટિ બ્રહ્માંડને ભાંગે છે ને ઘડે છે-તે કરંડિયામાં શી રીતે સમાય? એ તો કોટિ બ્રહ્માંડમાં વ્યાપા રહેલું, "અવાચ" કૈવલ્ય બ્રહ્મ છે, પણ તેમ છતાં ભગ્તને ખાતર ભગવાને ગર્ભવાસનું દુ:ખ પણ વેઠ્યું. આમ કહીને કવિ દશાવતારનું વર્ણન કરે છે. એ ગાઇને થંભાખરે તો કવિ "અમૂરતિ" નું જ ધ્યાન ધરવાની વાત કરે છે, ને

કૃપાનાથ કૃપા કરિં તું જાગિ આતરજ્ઞાન દે.

"આતમજ્ઞાન" ને જ યાચે છે. છેલ્લે "પાંડણાં" માં કવિ નમ્રતાપૂર્વક કહે છે કે

ગાઇ અવાઇઅ કાંઇ ન જાણું હરિ વષાણું એક ચિત્તિ.

આ હરિનામનો મહિમા મોટો છે.

હરિ નામિ ભક્ષ આપી સૂષડી ભાગી અભૂષ ડી ભવ કોટિતણોએ
અક્ષરૈરે અક્ષરિ ગંગરનનાભ પદમાં ભલિ તેહની પરમ પદ ૧૯-૨૦

આમ આપણે પનરાજની કૃતિઓનું એક વિહંગાવલોકન કરી ગયા. પરબ્રહ્મ સાથેના વાણીના વિવાહોત્સવનું વર્ણન તથા બ્રહ્માનંદના બીજા વર્ણનો એના કવિત્વને પ્રકટ કરનારાં છે. શાસ્ત્રજ્ઞાનને એ પણ ઝાઝું મહત્ત્વ આપતો નથી. એનો ઝોક ભક્તિ તરફ વિશેષ છે, છતાં એ અરૂપ અમૂર્ત અવ્યક્ત નિરાકાર નિરંજનનું જ ધ્યાન ધરવાનો વાત કરે છે. હિંડોળાના વર્ણન દ્વારા બ્રહ્મની પ્રાપ્તિમાં સાધનનો ને એની "ધૂમણી"માંથી સરજાતા બ્રહ્માંડની એણે વાત કરી છે તે પણ ઉલ્લેખપાત્રી છે. કવિ "અધ્યાત્મયોગ" ની વાત કરે છે, પણ હઠયોગની સાધના કે એની કશી પરિભાષા એની કૃતિમાં દેખાતાં નથી. મિથ્યાચારની ટીકા પણ અહીં નથી, એટલે કદાચ આ કવિ જ્ઞાનમાર્ગી પરમ્પરા સાથે સીધો સંકળાયેલો નહિ હોય એમ બને.

કૃષ્ણજીના પદો

:૧૭મા સૈકાનો પૂર્વાર્ધ:

જ્ઞાનમાર્ગી ગુજરાતી કવિઓની પરમ્પરાની એક અગત્યની કડી તે કૃષ્ણજી. વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરમાંની ન. ૮૧૫ ની હસ્તપ્રતમાં એના પદો સંગ્રહાયેલાં છે. એમાં ૬૩ પદો છે ને બે છૂટાં પ્રભાતિયાં છે. આ પ્રતની નકલ સં.૧૭૧૭ માં કરવામાં આવી છે. પદો રચાયા પછી અમુક સમય બાદ એની નકલ થઇ હોય એ સ્વાભાવિક છે. "અષ્ટગીતા" સં. ૧૭૦૫ માં રચાઇ છે.[1] નરહરિની 'જ્ઞાનગીતા' સં. ૧૬૭૨માં રચાઇ છે ને ગ્રાહ્યમન ગુજરાતી સભાની હસ્તલિખિત પ્રત (નં. ૮૪૬) સં. ૧૭૧૭ માં ઉતારેલી છે. આના જોતાં કૃષ્ણજી નરહરિ તથા અષ્ટનો સમકાલીન કે પુરોગામી હોવાનું અનુમાન કરી શકાય. આ છૂટાં પદો સિવાયની એની બીજી કોઇ કૃતિ હોવાનું જાણવામાં નથી.

કૃષ્ણજીના પદોનું સ્વતંત્ર સમ્પાદન કરવા ધાર્યું છે, એટલે એનો અહીં વીગતે અભ્યાસ રજૂ કરવાનું અપ્રસ્તુત છે. જ્ઞાનમાર્ગી પરમ્પરામાં એનાં પદોનાં સ્થાન અને અર્પણ વિશે થોડી ચર્ચા અહીં કરીશું. પદની શરૂઆતમાં કરતાં અથ કૃષ્ણજીનાં ધોળ લિખ્યતે એવી સંજ્ઞા વાપરીને ઓળખાવવામાં આવ્યાં છે. વચ્ચે વચ્ચે * પણ પદોને "અથ દેશિકેર રાગ ગોડીના ધોલ" એમ કહી ને ઓળખાવ્યાં છે. બધાંજ પદો આગળ રાગોનો ઉલ્લેખ નથી. પણ પ્રભાત, ગોડી, સારંગ, કેદારો, ભૈરવ, ગુર્જરી- આ રાગોની દેશીઓ વપરાયેલી જોવામાં આવે છે. પદો સ્પષ્ટપણે નિર્ગુણ જ્ઞાનમાર્ગી પરમ્પરાના છે. કૃષ્ણજી પોતાના આરાધ્યને પ્રથમ પદમાં જ અલખ આત્મદેવ કહીને સમ્બોધે છે. ને

---

[1] સંવત સતર પચલોતરો શુક્લપક્ષ ચૈત્ર માસ, ~~[illegible]~~ ૩ ૫૬ ૫

ચૈતરની દૃષ્ટિ નહી ઊઘડી તેથી બહાર ભમીને પ્રત્યક્ષને પરોક્ષ માનવાની ભૂલ પોતે કરી તથા જડને નમ્યો એવો એકરાર કરે છે. એ આરાધ્યા "પ્રભુ" "પ્રીછામાં પાધારો" છે, પણ"અણપ્રી છે વાંકો" છે.[૨] એને એ ક્રીડારસિક "રશીયો આત્મારામ" કહીને પણ ઓળખાવે છે.[૩] એ સાધનાનુ પરમ પદ છે; ને એવી રીતે વર્ણવતાં એ "કેવળ પદ" ની સંજ્ઞા પણ વાપરે છે. વળી એ આરાધ્યને "જગદાકાર" "બ્રહ્માકાર" "સ્વયંપ્રકાશ" વગેરે સંજ્ઞાથી પણ ઓળખાવે છે.

આ "કેવળ પદ" ને જાણવા માટે કૃષ્ણજી "કેવળજ્ઞાન" પામીને તે પ્રમાણે વર્તવા ની જરૂર જુએ છે. એમ કરવામાં આવે તો જ માયાથી ફારગતી લઇ શકાય ને સમરસમાં લય પામી શકાય.[૪] આ માયા જ "બ્રહ્મ" અને "જીવ" વચ્ચે "ઉલજણ" ઉત્પન્ન કરે છે; એના વડેજ બ્રહ્મનું સ્વરૂપ "આવરણ" થી ઢંકાઇ જાય છે. આ માયાને કારણે જ હરિ વિષયાકાર બનીને સૂક્ષ્મ સ્થૂળને વ્હારે રમે છે; જે અણલિંગી તે લિંગને ભોગવે છે. પરમકારણરૂપ બનીને આનન્દકોશમાં આવી ને સૂતું સૂચે છે ને તુરીયાવસ્થામાં દૃષ્ટા બનીને "દૃષ્ટા" ને જુએ છે. આમ:--

નિજ માયામાં રહિ ગુણના થયા છો ભોગી રે
અલખ અજર રંગ તમારો જીવે જોગી રે.[૫]

આ "ઉલજણ" તો માયાના ધોખાને કારણે જ જોઇ, વાસ્તવમાં એ છે જ નહિ.: ધોખો હેરિ રે ઉલજણ ધોખો હેરિ રે
આપાના આભાસમહિ અખિ ઘેરિ રે.[૬]

---

૨ પદ ૪ સોમવાર રામનવમી, પૂરણ ગ્રન્થ પ્રકાશ. ૩ પદ ૫ અખાના કડવાં નં.
૪ પદ ૩ , ૫ પદ ૨, ૬ પદ ૪,

૩.

માયાએ ઊભી કરેલી આ "ઉલજણ" જે સમસ્યા ઊભી કરે છે તેને કૃષ્ણજી અવળ-વાણીનો આશ્રય લઇને વર્ણવે છે:

આવર્ણમાં રે વર્તે આવરો અણ છતો આરો રે,
મોહજલ મૃગજલ ભવજલ વાજલ વિના બુડો તારો રે,
આરોપે અધિષ્ઠાને બાધો સરષ્ટિયે (સૃષ્ટિએ) સરજણહારો રે,
બાજ્યે બાજીગર બાધો ચિત્રામણો ચીતારો રે.

આમ આ સમસ્યાને રજૂ કરીને કૃષ્ણજી કહે છે કે આનો જે કોઇ અર્થ કરી આપે તેને હું મારો સદ્‌ગુરુ કહું.[૭] આ સચરાચરનું સર્જન માયાએ કેવી રીતે કર્યું તે સ્ત્રીપુરુષના સંબંધના રૂપકનો આશ્રય લે-છે લઇને કૃષ્ણજી વર્ણવે છે:

આવૃણ પટકુલ ઓઢિજરે ભાઇ
વિક્ષેપ નિશાનો પલંગ સમારો ને
પિયુડાને સંગ પોઢાડિયાજી રે ભાઇ
મહવાદિક સચરાચર પ્રસવ્યું ને
બહુવિધા જગદાકારે જી રે ભાઇ [૮]

માયા જ " નામરૂપના લટકા ચટકા" કરે છે.[૯] કૃષ્ણજીઆપા જેવો આકરો નથી, પણ માયાને એ "કુતરિ" કહી નાંખે છે:

પ્રાણ પોપટને ગ્રહવી ઝડપિ લેશે માયા મોનિ કુતરિ રે.[૧૦]

"રસિયો આત્મારામ" "જીવને મશે" આ સંસારની રમત રમે છે. એ "પ્રભુનો ખેલ" આપણે સાક્ષી બનીને જોવાનો છે. એ પોતાને પોતે રમાડે છે. એની જ એને ટેવ પડી છે. એના રહસ્યની વાત મન ને વાણીમાં આવતી નથી તો પછી કહેવાય શી રીતે? આ "અવિગત્ય" ની "ગત્ય" તો કોઇ "ભેદુ વિરલા"

---

[૭] પદ ૨૨, [૮] પદ ૪૮, [૯] પદ ૫૧, [૧૦] પદ ૬૮

જ જાણે છે.[૧૧] કૃષ્ણજી પણ, નિર્ગુણ ધારાના અન્ય જ્ઞાનમાર્ગી સાધકોની જેમ ગુરુનું મહત્ત્વ સ્વીકારે છે. પણ એ ગુરુને માટે જે સંજ્ઞાઓ એણે યોજી છે તે અત્યન્ત સૂચક છે. એ ગુરુને "અનુભવિયા" "મરજીવિયા", "નિરકુશીઆ" અને "હસ્તામલક અમલના ભોગી" કહીને ઓળખાવે છે. આ સંજ્ઞાઓ જ ગુરુ કેવો હોવો જોઈએ તેનો આપણને ખ્યાલ કરાવે છે. આ સદ્‌ગુરુ જ "તિમિરવાડી" માંના બાંધા કાઢી નાંખે છે, ને જ્ઞાનમાં આંખ ઉઘાડે છે. સાચા ગુરુ જ પરમ-તત્ત્વનો પાર પમાડે છે, એમણે આપેલી સમજણથી "સંશય ગાંઠડિ" છૂટે છે ને "હસ્તામલ અમલના ભોગી" બની શકાય છે. એમના પ્રભાવથી જ "દુગદા" બોઇનેસમરસ થવાય છે. ને પોતે પરિપૂર્ણ છે એ વાતનું ભાન થાય છે.[૧૨] સદ્‌ગુરુની દયા થતી નથી ત્યાં સુધી "પામર" "પાદારી વાત" ને પ્રીછ્યા વિના "વિ નિતર્યા પાણી ડહોળે" છે , ને સદ્‌ગુરુની મદદથી જ "સ્વયંપદ" ને પામે છે.[૧૩] કૃષ્ણજી પોતાના ગુરુ કોણ હતા તેનું નામ આપતા નથી. પણ અખાની ઘણી પંક્તિમાં "બ્રહ્માનંદ" નો ઉલ્લેખ છે તેથી બ્રહ્માનંદજીને ની અખાના ગુરુ તરીકે કેટલાક વિદ્વાનોએ કલ્પના કરી છે. કૃષ્ણજી એક પદમાં ગુરુની વાત કરતાં કહે છે:

કૃષ્ણજી જ્ઞાનમાં ગલિયો જો આદિત્ય સદ્‌ગુરુ મલિયો જો.

આથી "આદિત્ય" નામના કોઇક એના ગુરુ હશે એવું અનુમાન કરવા લલચાય; પણ એમ કરવું ઉચિત નથી, કારણકે ગુરુ અજ્ઞાનના અન્ધકારને ટાળે છે ને એ રીતે આદિત્ય નું કાર્ય કરે છે એમજ એનું કહેવું છે. સદ્‌ગુરુના "પારશપરશે" અનુભવીને સમરસનો "દરિયો" દેખાય છે.[૧૪]

---

૧૧ પદ ૫, ૧૨ પદ ૬, ૧૩ પદ ૧૪, ૧૪ પદ ૨૬

૫.

જે જ્ઞાનકાણ્ડના અધિકારી હોય, તે પરમાનંદ ઇચ્છે, પણ આત્મસાગરમાં અવગાહન કરનાર સગુરા હોય, નગુરાની તો એમાં માત્ર ચાંચ જ બૂડે.:

સધુરા નર વિલસે આતમદરિયા નુધરના નિ ચાંચ બુજે [૧૫]

કૃષ્ણજી સ્વાનુભવની વાણી ઉચ્ચારતાં કૃતજ્ઞતાના આનન્દનો ઉદ્‌ગાર કાઢીને કહે છે કે ગુરુજીએ મારી સામે નજર કરીને મારા પર બૂરકી નાંખી છે, જ્ઞાનનું ઔષધ આંજીને મારી આંખ ઉઘાડી છે, ગુરુજીના મુખમાંથી કરુણાની "લે'ર" નીકળે છે.[૧૬] કેવળ પુસ્તકિયા જ્ઞાન મેળવીને જે પણ્ડિત થયો હોય છે તે પણ "ગુરુગમ" વિના "ઉલજણ" માં "અથડાયા" કરે છે. "સ્વયંપ્રકાશમહું" તો "સાચા સદ્‌ગુરુના ઉદ્દેશ" થી જ પ્રીછી શકાય.[૧૭]

આવા ગુરુની મહત્તા તે તેમને લાધેલી પરમતત્ત્વની અપરોક્ષાનુભૂતિને કારણે જ છે. આથીજ તો કૃષ્ણજી એમને "અનુભવિયા" કહે છે. કૃષ્ણજીએ આ સાધનામાં અપરોક્ષાનુભૂતિનું મહત્ત્વ ફરી ફરી ગાયું છે. આ પ્રકારના અપરોક્ષાનુભૂતિભવ વિના પરમતત્ત્વની ઝાંખી શકય જ શી રીતે બને ?

આ વાત કૃષ્ણજી સુન્દર રીતે રજૂ કરે છે:

જલનો મૈમા જોવા કારણ જલમાં મલિયું લુણ [૧૮]

અનુભવિયા વિના બ્રહ્મ સાથે સમરસ થવાની મહાદશાનો અનુભવ કોઇ જાણી કહે શકે નહીં. ત્યાં કર્મ ઉપાસના જ્ઞાન કાણ્ડની અવધિ આવી જાય છે. એને તો કોઇ મરજીવિયોની અનુભવિ હોય જ માણી શકે:

---

[૧૫] પદ ૩૩, [૧૬] પદ ૪૧, [૧૭] પદ ૫૧, [૧૮] પદ ૬૦,

મહાદશા છે અનુભવિયાની અનુભવિ હોય તે જાણે
અનુભવિ દરિયા સમરસ ભરિયા કોઇ મરજીવા માણે,
કર્મ ઉપાસના જ્ઞાનકાણ્ડ નિ અવધિ આવે જારે
કૃષ્ણજી સમરસ સાગર ભાશે સાવ નિરંતર તારે.[૧૯]

આથી જ તો કૃષ્ણજી જ્ઞાનકાંડથી ઉપર અનુભવકાંડની વાત કરે છે:

અનુભવિયા કાંડે રે અનુભવિ હોય તે જાણેજી.[૨૦]

"પંડબ્રહ્માંડના કોકડાં" માં અનુભવિ પડતો નથી. એતો તત્ત્વનું રૂપપણું છે.[૨૧]

એ તો આભાસમાં રચ્યાપચ્યા રહીએ તો વધાતુંજ જાય , પણ કૃષ્ણજી કહે છે:

સ્વયંપદ પ્રીછીયારે અનુભવિ જોતાં તમને રે.[૨૨]

"ઉલજણ" ની "વશમી આંકડી" તો અનુભવી નરજ ટાળી શકે ને જ્યારે "અનુભવિયાના લોચન" ઉઘડે ત્યારે જે દેખાય તેની વાતની તોલે બીજું કશું ન આવે.[૨૩]

પણ આવો અનુભવ લેવો તે જેવા તેવાનું કામ નહીં. એતો શૂરા મરજીવિયા નું કામ. શિર સાટે જ આ અનુભવ મળે. આ મરજીવિયા જ,કૃષ્ણજીને મતે, બ્રહ્માનંદના સાચા " ચંદ્કારિ" છે.

આકાશમાં જે અલિંગી પોતાના આભાસમાં ડોલે છે તેની વાત મરજીવા જ બોલી શકે.છે[૨૪] જડમતિ ને અણસમજુ અટપટી વાતોમાં અટવાયા કરે છે, પણ કોઇક મરજીવિયા જ કેવળપદમાં પહોંચે છે.[૨૫] સહજાનન્દના સિન્ધુ પાર આવતો નથી, "મરમછ" જેવા "મરજીવિા" જ તે આપણને "આત્મઅનુભવ"થી

૧૯પદ ૫૩, ૨૦ પદ ૪૧, ૨૧ પદ ૩૯, ૨૨ પદ ૩૯, ૨૩ પદ ૭,
૨૪ પદ ૧૦, ૨૫ પદ ૧૧,

"નિરહાલે"છે.[૨૬] મરજીવિયાએ જે હાટડી માંડી છે તેમાં ઉદય ને અસ્ત નથી, જે લોકો લોભ મૂકી દે છે જે શિર સોંપી દે છે તે જ લોકો પ્રેમરસ પીવા આવી શકે છે.:

અનુભવિયાં મલિ આવો ને આપણ વોહોરિયે વસ્ત રે,
મરજીવે માંડી છે હાટડી એ ને ઉદે ને અસ્ત રે.
લોભ મુકી શીર સાંપીયે પ્રેમ રસ ભમલ પિવા રે
આત્માયે આત્મા પામીયે પ્રગટ જ્ઞાનના દિવા રે.[૨૭]

જો સમરસ માં ગળી જવું હોય ને "આદધન" રવિના ઉદયને જોવો હોય તો:

જીવત મરિને રે તે જો વાત જને ને કે તે જો [૨૮]

આમ જીવતે જીવ મરીને રહેતાં જેને આવડે, જે જીવન દરમિયાન જીવપણાનો લય સાધી કશે શકે તે આ અનુભવનો અધિકારી બને. માટેજ કૃષ્ણજી કહે છે કે આ વાત તો

સમઝે વિરલા જ્ઞાનિ જો [૨૯]

"નિરવાણપંથ" ને પારખનારા પણ શીશ સોંપીને જ એને પારખી શકે છે.[૩૦] "અભેદી" ને "દેવદરશી" નો સંગ પણ "દોહલો" છે. એથી તો કૃષ્ણજી કહે છે:

શીર સાટે મલે તો સોહલો રે લોલ,[૩૧]

ચૈત-ચમાત્રમાં એકરસ થઇને જો "આત્મદેવના ઉત્તમ લાભનો અનુભવ" લેવો હોય તો તે

શીર સુપા વિના કોય ન પામે લે કોય શીરને સાટે [૩૨]

એ માટે તો શૂરે ધ્યાતાધ્યેની સાંકળને જ્ઞાનખડ્ગની ધારથી છેદવી પડે.[૩૩]

---

૨૬ પદ ૧૩, ૨૭ પદ ૧૫, ૨૮ પદ ૨૪, ૨૯ પદ ૨૫, ૩૦ પદ ૩૪
૩૧ પદ ૪૭, ૩૨ પદ ૬૨, ૩૩ પદ ૬૩

એ સિદ્ધિ તે જેવા તેવાનું કામ નથી, કારણ કે જ્યારે સદ્‌ગુરુના શબ્દના બાણથી ચંચળ મનનું ભીતર વીંધાઇ જાય છે ત્યારે ગાત્રના ભાંગીને ભૂકા થઇ જાય છે. એ તો કોઇ મરજીવિયા જ જાણે.[૩૪] જેને હરિનો ચટકો ચિત્તમાં લાગ્યો હોય તે તો અહંમનું માન ઉતારી નાખીને "માયા બદલે" ભક્તિ કરે છે. ત્યારેજ હરિ તેના થાય છે.[૩૫] આ બ્રહ્માનંદની વાત તો વડી છે ને માટે જ એ " શિર સાટે જડી" છે. એને પામવાનો ઉપાય બતાવી કૃષ્ણજી કહે છે:

જ્ઞાનચૈતનને ધોડલે ચઢિયે સુરસંગમના ક્ષેત્રમાં પડિયે
ગુરુ મરજીવાને શબ્દે વડીયે તો બ્રહ્માનંદ ધન ભુપશૂરે.[૩૬]

આ મરજીવા અનુભવિયાને પછી અંકુશ શાના ?

અનુભવિયાંને અંકુશ ન મલે[૩૭]

એ લોકો તો આત્મારામ ને નિજાનંદમાં મસ્ત રહેનાર નિરંકુશ લોકો છે:

આત્મરામ નિજાનંદવાલા શુદ્ધચૈતન નિરંકુશીયા સે.[૩૮]

કૃષ્ણજી આરાધ્ય "બ્રહ્મને પણ" નિરંકુશપદ" કહીને ઓળખાવે છે.[૩૯]

આવા "અનુભવિયા મરજીવિયા નિરંકુશીયા" સન્તોનો સમાગમ સાધીકે સેવવો જોઇએ. એમનો સમાગમ સેવીને મહાવાકયરસ પીવો જોઇએ ને અભેદીનો પરિચય સાધવો જોઇએ.[૪૦] એવા સાધુપુરુષો શીતલ છાયા જેવા છે. એ લોકો બૂડતાને બાંય ઝાપીને ઉગારે છે; માટે સાધુની સંગત કરીને "બ્રહ્મસુધારસ" પીવો જોઇએ. સાધુને હમેશાં સેવવા જોઇએ, કારણ કે સાધુ જ "પ્રગટ દેવતા" છે.

---

૩૪ પદ ૬૪, ૩૫ પદ ૭૫, ૩૬ પદ ૭૮, ૩૭ પદ ૬૧, ૩૮ પદ ૬૪
૩૯ પદ ૬૭, ૪૦ પદ ૪૬,

એવા સંતોના સમાગમમાં આવતાંજ "દુગ્ધાના વ્રંદ" વામે છે. નિરંતર શિબ્દુમાં અનુભવ ઉભરાઇ જાય છે ને જીવ શિવની ફારગતી થાય છે.[૪૧]

સગુણ ભક્તિનો અણસાર કૃષ્ણજીમાં ઝાઝો મળતો નથી. એ "હરિરસ" ની વાત કરે છે, પણ આ "હરિ" તે "ब्रह्म" નો પર્યાયવાચી શબ્દ બની રહે છે. કારણકે એ "હરિરસ" હાથ આવતાં સંશયની સર્વ ગ્રન્થિ ગળી જાય છે. આવરણનો વિક્ષેપ જતાં જંતુ મરજીવો બનીને કાચબાને ઉલટો ખાય છે. એથી આખરે એ જીવતો છતાં વિદેહી પણાને ભોગવતો સમરસમાં ભળે છે.[૪૨] આગળ જોયું તેમ "હરિનો ચટકો" લાગે છે ત્યારે પણ આવી જ દશા થાય છે. ત્યારે નવવિધા નોબત વાગે છે, કોઇ પાલવ ઝાલી શકતું નથી. યમના કિંકર તો જેને હરિનો ચટકો લાગ્યો હોય તેના પગ ધોઇને પીએ છે; નવગ્રહ એને ચરણે આવે છે . પણ આ હરિરસનો અમલ માણવો હોય તો "ઉલટ" જોઇએ. આ ભક્તિ તો શિર સાટે કરવી જોઇએ. એમાં કવિતા કરવી, પદ જોડવાં કે એવું કથવું બકવું કામ ન આવે.[૪૩] કૃષ્ણજીએ સામાન્ય માનવીની નિર્બળતાઓને અક્ષરાની જેમ બહુ આકરા ચાબખા નથી માર્યા. પણ એનાં પદ ૬૮ થી તે પદ ૭૭ સુધીમાં એણે આવા સામાન્ય જનોને થોડી શીખ આપી છે. આ પદોમાં જ એ "હરિ" અને "રામ"ની વાત કરે છે તે સૂચક હકીકત છે. એમનાં ઘણાં પદો એ સામાન્ય મનુષ્યને હરિ નહીં ભજવા માટેના અપમાનના ઠપકાથી શરૂ થાય છે:

---

૪૧ પદ ૧૦, ૪૨ પદ ૫૫, ૪૩ પદ ૭૫,

૧૦.

મનુષ્ય જન્મ કૃતારથ કરવા હરિ ભજ મારા ભાઇ રે :પદ ૬૮:
અવતરિને એલે દિન ખોયા હરિ નવ કરિયા વાલા રે :પદ ૬૯:
કૃષ્ણજી કે અવસર કરો ઉતાવલ જમતમ લો હરિ જાંણી રે :":
હરિ ભજ લે તું પામરપ્રાણિ માન્ય શીક્ષામણ મારિ સે :પદ ૭૦:
હરિહિરો ચિંતામણી મોટો તાંણીને બાંધ્યો ગાંઠે રે "
હરિ ભજવાના દિન લાખોણા કામ નક્ક આવ્યા કોઇ રે "
આલ પંપાલે અવસર ખોયો હરિ શૂ પ્રીત ન બાંધિ રે :પદ ૭૧:
હરિની ભક્તિ વિના ધિક્ જીવ પરમ પશૂ સમાન્ય રે :પદ ૭૧:
હરિ ભજ લે કર જીવનુ સાધ્યાન જન્મજન્મ વગુતો રે :પદ ૭૨:
હરિ વિના જીવડો એમ રડવડશે જમ જંગલમાં રોજાં રે "
હરિ નૈ ભજે તો તારુ જાશે; હરિનુ કાંયે ન બગડે
તરશો હોય તે જાય નવાંણે નવાંણ સામું ન આવે. :પદ ૭૩:

પણ ભક્તિની ઘેલછા કૃષ્ણજીને અભિમત નથી. માટે એ સ્પષ્ટ કથા સાંભળવી, ભજન કરવાં એ તો બધો વૈષ્ણવોનો પ્રપંચ છે. આત્મજ્ઞાન નહીં થાય, આત્મ-લાભ નહીં થાય ત્યાં સુધી એ મિથ્યા છે:

કેવું શીખવું સાંભળવું તે વૈષ્ણવોનો માંડ,
કૃષ્ણજી આત્મલાભ વિના છે ભક્ત ભવૈયા ભાંડ.[૪૪]

વાણી વિલાસ પણ કૃષ્ણજી ને અભિમત નથી. માટે એ કહે છે:

ફલરૂપ ચૈતન નિરંકુશ પદમાં કવિતા, ન પોચે કોઇ રે[૪૫]

~~વળી વાણી-વિલાસ-પણ-કૃષ્ણ~~
વળી કથવું બકવું કામ ન આવે કવિતાઇ પદ જોડે [૪૬]

કૃષ્ણજી આરતિ ગાય છે ખરો પણ તે નિર્ગુણની:

આરતિ આનંદરસ માતિ રે જાનુબધિયે જી
આરતિ આતમારામની અનુભવે/~~સ્વ~~તિ જ્યોતિ રે.
ઉપરતિ તત્ક્ષણા નેમલ તેલમાં મેલી છે સમદમની બાતિ રે
જ્ઞાન દીપક અજવાલિયે જલહલ અખંડ દિનરાતિ રે. [૪૭]

---

૪૪ પદ ૬૦ ૪૫ પદ ૬૭ ૪૬ પદ ૭૫ ૪૭ પદ ૧૬

આગળ જોઇ ગયા તેમ શ્રી આનંદઘન તો કર્મ ઉપાસના અને જ્ઞાનકાણ્ડને અંતે છે.[૪૮] મિથ્યા વાદવિવાદ કરવા કૃષ્ણજીને ગમતા નથી, તેથી એ કહે છે: વાકય વાદે વધ ચડે[૪૯] જુદા જુદા સમ્પ્રદાય સ્થાપવા ને મત ચલાવવા એ પણ કૃષ્ણજીને અભિમત નથી. આથી એ કહે છે:

મુકોને મુકોને ભઇ મત ચલાવો શાને રે
પ્રેમ ભક્તિ ધરી હોય તારે હરિ મન તારે માને રે.[૫૦]

દામ્ભિક આચાર, કુડકપટ ને એ ભાંડે છે ખરો, પણ અખાના જેવી આકરી ભાષા માં નહીં.:

તિલક છાપાં ધારે સુંદર વલિ તુલશી કંઠે વિટે રે
કુડ કપટ મનમાં ધારે તારે ભગવાંન એને ન ભેટે રે
અતિત થઇ ભગવું પેરે ભસ્મ ચોળે અંગ બાધો રે
માયામમતા મનમાં ધારે તારે ફલ મોહન ન લાધો રે
પડિત થઇને પઢે પુરાંણ ઉદર નિમિત ધાવે રે
ઓર ને સમજાવે આપે નવ્ય સમજે..... ૫૧

કૃષ્ણજી જ્યાં આત્માનુભવને વર્ણવે છે ત્યાં એના પદમાં સચ્ચાઇનો રણકાર સંભળાય છે ને એવા પ્રકારની કવિતાનો આસ્વાદ થાય છે. એટલે એમને અણે કે નરહરિ આપણને કદાય કાવ્યાસ્વાદ કરાવતા નથી. એની વાણીમાં પ્રાંજલતા છે ને આનન્દનો થૈથૈકાર એમાં વરતાય છે:

સહજાનંદ સમરસ દરશીયો રે છે શિવ નિરંતર ભરિયો રે
મારો નેણાં ભરિ ભરિ દીઠો રે અજરામર મેવો મીઠો રે [૫૨]

---

૪૮ પદ ૫૩,૬૨, ૪૯ પદ ૮૩, ૫૦ પદ ૮૯, ૫૧ પદ ૮૯
૫૨ પદ ૩૬

આ દર્શન થયા પછી

શબ્દે શબ્દે મેલાવડો રે દેહને દેહ મલિ નિર્ભૂજી,

નિરગુણ સગુણના ઓધમાં રે આનંદ તમારો હરખો [૫૩]

આ સંસાર આખી "સમરથ સાંમિ" ની ક્રીડા છે, ને એને એ રીતે સાક્ષી -ભાવે જોવામાં આનંદ છે:

સમરથ સાંમિ રસરુપ થૈને અનેક આકારે હોઇલા,

રઢિયાલી હો રમત.....

ને એ સ્વામીને જો રસરૂપ થઇને આવી રઢિયાળી રમત રમવી હોય તો ભલે રમે:

અલખ ને બાલી બોઉ તમારો હદાવે હદ અનહદે

સ્થુલ સૂક્ષમ કારણ અનુસર્તે

તો આપે રહ્યો તુરિયાને પદે

કૃષ્ણજી પણમાં આપ આનંદો

તો જમ ગમે તેમ પ્રેભુ રમો [૫૪]

આ ખેલ નિહાળતાં નિહાળતાં જ કૃષ્ણજીને મીઠો બ્રહ્માનંદ રસ માણવા મળ્યો:

અચરજ આત્મબોલ અનેરો ને કોઇ મરજીવા દેખો ચિદરૂપ

ઉજલણિ ચૈત સૈ આવ્યે ને નૈણાં આગલ લે'કે ચિદ્રૂપ [૫૫]

એવી સ્થિતિમાં કાર્યકારણની શૃંખલા તૂટે છે ને નિજાનંદ ~~ધન-રૂપ-જી-રે-ભાઇ~~ ઉદ્ભવે ઉપજે છે:

વિષયાનંદ વિલેવણુ પામે ને નિજાનંદ ઉદેભવો જી રે ભાઇ

કારજ કારણનાં ઓધ નિવારિ તે નિજાનંદ ધનરૂપ જી રે ભાઇ [૫૬]

આ નિજાનંદ ધન રૂપમાં એકવાર ~~નિવારિ-ને-નિજાનંદમગ્ન~~ થઇએ એટલે

સહજાનંદના લોઢ જવલિયા મરજિવા નિ મોજે [૫૭]

---

૫૩ પદ ૪૦, ૫૪ પદ ૩૨, ૫૫ પદ ૪૯, ૫૬ પદ ૫૦

૫૭ પદ ૫૨,

૧૩.

આત્મબોધ થયા પછી વૈખરીના વાડા વ્યર્થ થઇ ગયા, પછી તત્વદર્શીને આશંકાના ડુંગરા આડા રહ્યા નહીં. એ લોકો પછી તો "જહદાજહદ" નો ઝઘડો ટળતા "અદબદ માલે" ફાવી ગયા;

આશંકા નિ વિવરતિનો પરિહાર ચોરકાર આવ્યો,
જહદાજહદનો જગડો ટલતે અદબદ માલે ફાવ્યો.[૫૮]

કૃષ્ણજીને તો "અણલંગીનો" જ "હેડો" લાગ્યો છે.[૫૯] એ"અણલંગી"ને કૃષ્ણજીએ "આકાશની પેરે" અનુભવ્યો છે, પછી તો જ્યાં જુએ ત્યાં આત્માજ દેખાય છે, બધું અગોચર ગોચર બની જાય છે; એ અનુભવને વૈખરી ઉચ્ચરી શકતી નથી. [૬૦] આ અનુભવને સ્ત્રીપુરુષ ના પ્રણયાનુભવના અદ્વૈતની પરિભાષા માં અત્યન્ત કાવ્યમય રીતે કૃષ્ણજીએ વર્ણવ્યો છે તે આપણે આગલા જોઇ ગયા છીએ.[૬૧] આ અભેદાનુભવને પામવાને માટે કશી કૃચ્છ સાધનાની આવશ્યકતા કૃષ્ણજીને જરૂરી લાગી નથી. એને પણ કબીરની સહજ સમાધિ જ ઇષ્ટ છે. માટે જ તો એ કહે છે કે જે અખંડાકાર થઇને સર્વત્ર વ્યાપ્યો છે નેને સહજસમાધિથી ધારી શકાય:

અખંડાકાર થઇ ~~વર્તિયો~~ વર્તિયને રે લોલ
સહજ સમાધિને ધારતિયો રે લોલ [૬૨]

અન્યત્ર પણ આ માર્ગની ~~ગ્રરૂ~~જુતા વિશે કૃષ્ણજી કહે છે:

પાધારુ પડિ ગયુ પ્રીછતે રે લોલ [૬૩]

આ "હરિરસ" તો હસ્તામલકવત્ સિધ્ધા થાય એવો છે, માટે કૃષ્ણજી ફરી ફરી સાધકોને "હસ્તામલ અમલના ભોગી" કહીને બોળાવે છે. ~~માટે કૃષ્ણજી~~

---

૫૮ પદ ૫૨, ૫૯ પદ ૭૯ ૬૦ પદ ૪૫, ૬૧ પ્રજ્ઞા ભિયું રજું
૬૨ પદ ૪૫, ૬૩ પદ ૪૭

હઠયોગની ષ ટ્ચક્રભેદનની સાધનાનો કૃષ્ણજીનાં પદોમાં ખાસ ઉલ્લેખ નથી. એનાં કોઇક કોઇક પદોમાં "જહદાજહલ્લક્ષણા" "મીન માર્ગ" તથા "વિહંગની વાટ" ની વાત આવે છે ખરી.[૬૪] વળી એ કેટલાંક પદોમાં "તદપદ્ક તંપદ અને અસીપદ" જેવાં ત્રણ પદની પણ વાત કહે છે.[૬૫] જેને કૃષ્ણજી "શુદ્ધા ભોમિકા" કહે છે તેનું વર્ણન એ આ પ્રમાણે આપે છે:

કેવલમાં શુદ્ધા ભોમિકા જલહલ જલહલ દિસેરે,
વસ્તોગતે વિચારતાં અગમ આતમા હિશે રે.
આકાશમાં અલંગીયા આપણા આભાશમાં ડોલે રે
ઈંદ્રજાલમાંહે કૃષ્ણજી અણછતા મરજીવા બોલે રે. [૬૬]

ઉપનિષદે જેને .સ્ત્રાવાલિ.મા.દ... કહીને વર્ણવે છે તેને વર્ણવાને કૃષ્ણજી પણ એને મળતીજ ભાષા વાપરે છે.:

કાંન વિના સાંભલતો શરુવો વર્ણ વિહાંણો ચાલે રે,
નેણ વિના નિરખંતો વાલો હાથ વિહાંણો ઝાલે રે.[૬૭]

આગલ જેમ "મરજીવાની હાટડી" ના રૂપક વ્દારા કૃષ્ણજી એ આ અનુભવને પ્રાપ્ત કરવાના સાધનની વાત કરી છે તેમ અન્યત્ર પણ વ્યાપારની પરિભાષા માં એ આ અનુભવને પ્રાપ્ત કરવાની રીતનું સૂચન કરે છે:

ધણ ને ધણેયુ વસાંણુ હોરો રામના નાંમનું રે
હિમ હિરલા કાઇ કથિરા કાંઇ ન આવે મારે કામ રે.

આ અખંડ વેપાર કરનાર વેપારી મન છે, ને કાયાના કોથળામાં એણે વસાણું ભર્યું છે. એ વસાણું કેવું છે ?

---

[૬૪] પદ ૩૦, ૧૧, ૧૮, વગેરે, આ સૈજ્ઞાઓ પરિશિષ્ટમાં પારિભાષિક સૈજ્ઞાકોશમાં સમજાવી છે. [૬૫] પદ ૧૧,૯, [૬૬] પદ ૧૦, [૬૭] પદ ૨૦

૧૫.

ચતુરભુજ ચાંદલો, નરસૈ નાડાં, વિઠલ નામે લવિંગ
ગુરુ જદુપતિ, મરિ મોરલીદાર, હરિ નામની હીંગ

આ વેપાર કરવામાં કોઇને સલામી ભરવાની નથી, કશો વેરો ભરવાનો નથી, ને એથી જે નફો થાય તેને કોઇ ચોરી જઇ શકે એમ પણ નથી.:

નહિ સલામી નહિ એને વેરો લશકર એને ન લૂટે રે,
ચોર એને નવ જાયચોરિ ષ રહો ભંડાર નત્ય ષુટે રે.

કૃષ્ણજીએ આ પદોમાં કેટલીક સમકાલીન પ્રચલીત પ્રચલિત લોકોક્તિઓનો પણ ઉપયોગ કર્યો છે. એ પૈકીની થોડીનો અહીં ઉલ્લેખ કરીએ:

પાદારિ વાત પ્રીછે નેવી નિતરયાં પાણીને ડોલે રે [૬૮]
અદ્રષ્ટ હતો તેને દ્રષ્ટ માંનીને આડો આંક વાલો રે [૬૯]
ખોબલીયાંના કીજે બાંમણાં રે લોલ. [૭૦]
આંધો આગલ અણછતા થૈ ને થૈ ગયા કાગારોલા રે [૭૧]
ધૂમાડિનિ બાચક ભરવા ઉવેષ અદાારુ રે [૭૨]
પગવાલી પલક નાં બેઠો ભવ નિવાણી ફરતાં રે [૭૩]
તરશો હોય તે જાય નવાણે નવાણ સામુ ન આવે. [૭૪]
લોકનિ વાતે કથનિ કરિ વણસતો વેપાર કિદ્ધો રે [૭૫]
આ સંસારનુ સગપણ એવું જેવું છાજનું તાપણું [૭૬]
કાષ્ઠને બાય કિડો અશીને નહિ રે,
મૈ મથ્યા વિના વણશે ધિ સમેત સાહિ રે. [૭૭]
અહિ યે આવરિ નાંષો ચંદન બાવના રે. [૭૮]

કૃષ્ણજીનાં આ પદોની ભાષા એ અણાની ભાષા ઘડવામાં ઘણો ફાળો આપ્યો છે તે સ્પષ્ટ છે. કૃષ્ણજીએ વાપરેલી મોટાભાગની પારિભાષિક

---

૬૮ પદ ૧૪, ૬૯ પદ ૨૧, ૭૦ પદ ૪૬, ૭૧ પદ ૬૯, ૭૨ પદ ૭૦, ૭૩ પદ ૭૨, ૭૪ પદ ૭૩, ૭૫ પદ ૭૭, ૭૬ પદ ૯૧, ૭૭ પદ ૧, ૭૮ પદ ૮.

સંજ્ઞાઓ સીધી જ અખા તથા નરહરિમાં ચાલી આવી છે તે સ્પષ્ટ છે.

કૃષ્ણજીના વાણીમાં અનુભવની સચ્ચાઇનો રણકો છે. ગૂઢ વિષયને પ્રાંજલતાથી નિરૂપવાની શક્તિ છે. આમ કૃષ્ણજીનાં પદોને જોતાં કૃષ્ણજી જ્ઞાનમાર્ગી પરમ્પરાનો , અખા અને ~~નરસિંહ~~ નરહરિનો એક સમર્થ પુરોગામી છે તે સ્પષ્ટ થાય છે.

ન ર હ રિ:

:સત્તરમો સૈકો:

અમો, ગોપાળદાસ તથા પૂટિયાના વૃધ્ધ સમકાલીન અને જ્ઞાનમાર્ગી ધારાના એક મહત્વના કવિ નરહરિ અથવા નરહરદાસની કૃતિઓનો રચનાકાળ સંવત ૧૬૭૨ થી તે ૧૭૦૦ની આસપાસનો છે. એના જીવનકાળ વિશે કશી આધારભૂત માહિતી પ્રાપ્ત થતી નથી.* જે કૃતિઓના રચનાકાળ વિશે કશો ઉલ્લેખ નથી તે પૈકીની કેટલીક "જ્ઞાનગીતા" (સંવત ૧૬૭૨) થી પણ પહેલાં રચાઇ હોય એવો સંભવ છે. "ગોપી ઉધ્ધવસંવાદ", "હરિલીલામૃત", "ભક્તિમંજરી" "પ્રબોધમંજરી", પૈકી "હરિલીલામૃત" ની પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરાવાળી પ્રત (ક્રમાંક ૫૪૬૭) વડોદરામાં સંવત ૧૭૩૪ ના જેઠ વદ ત્રીજ ને ભોમે ગોકળદાસ બંભાતીએ લખી છે.[૧]

૧: હરિલીલામૃત (પ્રા.વિ.મં.ક્ર.૫૪૬૭) નો પુષ્પિકા:

સંવત ૧૭૩૪ વરષે જેઠ વદિ ૩ ભોમે લખતંગ સેવક ગુજર વાંણીઆ મેતા ગોકળદાસ બંભાતીએ વડોદરા મધે લખી છે:

"જ્ઞાનગીતા" માં સ્વામી સ્વયંપ્રકાશતીર્થે પણ આ મુજબ લખ્યું છે:

* "આ જ્ઞાનગીતા ગ્રંથ મહાત્માશ્રી નરહરદાસનો બનાવેલો છે. સાંભળવા પ્રમાણે તેમની હકીકત નીચે મુજબ છે: તેઓ પોતે બાવળાના રહોશ હતા. તેઓ પૂર્વાશ્રમમાં કડવા કણબીની જ્ઞાતિના હતા." (પ્રસ્તાવના, ૪) જેમ ગોપાળદાસ પાછળથી અમદાવાદ આવીને રહ્યો તેમ નરહરિ પણ બાવળાથી વડોદરા આવીને વસ્યો હોય એમ બને. અલબત્ત, નરહરિ વડોદરાનો નહિ, પણ બાવળાનો હતો ને કડવો પાટીદાર હતો એના સમર્થનમાં આ સિવાય બીજાં કશાં આંતર બાહ્ય પ્રમાણ આપણને ઉપલબ્ધ નથી. "વાસિષ્ઠસારગીતા" ની પ્રસ્તાવનામાં શ્રી છ. કે. મહેતા નરહરિને દહેગામ તે અમદાવાદની વચ્ચેના પ્રદેશમાં રહેતો એમ કહ્યું છે.

"ભક્તિમંજરી" આ જ ગોકળદાસ ખંભાતીએ સંવત ૧૭૩૪ ના જેઠ વદિ ૬ ને શુક્રવારે લખી છે. આ બે કૃતિઓ તથા "ગોપીઉદ્ધવસંવાદ" સંભવતઃ "જ્ઞાનગીતા" ની પહેલાં રચાઇ હોય. સગુણ તરફથી નિર્ગુણ તરફના કવિના વિકાસના ક્રમને સ્વીકારીએ તો પણ આ અનુમાન યોગ્ય ઠરે, એ જ રીતે "પ્રબોધમંજરી" પણ "જ્ઞાનગીતા" લખતાં પહેલાં, એ સ્વરૂપનો, કવિએ કરેલો પ્રથમ પ્રયત્ન હોય એમ લાગે છે. આ સિવાયની કક્કો, વિનતી, આનંદરાસ, સંતનાં લક્ષણ વગેરે કૃતિઓના રચનાકાળ વિશે કશું અનુમાન કરી શકાય એમ નથી. આવી પ્રકીર્ણ રચનાઓ કવિએ પોતાની પ્રૌઢ અને દઢ બંધવાળી રચનાઓ પહેલાં રચી હોય એમ બને. આ સિવાયની કૃતિઓ પૈકી નરહરિનાં કીર્તનો (જે વડોદરા પ્રાચ્ય મંદિરવાળા ગુટકામાં જ પ્રાપ્ત થાય છે) ના રચનાકાળ વિશે કશું કહી શકાય તેમ નથી. નરહરિએ પોતે બાકીની કૃતિઓના રચનાકાળ વિશે આપણને માહિતી સંપડાવી છે તે આ મુજબ છે: "જ્ઞાનગીતા" સંવત ૧૬૭૨ ના કાર્તક માસના શુક્લપક્ષની પ્રતિદાએ ગુરુવારને દિવસે રચાઇ છે:

સંવત સોલબોંતેરથો શુક્લપક્ષ કાર્તિક માસ
પ્રતિપદા ગુર વાસરિ હવો પૂરણ ગ્રંથ પ્રકાશ. (૧૭, ૨૫)

"વાસિષ્ઠ સારગીતા" સં. ૧૬૭૪ માં રચાઇ છે:

બ્રહ્માજીની વીસી વિષે પ્રભવ સંવત્સર પંડિત લખે.
સંવત સોલસો ચૌઓતરો માધ માસ પદબંધ ઇ કરો (૧૧૪)
શુક્લપક્ષ દશમી બુધવાર પૂરણ ગ્રંથ હવો નિરધાર (૧૧૫)

"ભગવદ્ગીતા" સંવત્ ૧૬૭૭ માં રચાઇ છે:

બ્રહ્માજીની વીસી વિષે, શુક્લ સંવત્સર પંડિત લખે,
એ સંવત સોળ સતોતરો, શ્રાવણમાસ પદબંધ એ કર્યો. ૨૩૭
શુક્લપક્ષ દશમી રવિવાર, એ પૂર્ણ ગ્રંથ હવો નિર્ધાર. ૨૩૮

"હરતામલક" ની રચનાસાલ પુષ્પિકામાં આ મુજબ આપી છે:

સંવત ૧૭૦૪ ચૈત્ર સુદ એકાદશિ
એ કથા માહારે મન વસી
સબ્દ અર્થ કોઇ પ્રીછુ નહિ.
મોક્ષ સ્થાનક વંચોતી સહિ.

અહીં દશકનો આંકડો બાલી છે, પણ એને શૂન્યથી પૂરતાં સંવત ૧૭૦૦-ની આસપાસ એ કૃતિ રચાઇ હોય એમ કહી શકાય. એ કૃતિ નરહરિની છેલ્લી કૃતિ હોય એમ લાગે છે. એ કૃતિની પુષ્પિકાને આધારે જ નરહરિ વડોદરાનો હતો એમ સ્થાપી શકાય છે:

કવીતા નરહર નામ જેહ
લષિ તં સંતમન ધારી સ્નેહ
સ્થાંનક વડોદરા વાસ
ભકિત વીરાગજ્ઞાંન અભાસ. :૬૮:

નરહરિ વડોદરાનો નહિ પણ બાવળાનો કડવો પાટીદાર હતો એવા બે ઉલ્લેખો મળે છે. એ પૈકીનો એક તે આનંદશંકર ધ્રુવનો, સ્વામી સ્વયંપ્રકાશતીર્થે સને ૧૯૧૪ માં અમદાવાદથી પ્રસિધ્ધ કરેલી "જ્ઞાનગીતા" ની પ્રસ્તાવનામાં ટાંકેલો: "અહો, બ્રહ્માનંદ સ્વામીનું હૃદય કેવું વિશાળ હોવું જોઇએ. તે ગુજરાત ભૂમિ ઉપર તેમનો કેવો મોટો આભાર! પોતે સંન્યાસી તેમ છતાં તેમના શિષ્યો શુદ્ર જાતિના છે એ વાત તરફ લક્ષ ન હેતાં માત્ર તેમનું ઉચ્ચ હૃદય જોઇને તેમને પરમ વેદાન્તનો ઉપદેશ આપ્યો. જુઓ, ૧ અમો ભકત અમદાવાદનો સોની, ૨ કાઠીઆવાડનો રહિશ ભુટો કાપડી ને ત્રીજા આ મહાત્મા શ્રી નરહરદાસ બાવળાના કડવા પાટીદાર.....:"પ્રસ્તાવના, ૫:

શ્રી અનંતરાય રાવળે "વાસિષ્ઠ સારગીતા", "ભગવદ્ગીતા" "ભકિતમંજરી" અને "હસ્તામલક" ને "અનુવાદકૃતિઓ" કહી છે. એમને મતે "પ્રબોધમંજરી", "હરિલીલામૃત", "જ્ઞાનગીતા", "સંતનાં લક્ષણો", "ગોપીઉધ્ધવસંવાદ", "કક્કો", "માસ" આદિ સ્વતંત્ર કૃતિઓ છે.[૨]: શ્રી. કે. કા. શાસ્ત્રીને મતે "હસ્તામલક", "ભકિતમંજરી", "હરિલીલામૃત", અને "જ્ઞાનગીતા" પણ "અનુવાદગ્રંથો" છે.[૩]: "જ્ઞાનગીતા" એ અનુવાદગ્રંથ છે એમ કહેવાનું કારણ કદાચ એ હોય કે એ કૃતિ પ્રત્યેક કડવાનાં મૂકવામાં આવેલા સંસ્કૃત શ્લોકોના વાર્તિકરૂપે લખાયેલી છે. આ પચ્ચીસ સંસ્કૃત શ્લોકોનો કૃતિના અંગરૂપે નરહરિ નિર્દેશ કરે છે:

૨: ગુજરાતી સાહિત્ય: ભાગ પહેલો :મધ્ય કાલીન: પૃ:૧૨૭:

૩: કવિચરિત, પૃ. ૫૩૩

દૂપદ સત્તરમા હિ સૂંદર ઉત્તમ શ્લોક પચવીશ
એ એકાગ્રયે અનૂભવિ તેહનિ સુખ મલિ જગદીશ । :૧૭, ૨૪:

આ શ્લોકોનું સંસ્કૃત તે પ્રશિષ્ટ સ્વરૂપનું નથી. આ શ્લોકોનું કર્તૃત્વ નરહરિના પર આરોપી શકાય નહિ, કારણ કે "જ્ઞાનગીતા" થી સ્વતંત્ર રૂપે, જુદી જુદી બે હસ્તપ્રતોમાં (ક્રા 331, ક્રા 352ખ), આ શ્લોકો એક સાથે મળી આવે છે. સંભવ છે કે તે આ શ્લોકો નરહરિએ સાંભળ્યા હોય, એના સમયમાં આવું fluid સ્વરૂપમુક્ત સુબોધ સૂત્રરૂપ સંસ્કૃત સાહિત્ય પ્રચલિત હોય. આ શ્લોકો સિવાય, શ્લોકોને આધાર ગણીને એના ઉપર કરેલા વાર્તિક સ્વરૂપની, કૃતિ તો નરહરિની જ છે. એટલે આ શ્લોકોનો આધાર લીધો છે તેટલા પૂરતું આ કૃતિને બહુ તો derived સાધિત કૃતિ કહી શકાય, "અનુવાદગ્રંથ" નહિ. શ્રી અનંતરાય રાવળે "જ્ઞાનગીતા" માંના આ પચ્ચીસ શ્લોકો અંગે કશો ખુલાસો કર્યો નથી. "વાસિષ્ઠસારગીતા" તે "લઘુયોગવાસિષ્ઠ" ના અનુવાદ રૂપ કૃતિ છે. એમાં તથા "ભગવદ્ગીતા" માં નરહરિ મૂળ કૃતિનું માત્ર ભાષાંતર આપતો નથી, પણ કૃતિના તત્ત્વાર્થને સ્ફુટ કરવા, જરૂર લાગે ત્યાં, ગાંઠનું ઉમેરીને, દૃષ્ટાંતો યોજીને, યથોચિત વિસ્તાર કરે છે. એનો હેતુ તત્ત્વજ્ઞાનની અટપટી અને કઠિન વાતને સુબોધ અને ગ્રાહ્ય બનાવીને મૂકવાનો છે. વિસ્તારભયે આપે અનુવાદરૂપ કૃતિઓની અહીં ઝાઝી ચર્ચા કરી નથી. ભગવદ્ગીતાના સાતસો શ્લોકોનો એણે ૧૧૨૬ પદોમાં વિસ્તાર કર્યો છે, ને એમાં કદાચ એણે શ્રીધર સ્વામીની સુબોધિની ટીકાનો આધાર લીધો છે.[૪] ક્યાંક ક્યાંક એ ભગવાનનું વર્ણન પોતાનું ગાંઠનું ઉમેરીને કૃતિને વધુ રોચક પણ બનાવે છે.[૫] "વાસિષ્ઠસારગીતા" માં પણ મૂળ કૃતિના વકતવ્યને સુબોધ બનાવવાનો હેતુથી એણે આવો વિસ્તાર કર્યો છે:

૪: ભગવદગીતા, ૮મો અધ્યાય, શ્લોક ૧૩-૧૮.

૫: આ મતલબનું કે. કા. શાસ્ત્રીનું અનુમાન કદાચ પ્રાચીન કાવ્યમાળા :૩૨: માં પ્રકટ થયેલી નરહરિની "ભગવદ્ગીતા" માં ગ્રંથ-વિવેચનમાં કહ્યું છે તે આધારે કર્યું હોય.

આ સિવાયની, શ્રી કે. કા. શાસ્ત્રી અને શ્રી અનંતરાય રાવળે અનુવાદ-ગ્રંથરૂપ ગણાવેલી, કૃતિઓ નિ:સંદિગ્ધપણે એવી છે એવું પુરવાર કરવાને કશી માહિતી આપવામાં આવી નથી. "ભક્તિમંજરી" ને અનુવાદગ્રન્થ માનવાનું કશું કારણ નથી. એ જ નામ ધરાવનારી, વડોદરા પ્રાચ્ય વિદ્યામંદિરમાંની (હસ્તપ્રત ક્રમાંક ૬૪૦, ઉતાર્યા સાલ સં. ૧૭૫૬) કવિ નારાયણ કૃત "ભક્તિમંજરી" પણ છે. એની ભાષા ઉપરથી એ કૃતિ ૧૭ માં સૈકાના પૂર્વાર્ધની રચના હોય એમ લાગે છે. એ પણ જ્ઞાનમાર્ગી પરમ્પરાની જ કૃતિ છે. વળી નરહરિની જ બીજી કૃતિ "પ્રબોધમંજરી" છે. આ ઉપરથી આપ્રકારની "મંજરી" એ જ્ઞાનમાર્ગી પરમ્પરાનો એક સાહિત્યપ્રકાર હોય એવું અનુમાન કરી શકાય. "ભક્તિમંજરી" નામની બીજી કોઇ સંસ્કૃત કૃતિ જાણ્યામાં નથી. નરહરિના "હરિલીલામૃત" ને કવિ બોપદેવની એ જ નામની કૃતિ જોડે કશો ય સંબંધ નથી. શ્રી અનંતરાય રાવળે એને સ્વતંત્ર કૃતિ તરીકે ઓળખાવી છે, જ્યારે શ્રી કે.કા.શાસ્ત્રી એને અનુવાદગ્રંથ કહે છે. "હસ્તામલક" ને શ્રી અનંતરાય રાવળ અને શ્રી કે. કા. શાસ્ત્રી બંનેએ અનુવાદકૃતિ કહેરી છે, તે કદાચ એ નામની વેદાન્ત-શાખાની સંસ્કૃત કૃતિ છે તે કારણે હોય, પણ સંસ્કૃતના "હસ્તામલક" સાથે કવિ ભાણદાસના "હસ્તામલક" ને સંબંધ છે, નરહરિના "હસ્તામલક"ને નહિ. નરહરિકૃત "હસ્તામલકના અંતમાં "ઇતિશ્રી ઉમામહેશ્વરસંવાદ બ્રહ્મજ્ઞાન ઉપદેશકથા શિવગીતા શ્રી હસ્તામલ સંપૂર્ણ" એમ કહીને એનું "શિવગીતા" એવું બીજું નામ પણ આપ્યું છે, પણ આ "શિવગીતા" તે પદ્મપુરાણમાં આવતી શિવગીતા નથી. પદ્મ પુરાણની શિવગીતાને આધારે અનુભવાનંદે પોતાની શિવગીતા રચી છે. "હસ્તામલક" નરહરિની છેલ્લી રચના હોવા સંભવ છે. એ કૃતિની રચનામાં દેખાતી પ્રૌઢી અને વિષય-નિરૂપણની વ્યવસ્થિત યોજના પણ આ જ હકીકતની સાખ પૂરે છે. "હસ્તામલક" નામની કે "હરિલીલામૃત" નામની સંસ્કૃત રચનાઓ છે એટલા જ કારણે આ કૃતિઓને પેલી સંસ્કૃત કૃતિઓના અનુવાદરૂપે લેખવાનું કશું કારણ નથી. એવો કશો ચોક્કસ પુરાવો સાંપડે નહિ ત્યાં સુધી "હસ્તામલક" ને પણ મૌલિક કૃતિ જ ગણવી જોઇએ. ગૂજરાત વિદ્યાસભામાં "હસ્તામલક" નો બે પ્રતો છે: (ગ્રંથાંક ૩૪૨ અને ગ્રંથાંક ૫૮૭.) આ બેકીની ગ્રંથાંક ૫૮૭ વાળી પ્રતને કવિ જગદીશના "હસ્તા-મલક "તરીકે ઓળખાવી છે

તે પણ ભૂલ છે. વાસ્તવમાં એ "હસ્તામલક" પણ નરહરિની જ રચના છે, પણ એમાં ઉમામહેશ્વરનો સંવાદ છે, ને મહેશ્વરનું બીજું નામ જગદીશ પણ હોઇને "જગદીશ કહે "એમ ઘણીવાર આવે એ સ્વાભાવિક છે. આથી "જગદીશ" નામના કોઇ નવા જ કવિની આ કૃતિ હોય એવું અનુમાન કરવામાં આવ્યું છે, પણ પહેલેથી છેલ્લે સુધી આ બંને પ્રતોને સરખાવી જોનારને આ અનુમાનની નિરાધારતા[૫] બાતરી થયા વિના રહેશે નહિ.

આવો જ એકબીજો ગોટાળો નરહરિની "સંતનાં લક્ષણ" એ કૃતિ વિશે થયો છે. શ્રી ઉમાશંકર જોશી, શ્રી કે. કા. શાસ્ત્રી તથા અનંતરાય રાવળ આ ત્રણેએ એ કૃતિને કડવાબધ્ધ દીર્ઘરચના તરીકે ઓળખાવી છે. શ્રી ઉમાશંકર જોશી એનું વર્ણન આમ કરે છે: "નરહરિએ "સંતલક્ષણ" નામે કડવાં, પદ અને વચ્ચે સંસ્કૃત શ્લોકના ઉતારા (જેને અવલંબીને છૂટા અનુવાદમાં કયારેક એનું કાવ્ય આગળ વધે છે) એ રીતે કૃતિ રચેલી છે."[૬] આ વર્ણન, ૨૫૮ રીતે જ, નરહરિકૃત "જ્ઞાનગીતા" નું છે. આ વાત, શ્રી ઉમાશંકર જોશીએ પછીથી એ કૃતિમાંથી આપેલા ઉતારા પરથી, નક્કી થાય છે. એમણે આપેલો ઉતારો[૭] વાસ્તવમાં નરહરિની "જ્ઞાનગીતા" ના ૭મા કડવાના ઉથલાથી શરૂ થાય છે, પછી ૧૧ માં કડવાની શરૂઆતમાં આવતા બે સંસ્કૃત શ્લોકો અને ૧૧ મું કડવું આવે છે. શ્રી કે.કા.શાસ્ત્રી પણ "સંતનાં લક્ષણ" ને નરહરિની સ્વતંત્ર કૃતિઓમાંની મોટી કૃતિઓ પૈકીની એક ગણે છે ને ઉમેરે છે: "..... સંતનાં લક્ષણ કડવાબધ્ધ કાવ્ય છે."[૮] શ્રી અનંતરાય રાવળ "સંતનાં લક્ષણો" અને "જ્ઞાનગીતા" ને એક સાથે મૂકીને કહે છે: "આ "જ્ઞાનગીતા" તથા "સંતનાં લક્ષણો" ના જેવો પદમિશ્ર કડવાબંધ અખાએ "અમૃતગીતા"માં વાપર્યો છે."[૯] વાસ્તવમાં ફાર્બસ સભાની હસ્તપ્રત સંખ્યાંક ૧૭૫ માં તથા વડોદરા પ્રાચ્ય વિદ્યામંદિરના ગુટકા (ગ્રંથાંક ૫૪૬૭) માં મળી આવતી "સંતનાં લક્ષણ" નામની કૃતિ તે ૧૩ કડીની નાની કૃતિ છે ને તેમાં નરહરિએ સંતનાં ત્રીસ લક્ષણો ગણાવ્યાં છે, એકૃષ્ણ ઉધ્ધવસંવાદરૂપે છે, ને જેની શરૂઆત આમ થાય છે:

૬: "અખો એક અધ્યયન" પૃ. ૮૩: ૭: એજન, પૃ. ૮૪-૮૫.

૮: "કવિચરિત" પૃ. ૫૩૪

૯:

શ્રી કૃષ્ણનું ભણે રે ઉધવ સાંભલો લક્ષણ તે હ્રસંતનાં વ્રીસ રે
તે રે અનુભવે તાપ ત્રણે ટલે પ્રગટ તે મલે જગદીસ રે. ૧.

શ્રી ઉમાશંકર જોશીએ જોયેલું "સંતલક્ષણ" નામનું અજ્ઞાનું કાવ્ય પણ કૃષ્ણઉધ્ધવના સંવાદરૂપે છે, એનું બીજું નામ જ "કૃષ્ણ ઉધ્ધવસંવાદ" છે. એના કર્તૃત્વ વિશે મતભેદ છે એમ શ્રી ઉમાશંકર જોશી કહે છે ને એમણે આ કાવ્ય જોયું તે પહેલાં "અજ્ઞાએ આવી કોઇ કૃતિ રહી છે કે કેમ તેનો અણસારો" પણ નહોતો એમ નોંધે છે. ~~એમણે જોયેલી આ કૃતિ નરહરિની પણ હોય. પણ શ્રી ઉમાશંકરે એ કૃતિની "સંક્ષિપ્તતા" નો પણ ઉલ્લેખ કર્યો છે તે આ વહેમને મજબુત બનાવે છે.~~ ૯: ૧૦

હવે આપણે નરહરિની મુખ્ય મુખ્ય કૃતિઓને જરા વીગતે તપાસી જઇએ. પ્રાપ્ત માહિતી અનુસાર "જ્ઞાનગીતા" નરહરિની પ્રથમ કૃતિ ઠરે છે. "ગીતા"-નો પ્રકાર જ્ઞાનમાર્ગી પરમ્પરાએ "ભગવદ્ગીતા" ને અનુસરીને અપનાવ્યો છે. એમાં તત્વજ્ઞાનની મીમાંસા હોય એ એનું એક સર્વસાધારણ લક્ષણ છે. "ભગવદ્ગીતા" કૃષ્ણાર્જુનસંવાદ રૂપે આલેખાઇ છે, આથી કેટલીક ગીતાઓમાં ગુરુશિષ્ય વચ્ચેના સંવાદરૂપે આ મીમાંસા થઇ હોય છે. પણ અજ્ઞાની "અષ્ટગીતા" માં કે નરહરિની "જ્ઞાનગીતા" માં સંવાદ નથી. અજ્ઞાના "ગુરુશિષ્યસંવાદ" માં બસો ચાળીસ ચોપાઇમાં "સંવીતના શ્લોક ચૌદ" છે તેમ નરહરિની "જ્ઞાનગીતા" માં પણ આવા પચ્ચીસ સંમતિશ્લોકો છે. આ શ્લોકોનું કર્તૃત્વ નરહરિનું હોય એમ લાગતું નથી, કારણ કે "જ્ઞાનગીતા" થી પૃથક્રૂપે જુદી જુદી બે હસ્તપ્રતોમાં આ પચ્ચીસ શ્લોકો એક સાથે મળી આવે છે. પણ આ શ્લોકો કડવાના પ્રારમ્ભના ભાગમાં આવે છે ને એનો અર્થ-વિસ્તાર નરહરિ તે કડવામાં સાધે છે. આમ નરહરિની "જ્ઞાનગીતા" આખ્યાનની જેમ કડવાબધ્ધ છે. એમાં બસોને ત્રીસ પદ, સત્તર કડવાં, સત્તર ધ્રુપદ ને પચ્ચીસ શ્લોક છે એમ નરહરિએ પોતે જ કહ્યું છે:

એ જ્ઞાનગીતા હવી પૂરણ હરિગુરસંતપસાય
પદ બસેંત્રીસ નિ કડવાં સતર સાંભલિ દુ: ખ જાય
ધ્રુપદ સતરમાહિ સૂંદર ઉત્તમ શ્લોક પચવીશ
એ એકાગ્ર થે અનુભવિ તેહનિ સર્વ મલિ જગદીશ. :૧૭, ૨૩-૨૪:

૯: "ગૂજરાતી સાહિત્ય" ભાગ પહેલો :મધ્યકાલીન: પૃ. ૧૨૭
૧૦: 'અખો- એક અધ્યયન' પૃ. ૬૩

મંગળાચરણરૂપ પ્રથમ કડવામાં નરહરિ "નિરંજન દેવ" ને સૌ પ્રથમ પ્રણામ કરે છે. આ "નિરંજન" નો નાથસંપ્રદાયની સાથેનો સંબંધ નાથસંપ્રદાયની ચર્ચા કરતાં આપણે જોઇ ગયા છીએ. આ પ્રણામ પછી તરત જ , બીજી જ પંક્તિમાં, નરહરિ સીધો વિષય-પ્રવેશ કરે છે ને નિર્ગુણ બ્રહ્મના ચોવીસ તત્વરૂપે થયેલા વિસ્તારને વર્ણવે છે. નિરંજન દેવની સેવા મૂલ પ્રકૃતિ કરે છે. પ્રકૃતિની સાથે જ પુરુષ . એ સરજે છે, પાળે છે, ને સંવરે છે. પ્રકૃતિ પરબ્રહ્મમાંથી ત્રિગુણ અહંકાર ઉદ્ભવ્યો. સગુણ બ્રહ્મનાં ત્રણ રૂપ એમાંથી ઉદ્ભવ્યાં.

સત્વગુણમાંથી વિષ્ણુ, રજોગુણમાંથી બ્રહ્મા અને તમો ગુણમાંથી રુદ્ર. તમો ગુણમાંથી સ્થૂલ અને સૂક્ષ્મ ભૂતનો વિસ્તાર થયો, એટલે કે પૃથ્વી,જલ, અગ્નિ વાયુ અને આકાશ એ પંચભૂતની સ્થૂલ સૃષ્ટિ અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચ વિષયની સૂક્ષ્મ સૃષ્ટિ થઇ. રજોગુણમાંથી પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિય થઇ અને સત્વગુણમાંથી અંત:કરણ,મન, બુધ્ધિ ચિત્ત અને અહંકાર – આમ ચોવીસ તત્વે કરીને સૃષ્ટિનો વિસ્તાર થયો. ચોવીસ તત્વરૂપે થતા આ સૃષ્ટિના વિસ્તારનું વર્ણન જ્ઞાનમાર્ગી પરમ્પરાની ગીતાનું એક અનિવાર્ય અંગ બની રહ્યું છે. નરહરિ એનો ઝાઝો વિસ્તાર કરતો નથી. આમ નિર્ગુણમાંથી સગુણ બ્રહ્મરૂપ સૃષ્ટિનો વિસ્તાર થયો, પણ એ બંનેમાં કાંઇ ભેદ નથી: ૧૧:

પરબ્રહ્મ જે હવો પ્રગત્ય તેહવી અનિ ઉપજો, તદ્રૂપ
વસ્તૂ વીચારિ જોયતાં એ વીશ્વ તે ચીદ્રૂપ. ૧, ૬.

આમ "વસ્તૂ વીચારી જોયતાં" આ વિશ્વ પણ આખરે તો ચિદ્રૂપ જ છે. આથી જ કવિ તરત ઉમેરે છે:

નીર્ગુણ બ્રહ્મથી એ સગૂણ ઉપજિ સગૂણ નિર્ગુણ એક
કાર્યકારણ પ્રથક નહીં, જન જોજ્યો કરી વીવેક. ૧, ૭.

પ્રથમ કડવાથી જ નરહરિની આ વિવેકચક્ષુ-દૃષ્ટિ પ્રકટ થાય છે. નિર્ગુણ એ કારણ છે ને સગુણ એ કાર્ય છે, અને કારણમાંથી જ કાર્યનો ઉદ્ભવ થતો હોવાથી એ કારણથી જુદું હોઇ ન શકે. આમ બંને વચ્ચેનો અભેદ સ્થાપીને કવિ "અવરભાવ" ને પરહરવાનું કહે છે. આ વાત તત્વજ્ઞાનથી પ્રકટ થતા વિવેકથી અનુભવાય છે:

૧૧:સરભાવો: यथा जलं जले न्यस्तं सलिलं भेदवर्जितम्।
प्रकृतिः पुरुषे लब्धदृष्टिः प्रतिभाति मे॥ अवधूतगीता

એ અનુભવ લહિ અનુભવી જેહનિ હૃદિ બ્રહ્મજ્ઞાન
તે સ્તુત્ય નિંદા પરહરિ કરિ સઘલિ દૃષ્ટિ સમાન. ૧, ૧૦.

આ "જથારથ" નરહરિએ પ્રકટ કર્યું તે ગુરુની ભક્તિ અને સંતની સંગતથી કવિને અનુભવગોચર થયું છે. અહીં "ગુરુબ્રહ્મ ચૈતન્ય" નો ઉલ્લેખ છે, તેથી કરીને નરહરિનો ગુરુ કોણ એ વિશેની નિરર્થક ચર્ચામાં ઊંધલાવવાની જરૂર નથી. આમ વિષયપ્રવેશ સાથે આદિ મંગળાચરણરૂપ પ્રથમ કડવું પૂરું થાય છે:-

બીજા કડવાના પ્રારમ્ભમાં પહેલા કડવાના અન્તની સ્તુતિનિંદા અને હુંતું ત્યજીને સઘળે સમાન દૃષ્ટિ રાખવાની વાતનું કવિ પુનઃ સ્મરણ કરાવીને આગળ વધે છે. અનુભવીના પ્રત્યક્ષ અનુભવના પર આ પરમ્પરાના બધાજ કવિસાધકો ભાર મૂકે છે. અનુભવીઓને જે પ્રત્યક્ષ અનુભવગોચર બને તેને જ વાત કરે છે, અને પછીથી સિધ્ધ યોગી કોને કહેવાય તે સિધ્ધ યોગીનાં લક્ષણો આપીને વર્ણવે છે:-

હઠયોગની સાધના જ્ઞાનમાર્ગી-ધારાએ સ્વીકારી છે, પણ સિધ્ધિના પ્રલોભનને બાજુએ રાખીને, નાથ અને સિધ્ધ સંપ્રદાયની સાથેના સંબંધનાં સૂચનો પણ એમાં છે. અહીં નરહરિ વેદાન્ત, ગીતા, ઉપનિષદનું પ્રમાણ ટાંકીને કહે છે કે મનને માર્યા વિના અભેદાનુભૂતિનું કાર્ય સિધ્ધ થતું નથી, ને તત્ત્વનો અનુભવ થતો નથી. આ વાત આ પરમ્પરાના દરેક સાધક કવિએ કહી છે. મન અને પારો આ બંને માર્યા વિના સિધ્ધ થતા નથી. મનને મારવાથી જ બ્રહ્મ સાથેની અભેદાનુભૂતિની ભૂમિકા તૈયાર થાય, માટે નરહરિ બીજા કડવાના પ્રારંભમા સૌથી પ્રથમ આ વાત કહી દે છે, ને પછી સિધ્ધ યોગીનાં લક્ષણો વર્ણવે છે. કાંઈક એવો અવળવાણીના સ્વરૂપની ઉક્તિનો આશ્રય લઈને કવિ કહે છે કે જે જરને જીરે, અમરને મારે, અબંધને બાંધે, અસ્થિરને સ્થિર કરે તે જ સિધ્ધ યોગી, જે વિષયોને ત્યજે છે, ઇન્દ્રિયોને દંડે છે, કશી ઉપાધિ માંડતો નથી, ચિત્તનિરોધ કરે છે ને બુધ્ધિને પ્રબુધ્ધ કરે છે તે સિધ્ધ યોગી; જે બધી વાસનાઓને બાળી નાંખે છે, જીવ તરીકેના અહંકારને, "આપ" ને, ગાળી નાંખે છે, હુંતુંને ટાળે છે ને અદૃષ્ટમાં દૃષ્ટિને સ્થિર કરે છે તે સિધ્ધ યોગી; જે એકાંતમાં રહે છે, કર્મને દહે છે, મૌન ગ્રહે છે, ત્રિગુણને ત્યજીને તત્ત્વને ભજે છે તે સિધ્ધ યોગી; જે બ્રહ્મમાં ભાવને દૃઢ રાખે છે, પ્રપંચને ત્યજે છે, સત્ય બોલે છે, સચ્ચિદૈતમાં લયલીન થઈને રહે છે (અથવા તો હઠયોગની

પરિભાષા માં જે ઉન્મની દશાને પામે છે ને દ્વૈતને બોઇ નાંખે છે તે સિધ્ધ યોગી. અત્યંત સંક્ષેપમાં સિધ્ધ યોગીના અધિકાર માટેની આવશ્યકતા નરહરિ અહીં બતાવે છે ને કડવું પૂરું કરે છે. દરેક કડવાના અંતમાં આવતી પંક્તિમાં તે તે કડવાના વિષયનો કવિ નિર્દેશ કરે છે ને "વિરલ યોગી-દ્ર" ને જ આ અનુભવ થાય છે એ વાત પર ભાર મૂકે છે. આમ બીજા કડવામાં કવિએ "સૂક્ષ્મ યોગગત્ય"-ની વાત કરી.

આગળ જે અજરને જારવાની, અમરને મારવાની વાત કહી તે શી રીતે બને? જ્યારે વસ્તુ સાથે લય સિધ્ધ કર્યો હોય, બ્રહ્મ સિવાયના બીજા ભાવનો લય કર્યો હોય ત્યારે જ એ બને. જે વસ્તુ છે, વાસ્તવિક છે તે બ્રહ્મ છે. આ દૃષ્ટિએ અત્યંત સરળ એવી સદ્‌ગુરુ, પંડિત, જ્ઞાની, વૈષ્ણવ, સંત, યોગી, મહંત ને સંન્યાસીની વ્યાખ્યા નરહરિ આપે છે: જે સર્વત્ર "ભગવંત" ને નિહાળે તે જ સદ્‌ગુરુ, પંડિત, જ્ઞાની, વૈષ્ણવ, સંત, યોગી, મહંત ને સંન્યાસી. આ સર્વ સિધ્ધા-તોનો સિધ્ધાં-ત છે. સર્વત્ર ભગવંતને જોવાનો જે આનંદ છે, જે રસ છે તે જ ચાખવા જેવો છે. જેના પર "મોરારયજી" કૃપા કરે તે એ રસ ચાખી શકે. પણ આ "ભગવંત" કે "મોરારયજી" કોણ છે? એ કોઇ સાકાર દેવ નથી. મહાપુરુષે એનો અનુભવ કવિના હૃદયમાં કરાવ્યો છે, ને તેને આધારે કવિ "અનોપમ" વાણીમાં એ "તૂરીઆતીન વસ્તૂ" ની વાત આપણને કહે છે. આ "વસ્તૂ અનોપમ" નું વર્ણન નેતિનેતિની ભાષા માંજ કરવું પડે એમ છે, ને કવિ પણ એજ ભાષા માં એનું વર્ણન કરે છે: જેને નથી રૂપ, નથી રંગ, જેને નથી વર્ણ કે નથી આકાર, જેને નથી છાયા કે નથી માયા એવા હરિ નિરંજન ને નિરાકાર છે. એ નથી સ્થૂલ કે સૂક્ષ્મ, નથી દીર્ઘ કે નથી લઘુ, એ તો સ્થાન માન કે ભુદ્રારહિત સચ્ચિદાનંદ છે, એ નથી પંચભૂત કે નથી ત્રિગુણ , એ ઇંન્દ્રિય પણ નથી ને ચંત:કરણ પણ નથી, એ તો સ્વયંજ્યોતિ પ્રકાશ છે. એને બાલ્યાવસ્થા,યૌવન કે વાર્ધકય નથી, એને કશું નથી દૂર કે નથી નિકટ, એ દેવ દાનવ કે માનવ નથી, એ તો કેવળ ભરપૂર નિરાલંબ છે, એને નથી બંધન કે નથી મુક્તિ, એ નથી ઉષ્ણ કે નથી શીતલ, એને સંધ્યા, દિવસ કે રાત નથી; એ પ્રકૃતિ કે પુરુષ નથી; નપુંસક પણ નથી; એ તો સર્વમય સાક્ષાત્ છે. એ રાતા, પીળા, નીલ, શુભ કે શ્યામ નથી; એને જાતિ કે વર્ણાશ્રમ નથી,

એ તો "સકલવ્યાપક રામ" છે. બ્રહ્મસ્વરૂપનું વર્ણન "નિર્વાણ વાણી" માં, વાણી વગરની વાણીમાં, એટલે કે નેતિનેતિની ભાષામાં, કવિએ આ રીતે ત્રીજા કડવામાં કર્યું છે.

ચોથા કડવામાં કવિ કહે છે કે પંડિતોએ વાદવિવાદ છોડીને આ નિરાકાર નિર્લેપ નિરંજન પૂર્ણ બ્રહ્મને નિહાળવાની જરૂર છે. આ તૂર્યાતીત નિરાલંબ ને નિશ્ચલ તો અકળ છે, એ કોઇથી કળી શકાય એમ નથી, એ દશઇન્દ્રિય આઠ આવરણ, છ ઉર્મિવિકાર ને પ્રકૃતિથી પણ છે. વેદ ઉપનિષદ એને ગાય છે. આ વિશ્વને પ્રકાશિત કરનાર એ પરમપુરુષ, હરિ, અંતર્યામી ચૈતન્ય બ્રહ્મ સર્વત્ર સત્તાર રહ્યો છે, એ જરાય દૂર નથી. કવિ પંડિતોને આ "મૂલગો મર્મ" સમજી લેવાનો આગ્રહ કરે છે. ચોથા કડવામાં બ્રહ્મસ્વરૂપનું વર્ણન જ કવિ આગળ વિસ્તારે છે ને પરમતત્ત્વનું વર્ણન તે ચોથા કડવાનો પણ વિષય બની રહે છે.

પાંચમાં કડવાની શરૂઆતમાં જ કવિ "વ્યાપક વીષ્ણું" ને હૃદયમાં આણવાનું કહે છે, બ્રહ્મને જાણવાની એ જ રીત છે. દ્વૈતબુદ્ધિને પરહરીને એ અદ્વૈતભાવને અનુભવવો જોઇએ. સંતની સંગત કરીને હું તું ટાળીને "વસ્તૂ"ને નિહાળી કશો વિલંબ કર્યા વિના બ્રહ્મરસ પીવો જોઇએ. હવે કવિ જે જાણવાથી દેહાભિમાન ગળે ને જન્મમરણના ફેરા ટળે તે આત્મજ્ઞાનની વાત કરે છે. એ આત્મજ્ઞાન થતાં ચિત ચિદાનંદમાં ભળી જાય છે. "વસ્તૂ" માંથી જ વિશ્વ ઉપજ્યું હોવાથી, જેમ સૂર્યથી સૂર્યનાં કિરણો ભિન્ન નથી તેમ, "વસ્તૂ" અને વિશ્વ જુદાં નથી. કનક અને કુંડળ, ભૂમિ અને ભાંડ, ઉદક અને લહેરી આ બધામાં દષ્ટાંત પણ સ્પષ્ટ કરે છે કે જીવને બ્રહ્મ જુદાં નથી પણ એક જ છે. બ્રહ્મમાંથી જ બ્રહ્માંડ થયું છે ને બ્રહ્માંડમાંય બ્રહ્મ છે, જેમ તંતુમાંથી પટ થાય છે ને પટમાં તંતુ રહ્યા છે તેમ. વહ્નિથી દીપ પ્રકટે છે ને દીપમાં જેમ વહ્નિ રહ્યો છે તેવી જ રીતે સગુણમાં નિર્ગુણ છે ને નિર્ગુણમાં સગુણ છે. ભૂતમાં મહાભૂત વ્યાપક છે તેવી જ રીતે રામ એ વ્યાપક છે. સ્વયંબ્રહ્મ સર્વત્ર પ્રકાશે છે, એના વિના એક અણુપણ હાલું નથી. જેમ જળમાં રસ છે ને પૃથ્વીમા ગંધ છે તેમ હરિ વિશ્વમાં વ્યાપીને રહ્યા છે. વાયુમાં જેમ સ્પર્શ છે, તેજમાં જેમ રૂપ છે, આકાશમાં જેમ શબ્દ વ્યાપીને રહ્યો છે તેમ બ્રહ્મસ્વરૂપ સર્વત્ર વ્યાપીને રહ્યું છે. આમ પાંચમાં કડવામાં "કેવળ આત્મજ્ઞાન"-ની વાત થઇ.

૬ ઠ્ઠા કડવામાં "અનેકમાં એકને જોવાના આત્મવિવેકની વાત બીજાં અનેક દષ્ટા-તોની મદદથી કવિ નિરૂપે છે. ગુરુએ જે જ્ઞાન કહ્યું તેના અનુભવથી વાણી પણ જ્યાં પહોંચી નથી શકતી એવા "નિર્વાણ" પદને કવિએ લક્ષ્યું છે- આ કૃતજ્ઞતાના ઉદ્‌ગારથી ૬ઠ્ઠા કડવાનો પ્રારંભ થાય છે. સોનું એક છે પણ એના અનેક ઘાટ ઘડાવી શકાય તેવી રીતે પરબ્રહ્મ સનાતન હરિ તો એક અને અદ્વૈત છે, આ દશ્ય જગત તે એના અનેક ઘાટરૂપ છે. હર્ષ શોક, સુખદુઃખ, ઉચ્ચનીચ, વાદવિવાદ, સ્તુતિનિંદા છોડીને આ "કેવલ વસ્તુ" ને સઘળે પ્રમાણીલો. હરિ અને વિશ્વની એકતા વર્ણવતાં કવિ કહે છે:

હરિમાહે વિશ્વ વિશ્વ માહે હરી યમ ભૂતમાહે મહાભૂત ભાસિ
બાહ્ય આત્યંતસર્વ નિરંતર કેવળ કૃષ્ણ તે સ્વયંપ્રકાસિ.[૧૨]: ૬, ૩:

જે હરિજન હોય તે જ હરિને જાણે. પછીથી કડવાની ઉપર ટાંકેલા સંમતિ-શ્લોકને જ નરહરિ વિસ્તારીને કહે છે કે જે રીતે પુષ્પમાં વાસ રહી છે, તલમાંતેલ રહ્યું છે, કાષ્ઠમાં વહ્નિ રહ્યો છે, દૂધમાં ઘી રહ્યું છે, શેરડીમાં ગોળ રહ્યો છે તેવી રીતે વિવેકબુદ્ધિથી દેહમાં પરમાત્માને રહેલો જાણવો. કવિ બીજું જાણીતું ઉદાહરણ ઉમેરે છે: પથ્થરમાં લોહ રહ્યું છે તેમ,જેમગાયો અનેક રંગની હોય છતાં તેનું દૂધ એક સરખું જ ધોળું હોય છે તેમ, એક સૂર્ય જેમ અનેક નેત્રને પ્રકાશ આપે છે તેમ એકજ દેહી અનેક દેહમાં રહ્યો છે, એનો કોટિ બ્રહ્માંડમાં નિવાસ છે. સૂત્રધાર કઠપૂતળીને નચાવે છે તેમ આત્મા એ દેહનો પ્રવર્તક છે, વટનો વિસ્તાર ઘણો હોય પણ તે એક બીજમાંથી વિસ્તર્યો હોય છે તેમ એક અખંડિત પરમાત્મામાંથી આ બધુ વિસ્તર્યું છે, જેમાંથી જ આ બધો પ્રૌઢ પ્રપંચ વિસ્તર્યો છે:

૧૨: સરખાવો:-

વિશ્વ વસ્તુમાં શાનો ફેર, જેમ મણ એકના ચાલીશ શેર,
નાને કાટલે સઘળા પિંડ, એમ વસ્તુ જોતાં બ્રહ્માંડ. અખો

તથા મેરા પિયુ મુજમાંહિ પ્રકાશી, જ્યું દર્પણ માંહિ મુખ ભાસી,
મૈં પીયુમાંહિ પીયુ મુજમાંહિ, કંચનભૂષણ અંતરવાહિ. ૨વિસાહેબ,

સાતમા કડવામાં આ આત્મવિવેકની વાત આગળ વધે છે. આ આત્મવિવેક એ સાચો વિવેક છે, એનાથી આપણને જ્ઞાન થાય છે કે પિંડ તે કાચો છે ને આત્મા તે સાચો છે. આ વિવેકને પામીને પુરુષ ને પરખી લઇ હૈડે ધરવાનું છે, તેણે રામરાયને નિરખવાના છે. પછી ત્રિવિધ તાપ રહેશે નહિ. એને માટે "ની:સંગ" થવું જરૂરી છે. આગળનું ગાયોનું દષ્ટાંત કવિ ફરી વાપરે છે ને ઉમેરે છે:

યમ કાષ્ટ નાંનાવીધી એક તે પાવક ધેનૂ નાનાવર્ણ દુગ્ધ એક
ત્યમ દેહદેહ પ્રત્યિં દેહી પ્રકાશક કહિ દાસ નરહરિએ ઉત્તમ વીવેક.
:૭, ૩:

માયાને કારણે આવતા વિવિધાના આવરણનો વિક્ષેપ ટળતાં વિશ્વને બ્રહ્માકાર જોઇ શકીએ તો "અતીઘણો આનંદ" થાય. વિશ્વ અને હરિ એકબીજામાં મણિ અને સૂત્રની જેમ ઓતપ્રોત થઇને રહ્યાં છે. વિશ્વનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય બ્રહ્મમાં જ છે. જે અજ્ઞાની છે તેની બુધ્ધિ જ અનેકને જુએ છે, જ્ઞાનીની બુધ્ધિ તો એક શુધ્ધ ચૈતન્યરૂપ સત્ય સ્વરૂપ આત્માને જ સઘળે જુએ છે. હરિ વિના જો એક અણુ પણ ઠાલુ નહિ હોય તો પછી બન્ધન શાનું ને મોક્ષ શેનો? એ નરી કલ્પના જ છે. આ જ રીતે સ્થાવર કે જંગમ, નિરાકાર કે સાકારનો ભેદ પણ ક્યાં રહે?

સ્થાવર જંગમ રૂપ હરીનાં તે અનંત મૂરત્ય અપાર
ત્યાંહાં ભિંન ભાવ ન આંણીએ નીરાકાર ને સાકાર. :૭, ૧૧:

સઘળા સ્વભાવ તે હરિના છે, સર્વ રૂપ હરિનાં છે, ગુણ કર્મ અને નામ પણ હરિનાં છે. જો આ દષ્ટિએ જોતાં શીખીએ તો આવરણ ટળે, મન બ્રહ્માકાર થાય અને અંગે આનંદ ઉપજે. આ સિધ્ધાન્તપક્ષ થયો.

આઠમાં કડવામાં આ હરિને આવરણમુકત બનીને જોવાની વાત કવિ આગળ ચલાવતાં કહે છે:

એકથી અનેક અનેક મ્યલી એક એક અનેક પ્રથક નહી
યમ ઉદક લેહેરો ભૂમ્ય ભાંડજ નાના વિધિ કહિ દાસ નરહરિ વિશ્વ
ઇમ સહી. : ૮, ૩ :

આ દૃષ્ટિએ, આવરણનો વિક્ષેપ ટાળીને, વિશ્વને જોવાને સાધકે શું કરવું જરૂરી છે? કવિ કહે છે:

સત્ય ભાષો પ્રપંચ નાંખો તત્ત્વ આપો રુ દિ ધરી
દ્વૈત ટાલો અદ્વૈત ન્યાહાલો એક દૃષ્ટિ રાખો ઠરી. :૮, ૫.:

સૂત્રાત્મક રીતે અહીં સાધનાનો સાર કવિએ મૂકી દીધો છે. આ વિશ્વમાં હરિ જ દાતા છે ને હરિ જ ભોક્તા છે. પિંડમાં પરબ્રહ્મને જ પ્રગટ જોતાં શીખો, એ અકળ "મૂરત્ય" ને ઓળખતાં શીખશો તો બધો "ભર્મ" ભાંગી જશે. ગુરુએ આપેલી દૃષ્ટિથી સૂક્ષ્મમાં પણ અતિ સૂક્ષ્મ રૂપે રહેલા હરિને નિહાળશો તો પરમાત્મા દૂર લાગશે નહિ, કારણ કે,

જે બોલે ચાલે સાંભલે અનિરુપ નીહાલી જેહ
ગંધ ગ્રહે રસ ભોગવે પરમાત્મા હરિ તેહ. :૮, ૬:

એ લીલાએ કરીને બધું ઘડે છે ને ભાંગે છે, એની ગતિને કોઇ પ્રીછી શકતું નથી. એ જડ અને અજડ બંનેનો પ્રકાશક છે. દેહ, ઇન્દ્રિય, મન અને પ્રાણમાં એ રહેતો છતો વેગળો સાક્ષીરૂપે રહે છે, એ જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીયનો ઇશ છે. એ નથી ઉપજતો કે નથી વણસતો, "શૂન્યમાં સોહમણે "એ સ્થિર અને પૂર્ણ છે. તત્ત્વદૃષ્ટિએ બ્રહ્મનું સ્વરૂપ આવું દેખાય છે.

ઉન્મની અવસ્થાને પામીને ગુરુની આપેલી દૃષ્ટિએ અવલોકતાં "શૂન્યમાં ઝળહળતા" બ્રહ્મનું દર્શન થાય ને ત્યારે "પરબ્રહ્મ પ્રગટ્યો મળે. આમ આગલા કડવાનો સાર આપી નવમા કડવામાં કવિ "નૈષ્કર્મ" - નિષ્કર્મયોગની વાત કહે છે. એ નૈષ્કર્મયોગ સિધ્ધ કરવાથી ભવરોગ સમૂળો ટળી જાય, સત્ય સ્વરૂપ સાથે સંયોગ થાય, ઉપાધિનું આવરણ ટળે. આમ બ્રહ્મમાં ભળી જવાય જે જીવ તે જ સંત, એ સંતનાં લક્ષણ હવે કવિ વર્ણવે છે.[૧૩:] આ લક્ષણો કૃષ્ણે ઉધ્ધવજી આગળ વર્ણવ્યાં હતા.

૧૩: આ કડવામાં વર્ણવેલાં ત્રીસ લક્ષણો થોડા વિસ્તાર સાથે "સંતનાં લક્ષણ" નામની "જ્ઞાનગીતા" થી સ્વતંત્ર રીતે મળી આવતી નાની કૃતિઓમાં વર્ણવ્યાં છે. એ માટે જુઓ પરિશિષ્ટ, આની સાથે નરસિંહનું "વૈષ્ણવજન તો તેને" પદ સરખાવવું.

સંત ભૂતમાત્રના તરફ કૃપા કરે, કોઇનો ય દ્રોહ ન કરે, મનમાં ક્ષમાભાવ રાખે અને સદા સત્ય ઉચ્ચરે. સર્વપ્રત્યે હૃદયમાં આત્મભાવ રાખીને એ બધાંને સમાન દૃષ્ટિએ જુએ, એ સર્વના પર ઉપકાર કરે, એને મન કોઇ પ્રિય કે અપ્રિય નહિ હોય. એ ધીર ચિત્તનો હોય, એના ચિત્તમાં કામક્રોધ ન પ્રભવે, એ સ્ત્રીસુવર્ણમાં મોહે નહિ, એને લિંગ કે શરીરની બુધ્ધિ ન હોય. એકાદશ ઇન્દ્રિયના પર એનો કાબૂ હોય, એ હૃદયમાં હંમેશાં કોમળ ભાવ જ રાખે, એ અંતરથી ને બાહ્યથી સદા પવિત્ર હોય, એવો સંત દુસ્તરએવા ભવસાગરને પાર કરાવનાર નાવ બરાબર છે. એ અકિંચન હોય, એના મનમાં કશા વિકાર ન હોય, એ તો કેવળ હરિને સેવે, એને મુક્તિની પણ ઇચ્છા ન હોય. એ વિષય રસનો ત્યાગ કરે, બ્રહ્મચારી ને અલ્પાહારી હોય, એને દેહ ઉપર વૈરાગ હોય, એ સ્વભાવે શાંત અને સંતોષી હોય. ચિત્તમાં **સ્થિરભાવ** આણીને એ તત્ત્વને જાણી લે, ને સદા હરિને શરણે રહે. એનું અંત:કરણ શુધ્ધ હોય, એ મનનશીલ હોય ને મૌનને સેવે.

દશમાં કડવામાં સંતનાં લક્ષણનાં વર્ણનને કવિ આગળ ચલાવે છે. સંતને હરિ સાથે ઘણો સ્નેહ હોય, એ અપ્રમત્ત હોય, એનામાં દીનતા હોય, એ સમુદ્રના જેવો ગંભીર હોય, એ હંસની જેમ નીરક્ષીરવિવેક કરી શકતો હોય, એ ૭ ઊર્મિવિકારને ત્યજે, મનમાં અભિમાન રાખે નહિ, સર્વ ભૂતિને માન આપે ને સર્વત્ર ભગવાનને જુએ. સંત કલ્પદ્રુમના જેવા હોય, એને સેવનારની બધી મનોકામના ફળે, પોતાના જ્ઞાન-ભંડારને સહુ કોઇને માટે મોકળો કરી એ બધાંને આત્મસુખ આપે. ચરાચરને એ મિત્રભાવે જુએ, સર્વને માટે એના મનમાં અપાર કરુણા હોય. બધું એ બ્રહ્મ કરીને લેખે એવો એ કવિવર હોય, સંત અનન્યભાવે હરિને ભજે, ને ફળબુધ્ધિનો ત્યાગ કરે, એને રાગદ્વેષ હોય નહિ, એ સમદર્શી હોય. બીજા જ્ઞાનમાર્ગી કવિઓની જેમ નરહરિ પણ કહે છે:

ગૃહમાં રહે નવ્ય અનિ વન્ય નવ્ય જાયે ધરિ નીશ્ચલ ધ્યાંન
સધલિ સમો સમાંન બુધ્ધ નીજ ભકિત એ વીજ્ઞાન. :૧૦, ૬:

અગિયારમાં કડવામાં સંતનાં લક્ષણો ફરીથી સંક્ષેપમાં આપીને સંતનો સંગ કરવાનો કવિ ફરી ફરી આગ્રહ કરે છે. નરહરિએસહજસાધવાની વાત સ્વીકારી છે ને હઠયોગની સાધનામાં જે "શૂન્ય" ને "અનહદ" ની વાત આવે છે તેનો પણ એમાં ઉલ્લેખ છે:

બ્રહ્માસુધારસ અનુભવિ, ત્યજિ વાદવિવાદ,
સહજ શૂન્યમાહે રહિ, સૂણિ શબ્દ અનાદિ. :૧૧, ૪:

આવા સંતની સંગતથી જે લાભ થાય તેનું સુંદર વર્ણન નરહરિ આમ આપે છે:

અંગ સઘળાં થાય શીતલ નીજબોધ રહિ ઉપજિ
તે અવીદ્યા નિ ઇમ છંડિ યમ ભોયંગ કંચુકી ત્યજિ
યમ શર્દકાલિ નીરનીર્મલ આકાશ શોભિ અતિ ઘણૂ
યમ ભવદુઃખ વાંમિ માહા સૂખ પાંમિ એહ ફલ સંત સંગત્યતણૂં

આ વર્ણનની અસર અમાના પર થઇ હોય એમ સંભવે. એના "અનુભવ બિન્દુ" ના ૧૫ મા છપ્પામાં જે વર્ણન છે તે આ સાથે સરખાવવા જેવું છે. સંતની સંગતથી બ્રહ્મજ્ઞાન થાય, ને એ બ્રહ્મજ્ઞાનથી મુક્તિ થાય એમાં જરાય સંશય રાખવો નહિ. જ્ઞાની મર્મને જાણે છે, અજ્ઞાની ઓળખતો નથી માટે

જ્ઞાંનીને અતી ઢૂંકડૂં અનિ મૂર્ષ નિ અતી દૂર
આ પ્રગટ હરી પરમાત્મા રહ્યો આ સકલ ભરપૂર. :૧૧, ૧૭:

આ સત્સંગના ફળની વાત કહીને અગિયારમું કડવું પૂરું કર્યું: બારમા કડવામાં કવિ સાંખ્ય સિધ્ધાંતને સંક્ષેપમાં રજૂ કરે છે. સાંખ્યનાં પ્રકૃતિ ને પુરુષ તે હરિનાં જ રૂપ છે. સર્વમાં બ્રહ્મ છે ને બ્રહ્મમાં સર્વ છે, પણ બ્રહ્મ હંમેશાં અસંગ જ રહે છે. એ ઇન્દ્રિય, અંતઃકરણ, પ્રાણ અને દેહનું ભાસક છે, સર્વ નિરાધારનો આધાર છે; પછી વેદાન્તમાં બહુ જાણીતું દૃષ્ટાન્ત નરહરિ આપે છે:

ઘટમઠમાહા યમ વ્યોમ ભાસિ દેહમાહા દેહી ઇમ
ઘટ નાસિં ગગન નીશ્ચલ ઇમ આત્મા યમ છિ ત્યંમ. :૧૨, ૧૩:

જુદાં જુદાં જળમાં ચન્દ્રનાં અનેક પ્રતિબિમ્બ પડે, પણ વાસ્તવમાં ચન્દ્ર તો એક જ હોય છે, એ જ રીતે અવિદ્યાને કારણે અજ્ઞાનીને અનેક જીવોનો ભાસ થતો હોય છે, પણ જ્ઞાનીને માટે અનેક છે જ નહિ. જ્ઞાનીને કર્તાઅકર્તાના વિકલ્પ નથી. પ્રકૃતિ પુરુષ, જીવ ને ઇશ્વર, વિષ્ણુ કે પરમાત્મા - આ બધાં નામો એક જ વસ્તુનાં છે:-

તેરમા કડવામાં કવિ ચંચળ મનને સ્થિર કરવાનો ઉપાય બતાવે છે. બીજા, આ પરમ્પરાના, સાધકોની જેમ નરહરિ પણ કાયા-ક્લેશ કરવાની જરૂર જોતો નથી.

જ્યોતી માહિ જ્યોતિ સમાય તે ઉપાય કહું ગુણો
તજો કાયકલેશનિ પરહરો ભાઇ આત્મામંત્રહિ અહનીંશિ ભણો.
:૧૩, ૫:

અને પછી સામાન્ય દૃષ્ટિએ વિરોધ ભાસપૂર્ણ લાગે એવી વાણીમાં, પણ આ પરમ્પરાના અન્ય સાધકોની જેમ, એ ઉમેરે છે:

જાપ જપો જીભ વીના અનિ શ્રવણ વીના ગુણો ધૂન્ય
નેત્ર વીના નીરખો નીરંજન રાખી મન્ય સહજ શૂન્ય. :૧૩, ૬:

અજપા જાપની આ વાત તે મનને સહજ શૂન્યમાં સ્થિર કરવાની વાત હઠયોગની સાધનાને અનુરૂપ છે ને એને નાથ તથા સિધ્ધોની સાધના સાથે સંબંધ છે. નરસિંહની પણ આવી પંક્તિઓ આપણને અહીં યાદ આવે છે. [૧૪]: જ્યાં મન સમાસ પામે ત્યાં અનાહદ શબ્દમાં ને સહજ શૂન્યમાં બ્રહ્મને અનુભવવાનું કવિ કહે છે, આ સમરસનું ધ્યાન છે. આ શૂન્ય તે શૂન્યવાદીઓનું શૂન્ય નથી, કારણ કે કવિ પોતે સ્પષ્ટ કરે છે:

નીરાલંબ મહાશૂન્યમાંહિં હરી પરમતત્ત્વ અખંડ. :૧૩, ૯:

નાદબ્રહ્મની સાધનાનો પણ કવિ અહીં સીધો ઉલ્લેખ કરીને કહે છે કે એનું તત્ત્વ જાણવા માટે ગુરુનો સંગ કરવો જોઇએ. કવિ પોતાના અનુભવનો ઉલ્લેખ કરતાં કહે છે:

સદગુરિં સીધ્ધાંત કહ્યું નાદબ્રહ્મનું ધ્યાન
નાદ બ્રહ્મનિ અનૂભવિ પ્રગટિ તત્ત્વજ્ઞાન : ૧૩, ૧૧:

નાદબ્રહ્મના અનુભવથી જે તત્ત્વજ્ઞાન પ્રગટે તેનાથી દ્વૈતવિકાર *ટળે ને મન બ્રહ્માકાર થાય, દ્વૈતભાવ હોય ત્યાં સુધી તત્ત્વનો ભોગ થાય નહિ, અને તત્ત્વભોગ થાય નહિ ત્યાં સુધી દીર્ઘરોગ ટળે નહિ. આમ કવિએ મનને સ્થિર કરવાનો ઉપાય બતાવ્યો કારણ કે:

૧૪: સરખાવો: નેત્ર વિણ નીરખવો, રૂપક વિણ પરખવો
વણ જિહ્વાએ રસ સરસ પીવો.

ચીત્તને સ્થીરતા વીના ભાસિ નહી ભગવંત :૧૩, ૮:

આ જ વાત ૧૪ માં કડવામાં નરહરિ ફરીથી ભારપૂર્વક કહે છે:

યાંહાં લગિ એહ મન નોહિ રે ઠાંમ્ય
ત્યાંહાં લગિ ન મ્યલિ આત્મારામ. :૧૪, ૩:

બ્રહ્મ સાથેની અભેદાનુભૂતિનું પ્રથમ સોપાન ભક્તિ હોય તો બીજું જ્ઞાન છે. આ પ્રકારની જ્ઞાનનિષ્ઠ ભક્તિ જ આ ધારાના કવિસાધકોને ઇષ્ટ છે. આ જ્ઞાન પણ અનુભવગોચર બનવું જોઇએ. એ અનુભવ ન બને તો વ્યર્થ છે. આ ક્રમ નરહરિએ બતાવ્યો છે.

ભક્તય જ્ઞાંન અનૂભવ રહિ આંણો
કેવ્લ રામ નીરંતર જાણો. :૧૪, ૪:

હવે મહાવાક્યમાં પ્રકટ થયેલું ને જેને અનુભવતા સાર્થકતા અનુભવાઇ તે ગુરુમુખથી "લહ્યું" અપૂર્વ ગુહ્ય તત્વ કવિ અહીં કહે છે. વેદા-તસાહિત્યમાં અત્યંત પરિચિત એવું દષ્ટા-ત આપીને કવિ મહાવાક્યના મર્મને સરળ બનાવીને એક જ પંક્તિમાં મૂકી દે છે:

યમ સીંધવ સીંધુમાંહાં મગ્ન થાયિ ઇમ યથાર્થ યમત્યમ થયું.
:૧૪, ૭:

એ જ વાત બીજું જાણીંતુંદષ્ટાંત યોજીને પણ કવિ સમજાવે છે:

યમ દેહથી અંગ નથી અલગાં સિંધૂ બુદબુદ યમ
ત્યમ પ્રપંચ પરબ્રહ્મ જયંન નહિ શ્રુતિ સંપ્રત્ય બોલિ ઇમ.
:૧૪:, ૬:

આ સાથે રજ્જુમાં સર્પનો અધ્યારોપ તથા વંધ્યાપુત્રનાં સુપ્રચલિત દષ્ટાંતો પણ કવિ ઉમેરે છે ને કહે છે- કે આ વાચારંભણ વિકારમાત્ર છે. આ વિશ્વ તો અજ્ઞાનને કારણે જ ભાસે છે, બાકી સર્વદા સર્વત્ર હરિ જ છે. એ તો ભીંત પરનાં ચિત્ર જેવું છે, ચિત્રો ઘણાં હોય, પણ ભીંતનો એકની એક. જો આમ હોય તો પછી નરક ને સ્વર્ગ ક્યહાં રહ્યાં?[૧૫]આ સંસાર તો રાતે આવતાં સ્વપ્ન જેવો છે.

૧૫: સરખાવો:- સ્વર્ગ વૈકુંઠના ભોગ મલ, નર્ક રૌરવનો ત્રાસ,
તેને બેઉ બરાં ગણા, જેને અહંતા ગલે પાસ.

એનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય સ્વપ્નવત્ છે. આગળ વંધ્યાપુત્રનું દૃષ્ટાંત આપ્યું, તે સાથે આકાશ કુસુમ ને શશશૃંગનાં બીજાં બે એવાં જ જાણીતાં દૃષ્ટાંતો કવિ ઉમેરે છે ને કહે છે કે એનું અસ્તિત્વ જેમ વાણીમાં જ છે, વાસ્તવિક રીતે નથી, તેમ સંસારનું પણ સમજવું. બાહ્યાચારની જટાજાળ, જાતિભેદ, વર્ણાશ્રમ આ બધું પણ સ્વપ્નવત્ છે:

વર્ણાશ્રમ અતિ દરશન ધર્મ અર્થ કામ ને મોક્ષ
સ્વપ્નવત્ એ લોક સઘલા પ્રત્યક્ષ નિ પરોક્ષ . :૧૪, ૧૫:

આમ કવિ મહાવાક્યના મર્મને," સિધ્ધાંતના સિધ્ધાંત" ને ફરી એકવાર સમજાવીને કહે છે:

જાંણ્યુંહોરો જાણ્યો પરમાત્મા પરબ્રહ્મ
રૂપ અરૂપિ એહવો છિ ભાઇ સમજી લેયો મર્મ. :૧૪, ૨૦:

આ વાત તે શુષ્ક જ્ઞાનની નથી, પોથીમાંનાં રીંગણાં નથી:

નીજ ભક્તિ એ વીજ્ઞાંન એ અનુભવ એ નીરધાર
યથાર્થ પ્રીછિ થકિ ભાસિ તેને સાક્ષાતકાર. :૧૪,૨૨:

આ તો "સાક્ષાતકાર" છે. આમ આ કડવામાં કવિએ "અર્થ ઉપનીષદનો કહ્યો".

પંદરમાં કડવાની શરૂઆતમા આગલા કડવામાં નિરૂપેલા વિષયનો ૬ કડીમાં કવિ સારો આપે છે ને પછી ઉદ્બોધન કરે છે:

કિવલ વસ્તુ નીરંતર ન્યાહાલોજી વ્હૈતમાંહા જાતૂ મન તે વાલોજી
જન્મમરણનો ભય તે ટાલોજી બંધ મોક્ષની વાસના બાલોજી. :૧૫,૭:

આપણને સૌથી મોટો ભય મરણનો, પણ જન્મ થયો એટલે મૃત્યુ તો થવાનુંજ, માટે કવિ જન્મમરણનો ભય ટાળવાનું કહે છે. સૌથી મોટી વાસના તે મોક્ષની અને જે સદા મુકત છે તેને એ વાસના નહોય, તેની તો એ સહજ સ્થિતિ છે, પણ જે બંધનમાં છે તેને જ મોક્ષની વાસના થાય. માટે પોતે સદા મુકત જ છે એવો અનુભવ કરી મોક્ષની વાસના ટાળવાનું કવિ કહે છે. આ તત્વ શ્રીકૃષ્ણે સ્વમુખે ઉધ્ધવને કહ્યું છે. એનો તત્વાર્થ હૃદયમાં રાખવો. હવે પછી કૃષ્ણ જ ઉધ્ધવને કહેતા હોય એવી રીતે કવિ વાત કરે છે:

શુધ્ધ બુધ્ધ એ આત્મા બંધમોક્ષ ગુણ જાણ્ય
ઉધવ ગુણનું મૂલ માયા આત્મા અસંગ નીર્વાણ્ય. :૧૫, ૧૦:

"વસ્તુ" એટલે કે બ્રહ્મને માયાનો સંશ્રવ હોતો નથી. આ બધી માયાની રચના છે.

મિથ્યા માયાઇ રચ્યો વીધાવીધા દેહ
તે બંધમોક્ષ કરી જીવનિ પણ વસ્તુગત્ય નહી તેહ. :૧૫, ૧૨:

અને પછી જીવો બ્રહ્મૈવ નાપરઃ નો જ પ્રતિધ્વનિ પાડીને કવિ"સારંગ પાણ્ય" ને મુખે બોલાવે છે.

જીવબ્રહ્મ એ પ્રથક નહી :૧૫, ૧૩:

આ વાતનું પુનઃ સમર્થન કરવા કવિ દષ્ટાંતમાલાની હારમાળા યોજે છેઃ

યમ મહાર્ણવમાંહિં તરંગ નાંના ઉપજિ વરતિ સમાય
ઇમ નીર્મલ નીશ્ચલ આત્મા ભાઇ દેહે આવિ દેહે જાય,
યમ માહાતેજથી દીપ નાના ઉપજિ વલી તે સમાય
ઇમ બ્રહ્મમાહા બ્રહ્માંડ કોટી નીત્ય આવે નીત્ય જાય.
યમ અકાશમાહિ શબ્દ નાંના ઉપજે વર્તે સમાય
ઇમ વસ્તુમાહેં વીશ્રવ સદા નીત્ય આવે નીત્ય જાય.
:૧૫, ૧૭-૧૯-:

અલબત્ત આ દષ્ટાન્તો નરહરિનાં આગવાં નથી. આપણે જોતા આવ્યા છીએ તેમ એ આ પરમ્પરામાં પ્રચલિત છે જ. આ દેહની અવસ્થા એવી છે કે જાય તે પાછી ન આવે - થડથી અળગાં પડેલાં પત્ર પુષ્પ ને ફળ પાછાં ન આવે, દીપનો જ્યોતિ ને જળનો પ્રવાહ પાછા ન આવે તેમ. જ્યાં દીપનો જ્યોતિ સમાઇ જાય છે, જ્યાં કાંસાનો શબ્દ અને પુષ્પની વાસ લય પામે છે ત્યાં જ જીવ પણ સમાય છે. પણ જીવ અને બ્રહ્મને સંબંધ અવિનાભાવે સંકળાયેલાં છેઃ

બ્રહ્મવીણ એ જીવ નોહિ જીવવીના કોણ કહે બ્રહ્મ
એકનેત્ર દષ્ટાંત જોતાં ભાસે તે સધશ્રોભર્મ. :૧૫, ૨૩:

આંખવડે સૂર્યને જોઇએ છીએ, પણ સૂર્ય જ ન હોય તો આંખ શી રીતે જુએ? આમ જેણે "સ્વતશુધ્ધ" બ્રહ્મને ન જાણ્યું તેનો જન્મ, તેની વાણી જે તે "કવીની બુધ્ધ" વૃથા ગયાં. જેણે મનને "અનહૂતું" કર્યું, સંસારને જેણે કલ્પના માત્ર ગણ્યો, ને તરી ગયો, પણ જેણે "જથારથ" જાણ્યું નહિ તેનો અવતાર વૃથા ગયો. મહાપુરુષો, વેદવેદાંત - આ બધાંનો મુખ્ય સિધ્ધાંત એક જ છે: એક અદ્વૈત વ્યાપક બ્રહ્મને જાણો. બ્રહ્મને જાણવાથી "ભર્મ" ભાંગે, અસ્થિર મન સ્થિર થાય, આવાગમન ટળે, સંશય જાય અને સાક્ષાત્કાર થાય. આમ નરહરિએ આ કડવામાં "વસ્તુ" ના અનુભવની વાત કહી.

આમ "જ્ઞાનગીતા" નું મુખ્ય વકતવ્ય પૂરું થયું. હવે એના ફલાગમની વાત.આ આત્મવિધાનો અનુભવ જે કરે તેને સંસાર ભાસે નહિ, તેના સર્વ કર્મનો ક્ષય થાય, તેની સર્વ ગ્રંથિ ગળે ને સંશય ટળે, તેને પરબ્રહ્મનો પ્રકાશ થાય. આત્માનું વર્ણન કરતાં કવિ દષ્ટાંત શોધીને કહે છે:

રત્ન કુંભવત આત્મા સ્વયં બાહ્ય મધ્ય પ્રકાશ
ઇમ નીરંતર નીશ્ચલ નીર્મલ અખંડીત અવિનાશ. ૧૬, ૧૧:

આત્મા વિશેનું આવું જ્ઞાન થયા વિના વૈતબુધ્ધિ ટળે નહિ. આ બ્રહ્મજ્ઞાન સંતની સંગતથી થાય. એવા સત્સંગથી દૃષ્ટિ સમાન થાય ને વિશ્વ બ્રહ્માકાર લાગે. લગભગ બધા જ જ્ઞાનમાર્ગીધારાના કવિએ વાપરેલા દષ્ટાન્તને પ્રયોજીને નરહરિ પણ કહે છે:

યમ પાંણીથી પાલો હોયિ પાલો તે પાણી રૂપ
ઇમ નીર્ગુણ સગુણ પરમાત્મા સધલિ તે તે સત્યસ્વરૂપ. :૧૬, ૧૫:

જ્ઞાનીનું લક્ષણ જ એ કે એને ભિન્નભાવ ન હોય, જે વિશ્વને આત્મસ્વરૂપ જાણે તે જ બ્રહ્મવેત્તા. અમૃતનું પાન કરવાથી જેમ અમર થવાય તેમ બ્રહ્મભાવ અનુભવવાથી બ્રહ્મ થવાય. હું તું ટળે નહિ ત્યાં સુધી કૈવલ્ય તત્વનો બોધ થાય નહિ. બધમોક્ષ બ્રહ્મમાં સમાસ થયો છે તે નરહરિ જાણીતા દષ્ટાંતથી સમજાવે છે:

યમ ચંદ્રકાંતિ ચંદ્ર દીસિ અર્ક તે અર્કપ્રકાશ
રત્ન તેજિ રત્ન દીસિ ઇમ વસ્તિ વસ્તુ સમાસ. :૧૬,૨૧:

"હરિશું રંગ" લાગ્યા પછી વાદવિવાદને સ્થાન ન રહે, પછી તો આનંદ જ આનંદ રહે. નરહરિ અત્યંત નમ્રતાપૂર્વક કહે છે :

એ ભોલી ભગતિ ગાઇ ગીતા ન જાંણૂ રાગ નિ ભાસ
મુહુંને હરીએ કેહેવ રાવ્યૂં તે કહયૂં ઇમ કહિ નરહરીદાસ. :૧૬,૨૫:

આ તો શ્રી હરિનો જ લીલા વિલાસ છે, નરહરિ તો નિમિત્તરૂપ બન્યો છે. છેલ્લે ફલાદેશની વાત કરતાં કહે છે:

એ શીખી સાંભલિ અનૂભવિ ગાઇ જ્ઞાનગીતા જેહ
નીરંજન પદ તે વસિં પુનરપિ ન ધરે દેહ.
હરી હવડાં તેહને મ્યલે એ અર્થ ગ્રહિ જ્ઞાનગીતાતણો
કલપના સધલી પરહરિ શ્રી કૃષ્ણ શ્રી કૃષ્ણ અહર્નિશિ, ભણો. :૧૬, ૨૭-૨૮:

છેલ્લું સત્તરમું કડવું શ્રોતાને ઉદ્‌બોધનરૂપ છે. આ "હરિરસ" અથવા "પ્રેમરસ"ને વિલંબ કીધા વિના અનુભવી લો. એ રસ હરિહરબ્રહ્મા પણ હૃદયમાં રાખે છે ને મોટા મોટા મુનિવર પણ એ રસને ચાખે છે. સંતને કદી એ રસના અનુભવથી તૃપ્તિ થતી નથી. આ રસ ચાખ્યા પછી બધી જ નકામી વિધા ટળે છે, કર્મ અકર્મનાં બીજ બળી જાય છે. એ રસ અભય પરમપદની પ્રાપ્તિ કરાવીને નિર્ભય અને નિશ્ચલ કરીને સ્થાપે છે. માટે નરહરિ કહે છે:

હશી ગુરૂ સંત પ્રસાદિ એ રસ લહી યિ,
એ રસ અનુભવમાં નરહરિ એ રસ થૈયિ. :૧૭, ૫:

નરહરિએ જે "ભોલી ભગતિ" થી આ "જ્ઞાનગીતા" ગાઇ તે ભોળી ભક્તિથી જ આ રસ પામી શકાય. અંતર્યામીએ જે ઉધ્ધવને કહયું છે તે હૃદયમાં રાખવું. જીવપણાનો દીર્ઘરોગ ટાળવાને એ જ મોટું ઔષધ છે. પ્રેમભાવને પામવાની સાધના વળી સંક્ષેપમાં નરહરિ એકવાર વર્ણવી લે છે:

સંત સંગત્ય હરીભક્તિ વીણ પામી જિ નહી પરબ્રહ્મ
એ ઉત્તમ બૂધ્ય ત્યારિ ઉપજિ યારિ બૂટિ સધલાં કર્મ.
કર્મ બૂટા વ્યના ચંતુનિ ન ઉપજિ એ ભાવ
ભવાર્ણવ પાર પામવા હરીભક્તિ તે દ્રઢ નાવ.

ભકિતભાવ ચારિ ઉપજિ ત્યારે કર્મનો ક્ષય હોય
કર્મ ત્રુટિ પામી થિ હરી પરમપદ તે સોય. :૧૭, ૯-૧૦:

આ પરમપદ કોને કહેવાય?

પરમપદ તે જાણ્યો યેને રહિ નીત્યાનંદ
નીરંજન નીરષિ નીરંતર ઉપજિ નહી વ્દંદ. :૧૭, ૧૧:

ભગવદ્ગીતામાં ભકતનું જે વર્ણન આપ્યું છે તેની યાદ આપાવે એવું સાધકનું વર્ણન નરહરિ અહીં આપે છે:

યેહનિ સંતસંગત્ય હરિભકિત વાહાલી હરીકથા શું રંગ
હરષોશ્રુ ગદગદ કંઠ તેહના હું ઇ રોમાંચીત ચંગ
શ્રવણે તે હરીકથા સુણિ જીહ્વાઇ જપિ ગુણગ્રામ
મસ્તક નમાવિ મહાપુરુષ નિ નયણે તે નિરષી રામ. :૧૭, ૧૨-૧૩:

આવા ભકતના પર કૃષ્ણ કૃપા કરે ને તેનું યોગ-ક્ષેમ પણ વહન કરે. ગીતાની જ વાણીની યાદ આપે એવી ભાષા માં નરહરિ કહે છે:

શાંત દાંત નીવ્દંદ નીશ્ચલ લયલીન દ્રષ્ટી સમાંન
તે આત્મચ્યંતન કરિ અહર્નિશ જેહનિ રહિ ભકિતજ્ઞાન.[૧૬] :૧૭, ૧૭:

આમ "હરીગુરસંત પસાયે" જ્ઞાનગીતા પૂરી થઇ. આ "જ્ઞાનગીતા" તે કવિના શબ્દોમાં "પરબ્રહ્મનો રાસ" છે. આનંદના ઉદ્ગારરૂપ છેલ્લા પદમાં કવિ પોતાની કૃતાર્થતાને મોકળે મને ગાઇને આ કૃતિનું સમાપન કરે છે, કવિ સાર્થકતા અનુભવતાં કહે છે:

સષી આનંદ અંગ્ય ન માય કૃષ્ણએ કોપા કરી એ
મુહુનિ આપી રે નીજમત્યસાર જ્ઞાનગીતા તે ઉચ્ચરીએ

એ "જ્ઞાનગીતા" ને ગાતાં કેવી સાર્થકતા અનુભવાય?

એ અનુભવતા એકાંત્ય, શાંત્ય તે હોયિ મનતણીએ
યે યમ તે ત્યમ થાય કહું મોટી મતાં શી ધણીએ
અજ્ઞાન અંધારી રાત્ય જ્ઞાનગીતા શશી ઉદયો એ
રમતાં હરીશું રાસ ત્રાસ ભરમ સધલો ગયો એ. :૧૭, ૩૭-૩૮:

---

૧૬ સરખાવો નિર્દ્વન્દ્વો નિત્યસત્ત્વસ્થ ..... ભગવદ્ગીતા

આ કૃતાર્થના ઉદ્‌ગાર સાથે આ કૃતિ પૂરી થાય છે:

નરહરિની આ કૃતિનો મુખ્ય ગુણ તે વેદાન્ત જેવા દુર્બોધ વિષયને દૃષ્ટાંતોની મદદથી સરળ ને સુબોધ બનાવીને કરેલું નિરૂપણ છે. વિષયને આત્મસાત્ કર્યા વિના આવી સરળતા અને વિશદતા સિધ્ધ થાય નહિ. શાસ્ત્રજ્ઞાનનું ભારણ અહીં નથી. સૃષ્ટિની ઉત્પત્તિ અને વિસ્તાર તથા પંચીકરણ બીજા કવિઓ ભારે વિસ્તારથી કરે છે, નરહરિએ પહેલા કડવામાં એ સંક્ષેપમાં પતાવી દીધું છે. સાંખ્યનો સિધ્ધાંત પણ અત્યંત સંક્ષેપમાં ઉલ્લેખ્યો છે. એણે આત્મજ્ઞાન બ્રહ્મનું સ્વરૂપ, આત્મવિવેકને પ્રાપ્ત કરવાની સાધના, એના સાધકોનાં લક્ષણ બ્રહ્મવેત્તાનું વર્ણન અને બ્રહ્મભાવનો અનુભવ–આટલા પર મુખ્ય ભાર મૂક્યો છે. આખ્યાનમાં હોય છે તેવી, આગલા કડવાનાં વક્તવ્યનો સાર બીજા કડવામાં પ્રારંભમાં આપી દેવાની, પધ્ધતિ નરહરિએ અહીં સ્વીકારી છે. આથી કેટલીક વાર પુનરુક્તિઓ વધુ પડતી થતી લાગે છે. ત્રણ કડવાં જેટલો વિસ્તાર તો સંતનાં લક્ષણો વર્ણવવામાં એણે ખરચ્યો છે. પણ કવિને એ અભીષ્ટ છે,કારણ કે સંતની સંગતથી જ ભિન્નભાવ ટળે ને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય એમ એ માને છે. ભક્તિનો મહિમા એ સ્વીકારે છે, કૃષ્ણનું રટણસ્મરણ પણ એ કરે છે, પણ આ કૃષ્ણ તે વૃન્દાવનના કૃષ્ણ નથી તે સ્પષ્ટ છે. ભક્તિ તો પ્રારંભ છે, પછી વિજ્ઞાન, પછી અપરોક્ષાનુભૂતિ ને પછી બ્રહ્મરસ– આવો ક્રમ કવિને અભિપ્રેત છે. વિધિનિષેધ, વર્ણાશ્રમ ધર્મ, ધર્મઅર્થકામ અને મોક્ષ – આ બધું કશા મહત્ત્વનું નથી. ઉન્મની દશાને પામીને "લયલીન" થઈને રહેવાની વાત એ કરે છે. બ્રહ્મનું વર્ણન "શૂન્યમાં સોહામણો" કહીને પણ એણે કર્યું છે. છતાં એ "ચકાતીત" છે એમ પણ એ કહે છે. હઠયોગની સાધનાની શુધ્ધિ પૂરતી મહત્તા જ એણે પણ સ્વીકારી લાગે છે. નિરૂપણને વિશદ કરવાને માટે નરહરિએ યોજેલાં લગભગ બધાં જ દૃષ્ટાંતો પરમ્પરાગત છે, એમાં કવિનું આગવું અર્પણ નહિવત્ છે. અમો નરહરિનો ઋણી છે એ બતાવવાને ડો. ભોગીલાલ સાંડેસરા,[૧૭] શ્રી ઉમાશંકર જોશીએ[૧૮]

૧૭: "સત્તરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય, પૃ. ૨૪–૨૯

૧૮: અમો એક અધ્યયન પૃ. ૮૪–૮૬.

બે બંને કવિઓની કૃતિમાંથી સમાન શબ્દાર્થ કે દૃષ્ટાંતવાળી પંક્તિઓનાં ઉદાહરણો આપ્યાં છે. એની ચર્ચા અંતમાં કરીશું. અહીં તોએટલું જ કહેવું પ્રાપ્ત થાય છે કે આવાં સ્થાનો કદાચ એકે બીજા પાસેથી ઉછીનું લીધાનાં દૃષ્ટાંતો ન પણ હોય. બંને કવિઓ એક લાંબી ચાલતી આવતી પરમ્પરામાંથી પોષણ મેળવે છે, ને એ પરમ્પરાનો વારસોભોગવે છે. જે દૃષ્ટાંત નરહરિ આપે છે તે નરહરિએ પણ વેદાન્ત ગ્રન્થમાંથી પરમ્પરાએ અન્ય સન્ત કવિઓની કૃતિમાં ઉતરી આવેલાં હોઇ, ત્યાંથી જ ઉપયોગમાં લીધા હોય એમ બને. આ કવિઓની કૃતિઓનો વીગતે કરેલો અભ્યાસ એવાં પુષ્કળ ઉદાહરણો પૂરાં પાડે છે. એટલે બંને કવિઓ પરમ્પરાના ઋણી છે એમ કહેવું જ વધુ ઉચિત લેખાય.

હવે નરહરિની સંભવતઃ છેલ્લી, અને તેથી જ પરિપક્વ, રચના "હસ્તામલક" જોઇએ. આ કૃતિ જગદીશ અને પાર્વતીના સંવાદરૂપે રચાઇ છે. પાર્વતી જિજ્ઞાસુ છે ને પ્રશ્નો પૂછે છે ને શિવ એના ઉત્તર આપે છે. કૃતિના આવા સ્વરૂપને કારણે એને વધુ દૃઢ આકાર પ્રાપ્ત થયો છે. આવો પ્રશ્નોત્તરના સ્વરૂપની રચના એ જ્ઞાનમાર્ગી ધારાના સાહિત્યનો એક જાણીતો પ્રકાર છે. આ કૃતિ ચોપાઇમાં લખાઇ છે.

શિવ અને ઉમા વચ્ચેના સંવાદરૂપે આ કૃતિ રચાઇ હોવાને કારણે, કદાચ, એના મંગળાચરણમાં સૌ પ્રથમ કવિ "ગરવા ગુણમંડાર ગણેશ" ને પ્રણમે છે. પછીથી બ્રહ્માતનયા સરસ્વતીને પણ નમીને એની પાસે નિર્મલ બુદ્ધિ પ્રાર્થે છે. "હરિલીલામૃત"-માં મંગળાચરણમાં " તે ઇષ્ટદેવ મહારો પરબ્રહ્મ" કહેનાર પછીથી ગુરુનું સ્તવન કરે છે. ને સંતકૃપાથી "શીવદેવીસંવાદ" ગાવાની ઇચ્છા પ્રકટ કરે છે. શિવના વર્ણનમાં બ્રહ્મસ્વરૂપનું જ વર્ણન આવી જાય છે:

અવ્યકત સ્વરૂપને પ્રણમુ, જે નીરાકાર પરિપ્રહ્મ,
શબ્દાદિક વર્જિત સદા, જે રહિત આકાર ગુણકર્મ. ૪.
અનીરવચન આનંદ અજ, અક્ષર શિવસ્વરૂપ
ઉત્પત્તિ સ્થિતિ કારણે, આત્મ એક સ્વરૂપ. ૫.

આટલા મંગળાચરણ પછી કવિ સીધો વિષયપ્રવેશ કરે છે:

ગિરિ શિખર કૈલાશમાં બેઠા ઇશ ગુરુદેવ
દેવી પૂછે શિવ પ્રત્યે બ્રહ્મજ્ઞાન સ્વયમેવ. ૭.

ઉમાનો સૌ પ્રથમ પ્રશ્ન શબ્દની ઉત્પત્તિ વિશે છે. એમાંથી ચૌદ વિધા ઉપજી તેનો ભેદ પણ એમને જાણવો છે. વળી મંત્ર જંત્ર પૂજા તપ ધ્યાન ધર્મ એ બધાનું ઉચિતસ્થાન "માન" શું છે તે પણ એમને જાણવું છે:

આના ઉત્તરમાં શિવ કહે છે કે સૌ પ્રથમ ૐકાર હતો, એમાંથી વાણીની ઉત્પત્તિ થઇ ને ચૌદ વિધાઓ ઉદ્‌ભવી. આ વિધાથી જ ધર્મ કર્મ મંત્રયંત્ર પૂજા-જપ બધું થયું. આ બધી સ્થૂલ વાણીની જ પ્રવૃત્તિ છે. આ ચૌદ વિધાઓનું ગજું કેટલું ? એ તે કયાં સુધી પહોંચવાની હતી?

વિધા સકલ ત્યાં લગે જાણ , જહા લગે જ્ઞાન નોહે નિરવાણ,
બ્રહ્મજ્ઞાન તણે ગયો પાર, વિધા ત્યારે થઇ નિસ્તાર. ૧૪.

જ્ઞાનની એક એવી કક્ષા છે કે જ્યાં વાણી પહોંચતી નથી, જે "નિરવાણ" છે. એ જ્ઞાન તે જ બ્રહ્મજ્ઞાન. જે એનો પાર પામ્યો તેને પછી બીજી વિધાનો શો અર્થ ?શાંકરી વિધા તે જ સાચી વિધા, કારણ કે શાંકરી વિધા પતિવ્રતા નારીના જેવી છે:

મર્મ ન લહે કોયે તે તણો, પતિવ્રતાનો ધર્મ છે ઘણો
તે પતિતણી શેવા કરે, અન્ય કાઇ હૈયે નવ ધરે. ૧૭
તેમ શાંકરી વિધા હરિને ભજે, અન્ય ચૌદ વિધા દેવને જજે,
શાંકરી વિધા નિર્ગુણ નિ:કામ, સેવે સદા તે આતમરામ. ૧૮.

વેદ પુરાણની વાત તો પરોક્ષથી છે, એ બધાં જેનું પરોક્ષ વર્ણન કરે છે તેને શાંકરી વિધા પ્રત્યક્ષ કરાવે છે. બીજી વિધા તીર્થવ્રત કરાવે, પણ શાંકરી તો ઘટને ઉન્મની અવસ્થામાં સ્થે સ્થાપે, પછી

દેહમાં વિધા દેહમાં દેવ, દેહમાં તીર્થ છે સ્વયમેવ. ૨૦

આથી જે અધ્યાત્મ ઉપદેશ ગ્રહણ કરવાની ઇચ્છા રાખે તેણે શાંકરી વિધા પ્રાપ્ત કરવી. "જ્ઞાનગીતા" માં જે દૃષ્ટાન્તો બ્રહ્મની સર્વવ્યાપકતા સમજાવવાને આપ્યા હતા તે ફરી અહીં કવિ પ્રયોજે છે:

કાષ્ટ મધ્યે હુતાશન જેમ, દેહીમાં દેવ રચો છે તેમ,
જેમ તિલમાં તેલ પુષ્પમાં વાસ, તેમ આતમ ઘટઘટ એક પ્રકાશ. ૨૩
ઇક્ષુડ દુગ્ધમાં જેમ આજ્ય, તેમ બ્રહ્મ સર્વ અભ્યંતર બાહ્ય
ઉપાય કરતાં એ પેખીયે, તેમ આત્મા અનુભવે લેખીયે. ૨૪

આ આત્માતત્વ જાણવાને માટે ખેચરી મુદ્રાનો અનુભવ કરવો જોઇએ, તો મન શાંતિ પામે. પૂજા વિશે શિવ કહે છે:

આત્મ દેવની પૂજા આધ, કહે શિવ અવર સર્વ ઉપાધ ૩૦

ને વ્રતમાં શ્રેષ્ઠ નેકત બ્રહ્મચર્યનું. બ્રહ્મચર્ય કોને કહેવાય?

અહં મમત્વ રહિત મન ઠામ, બ્રહ્મચર્ય ત્યાં તેનું નામ. ૩૧

બ્રહ્મચર્ય એટલે બ્રહ્મમાં ચર્યા, કેવળ વીર્યરક્ષણ નહિ. ધ્યાનમાં પણ "જ્ઞાન ધ્યાન" શ્રેષ્ઠ ને તીર્થ તો બધાં દેહમાં જ છે:

દેવિ દેહિમાં તીરથ જેહ, નિશ્ચે કરી કહું તુજને તેહ,
ગંગા યમુના ને સરસ્વતી તેમાં કલ્લોલ કરે મહાજતી. ૩૪
તીર્થરાજ ત્રવેણી પ્રાગ, મોક્ષાર્થ કરે તા બ્રહ્મજાણ,
ત્રવેણી માહે કરે સ્નાન, ટલે પાપ ને લહે મુક્તિનિદાન. ૩૫

ઇડા પિંગલા ને સુષુમણાનો જ્યાં ત્રિવેણી સંગમ થાય તે પ્રયાગ, તે સાચો તીર્થરાજ, ત્યાં જે બ્રહ્મજાગ કરે તેને મુક્તિ મળે,

આ ગંગા, યમુના ને સરસ્વતી તે શું ને દેહમાં તીર્થો ક્યાં એ વિશે પાર્વતીને જિજ્ઞાસા થાય છે, ને શિવ આ વાત વીગતે સમજાવે છે. ઇડા તે ગંગા ને એ વામ નાસિકામાં થઇને વહે, પિંગલા તે યમુના ને એ જમણી નાસિકામાં થઇને વહે, એ બંનેની વચમાં શુધ્ધ સરસ્વતીરૂપ સુષુ મણા, આ ત્રણ જ્યાં મળે તે ગુપ્ત તીર્થ.

હવે ઉમા ખેચરીમુદ્રા વિશે વીગતે જાણવા ઇચ્છે છે. એ વીગતે સમજાવતાં શિવ કહે છે:

વિના વિલોકન મન સ્થિર હોય, મુદ્રા ખેચરી કહિયે સોય,
જ્યારે મન ખેચરીયે મલે ત્યારે સ્થૂલ સૂક્ષ્મ દેહતા ટલે. ૪૪

મન જ્યારે મનમાં જ સમાઇને રહે, ધાવન વર્ણગુણ કે સ્પર્શ જ્યારે રહે નહિ, વાયુ નિરોધ વિના સ્થિર થાય, મન ઉન્મન્ત દશામાં રહે, ચિત્તની ચંચળતા જાય ને દષ્ટિ સહેજે સ્થિર થાય, કાળ વ્યાપે નહીં ત્યારે ખેચરી મુદ્રા સિધ્ધ થઇ કહેવાય. એનો મહિમા વર્ણવતાં શિવ કહે છે:

એ મહામુદ્રા ધરે જે કોય તે તે હું ને હું તે સોય ૫૩

મહામુદ્રાની વાત કર્યા પછી ફરી એકવાર શાંકરી વિધાનાં લક્ષણ શિવ વર્ણવે છે. શાંકર વિધા જે પામે તે બાલકના જેવી સાહજિકતાથી વર્તે, તે નિર્દન્દ્વી બને, "મૃતકની પેરે" સ્થિર થઇને એ સુખદુઃખ લાભહાનિ સહી લે, એને સંકલ્પ વિકલ્પ કે હર્ષ શોક હોય નહિ, એ સ્વપ્ન રહિત "સુખસાર" નિદ્રા માણે, સર્વ ઉપાધિનો લૈય થતાં એ સ્વસ્વરૂપમાં જ રમમાણ રહે, આકાશમાર્ગે વિહરતા પંખીને જેમ દેશવિદેશ નથી તેમ શાંકરી વિધા સિધ્ધ કરનારને પણ એવી કશી મર્યાદા નથી. એ સ્તુતિનિંદા કે પક્ષપાત ન કરે, સર્વત્ર સાક્ષીવત્ વિચરે, એને આશ્રમ, દર્શન વર્ણ, વેશ કે લિંગ હોય નહિ, મહાદેવે પ્રાપ્ત કરેલી એ મહાવિધા અસંગ હોય:

શાંકરી વિધા સદા અસંગ, કૂર્મની પેરે ગોપવે અંગ,
ગુણ રહીત વિધા શાંકરી, એ મહાવિધા મહાદેવે ધરી. ૬૦

એ શાંકરી વિધા ભવસાગર તરવાની દઢ નાવ છે:

શાંકરી સમરસ શમતા સ્વભાવ, ભવસાગર તરવા દઢ નાવ,
એણે નાવે બેસે જે કોય, એ પરમપદ પામે સોય. ૬૪

હવે ઉમાને ધર્મકર્મનાં લક્ષણો જાણવાં છે. શિવ કહે છે કે ધર્મકર્મની જટાજાળ તો ભારે અટપટી છે. કોઇ ત્રિદંડી, કોઇ વેદવાદી, કોઇ શિખાબંધી તો કોઇ જટાધારી. કેટલાક ઘોર મંત્રને ઉપાસે, આમ ;

આપણા આપણા મત આચરે, અન્યોઅન્ય સંપ્રદા કરે. ૭૦

પછી "ષ ટ્દર્શનની અટપટ"કવિ સંક્ષેપમાં વર્ણવે છે:

શીવ સાંખ્ય મિમાંસા કહે જેહ, જૈન બોધ આચરવા અટ એહ,
સાંખ્ય પ્રકૃતિ પુરુષ ને કહે, બોધ શૂન્ય પ્રમાણી રહે. ૭૧
જૈન જીવની સ્થિતિ કરે, સર્વ નાસ્તિક ચારવાક ઉચરે,
શીવ સદા વેદાંત જ વદે, મીમાંસા નીહકર્મનુ હદે.

આ બધા તત્ત્વના મહાબોધ વિના અન્યોઅન્યનો વિરોધ કરે છે, પણ

બહુ વચને જે વલગી રહ્યો, દેવી તેનો સંશય નવ્ય ગયો. ૭૪.

જે જીવનમુકત છે તે ચેચરી મુદ્રાને અનુસરે છે, તે "મરણ પેલો જાયે મરી", આથી ઉમાને પ્રશ્ન થાય છે: જીવનમુકત કોને કહેવાય? એનાં લક્ષણ શાં? જીવનમુકતને વર્ણવતાં શિવ કહે છે કે જે એકચિત્ત હોય, જે કોઈપણ પક્ષને આશ્રયે રહેતો ન હોય, જેની મમત્વ ગ્રંથિ છેદાઈ ગઇ હોય ને વિષયવાસના તથા અવિદ્યા ટળી હોય, જે આકાશના જેવો અવિગ્રહી હોય, રાગદ્વેષ અને અભિમાનથી રહિત હોય, સકળ ભૂત વિશે સમાન દષ્ટિ રાખીને સાક્ષીવત્ રહેતો હોય, જેને કામ ક્રોધ મદ મત્સરલોહ નિંદા આશા હિંસા-કશું ન હોય, જે કદિ સંકલ્પવિકલ્પ હર્ષ શોક કે રાગકોપ પામે નહિ, જેને શત્રુમિત્ર કે લઘુદીર્ઘ સમાન હોય, જે સદા કપટ-રહિત ને નિર્મલ ચિત્તથી આત્મધ્યાનમાં મગ્ન હોય તે જીવનમુકત; એ મનવચન અને કર્મથી શુધ્ધ હોય, એને દ્વૈતભાવ નહિ હોય, એને દેહાદિક વિશે મોહ ન હોય એ "સહેજમાં રહે ને "સહેજે શુન્યમાંહે વિસ્તરે", એ અનહદ નાદમાં મનને સ્થિર રાખે, એ અજપા જાપ જપે, ચરાચરને ચૈતન્ય ભાવે જુએ. શિવ પોતે કહે છે:

જીવ-મુકત વલ્લભ મુજને. ૯૯

જીવ-મુકતના પૂજુ પાય. ૧૦૦.

પચ્ચીસ

હવે ઉમાને પંચ તત્ત્વનાં લક્ષણો જાણવાં છે. એ પચ્ચીસ લક્ષણો ગણાવીને શિવ કહે છે કે આ તત્ત્વો એકબીજામાં ઓતપ્રોત થઇને રહેલાં છે.

દેવિ અવ્યકતથી ઉત્પન્ન આકાશ આકાશથી વાયુ પ્રકાશ
વાયુ તેજ વેગે ઉપાય તોય તેજથી પ્રગટ થાય. ૧૧૬
તોય થકી પૃથવી થઇ પૃથ્વિ તા આધાર જ થઇ,
ભૂમિ તો યે તોય તેજમાં લીન, તેજ વાયુમાં થાયે ક્ષીન. ૧૧૭
વાયુ આકાશમાં સમાય, આકાશ તે અવ્યકતમાં જાય,
જેમ જેમ ઉપજે તેમ તેમ સમે, દેવી તત્ત્વ તત્ત્વ ચૂંરમે ૧૧૮

આમ તત્ત્વોના ઉત્પત્તિ અને લયની વાત કહીને શિવ કહે છે કે જે પંચભૂતથી પર છે તે સચ્ચિદાનંદ પૂર્ણ બ્રહ્મ છે ને તે "પરાત્પર પરામાત્મા રામ" ને હું પ્રણામ કરું છું. ગગન પવન તેજ પૃથ્વી તોય ચંદ્ર સૂર્ય અને દેવ - આટલાં આઠ

સૃષ્ટિનાં કારણ છે. શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગંધ ને મન સાથે સંબંધ છે, એમ મનમાંથી ઉપજે છે ને મનમાં શમે છે. મન પોતે "ઉરધ" માં શમે છે. આમ બ્રહ્માંડનું લક્ષણ વર્ણવ્યું. પિંડ બ્રહ્માંડને આકાર છે, ચૈતન્ય નિરાકાર છે. શિવ કહે છે:

નિરાકાર વિશે રત જેહ, કહે શિવ મારુ મન છે તેહ ૧૨૪

મારા મંનસું જો મન મલે, તો સંસાર - સંકટ બંધન ટલે. ૧૨૫

આ "સકલ શાસ્ત્રનું સિધ્ધાંત" છે માટે

કહે શિવ સોધિ લે તું તેહ જે જાણે સર્વ ટલે સંદેહ.

આ બંડમાં બ્રહ્માંડની ઉત્પત્તિ અને પંચીકરણની વાત કવિએ કરી છે. દરેક કવિની ગીતામાં આ અંશ ઓછા વધતા વિસ્તારથી આવે છે. વસ્તા જેવો કોઈક આ વાત આગવી ઢબે કરે છે, તો બાકીના બધા શાસ્ત્રનિષ્ઠ કે પરમ્પરાનિષ્ઠ બનીને કહે છે:

હવે ઉમા પ્રશ્ન પૂછે છે:

કહો શિવ તો કોણ આત્મા, કોણ પરમાત્મા રામ,

કોણ તે અંતર આત્મા, કૃપા કરયો મુઝ સ્વામી. ૧૨૯

ધ્યેય અને ધ્યાતાનો ભેદ પણ ઉમાને સમજવો છે. શિવ પ્રથમ "ધાતુનો મર્મ "પ્રથમ સમજાવે છે. શુક્ર, શોણિત, અસ્થિ, માંસ, મેદ, ત્વચા, રોમ, નાડી, મજ્જા અને રસ આ દસ ધાતુ છે. આ ધાતુઓમાંથી પિંડ ઉપજે છે ને આત્મા, મન તે અંતર આત્મા ને પરમાત્મા તે શૂન્ય. આ શૂન્યમાંથી મન પ્રકટ થાય છે માટે મન શૂન્ય સમાન છે. વળી

મનથી આત્મા ઉપજે દેહ, મનમાહિ લય પામે તેહ ૧૩૩

અહં આત્મા તે મિથ્યા છે, દેહ આત્મા છે ને આત્મ સમાન દેહ છે. પરમાત્મા તે "શૂન્ય અનહદ ધૂન્ય" છે.

હવે પાર્વતીને ગર્ભનાં ઉત્પત્તિ પ્રલય વિશે જિજ્ઞાસા થાય છે. શિવ કહે છે:

રકત ધાત તે માતાતણુ, શુક્ર ધાત તે પિતાતણુ. ૧૩૭

શુન્ય ધાત પ્રભાવે કરી, ગર્ભાધાન દેવિ દેહ ધરી

રકત ક્ષેત તણો જે દેહ, શૂન્ય ધાત તો ચૈતન્ય એહ, ૧૩૮

આ રકત રેત તો અસ્થિર છે, ચૈતન્ય જ "અવિનાશી હંસ" છે. પાર્વતી પૂછે છે: શૂન્ય ધાતને બ્રહ્મંડ કહો છે તો પછી પિંડ ભાંગે છે એમ વેદ શા માટે કહે છે? એના જવાબમાં શિવ કહે છે કે જે ગર્ભધ્યાનને જાણે તેને મૃત્યુ ન હોય. આ 'ગર્ભધાન' શું? શિવ કહે છે:

સ્વપ્ન રહીત નીદ્રા સુખસાર, ગર્ભધ્યાન એણે આકાર. ૧૪૪

"જેનું મન" ચિંતામણિ" હોય તે ગર્ભધ્યાન કરે. જે મનને વશ રાખે તે ગર્ભધ્યાનની ગતિને પામે, તેને પછી કશી અવસ્થા ન રહે. મન અને વાણીની ઉત્પત્તિને જાણી લીધા પછી મન સ્થિર થાય. અહીં ફરી એકવાર મનની સ્થિરતાની અનિવાર્યતા પર ભાર મૂકતાં કવિ કહે છે:

મન થીર વિના સાધન કરે, જેમ કાચે કુંભે નીર જ ભરે. ૧૫૦

પ્રસ્તુત અપ્રસ્તુતને "જેમ" થી સાંધીને કહેવાની આ રીત અખાએ પણ અપનાવેલી છે.

મહાધ્યાનની સાદામાં સાદી વ્યાખ્યા જ આ છે:

મન થીર રાખે તે મહાધ્યાન, અન્ય સાધન નહી એને સમાન. ૧૫૧

વાણી અને મનનાં ઉત્પત્તિ અને લય જાણનાર મનને સ્થિર કરી શકે એમ કહયું તો

વાણી મન ક્યા ઉપજે તે કહો મહાદેવ
વાણી મન ક્યાં કેમ શમે તે કારણ કહો સ્વયમેવ. ૧૫૨

શિવ વાણી અને મનની ઉત્પત્તિ આમ વર્ણવે છે. સૌ પ્રથમ તો જ અવ્યક્ત નિરાલંબ શૂન્ય સદાસદોદિત આનંદરૂપ બ્રહ્મ છે. એ અનિર્વચનીય અને "નિરવાણ" છે. એ અવ્યકતમાંથી પ્રાણ ઉત્પન્ન થયા, પ્રાણમાંથી મન પ્રકટયું, ને એમાંથી વાણી. એનો લય પણ એનાથી ઊલટા કમે થાય: વાણી મનમાં સમાય, મન પ્રાણમાં લય પામે, પ્રાણ અવ્યકતમાં (બ્રહ્મ) લીન થાય. આમ

આધ અંત મધ્ય અવ્યકત એહ, જેમ ભુષણ ભાંડા મુદ્રા કનક અનેક. ૧૫૬

આ અનુભવમાં જો મન સ્થિર થાય તો આત્મલાભ થાય:

જારે રવિ શશી ધેરય જાય, પવન ગગન ત્યારે સમાય,
મન ઉનમુનીતણુ ઘર જોય, આત્મદર્શન ત્યારે હોય. ૧૫૮

તીર્થ ફરો, શાસ્ત્ર કે વેદ ભણો, વિધાર્જન કરો, તો ય મનથી ખેદ છૂટશેનહિ. ૧૫

આત્મલાભે મન થીર થાય, દેવી અન્ય નથી ઉપાય. ૧૬૦

છેલ્લે રવિ શશીના ઘરની વાત આવી, તે ક્યાં હોય? વાયુ ક્યાં વહે? આકાશનું સ્થાનક ક્યાં? આનો જવાબ શિવ હઠયોગની પરિભાષામાં આપે છે. તાલુમૂળમાં શશી રહે છે ને ત્યાંથી અમૃતધારા સ્રવે છે, નાભિમૂળમાં દિવાકર વસે છે. શશી સકલ ભૂતને પોષે છે, સૂર્ય એની દ્વાદશ કલાથી સકલ ભૂતને શોષે છે. વાયુ ને આકાશનાં સ્થાનક વિશે શિવ કહે છે:

શશિ અંગે દેવી નભ સદા, સૂર્ય અંગે વાયુ તદા,
ચિત્ત અંગે દેવી વર્તે વાય, નભ અંગે મારુત સમાય. ૧૬૬

જે "ગુરુવાચક" થી જ જાણી શકાય તેવું "મહાગોપ્ય" શિવે અહીં ઉમાને કહ્યું. હવે ઉમાને બીજા પ્રશ્નો થાય છે: શક્તિ ક્યાં વસે? જીવ ક્યાં રહે? જરા કોને વ્યાપે? શિવ જવાબમાં કહે છે: શક્તિ પાતાલમાં વસે છે. શિવ બ્રહ્માંડમાં રહે છે. એને જરા વ્યાપે નહિ. શિવ ને શક્તિ વચ્ચેનું અંતર તે કાલ. સ્થાવર જંગમ રૂપ નામ આ બધાં કાલમાં વિશ્રામ પામે. કાલના બે પ્રકાર: સ્થૂલ ને સૂક્ષ્મ, ગગન પવન તથેય તેજ ને મહી તે સ્થૂલ કાલ, શબ્દ સ્પર્શ રૂપ રસ ને ગંધ તે સૂક્ષ્મ કાલ. કાલનો કાલ તે મહાકાલ.

કાલ તણો મહાકાલ ત્યાં તેહ, શિવ નીરંજન ભણીયે તેહ, ૧૭૮

બ્રહ્માંડ ને પાતાળ વચ્ચેના પાંચે સ્થાનકમાં સૂક્ષ્મ કાલ રહે.

પૃથ્વીમાં ભલી રહે તોય, રહે આકાશ પવન કંઠ હોય. ૧૮૩
તેજ નેત્રમાં નીરખે સહી, સૂક્ષ્મ કાલ ભૂત ગત કહી,
શબ્દ સ્પર્શ રૂપ રસ ને ગંધ, સૂક્ષ્મ કાલ કલપના બંધ. ૧૮૪
સૂક્ષ્મ કાલ વર્તે મન પ્રાણ, મહાકાલ શબ્દ નીરવાણ,
નીરાલંબ શૂન્ય અદ્વૈત, તેની કોય ન જાણે રીત. ૧૮૫

આ સિવાયના કાલચતુષ્ટયની પણ શિવ વાત કરે છે. એ ચાર કાળ તે નિત્ય, નિમિત્ત, પ્રાકૃત ને અત્યંત, નિત્યકાલ તે મન, નિમિત્તકાલ તે ભૂતાદિક

પ્રાકૃતિકકાલ તે પ્રાણ ને અત્યંતકાલ તે મહાશૂન્ય. શિવ અને શક્તિ એક ન હોય ત્યાં સુધી કાલ વ્યાપે. જન્મમરણ ક્ષણેક્ષણે રહે, પણ

ભક્તિ જોગ અનુભવે કરી શક્તિ શીવ ધેર જેણે ધરી,
કહે શિવ તેને મૃત્યુ ન હોઇ, સદા કહે શિવ તે સોય. ૧૯૩

હવે ઉમા પૂછે છે:

નામ કહાં શિવ શક્તિનૂ, કહો તત્વજ્ઞાન ગુરુદેવ. ૧૯૪

એના જવાબમાં શિવ કહે છે કે ચિત્ત ચંચળતા પામે તેનું નામ શક્તિ, જ્યારે મન નિરાલંબ થાય ત્યારે તે "સ્વસ્વરૂપ" કહેવાય. સ્થિર ચિત્ત એટલે જ પૂર્ણબ્રહ્મ. તો ત્રણ શક્તિ તે શું? ષટ્ચક્ર તે શું? સપ્ત પાતાલ ક્યાં? એકવીસ બ્રહ્માંડ ક્યાં? શિવ કહે છે કે આ બધું જ દેહમાં છે. હઠયોગાનુસાર એની સમજુતી આમ આપે છે: શક્તિ તો એક જ છે, પણ તે ત્રણ ઠામે કર્મ કરતી હોવાથી ત્રણ કહેવાય છે. ઉપસ્થાનકે વ્યાપી રહેલી મધ્યશક્તિ તે બ્રહ્માની, તે સૃષ્ટિનો વ્યાપાર કરે, તે ક્રિયાશક્તિ પણ કહેવાય છે. રજવીર્યના અધિપતિ બ્રહ્મા ને સાવિત્રી છે. અધોશક્તિ તે રુદ્રની જાણવી, એ મૂલ બ્દારમાં વસે. એને જ્ઞાનશક્તિ પણ કહે. સકલ ભૂતનું પોષણ કરનાર દ્રવ્ય શક્તિ તે વિષ્ણુની, એ નાભિમાં રહે. આમ શિવ પણ એક જ છે, માત્ર એનાં નામ ત્રણ છે. હવે ચક્રભેદની વાત. રસાતલ ઉપર રહેલું ચક્ર તે મૂલાધાર, એના અધિષ્ઠાતા દેવ ગણેશ, એ ચતુર્દલ હોય, સ્વાધિષ્ઠાન ચક્રનાં અધિષ્ઠાતા બ્રહ્મા સાવિત્રી, એ ષટ્દલ હોય, મણિપુર ચક્ર તે દશદલનું, કમલા કંથ તે એના અધિષ્ઠાતા, અનાહત ચક્રને બ્દાદશ દલ હોય, એનાં અધિષ્ઠાતા રુદ્રરુદ્રાણી, વિશુધ્ધ ચક્ર તે સોળ પાંખડીનું હોય, ત્યાં જીવાત્માનો પ્રકાશ હોય, છેલ્લે "આજ્ઞાચક્ર" (આજ્ઞાચક્ર અથવા સહસ્ત્રાર) વિધાશક્તિ પરમાત્મા એના અધિષ્ઠાતા, ત્યાં ત્રિવેણી વહે. શિવ કહે છે:

ગગન ચક્ર બહુદલ જહાં શ્રીગુરુદેવ સદા રહે તીહાં
સહસ્ત્ર જાપ તણો સંકલ્પ તેહને, વિજ્ઞાનશક્તિ સંગ જેહને. ૨૧૯

સપ્ત પાતાળ કટીની નીચે રહ્યા છે. પછી ગીતાના અશ્વત્થ વૃક્ષની યાદ અપાવે એવી રીતે વર્ણન આપે છે:

ઉર્ધ્વ મૂલ ને ચર્યો છે ડાલ, વૃક્ષાકાર દેવી તે નિહાલ,
દેહ જાણે દેવી સંશે ટલે, પુરણ બ્રહ્મ તે તતક્ષણ મલે. ૨૨૫

જે દેહને આ સ્વરૂપે જાણે તેને તત્ક્ષણ જ પૂર્ણ બ્રહ્મ મળે. પણ હજુ દેહને વિશે થોડું જાણવાનું બાકી રહ્યું. એનાં દશ વ્દાર તે કયાં? શિવ કહે છે કે વ્દાર દશ નથી, પણ બાર છે. એ પૈકીના નવ તો શરીરમાં પ્રકટ દેખાય જ છે- સાત ઉપર ને બે નીચે. એ ઉપરાંતના બીજાં ત્રણ વિશે શિવ કહે છે:

દશમુ વ્દાર તે ઉત્પતનું, એકાક્ષ નાભિ તે ભણુ ૨૪૩
વ્દાદશમું અમૃત તે મન ગુપ્ત થકું વર્તે ગગન. ૨૪૪

ગુરુની પાસેથી જે ભેદ પામ્યો હોય તે શૂન્ય વ્દાર વિશે રહે, આ રીતે દશ વાયુની પણ શિવ વાત કરે છે. એ પૈકીના પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન તો જાણીતા છે. પ્રાણ હૃદયમાં રહે, અપાન "મૂલ વ્દાર"- માં રહે, સમાન નાભિમાં રહે, ઉદાન કંઠમાં રહે ને વ્યાન આખાયે શરીરમાં રહે. આ રીતે ઘ્રાણેન્દ્રિય સ્પર્શેન્દ્રિય વગેરે પાંચ ઇન્દ્રિય સાથે સંબંધ ધરાવનારા બીજા ક નાગ, કૂર્મ, દેવદત્ત ધનંજયાદિ પાંચ વાયુની પણ અહીં વાત છે. હવે નાડીનાં રૂપ, નામ અને સ્થાનક વિશે જાણવાની ઉમાને ઇચ્છા થાય છે. શિવ કહે છે કે નાડીઓ અનેક છે, પણ એમાં દશ મુખ્ય છે. એ પૈકીની ત્રણ તે ઇડા, પિંગલા ને સુષુ મણા. એ ઉર્ધ્વમાર્ગે ચાલે, એનાં જ ગંગા જમુના ને સરસ્વતી એવાં નામો છે, ને એનું સ્થાન તે ત્રિકૂટ. એમાંની પહેલી બે પ્રગટ ને છેલ્લી ગુપ્ત. ઇડા-પિંગલા તપલોક પર્યંત પહોંચે, સુષુ મણા સત્યલોક સુધી. બીજી ત્રણ તે ગાંધારી, જિહ્વા ને હસ્તિની. ગાંધારી ને જિહ્વા સપ્ત પાતાલ તરફ પ્રયાણ કરે, હસ્તિની "મીઢલ મધ્યે રહે". આ ઉપરાંત "અલંબત", કુંચના" ને "શંખણી" નામની નાડીઓ પણ છે, એનો વ્યાપાર વામાંગમાં છે. સૂક્ષ્મ નાડીઓ તો "બહોતેર સહસ્ત્ર" છે. હવે બ્રહ્મા રુદ્ર અને વિષ્ણુ દેહમાં કેવી રીતે પ્રતિષ્ઠિત થયા છે તેઉમાને જાણવું છે. "જ્ઞાનગીતા" ની શરૂઆતમાં કહ્યું છે તે જ કવિ અહીં ફરીથી કહે છે. રજો ગુણ તે બ્રહ્મા, સત્ત્વગુણ તે વિષ્ણુ અને તમો ગુણ તે રુદ્ર. બ્રહ્માનો ભોગભાગ, વિષ્ણુનો દયાભાગ, ને રુદ્રનો ક્રોધ ભાગ. આ ત્રણ તો ત્રણ ગુણ રહે ત્યાં સુધી રહે, આત્મજ્ઞાન પ્રગટ થાય ત્યારે તો ચરાચરમાં વિષ્ણુ જ દેખાય. આથી કવિ કહે છે:

બ્રહ્મ ૩૬ વિષ્ણુ ત્યાં જેહ, એક મૂર્તિ ભણીયે તેહ,
નાના ભાવ હોય જેહને, દેવી મોક્ષ નોય તેહને. ૨૬૬
નીરગુણ બ્રહ્મ ચિદાનંદ હરિ તે સૃષ્ટિ કરે રજોગુણ ધરી,
સત્વ કરી હરિ સર્વ પોષતા, તામસ ધરિ હરિ સર્વ શોષતા. ૨૬૭

પણ "જ્ઞાનગીતા"માં કહ્યું છે તેમ કવિ અહી પણ કહે છે:

વિશ્વચરાચર વ્યાપક તેહ ત્રિગુણાત્મક હરિ કહિયે જેહ
સગુણ નિર્ગુણ એક તું જાણ, દેવી પ્રાણ સદા પ્રમાણ. ૨૬૮

જેના મનમાં "દ્વિતીયા ભાવ" હોય તે પરમપદ ન પામે. જેને સર્વસમાન તે જ તત્ત્વવેતા. એ નિર્ધન, મૂર્ખ, દ્વિજ, પંડિત, શ્વપચને પણ ભિન્નભાવે જોતો નથી. દયા એ ધર્મનું મૂલ છે. કોઈની હિંસા કરવી નહિ. દયા પાપના રાશિને બાળી નાંખે છે.

હવે પાર્વતીને જીવનો પરિવાર જાણવાનું મન છે. એનો ગૃહસ્થાશ્રમ કેવો હોય ? એનાં માત, તાત, ભગિની, ભ્રાતા, સુત, સ્ત્રી કેવાં હોય ? એના જવાબમાં મહાદેવ કહે છે કે, જીવને જ શિવ જાણો. જીવ અને શિવ એક જ છે. એના પિતા તે જ્ઞાન, દયા એની માતા, મન સંયમ કરવો તે ભ્રાતા, ક્ષમા તે એની ભગિની, સત્ય તે પુત્ર, શુભ મતિ તે એની ભાર્યા - આવો જીવનો પરિવાર હોય. જેને પંચેંદ્રિય વશ હોય તે શિવસ્વરૂપ જ કહેવાય. જીવ શિવથી જ ઉપજે છે ને શિવમાં જ રમે છે.

ઉમા હવે મહત્ત્વનો પ્રશ્ન પૂછે છે: શિવસ્વરૂપની પ્રાપ્તિ શી રીતે થાય? શિવ કહે છે કે કર્મકાંડ કે વિધિનિષેધની જટાજાળને વેદ માનનારો સાચો નથી:

બ્રહ્મવિદ્યા ધરે જે કોય, વિપ્ર પંડિત વેદવાદી હ સોય,
બ્રહ્મવિદ્યા ધરિ ત્યારે જાણ, જ્યારે હોય અવિદ્યાહાણ. ૩૦૩

સમદર્શી ને જીતેન્દ્રિય જ બ્રહ્મવિદ્યાનું ભાજન બનવાનો અધિકારી ગણાય. સહસ્ત્ર પુરાણ તે ક્ષીરસાગર જેવાં છે, તત્ત્વસાર તે તો જોગીંદ્રને જ મળે, વિપ્રના હાથમાં તો માત્ર બાકી રહેલી તક્ર જ આવે. કર્મકાંડવાળાઓ જેને સંધ્યા કહે છે તે સાચી સંધ્યા નથી. તો સાચી સંધ્યા કોને કહેવાય?

ચૌદ વિધા સંધ્યા કહી જેહ, દેવી મન સંધ્યા નહી તેહ,
સંધ્યા તે જે જાપ ન હોય, મન લય પામે સંધ્યા સોય. ૩૦૭
સંધ્યા જેનિ નહિ આધ, સંધ્યા તે જે નહિ ઉપાધ્ય,
સહજ શૂન્ય અનહદ ધૂન્ય તે સંધ્યા જાણે મહામુન્ય. ૩૦૮

મૈત્રેયી ઉપનિષદની જેમ અહીં સંધ્યાની વિભાવનાને નરહરિ સંસ્કારે છે. કર્મ અને કાળની પણ જ્યાં ગતિ નથી એવી આ તો વિષમ સંધ્યા છે. શિવ ઉમાને કહે છે કે દર્શન કરવું હોય તો પરાત્પર અક્ષરનું દર્શન કરો, એનું સ્વરૂપ સોહામણું છે. એની મહાકાંતિને જે તે જીરવી નહિ શકે. એને દિવસરાત નહિ હોય, ત્યાં સૂર્યચન્દ્ર પણ લય પામી જાય. વળી

જ્યાં પ્રકૃતિ પુરુષ નાદબિંદુ સમાય, વિષમ સંધ્યા શંકરી ગાય,
સ્થૂલ સૂક્ષ્મ વરણણ વહી, તેમાં રે લક્ષ સદાયે સહી. ૩૧૭

જેનું મન શૂન્ય હોય તે વિષમ સંધ્યાનો ભેદ લહી શકે. ગૂંગો જેમ સાકરનો સ્વાદ કહી ન શકે તેમ એનો ભેદ લહ્યો જાય પણ કહ્યો ન જાય. "કથણીબકણી" તો સહુ કોઇ કરે, પણ "વસ્તુભોગ" જેને હશે તેનું મન તો મૃતકવત્ હશે.

આવી જ રીતે ધ્યાનની વિભાવવાને પણ સંસ્કારીને કવિ નવે રૂપે રજૂ કરે છે:

અન્ય ધ્યાન તે ધ્યાન નવ્ય હોય, શૂન્યગત મન ધ્યાન તે સોય, ૩૨૫
જે શૂન્યમાં લય પામીરહે, જીવન્મુકત સદા શિવ કહે.
ભાવ રહીત સકલ વાસનાં, જીવન્મુકતને શૂન્ય ઉપાસના. ૩૨૬

આ જ રીતે હોમનો પણ નવો અર્થ કવિ આપે છે:

સમીધ્ય હોમ તે હોમ નહીં, તેમાં નિરંતર હિંસા સહિ. ૩૨૭
બ્રહ્મ અગ્નિમાં જીવ હોમે જેહ, ત્રૈષ્ટ હોમ શંકર કહે તેહ.
નીરધૂમ અગ્નિશૂન્ય વિષે જોય, શિવ ભણે બ્રહ્મ અગ્નિસોય. ૩૨૯
અહં ટાલી મન શૂન્ય સમાય, મહાહોમ મહાદેવ તે ગાય. ૩૩૦

સાચો ધર્મ કોને કહેવાય ?

યજ્ઞાદિક ધર્મ ભણીજે જેહ, ધર્મ ન હોય દેવી કર્મ જ તેહ. ૩૩૧

અધ્યાત્મ ભાષણ તાં ધર્મ, કહે શિવ અન્ય સકલ તે કર્મ.

અન્ય ધર્મ તે હિંસા જાણ, ઇચ્છે લાભને હોયે હાંણ. ૩૩૨

શોભા અર્થ કરે બહુ કર્મ તે અધ્યાત્મનો ન લહે મર્મ,

જીતેંદ્રી સમદર્શિ જે જન અધ્યાત્મના એવા ચેન. ૩૩૩

મનસા વાચા કર્મણા જે કેવળ હરિને જ સેવે, જેને મન ભક્તિ અને મુક્તિ વચ્ચે અભેદ હોય તે જ ખરો અધ્યાત્મવિધા જાણે છે એમ કહેવાય.

શ્રેષ્ઠાચારી ને કુલવાન કોને કહેવો?

સર્વથી નિર્મલ કુલ તેહ, બ્રહ્મજ્ઞાન સદા ધરે જેહ ૩૩૯

હવે ઉમા સીધો પ્રશ્ન પૂછે છે કે આ બ્રહ્મજ્ઞાન કોને કહેવાય? આના જવાબમાં શિવ કહે છે: જ્યાં જ્યાં મન જાય ત્યાં શિવભાવ થતો હોય, હૃદયમાં સદા "વસ્તુર્વિચાર" થતો હોય ત્યારે બ્રહ્મજ્ઞાન થયું કહેવાય, વળી

જે બ્રહ્મજ્ઞાન સદા અભ્યસે તેને હરદે રાગદ્વેષ ન વસે.

ત્રિદંડ તથા ચંડાલ જે હોય, બ્રહ્મજ્ઞાની કહીયે તે સોય. ૩૪૯

વ્યોમમાર્ગે પંખી જાય તેનો માર્ગ નવ્ય લોપાય

બાલ સુભાવે પ્રીછે જેહ, બ્રહ્મજ્ઞાન ગુઢ જાણે તેહ. ૩૫૦

જેમ બાલકને પયપાન સું કામ, તે અન્ય વસ્તુનું ન લહે નામ,

તેમ બ્રહ્મવિધાને બ્રહ્મ સુ કામ, સકલ ભૂત વિષે દૃષ્ટિ સમાન. ૩૫૨

આવો તત્વદર્શી અર્ધો શ્લોક બોલે તો ય બસ છે. એ ક્ષણ અર્ધક્ષણ સમાધિ ધરે તો ય ઉન્મની દશાને પામે. જેનું મન ચિંતારહિત હોય તે શિવસ્વરૂપ બની જાય, તે જ મહા આનંદ પામે.

આ બ્રહ્મજ્ઞાન ગુરુની પાસેથી પ્રાપ્ત થાય માટે કવિ ગુરુનો મહિમા પણ અહીં ગાઇ લે છે:

માત તાત શત્રુ મીત્ર જેહ, વિધા વેદ તપતીર્થ તેહ,

શ્રી ગુરુતુલ્ય ન આવે કોય, જેને દર્શને પર્મપદ હોય. ૩૬૬

સકલ રણ ગુરુ છોડાવે સહી, ગુરુરણ છૂટવા ઉપાયે નહી,

શ્રી ગુર ના શીષ્ય કરુ વખાંણ જે સદા પમાડે પદ નિરવાણ. ૩૬૮

આ બ્રહ્મજ્ઞાન કોને ન કહેવું? સાધુ ભકત સેવક હરિદાસથી જેનો આચાર જુદો હોય, જેને ઘણા પ્રકારની ઇચ્છા હોય, જે અલ્પબુધ્ધિ હોઇને મિથ્યા આલાપ કરતો હોય, જે દીન હોય ને જે સ્ત્રી સંગી હોય - આ છને ત્યજવાં, કારણ કે "અગ્નિમધ્યે ઘૃત નવ ઠરે," બ્રહ્મજ્ઞાની બધાં પાપને પણ ક્ષણવારમાં બાળી શકે:

જેમ કાષ્ટ ભાર અસંખ્યા હોય, તે ક્ષણમાહે પાવક દહે સોય,
તેમ બ્રહ્મજ્ઞાની શુભાશુભ દહે દેવી પ્રત્યે શંકર કહે, ૩૭૬
અજ્ઞાને અઘ કીધાં જેહ, જ્ઞાનભાવે બાલે સર્વ તેહ
જ્ઞાનભાવે પાતક જે કરે તે તો દેવી નવ્ય નવ્ય ઉતરે. ૩૭૭

આટલું કહીને વળી એકવાર કવિ જીવનમુકતનું વર્ણન કરે છે. આગળના વર્ણનની પુનરુકિતને કવિ ટાળી શકતા નથી. જેણે બ્રહ્મજ્ઞાનનું અમૃત પીધું તેનું મન અરા ઉલ્લાસને પામ્યું. ચિત્ત લયલીન થાય ત્યારે એ સકલમાં બ્રહ્મને જુએ. ચિત્ત ચંચળ ન રહેવું જોઇએ કારણ કે

ચિત્ત ચપલ તો વનમાં લોક, ચિત્ત ચપલ ત્યારે બહુ શોક,
ચિત્ત સ્થિર તો ગ્રહમાં વન, ચિત્ત સ્થિર તો સદા સ્વપ્ન. ૩૯૮

ચરાચરમાં બ્રહ્મનું દર્શન કરવું એનું નામ જ સહજ સમાધિ. સંતનું સુખ સંત જ લહે, બીજા કોઇ એને શી રીતે જાણે? બ્રહ્માઇન્દ્રાદિક પણ એ સુખનો ભેદ જાણતા નથી, ચકવર્તી રાજાને તો એનો સ્વપ્ને ય ખ્યાલ ન આવે. બ્રહ્મજોગી વિના "તુરીયાપદ" ને કોઇ ન પામે, "નીરવાણ પદ" ને કોઇ નહિ લહે.

ઉમા પૂછે છે: નિર્વાણપદને પામવાને માટેનો આ બ્રહ્મજોગ કેવો હોય? શિવ કહે છે કે બ્રહ્મજોગની સાધના કરનાર અભિમાન ને રાગદ્વેષ થી રહિત હોય, એ અખંડ વસ્તુનું ધ્યાન ધરે, એ

અધ ઉર્ધ્વ મધ્યે હરિ લહે, બ્રહ્મજોગી શિવ તેને કહે. ૪૧૩
નાદ બિંદનો ન કરે સમાસ, વિષમ સંધ્યામાં કરિ લે વાસ
મેલ રહિત આસન સ્થિર કરે, શૂન્ય લક્ષ નિરંતર ધરે. ૪૧૪

આટલું કહીને કવિ મૌન, દમ, શમ, જ્ઞાન, ધ્યાન, પ્રેમ, જાપ, દેવ, પૂજા, વૈરાગ્ય વગેરે સૂત્રાત્મક રીતે સમજાવે છે.

તપક્ષમા મન ગ્રહે સહી, મુની તે જે અન્ય ભાષણ નહી,
દમ તે જે દમવું મન, દીન તે જે દૃષ્ટી સમાન, ૪૧૭
શમ તે જે વિષ મતાં ટલિ, વિષ્ણુ બ્રહ્મવિદ્યામાહે ભલી
એમ જેને મન ઈંદ્રી ઠામે, પ્રેમ તે જે લેવું હરિનામ ૪૧૮
જ્ઞાંન તે જે મન મોહ ખોય ધ્યાન તે જે એક આત્મા જોય,
જાપ તે જે અજપા જાપ, દેવ તે જે નિરંજન વ્યાપ. ૪૧૯
વૈરાગ્ય તે જે દેહ નવ્ય હુ રે, સંત તે જે જીવતા મરે,
પૂજા તે જેને મન વિશ્વાસ, ભકત તે જે દાસનો દાસ. ૪૨૦

આ જ રીતે ભગવાં વસ્ત્ર, જટા, ભસ્મ, દંડ, ઝોળી, તુંબીપાત્ર, કમંડલુ, પુસ્તક, કંથા, કોપીન, મુદ્રા, વજ્રકાચટો - આ સંન્યાસીનાં બાહ્ય ચિહ્નોની પણ નવી સૂત્રાત્મક સમજ કવિ આપે છે:

ભગવા તે જે નવધા ભકિત કરે, જટા તે જે જુગતમાં રહે,
ભસ્મ તે જે શુભ મન ધરે, દંડી તે જે દંભ પરહરે. ૪૨૩
ઝોલિ તે જે પ્રેમ હરીજ્ઞાંન, તુંબીપાત્ર સંતોષ સ્વસ્થાન,
આહાર લક્ષાનુભવ સદ્ ચિત, જીવ-મુકતની એ વીરિત. ૪૨૪
કમંડલુ તે જે બ્રહ્મરસપાન, વેલા ચતુર જ્ઞાનવિદ્વાન,
પુસ્તક તે જે સત્ય ભાષણ સહી, શૃંગી ધૂન અનાહદ કરી ૪૨૫
કંથા તે જે શુધ્ધ વૈરાગ, કોપીન તે જે સંગનો ત્યાગ,
વિવેક વિચાર કાંને મુદ્રા ધરે, મુકત સંગ એકાકી ફરે. ૪૨૬
વજ્રકાચ તે સ્થિર મન જાણ, રોધે નિત્ય વાસના પ્રમાણ ૪૨૭

આવો બ્રહ્મજોગી સહેજે શૂન્યમાં સમાય, અગમ અગોચરની ફેરી ફરે અને ભ્રમરગુફામાં જૈને ઠરે. ઉન્મની દશા તે એની મઠી, ત્યાં બધા સિધ્ધો વિશ્રામ પામે. જે આવો બ્રહ્મજોગ ધરે તે નિર્વાણ પદને પામે.

આ પછી શિવ જાગ્રત, સ્વપ્ન, નિદ્રા ને તુરીયાવસ્થા સમજાવે છે. ઉમા છેલ્લે શિવને કહે છે કે આ રહસ્ય તો તમે સમસ્યા રૂપે કહ્યું, પણ "સમજાયે હું પ્રછતી નથી", માટે એ "પ્રગટ કરી કહો" શિવ આ વાતને પ્રગટ રૂપે આ રીતે કહે છે:

ચરાચર વ્યાપક જે રહ્યો ચૈતન્ય બ્રહ્મ સોહં હંસ કહે। ૪૪૬
પ્રત્યક્ષ પરમો દેવી તેહ, પિંડ બ્રહ્માંડ ધરિયો જેહ,
રૂપ રંગ તે નહિ આકાર ચૈતન્ય બ્રહ્મ તે સોહંકાર. ૪૪૭
સોહં હંસ જહાં ગત હોય સ્વસ્થ થૈને તુ તે જોય,
સેહેજ શૂન્યમાં મીટ જ ધરો, મેષ નમેષ દેવી પરહશે. ૪૪૮
નિર્મલ બુધે દેવી સ્થીર જોય, બ્રહ્મદરશન તારે હોય
પુરણ પ્રકાશ અખંડ અતિઘણો, મહાવેગ દેવી તે તણો. ૪૫૦

એ પરમધામ કેવું છે?

વ્યોમાતીત ને વ્યોમ ભરપુર તીહાં ન ઉગે ચંદ ને સુર,
તુરીયાતીત અખંડ અવિનાશ પર્મધામ સદા પ્રકાશ. ૪૫૩

એ તો પાળ વિનાનું સરોવર છે. આ શૂન્યમાર્ગે જે જોગી ગયો તે અનંત કમળના પર મધુકર થઇને સ્થિર થઇ ગયો, માટે

સૈજ શૂન્યમાં કરિ લે વાસ, પરીબ્રહ્મ ત્યાં સદા પ્રકાશ,
પ્રેમ પ્રકાશ અમૃત કરો પાન એવું બોલા શ્રી ભગવાન. ૪૫૬

એ નિરંજન ભૂપ બાહ્યાભ્યંતરમાં રહ્યો છે. વિશ્વચરાચર એનામાં રહ્યું છે. એ જ લીલાએ બધાં રૂપ ધરે છે. આ બ્રહ્મજ્ઞાન ને મન કર્મ અને વચનથી શુધ્ધ થઇને જે હૃદયમાં સ્થાપે તે "અભેસ્થાનક" ને પામે, તે જીવ મટીને શિવ થાય, એને પરમપદ પ્રાપ્ત થાય, આવા-ગમનમા ફેરા એને માટે રહે નહિ, એ જીવનમુકત બને. એવાના દર્શનથી પાપનો રાશિ બળી જાય. એનાથી સકળ અર્થની પ્રાપ્તિ થાય, ત્રણે તાપ શમી જાય.

જેણે જાણ બ્રહ્મજ્ઞાન દેવી તે નિશ્ચે ભગવાન. ૪૭૦

એણે સકલ શાસ્ત્રનો મર્મ જાણી લીધો. દ્રવ્યાર્થીને કામાર્થી તેા આળોચિયામાં પડ્યા રહે પણ બ્રહ્મજ્ઞાન તો અર્ણવ છે. કર્મમાં ખૂંચી રહેનાર મોક્ષમાર્ગને જોઇ શકતો નથી, એને જન્મમરણના ફેરા ફરવા પડે છે.

કુ નાના ભાવ જેને મન હોય મુક્તિપદ ન પામે સોય
કર્મશાસ્ત્ર વિષે જે રમે તેનુ મન કશેયે નવ શમે. ૪૭૭
કર્મ છૂટા વિના બ્રહ્મ નવ્ય મલે ત્યાં લગે મનની ભ્રાંતિ નવ્ય ટલે,
કર્મ છૂટયાં ત્યારે જાણિયે જ્યારે મન લયમાં આણિયે. ૪૭૮

બ્રહ્મજ્ઞાનરસ ઠરે પછી એને કોઇનોય "આશ્રેપક્ષ" ગ્રહવાનો રહે નહિ, પછી એ નિરંતર "ઉદાસ" રહે.

ભક્તિ જ્ઞાન વૈરાગ્ય જે ધરે મુક્તિ સર્વ તેનિ સેવા કરે. ૪૪૧

આ આત્મવિદ્યા કલ્પવૃક્ષ ને કામધેનુના જેવી છે. અંતમાં નરહરિ નમ્રતાપૂર્વકકહે છે:

પંડિત કોય મ દેશો ખોટ રતવુ સર્વને બેહુ કર જોડ,
શ્લોક અર્થ કાઇ સમજું નહી બુધ્ધિમાને કહુ ચોપાઇ સહી. ૪૮૭

આ બ્રહ્મવિદ્યા બ્રહ્મે જ ચોરેરી છે. કર્તા હર્તા ધર્તા હરિ છે, શ્રોતા વકતા ને પૃચ્છક પણ રામ છે. "કવિ" શબ્દ પણ બ્રહ્મમાં જ વિશ્રામ પામે છે. આમ "પાચે ઉણા પદ પાંચસેં " વાળી આ કૃતિ સમાપ્ત થઇ.

જીવ શિવત્વને પામે તેને માટેના બ્રહ્મજ્ઞાન અને બ્રહ્મયોગની આમાં મુખ્યત્વે વાત છે. હઠયોગની સાધનામાં દેહનું મહત્ત્વ ઘણું છે. અહીં દેહનું એ પરિભાષા માં વર્ણન આપ્યું છે તે નોંધપાત્ર છે. ચૌદ વિદ્યા અને શાંકરી વિદ્યા વચ્ચે વિવેક કરીને શાંકરી વિદ્યા તથા ખેચરી મુદ્રાનું આ સાધનામાં મહત્ત્વ બીજાને સમજાવ્યું છે. સંન્યાસીના આચાર તથા વેશનું મૈત્રેયી ઉપનિષદની યાદ અપાવે એવી રીતે કરેલું વર્ણન આ કૃતિનું એક મહત્ત્વનું અંગ છે. એમાં જડ થઇ ગયેલા સંકેતોને સંસ્કારવાની કવિની નવી દૃષ્ટિનો પરિચય આપણને થાય છે. વર્ણાશ્રમ જાતિભેદ વિધિનિષેધ એ કશાંનું મહત્ત્વ નથી. સહજ સાધનાને જ કવિ પુરસ્કારે છે. બ્રહ્મજ્ઞાન અને તેનાથી ચિત્તમાં ઠરતો બ્રહ્મરસ આ બે મહત્ત્વનાં છે. શાસ્ત્ર

સંપ્રદાય ને પંથની જટાજાળ વિતંડા જ ભાવે છે. કવિએ સત્ય અહિંસા અને દયાના ગુણો પર ઘણો ભાર મૂક્યો છે તે નોંધવા જેવું છે. સંત સમદર્શી હોય, એ ચંડાળ શ્વપચ અને વિદ્વજ્જને અભિન્નભાવે જોતો હોય. ગીતાની આ દષ્ટિ કવિએ અપનાવી લીધી છે. "જ્ઞાનગીતા" ને મુકાબલે અહીં કવિની દૃષ્ટિનો વિકાસ થયેલો સ્પષ્ટ દેખાય છે. અહીં પણ કયાંક પુનરુક્તિઓ આવે છે ખરી, પણ એકંદરે કૃતિનો બંધ દઢ છે ને મીમાંસા ક્રમબધ્ધ છે. આમ આ કૃતિ નરહરિની પરિણતદશાની કૃતિ છે એમાં શક નથી.

"હરિલીલામૃત" ડો. ભોગીલાલ સાંડેસરાએ "સત્તરમાં શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય" માં સંપાદિત કરીને છાપ્યું છે. એનું સંપાદન ફાર્બસ ગુજરાતી સભાના હસ્તલિખિત પુસ્ત સંગ્રહમાંના ગુટકા નં. ૨૭૨ માંની નકલ ઉપરથી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત "હરિલીલામૃત" ની એક હસ્તપ્રત (સંખ્યાંક ૫૪૯૭) પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરામાં છે, પણ એ પ્રત ખંડિત છે. શરૂઆતની ૫૦ કડીઓ એમાં નથી. ફાર્બસ ગુજરાતી સભાવાળી પ્રત સં. ૧૭૪૨-૪૬ ના અરસામાં ઉતારી હોય એવું ડો. સાંડેસરાનું અનુમાન છે. પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરાવાળી પ્રતની પુષ્પિકા આ પ્રમાણે છે:

અતીશ્રી હરીલીલામ્રત શંપૂરણ સુભ ભવતુ સંસારભાવનાસનં શ્રી ગુરપ્રશાદશત છે સંવત ૧૭૩૪ વરષે જેઠ વદિ ૩ ભોમે લખતંગ સેવક ગુજર વાંણીઆ મેતા ગોકળદાસ બંભાતીએ વડોદરા મધે લખી છે. સંખ્યાંક ૫૪૯૭ ના ગુટકામાંની નરહરિની બધી કૃતિઓ આ મેતા ગોકળદાસ બંભાતીએ સંવત ૧૭૩૪ ના જેઠ મ મહિનામાં ઉતારી છે. ફાર્બસ ગુજરાતી સભાની પ્રત ઉતારનાર હિન્દુસ્તાનીની અસર નીચે હોવાથી અર્ દ્ સ્વરયુગ્મને સ્થાને ઉ, વ ને સ્થાને બ જોવા મળે છે.

"હરિલીલામૃત" પણ ચોપાઇમાં રચાયેલી કૃતિ છે. આ કાવ્યનું શીર્ષક આ કૃતિ વૈષ્ણવ સંપ્રદાયની હોય એવો આભાસ ઉત્પન્ન કરે છે. પણ મંગળાચરણમાં જ કવિ "તે ઈષ્ટ દેવ મહારો પરબ્રહ્મ" કહીને એવી કશી શંકા રહેવા દેતા નથી. નરહરિએ કેવળ ભક્તિની વાત કદી કરી નથી. ભક્તિની સાથે તરતજ જ્ઞાનને એ મૂકી જ દે છે. અહીં પણ

ધરુ નિરંતર તેહનું ધ્યાન, જે આપે અવિચલ ભક્તયજ્ઞાન ૪

તથા "હરિલીલામૃત" માં નિરૂપાયેલા વિષયનો નિર્દેશ કરતાં

ભક્તિજ્ઞાન જ્યહાં આત્મવિચાર, તે હરિલીલા અમ્રિત અતિસાર, ૬

એમ જ એ કહે છે. કવિએ આ કૃતિ "પરબ્રહ્મના ગુણ" ગાવાને લખી છે. નરહરિની દરેક કૃતિની જેમ અહીં પણ વિષયની શરૂઆત કરતાં પહેલાં એ "નિરંજન" ને પ્રણામ કરી લે છે:

પ્રથમૈ પ્રણમું નિરંજન દેવ, આદિ શક્તિ કરે જહની સેવ. ૧૧

આ અનિર્વચનીય અકલ અરૂપ પરાત્પર બ્રહ્મે "આપણપાના આનંદકાજ" પ્રકૃતિપુરુષ ને નિમિને વિવિધ પ્રકારે "વસ્તુ" નો વિસ્તાર કર્યો. આ વિસ્તારની વીગત હવે કવિ આપે છે, ને એ રીતે "જ્ઞાનગીતા" ની સમાંતર રેખાએ વિષય-નિરૂપણ આગળ ચાલે છે. અહીં પણ કનકકુંડલ ને જલલહરીમાં દૃષ્ટાન્તનો કવિ ઉપયોગ કરે છે. આ વિશ્વ તો સર્જ્યું, પણ કવિ કહે છે કે "જગત સર્વ બ્રહ્મમય જાણ્ય". સાધુના પરિત્રાણાર્થે હરિ અસંખ્ય લીલા-અવતાર ધરે છે, અને અધર્મને અને દુષ્ટને ફેડે છે. ભક્તને કારણે હરિ તનું ધરવાની દિવ્ય અદ્‌ભુત લીલા કરે છે. પ્રભુને તો બધાં સમાન છે, પણ ભક્તના સુખને બાતર ભગવાન અવતાર લે છે, કારણ કે:-

ભક્ત વિષે પ્રગટ ભગવંત, ઇમ વદે વેદપુરાણ શીધાંત ૪૦

હરિ લોકસુખાર્થે નરનારાયણ રૂપે તપ પણ આચરે છે. સનકાદિકને રૂપે નૈષ્ઠિક બ્રહ્મચર્યનો ધર્મ પણ ધરે છે, કપિલનું રૂપ ધરીને ભગવાને સાંખ્યનું જ્ઞાન પણ પ્રકટ કર્યું છે, દત્તાત્રેયરૂપે અદ્વૈત જ્ઞાનનો ઉપદેશ કર્યો છે, વળી

યદુ પ્રહ્લાદ ઋષભ કરી આત્મવિધા વિસ્તારી હરિ. ૪૮

હંસરૂપ ધરીને ભગવાને નીરક્ષીરનો વિવેક કર્યો, પ્રકૃતિપુરુષ ને ભિન્ન કરીને સનકાદિકનું મન મનાવ્યું. આદિ દેવે હયગ્રીવનું રૂપ ધર્યું, મધુકૈટભને માર્યા, બ્રહ્માને વેદ આપ્યા, ધર્મકર્મની પ્રવૃત્તિ કરી, ગજેન્દ્રને સહાય કરી, નારદનું રૂપ ધરીને વિષ્ણુભક્તિ પ્રકટ કરી. વ્યાસનું રૂપ ધરીને "વેદબચ્યું વેદાંત" નિરૂપ્યું, શાસ્ત્ર પુરાણ ઇતિહાસ ઉચ્ચર્યા, વર્ણાશ્રમ ધર્મ પ્રકટ કર્યો, જગદાધારે ધન્વંતરિનું રૂપ ધરીને આયુર્વેદનો વિસ્તાર કર્યો, વ્યાધિ શમાવ્યાં ને ઔષધિનું નામકરણ કર્યું, મોહિની રૂપ ધરીને અસુરને "વંચ્યા" ને દેવને અમૃતપાન કરાવ્યું,

પૃથુરૂપ ધરીને વચ્છ બની ધરા દોહી, ઋષભદેવનું રૂપ ધરી પરમહંસની ગતિ દેખાડી, મનુનું રૂપ ધરીને લોકાચારને વ્યવસ્થિત કરવા સ્મૃતિ રચી, જનાર્દને જનરૂપ ધરી મન્વંતરનું પાલન કર્યું. આ અવતારની વાત કહીને કવિ ભગવાનના દશાવતારને અને એનાં કાર્યોને વર્ણવે છે. પછી કવિ કહે છે:

અનંત લીલા અનંત અવતાર તે કહતાં કયમૈ ન આવે પાર. ૯૧

અને "જ્ઞાનગીતા" તથા "હસ્તામલક" માં કહ્યું છે તે ફરીથી અહીં કહે છે:

નિરગુણ સગુણ તે એક પરબ્રહ્મ, સમઝો સમઝુ એહે જ મર્મ. ૧૦૫

હરિ કયાંય દૂર નથી, એ તો "નખાગ્રે કેશાગ્રે ભરપૂર" રહ્યા છે, માટે કવિ ફરી ફરી કહે છે:

વાદવિવાદ વિષમ બુધિ તજો, હરિ જાણી ભાઇ સર્વને ભજો,
ભાવે સગુણની કીજે સેવ, કે ભજીયે નિરંજન દેવ. ૧૮૬-૭

પણ સાચું ભજવું કોને કહેવાય?

અહંતા મમતા મનથી જો જાય, ત્યારે ભજન સંપૂર્ણ થાય. ૧૦૮

ગુરુ શાસ્ત્ર અને સંતની સંગથી દ્વૈતબુધ્ધિને પરહરીને "વસ્તુવિચાર" હૃદયમાં ધરીને ગુણદોષ ની દૃષ્ટિ તજી સર્વાત્મભાવે હરિને ભજવા ઘટે. આત્મવિદ્યા ? અન્ય કશું અહીં છે, જે કાંઇ છે તે કેવલ બ્રહ્મ છે. પણ આનું જ્ઞાન થાય તે પૂરતું નથી.

જેહને નિરંતરે અનુભવ એહ, પરમપુરુષ નારાયણ તેહ,
એહ જોગ આવે તેહને, અચુ અંદ્રી મન વસ્ય જેહને. ૧૧૪-૧૫

આમ નરહરિ અનુભવરૂપે પરિણમ્યા થકા જ્ઞાનને જ અપનું લેખે છે, એ સિવાયનું જ્ઞાન તો વંધ્ય છે, અથવા ચમો એની લાક્ષણિક રીતે કહે છે તેમ એવું શુષ્ક જ્ઞાન વ્યંડળની મૂછના જેવું છે. "જ્ઞાનગીતા" કે "હસ્તામલક" માં બ્રહ્મજ્ઞાની જીવનમુકત અને સંતનાં લક્ષણ નરહરિએ આપ્યાં છે. અહીં પણ નરહરિ ૧૧૭ થી ૧૫૫ સુધી બ્રહ્મજ્ઞાની ને વિદેહીનાં લક્ષણો વર્ણવે છે. આ પરંપરાનું મૂળ પણ "ભગવદ્ગીતા" માં જોઇ શકાય. ભગવાન પોતાના ભકતનાં લક્ષણો વર્ણવે છે, અને અર્જુનની જિજ્ઞાસાના ઉત્તરમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વર્ણવે છે.

જ્ઞાનમાર્ગી ધારાના કવિઓની "ગીતા" માં આ એક અંગ બની રહ્યું છે. આ લક્ષણો આપતાં અહીં નરહરિ બ્રહ્મજ્ઞાનીની જે ક્રમે ઉત્ક્રાન્તિ થાય છે તે ક્રમે એ લક્ષણોને વર્ણવે છે. આવી વ્યવસ્થા "જ્ઞાનગીતા" માં દેખાતી નથી. સૌ પ્રથમ વ્યવહારના સ્તર પરની નિત્યાચારની ભૂમિકાએ એ કેવો હોય તે કહી બીજી કક્ષાએ એના યોગસાધક તરીકેનાં લક્ષણો આપે છે: એ અલ્પાહાર કરે, દઢાસને બેસે, પ્રાણ અપાનને નિરોધે, ત્રિગુણ તજી તૂરીયાવસ્થામાં રહે, જ્ઞાનાગ્નિથી સ્થૂલ અનેસૂક્ષ્મને બાળે

વલી જ્યોગ ધારણાય કરી, રહે નિરંજન ધ્યાન તે ધરી,
ધન્ય શૂન્ય શું કરતાં લક્ષ, ભાસે જ્યોતિ પરગટ પ્રત્યક્ષ. ૧૪૧-૪૨

અને એ સાધનાને અંતે

નિરાલંબ પરમાત્મા જેહ તે માંહે લય પામે જેહ ૧૪૫

આ કક્ષાએ પહોંચ્યા પછી એના વિદેહી કે જીવનમુકત તરીકેનાં લક્ષણો વર્ણવે છે:

વિદેહ તે નિરાશ્રય રહે, આકાશવત નિગમ તે કહે
જેહને ઉપાધ્ય સ્પર્શ ન હોય, વિદેહ આત્મા જાણો સોય. ૧૪૬-૪૭
યમ આકાશને સ્પરસે નહી કોય, ત્યમ વિદેહ નિર્લેપિક તે સોય ૧૫૨
અન્યભાવ ઉપજે નહિ કિશો, વિદેહતણો અનુભવ છે ઇશો,
સર્વત્ર સર્વ વિષે સમર્યંત, નિરખે નિરંતર એક અનંત ૧૫૫

આવી સ્થિતિને જે પામે તે સદા આનન્દી

તે સદા આનંદ, સદા સુખરૂપ, જે સઘલે વ્યહાલે બ્રહ્મસ્વરૂપ ૧૬૫

આટલું કહ્યા પછી કવિ ફરી એકવાર અનુભવનું ને સાક્ષાત્કારનું ગૌરવ કરી લે છે:

અનુભવે સાચ્છાત તે હોય, નહીતર પૂર્વવત સર્વ કોય,
અનુભવ અર્થે જત્ન તે કરે, અદ્વૈતભાવ સર્વે પરહરે.
એ પરમાર્થ, એ નિજજ્ઞાન, જે સર્વ નિરંતર દ્વૈષ્ટ સમાન. ૧૬૮-૭૦

સર્વત્ર આત્મભાવનો અનુભવ કરવો તે જ ઉત્તમધ્યાન, તેજ ઉત્તમ સમાધિ ઉત્તમ લય, તેજ સાચી ભક્તિ. આ અનુભવને જ હૃદયે ધરો ને "અવર ભાવ" ને પરહરો.

ઇમ કરતાં આનંદ અતિ હોય, વાણીયે ન કવાયે સોય,
મન બુધ્યૈ ચિતવ્યો નવ્ય જાય, અદભુત લાભ અલૌકિક થાય.
જેણે લાભ સુખ હોયે અતિઘણું, તેસુખ કહો કેઇ પૈરૈ ભણું ૧૮૩-૮૫

આમ કહયા છતાં કવિથી એ સુખનું વર્ણન કર્યા વિના રહેવાતું નથી. કૃતાર્થતાના રોમાંચોદય એ સુખનું વર્ણન કવિ ભારે ઉલ્લાસથી ૧૮૬ થી નં.૨૧૮ મી પંક્તિ સુધીમાં કરે છે. એ સુખનો મહિમા કેવો છે

તે સુખતુલા ન આવે મોક્ષ, તો કોણ કથા ભોગ પ્રત્યક્ષ પરોક્ષ ૧૯૬

આ સુખને મેળવવાને જ જોગીઓ અનેક "જતન" કરે છે. આદિ શક્તિ એ સુખને અનુભવે છે, એ સુખમાંથી મૂળ પુરુષ પણ જરાય ચળતો નથી. એ સુખને નિગમ નિરંતર ગાય છે, એ ગાતાં અંગે ઉત્સાહ માતો નથી. શંકર એ સુખનું ધ્યાન ધરે છે ને એનું ઉમાને પાન કરાવે છે, મહાવિષ્ણુ પણ એ સુખમાં જ રમે છે ને મહાલક્ષ્મીને પણ એ સુખ ગમે છે. આદિ વિષ્ણુની સેવા કરતાં "પ્રજાપત્ય દેવ" એ સુખને પામ્યા, શેષ પણ સહસ્ત્રમુખે આ સુખને સદા ગાય છે. નારદજી એ સુખને પામ્યા, બ્રહ્માએ ચતુર્મુખે એ સુખ વર્ણવ્યું. વેદવ્યાસે એ સુખ પામીને એનો "યથારથ પ્રકાશ" કર્યો. સદ્‌ગુરુના પ્રસાદે કરીને પરીક્ષિતરાય એ સુખને પામ્યા, અનંત જીવનું અર્થન કરીને સનકાદિકે પણ એ સુખને અંતરમાં અનુભવ્યું. એ જ સુખની વાત હરિએ વિદુરને કહી, સખા અર્જુનને કહી ને એની મોહજાળ છેદી, વ્રજસુ-દરી પણ એ જ સુખને પામી. આ જ સુખની વાત ઉધ્ધવને કહીને પ્રભુ સ્વધામપધાર્યા. જનક વિદેહી, દેવહૂતિ, કપિલમુનિ રામ, હનુમાન, દત્તાત્રેય, નરનારાયણ, ઇન્દ્રાદિ દેવ, ઋષિ વર - આ બધા પણ એ સુખને માણીને સાર્થકથયા. કવિ જોગી અને સંતની અહીં નવી વ્યાખ્યા આપે છે. આ સુખનો અહર્નિશ ભોગી તે જ સાચો જોગી, જે સદા આ સુખમાં રમે તે જ સાચો સંત, અનુભવીને જ આ સુખ મળે:-

ઇંદ્રી થકે અગોચર જેહ, અનુભવી અનુભવે લહે સુખતેહ,
અનુભવ વ્યન જો કરે કોહય કર્મ, તે સુખનો તે ન જાણે મર્મ. ૨૨૧-૨૨

માટે કવિ ફરી આગ્રહ પૂર્વક કહે છે:

એ અનુભવ અંતર્ગત્ય આણ્ય, હરિસુખ નરહરિ અનુભવ નિર્વાણ્ય ૨૨૪

આટલું કહ્યા પછી કવિ હરિસુખને પામવાથી થતા પરિણામનું વર્ણન કરે છે એનો સારજો એક પંક્તિમાં કહેવો હોય તો

હરિસુખ પામે હરિરૂપ હોય જગત સર્વ ચિદ્રૂપ તે જોય. ૨૩૫

આ હરિસુખ પણ સંતની સંગતથી પામી શકાય:

હરિસુખને ઇચ્છે જેહ જંન, તેણે રાખવું સંત સંગે મન
સંતતણી સશ્રૂષા કરે, સંતતણા વચન મન્ય ધરે,
સાધુપુરુષ તે પર્મ દયાલ, હરિશુખે તે આપે તતકાલ. ૨૪૮-૫૦

આમ કહીને વળી એકવાર કવિ એવા સંતનું ગુણકીર્તન કરવા ઉત્સાહિત થઇ જાય છે: (૨૫૧ થી ૨૮૦)

સંત ઉપરાંત કવિ કો નહીં, જે સઘલ પ્રપંઞ્ચ જાણે સહી. ૨૭૨

પરબ્રહ્મને જાણીને તેનો અનુભવ ગાનાર સંતના જેવો કવિ કોણ હોઇ શકે? વળી

સંતસંગે સધ આવે જ્ઞાન, સંતસંગે સુખે મલે ભગવાન. ૨૭૮

આટલું કહ્યા પછી કવિ હરિલીલામૃતના અનુભવથી પ્રાપ્ત થતા પરમપદનું વર્ણન કરે છે:

જે કેહવો કોણે કહ્યો નવ્ય જાય, પર્મ પદ મહાપુરુષ તે ગાય
પાવક સસી જયહા નહીંચૂર, તે પદ સધલે રહું ભરપૂર,
ગ્રહ તારા નક્ષત્ર જ્યહાં નહી, તે અબે પર્મપદ જાણો સહી,
દિવસ રાત્ર જ્યહા નહી સંધ્ય, અબે પર્મપદ તેહ જ વંધ
જાગ્રત સ્વપ્ન સુષુપ્ત તુરી, તે પદ વાણી ન સકે ઉચરી.
પરાત્ પરપર ભણિયે જેહ, નિરાલંબ પર્મપદ તેહ. ૨૮૬-૯૧

"ક્ષુદ્રાનંદ" ને છોડીને "પૂર્ણાનંદ" નું આ પદ પામવાને કવિ ફરી ફરી આગ્રહ કરે છે. અહીં કવિ નવધા ભક્તિ કરીને ભગવાનને તથા "ભજનાનંદ" ને પામનાર ભક્તોનું પણ ગુણકીર્તન કરી લે છે. (૩૦૩-૩૪૦) પ્રેમભક્તિથી વ્રજવનિતા, શ્રવણભક્તિથી પરીક્ષિત, કીર્તન ભક્તિથી શુકદેવ જોગી,

સ્મરણભક્તિથી પ્રહ્લાદ, ચરણસેવાથી કમલા, અર્ચનભક્તિથી પૃથુ, વંદનભક્તિથી અક્રૂર, દાસભક્તિથી હનુમાન, સખાભક્તિથી અર્જુન હરિપદને પામ્યાં, માટે

જેન કેન ઉપાયે કરી, ભજ્યે એક ગોવ્યંદ નરહરિ.

આટલું કહી અંતમાં ઉમેરે છે:

ભજનાનંદને જે અનુસર્યા, તે અનેક ભકત્ય ભવાર્ણવ તર્યા,
પૂર્ણાનંદ પદ પામ્યા સોય, તેહને દુખ કલ્પાંતે ન હોય. ૩૩૯-૪૦

કવિ તો કૃતાર્થતાથી કહે છે:

સદગુરને પ્રસાદે કરી, હરિરસ પામ્યો જંન નરહરિ. ૩૪૪

આમ છતાં કવિ અત્યંત નમ્રતાથી કહે છે કે નરહરિદાસ તો નિમિત્તમાત્ર છે, કર્તા તો "પરમોતમ અવિનાશ" છે. હરિભકિતથી જ્ઞાન આવશે, ને ભકિત સત્કર્મથી થશે, સત્કર્મ નિર્મળ બુધ્ધિથી થશે. સંતની સંગતથી બુધ્ધિ નિર્મળ થશે, અને પરમધર્મ કહે તે સંત, કોઇનેં કશું વિરુધ્ધ કહેવું નહિ તે પરમધર્મ–આવો ક્રમ કવિ અંતમાં ગોઠવે છે ને તત્વજ્ઞાનની ગૂઢ વાતને પૃથક્જન માટે સંક્ષેપમાં અત્યંત સુબોધ બનાવીને અર્ક તારવી આપે છે, નરહરિ અહીં પોતાની ઓળખાણ કૃષ્ણને ભજનાર વૈષ્ણવ તરીકે આપે છે, પણ આ વૈષ્ણવનો વ્દૈતભાવ ટળ્યો છે. "જગદીશ" શબ્દ પણ ઘણીવાર નરહરિને વાપરવાની ટેવ છે. "હરિ" શબ્દ તો કૃતિના શીર્ષ કર્મા જ છે. કાવ્યના અંતમાં હજુ સગુણોપાસનાની જ કક્ષાએ રહીને ભજનાનંદના જ અધિકારી બનેલાને લક્ષમાં રાખીને કવિ ભકત તથા ભકિતના મહિમાની વાત કરતા હોય એમ લાગે છે. તેમ છતાં છેલ્લે જે ક્રમ આપ્યો છે તે વિકાસના લક્ષ્યને પ્રકટ કરે છે. ભકિત જ્ઞાનની કક્ષાએ પહોંચવી જોઇએ એનો તો કવિને સદા આગ્રહ છે તે આપણે જોયું જ છે. આમ "હરિલીલામૃત" માં કવિની શૈલીને પ્રૌઢી પ્રાપ્ત થઇ ચૂકી છે, એમાં દઢ વ્યવસ્થા છે, ને દુરાચાર મિથ્યાચારને ભાંડવાનું આકરાપણું નથી. આ કૃતિ એક પરમ કરુણામું, સ્વસ્થ, ધીર ને નમ્ર એવા નરહરિનું આપણને દર્શન કરાવે છે. શ્રી અનંતરાય રાવળ, ડો. સાંડેસરા, શ્રી ઉમાશંકર જોશી, તથા શ્રી કે.કા.શાસ્ત્રીએ નરહરિની કૃતિઓમાં સ્વાત્મનુભવનું પ્રમાણ ધણાના જેટલું નથી એવી જે ફરિયાદ કરી છે તે આકૃતિ જોતાં વ્યાજબી લાગતી નથી.

સંવાદ"

વૈષ્ણવ સંસ્કારોની છાયા નરહરિની બે કૃતિઓ "ગોપીઉદ્ધવ અને "ભક્તિમંજરી" માં, વરતાઇ આવે છે. "ભક્તિમંજરી" ની ૧૦૫ થી ૧૧૨ પંક્તિઓમાં અને "ગોપીઉદ્ધવ-સંવાદ" માં બીજા કડવામાં ઉદ્ધવે કૃષ્ણનું બ્રહ્મરૂપે વર્ણન કર્યું છે. તેના જવાબમાં "મોહનજીને રૂપ"મોહી પડેલી ગોપીઓ "સરુપજ કૃષ્ણજી" વિના મન ઠરે નહિ એમ કહીને "કૃષ્ણકથા" કહે છે તેમાં તથા ત્રીજા કડવામાં કૃષ્ણભક્તિનો મહિમા ગાયો છે તેમાં આ છાંયા સુરપષ્ટ દેખાઇ આવે છે. આ સંસ્કાર "ગોપી ઉદ્ધવસંવાદ" માં વધુ પ્રબળરૂપે દેખાય છે, એટલે સંભવત: એ કૃતિ પહેલાં રચાઇ હોય. કૃતિનું નામ સૂચવે છે તેમ "ગોપી ઉદ્ધવસંવાદ" એ ગોપી અને ઉદ્ધવ વચ્ચેનો કૃષ્ણના મહિમા વિશેનો સાત કડવાંમાં ચાલેબાચેલો સંવાદ છે. એમાં સંવાદ છતાં પ્રશ્નોત્તરનું સ્વરૂપ નથી. પ્રારંભમાં મંગળાચરણ પણ લાવ્યા વિના કવિ વિષયની સીધી શરૂઆત કરી દે છે:

ગોપકા સુણે ને ઉધવ ઉચરે કેવલ આત્મજ્ઞાન રે ૧, ૧

આમ ઉદ્ધવને તો "કેવલ આત્મજ્ઞાન" ની વાત કરવી છે, પણ ગોપીઓને એ ગળે ઊતરે એમ નથી. છઠ્ઠા કડવામાં આખરે ઉદ્ધવ પણ ગોપીથી પ્રભાવિત થઇ જાય છે:

કૃષ્ણજીની કૃપાથી હું પામીયો દુલભ ગોપીનું દરસન રે
પ્રીત જોતાં રે ગોપીતણી ઉધવજી થયા પ્રસન રે. ૬, ૩

આ ગોપી તો "મુગટ મણી" છે, ને એના ગુણ સાંભળતાં ઉદ્ધવજી અચેત થઇ જાય છે, પણ અંતે, સાતમાં કડવામાં, ફરી કૃષ્ણનું બ્રહ્મરૂપે જ કવિ વર્ણન કરે છે.

ઉદ્ધવ પહેલા કડવામાં કૃષ્ણે પોતે નંદ અને જશોદાને પોતા પ્રત્યેનો પુત્રભાવ પરહરીને "બ્રહ્મસરુ પે" જોવાનું કહેલું તેનું સ્મરણ કરાવીને ગોપીઓના કૃષ્ણવિરહનું શમન કરવાનો પ્રયત્ન કરતાં કહે છે:

આદિ અંતે મધે ભરી રહો પુરણ પરસોતમ રાય રે
તે તમો માંહે તમો તેહમાંહે અદક્ષણ અલગો ન થાયે રે. ૧,૯,

આમ કહીને વેદાંતના ગ્ર-થોમાં પ્રચલિત એવાં "જ્ઞાનગીતા" માં આવતાં દષ્ટાંતોનો ઉપયોગ કરીને બ્રહ્મની સર્વવ્યાપકતા અને અદ્વૈતનું વર્ણન કરે છે. આ વર્ણન નરહરિની લગભગ બધીજ કૃતિઓમાં ફરી ફરી આવે છે:

અંતરજામી કૃષ્ણ આપણો રહો છેજી ચરાચર સોય રે
ધેન નાંનાવર્ણી પેખિયે દુધ તે એક વરણ હોય રે.

વલી ધ્ય દ્રષ્ટાંતે વલી કહુ સાંભલો તે સખી એક ચીત રે
મન રે મોહન મનમાંહાં મહેં આદ પુરસ અનંત રે.
ઉદક લહેરી ભડભોમનાં કંચન ઘાટ અનેક રે
સરગુણ નરગુણનો પ્રથક્ નહી કહું છું. તે કરીને વવેક રે
જલ જોગે ચંદ દીસે ઘણા વસ્તુ ગતે છે સખી એક રે
અનુભવે દ્રષ્ટે એક આત્મા ભરમે ભાસે જીવ અનેક રે.
ઇષ માંહે જમ સરકરા દુધમાંહે જમ ઘાજ રે
દ્રષ દમાંહે જમ લોહ છે એમ કૃષ્ણ મધ્ય નેં વાઝ રે.
કાષ્ટ અનેક મથી જોતાં પાવક તે એક વરણને હોય રે
તંતુપટ વીચારતાં ઉપજે તે નહી મનમોહ રે.

૧, ૧૦-૧૫.

ફૂલમાં જેમ વાસ છે, તલમાં જેમ તેલ છે, વડના બીજમાં જેમ વડ છે, તેમ કૃષ્ણ બધે વ્યાપીને રહ્યા છે. પછીથી "પાણી અને પાલો" તથા "રવિકિરણ" નાં જાણીતાં દ્રષ્ટાંતો કવિ આપે છે. પાવક તે જ પદંતરે દીપક છે, તેમ બ્રહ્મ જ પદંતરે જીવ છે. ઉદકમાં રસ, પૃથ્વીમાં ગંધ, તેજમાં રૂપ, વાયુમાં સ્પર્શ, વ્યોમમાં શબ્દ તેમ બ્રહ્માંડમાં કૃષ્ણ વ્યાપીને રહ્યા છે. રજ્જુસર્પ, મૃગતૃષ્ણાનાં દ્રષ્ટાંતો પણ કવિ પ્રયોજે છે ને કહે છે :

પુરણ પેષો સરવે સુંદરી કૃષ્ણજીરહા ભરપુર રે
સોધતાં સમીપથી પામસો નાથ નથી ગયા દુર રે. ૧, ૨૩.

એને ગુરુજ્ઞાને ઓળખી શકાય. હું તું ટળતાં જે રહેશે તે તમારો "કહાંન", કૃષ્ણ તો એનું "લીલા તન" છે. આમ "વસ્તુવીચાર" કરતાં દ્વૈત ભેળશે ને સાક્ષાત્કાર થશે.

આ "કેવલ આત્મજ્ઞાન" ની વાત ગોપીઓએ શાંતિથી સાંભળી તો લીધી, પણ પછીથી કહ્યું:

તમોને ઉધવજી અમને જે કહું તે વીરા જાંણજો સત રે
જોગી જતી રે મોક્ષારથી જ્ઞાંની તે અનુભવે તે જેહ રે.
અમો બૂહી રે વીજ્ઞેં ભરાં મોહાં તે મોહનજીનેં રૂપ રે
મન રે અમારું કહી નવ ઠરેં વીના એક કૃષ્ણજી સરુપ રે. ૨, ૫-૬

જે કૃષ્ણે અમને રાસ રમાડ્યો, અમને લાડ લડાવ્યાં, અધરસુપાન કરાવ્યું, વેણુ વગાડી વનમાં તેડ્યાં તેને અમે શી રીતે વિસરીએ? ગોકુલના ઓચ્છવ, મોરલીનો નાદ - આ બધું શી રીતે ભૂલાય?

જેહને બહે અમો ગજતાં દેવ દેત ગણતાં તૃણ માત્ર રે
અમો સોંપો જેહને આત્મા કૃષ્ણજી સરખા નહી પાત્ર રે. ૨, ૧૨

અને પછી કૃષ્ણ વિનાની પોતાની દશાનું એક સુંદર ઉપમાથી વર્ણન કરતાં કહે છે:

આ જ અમારે કંઈ ન ઉગરુ જાતાં તે જાદવ રાય રે
કૂપની છાયા કૂપમાં સમે જે દુખ સહુ નહી જાય રે. ૨, ૧૩

પછી "વિનોક્તિ" અલંકારમાં કૃષ્ણવિનાની ગોપીઓની વિરહાવસ્થાનું સુંદર વર્ણન ૧૪ થી ૨૧મી કડી સુધી કવિ આપે છે. એમાંના કેટલીક સુભાષિતરૂપ પંક્તિઓ નોંધવા જેવી છે:

રુપ ન સોભે રે ગુણ વીના ગુણ ન સોભે વીના જ્ઞાંન રે
જ્ઞાંન ન સોભે રે ક્ષમા વીના તમ અમો વીના ભગવાન રે
જોગ ન સોભે જુકત વીના ભકત ન સોભે વીના ભાવ રે
ધરમ ન સોભે દયા વીના ગોપીજન વીના મોહન રે. ૨, ૧૭-૧૮

આમ ગોપીઓને તો "કેવલ આત્મજ્ઞાન" નો પડી નથી, એમને તો માત્ર એટલુંજ જાણવું છે કે "કૃષ્ણ ગામ કયારે આવશે" કૃષ્ણ કથા કહેવા સુંણવાની જ એમને તો લગની છે, કૃષ્ણલીલાનું વર્ણન, આ નિમિત્તે, કવિ આપી દે છે. અંતમાં ફરી એકવાર ગોપીઓ ઉધ્ધવને કહે છે :

જ્ઞાંનધ્યાંન તમો કહું કહો મુકત હેત ઉપદેશ રે
બંધન છુટે હરીના નામથી તો કાં કીજે કાયા કલેસ રે. ૨,૨૮
રમતાં ઉધવજી અવીગતસું અમો કમ કીજે વીહાર રે.
કહો ને ઉધવજી અવીગતસું અમો કમ કીજે વીહાર રે. ૨,૨૯

અવ્યક્ત સાથે વિહાર શી રીતે થાય? મહાસર્પનું વિષ ગારુડીમંત્ર અને ઔષધીથી ઉતારે તેમ આ વિરહનું વિષ તે કૃષ્ણનાં સ્મરણ અને સેવાથી જ ઉતરશે. પછી કવિ ઉમેરે છે :

જ્ઞાન વીચારે રે જાંણીયે ભકતે તે ભજ્યે ભગવાંન રે
મુકત દાસી હરીભકતની ચૈમ કહેવલીવલી સંત રે.
ભેદ કરે ભકિતજ્ઞાનમાં તે નર જાંણજો મૂઢ રે
સંતને સર્વ સમાંન છે જીણે લહુ તત્વ તે ગૂઢ રે. ૨, ૩૨-૩૩

આમ કૃષ્ણને મળ્યા વિના "મન લીન" થાય નહિ, પછી આ ઝલલાના વચન પર હસવું હોય તો ભલે હસો. આમ પહેલાં કડવામાંના ઉધ્ધવના "કેવલ આત્મજ્ઞાન"-નો જવાબ ગોપીઓએ બીજા કડવામાં આવી રીતે વાળ્યો. આ જવાબ સાંભળીને ઉધ્ધવજીના અંગ રોમાંચિત થઇ ગયાં, એમણે ગદગદ કંઠે ગોપીઓની સ્તુતિ કરી ને ગોપીઓને પગે લાગ્યા. વ્રજનારના સદભાગ્યની તોલે કશું ન આવે એમ એમને લાગ્યું.

ધન્ય તે ગોકૂલના ગોવાલીયા ધન્ય ધન્ય એ બ્રીજ નારી રે
પરમ ધન્ય નંદ જસોમતી જેહને ગ્રહે પ્રગટા મોરાર રે.
ધન્ય ધન્ય વ્રીજની ઓપીકા જેણે સપ્રસાં કૃષ્ણજીનાં ચરણ રે
ધન્ય ધન્ય રે જલ જમુનાં તણું ધન્ય ધન્ય વ્રષ વેલી ત્રણ રે.
ધન્ય ધન્ય મોરપંખિ બ્રીજતણા જે કરતા શ્રીકૃષ્ણનું દરસન રે
ધન્ય ધન્ય રોમૃગવિનતણા મોહીયાં તે મોરલીયે મન રે.
ધન્ય ધન્ય મધુકર જાંણવા જે કરતા પ્રકમા વારંવાર રે
મકરંદ લેતા માલાતણૂ કૃષ્ણ આગલ કરતા ગુંજાર રે. ૩, ૪-૭

આ વર્ણન પ્રેમલક્ષણા ભકિતવાળા કોઇ કવિની યાદ દેવડાવે છે એવું નથી લાગતું? ઉધ્ધવજી પોતે "આત્મજ્ઞાન" ની વાત ભૂલીને ભકિતઘેલા થયા છે. એ જોઇને ગોપીઓ એમની સાથે કૃષ્ણને સંદેશો કહેવડાવે છે :

જોબન જાયે રે ઉધવ હરી વીના કહુ છુ તે મુકીને લાજ રે
અવસર મુકો રે તુ મેહુડલા વરસીસ કહો કીહે કાજ રે.
આલીધન દેજો હરીને અમતણું કરજો અમારા પ્રણામ રે
નરહરના સ્વામીને કહેજો એટલું ઉતાવલી આવજો. આણે ધ્યામ રે. ૩, ૧૩

આ સંદેશાની ગોપીઓની ઉક્તિ જ ચોથા કડવાનો વિષય છે, જો કૃષ્ણ ઉતાવળા નહિ આવે તો "તન પડેસે સીધકંત રે" આમ ગોપીઓએ "થોડા માંહે કહુંએ ઘણું." ઉદ્ધવજી મથુરા ગયા પછીની ગોપીઓની વિરહાતુર દશા પાંચમાં કડવાનો વિષય છે. અન્યોન્યને આલિંગન દેતાં, રથની ધજા દેખાય ત્યાં સુધી ગોપીઓ ત્યાંજ ઉભી રહેછે. આખરે પોતપોતાને ઘેરે ગઇ. ઘેરે ગયા પછી ગોપીઓને વિચાર આવ્યો:

મંદીર જાતાં રે ગોપી યેમ કહે બહેની આપણ મુરખ સાથ રે
જો ગ્રહી ઉધવજીને રાખતાં ઉતાવલા આવતા જદુનાથ રે. ૫, ૪

આમ કહીને ઉદ્ધવનું ગુણગાન કરી કવિ પાંચમું કડવું પુરું કરે છે. છઠ્ઠા કડવામાં ગોપીઓનો સંદેશો ઉદ્ધવ કૃષ્ણને પહોંચાડે છે. એ સાંભળીને કૃષ્ણ કહે છે:

સકલ ભોવનમાં માહારે કો નહી ગોપકા સમાંન નહી કોયે રે
બ્રીજનો રણીયો રે ઉધવ હું સદા યેમ કહે શ્રીમુખે ભગવાન રે. ૬, ૬

આમ કહી કૃષ્ણ ગોપીઓને "કુલબેટ" માં મળવાનું નક્કી કરે છે. સાતમું કડવું આ મિલનને વર્ણવશે એવી અપેક્ષા બંધાય છે. એ મિલનમાં આનંદનું વર્ણન કરતાં કવિ જ્ઞાનમાર્ગીધારાના કવિની લાક્ષણિકતાથી કહે છે કે ગોપીઓ નિજ રૂપને પામી, એમણે પરમતત્ત્વને પ્રીછયું, એમના સૌ સંદેહ ટળ્યા, એમની અંતરદ્રષ્ટિ ખૂલી, બાહ્ય, ભીતર સર્વત્ર વ્યાપક વિષ્ણુને એમણે જોયા અને

હરજીની વ્રેહુણો હરજીમાં ભલી, ગંગા સાગરમાં હવી લીન રે
દ્વૈત ટલે કેવલ કૃષ્ણ મલે ભેદ ભાસે તે ભીન રે. ૭, ૪

આમ અંતે "પ્રેમદા પરબ્રહ્મને પામી" કવિ પોતે જ કહે છે કે આ "રાસ" એમણે રંગભેર ગાયો છે. શ્રી ઉમાશંકર જોશી અજ્ઞાની નમ્રતાનો સવિશેષ ઉલ્લેખ કરે છે. ખરું જોતાં આ ધારાના કવિઓ પોતાના કર્તૃત્વનું અભિમાન સેવતા જ નથી, માટે જ નરહરિ અહીં કહે છે:

કૃષ્ણજયે જે ઉપજાવીયું તે કહુ નરહરદાસ રે. ૭, ૭

"ભક્તિ મંજરી" ને કવિએ "સ્તોત્ર" કહીને ઓળખાવી છે. એના મંગલાચરણમાં કવિ એની અન્ય કૃતિઓની જેમ "નીરાકાર નીરલેપ નીરંજન વીશ્વવાપક માહારાજ"ને સ્મરીને "પરાત્પર પરંમ પૂરણ" નું ધ્યાન ધરે છે. છતાં વૈષ્ણવ સંસ્કારને કારણે કૃષ્ણને જ "શચ્ચીદાનંદ ઘન" કહે છે. એ શ્રીકૃષ્ણનું વર્ણન કવિ આમ કહે છે :

શત સ્વેચ્છજોતી પુરાંણ પુરસ સુધચઇતન ભ્રંમ તેહ જાણે
રૂપનાંમ ગુણ સ્વભાવ શ્રવ તેહેના શરવ ભાવે તે પ્રભુ વખાંણો
તેહ સ્થુલને તેહતાં સુક્ષમ નીરાકાર આકાર તેહ
નીરગુણ શગુણ તેહે શ્રવ વાપી રહો અંતરજામી શ્રીકૃષ્ણ એહ

અને પછી લાક્ષણિક રીતે ઉમેરે છે:

નામ શકલ નારાયણ કેરાં રૂપ શકલમાંહે રહ્યાં જાંણો
ગુણ સઘલા ગોવંદજી કેરા કંમ સઘલાં કૃષ્ણનાં પ્રમાંણો,

આવા બ્રહ્મસ્વરૂપ રામને માટેની સાચી સાધના કેવી હોઇ શકે?

કૂલ કોચાચે રાંમ રાચે નહી, રાંમ રાચે નહી રાજરીધે
જપતપતીરથે રામ રાંચે નહી, રામ રાચે નહી જવેદ વીધે ૬૪
ગયાંન ધાંને કરી રાંમ રાચે નહી, રાંમ રાચે નહી જોગ શાધે
એક ભગત ભાવે કરી રીઝે એ શ્રી હરી હવે રાંમ ભજ રાંમ ભજ એક બુધે ૬૫

આ "ભગત" ભાવનો મહિમા "ભક્તિ મંજરી" માં છે, કવિ મનુષ્યને ઉત્તમ જન્મને ચેળો ન ખોતાં સંતસંગમ કરીને રામ ભજીને સંસાર સમુદ્રને તરી જવાનું કહે છે. સંતસંગતનો મહિમા વર્ણવતાં કવિ કદિ થાકતા જ નથી. સંતની સંગતથીજ "નિજ ભક્તિ" ઉપજે, જ્ઞાન આવે, યોગવૈરાગ્ય આવે, લિંગદેહ ખોવાયે, સર્વ સુખ પામી શકાય, મહાદુઃખ ટળે ને શ્રીરામ મળે. આથી સંત સંગની તોલે કશું નહિ આવે. જે સંત સંગત કહે તેને હરિ "આપ સરખો" કરીને થાપે, પછી તેને કાલ, માયા કે કર્મ અડે નહિ. ટૂંકમાં સંત સંગતથી પરમેશ્વરને પામી શકાય, બ્રહ્મનું વર્ણન કરતાં "જ્ઞાનગીતા", "ગોપી ઉધ્ધવ સંવાદ" વગેરેમાં વાપરેલાં દૃષ્ટાંતો કવિ ફરી વાપરે છે. જીવ અને શિવની વાત સમજાવતાં "ગોપી ઉધ્ધવસંવાદ" માં કવિએ પાવક અને દીપનું દૃષ્ટાંત આપીને શિવ જ પટંતરે જીવ છે જેમ પાવક જ પટંતરે દીપ છે એમ કહેલું. એ જ વાત કવિ ફરીથી અહીં કહે છે:

જીવ શીવ વચ્ચે અંતર એટલેજેટલો પાવક દીપ વચ્ચે ૬૨

સૂત્રરૂપે સાર તારવી આપીને કવિ કહે છે:

જંમ ઉદક લેહેરો ભોમ ભાંડ નાંના વીધ
કંચન ભુષણ એક સહી
એમ એકથી અનેક અનેક મલી એક જ
એક અનેક તે પ્રથુક નહીં. ૬૬

માટે

હરી ને ગાઇએ હરી તે ધ્યાઇએ
હરી તે પૂજીએ પ્રેમ સાથે
વલંબ ના કીજીએ, હરીરસ પીઝીએ
આવીઓ અમ્રીત કલશ હાથે ૯૭

આ "અમ્રીત કલશ" ને એલે જવા દેવાનો નથી. આલી ઠોળી નાખવાનો નથી. નવધા ભક્તિનો પણ કવિને બેપ છે, કારણ કે "નિજ ભક્ત" ને માટેનાં એ સોપાન છે. "આતમગનાંન" તે જ નિજ ભક્તિ. "શત સ્વરુપ" ને નિરંતર નિહાળવું એનું નામ જ પરમ જોગ ને અખંડ ધ્યાન. આ વિશ્વ જગદીશનું વિરાટતનું છે, સગુણ બ્રહ્મ આ સર્વને નિહાળે છે, માટે સર્વને વંદીએ ને કોઇને નિંદીએ નહિ. કવિ આ જ્ઞાનનો મર્મ સમજાવતાં કહે છે :

સ્થુલ સુખ્મ ધારણા ધરો વલી વલી
નીરગુણ સગુણ એ પૂરંણ ભ્રંમ
વીખ્મ બુધ પરહરો શમત્વ અનુશરો
શંમઝો શમઝુ એહ મરંમ. ૧૦૪

આટલું કહ્યા પછી તરત જ કવિ સગુણ રૂપનું કૃષ્ણનું વર્ણન કરે છે. સગુણની ભકિતનું પણ સાધનાના કમમાં સ્થાન છે. એ કમ કવિ આમ સમજાવે છે:

સગૂણ ધારણાએ મંન સ્થીર હોએ
સ્થીર મંને ભ્રંમનૂ ધાંન થાએ,
ભ્રંમધાંને નીજ ગનાંન ઉપજે
નીજ ગનાંને મન અમંન થાએ. ૧૧૩

ઘણા લોકો ઘણાં સાધનો કરે છે, કોઇ શાસ્ત્રનો અભ્યાસ કરે, કોઇ તપ આચરે, કોઇ જોગ સાધે, કોઇ ભકિત કરે, કોઇ જ્ઞાન કથે, કોઇ ધ્યાન ધરે પણ

સદા શમ બુધ આવે ભાઇ તેહને જે ધૂન સુનશુ ચીત લાએ
ધૂનસુન અનૂભવે અગનાંન તે ઉપજે વીગનાંને અહંભાવ જાએ
અહંમમતા ટલે હોહે એક આતમા આતમા આંતમસ્વરુપનોરમે
કોએ કાલે તેહને વ્દઇત ન ભાંસે આપે આપ જોઇ રે હરમે. ૧૧૮-૧૧૯

આમ કહીને કવિ જેવા આત્મદર્શીનાં લક્ષણો આપે છે. આ લક્ષણો અન્યત્ર વર્ણવેલાં સંતો અને જીવન-મુકતનાં લક્ષણો જેવાં જ છે. એવા "મહાપૂરુષ" સદા ઉન્મની દશામાં ઉદાસ થઈને રહે, સિદ્ધિઅસિદ્ધિને સરખી લેખે, સ્વર્ગ કે અપવર્ગની આશા ન રાખે, જેમનું લિંગ શરીર લય પામી ગયું હોય, કેવળ અદ્વૈત તત્ત્વજ રહ્યું હોય. સંક્ષેપમાં કવિ કહે છે:

આતમ દરશી નૂ એધાંણ એ થોડામાં હે કહૂ શત શંત
તે જીવ મરતકની પેરે થેઇ રેહે હવે આંણ નરહર તૂ એહ મત. ૧૨૫
જંમ દૂધમાંહે દૂધ ભલુ જલમાંહે જલ મલુ
ઘ્રતમાંહે ઘ્રત રહૂ શમાએ
તંમ શંતનાં મંન મલાં એમ વસ્તુસુ
અલગાં તે કંમેઉ ન થાએ ૧૨૬

ગીતાની જ ભાષા માં આવા "મહાપૂરુષ" નું વર્ણન કરતાં કવિ એને "આતમજ્ઞાની"આતમક્રીડ" કહીને ઓળખાવે છે. સાદી ભાષા માં પણ સચોટ રીતે એનું વર્ણન કરતાં કવિ કહે છે:

જે જથારથ બોલે જથારથ આચરે
જથારથ જ્રેહે જથારથ જાંણે
જથારથ પ્રકાસે જથારથ ભાંસે
કોહી ચંન રૂદે તે કંમ આંણે ૧૩૦

માટે બધું હરિમય જાણી સર્વને વંદન કરવું, હરિ જાણી સર્વના પર હેત કરવું તો હરિને મન આપણે ગમીએ. આમ "ભક્તિમંજરી" પૂરી થઇ. અમાએ "અમે ગીતા" માં જે શબ્દોમાં કહ્યું છે તે નરહરિએ,એની પહેલાં,"ભક્તિમંજરી" ની પુષ્પિકામાં કહ્યું જ છે:

નરહરી બાજૂ હાથ હરીને ચઢૂ
જંમ કૃષ્ણ બ્રાડે તંમ બાજે
તેહ શબદ જે કો જંન અનુભવે
તેહેનાં ભવ દૂખ સેહેજે ભાજે. ૧૩૫

આટલે આગળ વધ્યા પછી, "જ્ઞાનગીતા" સુધી પહોંચતા પહેલાં, નરહરિએ "પ્રબોધમંજરી" રચી હશે, એ ચોપાઇમાં રચેલી, ૧૩૦ કડીની, દીર્ઘ રચના છે, કૃતિની શરૂઆતમાં મંગળાચરણ કવિ એક જ લીટીમાં પતાવી દે છે, સૌ પ્રથમ ગુરુદેવને પ્રણામ કરે છે ને પછીથી રામનું સ્મરણ કરે છે. પછી "પ્રબોધમંજરી" ને "હરિનું બોલ્યું" કહીને ઓળખાવે છે, ને મનને સ્થિર કરી એને સાંભળવાનો આગ્રહ કરે છે. નરહરિ મનની શુધ્દ્ધ અને સમદૃષ્ટિ પર હંમેશાં ભાર મૂકે છે. આ કૃતિમાં પણ પ્રારંભમાં આ જ વાતનો ઉલ્લેખ કરતાં એ કહે છે:

સકલ સિધાંત તણું એ સાર, મન શુધ્ધ પામે ભવપાર. ૩

બ્રહ્મભાવને પામવાને માટે ચંચલ મનને સ્થિર કરવું, મનની સ્થિરતા આત્મવિધાથી આવે, ને આ આત્મવિધાજ "પ્રબોધમંજરી" નો અને નરહરિની અન્ય કૃતિઓનો વિષય છે. કાયાકલેશ કરવાનીકશી જરૂર નથી, કારણ કે મનુષ્યદેહ તો મુક્તિનું બ્દાર છે. (૫૩) કાયા જ કાશી છે, મન જ ગંગા છે, જો હરિચરણનો રંગ લાગ્યો હોય તો ઘરમાં જ તીર્થ છે ને ઘરમાં જ વન છે, માત્ર મન નિશ્ચલ થયું હોવું જોઇએ. માટે જેણે કરીને મન વિશ્ચલ થાય તેવા યત્નો વળી વળી કરવા. એના ઉપાયો પણ કવિ બતાવે છે: અભિમાન તજીને ભગવાનને ભજો, મહાનુભાવની સંગત કરો, સંતવચન હૃદયમાં ધરો, માયા મોહ, મત્સર તજો ને નિરંતર હરિને ભજો. હવે કવિ સમદૃષ્ટિનું મહત્વ વર્ણવે છે. સઘળે સમાન દૃષ્ટિ રાખવી એ જ હરિની સાચી ભક્તિ છે એ જ કેવલજ્ઞાન. આ "મૂલગો મમ" છે. એ મમ જાણનારને માટે

હરિમાં વિશ્વ વિશ્વમાં હરિ. ૧૧

પછી એનું મન ગળી જાય છે, કલ્પિત વિશ્વનો વિલય થાય છે, અનંત પ્રકાશમાંન બ્રહ્મ એની આગળ પ્રકટ થાય છે. મન નિરાલંબ રહેતું નથી, એ કયાં તો માયાને આધારે રહે છે, કયાં તો બ્રહ્મને, માયાને આધારે રહેતું મન "કલપતું" ફરે છે. બાકી જ્યાં નર છે ત્યાંજ નારાયણ છે, પણ મન શુધ્દ્ધ હોય તો જ એવી ઓળખાણ થાય. આટલું કહીને કવિ શુધ્દ્ધ મનનાં લક્ષણો વર્ણવે છે. સર્વત્ર ભગવાનને જોવા એ એનું પ્રધાન લક્ષણ, એનું નામ જ આત્મજ્ઞાન. આ આત્મજ્ઞાન વિના કરેલાં સર્વ સાધના ઉપાસના એળે જાય, સાધક આત્મદર્શી બને નહિ, અને આત્મદૃષ્ટિ પામ્યા વિના સાક્ષાત્કાર થાય નહિ:

તે માટે સાવધ થઇ રહો, જન હૃદે આત્મદૃષ્ટિ ગ્રહો,
આત્માદૃષ્ટે એ આત્મા નિરખિયે, કહે નરહર જોઇ હરખીયે. ૨૨

કવિ અવિનાશને પ્રેમપ્રીતિથી ભજવાનું કહે છે, પણ તે ફલની આશા ભજને:

જે ફલ અર્થે ભજે સારંગપાણ, તે તો વદણીકની પેરે જાણ
જે ફલ તજી હરિની સેવા કરે, તેની જ ભક્તિ મહાપુરૂષ ઉચ્ચરે. ૨૭

આવા ભકતોની ભગવાન પોતે ઉદ્ધવને કહ્યું છે: "સંત તે હું ને હું તે સંત."
માટે "હરિ-હરિજનને અંતર નહીં રૂપ બે રૂદે એક સહી." આ જ વાત કબીરે અન્ય
જ્ઞાનમાર્ગી કવિઓએ પણ ફરી ફરી આ વાત કહી છે. હવે કવિ હરિના
કરતાં પણ વધુ મહત્વના બતાવે છે:

હરિપેં હરિજન મોટા સહી, હરિ સર્વ કરે, જન કાંઇ કરે નહીં,
જનને એક હરિનું ચિંતન, અવર કાંઇ છે નહીં મંન. ૩૩

હરિને પૂજ્યે તો વિશ્વની પૂજા થાય, પણ હરિજનને પૂજ્યે તો જ હરિ
તૃપ્ત થાય, હરિ સઘળે છે એમ નિગમ વદે છે, પણ એ પ્રગટ તો હરિજનના હૃદયમાંજ
દેખાય છે. હરિજનને વૈષ્ણવ તરીકે તથા ઓળખાવી કવિ એનાં બત્રીસ લક્ષણો
ગણાવે છે. જે અન્યનાં ગણાવેલાં સંત, જીવન મુકત કે આત્મદર્શીનાં લક્ષણો જેવાં
જ છે. "સત્ય બોલે તે સંત" એવી સંતની સૂત્રાત્મક વ્યાખ્યા કવિ આપે છે. સંત
સમદૃષ્ટિ રાખે એવો સ્વભાવ કોમળ હોય, બાલાજ્યંતર પવિત્ર હોય, એ ધૃતિમાન
હોય, એ હંસબુધ્ધ રાખીને નીરક્ષીરનો વિવેક કરે, એના અનુભવનો પાર નહિ
હોય, એ કલ્પદ્રુમના જેવો સમર્થ હોય. અંતમાં કવિ કહે છે:

હરિ તે સંત સંત તે હરિ, એ બુધ્ધ રાખો હૃદયે ભરી,
હરિ બોલાવ્યા બોલે ત્યહાં, મહાજન પરગટ હોયે જ્યહાં, ૪૬

આથી જ પરમપદ પામવું હોય તો કાયા-કલેશ કરવો છોડીને સાધુ પુરુષ ને
સેવવા. સંતની સંગતથી વિજ્ઞાન આવે, વિજ્ઞાનથી સમદૃષ્ટિ થવાય, સમદૃષ્ટિવાળો
સઘળે બ્રહ્મને જુએ, તેને જ જીવનમુકત કહેવાય. બાકી જેટલા મુનિ તેટલા મત, મણીં
થ ઘણા ને પ્રવૃત્તિનો થ પાર નહિ, પણ જેણે હરિચરણને હૃદયમાં ધારણ કર્યાં
તેણે બધાં સાધન કર્યાં બરાબર. હરિભકિત વિનાનાં સાધન તે ઘૃત વિનાનાં ભોજન.
એ ભકિત કેવી રીતે કરવી?

મનસા વાચા કર્મણા કરી સઘલે જાણવા એક શ્રી હરિ,
સર્વભૂત વિષે સમાન પ્રીત, નરહર ભજન તણી એ રીત્ય. ૬૭

માટે અંતરદૃષ્ટિએ રામને અવલોકવા, આત્મભાવ ધારણ કરવો. કવિ હરિ, બ્રહ્મા ને હર વચ્ચે પણ કશો ભેદ જોતા નથી. આવી "સાચી સમજણ" ન આવે ત્યાં સુધીની સાધના તે કાચા ઘડાથી પાણી ભરવા બરાબર છે. નરહરિ અંધાના જેવો આકરો થતો નથી, પણ મિથ્યાજ્ઞાનને ય વખોડે છે:

વિદ્યા ભણ્યે જો નાવ્યું જ્ઞાન, આવ્યું ચાલી વિશેષ અભિમાન
તે ધમ્યું સોનું વાયે ગયું, નરહર એણે તત્વ ન લહ્યું. ૭૮

અંધાના મિજાજને બર આવે એવી આ ઉક્તિ છે. આ "સાચો સમજણ" અથવા જ્ઞાન જ મનુષ્યને પશુથી જુદો પાડનાર ગુણ છે. આમ જાણીને મનુષ્યે જ્ઞાનનું જતન કરવું જોઇએ. વાદવિવાદ તજીને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઇએ. અહં " રહ્યું હોય ત્યાં સુધી કાયા-ક્લેશ ટાળી નહિ શકાય, "હારલીલામૃત"-માં જેમ સાધનાની સોપાન-પરંપરા આપી છે તેમ અહીં પણ કવિ આપે છે. લિંગ-શરીર ગળે તો બંધન ટળે, લિંગનો ભંગ સંતની સંગતથી થાય, સંતકૃપા સત્ શાસ્ત્રથી થાય, જે મહાપુરુષ કહે તે સત શાસ્ત્ર, જે પરમાર્થી તે મહાપુરુષ. પરમાર્થી ગુરુ મળે ત્યારે જ સંશય ટળે, સંશય ટળે ત્યારે જ મન વિષયનું ચિંતન કરતુ અટકે, જે વિષયનું ચિંતન ન કરે તેનો જ દુઃખ નિવૃત્ત થાય, જેને વિષય ઉપર વૈરાગ્ય થયો હોય તે જ જીવનમુક્ત:

નથી વર્ણાશ્રમ દર્શનનું કામ, ફૂલક્રિયા ન મલે રામ,
સાચું સાધન એ વૈરાગ્ય, નરહર નાવ વણ અભ્યાસ. ૮૯

વૈરાગ્યનું જેટલું મહત્વ છે તેટલું જ મહત્વ વિવેકનું પણ છે. વિવેક સત્સંગથી ઉપજે છે. સત્સંગથી મહાપુરુષની ઉત્તમતાને ધારણ કરવી, પ્રાણાયામનો અભ્યાસ કરવો, આત્માનું ચિંતન કરવું કે દ્વૈતભાવને પરહરવો, ભગવાને પોતે બ્રહ્માજીને કહ્યું હતું:

આદિ, અંત, મધ્ય મુજને જાણ, અજ એમ એ અનુભવ અંતર આણ. ૧૮૦.

આ રહસ્ય બ્રહ્માએ નારદને કહ્યું, નારદે વેદવ્યાસને કહ્યું, વ્યાસે શુકદેવને, શુકદેવે પરીક્ષિતને કહ્યું ને તેને ઉત્તમ પ્રકારની ભાગવત્ ભક્તિનું રહસ્ય સમજાયું. દ્વૈતભાવને ટાળીને નિરંતર એકાત્મભાવને ધારણ કરવો, ભૂતમાત્ર વિષે ભગવંતભાવ

રાખવો. આત્મામાં સર્વને જોવાં તો જન્મમરણનો ફેરો ટળે.

આટલું કહ્યાં પછી ય કવિ વૈષ્ણવોનો સગુણોપાસનાને પુરસ્કારે છે. વૈષ્ણવોની એ અનન્યાશ્રયા ભક્તિને પતિવ્રતાના પતિપ્રેમ સાથે સરખાવે છે:

વૈષ્ણવને વાહાલા એક વિષ્ણુ, ઇષ્ટદેવ જેહને શ્રીકૃષ્ણ,
તે પતિવ્રતાની પેરે સોય, અન્ય વિષે કાંઇ બુધ્ધ નહોય.
જે પતિતણા મદ, પરણમે, તે સાધવી ભરતારને અતિ ગમે,
ઇમ હરિ ભજે વ્દેષ કરો નો નવ કરે, તે હરિવલ્લભ ત્યારે ભવ તરે

૧૧૦-૧૧

નવધા ભક્તિ કરનારનાં યોગક્ષેમનું હરિ વહન કરે છે. ગીતાની સમત્વરૂપી યોગ એ વ્યાખ્યા નરહરિને ઇષ્ટ છે:

યોગ નામ સમબુધ્દિ પ્રકાશ, ક્ષેમ ને જેહને સમનો નહી નાશ,
સમબુધ્દિ જથારથી યોગીજંન, આચરે અને યોગસાધંન ૧૧૫

આમ યોગ અને ક્ષેમનો અર્થ કવિએ ઘટાવ્યો છે. અંતમાં કવિ અશરણશરણ ભગવાનને પ્રાર્થે છે.:

માગું નહિ રિધ્ધ સિધ ભોગ, માગુ એક પરમારથ જોગ,
એલક્ષણ મુજને આપો સહી જેણે વિષય વાસના દીસે નહીં. ૧૧૮

કૃપાનાથની કૃપા વિના જંતુનું કાર્ય સરે નહિ માટે કવિ આ પ્રાર્થના કરે છે. અંતમાં ફરી એકવાર દુર્લભ મનુષ્ય દેહને એળે નહિ જવા દેવાની યાદ આપે છે. આ "પ્રબોધ" તે "હરિનું બોલ્યું" જ છે, માટે એને કહેનાર, શીખનાર, સાંભળનાર ને મુક્તિ મળે. દુસ્તર અપાર ભવાર્ણવને પાર કરવાને "પ્રબોધમંજરી" દૃઢ નાવ અત્ર છે. અંતમાં કવિ નમ્રતાપૂર્વક કહે છે:

શ્રીકૃષ્ણજીએ કહેવરાવ્યું જેહ, જન નરહર ભાખ્યું છે તેહ,
નિમિત માત્ર તે નરહરિદાસ, કર્તા પુરુષોતમ અવિનાશ. ૧૩૦

આમ "જ્ઞાનગીતા" સુધી પહોંચવાનો તબક્કો પૂરો થાય છે.

પ્રકીર્ણ કૃતિઓ પૈકી કીર્તનો પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરાના નરહરિની કૃતિઓના ગુટકા (સંખ્યાંક પ૪૬૭) માં મળી આવી છે. આ કીર્તનો નરહરિનો કોઇ વિશેષ પ્રકટ કરતાં ન હોઇ આમ મહત્ત્વનાં નથી. એમાં હિન્દીમાં રચેલાં કીર્તનો પણ છે. કવિ એને પદ ને કહેતાં કીર્તન તરીકે ઓળખાવે છે, એ કદાચ

વૈષ્ણવ સંસ્કાર હોય, અણાને જેમ "ભાઇ" સંબોધીને કહેવાની ટેવ છે તેમ નરહરિ પણ ઘણાં કીર્તનોની શરૂઆત "ભાઇ રે", "માહારા ભાઇ રે" થી કરે છે. આ કીર્તનો પૈકીના ઘણાં કીર્તનોમાં નરહરિ નામસ્મરણ, ભજન, સત્સંગાદિનો મહિમા ગાય છે. "મનમોહન નંદકુમાર" નું કીર્તન પણ એમાં છે. "ભક્તિવિના જ્યાં થોથા કુટે"એમ પણ કવિ ૧૦મા કીર્તનમાં કહે છે. રામદાસના મહિમાનાં કીર્તનો પણ અહીં છે. એમાં કવિ રામરાયની ચરણસેવા યાચે છે, તો વળી રામરાયને માયાબુધ્ધિ ટાળીને જ્ઞાનપ્રકાશ કરવાની પણ પ્રાર્થના કરે છે. કવિને મતે સાચા ગુરુ કોણ ?

રામરાયે તે શદગુરૂ તે પંડીત ગનાંની રે
તે વઇષ્ણવ તે શંત રે તે જોગી માહંત શંનાસી
જે રૂદે દેખાડે ભગવંત રે. :કીર્તન ૧૪:

અનેક દેવોની ઉપાસના, તીર્થયાત્રા, વ્રતમંત્રથી ભ્રમ ભાંગતો નથી. કવિઓ ફરી ફરી કહ્યું છે:

જાંહાં લગે આતમ તત્વ નવ જાણે તાંહાં લગે શ્રવે કાચુ રે,

નરસિંહના પ્રભાતિયાં પૈકીનું "સત રહે જ્યાંહારેહે પાછલી અટધડી" પ્રભાતિયું યાદ કરાવે એવું પણ નરહરિનું એક કીર્તન છે:

પ્રભાત લીજે રે પ્રાંણી પરબ્રમ નામ નીરંતર કૃષ્ણ જપો ગોવિંદ રામ
પાછલી અટધડી રાત હોયે જારે જોગીને ધરવું કેવલ ધાંન ને તારે
:કીર્તન ૨૭:

વૈષ્ણવ તરીકે કૃષ્ણનાં કીર્તનો પણ કવિ ગાય છે. એક જ કીર્તનમાં ગોકુલાનંદ કમલાપતિ શ્રીકૃષ્ણ તે નિરંજન નિર્ગુણ વિશ્વરૂપ શ્રીકૃષ્ણનાં પણ બની જાય છે. (કીર્તન ૨૫) ગોપીઓની પ્રીતિનો મહિમા પણ કવિને ગાવો ગમે છે:

પરસોતમને પ્રીત જેવાહાલી અવર કસે નવ રાચેજી
કોટ બ્રમાંડનો નાથ કહાવે તે ગોપી આગલે નાચેજી
પ્રીને જસોદાનાં સ્તન ધાવે, પ્રીને માંણણ માચેજી
પ્રીત તણે વશ છે સાંમલીઓ, જાંહાં જે કે તાંહાં જાચેજી. :કીર્તન. ૧૮:

આહીરને આંગણે નાચતો નંદકુંવર આટલા સરખા માણણ માટે વ્રજવનિતા પાસે જાય એ વ્રજવનિતાનો જેવો તેવો મહિમા થોડો જ કહેવાય?

નરસિંહની જેમ નરહરિએ પણ સાચા વૈષ્ણવનાં લક્ષણો વર્ણવ્યાં છે:

તે વઇષ્ણવને લાગૂ પાએ ઝે નીશદંન શંભવી ઝંમરાએ
કુપટ તઝીને કેહેજે રાંમ તે નર પાંમે વઇકુઠ ઠાંમ
નંદાસ્તુત અહંમમતા તજે પ્રેમ પ્રીતે પરસોતંમ ભજે
બાધે નહી જેહને કાંમ ને ક્રોધ શંમદરશી શીતલ અવિરોધ
જે હરષ સોક હંસા પરહરે કેહે નરહર તે તારે તરે. કીર્તન: ૨૨:

આ જ રીતે સંતમહંત કોને ગણવા તે પણ કવિ ૧૬ માં કીર્તનમાં આમ વર્ણવે છે:

સંતો જાંણો ભાઇ સો હે માંહંત
જે સુભાસુભ દેખે સુણે ભગતે, ચલે કબહુ ન ભ્રંત રે
બસતી જંગલમાંહે બીસેસી રે, કબહુ રેહે એકાંત રે
ભ્રંમ ગનાંની રાચે ખ્યોમાંની ન ગ્રેહેઇ તંત ઇમંત્ર રે
પક્ષપાત કરે નહી કબહુ, નીરખે એક અનંત રે
રીધશીધ મુગતક ન ઇં છે શમી રેહે શ્રી ભગવંત રે
શંમદરસી શીતલ અવીરોધી હીતકારી શબ જંત રે
કેહે નરહર જે આંમદરશી સોઇ શદગુર હસોઇ શંત રે.

બ્રહ્માનુંભૂતિનો પરમ પદનું વર્ણન પણ નરહરિ બીજા કીર્તનમાં આવે છે:

ભાઇ રે તેણે પદે રહીએ અજરામર થઇએ
જાંહાં કંમ કાલ વાપે નહી
જાંહાં પવન પાંણી પ્રથવી નહી, પાવક શશી સુર
આકાશથી આધેરહી શકલ ભરપૂર
જાંહાં પડ નહી બંદૂ નહી નહી જોત ને ઝવાલા
હૂ નહીં તૂ નહી તે નહી તે નહી નીલગ નીરાલા
તાંહાં શીધ શકલ સાથે રંમે હરીહર જોગી
તે કલપાંતે મલે નહી, પરમાનંદ ભોગી
ગુરગંમે લહલ નરહર કેહે નીશલ પદ લહીએ
તત્વમશીને ભેદતાંહાં જંમ છે તંમ થઇએ.

લય-યોગનું મહત્ત્વ પણ નરહરિએ ત્રીજા કીર્તનમાં ગાયું છે:

માહારા ભાઇ રે તે લેય જ માંહે રહીએ
લેમાંહે તનમન ગલે, જમ છે તમ થઇએ
જાંહાં લગે લેય આવે નહીં તાંહાં લગે શ્રવ કાચુ
લે આવે હૂ તૂ ટલે,-લેય પદ ને શાચુ.
લેયપદ લહેશે શે અનૂભવી જે ગગંન નીવાસી
સુન ધૂનને અનૂભવે પ્રેમજોતો પ્રકાસી.

નરહરિ "કક્કા" ની શરૂઆત પણ કૃષ્ણચરણે નિવાસ કરવાની પ્રાર્થના-થી કરે છે. એમાં મુખ્યત્વે બ્રહ્મનું સ્વરૂપ નિરૂપણ અને અદ્વૈતાનુભૂતિની સાધનાની વાત છે. બ્રહ્મનું વર્ણન કરતી ઉલ્લેખપાત્ર પંક્તિઓ તે આ:

ઝલહલ જોતિ અખંડ નહી તે રવિ સસિ વિને:
તુરીયાતીત સુધામવ્યાપક સધલૈ સુન્ય.
ના હું ના તુ લોક નહિ તે નાદ ન બિંદ
જરા મનબુધ્ધિ ચિત ન જાય તે તો વિષય સંધ્ય. ૯-૧૦.

બ્રહ્મમાં ભળી જવું તેને કવિ સહમરણની વધૂના પતિ સાથેના અગ્નિસ્નાન જોડે સરખાવે છે:

જાવો છે મોથને સાથે કાઢિ સતીનો સ્વાંગ ૧૩

"કકકા" માં પણ કવિ વિષયરસનું વિષ માન ઢોળીને હરિરસનું અમૃતપાન કરવાનું ફરી ફરી કહે છે. ભેદભાવનાના રિપુને વૈરાગ્યના ખડ્ગથી છેદવાનો પણ કવિ આદેશ દે છે. બધા સંગનો ત્યાગ કહી રામ સાથે જ રંગ રાખવાની જરૂર છે, સાચું જ્ઞાન શું તે વિશે નરહરિ કહે છે:

સધલે કરિ દ્રષ્ટિ સમાન જ્ઞાન યેહ જ સાચો
જહા લગ સમવિષમ ભાવ ત્યાહ લગે કાચો. ૩૨

આમ "કકકા" માં આત્મજ્ઞાનનું જે સંક્ષેપમાં, પણ બહુ વ્યવસ્થિત નહિ એવું, નિરૂપણ નરહરિએ કર્યું છે, "વિનતી" નું કર્તૃત્વ નરહરિનું જ છે એમ નિ:સંદિગ્ધપણે કરી શકાય તેમ નથી. આમે ય તે કૃતિ કશો વિશેષ બતાવતી ન હોઇ ઉલ્લેખપાત્ર નથી. "આનંદરાસ" ૨૫ કડીની ગેય રચના છે. ગેયતાને ધ્યાનમાં રાખીને જ એની રચના થઇ છે:

હરીગુરૂસંતનાં ચરણને ધાઇયે પરમપુરસ પરબ્રહ્મ ચારાઇયે
ગાઇયે ગુણ રે શ્રી હરી તણા. ૧

એમાં પણ ભક્તિનું પ્રાધાન્ય જણાય છે. સંતસમાગમ કરીને અહર્નિશ કૃષ્ણકથારસ પીવાનો કવિને ઉમળકો છે. પણ આ કૃષ્ણ એટલે જ પરબ્રહ્મ, હરિપદ એટલે બ્રહ્મની પ્રાપ્તિ. એ પદને જે પામે તે હરિજન, માટે કવિ કહે છે.

હરષી હરષીને હરીજન પૂજ્યે સંતસંગ તત્ત્વજ્ઞાન તે બૂઝીયે
ગુઝીયે નહી રે સંસારમાં ૭

"બેહ્મણપાંચ" કરવી છોડીને "નારાયેણ સૂ પ્રીત "માંડવી એ જ સાચું. એમાં બધાં સાધન સમાઇ ગયાં. કવિ ઉદારમતવાદી છે, અન્યની અસહિષ્ણુતા ને આકરાપણું નરહરિમાં નથી. એ તો કહે છે:

જેહ નેં જે ગમે તેહ તાહાં તે કરે
કોઇ તો ગ્રહેમેં રહે કોઇ તો વન ફરે.
પણ મન મરતાં રે મુકુંદ મલે. ૧૧

આમ "આનંદરાસ" માં "પરબ્રહ્મભક્તિ" નો મહિમા કવિ ઉમળકાથી ગાય છે.

"જ્ઞાનગીતા" ની ચર્ચા કરતાં કહ્યું છે તેમ "સંતનાં લક્ષણ " એ "જ્ઞાનગીતા" ના ૧૦-૧૧ કડવામાં આવતાં "સંતનાં લક્ષણોનો જ પુનરુક્તિ છે. એમાં થોડાક શાબ્દિક ફેરફારો હશે એવું જ. તેમ છતાં પૃથક્રૂપે વીસ લક્ષણ ગણાવતી આ કૃતિનું "જ્ઞાન ગીતા"થી નિરપેક્ષ અસ્તિત્વ કોઇ કાળે હશે જરૂં. પાછળથી નરહરિએ એની મોટી રચના "જ્ઞાનગીતા" સમાવેશ કરી લીધો હોય. એક કૃતિમાંનું બીજી કૃતિમાં સમાવી લેવાનો નરહરિને ટેવ છે. એટલે આશ્ચર્ય લાગે છે.

"જ્ઞાનગીતાકની ચર્ચા કરતાં અખો નરહરિનો કેટલે અંશે ઋણી છે એ પ્રશ્ન છેડ્યો હતો, ને કહ્યું હતું કે આ બંને કવિઓ એક જ પરમ્પરાના ઋણી છે એમ કહેવું જ વધુ ઉચિત લેખાશે. એ વાત સાચી છે કે કેટલાક શબ્દપ્રયોગો(દા.ત."શૂન્યમાં હા શોહામણો"), કેટલાંક દૃષ્ટાંતો ને કેટલીક ઉપમાઓ ઈ પરત્વે બંનેમાં સામ્ય છે. પણ આ હકીકત એકનું બીજા પરનું ઋણ પુરવાર કરવા જેટલી વજનવાળી નથી. દૃષ્ટાંતો તો મોટે ભાગે આ પરંપરાના બધા કવિઓ યોજે છે તે જ છે. "કાષ્ઠની પૂતળી"," તે ચવિધ્યાને ઇમ છોડે", જેમ ભુજંગ કંચુકી ત્યજે," "જ્યમ શરદ્કાલે નીર નિરમળ,આકાશ ઓપે અત્યધણું,"- આ તો સર્વસામા-ન્ય જેવી સંપત્તિ છે. આપણે વેદથી માંડીને તે આપણી મધ્યકાલીન જ્ઞાનમાર્ગી ધારા સુધીના ક્રમશ: વિકાસને જોયો છે. જેમાં નાથસંપ્રદાયની વાણી(ગોરખ-બાની, પીતામ્બર દત્ત બડથ્વાલ સંપાદિત, પૃ. ૧૧૩, પદ ૨૧) સાથે બૂટિયાનું "જેણે ગગન દોહીને દુધ પીધાં રે," વાળું પદ કેટલું સામ્ય ધરાવે છે તે જોઇ ગયા. નરહરિ, વસ્તો અને અખોનાં કેટલાંક પદો નરસિંહનાં પદોની યાદ આપે છે. તે પણ જોયું. સૂફીઓએ વાપરેલું પાણી અને બરફવાળું દૃષ્ટાંત તો આપણા લગભગ બધા જ કવિઓએ વાપર્યું છે તે પણ આપણે જોઇ ગયા. સૂફી સંત બુલ્લેશાહની પંક્તિ-

ચૈન હી આપ હૈ બિના નુક્તે સદા ચૈન મહબૂબ દિલદાર મેરા

સાથે અખાની પંક્તિ,

અખા । એન અનેસુ "ગેન" અવે, હૂબન બુઝ્યા બહુત મરે. પણ આપણે સરખાવી. આ ઉપરાંત નરહરિના "ગોપીઉદ્ધવ સંવાદ"(૨, ૧૩)માં આવતી પંક્તિ.

કૂપની છાયા કૂપમાં સમે એ દુષ્ટા સહુ નહી જય રે.

અને આ જ લોકોક્તિનો ઉપયોગ કરતી વસ્તાની પંક્તિ

માંલથી ઉપજે ને માંલ સમે છે જેસે કુપકો છાંલ

પણ કેટલી મળતી આવે છે! ઉદકલહરી, ભૂમિપિંડ, કનક કુંડળ, ઈક્ષુગુડ, દધિઆજ્ય, તીલતૈલ- વગેરે દૃષ્ટાંતો તો આ પરંપરામાં ખૂબ જ વપરાય છે. આ ઉપરાંત, સાકરનું શ્રીફળ, કાચગૃહમાં કૂતરો, લૂણની પૂતળી, કાષ્ઠની પૂતળીનાં દૃષ્ટાંત પણ લગભગ ઘણાખરા કવિએ પ્રયોજ્યાં છે. પેલી નરહરિની ઋણીતી પંક્તિ "જ્યમ સરદકાલે નીર નીરમલ આકાશ ઓપે અત્યધણું" તો કેવળપુરીમાં પણ મળી આવે છે:

કાંઇ શરદ ઋતુનો હોયે પ્રકાશ, અંગમાં હોયે નિર્મળ આકાશ,

આ પરંપરાના કવિઓની ઇમારત, આમ, દીર્ઘકમે ઘડાતી આવી છે ને એનાં ઘણાંખરાં પ્રતીકો, રૂપકગ્રન્થિઓ, દૃષ્ટાંતો-સરખાં જ છે તે આ ધારાના વિકાસક્રમને તપાસતાં આપણે જોયું છે. આથી આ બધા કવિઓ પરંપરાપુષ્ટ છે એમ કહેવું જ વધુ ઉચિત થઇ પડશે.

---

૧૬ સરખાવો વસ્તાની પંક્તિ " ધધનમંડલમાંહા ગોયા વયાણી દુઝે અમૃતધારા"

અખો.

(સં. ૧૭૦૫ માં હયાત)

અખો જ્ઞાનમાર્ગીધારાનો પ્રમુખ કવિ છે. અખાની કૃતિઓ, કૃતિઓનો રચનાક્રમ, કૃતિની દાર્શનિક પીઠિકા, અખાનું કવિત્વ, અખાના ગુરુ – આ બધાં વિશે શ્રી નર્મદાશંકર મહેતા, મંણિલાલ જાની, ઉમાશંકર જોશી, કેશવલાલ ઠક્કર વગેરેએ સમર્થ ચર્ચા કરી છે. એ બધાંનું પિષ્ટપેષણ કરવાની જરૂર લાગતી નથી. અખાનાં પદો તથા પંજાબી મિશ્રિત ગૂજરાતીમાં સૂફી સંજ્ઞાઓનો આશ્રય લઈને રચેલી રચના ઝૂલણા–આટલું જ અહીં અવલોકવા ધાર્યું છે. આની ચર્ચા કરતાં સમાંતર ઉક્તિઓ કે દૃષ્ટાંતો છપ્પા કે અન્ય કૃતિઓમાંથી પ્રાપ્ત થતાં હોય તો તેનો તુલનાર્થે, જરૂર જણાય ત્યાં, નિર્દેશ કરીશું. અહીં તો અખો જ્ઞાનમાર્ગી ધારાનાં લક્ષણોને કેવી રીતે પ્રકટ કરે છે તે જ જોવાનો ઉદ્દેશ છે.

અખાનાં એકસોને બાવન પદ સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય તરફથી પ્રસિધ્ધ થયેલી અખાની વાણી"માં છે. બૃહત્કાવ્યદોહનું ભા.૪ માં પણ અખાનાં ૩૭ પદો છે. "અખાની વાણી" અને બૃહત્કાવ્યદોહન ભા.૪ માંનાં પદો એકનાં એક છે. આ ઉપરાંત થોડાંક પદો"અક્ષયવાણી" માં પણ છે. આ બધાં પદોનું કર્તૃત્વ નિ:સંદિગ્ધપણે અખાનું ન ચે હોય. એ વિશે શ્રી ઉમાશંકર જોશી આદિએ શંકા ઉઠાવી છે જ. પણ જ્યાં અખાની પરિચિત લાક્ષણી અને એનો મિજાજ દેખાય છે ત્યાં કર્તૃત્વ વિશે શંકા રહેતી નથી. પદોના આ વેરવિખેર જથ્થાનું શાસ્ત્રીય સંપાદન થવાની જરૂર છે. વિષયનું રાળંગ નિરૂપણ કરતી કૃતિઓ તરફ જ આજ સુધી વિદ્વાનોનું વિશેષ લક્ષ ગયું લાગે છે. અખાનું પદસાહિત્ય કંઈક ઉપેક્ષા પામ્યું હોય એમ લાગે છે. પદોને પણ પોતાની આગવી વિશિષ્ટતા છે. અહીં આ પદોને આધારે અખાએ જ્ઞાનમાર્ગીધારાને કરેલા અર્પણને મૂલવવાનો પ્રયત્ન કરીએ.

અખો ગુરુ અને ગોવિંદને એક ગણે છે. નિર્ગુણ સાધનમાં ગુરુનું મહત્ત્વ ઘણું છે. અખાનાં પદોમાં અનેક રીતે અખાએ ગુરુનું મહિમાગાન ગાયું છે. બ્રહ્મનો અનુભવ જે બ્રહ્મતુલ્ય હોય તે જ કરાવી શકે. આ વાત અખાએ સચોટ રીતે કહી છે:

> તેજે તેજ જ દેખીએ અને હીરે હીરો વીંધાય,
> તેમ તત્ત્વે તત્ત્વ ઓળખ્યો, એ સદ્‌ગુરુકેરો ઉપાય. (અખાની વાણી, પદ ૧૧)

જે ગુરુને અદ્વૈતાનુભૂતિ સ્વસંવેદ્ય બની હોય તે જ ગુરુ કામનો. આ સાધનામાં અનુમાનાદિ પ્રમાણ નકામા, પ્રત્યક્ષ પ્રમાણ જે આપી શકે તેને જ શરણે જવું:

જાવું તે સદ્‌ગુરુને શરણે,
જે પ્રત્યક્ષ પ્રમાણ પ્રીછવે, બોલે નહિ આવરણે, (અ.વા.પદ.૩૪)

આવા ગુરુનો શબ્દ તે સ્પર્શમણિના જેવો હોય, એ શિષ્યના કથીરનું પણ સોનું કરી નાંખે:

જેમ પારસ પરસે જઈ ધાતુને, આપ ટળીને થાય સોનું,
તેમ ગુરુપારસવડે નર નીપના, કારણ પ્રીછ્યું જેણે ગુરુનું.[1] (અ.વા. પદ.૭૭)

આવા ગુરુને પામ્યાની કૃતાર્થતા પણ અખાએ આનંદથી ગાઇ છે, ને આ આનંદને વ્યકત કરનારાં પદોમાં ઉકિત સ્ત્રીના મુખમાં મૂકી છે તે ઉલ્લેખપાત્ર છે. આ કૃતાર્થતાના ઉદ્‌ગારો સાંભળવા જેવાં છે:

હું તો ભૂલી પડીતી રે ભાત્યમાં, મુને ઓળખાવી જીવની જાત,
સાચા સદ્‌ગુરુજીને સેવતાં, હરિહીરો તે આપ્યો છે હાથ,
(પદ ૧૩૬)

સદ્‌ગુરુજ્યે મંત્ર સાધિયો, મારા કરણદ્વાર મોઝાર
ગુરુજ્ઞાનદીપક કર્યો ગોખમાં, મારા હૃદિયાકમળની માય;
ઉગ્યો અનુભવ ઝરકરે આતમાં, દીઠો ઝળહળ રૂપ
કામક્રોધ કલપના સકળ ટળી, છુટ્યા વિષયતણા વિકાર;
મોહ મૃગજળ માયાને મળતા છુટ્યા સ્વપ્નાં તણા રે આચાર,
દલવરસી દયા ને દીનતા, જ્ઞાનભકિત વિવેક વિચાર. (પદ ૧૩૭)

આ જ કારણે અખાને ગુરુ તે પૂર્ણ પુરુષોત્તમ બ્રહ્મ જ લાગે છે:

પુરુષોત્તમ પરબ્રહ્મ પૂરણ, પ્રગટિયા જુગમીય,
સદ્‌ગુરુરૂપે શોભતા રે, જિજ્ઞાસુની ગ્રહેવા બાંય. (પદ ૧૩૮)

એવા ગુરુના દર્શનથી દુષ્કૃત્ય ટળે છે, સ્પર્શથી પાવન થવાય છે, નિજાનંદ ઊપજે છે ને અવિદ્યાના આવરણ, સરી જાય છે. માટે જ

૧:, સરખાવો:
છપ્પા ૪૪૬ :ઉમાશંકર જોશી સંપાદિત "અખાના છપ્પા" પૃ. ૮૩:

સકળ તીરથનું તીરથ એ, સદ્‌ગુરુ દેવના દેવ;
ધન્ય ધન્ય એ નરનારને રે, કરે મન કર્મ વચને સેવ. (૫૬ ૧૩૮)

આવા ગુરુનું વર્ણન બ્રહ્મવર્ણન કરતો હોય એવી જ રીતે અખો આપે છે.

તે ગુરુ સેવીએ, જેનું મૂલ તોલ ન માપ;
જેને આદિ અંત ને મધ્ય નહિ, તેનો થાય ન કેવો થાપ.
પરપંચથકો પરેરહો, ને લોહચુંબકને ન્યાય,
જડ હતો તે ગુરુ વડે, સંયોગે ચેતન થાય,
જેને નામ ઠામ ને ગામ નહિ, અને સર્વનો વિશ્રામ,
ઉત્પત્તિ સ્થિતિ લય ગુરુ વિષે, અને કહાવે સદાય અકામ.
ગુરુ મારો નવ અવતરે, અને નવ ધરે ગર્ભવાસ,
ઉપજે તે વણસે ખરો, એ તો માયાનો વિલાસ. (૫૬ ૨)

એવા ગુરુને જાત, વર્ણ કે આશ્રમ હોય નહિ. એ તો "સહેજેપણે અવધૂત" હોય. એ ત્રિગુણાતીત હોય. ગુરુને જોઈને અખાને બ્રહ્મને જોયા જેવું આશ્ચર્ય થાય છે:

અખિલ જગત ગુરુમાં રહે, અને ગુરુ રહે નિરધાર,
અન્ય આશ્રિત નહિ ગુરુ વિષે, તે રહે પરાને પાર.
એ અચરજ ગુરુનું ઘણું, જે અરૂપી ને અણલિંગ,
સ્વભાવે સાક્ષી તે સદા, પ્રતિબિંબે પંચ રંગ. (૫૬ ૩)

આવા ગુરુ સાથે જો "માહેરો મેળાવે" તો અવિનાશ સ્વયં મળે, જેને આવા સત્‌ગુરુ મળે તેનું મન વિશ્રામ પામે, એ ચાર અવસ્થામાંથી છૂટે, એને આદિ અંતને રોગ નહિ રહે. "આપના અંધકારમાં" ટળે તે અજાણ્યો થઈને રહેતો હતો, પણ ગુરુ સમાગમથી એ અંધકાર ટળતાં

હવે સહેજને સુખે રમે, નહિ થાય ને ઉથાપ. (૫૬ ૫)

માટે જ જેને સદ્‌ગુરુ મળ્યા તે કૃતાર્થ થઈ ગયા:

સદ્‌ગુરુની જે કળા સમજે, તે તરીને બેઠા તીર,
સિંધુમાંહે રવિ રમે, તેને નિશ્ચે ન બોળે નીર. (૫૬ ૫)

આવા ગુરુ નિસ્પૃહી, નિર્લેપ ને નિર્ગુણ હોય છે, એઓ અનુભવના ભંડાર રૂપ હોય છે. તત્ત્વમાં તદાકાર થયા હોવાથી એમને અખો "પૂરણ પરિબ્રહ્મ" કહીને જ ઓળખાવે છે, એ ગુરુને જ સાચા અર્થમાં બ્રાહ્મણ કહેવાય, કારણ કે

બ્રાહ્મણ તે જે બ્રહ્મ જાણે, અને બ્રહ્મ દેખી બ્રહ્મ ધ્યાય,
આપપણું બેમે નહિ, એવો વસ્તે વસ્તુ સમાય. (પદ ૨૧)

આવા ગુરુ જ "ભવતારક નાવ" બની રહે. એઓ વિરાલંબ ને પ્રપંચવર્જિત હોય, અનાધારના આધાર હોય, પક્ષપાતથી પર હોય. જેને આવા ગુરુ મળ્યા તે ધન્ય થયો :

એવા નર તેને મળે, જેનાં ભાગ્ય હોય નિદાન,
હરિ હસતા રમતા મળે, કહે અખો જો માંડે કાન. (પદ ૨૧)

ગુરુની શોધમાં બહુ સાવધ રહેવાની જરૂર છે, કારણ કે

જેને રે જેવા ગુરુ મળીયા, ભાઇ રે જેને જેવા ગુરુ મળીયા,
તેને તેવી રે ઉપાસના, તે જઇ તેમાં ભળિયા.

સદ્‌ગુરુનો સંગ થાય ત્યારે જ સંશય દૂર થાય, અંતરમાં અનુભવ જાગે, "અસિપદ" માં સ્થિર થવાય, અને "શુધ્ધસહેજાનંદ" સંભવે, બ્રહ્માકારવૃત્તિ થાય, માટે,

અનુભવી નર જો સામું ભાળે, ૩દે સંશેની ગ્રંથી ગાળે,
શુધ સહેજાનંદ સઘળે ભાળે તો, સદ્‌ગુરુ સંતે દયા કરી રે. (પદ ૧૨૨)

આ મહાસુખ અધિકારી હોય તે જ માણે. અખાએ તો "ગુરુગમજ્ઞાન" માં શુધ્ધ સહજાનંદનો" સમરસમેવો" ચાખી લીધો છે, આથી જ તો એ કહે છે:

અભેપણામાં રે આનંદ વાધ્યો, જનમમરણની ભાગી બાંધ્યો;
નિરંકુશ સુખ નિજ પથે વાધ્યો, તો નિરાભાસ રૂપ નિરખતાં રે
(પદ ૧૨૪)

આવા ગુરુની અખો આરતી ઉતારે તે સ્વાભાવિક છે:

આરતિ કરું મારા હરિગુરુ સંત, ટાળ્યા સર્વે ફંદ;
ચોરાસીના ફંદ, હરિગુરુદેવની આરતિ.
આરતિ કરી લઉં ઓવારણાં, ધરું શ્રવણમનન નિજધ્યાન,
સદ્‌ગુરુજીને શિર સોંપતાં રે, મારું ટળી ગયું દેહાભિમાન.
સદ્‌ગુરુજીએ સાનમાં, સમજાવ્યું સુખ અપાર,
બ્રહ્માનંદ સ્વામી અનુભવ્યો રે, જગ ભાસ્યો છે બ્રહ્માકાર. (પદ ૧૩૯)

આ "બ્રહ્માનંદ સ્વામી" શબ્દ વળી અખાના ગુરુ બ્રહ્માનંદ હતા એમ પુરવાર કરવા કોઇ કામે લગાડી બેસે! પણ એ ગુરુને પ્રતાપે જ અખાએ "અક્ષયપણું" અવલોકયું ને એ "પોતાની મોજ" માં વિલસ્યો. દંભી ગુરુ વિશેના અખાના પ્રહારો હવે એટલા તો જાણીતા છે કે એનો અહીં ફરી ઉલ્લેખ કરવો જરૂરી નથી.

અખાએ છાપામાં પણ આ જ રીતે ગુરુનું મહત્ત્વ ગાયું છે:

પ્રભુ પામેલા મારગ એક, સદ્‌ગુરુશરણે જ્ઞાનવિવેક [૨]. (૧૫૩)

સદ્‌ગુરુનો માર્ગ જ સદા અલગ હોય છે. એની ગતિ પંખીના જેવી સળંગ હોય છે, આથી એમાં

પગ ન પડે ને પંથ કપાય, ત્યમ સદ્‌ગુરુમારગ ઉપર જાય. (૨૨૫)

આવા સદ્‌ગુરુ જો દૃષ્ટિનું બ્હાર ઉઘાડી આપે તો સંસાર હરિરૂપે દેખાય (૨૭૧) માટે અખો કહે છે કે:

ગુણ ગાયા પેં ગુરુને શોધ, જે ગુરુ આપે તત્વાબોધ
પરને વળગ્યો હીંડે અંધ, પણ આંધાળો નવ વળગે બંધ.
સદ્‌ગુરુ વિના ગળે બાંધી શલા, એમ અખા ભમ્યા ભલભલા. (૨૮૪)

પણ આગળ કહ્યું છે તેમ જે પ્રત્યક્ષ પ્રમાણ આપે તે જ સાચો ગુરુ. આ જ વાત અખો છપ્પામાં જરા જુદા મિજાજથી કહે છે:

પ્રાપ્ત રામ કરે તે ગુરુ, બીજા ગુરુ તે લાગ્યાં વરુ. (૩૦૦)

સાધનાની અમુક કક્ષાએ પહોંચ્યા પછી, ગુરુને બહાર શોધવાની જરૂર પડતી નથી. પછી તો અંતર્યામી જ સાચો ગુરુ બની રહે છે, ને બીજા ગુરુઓ તો "બાજીગર-મહોર" જેવા લાગે છે. પછી તો "આતમથી આતમ જડે, એ કક્ષા પ્રાપ્ત થાય છે (૩૩૬)

સાચા ગુરુને સાચો શિષ્ય પણ મળવો જોઇએ. એવા વિરલ સંયોગનું વર્ણન કરતાં અખો કહે છે:

ગુરુ શિષ્ય કેરી સાંભળ જુકત, સ્વાતિબિંદુ જામે જ્યમ શુકત,
જેવે આદરે કરીને ગ્રહે, તેવું મુકતા જામી રહે.
ત્યમ આદરવંતને વચન જ ઠરે, જો અખા સદ્‌ગુરુ આદરે. (૪૫૧)

૨: છપ્પાનાં અવતરણો શ્રી ઉમાશંકર જોશી સંપાદિત "અખાના છપ્પા" માંથી ટાંકયા છે.

માયાની મહામોટી જાળ પાથરીને કાળ ઊભો રહે છે, એમાં વિશ્વ ટોળે મળીને પેસીને છે, પણ પછી નીકળી શકતું નથી, પણ

અખા જેને સદગુરુની દયા, તે ઝીણા થઇને નીસરી ગયા. (૭૪૯)

માટે

પ્રથમ ગુરુની પૂજા કરે, પછે રામનામ હૃદેમાં ધરે. :૭૫૦:

બ્રહ્મસ્વરૂપનું વર્ણન અખાએ વિવિધ રીતે આ પદોમાં અને એની અન્ય રચનાઓમાં કર્યું છે. અખાને બ્રહ્મના વર્ણનને માટેની ઘણી ઉપમાઓ પોતાના સોની તરીકેના ધંધામાંથી ને ટંકશાળમાં સિક્કા પાડવાના વ્યવસાયમાંથી સાંપડી છે. નામ અને રૂપ તે બ્રહ્મના વિકાર છે એ કહેવા માટે એ ધાતુના સિક્કાના દૃષ્ટાંતનો ઉપયોગ કરે છે:

નામરૂપ નરને વિષે, જેમ ધાતુ ઉપર મોહોર;
ધાતુઠામે બ્રહ્મ જાણો, માંહે નાના નામ અંકોર. (પદ ૬)

કેટલીક વાર પ્રચલિત ઉપમાદૃષ્ટાંતોથી જુદાં, પોતાનાં આગવાં, ઉપમાદૃષ્ટાંતો પણ અખો બ્રહ્મનું વર્ણન કરતાં યોજે છે. પરા વિદ્યાના સૂર્યનો ઉદય થતાં અવિદ્યાનો લોપ થાય છે. એ તો આ પરંપરાના લગભગ બધાં જ કવિઓએ કહ્યું છે, પણ અખો બ્રહ્મ સાથેની અભેદાનુભૂતિની વાત જુદી જ રીતે કરે છે. ગાઢ અન્ધકારનું પોતું રૂપની રેખાને ભૂંસી નાખે છે, ત્યારે બધું અભિન્નભાવે એક થઇને રહે છે. આ અનુભવની સાથે એ બ્રહ્મ સાથેની અભેદાનુભૂતિને સરખાવતાં કહે છે:

હું નહિ તું નહિ તે નહિ, એહવું તે તેમનું તેમ,
મહાતિમિર માંહે માનવી, નિજ અંગન દેખે એમ. (પદ ૧૨)

કેટલીકવાર આત્મીયતાને દાવે આપણે જેમ કોઇ મિત્રની હાંસી ઉડાવીને, હાંસી ઉડાવતાં જ પ્રેમને પ્રકટ કરીએ તેમ અખો બ્રહ્મના વર્ણનમાં કરતો દેખાય છે:

બહુભાગોને પાંગળો, બે ચાર છ ને આઠ,
કહીં ખાગો ને કહીં અણખાગો, એવો વાંકો વસમો ઠાઠ
કહીં અધમુખો આખો સદા, કહીં બેઠો બારે કાળ,
ઉભો ફરતો શ્રીહરિ, કહીં વૃધ્ધ જોબન ને બાળ.

..... દીન દુર્બળ બીહામણો, કહીં અહંકારી આનંદ,
સઘળી પેરે પીર્યું તમો, શોધતાં ન મળે ગંધ. (૫૬ ૧૩)

આવી "રમણહારા રામ" ની રમત અખો આનંદથી જુએ છે ને વર્ણવે છે. બ્રહ્મની સ્વયંપૂર્ણતાને અખો સુપરિચિત પણ સચોટ એવો દૃષ્ટાંતની મદદથી આમ સમજાવે છે:

દિનકરને દીપ જોઈયે નહિ, ભાઇ શૂરાને નહિ સાહય,
સ્વયં પોતે પૂરણ સદા, તે ભ્રાંતિ પડયે રહી જાય. (૫૬ ૨૨)

જળને તૃષા પીડે નહીં, વૃક્ષને શીત પીડે નહિ, પાષાણથી પાવક પ્રકટે ત્યારે ધૂમાડો હોય નહિ. નરહરિએ "જ્ઞાનગીતા" માં ને અખાએ પોતે "અનુભવબિન્દુ" માં વાપરેલી ઉપમા અખો અહીં ફરી વાપરીને કહે છે:

જ્યારે શરદ કાળનો શશી ઉગે ત્યારે, નિર્મળ થાય નભવાસ,
ત્યમ વસ્તુ વિચાર વિગતે કરે, તેને આતમ તત્વ અવાસ. (૫૬ ૨૨)

પણ જે "વાણીમાં ના'ય વે" તેવા "અક્ષરાતીત હરિ" ને વાણી શી રીતે વર્ણવે? માટે અખો કહે છે:

એ ચારોપીને બોલિયું, પણ ઉચરવા નહિ એક,
અખો કહે સમજી શમે, રહે ને તિનેતિ શેષ. (૫૬ ૨૨)

જે વાણીથી વર્ણવ્યું ન જાય તેને વર્ણવવાને જ અવળવાણીનો આશ્રય કવિને લેવો પડે. અખો પણ અવળવાણીનો આશ્રય લઇને કહે છે:

વણ ચિતા વણ વરઅડો, જઇ ગગનમાંહે ભોર્યો
ફાલ્યો ફુલ્યો બહુ ફલ્યો, ત્રિલોકમાં ફોર્યો.
પગ વિના પગ કાઢવો, વણવાટે દીવો બોવો
જે ઘર જાવું મુઆ પછી, તે ઘર જીવતાજોવો. [૩] (૫૬ ૩૬)

૩: આ જ પંક્તિઓ શબ્દાંતરે પદ ૪૧ માં પણ આવે છે:
પૃથ્વી વિના પગ પરઠવો, વણ વાટે દીવો,
જે ઘર જાવું મુઆ પછી, તે ઘર જીવતાં જુવો.

જે સ્વાનુભવથી હરતાં ફરતાં બ્રહ્મવત્ થઇ ગયું હોય તેને અખો અનાયાસ સરળતાથી સૂત્રાત્મક રીતે કહી શકે છે:

વ્યાપ સમાવો રે આપમાં, આપું આપમાં ગાળો
અણલિંગી લિંગ લય કરે, તેણે એને જ ટાળો. (૫૬ ૪૨)

આવું જે કરી શકે તે જ પછી આનંદથી ગાઇ ઉઠે છે:

જ્યારે આપ આપું રે ઓળખે, ત્યારે અમૃત વરસે,
પોતે પૂરણ દશે દિશા, જ્યારે આપ જ દરસે. (૫૬ ૪૩)

આમ જે "સમજે" તે "સ્વે" થઇ જાય, તે "હું એ હું ને ઓળી કાઢે" છે. એ બ્રહ્મના રૂપનું તે શું વર્ણન કરવું?

શાં શાં રૂપ વખાણું, સંતો રે શાં શાં રૂપ વખાણું,
ચંદા ને સુરજ વિના, મારે વાયું છે વહાણું.
નેજાં રોપ્યા નિજ ધામમાં, વાજાં અનહદ વાજે,
ત્યાં હરિજન બેઠા અમૃત પીયે, માથે છત્ર વિરાજે.
નુરત સુરતની શેરીઓ, અનભે ઘર જોયું,
ઝળમળ જ્યોત અપાર છે, ત્યાં મુજ મન મોહ્યું.
વિના રે વાદળ વિના વિજળી, જળસાગર ભરીયું,
ત્યાં હંસરાજા ક્રીડા કરે, ચાંચે મોતીડું ધરીયું. (૫૬ ૫૩)

આ હરિને જે હરિવત્ થયો હોય તે જ જોઇ શકે.

સૂરજકાન્ત સૂરજે કરી દેખીએ, ત્યમ હરિતણી દષ્ટિએ હરિ જણાવે.
આ ભુવનમાં "સ્વામી" નો "અખિલ રાસ" ચાલી રહ્યો છે ને (૫૬ ૫૬)

"ભૂવનેશ્વર" પોતે એને માણી રહ્યા છે, છતાં "મીઠો" છે, કારણ કે સ્વામી "પ્રીતિના પાલક" છે ને એની પ્રીતિ કેવી છે

તે પ્રીતિનાં મૂળ પાતાળ સુધી ગયાં,
ઉખડે નહિ કદી પાછાં ફેરો,

અને સોની અખો ફરી પોતાના વ્યવસાયમાંથી દષ્ટાંત શોધી લાવે છે:

પ્રીતિ પરિગ્રહની અધિક વાધે,
જેમ સુવર્ણ સદા પરશે એક વાનો વધે,
ધાત બીજી શોધી ન લાધે. (૫૬ ૬૯)

આ "પ્રીતિના પાલક" ના પર વારી જઇને અખો ઉલ્લાસમાં આવીને ગાય છે :-

વહાલા! શા સરખો તુજને કહું, નહિ રૂપ ને રેખા,
તુંને ઉપમા દેવા કંઇ નથી, નહિ વર્ણ ને વેષા,
સ્થૂલ કહું તો કયાં લગો, મન વાણી ન જાયે;
સૂક્ષ્મથી સૂક્ષ્મ ઘણું, પરમાણું ન થાયે,
દીર્ઘ નહિ, લઘુ નહિ, અધ ઉર્ધ્વ ન કહેવાયે;
દેશકાલ વસ્તુ નહિ, એમ વેદ જ ગાયે.
અજરામર અછેદ્ય તું, વહાલા વચને ન આવે,
સદા સદોદિત ઝળહળે, અવિગત જ કહાવે.
વહાલા કહું નિર્મળ તાલ્યરો, કંઇ રમત જ ન્યારો,
વેશે વહેવારે જે વાધશે, તેની બુધ્જાય હારો.
તું અકર્તા રે વિલસ્યો, તારું સામર્થ્ય પ્રૌઢું,
જો તે પુરું તો પડે, જો વસ્તુ હોય થોડું.
એમ વિચારી જોયું અખે, આપું હરિમાંહે ખોયું.
સમ વિષમતા રહી ગળી, ધામ મૂળનું જોયું. (પદ ૯૪)

અખાની "બ્રહ્મકુમારી" બુલંદ છે:

હું પડ છંદો તાહરો, ત્હારે તે શ્વાસે શ્વાસ;
મન તું તન તું ત્રિકળો, તુજ માંહે તે માહરો વાસ.
.... જ્યારે હું થઈને તાહરું, કાઢવા જાઉ છેદ,
ત્યારે વિલય થાઉ વિચારતાં, તો કોણ કહે બે એક.
ચારોપણ હું તું પણું, એ સમર્થતાની ગુંજ,
હું હું ને પ્રણમી કહું, એ આપે આપની સુજ. (પદ ૭)

બ્રહ્મ અને એમાંથી પ્રગટ થતા બ્રહ્માંડના પ્રપંચને અખો દર્પણની પ્રતિબિંબ પાડવાની "ભાસક શક્તિ" નું દષ્ટાંત આપીને સમજાવે છે:

જ્યમ દર્પણ ઝળકે સોસું લાગ્યે,
ભાસક શક્તિ કર્યા હુતી આગે.
કાચને પોષણ-સીસા કેરૂં,
કોણ જુવે કે શું છે પાછેરૂં.
પિંડબ્રહ્માંડ તે કાંય જ રથાની,
તેનું પોષણ્ણું વસ્તુ સદા અમાની.
તે નહિ ઉંચો કે નીચો પાતાલે,
દશે દિશાસહિત સહુનું આલે. (પદ ૧૦૯)

બ્રહ્માંડ રચનાર બ્રહ્મની લીલાથી મુગ્ધ થઇને અખો એને "બજાણીઓ" કહીને બિરદાવે છે ને એના જાદુને વિગતે વર્ણવે છે:

વારી જાઉં રંગ બજાણીઆ, તેં તો ભલોભજાવ્યો ભેખ;
સ્થાવર જંગમ જોતાં જુજવો, અંતર વસ્તુ એકની એક.
પ્રથમ પડદો માયાનો રચ્યો, માંહે પ્રગટાવ્યાં પંચે ભૂત,
આડે આવરણ છાયો અંગમાં, લાગ્યો લખચોરાશી રૂપ.
ગગન ધર રચ્યું વર્ણબોલનું, માંહે ચીતર્યાં ચૌદ માળ;
વિશ્વરૂપે વસ્યો વિહ્વલા, તેની ભણ્યા ભૂલી ગયા ભાળ.
ચાર જુગની રૂડી રજની, ધર્યાં દીપક બે શશિસૂર્ય;
ષટદર્શન ખેલ મચાવીઓ, જોતાં જુગતું ભરપૂર.
---- સાતસાયર ભર્યાં નીરના, રેંટ ચક્ર ફરે વાયુવેગ;
નવસેં નવ્વાણું નદીની નીકમાં, ઉપર સીંચતો માળી મેઘ.
રંગ ઢંગ તારા શું કહું, નહિ નંદવા ઠાલું ઠામ,
એવું લહિ અખોલેવંતો રહ્યો, જોતાં સઘળે સરખો રામ. (પદ ૧૪૦)

આ લીલા રચનાર, આ ક્રીડા કરનાર બ્રહ્મને અખો "નિત્યવિહારી" કહીને પણ સંબોધે છે. એ નિત્યવિહારી સદા વસંત ખેલે છે, એની રમતનો આદિ ગૂંત નથી, એ વસંત પંચરંગી છે, એમાંથી "મહા સુ-દરતા" જ-મે છે. આ નિત્યવિહારીની રમતની એવી મોહિની છે કે એમાં કોઇની સુધ રહેતી નથી. આથી અખો કહે છે:

અખા આપોપું મોટું ત્યાંહાં
સ્વે સમરસ થયા રે મરી જોતાં. ૩.

અખાને સમરસ થઇને "મરી" જવાનું પસંદ છે, એને "ઉમેરણ ઉસારણ" કરવું રુચતું નથી. અખંડ બ્રહ્માનું ખંડન શા માટે કરવું? ""હુંપણા" ની હદ ભાંગી પછી કેવળ એ જ અદ્વય૬ રહે છે.૪. અખો "છાંછલપાંછલ" ની કડાકુટમાં પડવા તૈયાર નથી. પિંડપરિચય ખંડિત હોય, પણ "આતમપરિચય" તો અખંડ જ હોય.૫. લોકો દ્વૈતની વાત કરે છે તે અખાને ટીખળ જ લાગે છે, ને તેથી એને હસવું જ આવે છે.૬. હું તું નો ભેદ તે ભેદ જ નથી, એની અભિ-નતા અખો એક સચોટ દષ્ટાંતથી સમજાવે છે:

જ્યમ મોહરમાં બે વાજે સાદ, તે એકલો ગારુડી પુરે નાદ.
એ અખા એવો શો ભેદ, હું તું શું ને શો વિધિનિષે ધ? ૭.

દ્વૈત છે ત્યાં સુધી જ પક્ષાપક્ષી છે, ત્યાંસુધી જ મુક્તિ અને બંધન છે, કારણ કે જીવ ભગવાનથી ભિન્ન હોય ત્યારે જ બંધનની દશાને પામે.૮. આ સમજાવવાને અખો બેતરમાં પણ પહોંચે જાય છે:

સ્વે પરમેશ્વર વ્યાપી રહ્યો, અનંત કોટિ રૂપે એક થયો.
જ્યમ જુવાર છોડ સહિત પાનોઠ, ત્યમ એક બ્રહ્મ સઘળે આઠોઠ. ૯.

દ્વૈત અદ્વૈતની ગૂંચવણમાં પડેલાને અખો સાદો હિસાબ સમજાવી દે છે:

જીવતણું જે જીવ-જ-પણું અને ઐશ્વર્ય ઇશ્વરતણું.
એ બેના બે વિકાર જો તજે, તો શેષ ભાગ અખા નીપજે. ૧૦.

૩: અપ્રસિધ્ધ અક્ષરવાણી, પદ ૩, પૃ. ૧૯-૨૦ ૭: એજન, ૩૦૩, પૃ. ૫૭
૪: અખાના છપ્પા, ૨૬૦, પૃ. ૪૯. ૮: એજન, ૩૦૯, પૃ. ૫૮
૫: અખાના છપ્પા, ૨૭૬, પૃ. ૫૩. ૯: એજન, ૩૬૮, પૃ. ૬૯
૬: એજન, ૩૦૨, પૃ. ૫૭, ૧૦: એજન, ૪૧૮, પૃ. ૭૭

અખો બેધડક કહી દે છે કે જે દીસતું નથી તેને જ સત્ય જાણો, જે દીસે છે તેનું પ્રમાણ નથી. દષ્ટ પદાર્થ તો જૂદો થાય છે, જેમ સોનું એમને એમ રહે છે, પણ એનો ઘાટ ભાંગી જાય છે. આથી અખો અત્યંત સંક્ષેપમાં એક મુદ્દાની વાત કહી દે છે: "જે લખે તે તેહવો થાય."[૧૧] બ્રહ્માની પ્રત્યક્ષતા અનુભવગોચરતા વિશે અખાને કશી અવઢવ છે જ નહિ, એ તો નિ:શંક કહી દે છે:

તે નોહે ખૂણે બાંચરે, આ પ્રત્યક્ષ મુખે મુખ વાતો કરે. [૧૨]

સગુણ અને નિર્ગુણ વિશે અખાનું મંતવ્ય રપષ્ટ છે:

આગળ સગુણ નોપજતું જાય, પાછળ નિર્ગુણ થૈ ઓલ ભૂંસાય. [૧૩]

નિર્વેવોના સર્વ અવેવ, મહાનિધિમાંથી સર્વે ભેવ.
રમીરમી પાછો રસ થાય, અખો રામ એવાને ગાય. [૧૪]

સગુણને ગાઇ શકાય, સગુણને જ સર્વ ઉપમા ઘટે, અને ઉપમા તે સર્વ માયાવડે છે, એ કૈવલ્યને ચડતી નથી. આથી જે ઉપમા અને ગુણ બંનેને વહી જાય છે, જ્યાં "થાવા" અને "જાવા" નથી ત્યાં વાણી શું કથી શકવાની હતી? [૧૫] અમૂર્તિની મૂર્તિઓ ઘણી છે, અણનામીનાં નામ ઘણાં છે, અકર્તા સર્વ કર્મ કરે છે, "અવાંચી" વચન ઉચ્ચરે છે. [૧૬] ભક્તિ રસથી કર્મરસ વિસરાઇ જાય તે અખાને ઇષ્ટ નથી. ઇશ્વર સાથે રતિ બાંધવાનો ઉદ્દેશ "સૂરત" નું ચૈતન્ય મય કરવાનો જ છે. પણ સગુણ ભક્તિથી "મોહવ્યાપાર" મંડાવાનો ભય રહે છે. [૧૭] રામને સર્વાવાસ" જાણીને ભક્તિ થાય તે જ સાચી, બાકીની બીજી ભક્તિ મોહને ઘાટ જ ઉતારે. [૧૮]

બ્રહ્મા વિષ્ણુ અને શિવ વિશે અખો કહે છે:

તે મહાનિધિ સઘળો પોષાય, અવિરલ પ્રવાહ ચાલ્યો જાય.
વિષ્ણુ બ્રહ્મા શિવને શેષ નાગ, ઐશ્વર્ય અધિકા સોઇનો ભાગ,
ત્રિગુણાતીત વડે એ સહુ, અખા સમજે તો વારુ બહુ. [૧૯]

૧૧: એજન, ૪૭૫, પૃ. ૮૭,
૧૨. એજન, ૪૮૨, પૃ. ૮૯
૧૩: એજન, ૫૧૫, પૃ. ૯૫,
૧૪. એજન, ૫૧૬, પૃ. ૯૫
૧૫: એજન, ૫૫-૫૬, પૃ. ૧૨,
૧૬: એજન, ૫૩૮, પૃ. ૯૯
૧૭: એજન, ૫૪૬, પૃ. ૧૦૦,
૧૮: એજન, ૫૪૮, પૃ. ૧૦૧
૧૯: એજન, ૫૫૧, પૃ. ૧૦૧

અરૂપી અગોચર રહીને બળ કરે છે, વૃક્ષને પોષ નારું જળ જેમ અપ્રકટ રહીને એનાં થડ શાખા પલ્લવમાં સંચરે છે તેમ.[૨૦] માટે જે પિંડ શોધશે તેને પ્રાણેશ્વર જડશે. [૨૧]

આ પ્રાણેશ્વરને પામવાને માટેની સાધના કેવી હોય? અખો "છાંછલપાંછલ" માં માનતો નથી. આ પરંપરાના અન્ય સાધક કવિઓની જેમ એસહજ સાધનાનો પુરસ્કર્તા છે. પ્રથમ છપ્પામાં જ એ આપણને કહે છે: "ચુતર આવે ત્યમ તું રહે". સાધનોની કે આચારની જટાજાળ એને પસંદ નથી. એ તો કહે છે: "સહેજે જે થાયે તે થાય.[૨૨] આ વાત એણે જુદેજુદે રૂપે ભાર મૂકીને ફરી ફરી કહી છે: "હરિ જાણી તું ચૂએ નર્યંત, એ સુલભ મારગ સમજ્યા સંત," [૨૩]: "હરિની તું પ્રીછી લે પેર, પછે ફર બહાર કે બેસી રહે ઘેર";[૨૪]: સહેજે નર થાયે નિષ્કામ, તો નથી લેવા જાવો રામ."[૨૫] વાદવિવાદ ને વિતંડામાં પડી બુધ્ધિની પટાબાજી બેલવા જશો તો નશીબે ખોટી તાણાતાણ જ રહેશે:

તાતપરજમાં તાણાતાણ, સહજમાં નહીં વૃધ્ધિ ને હાણ,
સહજ તે સ્વેં હરિનું રૂપ, તાતપરજ તે જીવસ્વરૂપ.
અખા તે માટે સહજ જ સાર, ચૈતન્ય પરમેશ્વર નિરધાર. [૨૬]:

અખો તો હસતાં રમતાં હરિમાં ભળવાનું પસંદ કરે છે, ને માટે જ એ દેહદમન અને એવા બાહ્યાચારની જટાજાળમાં પડેલાને કહે છે:

એ સુખ મારગ મેલીને સઠ, કાયક્લેશ કરે કાં હઠ?[૨૭]:

૨૦: એજન, ૫૭૮, પૃ. ૧૦૬,
૨૧: એજન, ૫૮૧, પૃ. ૧૦૬,
૨૨: એજન, ૧૮ , પૃ. ૫૪,
૨૩: એજન, ૫૨, પૃ. ૧૧
૨૪: એજન, ૯૫, પૃ. ૧૭.
૨૫: એજન, ૯૪, પૃ. ૧૯,
૨૬: એજન, ૧૩૮, પૃ. ૨૭.
૨૭: એજન, ૨૪૫, પૃ. ૪૭

અખો આના સમર્થનમાં પોતાના અનુભવની સાખ પૂરતાં કહે છે:

હરિ પામેવા સહુ તપ કરે, ને અખો હરિમાં મહાલે ફરે.
મારે સમરસ સહેજ સંયોગ, સાવ સ્વતંતર પામ્યો ભોગ. ૨૮:
જ્યમ ભરસાગર તિમિંગલ રમે, તેમ હું હરિમાં તો દેહ કોણ દમે?

ભરસમુદ્રમાં માછલીને જેમ તરવું તે રમતવાત છે, પંખીને જેમ આકાશમાં ઊડવું સહજ છે તેમ સાધકને સૂઝ સહજ છે, એ સાનમાં સમજી લેવાની વાત છે. ૨૯: કુંવારી વરને પામવા માટે એનું નામ રટે નેવ્રતજપની આળપંપાળમાં પડે પણ જે સોહાગણ છે તેના સ્વામી તો સદા સંગે જ રહે છે, પછી તે કકળાટમાં શા માટે પડે? ૩૦ આ તો "અખંડ એવાતણું" પામેલાની વાત છે. તપતીરથ કરવાં, દેહદમન કરવું એ તો "સર્વ મનની તોર" છે, એવી "કોડી વટાવ્યે નાવે મહોર!" ૩૧: અખો તો માને છે:

"અખો વસ્તુ છે સહજે સહેજ, ૩૨: જેનો જેનો "નગદ માલ ઉધારે પડ્યો" હોય તેવો જીવજ્ઞ રઠવડે. પણ

નવ
નિસ્પ્રેહિ નર કરે, બેસતણો વેહેવાર,
તે સેજ શૂન્યે સમી રહે, લોક જુવે આકાર. ૩૩. (પદ ૩૨)

આમ "સહજ સત્ય" સમજે નહિ તો બધું કાચું જ રહી જાય. આ "સહજ" નો મહિમા ગાતાં અખો કહે છે:

મન પવન પહોંચે નહિ તે ઘર સહજે લીધાં. (પદ ૪૧)

આ સહજ અથવા "સુલભ માર્ગ" તે જ સંતની કળા છે. ૩૩: બ્રહ્મ સાથેની અભેદાનુભૂતિ આટલી સહજ છે માટે જ એનો આનંદ અદ્‌ભુત છે:

આનંદ અદ્‌ભુત આયા, અબમોહે આનંદ અદ્‌ભુત આયા.
કીયા કરાયા કછુવી નાંહી, સેજે બીયાજીકું પાયા.
દેશ ન છોડ્યા વેશ ન છોડ્યા, નહિ છોડ્યા સંસારા. (પદ ૧૨) ૩૪:

૨૮: એજન, ૨૫૮, પૃ. ૪૯.
૨૯: એજન, ૨૮૭, પૃ. ૫૫.
૩૦: એજન, ૨૮૯, પૃ. ૫૫.
૩૧: એજન, ૩૧૪, પૃ. ૬૦.
૩૨: એજન, ૫૩૨, પૃ. ૯૮.
૩૩: એજન, ૫૬, ૬૭,
૩૪: ૫૬ ૧૩૦.

અખાને મન તો જે કાંઈ છે તે "સહજ સાગરની લોઢલહેરી" જ છે. અખો તો નિરાંતે "છોગાં મેલીને" ફરવામાં માને છે. જડ બાહ્યાચાર અખાને જરા ય રુચતો નથી. એના પર એણે સખત કોરડો વીંઝ્યો છે. આવો બાહ્યાચાર ને "અણપ્રીછ્યાની ઉપાધ" છે, પણ જે પ્રીછ્યો છે તેને તો બધું પાધરું જ છે. સાચી "પ્રીછ" વિના દેવદેવીને પૂજનારને, સ્વર્ગની કામના કરનારને અખો એની લાક્ષણિક રીતે મદારીના માંકડા જોડે સરખાવે છે:

એમ મુંડાકેરું માંકડું, તે ઘર ઘર માગે ભીખ,
પગે લાગે ને પેટ દેખાડે, તોયે ન પામે શીખ. (પદ ૧૦)

"સંતની સાન" જ સમજી લેવાની જરૂર છે પછી

અન્ય સાધન સાંભળી, તું મેલા કરે શીદ કાન? (પદ ૧૧)

પ્રભુને પૂજવાને માટેનો આ ધખારો શા માટે? એણે નાહકની કેટલી આળ પંપાળ ઊભી કરી છે! જે રામ અરૂપી છે તેને તમે કઈ ધાતુની મૂર્તિ રચીને ધ્યાઈ શકશો? તેમ છતાં કાષ્ઠ માટી પાષાણ અને ધાતુની મૂર્તિ રચે તે "ભૂલવણીનું નામ" જ છે. આવા ભૂલભણીમાં ફસાયેલાને અખો સ્પષ્ટ સમજ પાડીને કહે છે:

દેવદેવી પંચભૂતનાં, પંચભૂત પૂજે સોય;
સામગ્રી પણ પંચભૂતની, પંચભૂત વિના નહિ કોય. (પદ ૧૪)

એ પૂજાનો અર્થ શો? તો સાચી પૂજા કોને કહેવાય?

પંચાતીતને પામીએ, તો પૂજ્યાનું પ્રમાણ,
અજાણે કરે આરાધના, તે ફુસકા ફુટે અજાણ. (પદ ૧૪)

સદ્‌ગુરુની દૃષ્ટિ પામીને જોતાં રૂપ અને અરૂપ સમરસ થઈ જશે ને માટે જ અખો કહે છે:

અખા અર્પે આપને, તો સમરસ સાચી સેવ. (પદ ૧૪)

યોગ યજ્ઞ તીર્થ વ્રત એ તો મનનું કૃત્ય છે, મન તનનું બીજ છે, એ બીજ બળે નહિ ત્યાં સુધી એનો વિસ્તાર થયા જ કરવાનો.[૩૫] ~~એવો~~ " માટે અખો

૩૫: પદ ૩૯,

બાહ્ય મૂકીને અંતરને આરાધવાનું કહે છે. [૩૬:] એવો "અંતર્દૃષ્ટિ" પછી કશાં જપતપ કે સંયમ આચરવાની જરૂર જોતો નથી. [૩૭:] "વેષ ટેક" તો આડી ગલી જછે, એમાં પ્રવેશેલો કદી બહાર નીકળી શકે નહિ. [૩૮:] કાયાકલેશે તો "ગાભ વાધે", તીર્થસ્થાન કરવાથી શું?

પોતાનાં પખાં નવ જુએ, અને હાડચામડાં મૂરખ ધુએ,
શુધ્ધ કયમ થાય જો ચામડું મોટુંમાંહે એ વાંકડું. [૩૯.]

જે રડવડે તેને રામ ન મળે, એમ રડવડતાં ઊલટાને એ ઘરસુખથી પણ ટળે! રામ તો ઘેર બેઠાં મળે. [૪૦:]

તપ ત્યાગ કરી તીરથ ફેર કે વનિતા વેઠી રહેજે ઘેર
એ કાળાધોળા બેઉએ કેશ, અખા હરિ જાણી બેય રેશ. [૪૧:]

બાહ્યાચારની જટાજાળમાં પ્રાપ્તિ અલ્પ છે ને આયાસ જ અતિ છે. [૪૨:] યોગીને પણ "સિધ્ધરિધ્ધિની બગાઇ" લાગે. [૪૩:] અડસઠ તીર્થને સાચાં તીર્થ નથી, મંદિરમાંની મૂર્તિ તે સાચા દેવ નથી:

તન તીરથ તું આતમ દેવ, સદા સનાતન જાણો ભેવ,
અડસઠનું અધિદૈવત સદા, તે જાણ્યે ટળે કોટિ આપદા.
તે તીર્થ મજ્જન કીધું અખે, જન્મમરણ નહિ તેને વિખે. [૪૩:]

વર્ણભેદ, કુલીનતા, ઊંચનીચનો ભેદ પણ સમદૃષ્ટિ સાધકને હોય નહિ, આથી અખો કહે છે:

આત્મા એક છે રે, ભાઇ, એક ઉદક એક ઘાણ,
બાહેર આવી ઉત્તમ મધ્યમ, થઇ છે જેવાતાણ,
બ્રાહ્મણ ક્ષત્રિ વૈશ્ય શૂદ્ર, વિધવિધનારે વિચાર,
સરે જોતાં સોનું એક છે, એના ઘાટ ઘડ્યા બેચાર. (પદ ૩૩)

૩૬: પદ ૮૩, ૩૭: પદ, ૧૧૧, ૩૮: અખાના છપ્પા, ૧, પૃ. ૧
૩૯: એજન, ૧૦, પૃ. ૩ ૪૦: એજન, ૮૩, પૃ. ૧૭,
૪૧: એજન, ૮૬, પૃ. ૧૭, ૪૨: એજન, ૧૧૦. પૃ.૨૨, ૪૩: એજન ૧૪૧, પૃ.૨૭
૪૩: એજન, ૪૦૫, પૃ.૭૫

સાધકો તો "અચ્યુત ગોત્ર"ના હોય, કૃષ્ણની વાણી સમર્થનમાં ટાંકીને અખો કહે છે:

જાત ને વર્ણ આધીન કુલકર્મ છે, ઉત્તમ મધ્યમપણું કાંઈ ન લાગે
કૃષ્ણ કહે મારો જન જ્યારે થયો, કો ટી કોલ ભિન્ન ભક્ત દેખી ભાગે.
વિશ્વ સકલ રચ્યું ગોત્ર નાના વિષે, દેવતા તેહમાં ભિન્ન કહાવે,
અચ્યુત ગોત્ર જન જેહ મારા થયા, જો મનકર્મ વચન મુજબ શરણ આવે.
(૫૬ ૬૫)

હરિજનનું રૂપ તે હરિનું જ રૂપ છે, એનાં જાત ને વર્ણ પૂછવાનાં હોય નહિ. વર્ણાશ્રમને માનનારા આખરે હારે છે.[૪૪] છપ્પામાં તો અખો આ વાત ફરી ફરી ભાર મૂકીને કહે છે:

શ્વાન શ્વપચગૌ બ્રાહ્મણ જોય, રામ થકી નહિ અલગો કોય. [૪૫]

ચૈતન્ય જ એક મૂળ તત્ત્વ છે, માટે

ઉચ્ચ અરારે ઉચ્ચ મજાણ, નીચ તે નોહે નીચ નિર્વાણ
ઉચ્ચમાં રામ ભમણો નથી ભર્યો, અને નીચ પિંડ ઠાલો નથી કર્યો. [૪૬]

આ વાત નહિ જાણનારા મૂર્ખ જ વર્ણના અહંકારને સેવે છે:

ભૂત પંચતણો સંસાર, મૂરખ વહે તે વરણ - અહંકાર,
એ તો ભાત ચલાવા વર્ણાવર્ણ, કો મસ્તક, હસ્ત, કટિ, ચર્ણ.
બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર એ હરિનો પિંડ અખા કોણ ક્ષુદ્ર? [૪૭]

પિંડ અને બ્રહ્માંડ ને સમરસ હોય તો શું શાથી કહો ઓળગુ પડે?[૪૮] આથી અખો એક વાક્યમાત્રમાં આવો નિષ્કર્ષ કાઢીને કહી દે છે:

જાત વિચારે તો આતમા, અને આશ્રમ તો તારો તુજમાં. [૪૯]

આ "જાત વિચાર" - આત્મવિચાર એ જ સૌથી મોટું સાધન છે. માટે જ અખો કહે છે:

૪૪: ૫૬ ૧૧૪, ૪૫: અખાના છપ્પા, ૩૭૦, પૃ. ૬૯
૪૬: એજન, ૩૭૧, પૃ. ૬૯, ૪૭: એજન, ૨૩૪, પૃ. ૪૪, એજન.
૪૮: એજન, ૨૩૪, પૃ. ૪૫, ૪૯: એજન, ૨૭૫, પૃ. ૫૨.

સાચું સાધન શુધ્ધ વિચાર, જે હું-મારાનો કાઢે પાર.

એ મૂકી અન્ય સાધન કરે, જ્યમ ભ્રમરોગી વિદ્યા વાવરે.

નિજ આતમ જાણ્યા વિના, ભર્મ, અથા નહિ છૂટે કરતાં કર્મ. ૫૦:

આ આત્મવિચાર આ પરંપરામાં પ્રતિષ્ઠા પામ્યો છે. આ આત્મવિચાર જ સૂઝ, સમજણ, સમજ, તત્વજ્ઞાન, વસ્તુવિચાર, જ્ઞાન, જ્ઞાનવિવેક, સમીસમજ, પ્રીછ બ્રહ્મવિચાર, મર્મ, નિજપરતીત વગેરે જુદી જુદી સંજ્ઞાથી ઓળખાય છે. અખો આ "સમજણ" નો મહિમા ગાતાં થાકતો નથી:

સમજણ વિના રે સુખ નહિ જંતને રે,

વસ્તુ ગતિ કેમ કરી ઓળખાય. (૫૬ ૧૩૧)

જવાણું ટાળીને બ્રહ્મ સાથેની અભેદાનુભૂતિને માણવી હોય તો "સમજણ" વિના ન ચાલે:

સમજણ વિના રે જે સાધન કરે રે.

તેણે કાંઇ જવાણું નવ જાય.

આ વાત સમજાવવાને અખો એની લાક્ષણિક શૈલીમાં એક સચોટ દષ્ટાંત આપે છે:

દશમણ અગ્નિ રે લખીએ કાગળે રે,

એને લઇ ૩માં જો ઝબપાય,

એની અગ્નિથી રે ૩ નથી દાઝતું રે,

રતિ એક સાચે પ્રલય જ થાય. (૫૬ ૧૩૧)

એક રતિ સાચો સમજણની જ જરૂર છે, તો અજ્ઞાનનો પ્રલય થઇ જાય. ૫૧:

૫૦: બેજન, ૨૯૫, પૃ. ૫૬.

૫૧: આ વાત ફરી ફરી અખાએ છપ્પામાં અનેકવાર કહી છે:

"અખા સમજ તે સાધનરાજ" (૧૪૯) "સમજ વિના ન પામે પાર" (૧૫૦) "સૂઝ વિના સઘળાં સાધન, વાધે અધિકાં દનેદન" (૧૫૦) અખા કામ છે સમજ્યા સાથ"(૧૧૪), "સમજ વિના સહુ ફેરા ફરે"(૧૦૯) "વણસમજ્યે, સઘળો સંસાર, સમજ્યે સમૂળો જાયે ભાર",(૧૧૫) "સમજ્યે સહેજે પામે પાર" (૬૩), "જે સમજ્યો તે પામ્યો મુક્તિ"(૪૧) "સમજ્યાને છે સરખું સદા, અણસમજ્યો ભોગે આપદા" (૬૨૦) :સૂઝ પડી તેસમજે સાર" (૫૮૩)

આવી સમજણ તે "કાનો માતરા" છે, માયા તો શૂન્ય છે, (પદ ૧૩૫) આ જ્ઞાન નથી. ત્યાં સુધી જ ભટકવાનું છે:

જ્ઞાન વિના ભેર્યો પુરજન, ભટકે તે ભવમાં ભૂર,
તે બ્રહ્મવિધાના અનુભવે, એ તિમિર ત્રાસ કસૂર: પદ ૨૭:

કર્મનું "કોરણ" આત્માકાશમાં ચઢયું હોય તે "જ્ઞાનધન" ના પ્રકટવાની સાથે તત્કાળ નાશ પામે છે, (પદ ૨૭) માટે જ સૌથી ન્યારી કલા તે "જ્ઞાનકલા" છે (પદ ૫૦). બધાં જ સાધનો "વિચારમાં હે વસે" છે, (પદ ૮૩) નરસિંહની જેમ અખો પણ કહે છે:

કહે અખો નિર્ગુણ ગ્રહી, આ જ્ઞાન છે સાચું,
આતમ તત્વ ચીન્યા વિના, સાધન સહુ કાચું. (પદ ૬૨)

આ જ્ઞાન જ "હરિનું નિજરૂપ" છે (છપ્પા ૪૨૫), સદ્ વિચાર જીવ શિવનો વિવેક કરી બતાવે છે, માટે સદ્વિચાર જીવશિવનો વિવેક કરી બતાવે છે, માટે સદ્વિચાર જ સાચી ભક્તિ છે. (છપ્પા ૪૧૭), માટે હરિભક્તિ પણ "પ્રીછીને" આદરવી જોઈએ. (છપ્પા ૪૧૬), જે સાચો સમજુ છે તેની વાણી જ સાર્થક છે:

સમજુ સાખી અરથી ઓચરે, તેની તરોવડ શું પંડિત કરે
(છપ્પા, ૭૧૬)

જ્ઞાનનું વજ્ર જ અનેક જુગના અવિધાના આવરણને ભેદી શકે. (છપ્પા ૬૮૫) , જેમ બધાં તે જનું આલય સૂર્ય છે તેમ સર્વ સુખની સીમા જ્ઞાન છે (છપ્પા ૩૮૦), આવા જ્ઞાન વિનાની ભક્તિ પણ નકામી:

જ્ઞાન વિના ભક્તિ નવ થાય, જયમ ચક્ષુહીણેા જ્યાં ત્યાં અથડાય.
તે માટે જ્ઞાની ગુરૂ કરો, જે હરિ દેખાડે સભરાભર્યા (છપ્પા ૩૨૨)

આ જ્ઞાન એટલે જ "આતમસૂઝ" (છપ્પા ૩૦૮) અથવા "નિજપરતીત" (છપ્પા ૩૭૭), આ જાતની પ્રતીતિ વિનાનું જ્ઞાન અખાને કે આ પરંપરાના કોઇ પણ કવિને ઇષ્ટ નથી. અનુભવ પ્રગટાવે નહિ તે જ્ઞાન વધ્ય જ કહેવાય. અખો જેવા શુષ્કજ્ઞાનને વ્યંઢળની મૂછ સાથે સરખાવે છે:

સૂકું જ્ઞાન ને વ્યંડળ મૂછ, કરપી ધન કૂતરનું પૂછ
આ ચારેથી અર્થ ન થાય, સામું એય ઉધાડે કાય. (છપ્પા ૩૬૨)

અનુભવરૂપે સિધ્ધ થયેલું જ્ઞાન તે જ સૂઝ. માટે "સમજ" ની આગળ પણ અમો વિશેષણ મૂકીને "સમી સમજ" ને જ આવશ્યક લેખે છે. એવી સમી સમજ નથી હોતી ત્યાં સુધી મતમતાંતરની ભાણંભાણ રહે છે - (છપ્પા ૧૫૮), આવી જ રીતે જ્ઞાન પણ"અનુભવી જ્ઞાન" હોવું જોઇએ (છપ્પા ૨૬૧), જેઓ માત્ર જ્ઞાની છે તેમનું મહત્ત્વ નથી, જેઓ અનુભવી છે તેઓ જ સાચા સંત છે, એટલું જ નહિ, તેઓ અમોને મન ઇશ્વરરૂપ છે:

અમો અનુભવી ઇશ્વરનું રૂપ, તો સાગર આગળ શું કૂદે કૂપ [૫૨]
અનુભવ અગ્ને હો, જે સિધ્યા અમો
તે નર આકારે ભગવાન. [૫૩]

અનુભવના અગ્નિમાં જ્ઞાન સિધ્ધ થાય ત્યારે જ સાર્થક બને:

અનુભવ અગ્ત્યે કીધું તૂપ, અમો ભાળ એ બ્રહ્મારૂવરૂપ. [૫૪]

શાસ્ત્ર તો એક જ આંખે જોઇ શકે છે, જ્યાં સુધી અનુભવથી ઝાંખી ન થાય ત્યાં સુધી સાચું દર્શન થાય નહિ. [૫૫] જીવ શિવ થયાની આનંદ વધાઇ અનુભવથી જ થાય, અનુભવથી જ અજ્ઞાનગાંઠ છૂટી જાય. [૫૬] જ્ઞાનીને જો અનુભવની પાંખ મળે તો પછી એ ભવથી શા માટે ડરે? અનુભવ વિનાના જ્ઞાનીને અમો ઉંદર જોડે સરખાવે છે. નગરમાં આગ લાગે ત્યારે પંખીઓ તો પાંખથી ઊડી જાય, પણ પાંખ વગરના ઉંદરો શોર કરીને રહી જાય. [૫૭] માટે અનુભવની વાત અલૌકિક છે. [૫૮] અમોએ બ્રહ્મની જાણને "ઉરઅંતર" આણી ત્યારે જ એની વાણી પણ ઊઘડી. જેને અનુભવ થયો તેને પછી અષ્ટમહિસિધ્ધિ કે એવું કશું પ્રલોભન નેડેતું નથી. [૫૯] મોઢેથી બ્રહ્મની વાત કરવી તે "કથણી", પણ બ્રહ્મમય બનીને રહેવું તે "રહેણી", અમો આ વિવેક કરી આપીને કહે છે:

૫૨: અમોના છપ્પા, ૬૩૪, પૃ.૧૧૬, ૫૩: અપ્રસિધ્ધ અક્ષયવાણી, પદ ૧૧
૫૪: અમોના છપ્પા, ૭૪૨, પૃ.૧૩૩, ૫૫: એજન, ૬૫૮, પૃ.૧૨૦,
૫૬: એજન, ૬૮૫, પૃ. ૧૨૪, ૫૭: એજન, ૬૩૫, પૃ. ૧૧૬,
૫૮: એજન, ૧૪૮, પૃ. ૨૯, ૫૯: એજન, ૨૫૧, પૃ. ૪૮.

અમા કથણીથી અનુભવ તે અલગ, જ્યમ ઉંચાં ચઢયે આકાશ જ સળંગ [૬૦]

પ્રતીત્ય બનવાનો જેમને અનુભવ થયો તે એ અનુભવ વડે જ મોટા થયા. [૬૧] આવી "નિજપરતીત" આણ્યા વિના કોઇ "આતમનવનીત" પામી શકે નહિ. [૬૨] ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ આખરે તો એક જ પદાર્થ છે, એનાં ત્રણ નામ જજુદાં છે, જે "અણજાણ્યો" છે તે જ એને "જૂજવાં કહે છે, પણ જે સમજ્યો છે તેને મન તો એ એક જ છે. પણ અનુભવ વિના આ ભેદ કળી શકાય નહિ. [૬૩] માટે અમો કહે છે:

અમા અનુભવપદ સાચું રે, જો સેવાય તો સેવો રે. [૬૪]

અમો એના "વાર" માં સાતવારની વાત કહીને પછી અંતમાં ઉમેરે છે:

પણ આઠમો અંકુર અનુભવકેરો,
તેણે હોય નિરધાર.
જ્યાંહાં રહી જોતાં જગત ન દીસે
સ્વે સર્વે ગગનાકાર.
સચ્ચિદાનંદ સમરસ સાગરમાં લહેરી અમો અવનાર. [૬૫]

આમ "અનુભવ ક્ષેત્ર અમૂલ" છે. [૬૬] આ સાધના જે તેને માટે નથી એ તો

અનુભવી હોય તે ઓળખે, બીજો ન ઘાલે હાથ. (પદ ૨૬)

"પૂરણ પદ" ને પણ અનુભવી જ ઓળખી શકે. આ જગતને અનુભવી જ સત્યદૃષ્ટિએ જોઇ શકે.

ચિત્ત વડે જોતાં ચિત્ર જ દીસે, વિચારી જોતાં વણસાય,
અનુભવે જોતાં ઇશ જ આપે, જગપણું ગરકાવ જાય. (પદ ૨૮)

જો આમ હોય તો પછી લાંબો લેખ માંડવો જ શા માટે?

લાંબો લેખ ને ઓછું આયખું, ઉધારે કરવો આયાસ,
પ્રગટ પ્રાપ્ત છે આત્મઅનુભવ, સ્વે કરે છે શ્વાસોશ્વાસ. (પદ ૩૧)

૬૦: એજન, ૨૭૮, પૃ. ૫૩
૬૧: એજન, ૩૭૪, પૃ. ૭૦
૬૨: એજન, ૩૭૭, પૃ. ૭૦
૬૩: એજન, ૪૫૩, પૃ. ૮૩
૬૪: અક્ષયવાણી, પદ ૧૩
૬૫: અક્ષયવાણી, વાર,

માટે મનની જડ નીકળી જાય એવો અનુભવ કરવો, પણ એ અનુભવ શી રીતે થાય?

બ્રહ્મભાવ આણ્યા વિના, અનુભવ નહિ વાધે. (પદ ૪૦)

"જ્ઞાનનો ગરબો, વડલો" પણ અનુભવનાં મૂળ દઢ થયાં હોય તો જ ગગનમાં મહોરે છે. માટે હમેશાં "ઊંચો અનુભવ" આણવો, અલ્પથી રીઝવું નહિ. જેણે આવો "ઊંચો અનુભવ" માણ્યો હોય તેવા અનુભવી નરને મળવું એ પણ એક વિરલ સદ્‌ભાગ્ય કહેવાય, કારણ કે

અનુભવી નર જો સામું ભાળે, ૩૬ સંશેની ગ્રંથી ગાળે,
શુધ સેહેજાનંદ સઘળે ભાળે. (પદ ૧૨૨)

તત્પદ, ત્વમ્‌પદને છોડીને અસિપદના અનુભવી થવું.[૬૬] તો જ અજરામર મહાપદના ભોગી બની શકાય. જ્યાં વાણી નથી પહોંચતી, વૈખરી નથી પહોંચતી એવું એ પદ જો "લગાર અનુભવ" હોય તો પામી શકાય, માટે અખો કહે છે:

અનુભવો જે પદ પામીયે, તે પદ છે તુરિયાતીત
પોતે કહ્યું પોતે સાંભળ્યું, એવી દઢ અનુભવની રીત. (પદ ૧૫૨)

આ અનુભવ બરેબર અદ્‌ભુત છે:

અદ્‌ભુત અનુભવ એહ, વિચરણ જે વસ્તુ વિષે,
સૌને દરશે દેહ, મહાજન માંહે મહાલે સદા. (સોરઠા, ૨૫૨)

આમ બ્રહ્મમાં મહાલવું હોય તો અનુભવી થવું, એવા અનુભવ વિનાના વન્ધ્ય જ્ઞાન અને એવા જ્ઞાનનો આડંબર કરનારને અખો કશી દયામાયા રાખ્યા વિના સપાટા લગાવે છે. ષડ્‌દર્શનની ખટપટ, પોથીમાંનું પ્રતીતિ વિનાનું પંડિત નકામી. અખો નિઃસંકોચ કહી દે છે:

પોથામાં પ્રપંચ લખ્યા, કર્મ ધર્મના જાળ (પદ ૨૧)

ષડ્‌દર્શન પૈકીના દરેક પોતપોતાનો મત તાણે છે:

ષડ્‌દર્શન રહ્યાં ખટપટે રે, આપાપણો અહંકાર,
સહુકો પેખે ખૂટમાં પણ, આત્મનહિ વિચાર,
પોથાંની પ્રતીતથી, ધરે આગ્રહ્યો ઉમેદ,
પ્રત્યક્ષ ચૈતન્યને નિંદે, તેણે થાયે ભેદાભેદ (પદ ૨૪)

૬૬: અખાની વાણી, પદ ૧૨૫

આથી જ "ગ્રન્થની ગડબડ" અખાને પસંદ નથી.

ગડબડ છે ઘણા ગ્રંથની જેવાં ડહોળાં પાણી. (૫૬ ૪૪) [૬૭]

એવા લોકો "શબ્દકળણ" માં ખૂંપી જાય છે. શબ્દમાં ય વિષ રહ્યું હોય છે, પણ

વિચારીને વમ પ્રાશીએ, અરોગીયા થઇએ. (૫૬ ૪૪)

પણ જે જ્ઞાની અનુભવી નથી, કેવળ પંડિત છે તેને આ શબ્દના મોહનો સર્પ સૌથી પ્રથમ ડંખે છે:

મોહ સરપે જુગ ડસીયા, સંતો મોહ સરપે જુજા ડસીયા,
જ્ઞાની પંડિતકું પેહેલે રે ખાયા. (૫૬ ૪૫)

એવા કહેવાતા મોટા પંડિતોને માટે અખાને જરા ય સહાનુભૂતિ નથી:

મોટા પંડિત નવ પ્રીછે નિજ રૂપને, સર્વનો લક્ષ ને વિષય સુધી,
તેણે કરી વ્હૈતનાં પડળ પ્રીઢાં ચઢયાં, નામ ને રૂપમાં સત્યબુધ્ધિ.
(૫૬ ૭૧)

અખો સાચું જ કહે છે "માપેલાંની મતિ મર્મ તે નવલહે" (૫૬ ૧૩૦)
અખો ૨૫૮૮ સલાહ આપે છે: "કર્મશાસ્ત્રની ન પૂઠેશ સામ" [૬૮]

વિધાને વ્યવસાયનું સાધન બનાવનાર પ્રત્યે પણ અખાને ભારે તિરસ્કાર છે. પુરાણની કથા કરનારને અખો "મડદાંની વાંચે કથા" કહીને ભાંડે છે, એટલું જ નહિ, એને વેશ્યા જોડે પણ સરખાવે છે:

૬૭: સરખાવો ત્રીજા છપ્પામાંની આ પ્રખ્યાત ઉક્તિ:

ષટદર્શનના જૂજવા મતા, માંહોમાંહે તેણે ખાધી ખતા,
એકનું થાપ્યું બીજો હણે, અન્યથી આપને અધિકો ગણે.
અખાએ અંધારો કૂવો, ઝગડો ભાગી કો નવ મૂઓ.
અખાના છપ્પા, ૩, પૃ. ૧

૬૮: એજન, ૩૯, પૃ. ૬

વ્યાસ-વેશ્યાની એક જ પેર, વિધા-બેટી ઉછેરી ઘેર,
વ્યાસ કથા કરે ને રડે, જાણે જે દ્રાપ્ય અદકેરું જડે. ૬૯
આવરણ વધારતી જાય એવી વિધાનો અમાને કશો બપ નથી.૭૦

છપ્પાના "દશાવધજ્ઞાની અંગ" માં અમો દશ પ્રકારના જ્ઞાનીઓને ગણાવે છે: "સૂકજ્ઞાની", "જ્ઞાનદગ્ધ", "વિતંડા", "જ્ઞાનબળ", "નિંદકજ્ઞાની" "ભ્રમજ્ઞાની", "હઠજ્ઞાની", "શઠજ્ઞાની", "શૂન્યવાદી", અને "શુધ્ધજ્ઞાની" આ પૈકીનો દશમો "શુધ્ધજ્ઞાની" જ સાચો જ્ઞાની છે - "નવેનો લક્ષ દશમાં વિના મિથ્યા". એ પૈકી સૂકાજ્ઞાનીનું લક્ષણ આપતાં અમો કહે છે:

સૂકજ્ઞાની નીરસ હોયે રહે, વાણી બાણી લુખું વદે,
હીંસે નહિ તે સર્વાવાસ, ચૈતન્ય જાણી નોય ઉલ્લસ. ૭૧

આવા સૂકાજ્ઞાનીને બ્રહ્માનંદ મળતો નથી, માટે એઓ છેતરાયા છે, એ બિચારા મહેનત કરીને વિધા બેડે છે. પણ સંતો એના ફળનાં ધણી થાય છે માટે અમો એવાઓની દયા બાઇને કહે છે:

પંડિત તે વિધા-કરસણી, સંત તે તે ફળના ધણી ૭૨
પાને પોથે લખીયા હરિ, જ્યમ વેળુમાં બાંડ વીખરી
તે સંતે બાધી કોઠી થઇ, અને વંચકે સૂપડી વહી.
તે માટે તે તેવાના તેવા રહ્યા, અમા સંત પારંગત થયા.૭૨

સુપડને વહેનારા પર સુપડની વાસ બેસે છે, પણએને સુપડની સૂઝ હોતી નથી તેમ સૂકા જ્ઞાનીનું સમજવું.૭૩ જ્ઞાનદગ્ધ પણ "અધબળ્યા" હોય છે, માટે "બેઉથા જાય" છે:

જ્ઞાન દગ્ધ બળ્યા અંગિણા, તે કથતા વદતા દોસે ઘણા,
તે વાવ્યા ન ઉગે અન્ન ન થાય, ત્યમ બ્રહ્મ-કર્મ બેઉથા જાય.૭૪:

૬૯: એજન, ૬૩૮, પૃ. ૧૧૬-૧૭
૭૦: એજન, ૫૩૧, પૃ. ૯૭
૭૧: એજન, ૪૯૩, પૃ. ૯૦-૯૧
૭૨: એજન, ૧૯૩, પૃ. ૩૭ ૭૨: એજન ૧૯૧, પૃ.૩૭
૭૩: એજન, ૧૯૧, પૃ. ૩૭
૭૪: એજન, ૩૫૮, પૃ.૬૭

જો એમને "અનુભવનો અંકુર" ફૂટે તો એઓ બચી જાય, વિતંડાવાદીને પોતાને જ કશો નિશ્ચય હોતો નથી, એને માત્ર વાદ કરવાની જ "હામ હોય છે. બહુજ્ઞાની કુટિલ યુક્તિ લડાવવામાં રાચે છે, જ્ઞાનવચનને આગળ કરીને "વિકર્મ"માં રાચે છે. નિંદકજ્ઞાની સૌ પ્રથમ દોષ નું દર્શન કરે છે. સંતનો સમાગમ એ કરે ખરો, પણ સૌ પ્રથમ એની નજર સંતના દોષોને શોધે. ભ્રમજ્ઞાની "વદે વસ્તુ ન સમજે મર્મ. તે "સંગઉપંગ" સમજતો ન હોવાથી તેનું વાસનાલિંગ ટળતું નથી. હઠજ્ઞાની સિધ્ધિને જ અસલ વસ્તુ લેખે છે, એને મન ચૈતન્યથી ભરેલું બ્રહ્માંડ સિધ્ધિ વિના કાચા પિંડ બરાબર છે. શઠજ્ઞાની ઘણા ગ્રંથો સાંભળે છે, વાંચે છે, ભણે છે પણ એના "અંતરથી ન ટળે ઇંધ", કારણ કે એ

ગ્રંથપ્રતીતે માને વાત, પણ સમ્યક્ ભાસે નહિ સાક્ષાત. ૭૫:

શૂન્યવાદીને મન બધું જ શૂન્યેશૂન્ય છે, એને મન વિશ્વ પાપપુણ્ય, ઉત્પત્તિ, સમાસ્તિ, સ્વ-પર, સ્વામી-દાસ કશું નથી. માત્ર શુધ્ધજ્ઞાની જ સાચો જ્ઞાની છે, એવું લક્ષણ આપતાં અખો કહે છે:

શુધ્ધજ્ઞાની તે રૂપમંરૂપ, મહાનિધિ-આશે છે તદ્રૂપ.
સર્વસહિત છે સર્વાતીત, જે પોષ ક આપે ઉદ્‌ગીત.
અખા અનિર્વચની આપ, લક્ષ લાગ્યે તે લહે અમાપ. ૭૬.

આવા જ્ઞાનીને જ બિરદાવતાં અખો કહે છે:

અખિલ જગત મૂર્તિ રામની, તેમાં જ્ઞાનીની મૂર્તિ તે છે કામની.
જડથી ચૈતન્ય મૂર્તિમિલી, પણ જ્ઞાની મૂર્તિ સર્વે ઊપલી. ૭૭.

ગીતામાં ભગવાને જ્ઞાનીને માટે જે કહ્યું છે તેનું પ્રમાણ પણ અખો આ સંદર્ભમાં ટાંકે છે :

ગીતાને અધ્યાય સાતમે ભકત ચાર કહ્યા, તે સમે
તેમાં ત્રણ તણો હરિ કહે હું ભૂપ, પણ જ્ઞાતા તે મારું નિજરૂપ. ૭૮:

ગીતામાં "પુષ્પિતાવાણી" બોલનારાઓને ઉપાલંભ દીધો છે. અખાને પણ શબ્દજીવ કે વાણી વિલાસ પસંદ નથી, એને તો "એવું કવતા આવે લાજ". એવું

૭૫: એજન, ૫૭૦, પૃ.૯૨, ૭૬: એજન, ૫૦૨, પૃ.૯૨
૭૭: એજન, ૭૫, પૃ.૧૫, ૭૮: એજન, ૫૨૩, પૃ.૯૬

"કવિતાપણું" કરવાથી જો કશું સરતું ન હોય તો પછી એ કરવું જ શા માટે? ૭૯: જે "શબ્દાતીત" છે તેને પામવા હોય તો અખો કહે છે કે ""બાષ્પવિલાસ સકળ પરહરો". ૮૦ એવી શબ્દજાળ તે માયાએ રચેલું કપટ છે, એમાં મૂઢ નરપશુ જ ફસાય. અખો એવાઓની હાંસી ઉડાવતાં કહે છે:

શણગારી વાણી સહુ ગાય, ત્યાં મોહ્યા જીવ સાંભળવા જાય.
અખા શું વાંચ્યું, સમજ્યો કશું? જ્યમ ચાંખનું કાજળ મોઢે ધરચું. ૮૧:

કર્મની આસક્તિમાંથી જો છૂટીએ નહિ, "મૂળગો મર્મ" જ જો સમજીએ નહિ, તો પછી "કવિતા" થવાને શો અર્થ"? ૮૨ એ તો ત્રેપનમો" કવિતામાં કવવાનું રહ્યું શું? એ તો રાગદ્વેષ ની પૂંથી કવિતાનો ~~પંકિતમાં આપણને પહેલેથી જ~~ ચેતવી દે છે "જ્ઞાનીને કવિતા ન ગણેશ, કિરણ સૂર્યનાં કેમ વર્ણેશ"? કારણ કે શબ્દનો શઢ શી રીતે થવાનો હતો ને આકાશને તે શી રીતે તોળી શકાવાનું હતું? કવિતાધણા કવિ ગયા છે ને ભવિષ્યમાં કદાચ પણ બરાં. પણ તેથી જે મન અને વાણીથી અતીત છે તે તો તેમનું તેમ જ રહે છે. ૮૫:

"અમેગીતા" માં (કડવું ૧૦) અખાએ ભક્તિને "પંથણી" કહી જ્ઞાન અને વૈરાગ્યને એની બે પાંખો કહીને ઓળખાવ્યા છે. ભક્તિ અને જ્ઞાનનું આ સાધનામાં શું સ્થાન છે ને અખાને મન એવું કેવું અને કેટલું મહત્ત્વ છે તે આપણે જોયું, હવે વૈરાગ્યનું અખાને મન કેટલું મહત્ત્વ છે તે જોઇએ. વૈરાગ્ય એટલે તીવ્ર ચારત એવો અર્થ અખાને "અમેગીતા" ના ૯ માં કડવામાં અભિપ્રેત હોય એમ લાગે છે. બ્રહ્મનો વિરહ અને એને કારણે ઉપજતી તીવ્ર, ઝંખના તે જ વૈરાગ્ય એમ એ સમજતો લાગે છે. માટે એ "અમેગીતા" માં કહે છે:

વૈરાગ્ય ઘણ ઉપન્યો શરીરે, તેણે કાલજ કોર્યું માંહેથી,
વ્રેહે તણો તાપ તપે તનમાં, તે નર જીવે કયાંહેથી :૯, ૭:

કીટભ્રમરનું અને ઉર્ણનાભનું દૃષ્ટાંત આપીને એ આ સમજ વધુ સ્પષ્ટ કરે છે :

૭૯: એજન, ૩૪૩, પૃ.૬૫ ૮૦: એજન, ૨૯૪, પૃ.૫૬
૮૧: એજન, ૨૯૬, પૃ.૫૬ ૮૨: એજન, ૨૬૬, પૃ.૫૧
૮૩: એજન, ૨૪૭, પૃ.૪૭ ૮૪: એજન, ૧૬૬, પૃ.૩૨
૮૫: એજન, ૨૧-૨૨, પૃ.૫.

નિર્વેદ ઉપન્યો તન વિષે , તે જીવપણે જીવે નહીં,
તે મરી જીવે મન વડે, જેમ કીટ ભમરી હોય સહી.
જેમ ધ્યાયે ઉધઇ કાષ્ઠને, તેનો કૃષ્ણાગરૂ થૈ પરવરે,
તેમ વિરહવૈરાગ જેહને ભજે, તે નર હરિ થાયે શરે. (૯, ૯-૧૦)

આ સમજ નારદભક્તિસૂત્રમાં 'तदर्पिताखिलाचारता तद्विस्मरणे परमाकुलता' એમ કહ્યું છે તેની યાદ દેવડાવે છે. છપ્પામાં પણ અખાએ વૈરાગ્યને "નિર્વેદ" તરીકે ઓળખાવીને "પરમ નિધાન" કહ્યો છે. ૮૬: વૈરાગ્યની ઓટ જેને લાગી તે તો લોટપોટ થઇ જાય, માટે વૈરાગ્ય એ કાંઇ કરી દેખાડવાની વસ્તુ કે "મન કેરો મરકરો" નથી. ૮૭: વૈરાગ્યના અગમપંથ પર ચાલવું તે ભૂમિવિના પગ મૂકવા જેવું છે. માટે જ અખો કહે છે કે એના પર તો "ચાલી શકે કેઇ એકલ મલ્લ". ૮૮:

અખાને મન સાચી સાધનાનું સ્વરૂપ આવું છે, એ સાધનાને પરિણામે બ્રહ્માનુભૂતિનો જે આનંદ થાય છે તે અખાએ કૃતાર્થ બનીને ગાયો છે. નરહરિમાં એવો આનંદલલકાર દેખાતો નથી. પણ અખો તો "સમરસ સાગરનો લહેરી" છે. આત્મ-આનંદનો આ ઉદ્‌ગાર કાવ્યને રૂપે પ્રકટ થઇને આપણાં પણ રોમાંચ ખડાં કરી દે છે. એવી અખાની વાણીનો થોડો રસાસ્વાદ કહીએ.

બ્રહ્માનંદના અનુભવની ધન્યતા કાવ્યમય વાનીમાં મુખ્યત્વે અખાનાં પદોમાં જ પ્રકટ થઇ છે. અખાને કવિપદનું શ્રેય ઘટે છે તે તો આમ કહીને આ પદોને જ કારણે. આ આનંદ પ્રકટ કરવાને એણે સ્ત્રીપુરુષ વચ્ચેના પ્રેમની પરિભાષા નો ઉપયોગ પણ કર્યો છે, હઠયોગની ષટ્‌ચક્રભેદનની પરિભાષામાં પણ એણે આ આનંદને પ્રકટ કર્યો છે. આ આનંદને વ્યકત કરનારાં કાવ્યમય પદો પૈકી કેટલાંક મહત્ત્વનાં પદોનો આસ્વાદ અહીં માણીએ.

૮૬: એજન, ૨૪, પૃ. ૬

૮૭: એજન, ૨૬, પૃ. ૬.

૮૮: એજન, ૩૫, પૃ. ૮.

આ આનંદ વ્યકત કરીને બીજાને એનો અનુભવ કરાવવો અશકય છે. કબીર કહે છે તેમ એ મૂંગો સાકરના સ્વાદનું વર્ણન કરવા જાય તેના જેવો ઘાટ છે. અખો પણ કહે છે:

આજ આનંદ મારા અંગમાં ઉપન્યો, પરિબ્રહ્મની મુને ભાવ લાધી;
મુંગાની સાનમાં સામો સમજે નહિ, અદબદ મૂઠડી રહી રે બાંધી.

:પદ ૭૦:

પણ પરિબ્રહ્મની ભાળ લાગતાં અખાને આ સૃષ્ટિના પ્રપંચનું મધુર રહસ્ય સમજાયું, જીવશિવના દ્વૈતની ગૂંચ ઉકલી ગઇ:

કોઇ કહે જીવ છે, કોઇ કહે શિવ છે, થાપ ઉથાપમાં કોઇ ન સીધ્યો,
આપ તે આપનો અમીરસ પુંટવા શિવ તે જીવનો વેશ લીધો.

:પદ ૭૦:

આમ સમજાઇ જતાં "હું ટળ્યો, તું ઠર્યો" અને સુખદુ:ખ વૃક્ષનાં મૂળ દાઝી ગયાં, અખાએ "નિજપદ" લહ્યું. આ આનંદનો હર્ષોદ્‌ગાર કાઢતાં અખો થાકતો નથી :

આજ આનંદના ઓધ વરસ્યા ખરા, કોટી કલ્યાણ તે આજ મારે,
હરિહર અજ સનકાદિક નારદ, તેહને ધ્યેય તે પ્રાપ્ત મારે.

:પદ ૮૦:

જે નિગમ અને અગમ તે સુગમ થઇ ગયું, મિથ્યા આલાપ અને શબ્દ જાળનો વિસ્તાર વધ્યો હતો તેનું જાળું નાશ પામ્યું. ભ્રમનિદ્રા દૂર થતાં બંધમોક્ષની જંજાળ પણ વામી. વસ્તુવિશે હવે એકે વિકાર દેખાતો નથી. આ સમજાવવા અખો "વાયુવ્યોમ"નું દષ્ટાંત પ્રયોજે છે:

પવનને જોગે જ્યમ અભ્ર જામે ઘણાં, વિલય થાતે થકે રૂપ મૂકે,
આત્મ આકાશમાં પિંડ એમ છે અખા, મર્મનો ભર્મ તે એમ ચુકે.

:પદ ૮૦:

વળી અહીં આ આનંદનું મોજું મોટું બનીને ઉછળતું આવે છે:

આનંદના ઓધ તે આજ ઉદે થયા, મુજને માયરો પાર લાધ્યો,
પાંચ પચીસમાં એકે નથી ટાળવા, જેમ છે તેમ એ માલ બાધો.

જે આવા આનંદથી સભર બન્યો હોય તે શાને ટાળે, શેનાથી બચીને રહે, તેને વિધિનિષે ધ શાનાં? હવે અનંતની લીલા સુબદ રીતે સમજાઇ ગઇ:

આપ અંબુજ અવની થયો તેજ તું, વાયું વ્યોમે ખેલી ખ્યાલ લાવ્યો,
વિદપદ ચતુરપદ અનંત એકે નહિ, વિવિધ પ્રકારનો વેશ કહાવ્યો.

આ વાતને ય એક દષ્ટાંત તની મદદથી કહ્યા વિના અબાથી રહી શકાતું નથી:

ઘૃતની પુતલી નખશીખે ઘૃત ભરી, ઘૃતનારિયેળ શ્રૃગાર સાર્યા,
એમ અભેદ વિચારતા અબો પદ પામીયો, નામરૂપે રબે રેતા ભાર્યા.

:પદ ૮૨:

એને ઘૃતની પુતળી કહો કે સાકરનું નારિયેળ કહો, વાત એક જ છે. હવે તો અબો કહે છે કે "જ્હાં રે ઠહેરાવું ત્યાં બીચ આકાશ." સીમા કે આડ હવે રહ્યો નથી, સંશય મટી જવાથી "સહેજ ઘર" મળી ગયું છે. હવે તો,

જ્હાં રે જોઉ ત્યાં રામ રંગીલા, લોક ન લબે અલૌકિક લીલા,
પલપલમેં પ્રભુ નાના રે રંગા, સોઇ પ્રભુ ખેલે સદા અંગ સંગા.

આ કાચોભોગ નથી, જે બહારના વિષય ભોગવે તેના ભોગ કાચા હોય.

બહાર સેવત કાચી રે નારી, અંતર ભોગ ભોગે પિયુ પ્યારી,
ઓર ભોગ સર્વે નિદમેં જાવે, જાગે અબા સોઇ પ્રત્યક્ષ પાવે. :પદ ૯૪:

જેણે "રામરસાયન" પીધું તેની આંખની ઝલક જ જુદી હોય, એને "બ્રહ્મકુમારી" ચઢે તે ઉતરે જ નહિ:

પિયો હે પિયુંષ પચ્યો હૃદામાં, મહાઅનુભવ પ્રકાશ કિયો હે,
ઉર્ધ કમળ સુર્ધ ભર્યે એસે, જીવ ટળી નિજ શિવભયો રે.
ઉતરત નાંહીં તાકે બ્રહ્મકુમારી, વાકું કબહું ન કાલ ગ્રહ્યો હે,
જ્યુંકા ત્યુંહી અબાહે નિરંતર, ચિત ચિદરૂપ ભયો સો ભયો હે. :પદ ૯૫:

આ "બ્રહ્મકુમારી" ની જ વાતને અબો બીજી રીતે વર્ણવે છે:

પરમ સુધારસ પીધે જનને, ભવભય ભાર ન લાગે મનને.
હરિ જાણ્યે જન હરિરૂપ થાય, કૃષ્ણાકાર થઇ મન જાય.
પરમ લાભ હોયે હરિજન મળતે, સળંગ દીસે તન રહે તે ટળતે.
પૂર્ણ બ્રહ્મ વ્યાપી રહ્યો પોતે, હૃદે ટાઢું થાયે એમ જ જોતે. :પદ ૧૦૪:

આ "મહારસ" જેણે ચાખ્યો તેને પછી બીજા કશાનો "લક્ષ" રહે નહિ. આ "અચવ્યો રસ" જે કોઇ ચાખે તે જ ઓળખી શકે.

કહે અખો અચવ્યો રસ એવો, ભોગી લહે, ન કહેવાયે કેવો. :પદ ૧૦૬:

હવે તો એવો અનુભવ થયો છે કે રગરગમાં હરિરસ ચાલે છે. જેની "સૂરત" સ્વામીશું લાગી તેને હવે શાની ન્યુનતા? માટે અખો કહે છે:

રસબસ રહે અખા રામ સંગાથે, તો અળગા કયમ રહેવાયે રે નાથે. :પદ ૧૧૭:

સંતકવિઓએ બ્રહ્માનંદની હેલીને વર્ષાગમ રૂપે વર્ણવી છે. અનુભવાનન્દ વસ્તો કબીર વગેરેની રચનામાં આવાં પદો આપણે આગળ જોઇ ગયા છીએ. અખાએ પણ આવું એક સુન્દર પદ આપણને આપ્યું છે. આમ તો પદમાં સળંગ રૂપક છે:

જ્ઞાનઘટા ચઉ આઇ, અચાનક જ્ઞાનઘટા ચઢ આઇ
અનુભવજલ બરખા બડી બુંદન, કર્મકી કીચ રેલાઇ.
દાદૂર મોર શબદ સંતનકે, તાકી શૂન્ય મીઠાઇ.
ચહુદશ ચિત્ત ચમકત આપનમાં, દામિનીસી દમકાઇ.
ધોરધોર ઘન ગરજત ઘેહેરા, સતગુરૂ સેન બતાઇ,
ઉમગી ઉમગી આવત હે નિશદિન, પૂરવ દિશા જવાઇ.
ગયો ગ્રીષ્મ અંકુર ઉગી આયે, હરિહરકી હરિઆઇ.
શુક સનકાદિક શેષ સહરાયે, સોઇ અખાપદ પાઇ.

રૂપક ગ્રન્થથી ગંઠાઇ ગયા વિનાનું આ કાવ્યમય પદ અખાની એક અવિસ્મરણીય ચિરંજીવ ભેટ છે.

સહેજે "પીયુજી" ને પામવાનો અદ્‌ભુત આનંદ હવે અખાને પ્રાપ્ત થઇ ગયો છે, એઆનંદ પામવાને માટે અખાએ દેશવેશ છોડ્યા નથી. સંસાર છોડ્યો નથી. આ આનંદમાં પ્રાપ્તિ જ પ્રાપ્તિ છે, ક્ષતિનું નામ નથી. આ આનંદમાં ઓટ આવતી જ નથી.:

અબેપણામાંહે આનંદ વાધ્યો, જનમમરણની ભાગી બાંધ્યો,
નિરંકુશ સુખ નિજ પથે બાધ્યો તો, નિરાભાસરૂપ નિરખતાં રે.

:૫૬ ૧૨૪:

જેના મૂળ પાતાળ સુધી પહોંચે છે એવી પ્રીતે કરીને અખો પારંગત થયો, જે ઇચ્છેલું તે હોઠે આણતાં બાર ને આવી મળ્યું:

મારે બાંધ્યુ બોલ્યે આવ્યું આજ, બેઠાં બેસાયાં સીધ્યું કાજ.
.....હવે મારે સઘળે સુખ રાસ, અખા સ્વતંતર દીઠો વાસ.[૮૯:]

હવે બધાં કામકાજ પૂરણ થઇ ગયાં, બ્રહ્મસાગરમાં ગળી ગયાં, હવે બોલવુંચાલવું પણ હરિમાં જ, એવી તો હરિસાથેની તદ્રૂપતા સિધ્ધ થઇ ગઇ છે કે હવે

હું હરિમાં અને મુજમાં હરિ, એમ અખા નખશિખ રહ્યો ભરી. [૯૦:]

આમ જે "ન લહ્યા સરખું" હતું તે અખાએ લહ્યું, ને અખો રાજરેટ થઇને બોલી ઉઠે છે:

છીંડું બોળતાં લાધી પોળ, હવે અખા કર ઝાકમઝોળ. [૯૧:]

હવે તો સહેજ દ્વૈતનો થાપ ટળી ગયો છે ને અખો હસતો રમતો હરિમાં એવો તો ભળી ગયો છે કે

હવે રહ્યો તે હું કે હરિ, વિગત કરે અખો શે કરી [૯૨:]

આ આનન્દમાં અખો થેઇથેઇ નાચી રહ્યો છે ને સૌ કોઇને એ ઉત્સવમાં આવવા નિમંત્રે છે:

સન્તો! આવો જી દેશ હમારડે, જ્યાં છે સદા રે વસન્ત,
સ્વર્ણવાડીક વર્ણ ફૂલડે, તેનો ન આવે અન્ત.
સન્તો મૃદંગ બાજે અણમઢયાં, વણમુખ ગાવે ગીત,
દિવસરજની, સન્તો! ત્યાં નહીં, નહીં ઉષ્ણને શીત. [૯૩:]

હઠયોગની પરિભાષામાં પણ આ આનન્દ અખાએ વર્ણવ્યો છે:

૮૯: અખાના છપ્પા, ૨૩૮, પૃ.૪૫, ૯૦: એજન, ૨૩૯, પૃ.૪૬
૯૧: એજન, ૨૪૨, પૃ. ૪૬ ૯૨: એજન, ૨૪૩-૪૪, પૃ. ૪૬
૯૩: અપ્રસિધ્ધ અક્ષયવાણી, ૫૬ ૫.

નુરતસુરત ચાલી શૂન્યમાં, મહાધુનમાં મોઈજી,
દેવચક્ષુ થઇ દોજણી, કળા કારમી જોઈજી.
નુરીજન આગેં નટડી, નિરાધારે મેલેજી,
સુરત ન ચૂકે સુંદરી, ધરણી પાવ* ન મેલેજી.
તપ્ત ત્રિવેણી ત્યાગી કરી, ગુરુગમ પર ચાલજી,
નાથજી આગે નૃત્ય કરી, પટ્ટા અમર લખાઈજી.
ગગનમંડલના ગોખમાં, અનહદ નાદ ધુરાયાજી,
માવો બગાડે મીઠી મોરલી, અનભે ઘર પાયાજી.
ઓહં સોહંની સીડીયેં, સન્મુખ ઉભા સ્વામીજી,
કહે અખો ગુરુના દેશમાં, આપે આપ અનામીજી. :પદ ૧૩૪:

આ બ્રહ્માનંદ એટલે "બ્રહ્મ ભરથારનો ભોગ". પ્રિયતમ અને પ્રેયસીના પ્રણયની પરિભાષા માં પણ આ આનન્દ અખાએ ઉમળકાથી ગાયો છે. અખો પોતાને "પરિબ્રહ્માની પતિવ્રતા" તરીકે ઓળખાવીને ગાય છે:

સ્વર્ગના લોક ઇચ્છે છે રે હેલી,
વિશ્વંભર વરીયે, અલબેલી
તો નિજાનંદ હરિ ન્યાળીયે રે !
સજો શણગાર તે સહુયે સાહેલી,
થાઓ તત્પર પ્રેમેશું પહેલી,
તો મોહન વરને ભેટીયે રે !
કહે અખો જેને હોયે રે નારી,
હરિ પર તનમન નાંખશે વારી
એ પતિવ્રતા પરિબ્રહ્માની રે. ૯૪:

હવે "પચવીશનો પિયુ" આવવાનો છે માટે સોળ શણગાર સજ્યો, પાંચે ઇન્દ્રિયોને વશ કરી "છોગ મેલીને ફરો", એમ જાણજો, કે રુમણાં સ્વર્ગનું સામૈયું આવી પહોંચશે. ૯૫: રામનામની ચૂડી પહેરીને મીરાં અખંડ સૌભાગ્ય પામી હતી. એજ "અખંડ એવાતણ" પામેલી ધન્યા નારીનો આનંદ અખો પણ વર્ણવે છે:

૯૪: અપ્રસિધ્ધ અક્ષયવાણી, પદ ૨૩, ૯૫: અખાની વાણી, પદ ૧૩૨.

હું તો રસબસ થૈ રસરૂપમાં, મારા પ્રાણજીવનની સાથ.
સ્વામીના તે રૂપમાં સમૈ ગઇ, જગજ્જાહેરી તે વાત વિખ્યાત.
બ્રહ્માનંદ સાગરમાં ઝીલતાં નવ જાણ્યું તે દિનને રાત.
એવું અખંડ એ વાતણ લે અખા, રંગ લાગ્યો છે હરિ આકાર.

:૫૬ ૧૩૬:

આ અખંડ સૌભાગ્ય પામેલી બ્રહ્મભરથારની "પ્રેમદા પદ્મિની" નો શણગાર પણ અખાએ વર્ણવ્યો છે:

શીલ સંતોષ નાં ચીર શોભે સદા,
વિશ્વાસનાં પાય નેપૂર બાજે,
શમ અને દમતણી ચૂડી સોહામણી,
(હરિ) નામનો ઉરમાં હાર રાજે.
મુક્તિનો માર્ગ સૌભાગ્ય શોભે સદા,
મૃગમદ પ્રેમની ભાલ કીધી,
અંગ અંગ આભૂષણ, બોધ આનંદનો,
"હરિતણું મન હઈં" લાજ લીધી.
કોટિ કંદર્પ મહાચંડને જીતવા
અનુભવી પ્રેમનો રસ પીધો.
જ્ઞાન અંજન અખા, નયન કટાક્ષમાં
અભોગ્ય ને અજીતને સ્વવશ કીધો. ૯૬:

વૈષ્ણવો માને છે કે સ્વકીયા તો અનુગતા છે, માટે પરકીયાને વશ કરવી એમાં જ પુરુષાર્થ રહ્યો છે તેમ અખો પણ અહીં અભોગ્યને ભોગવવામાં અને અજીતને સ્વવશ કરવામાં જ પ્રીતિની અરસ સાર્થકતા જુએ છે. આ પરિણયનું લગ્નમંગલ પણ અખાએ ગાયું છે:

૯૬: ચેજન, ૫૬—૩૮.

વિનતાવૃંદ વીંટી વાળ્યું વરવધૂ,
જેજેકાર કરે અને જશ બોલે,
સ્તુતિ કરે સ્વામિની, મૂલમહિમા લહીં,
નર કો જ નિમ્યો નથી તમ તોલે.
મિથુન માટ પધરાવીયા પર્યંકે
રુચિર મનોહરા દેવદયિતા,
બાલિકા વિમલ જીવન જશ ભાખતી,
દાખતી કવિતરસ કામસહિતા.
યોગીના ધ્યાનની ધ્યેય ભૃગુભાનની
નિગમ ને અગમ વસ્તુવિહારી,
ઋચા રૂપવાન સ્તવતા હવા શ્રીહરિ,
ગોપિકા નામ, પણ તેજ ભારી.
ભુજદંડ ભીડતો હવો, ભામિની ભાગ્યનિધિ,
વાગ્રીજે વધુધિયો અલિ જ ઉરે!
અનન્ત આનંદ આવ્યો જ ઉરમાં, અમા!
સખી સહરાયે સહુ સુરતનું રે.! ૯૭:

આમ જે અગોચર તે ગોચર થયું, અભોગ્યને ભોગવ્યો, "નિરલેનિશાન" વાગ્યાં, આનંદ વધ્યો ને રંગ ઊછટ્યો, ચિદાનંદ સંગે સુરત માણી, "અભિનવો આનંદ" થયો, "શૂન્યમાં સોહામણો" ચૈતન્યધનરાય" પ્રાપ્ત થયો. આ કૃતાર્થતા એક રસિકા મુગ્ધાને મુખે અમાએ કાવ્યમય રીતે રજૂ કરી છે:

હરિકું હેરતાં રે, સખિ, મેં રે હેરાણી,
સરિતા લીન ઝરી રે, સિન્ધુ કુવા હુલર પાણી.
જ્યું ઘનસાર પવન કોપાવાત, તાકો સુરત સમાણી,
ઐસો મગન ભયો મન મેરો, કોઇ બુઝે ગુરુ ગમ જ્ઞાની.
:૫૬ ૧૫૦:

૯૭: જૈજન, ૫૬ ૩૮

આ "જીવ-મુક્તિ હુલાસ" નો આનંદોદ્‌ગાર આપણે સાંભળ્યો. પણ અખો કહે છે તેમ આ "કારમી કળા" છે, જેમાં જેવાતેવાનું કામ નથી, કોઇ વિરલા જ આ માર્ગે ડગ ભરી શકે. આ તો સંગ્રામ છે:

સંગ્રામે શૂરા લડે, જેના ધડપર હોય ન શીશ,
ધાર અણી અટકે નહિ, જેને રોમેરોમ જગદીશ. :૫૬ ૧:

આવા શૂર કોને કહેવાય?

તે જ અવની પર વીર કહીએ અરા,
જે બ્રહ્મઅગ્નિમાં સામાં ચાલે;
શૂર ચુભટને ચાલ દેખાડવા થઇ
તદ્‌રૂપને મધ્ય માલે. :૫૬ ૮૮:

અન્યત્ર અખો કહે છે કે "શબ્દવેધી શૂરા અરા, તેહને લક્ષ આવે

:૫૬ ૮૯:

જેમ શૂરાની રગેરગમાં વીરરસ ધમધમતો હોય તેમ સાચા સાધકની રગેરગમાં હરિરસ દોડતો હોય:

ચોપે અનુભવ એવો રે જગતમાં, જો હરિરસ ચાલે રગરગમાં.
ન્યમ શૂરો રણમાં દેહ ન દાખે, તો ધડ ઝૂઝે શિર જ ન ભાખે.
તો હરિ પ્રીત પડે છે પૂરી, જેની સુરત ચાલે અતિ શૂરી. :૫૬ ૧૧૭:

યુદ્ધની પરિભાષામાં અખો બ્રહ્મને પામવાની સાધનાનું વર્ણન આમ આપે છે :

સત્યની સમશેર બાંધીએ, બાંડું ક્ષમાનું ધરીએ રે,
સૂરાપૂરાના ક્ષેત્રમાં, કેસરીયાં કરીએ રે.
દળ સામાં પગલાં ભરી, નિશાને ચડીએ રે
સંતો રે પ્રેમ ભલકે લડીએ રે. :૫૬ ૧૩૨:

સંતો કાંઇ સમશેરથી લડતા નથી, એઓ તો શબ્દની ચોટ મારે છે:

સંત સમશેરૂં ના લડે, કબુ કરે શબ્દકી ચોટ,
અખા, ટિકયા તો તા ઉદે, ઔર ભટકયા તો બાઇ બોટ.[૯૮]

૯૮: શ્રી અખાજીની સાખીઓ, સૂરમા અંગ, ૭૫.

આ શૂરવીરતા "મરતાં પહેલાં મરવામાં" છે. શ્રી મુનશીએ આ સાધનાના લક્ષણને સમજ્યા વિના અખાની રચનાને Gospel of Death કહીને ઓળખાવી ! સૂફીઓ આને જ ફના ફિલા કહે છે, બંગાળના બાઉલો આને"જાન્તે મરા" કહે છે. દેહત્યાગ તે મરણ નથી, મનને મારીને જીવપણાને મારી કેવળ શિવરૂપે રહેવું તે આ મરણ. અખો અને આ ધારાના અન્ય સાધકો આવા મરણની વાત કરે છે. મરણ આવે ત્યારે લાચારીથી સહુ કોઇ મરવાના, પણ જે જાણીને મરે તેની વાત જુદી:

મરત્યે તાં સહુયે કો મરે, પણ શૂર તે જે સ્વામીઅર્થ કરે. ૯૯:

અન્યત્ર પણ અખો કહે છે:

જ્ઞાની શૂર સહુ કો થઇ ફરે, પણ સુભટ તે જે અવસર મરે.

સુખે ઘેર બેઠાં સહુ જાણ, પણ વીર તે જે થોભે ધમસાણ. ૧૦૦:

મન અને પારો – બંને મર્યા વિના કાચા રહે, સિધ્ધ ન થાય:

એક મન અરૂ દુજા પારા, મરે સોમૂલ અમૂલે;

કચ્ચાં અપના અરથ બગાડે, પક્કા નર યૂં બોલે. :૫૬ ૧૨૧:

આ મનને માર્યું પછી બધું હરિમય બની રહે:

મરતાં પહેલાં જાને મરી, પછે જે રહેશે તે હરિ. ૧૦૧:

આ વાત અખાએ ફરી ફરી કહી છે:

મન મુવે તે રહે જે મનવા, સો હરિરૂપ જાણી જે જ નવા. :૫૬ ૧૧૨:

આમ મનનો મારવું તે બ્રહ્મપ્રાપ્તિની અનિવાર્ય શરત છે:

અનુભવ એવો રે કીજીએ, જેણે મનની જડ જાય,

મન મુઆ વિના માનવી, વસ્તુરૂપ ન થાય. :૫૬ ૩૬:

આ અર્થમાં દરેક સાધક શૂર છે, મરજીવો છે. સંત જીવન્મુકત ભકત જ્ઞાની બધા આ અર્થમાં શૂર ને મરજીવા હોય છે. જીવનમુકતની દશા અને એનો મહિમા અખાએ "અખે ગીતા" માં ૧૩ થી ૧૬ કડવાંમાં વર્ણવ્યો છે. ત્યાં અખો કહે છે કે

૯૯: અખાના છપ્પા, ૨૬૩, પૃ. ૫૦: :૧૦૦: એજન, ૨૭૮, પૃ. ૫૩

૧૦૧: એજન, ૩૩૯, પૃ. ૬૭,

જીવ-મુકતની સુરત ચળતી વળતી નથી, એ વૃત્તિવિહોણી હોય છે, એનું મુખ્ય લક્ષણ તે તટસ્થપણું છે, એ જ્ઞાનની મૂર્તિ છે. એ સદા આકાશવત્ રહે છે. એને મહાજળમાંના મોટા મકર સાથે સરખાવતાં કહે છે:

જેમ મહાજળમાંહિલો મકર મોટો, તે બંધુ મધ્ય આધો રહે,
ઉચો આવી અલ્પ વરતે, વળી મહાજળમાં જાતો રહે. :૧૩, - ૬:

જીવ-મુકતને દેહ ભરો પણ તે સાપની કાંચળી જેવો "તે ચલણ-વલણ કરે ભરી, પણ અંગથી એકતા ટળી." મૂળ તપાવીને લાલચોળ કરેલા લોખંડ સાથે પણ એને સરખાવે છે:

જેમ અગ્નિમાંહે લોહ પેઠું, તે લોહમાં વહ્નિ આવિયો,
ત્યારે શિવશિવ થયું સર્વે, જ્યારે શિવમાં જીવ સમાવિયો, :૧૪, ૩:

એની ભૌતિક ભાવનાઓ ટળી જાય છે, એને ચિદાકાશ ભાસે છે, એ કશું કરતો ન છતો જીવે છે. આ વાત અમો એક વિલક્ષણ દષ્ટાંતથી સમજાવે છે:

જેમ હિમના પરવત વિષે, મુખ ક ચાલે મધ્ય,
તેણે બહુ વોહોણી આણ થાય, એહવી ઉષ્ણતાની સિધ્ધ. :૧૪, ૭:

એ બરાસના જેવો છે. અરૂપ બ્રહ્મમાંથી એનું રૂપ બંધાય છે ને ફરી એ અરૂપ થઇ જાય છે. એને આપ અને અપર કશું નથી, એનું આપ આપમાં જ ગળી ગયું હોય છે. એની કળા પ્રીછવામાં ન આવે એવી અગાધ હોય છે. એ વાયુના જેવો અસંગી હોય છે, વાયુ ~~એક્કા~~ બધા પ્રકારની ગંધને વહે છે પણ તેનો સ્પર્શ રહેતો નથી તેમ જીવ-મુકતને પણ દોષ લાગતો નથી. એ વહે, પણ કશાંને વળગે નહિ. સ્ફટિક મણિની આસપાસ અનેક રંગ મૂકયા હોય તો તેની છાયા સ્ફટિકના પર પડે, પણ તેમાં સ્ફટિક ભળી જાય નહિ, તેવું જ જીવ-મુકતનું. ચશ્માના દષ્ટાંતથી પણ અમો આ વાત સ્પષ્ટ કરે છે:

જેમ ચશ્માના પડ વિષે રોધ ન પામે દૃષ્ટ,
તેજ અધિકું પોષે આંખને, તેમ અણલિંગી ઉત્કૃષ્ટ.
કારણ કે અમળ આશય તેહનો, ભાઇ ભાગી ઊર્મિ ઉરથી.

નરહરિએ સંતોને "જ્ઞાનગીતા" માં કલ્પદ્રુમ જેવા કહ્યા છે. અખો પણ તત્વદર્શીઓ "સહેજ સ્વભાવે જેવા કલ્પવૃક્ષજી" (૧૬, ૧) કહે છે. કીટ પતંગથી માંડીને તે બ્રહ્મ સુધી એ આત્માની પૂર્ણતાને જુએ છે, એવા જ્ઞાતાને પિંડ હોતો નથી.

સંતનો મહિમા આ ધારાના દરેક કવિ ગાય છે. અખો સંતોની મહત્તા ગાતાં કહે છે:

નિર્ગુણ બ્રહ્મને સગુણ સંત જાણવા, જેમ વહ્નિનતેજથી થાય દીવા

:૫૬ ૫૫ :

છપ્પામાં અખો વેદનું પ્રમાણ ટાંકીને આ વાત કહે છે:

સંતનો આશય કોયે નવ લહે, મૂરખ સર્વ દેહ સરખા કહે,
અરૂપ જ ભગવાન એમ વેદ જ વદે, તેને સંતધરી રહ્યા રહે.

:છપ્પા ૭૫૬:

કબીરે પણ આજ અર્થમાં કહ્યું છે:

"નિરાકારકી આરસી ભઇ સંતનકી દેહ",

નરસિંહે કહ્યું છે કે આવો સંત "સંસારમાં સરસ્યો રહેજ્યા, ને મન મારી પાસ" તેમ અખો પણ કહે છે:

ચલન વલન અવની પર વાકો, મનકી સુરત આકાશ બેલાની,
તત્વસમાસ ભયો રે સ્વતંતર, જેસેં હિમ હોત પાની. :અખે ગીતા, પદ ૪:

આવા સંતોની મહત્તાનું સૌથી મોટું કારણ શું? અખો એના જવાબમાં કહે છે:

આપ સરિખો કરી મૂકે, એહવો સંતની રીત્ય,
જેમ વેહેરો ન કરે વરસતાં, એવી છે ધનની નીત્ય. :અખે ગીતા, ૩૩, ૪:

સંતોના વ્યવહારને અખો સંક્ષેપમાં આમ વર્ણવે છે:

પ્રગટે મોટી દશા, વિષય ન ગમે કશા,
જાય નહિ ધરયા, અધિક દેખી,
તૃણવત્ ગણે, અંતર એકતાપણે,
મધુરી ભાષા ભણે હરિ પેખી.

નિત્ય નિશ્ચલ સદા, ડગમગે નવ કદા,
કારણે મહામુદા દિવ્ય-દર્શી. :૫૬ ૫૪:

આવા સંતોનો મહિમા ભગવાને પોતે નારદને કહ્યો છે, ને તે અખો કહી બતાવે છે:

સંત શરીર તે નિજ ઘર માહરું, બાહિરું દાસથી નહિં જ મારે,
સંત ત્યાં સૌ મધ્યે વિશ્વ વિશ્વેશ છઉ, સંત શરીરમાં સર્વ પ્રકારે.
કાષ્ઠમાં અગ્નિ જેમ ચૌદ લોકે છતો, સંતમાં ત્યમ રહું દીપન્યાયે,
સદા સુખાધીપતે સંત કેરું હૃદે, સત્ય કહું મનવચન કાયે.
નવ રહું સંતપણે સંત મારે વિષે, લોક ઝલગા લખે ધ્યેય ધ્યાતા,
કહે અખો નારદ પ્રતિ કહે શ્રીહરિ, સંત હૃદયે મુને પરમશાતા.
:૫૬ ૬૪:

આવા સંતોને અનુગત થઈને વર્તવાનું અખાને ઇષ્ટ છે, માટે એ કહે છે:

સોય પૂંઠે જ્યમ ચાલે દોરો, ત્યમ હું ફરું જ્યાં સંત ફરે મોરો.
:૫૬ ૧૪૭:

હરિ અને હરિજન એક જ છે, એટલું જ નહિ, હરિ કરતાં હરિજનની મહત્તા વિશેષ છે એમ નરહરિએ કહ્યું છે તે આપણે જોઇ ગયા. અખો પણ શબ્દાંતરે એ જ વાત કહે છે:

હરિહરિજન અળગા કરી રમે ગણો, સંત સેવ્યા તેણે સ્વામી સેવ્યા,
:૫૬ ૭૮:

આજ વાત અખાએ છપ્પામાં પણ ભારપૂર્વક ફરી ફરી કહી છે:

હરિજન સ્વે હરિ, નહીં માનવી, જ્યમ સલિતા ભળી જાહ્નવી,
હરિજન સવાંગે હરિ વડે, અખા વેલો તાણ્યો આવે થડે.
:છપ્પા ૪૬:

હરિજનનો વ્યવહાર વર્ણવતાં પણ અખાએ કહ્યું છે:

હરિજન તો હરિલક્ષણે રહે, બાહ્ય ઇન્દ્રિય વિષય સર્વ ગ્રહે,
અંતરે રહે અકર્તા થઇ, તો કર્મ કરતાં લાગે નહીં. :છપ્પા ૧૮૦:

હરિજનને મુમારીમાં રહેવાનો અખો આદેશ આપે છે:

હરિજન હોય તો હીકો બોલ, રાજપુત્રને શાની દોહોલ

હરિજનનો ઠાઠ જ જુદો છે:

ચાલ મલપતો ને આસંધ, ભ્રમકર્મના ભાગ્યા બંધ.
જ્યમ અર્ક થકો નાસે અંધકાર, ત્યમ અખા હરિજનને શો સંસાર?

:છપ્પા ૧૮૫:

ભકતો જોડેનો દુનિયાનો વહેવાર તો અવળો જ હોય છે, આ વાત અખો એક સચોટ દષ્ટાંતથી કહે છે:

ભકિત જે આદરે તેની વિશ્વ નિંદા કરે, ભકતને જગતની રીત અવળી,
પયપાન કરાવતાં જેમ વછ ગૌને દમે, એમ જગતની રીત ન હોય સવળી.

:પદ ૮૭:

પણ વિશ્વમાં નિંદા ને સ્તુતિ સરખી આલ્યા જ કરે છે, જગતે કોને બાકી રાખ્યા છે?

નિર્ગુણ કથનો કબીર બહુ પરભવ્યો, સગુણ ગાતો નૃસિંહ મેતો,
સત પાળતો રાજા હરિશ્ચંદ્રને દમ્યો, પ્રહ્લાદ પીડયો બહુ વૈષ્ણવ કહેતો.

:પદ ૮૭:

સંત, હરિજન, અવધૂત આ બધાને અપરોક્ષાનુભૂતિ થઇ હોય છે માટે એમનું આ સાધનામાં ઘણું મહત્ત્વ છે. જો કોઇ "આપોપું" વીસરી ગયો હોય તો તેથી જપતપ દેહદમન કરવાની જરૂર નથી, સંતને જઇને પૂછે તો બસ:

વીસર્યું તો સંતને જઇ પૂછ, તોડે જોડે કાં દાઢી મૂછ

:છપ્પા ૩૮૧:

આમ આપણે અખાનાં પદોમાં જ્ઞાનમાર્ગી ધારાનાં બધાં લક્ષણો સમર્થ રીતે પ્રકટ થતાં જોયાં, હવે એની પંજાબી મિશ્રિત ગૂજરાતીમાં રચાયેલી બે કૃતિઓ "જકડી" અને "ઝૂલણા" જોઇએ. એનું ખાસ મહત્ત્વ એ છે કે એમાં અખાએ સૂફી પરિભાષામાં આ સાધનાના તત્ત્વને રજૂ કર્યું છે. એમ કહેવાય છે કે અખાનાં ઉદાર દૃષ્ટિ અને પરમત-સહિષ્ણુતા કાશીના રૂઢિચુસ્ત સંન્યાસી પંડિતોને ગમ્યાં નહીં. આથી અખાની એ વર્ગે ઉપેક્ષા કરી. જ્યારે પંજાબી મારવાડી મુમુક્ષુઓને અખાનો ઉપદેશ રુચ્યો. એવા મુમુક્ષુઓને માટે અખાએ આ રચના રચી હતી. (અક્ષયવાણી, પૃ. ૨૭૦)

"જકડી" માં ૩૬ પદો છે. પદોનો મુખ્ય વિષય બ્રહ્મ સાથેની અભેદાનુભૂતિને ગાવાનો છે. એમાં મુખ્યત્વે સૂફી પરિભાષા નો પ્રયોગ કરેલો છે. એમાં બ્રહ્મને માટે "મીતા", "શાહ", "લાલનજી", "મહારાજા" "સાંઇયા" "પિયું", "સાજન", "ઢોલન" એવી જુદીજુદી સંજ્ઞાઓ વાપરેલી જોવામાં આવે છે. બીજા પદમાં જ અખો જાહેર કરે છે "અગમ અગોચર આશય મેરા". ત્યાં બુધ્ધિ કે મનનો "ચારો" નથી. આ પદોને અંતે "અખા" ને બદલે "સોનારા" શબ્દ આવે છે. બ્રહ્મ સાથેની અભેદાનુભૂતિ કાંઇ ઉછીની લેવાય એવી વસ્તુ નથી. માટે અખો કહે છે:

જે ઘર નિજ ઉપજી પ્રતીતા,
સો કછુ જાને તહાંકી રીતા. :જકડી ૨:

સહજ સાધના જ અખાને ઇષ્ટ છે તે આ જકડીઓમાં એણે ફરીથી કહ્યું છે. જીવને સૂડા સાથે સરખાવીને અખો કહે છે કે એ જીવને ફોસલાવવા માટે ઇહલોક અને પરલોકની આશાનો "પાંજરા" માંડ્યા, પણ જે મર્મ ન સમજ્યો હોય તેને માટે જ એ ફાંસારૂપ નીવડે, બાકી જેને મર્મ સમજાયો છે તેને તો "સહજે સહજે સાંસા સત્ય હુંઆ". સોનારાનો પિયુ સહજનો જ સાગર છે, (જકડી ૩). જેણે મર્મ સમજીને પિયુને પિછાની હરિરસ ચાખ્યો તે જીવી ગયો, બાકી બીજાને માટે તો આ જગત "દોઝખ" જ છે(જકડી ૫). અખાને તો હરિરસમાં રસબસ થઇને જીવવાનું ભાગ્ય પ્રાપ્ત થયું છે. મસ્તે કૃતાર્થ થઇને એ કહે છે:

જબ આયા મુજ લાલા રે, પાયા પ્રેમકા પ્યાલા રે.
તબ નીર્બંડ ભયા ઉજાલા રે, સાચા સાજન મેરા રે.
જબ દેખ્યા મુજબ પ્યારા રે, તનમનસેં હિ પરવાર્યા રે,
હું ભૂલ ગઇ કરત જોહારા રે, સાચા સાજન મેરા રે.

હવે જે અનુભવ થયો તે કાંઇ અનોખો જ, એની વાત કરતાં અખો કહે છે:

અબ કછુ ઐસા હુઆ રે, મૈં પ્રીતમ નહીં જૂઆ રે,
જિએ અખા કયા હુંઆ રે, સાચા સાજન મેરા રે. :જકડી ૬:

પ્રેમની મસ્તીમાં એ "સલૂના મીત" ને ધૂર્ત પણ કહી નાંખે છે. એ ધૂર્તની ધૂર્તતા શેમાં રહી છે, એ બાજીગરનો જાદુ શેમાં રહ્યો છે?

અબ દૂઇ ગઇ, તું મિલિયા રે, પરગટીયા તું ગલીગલીઆ રે,
એકમેક કરૂં રલીઆંરે, મેરા ધૂરત મૂસી મીત સલૂના રે. :જકડી ૭:

કદિક આ સલૂણો સાથી "મલપતા મદગલ હાથી" જેવો પણ લાગે છે એવા "નેન સલૂણા" પિયુને પામીને કૃતાર્થતાનો ઉદ્‌ગાર કાઢતાં એ કહે છે:

હું તો નાહીં, તું હી સાંઇ રે, મૈં તો તેરી ઉછાંહી રે,
યે દૂઇ બેલન તાંઇ રે, મેરા નેન સલૂણા સાથી રે. :જકડી ૮:

આવો "ઢોલન" જ્યારે પોતે ઢળીને આવે, ત્યારે ઉમળકાથી એના દૂધે પગ ધોયા વિના શી રીતે રહેવાય? આ "ઢોલન" ના પ્રેમને કારણે જે ગૌરવ પ્રાપ્ત થયું તેને વર્ણવતાં કવિ કહે છે:

સબ સહી ઉમેં મૈં રાની રે, જબ લાલનકી ઠકરાની રે,
તે રાખ્યા મુંહુંકા પાની રે, મેરા ઢોલન ઢલ કર આયારે.
:જકડી ૧૦:

આમ "શાહીરંગ" માં મળી જઇને અભેદાનુભૂતિ માણી, મોતીની ધૂધરી બાંધી. આ "ચતુર શયાના" એ અચાનક જગાડીને નેનમાં નેન મિલાવીને "સંજોગ" કરી રસ પાયો, એટલે હવે તો "પલ હૂં પિયુકો ન મેહેલું રે" એ સ્થિતિ આવી ગઇ (જકડી ૧૧) હવે મલપતી ચાલે ચાલવાના ને મનમોજે મહાલવાના દિવસો આવ્યા (જકડી ૧૨). નિરાકાર જ્યારે આકાર ધરીને આવે ત્યારે એના મનોહર રૂપે એને ઓળખવાનો આનંદ પ્રાપ્ત થાય. આ વાત એક સાંકેતિક ભાષામાં આમ મૂકે છે:

પચરંગી મેરા ચોલા રે, સો પહિન્યા હૈ ઢોલા રે.
મુજ વેસે તુ વસીઆ રે, મુજ દેખી લોક હસિઆ રે. :જકડી ૧૩:

આ આનંદની ખુમારીમાં જ હવે એ પ્રશ્ન પૂછે છે: મારા જેવી "પ્રેમગલીકી બેલારી" કોઇ "સોહાનગનારી" બીજી છે બરી? એ પ્રેમગલીમાં "સીરસાટે" જ પગ મૂકી શકાય છે, ને ત્યારે જ "શાહી મુખડા" નું દર્શન થાય છે. એ જે કરી શકે તે "લાલનકી લાલી" ને પામે (જકડી ૧૪). એક વાર એ પ્રીતમનો "હાવો" લાગ્યો પછી કોઇ બચે શી રીતે? પછી તો "સીર જાતે ન રહે પાછા રે". કોઇ અભાગી હોય તે જ એને છોડી શકે:

બહુરંગી લટકાળા રે, સુરતબહુત જમાલા રે,
તિનકો છોડે અભાગી કાલા રે, જો લાગ્યા પ્રીતમકા હાવા.
(જકડી ૧૫)

અનુપમ જમાલ સૌંદર્યને પામ્યાની ધન્યતા અખો આમ ગાય છે:

આજ દૂધે વૂઠ્યા મેહા રે, બોલા સાકર કેરા રે. : જકડી. ૧૬:

દૂધના મેઘ વરસે છે ને સાકરનાં કરા પડે છે. સર્વત્ર પૂર્ણરૂપે રહેલા આ "સુરિજન" ને અનેક રૂપે જોયો છે:

કહીં નારો, કહીં પુરૂષા રે, કહીં દીસો છોકર સરખા રે
સબ ખ્યાલો મૈં નિરખ્યા રે, સુરિજન સબ ઠાંહા પુરા રે. :જકડી ૧૭:

અલખ પિયુને અખાએ શી રીતે "લખીઆ" ?

ચૂં સમજ્યે પિયુ પાઇયે રે, આપે વ્યાપ સમાઇયે રે
એક અખા હો જઇએ રે, અલખ પિયુકો લખીયા. :જકડી ૧૮:

આ પિયુની સાથે પ્રણયકલહ કરીને અબોલા પણ લીધા છે:

પિયુ બોલંતે મૈં હિ રે બોલું, સાંઇ બિના ધૂંધટ નાહીં બોલું :જકડી ૧૯:

આ "સાજન" સહજે સહજ ઘેરે આવ્યા, ને આવતાંની સાથે જ આલિંગનમાં જકડી લીધા:

સાથે આવત હૂં ગલે લાગી, મેરે શાહને કીતી સોહાગી,
છોડી નિદ્રા તબ ભરી જાગી, સહજે સહજે સાજન ઘરં આયા. :જકડી ૨૦:

એસાજનની આંખ જેની આંખ સાથે મળી તેની બધી "ઉલઝન" ભાગી ગઇ. આજે શાહે સેંથી પૂરીને તેને પરિણામે

મુઝમેં થા સો પ્રગટયા મેરા, અબસબ કરણા સાથી કેરા,
"હું" મીટતી ગઇ, પિયુ ધણેરા, આજ બની શાહ મેરે સેંથી. :જકડી ૨૧:

એક ક્ષણ પૂરતો પણ જો જીવ સાજનનો થઇ જાય તો પછી એ "લાલન" સિવાય કોઇને જુએ જ નહિ. જે એને પામે તે "લાલ ગુલાલ" થઇ જાય. એના આનંદને "કાલા લોક" શું સમજવાના હતા.

મોહે પિયુ સેજું પર મીલીયા રે, તબકી બહોત મૈં રલીયા રે,
ઉમગી સો રસ ઉજળીઆ રે, ક્યા જાને લોકા કાલા ?

લાલન, તું રાતા મૈં માતી રે, લાલન, તું દીપક મૈં વાતી રે,
તું તો ન્યારા, નહીં સંગાથી રે, કયા જાને લોકા કાલા.

:જકડી ૨૯:

નાદાન કન્યાઓ જ કંથને મૂકીને ઢોંગલી જોડે રમે છે, કંથને મૂકીને એનો કાગળ વાંચે છે, પણ સોહાગણ નારીને "પ્રત્યક્ષ ભોગ" વગર શી રીતે ચાલે? આ "પ્રત્યક્ષ ભોગ" ના આનંદમાં જે પૂર્ણ થયો તે બીજ ત્રીજ ન ગણે, તે સોળે કળાને જ જુએ. એને જોવા જેણે એકવાર ઊંચે જોયું તેની દૃષ્ટિ પછી નીચે ઉતરે જ નહિ, પછી "તેજ રહે, ને આપા ખોવે." (જકડી ૩૪). એનો પિયુ તો "વહદત" નો દરિયો છે, અભેદાનુભૂતિનો સાગર છે, જગત તો એમાં પરપોટારૂપ છે (જકડી ૩૬). જેણે શાહ સાથે વાત કરી તેનાં નાહતાં કેશ પણ ખસે નહિ. પણ સૂફી ભાષામાં છેલ્લે અખો કહે છે કે નિર્ગુણ વિના સગુણ હોય નહિ, જ્ઞાતા વિના જ્ઞેય હોય નહિ. માટે અખો કહે છે:

જાત હી એક, સફાતાં દુઇ (જકડી ૩૮)

અને જાત બિના રે સફાત ન હોવે, જાત અહે સો સફાત જોવે.

જે નિર્ગુણની સાધના કરતો હોય તે સગુણની કામના ન રાખે. સિફતને નહીં જુએ પણ

સો વહદતકા દરિયા ડોહોળે. :જકડી ૩૮:

એ અદ્વૈતાનુભૂતિના સાગરમાં સમરસ થઇ જાય.

પંજાબી હિન્દી ગૂજરાતી મિશ્રિત ઝૂલણાને ઝૂલણા છંદ સાથે કશો સંબંધ નથી. એમાં આઠઆઠ પંક્તિના એકસો ને નવ "ઝૂલણા" છે. એમાં કોઇ એક વિષયનું સુસંબધ્ધ સળંગ નિરૂપણ નથી. તેમ છતાં અદ્વૈતને માટેની સાધનાને સૂફી પરિભાષામાં વર્ણવવાનો અખાએ પ્રયત્ન કર્યો છે તે દૃષ્ટિએ આ કૃતિ આ પરંપરાનું એક મહત્ત્વનું સીમાચિહ્ન ગણાવાને પાત્ર છે.

ઝૂલણાની શરૂઆત "પ્યાલો" એ રચાવેલા બેલને જોતાં થતાં આશ્ચર્યથી થાય છે. આવો બેલ કોણ બેલી શકે? "સો હિમેલે જો આ પરસચ્ચા હે "ઐન" અને "ગૈન" એ બે શબ્દો લખવામાં માત્ર એક બિન્દીનો જ ફરક પડે છે. "ઐન" અને તે શુધ્ધ નિર્વિકલ્પ નિરૂપાધિક પ્રેમનો પર્યાયવાચી શબ્દ છે, એમાં "અહં"ની ઉપાધિથી જીવભાવ પ્રવેશે ત્યારે "અહં" ના ટપકાંથી એ "ગૈન" બને. આથી આ "ઝૂલણા" માં અખો ઘણીવાર કહે છે:

ઐનસું અવલા ફરતા હૈ, વહાં અખા હૈ જીવ ભારી :૮૦:

આશ્ચર, ઐન તબે હુવે, અખા, જબ નફીકા કરાર દીચા :૭૬:

"ગૈન" તો ગૈર છે, એની ઉપાધિમાંથી મુકત થઇને "ઐન" બનવાની સાધનાનાં વિવિધ સોપાનો છે. એમાં પૂર્વને કે પશ્ચિમને નમવાની જરૂર નથી:

પૂરવ પચ્છમકો કયા નમે, જિનું અવબુદ મીને, મૌજુદ દેખા,

ઐન દી અકલ અપણી જી, અખા ઉધડી ભાગ્ય રેખા. :૬:

જેણે સૂક્ષ્મ અદૃશ્ય ચૈતન્યને પ્રત્યક્ષ કરીને જોયું છે તેને એમકરવાની શી જરૂર રહે? અખાને તો "ઝાંઝતે મેં ઝોબાઝોબ હુંઇ" હવે "હક" અને "ગૈર" નો ભેદ કહેવા પૂરતો જ રહ્યો. પરમ તત્ત્વમાં અભિન્નભાવે ભળી ગયેલી ચેતનાને એવો ભેદ ન હોય:

મન પાયા જિનું મોલેકા, સો તનકે બોલકે કયું આખે

જ્યું પૈસા પરસા પારસુ જી, સો કયું તાંબાકા મોલ રાખે :૧૦:

પ્રેમનો મહિમા વર્ણવતાં અખો કહે છે કે એની વાત તો ન્યારી જ છે:

પ્રેમકા કાંટા જિસે ચૂભ્યા, સો ફિર ન જીવે જીવપણે,

ચાંદ દેખા પૂનમ, અખા સો દુજ તીજ કયોં ગણે :૧૧:

આ જ વાત એણે, આ દૃષ્ટાંત આપીને જ, "જકડી" માં કહી છે તે આપણે આગળ જોઇ ગયા છીએ. અભેદાનુભૂતિની સાધનામાં કર્મકાંડ કે બાહ્યાચારની જરૂર નથી. સૂફી સાધનામાં પણ એનાં ક્રમિક સોપાનો છે. શરિયત, તરીકત, હકીકત અને મારફત, આ ચારને વટાવીને આગળ "વાસિલે હક" ની અવસ્થાને પામી શકાય. આ દરેક કક્ષાએ રહેલા સાધકને માટે જુદી જુદી સંજ્ઞાઓ પણ છે: મૂરિદ, તાલિબ કે નાસૂત, પીર, મુર્શિદ કે મલકૂત, વલી, ઓલિયા કે જબૂત, કામિલ, આરિફ કે લાહૂત અને કુત્બ કે હાહૂત.

કબીર : વધુનું ન બને છે. શરીરતની રક્ષા કરવાની વાત કરે છે ને

દરેક કક્ષાને એવો જુદો "હાલ" હોય છે, ને એનું સ્વાર્પણ "ફના" હોય છે ને સાધક ફના ફિરશ્યે સુધી પહોંચે છે. ત્યાંથી આગળ વધતાં તરીકતની કક્ષાએ પીરાની હાલ હોય છે નેફના ફિરશ્યે સુધી પહોંચાય છે, હકીકતની કક્ષાએ ફના ફિરરસૂલે સુધી પહોંચી નૂરાની હાલને પામી શકાય છે, મારફતની કક્ષાએ ફના ફિલ્લાહ સુધી પહોંચી કુહાની હાલને પમાય છે. અંતમાં બકા બિલ્લાહેની કક્ષાએ જઇ "ગૈબ" ની અવસ્થાને પામી હાહૂત થવાય છે. ઝૂલણામાં આ ક્રમિક સોપાનોની વાત જુદે જુદે સ્થળે આવે છે. અખાને મન શરિયતનું ઝાઝું મહત્ત્વ નથી, માટે એ કહે છે:

શરીઅતકો હૈડ હૈ હીરોકો , :૧૨:

શરીઅતનું બંધન હીરામાણેક જેવું હોય છે, એમાં ઇન્દ્રિયજન્ય સુખની લાલસા રહે છે ને તેથી કરીને પગે પવિત્ર અપવિત્ર ઉભયપ્રકારના કર્મની બેડી બંધાય છે માટે

હકીકતકા હાંસિલ જો હોવે તો કછુ ઝવડા પાર આવે. :૧૨:

ઈંટપથ્થરમાં ભગવાનને શોધ્યા, પૂર્વપશ્ચિમમાં નમનારાને પૂછ્યું, એ કોઇ સાંઇની ખબર આપી શકયું નહિ. એની ભાલતો મુર્શિદે જ કાઢીઆપી:

રહ્યા આપો આપ સાંઇ જ અખા, ઇતની સો તિનું કહો. :૧૩:

મનને મારવું, જીવપણાનો વિલય કરી શિવમાં લયલીન થઇ રહેવું, આવા લયને જ "નફેજ" કહે છે. આથી અખો કહે છે. "આપ આપણા નફેજ કરણ". "મુકેકે મુકામ" જઇએ તો જ "બકા" ને પામી શકાય. જે "હવાહીરસ"થી છૂટી શકે તે "વહદત" ની સીડી ચઢી શકે. આ અવસ્થાને સૂફી પરિભાષામાં વર્ણવતાં કહે છે:

જાહિર હુઆ તબ જાત ખોઇ, ઔર ઐન મસ્તી વહાં જ રહી,

પિછે દોન દુનિયાસુ દૂર હોવે, તબ અખા મૂલગી બાત લહી. :૧૮:

જ્યારે બહાર છે, જે દૃશ્ય છે તેને પણ અંદર અદૃશ્ય રૂપે જોઇ શકે, ત્યારે જાત અને સિફત એક થઇ જાય (૨૦), "શાહી સુખ" પામી શકાય. હવે હજ્જતીરથ કરવાની જરૂર રહી નહિ, જાપ પણ કોનો કરવો? તસબી પણ કોની ફેરવવી? હવે કોઇને શોધવાની જરૂર રહી નહિ.

કાંહાં જાઉં લાલનકો ઢૂંઢનકો, જો જહાં દેખૂં વહાં આપ ગની. :૩૦:

માનવમાત્ર એક છે, કોણ હિન્દુ ને કોણ મુસલમાન ?

કયા આબ આતશ ચિરકોન હુએ? કે આક વાયુમેં ફેર પડ્યા ?

સબ મશાલે એકઠે કર આદમ ઇદમ સબ ઘડ્યા. :૩૩:

મત અને પંથની બેચતાણ સામે અખાને હમેશાં ફરિયાદ કરવાની છે. અહીં પણ એ કહે છે:

મત મઝહબકો બેચતા હે, ઔર ઢૂંઢતા નહીં કિરતાર કોઇ

હો ખુદા, કિસ્મત હોવે નહીં, આવણે જાવણે ઠોર દોઇ. :૧૦૪:

ખુદા કયાંય ઓછો કે વધતો થતો નથી:

ના સરમેં ઘટ બઢ હોતા કે હોતી નૂરમેં જ કમી,

જ્વ ઘટે ના તિલ બઢે, ઉર્મનગને અસ્માન જમી. :૧૦૫:

આ બધો માણસ માણસ વચ્ચેનો ભેદ તો "મનકાબતરા" છે, માટે

કયા મુસલમાન, કયા હી-દૂ, અખા વિચારે તિસકા હૈ. :૧૦૫:

જેને તલબ લાગી હોય, સાચી આરઝૂ હોય તેને સાંઇ તરત મળે, પણ એવો સાચો "તાલીબ" કયાં છે?

સાંઇ તો હાઝરા હૂઝૂર હેરે, જો કોઇ હોય તાલિબ સાચા,

લતો પતોસું રીઝ જાવે, ઐસા કા હાં હૈ કાદર કાચા? :૫૩:

પ્રેમનો નાગ કરડે તો સંસારના કડવા અનુભવ પણ મીઠા થઇ જાય, એવો પ્રેમનો મહિમા છે:

પ્રેમકા નાગ જિસે ડસતા હે, લીમ ઔર લૂણ તિસે હોય મીઠા,

યું સારા આલમ, અખા પ્રેમ લાગ્યા તિનું આપ દીઠા. :૧૮૦:

આ સાધનાને સંક્ષેપમાં અખો આમ મૂકે છે:

તીર કરડી કમાનમેંકા, કસરત નૂરત નિશાન મારે,

ચિરહ કમાન, ઔર સૂરત સાડા, પિયુ પાયે બિન રહે ન બારે.

નૂર સાથે નિકાહ કરવાની જરૂર છે:

નેહ ચિરહા પહેલવાન પિયુકા, છોડે નહીં જિસે આવ લાગે,

નૂરસું જાય નિકાહ કરે, બનાબની હોય એક જાગે. :૧૦૨:

આ માર્ગમાં ભણ્યું ગણ્યું કાંઈ કામ ન આવે, સૂઝ જોઇએ. જેને સૂઝ નથી તેને જ પિયુ દૂર છે:

સબકો દૂર દરાજ પિયુ, ઔર સૂઝ સમઝકો દૂર નહીં,
એ સૂઝ-સમઝ આવે શી રીતે?
સૂઝ સમઝ વહાં જ હોવે, નેહ બિરહા લાગ્યા જહીં. :૧૦૩:

જેણે નૂર સાથે નિકાહ કરીને "દિલકે દીદે" જોયા, સ્વરૂપ-સાક્ષાત્કાર કર્યો તે તો "નઝર કરે સો નિહાલ હોવે". ઝૂલણામાં આમ નૂર સાથેના નિકાહની વાત છે, ને તે "નિહાલ" થયેલા બ્રહ્મા એ કરેલી છે.

"કુંડળિયા" હિંદીમાં રચેલા છે, એની સંખ્યા ૨૫ છે. એમાં તત્ત્વવેત્તા જ "ચૈન" પદ પર આરૂઢ થઇ શકે, "તહ્કી" પુરુષ સંગ કે લિંગનો "લેષ" ન રાખે, જીવ પોતાને પોતાને વિશેના અજ્ઞાન વડે જ મિથ્યા કરીને જુએ છે, "વસ્તુવિચાર" થતો નથી ત્યાં સુધી અનેક દર્શન અને અનેક પંથો ચાલ્યા કરે છે, જ્ઞાની ગુરુની સહાય મળે તો પોતાની પૂર્ણતા વિશે "નિજપ્રતીત" ઉપજે, એ સિવાય બીજો કોઇ ઉપાય નથી, શુધ્ધ અનુભવ કરવો તે જ સાચી પાર પમાડનારી વિધા છે. આત્મા અખંડ, અવ્યય અને અવિનાશ છે, માટે બંધ મોક્ષ જેવું કશું છે નહિ. પોતાના સૂક્ષ્મ સ્વરૂપને "ભલી ભાત" જોઇ લેવું - ધરણીથી નીર સૂક્ષ્મ છે, નીરથી તેજ, તેજથી સમીર, સમીરથી વ્યોમ અને વ્યોમથી "સુભાવ", સુભાવથી સૂક્ષ્મ અર્ધમાત્રા છે, અને માત્રાથી પણ જે સૂક્ષ્મ છે તે અવાચ્ય છે, પ્રકૃતિ પુરુષ નો જે વિવેક કરી લે તે જ્ઞાની, જે "વસ્તુવિચાર" કરે છે તેને ફરી જન્મ લેવો પડતો નથી. અજ્ઞાનરાશિમાં પડેલા સ્વરૂપજ્ઞાનનો ઉધ્ધાર કરીને પોતાની પૂર્ણતાને જાણીએ ત્યારે જ કલ્પનાનો અંત આવે, પણ એ તાંબાના ઢગલામાં પડેલા સોનાના કણને શોધવા જેટલું અઘરું છે, "પ્રોતપ્રકાશ" થાય ત્યારે જ "પરાતીત" દેખાય ને તે શૂરાપૂરા ગુરુ મળે ત્યારે જ સાચો યોગ સધાતાં શકય બને, જે જ્ઞાની નર છે તે સદા પરમેશ્વર સાથે રસબસ થઇને વર્તે, આપોપું ઓળખે ને "ચૈન" પદને પામીને "પૂરો નર" બને, સકળ કૃત્યનો સાર તે સમજણ છે, એ પ્રાપ્ત થતાં "જન સ્વે થઇ વર્તે," "સ્વે સમરામર જાણો." આપણે બંધાયા છીએ તે અજ્ઞાનની ફસ-ભ્રાન્તિને જ કારણે, બીજો કોઇ બાંધણહાર છે જ નહીં, સાચો સૂર્યોદય તે "આત્મઅર્ક"નો

ઉધોત, બ્રહ્મકવચ જે પહેરે તે કાલથી બચી શકે, અંતરમાં લીન થઇને સર્વ અંગને જે સમાવે તે જીવને જંજાળ રહે નહિ. વિરહવૈરાગ્યની આતુરતા અરી રતિ હોય તો જ ઉપજે; ને અરી રતિ નહિ ઉપજે તો "અરો કારજ" સરે નહિ. તત્વરતિમાં જ સાર રહ્યો છે ને તત્વરતિ થયા પછી બિડે પિડે બ્રહ્મની પ્રતીતિ થયા વિના રહેતી નથી. ધૂળ અને ધૂમાડો જેમ સૂર્યને વિકૃત કરતા નથી તેમ જેને અકલ અનુભવ સૂઝ્યો છે તે પોતાને દેહ અને ઇન્દ્રિયવ્યાપારથી ન્યારો અવિકૃત જાણે છે, જ્ઞાન,ભક્તિ અને યોગ આ ત્રણ લક્ષના ત્રણ માર્ગ છે, યોગી "આપા" ટાળે છે ને એને બ્રહ્મની જ "લહે" લાગે છે, ભકતને "બનવારિ" મળે એટલે "ધ્યે ધ્યાતા" એક બની જાય, જ્ઞાની વસ્તુ વિચાર કરે પછી કશી "પક્ષાપક્ષ" રહે નહિ- આ પચ્ચીસ કુંડલિયાનું વસ્તુ છે:

અંતમાં અખાનાં ૩૪ હિન્દી ભજનો પર એક નજર નાંખી લઇએ: રામ
નહીં ત્યાં સુધી 'ઓંધ્યેધ્યે' માયો વહિં, ને રામ લાધ્યા વિના જન્મ ઓળો
જાણીને તરી જવું એ જ માનવદેહની "બડાઇ" છે, પણ સદ્‌ગુરુ મળે ઓવો તે દૂધમાં લોંબુ સીંચવા બરાબર છે! જે "ગૈબી અવાચ્ય" છે તેનું નામ શા માટે રટવું? માટે અખો કહે છે:

મૈં તો જૈસે ધનસાર, મારુ તકો કયુ અંક ભઇં
રંચ આપા રહે નાહીં ઐસે હું દેખ્યાં અઇં.
ઇત, ઔઇં મૈં રંચ નાહીં, ઉત ઔહું કેહેતા ડઇં
ઇત, ઉત કહેવે કો અખા! સહજે શૂન્ય જબે વઇં. (અપ્રસિધ્ધ અક્ષયવાણી)
(પૃ. ૧૮૭)

સહજે શૂન્યને વર્યા પછી તેને આ કે તે કહીને ઓળખાવવું એ માત્ર કહેવાની વાત છે, આ બ્રહ્માંડ તે આકાશના કુસુમ જેવું છે:

આલમ ફૂલ આસમાનકા, ઓલે અર જાવે
અવ્વલ, આખિર નહીં કેહેનેકો, ગૈબી આપ સહરાવે.
(અપ્રસિધ્ધ અક્ષરવાણી. પૃ. ૧૮૮)

પણ અખાએ તો "અસમાન કે ઉરમે" છૂપાએલા "સાંઇ" ને જોઇ લીધો છે, ને તેથી આખી રમતની "અટકલ" એને આવી ગઇ છે. બ્રહ્મ સાથેની અભેદાનુભૂતિના આનંદને ફાગ ખેલવાની પરિભાષા માં કબીરાદિએ ગાયો છે, ને આ ધારામાં "હોરી" નાં પદ આપણે વસ્તો, અનુભવાનંદાદિમાં જોઇ ગયા છીએ. અખો પણ અહીં

આ જ પરંપરાનું એક સુંદર પદ આપણને આપે છે. આત્મ-દોલ્લાસથી વિહ્વલ બનેલી નારી સખીઓને ફાગ રમવાને નિમંત્રે છે:

આલી, અબકો ફાગ, મેરો મન સહરાત,
નહિ તો, જોબન મેરો ચૂંહિ જાત.

પણ આ ફાગનાં કેસરગુલાલ જરા જુદા પ્રકારનાં છે ને એની મસ્તી પણ જુદી છે:

સમજ કેસર કુંકુમ ગુલાલ ઉમંગ ઉડત નભ ભયો હૈલાલ
ચૈનસેં સખી કરત કલ્લોલ, મેરે પિયાસંગ હૈ ઝક્કોલ.
અખિલ મંડલ ભયો રંગભોમ, દીપક દીવાકર ધરત હૈ સોમ,
અનંત કોટિ ચૈસે હૈ રવિ સાક્ષાત્ હો ત નહિ જ્યહાં ઝંઝાપાત

(એજન , પૃ. ૧૮૬)

આ ફાગમાં "અચાલ્ય અમૃતસર" ની લ્હાણ થાય છે. "ચૈનમાંની ચપકો ને ઓઇએ એટલે બધું "ચેન" થઇ જાય ને બધું સમરસ થઇ જાય,

પરમેં પંચ, પંચમે પર હૈ, હૈ સમરસ, નહીં આના,
ભિન્ન પર્યો કૌન કહો, કહાંતે? જ્યું નભમેં દીપ સમાના.

(એજન, પૃ. ૧૮૩)

પછી બધું "બ્રહ્મસાગરકી લહરી" બની રહે છે. ફાગણનો ફાગ "આપે આપમાં" જ ખેલવાનો છે:

નહીં દૂર આત્મા હૈ આગેં, મત ભટકો બનકુંજ (એજન, પૃ. ૧૯૭)

"ચૈન" ના જવાથી હવે "ચૈન" સૂઝ્યું છે ને તેથી

મૈં ગુલતાન ભયા તુજ ભીતર, યે હી સેવા પૂજા, સન્તો, ચૈન ગયા.

(એજન, પૃ. ૧૯૯)

હવે બધું "સ્વતંતર" થઇ ગયું.

ગગનું ગગન પવનું પવન મિલ્યા, તેજું તેજ નીર સારા,
વસુધા વસુધા હૈ સ્વતંતર, ચૈસે અખા, ચલપાના. (એજન પૃ. ૨૦૦)

હવે તો "મેરી સુરતા મુજસોં લાગી" ને "સહજે હું મેરા અનુરાગી" માટે જન્મમરણની શંકા ટળી ગઇ. જે "હું" ને હારે તેને માટેનો આ માર્ગ છે:

સહજ પંથ યે હૈ હાર્યેકા, અબા, પદ નહીં દમ માર્યેકા

(એજન, પૃ.૨૦૧)

હઠયોગની પરિભાષામાં બ્રહ્માનંદને અહીં ફરીથી અબાએ વર્ણવ્યો છે:

નાભિકમલ પર નેજાં ફરફરે, ઉઠે શબ્દ સવાયા
તહાં અવિનાશીકા ધામ હૈ, હંસે વાસ વસાયા.
વંકનાલ ઊલટી વહે, દશમે દ્વાર સમાયા.
સૂન પંથી સૂન આકાશ હૈ સૂન સંતકી છાયા
તન તૂટયે મન કહાં ગયા? નિજ કહાં રે સમાયા (એજન, પૃ. ૨૦૨)

બ્રહ્મખેલ કાંઇ સહેલો નથી, દોર ઉપર ચાલતી "નટણી" ને તો વાંસનો આધાર હોય છે, પણ આ ખેલમાં તો "નિરાધાર" ચઢવાનું છે: (એજન, પૃ. ૨૧૨)

"નાના બાની" ની જે ઊલઝણ છે તેને વિજ્ઞાની લંઘી જાય છે ને અતીત અને પરાત્પરમાં જઇને ભળે છે. આ પરાત્પરનું ધામ કેવું છે?

બાવા હમ સોહી નગરકે વાસી-
જ્યાં સુખદુઃખ નહિ પ્રવેશ
જ્યાં દ્વંદ્વ નહીં લવલેશ. (એજન, પૃ. ૨૧૫)

ત્યાં કાળ અને કર્મની ગતિ નથી, કૃત્ય નથી, સાધ્ય નથી, એ અમૃતવાણી પૂરણ સુખસાગર છે. એને તો કોઇ જાણનહાર જ જાણે.
અબા કહે છે કે જે જીવપણું હારતાં શીખવે તે "બડી મહાવિદ્યા".

જીતનહારે બહોતો દેખે, હાર્યે બરાબર નાંખે.
જોરે જૂત્યા વાકો કાલ લતેડે, હાર્યા હરમેં જાવે.
સંતો, હાર બડી મહા વિદ્યા. (એજન, પૃ. ૨૧૭)

પ્રેમમાં પણ હારમાં જ જીત હોય છે ને?

વહમ, ફહમ તુઝીકા મીતા/આપે આપ ભૂલાવા
તૂંહી તૂં રહ્યા ભરપૂરા નાહીં દૂજા દર દાવા. (એજન. પૃ. ૨૧૮)

આમ અખાએ આ સૃષ્ટિને જોઇ ને ગાઇ લીધું—

આપ આપણું રમણ રમીને પાછા સહુ સુઇ જાયે છે.

ને એનો મર્મ પણ સમજી લીધો ને આમરે ચિદ્રૂપ થઇને ગગનગંગામાં નાહ્યા, ને ધન્ય થઇ ગયા.

કબીરાદિ કવિઓની જેમ અખાએ પણ રૂપકગ્રન્થનો આશ્રય લીધો છે. "જ્ઞાનઘટા ચઢ આઇ", "બ્રહ્મમહેલ સુખકોનો", "આલી, અબકો ફાગ","સાંતીડું જોડીને સમજાવીએ", "કાગળ સદગુરુ લખે" – આ પદોમાં અખાએ રૂપક ગ્રન્થિનો ઉપયોગ કર્યો છે. એ પૈકીના છેલ્લાં બે પદો જોઇએ: "સાંતીડું જોડીને" માં એતીનું રૂપક છે. રૂડાં રામના બીજ વાવીને એતી કરવાની છે. દયામયાના બળદની જોડી છે, પ્રેમનાં જોતરવાળ છે, ગુરુજ્ઞાનની રાશ છે, સંતરૂપી પરોણો હાથમાં છે, ત્રાટકની વાવણી ને સત્યની ચોરડણી છે. પાક ઊભે ત્યારે ચારે દિશાએ સુરતા રાખવાની છે, મનના મેડા પર બેસીને જ્ઞાનની ગોફણમાંથી પ્રેમના ગોળા ફેંકવાના છે, ને રામનામનો પાક લણીને

આગો પીગો ધન વાવરો, એનો ભોગ ભગવાનને જાય.

"કાગળ સદગુરુ લખે" માં પણ ગુરુ કાગળ લખે છે જેના વાંચણહાર વિરલા છે. એનો દેહ જ્ઞાન વૈરાગનો છે, માંહિ જોગપણાનો જીવ છે, ભક્તિ એનું આભૂષણ છે. એનો બડિયો શીલ છે, એમાં પ્રેમની રૂસનાઇ છે, સંતની બુધ્ધિ ને કલમ છે, એમાં અદ્વૈતના આંક મંડાયા છે, એના પર સુરતનુરતની લીટી દોરી છે, વિવેકનો હાંસિયો પાડયો છે, સમઝણ કાનો માતરા છે, માયા ઉપરનું મીંડું છે, ને આ પત્રની લિપિ એવી તો ગહન છે કે

કોટિ કોટિ પંડિત પચી મુવા રે, પઢી પઢી વેદ પુરાણ
તો એ અક્ષર એક ન ઉકલ્યો રે, સરવે થાકયા છે જાણ સુજાણ.

પણ કૌતુકની વાત તો એ છે કે

અંધે તે અક્ષર વાંચીયા રે, બેરે સુણી વાત,
મુંગે ચરચા બહુ કરી રે, તેની વેદ પુરે છે સાખ.
જોગપણું જુગતે લહ્યું રે, મન મળી ભેળા ગાય,
વિચારી અક્ષર સૌ લખે રે, તો યે કાગળ કોરો કેવાય.

(અખાની વાણી, પદ ૧૩૫:

આમ "અખાની વાણી" આપણે સાંભળી. એ "ગરવા જ્ઞાનના વડલા" ની શાખા પર "અભિનવા આનંદ" નો ટહૂકાર કરતાં પંખીને પણ સાંભળ્યાં. "અનુભવબિન્દુ" માં ઉપનિષદ્‌ના જેવી ઘૂંટેલી વાણી સંભળાવનાર ને "અખેગીતા" માં વેદાન્તતત્ત્વનું ગંભીરતાથી નિરૂપણ કરનાર અખાના પદોમાં જ્ઞાનની ગરિમા છે, સમરસના સાગરની લહરી છે, નિર્દંશ ઉપાલંભ છે, અવળવાણી છે, આવી અનેક છટા પ્રકટ કરતી એની આ વાણી આપણને એની જ ઉક્તિની યાદ દેવડાવે છે:

નગ દીસે બ્હારે કોરડા, માંહી ભર્યાં જળના ઓરડા.

ગોપાળદાસ (સંવત ૧૭૦૫ માં હયાત)

જ્ઞાનમાર્ગી ધારાના જે ચાર કવિઓનું પ્રચલિત દોહરામાં નામ ગણાવવામાં આવે છે તે પૈકીનો એક તે ગોપાળદાસ.[1] એનાં જન્મસ્થળ અને જીવનકાળ વિશે જુદાજુદા મતો છે. શ્રી કે. કા. શાસ્ત્રી એમની પાસેની હસ્તપ્રતમાંની પુષ્પિકાને આધારે "જ્ઞાનપ્રકાશ" (ગોપાળગીતા) ની રચ્યાસાલ સંવત ૧૭૦૫, વૈશાખ (વદ) અષ્ટમી ને મંગળવાર ગણે છે ને એ રીતે એને અખાનો સમકાલીન ગણે છે. "બૃહત્કાવ્ય દોહન" વાળી "ગોપાળગીતા" ની પ્રતની પુષ્પિકામાં આ પ્રમાણે ઉલ્લેખ છે:

સંવત સત્તરસેં છ વાંચો સાર, વૈશાખ અષ્ટમી સોમવાર
રાજનગરી શ્રી અમદાવાદ, ફરમાન વાડીમાં ગ્રંથસંવાદ,

હરગોવિંદદાસ કાંટાવાળા સંમ્પાદિત "જ્ઞાનપ્રકાશ" (સંવત ૧૯૮૯) માં આ પ્રમાણે ઉલ્લેખ છે:

સંવત્ સત્તર પંચોતેર સાર, માસ વૈશાખ અષ્ટમી ભોમવાર
રાજનગર શ્રી અમદાવાદ, ફરમાન વાડી માંહે જ્ઞાનસંવાદ. (પૃ. ૭૨)

ત્યારે સં ૧૯૫૨ માં લાલભાઇ રણછોડજી દેસાઇએ સૂરતથી પ્રસિધ્ધ કરેલી "ગોપાળગીતા" માં આ મુજબનો નિર્દેશ છે:

સંવત્ સત્તર પચાસો સાર, વૈશાખ માસ અષ્ટમી સોમવાર
રાજનગર શ્રી અમદાવાદ ફરમાન વાડી મહાગ્રંથ સ્વાદ.

---

૧. આ પ્રચલિત દોહરાનાં જુદાં જુદા ત્રણ પાઠાન્તરો મળે છે તે નીચે મુજબ:

૧. બ્રહ્માએ કર્યો ડમો, ગોપાલે કરી ધેંસ
પૂટે કર્યો કૂટો, નરહરને કહે શીરાવા બેસ: (કવિચરિત પૃ.૫૩૮)

૨. બ્રમે કીધો ડમો ગોપાલે કીધી ધેંસ,
નરહરિયે કીધી રાવડી, પુટો કહે શિરાવા બેસ. (એજન.પૃ.૫૨૯)

૩. બ્રમે તો ડમો કર્યો, ગોપાળે કરી ધેંસ
કેવળે તો કઢી ફરી કીધી ધીરા શિરાવા બેસ: (લાલભાઇ રણછોડજી દેસાઇ સંપાદિત ગોપાળગીતા સં.૧૯૫૨. ઇ.સ. ૧૮૯૬)

એમના પિતા ક્ષેમદાસ કે ઓમજી નારણદાસ હતા એ વિશે મતભેદ નથી. એનું વતન બૃહત્કાવ્ય દોહન વાળી પ્રતાનુસાર તથા લા. ૨. દેસાઇ સમ્પાદિત "ગોપાળ ગીતા" અનુસાર વૃંદાવતી કે વૃંદાવૂંદ છે, જ્યારે કે. કા. શાસ્ત્રી તથા હરગોવિંદદાસ કાંટાવાળાવાળી પ્રતોમાં નંદાવતી એની જન્મભોમ છે. એ વિશે હરગોવિંદદાસ કાંટાવાળા આમ અનુમાન કરે છે:"તેમની જન્મભૂમિ નંદાવતી ગામ હતો. એ નંદાવતી તે હાલનું નાંદોલ, નાંદોદ, નંદાસણ કે નાંદરવા હોઇ શકે, પરંતુ તે નાંદોલ વધારે સંભવિત છે કેમકે એ ગામના બ્રાહ્મણો ઘણામરા શાસ્ત્રનો અભ્યાસ કરનારા જણાય છે." શ્રી કે. કા. શાસ્ત્રી નાંદોદને એની જન્મભૂમિ ગણે છે, ને એ જાતે મોઢ વડાલજો વણિક હતો એમ કહે છે. એના ગુરુ સોમરાજ હતા એ વિશે તો એકવાક્યતા છે, પણ એની સાથે જ "રાજહંસ ગુરુ કેરો દયા" એવો ઉલ્લેખ બધી પ્રતોમાં છે. આથી શ્રી કે. કા. શાસ્ત્રી અનુમાન કરે છે કે ગુરુનું આખું નામ સોમરાજ રાજહંસ હશે.

ગોપાળદાસની કૃતિઓમાં "ગોપાળગીતા" મુખ્ય છે. એ "જ્ઞાનપ્રકાશ" ને નામે વધુ જાણીતી છે. "અષ્ટગીતા" અને "જ્ઞાનગીતા" ને અનુસરીને એ "ગોપાળગીતા" નામે ઓળખાતી થઇ હોય એમ બને. કવિ પોતે તો એને "જ્ઞાનપ્રકાશ" કહીને જ ઓળખાવે છે.[૨] હરગોવિંદદાસ કાંટાવાળા આ કૃતિ "જ્ઞાનદર્પણ" નામે પણ ઓળખાવે છે એવો ઉલ્લેખ એમની "જ્ઞાનપ્રકાશ" ની પ્રસ્તાવનામાં કરે છે. ને કૃતિની શરૂઆતમાં "જ્ઞાનદર્પણ" નામ પણ આપે છે. આ કૃતિ આ ધારાની અન્ય ગીતાઓની જેમ, આખ્યાનશૈલીમાં લખાયેલી છે. એમાં ૨૨ કડવાં છે. ઉથલો અને વલણ આવે છે. રામગ્રી, વૈરાડી, ધનાશ્રી, કેદારો, દેશાખ રાગોનો ઉપયોગ કરેલો છે. આખી કૃતિ ગુરુ શિષ્યના સંવાદરૂપે છે; જ્યારે "અષ્ટગીતા" તથા નરહરિની "જ્ઞાનગીતા" માં કવિ જ સીધું નિરૂપણ કરે છે.

"ગોપાળગીતા" ના આ બાવીસ કડવામાં ગોપાળદાસે અનુક્રમે બ્રહ્મનિરૂપણ, બ્રહ્મમાંથી વિશ્વની ઉત્પત્તિ, માયાનું સ્વરૂપ, શિવ અને જીવ, માયાનું માહાત્મ્ય, પ્રારબ્ધ, સંચિત અને ક્રિયમાણ કર્મો, ચોવીસ અવતાર, વિભૂતિ, ચાર પ્રકારની મુક્તિ, ત્રિગુણમય બ્રહ્મા, નરક અને વૈકુણ્ઠ, ચાર આશ્રમ, ચૌદ લોક, ત્રિવિધ તાપ, સદ્ગુરુ તથા સન્તનાં લક્ષણ, અવિનાશી પૂર્ણ બ્રહ્મનું વર્ણન-આટલા વિષયોનું નિરૂપણ કર્યું છે.

---

૨. ગુરુકપાથકી પહોતી આશ, ગ્રંથ હવો તવ જ્ઞાન પ્રકાશ (૨૨ મું કડવું)

મંગળાચરણમાં ઇષ્ટદેવના સ્મરણની પરમ્પરાને અનુસરીને કવિ પ્રથમ બ્રહ્મને આ રીતે સ્તવે છે :

જય જય જયશ્રી આદ્યે નિરંજન, અવિચળ પદ નિર્વાણ,
સત્ય સ્વરૂપ સનાતન સાક્ષી તેના કરું વિમાણ.[૩]

આટલા મંગળાચરણ પછી તરત જ શિષ્ય ગુરુની સ્તુતિ કરે છે, ને એ નિમિત્તે કવિ ગુરુમહિમા ગાઇ લે છે. અન્ય જ્ઞાનમાર્ગી ધારાના કવિઓની જેમ આ કવિ પણ ગુરુમાં દઢ શ્રધ્ધા પ્રકટ કરતાં કહે છે:

ગુરૂ વિણ જ્ઞાનન પ્રાપ્તે પ્રાણી, જ્ઞાન વિના નહિ મુક્ત,
એ ઉકરડું વદે જે સાધન, મિથ્યા પ્રપંચ જુક્ત. (કડવું. ૧,૮)

પણ શિષ્યની આશ્રધ્ધા દઢ થઇ તે પહેલાં દંભી ને મિથ્યાચારી ગુરૂઓનો પણ એને અનુભવ થઇ ચૂક્યો હતો, બીજાં અનેક સાધનો પણ એણે ચકાસી જોયાં હતા.

જપ તપ તિરથ દાન કર્યાં બહુ, મનને થોભ ન થાયે, ૧,૧૦.
દેવ અનેક ઉપાસ્યા આગે, પૂજ્યાં વેષ અનેક,
કર્મ, ધર્મ કરી કરીને થાકયો, શાંત નહિ અણુંસ એક. ૧,૧૧.

આ બધું કરવા છતાં પંડની પ્રતીતિ થઇ નહિ. અમૂલ્ય રત્ન જેવા જીવનના દિવસો પરમ તત્ત્વનો પાર જાણ્યા વિના ચાલ્યા જતા હતા તેથી શિષ્યને ચિંતા થઇ. આમરે જીવન્મુક્ત ગુરુનો સંપર્ક થયો ને શિષ્યને થયું:

સંશય શોક ટળે નહિ મનનો, જ્ઞાન વિના નિરધાર.

આમ સાધન તરીકે જ્ઞાનની પ્રતિષ્ઠા કરી, શાસ્ત્રજ્ઞાન અને અનુભવથી પ્રાપ્તજ્ઞાન વચ્ચે વિવેક કરતાં શિષ્ય કહે છે:

ચાર વેદ ને ચૌદ કાંડના, અર્થ અનેક જ ભાસે,
શ્રવણે સુણી હું પડયો સંશયે; શી ગત મ્હારી થાશે. ૧, ૧૮.

પણ એને તો સદેહે હરિપદ પામી શકાય, આવા-ગમનને ટાળી શકાય એવું જ્ઞાન મેળવવું હતું. આથી એ ગુરુને કહે છે:

---

૩. સરખાવો નરહરિની "જ્ઞાનગીતા" માંનું મંગળાચરણ:

પ્રથમે પ્રણમું રે નિરંજન દેવજી, મૂલ પ્રકૃતિ કરે જેની સેવજી. કડવું. ૧ લું.

આદિ નિરંજન પદ અવિનાશી, ઘટઘટ અંતરજામી,
ઉત્પત્ય પ્રલયથી જે અળગો, તે ઓળખાવો સ્વામી. ૧, ૧૬.

એને જાણવાથી જ પંડનો પરિચય થાય, સૃષ્ટિના આદિકારણને જાણી શકાય, કાળનાથ મહાકાળને ઓળખી શકાય. જીવન-મુક્તની દશાને પામેલા અનુભવી ગુરુનું શરણ લઇને આથી શિષ્ય ફરીથી એને સ્તવે છે:

સાધ સંત શિરોમણ સઉને, કરું સાષ્ટાંગ પ્રણામ,
વેદ સકલ ધર્મ તમો મહારે, વેદ વચન નિરવાણ,
તમ ઉપાસન નહિ કો બીજો, ઠાલો નહિ અણું ઠામ.

આના જવાબમાં ગુરૂ પહેલા કડવામાં બ્રહ્મનું સ્વરૂપ વર્ણવે છે. આ જ્ઞાન માટે ~~આના જવાબમાં ગુરૂ પહેલા કડવામાં~~ સદ્‌ગુરુનો સંગ જરૂરી છે. એવા ગુરુના શબ્દે શબ્દે સંશય નાસે છે, ને વિકારી મન નિર્મળ થાય છે. તન મનમા આવેગો શમે છે ને જે નામ વિવર્જિત છે તેમાં મન લાગે છે. સૌથી પ્રથમ અત્યંત મહત્ત્વની વાત ગુરુ શિષ્યને કહી દે છે:

આપે આપ અનુભવી, સિધ્ધાંત મનમાં આણ,

ગુરુની વાણી સ્વાનુભૂતિથી સિધ્ધ કર્યા પછીથી જ મનમાં સ્થાપવાની છે. અપરો ક્ષાનુભૂતિ વિના એને રટવાનો કશો અર્થ નથી. આ બ્રહ્મનું ગુરુએ કરેલું વર્ણન ભગવદ્‌ગીતામાંના આત્માના વર્ણનની અને ઉપનિષદ્‌માં નેતિ નેતિથી કરેલા બ્રહ્મના સ્વરૂપના વર્ણનની યાદ આપે છે. શરૂઆતમાં જ ગુરૂ કહે છે:

વસુંધરાથી વેગળો જે જળે નવ લેપાય,
અગ્નિ તેને નવ દહે, સમી રે શોષ્યો નવજાય.[૪]

એનું વર્ણન શી રીતે કરી શકાય? ને કરવું હોય તો નેતિ નેતિનો જ આશ્રય લેવો પડે. આથી જ કવિ કહે છે:

અમોલે તે સદાય પૂરણ, ન ઘટે વધે અણું એક,
બીજો હોય તો બોલીએ, માટે અનીર્વચની છેક.[૫]
વાણી વર્ણવતાં રહી, કાંઇ વિગત કહી નવ જાય,
નેતિનેતિ નિગમ ભણે છે, જ્ઞાન સાધ્ય ઉપાય. ૧, ૧૭-૧૮.

સરખાવો: નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ;
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥ ૨,૨૩ ભગવદ્‌ગીતા.

૫. લા.૨.દેસાઇ સંપાદિત ગો.ગી.૭ પાઠાંતર બીજો હોય તો બોલીએ,
મહા મુન્ય વાચ્ય છેક.

આવા બ્રહ્મને પામવું એમાં તો "પ્રીછ્યાનું કામ" છે. એમાં બીજાં ઉણાં સાધનો નહિ ચાલે. અવિનાશીની અગમ ગતિ તો સહેજમાં કળી લેવાની છે, એને માટે ષટદર્શનના ઘટાટોપની કશી જરૂર નથી. અજ્ઞાની ચાદ દેવડાવે એવી પંક્તિઓમાં આથી કવિ કહે છે :

જ્યમ કૃપણે ધન નિર્ગમ્યું, તેનું વ્યાકુળ થાયે મંન,
વિપરિત બુધે વધુ વિસરે, ભાઇ તે ગત ષટ દરશન. ૧,૨૨.

બુધ્ધિભેદ ઉત્પન્ન કરીને ભમાવે એવા શાસ્ત્રજ્ઞાનની આમાં જરૂર નથી, જરૂર છે માત્ર સમર્થ સંતની. એ સંત જ ભ્રમને ભાંગી શકે. એ સંતને કવિ લુહાર જોડે સરખાવતાં કહે છે :

ભ્રમ સાંકળ ભાંગવા, સમરથ સંત લુહાર,
કર્મ કારણ ગ્રહથી ત્રિસરે, તવ ભાસે બ્રહ્માકાર. ૧, ૨૫.

ગુરુએ બ્રહ્મના કરેલા આ વર્ણનથી શિષ્યને "અનુભવ દષ્ટે" આવ્યો વિશ્વાસ"; સંદેહનું શૂળ "મટ્યું; ને " થડમૂળ લાધ્યું". આથી એની જિજ્ઞાસા પણ ઉદ્દીપ્ત થઇ ને એને "વિશ્વતણો કયમ હવો વિસ્તાર" તે જાણવાની ઇચ્છા થઇ :

આધે અંત હરિ એક કહેવાયે, તો રૂપ અનેક કઇ પેર થાયે. ૨-૬.

કારણ એક ને કાર્ય ઘણાં, એ જોઇને બધાં જ વિમાસણમાં પડે તે સ્વાભાવિક છે. તે જ્યાં સુધી એ સંશય નહિ ટળે ત્યાં સુધી અદ્વૈતભાવ પણ શી રીતે ટળે? આથી શિષ્ય કહે છે :

મોટા મરમ જો ન લાધે હાથ, ત્યાં લાગી ન ટળે મનના તાપ.
કાચા ઘડું નવ આવે કામ, ભંગ કરે નીપજે પકવાન.

ગુરુએ તો ઘડાનો ઢગલો આપ્યો, પણ એને કેળવવાની (પકવવાની) રીત નહિ શીખવે ત્યાં સુધી એમાંથી પકવાન શી રીતે બને? ને ગુરુ જ આ કરી શકે, કારણ કે જેનાં કામ તે જે કરે :

અહંભાવ એ વ્યાધ અપાર, તેના તમો નિવારણહાર
જેહ્ની પડળ ઘિડારે જેહ, વૈદ્ય શિરોમણિ ભણીએ તેહ. ૨, ૧૫.
વ્યાપક વિશ્વ દેખાડે રામ, બ્રહ્મવેત્તા મહંતના કામ,
મેઘ વિના મહી તૃપ્તી ન થાય, જો કોજે કુલ કોટી ઉપાય ૨,૧૬.
જેહનાં કામ જેથી નીપજે, કંચન ઠામ ન પીતળ સજે. ૨,૧૭.

ગુરુને શિષ્યમાં જિજ્ઞાસા પ્રદીપ્ત થયેલી જોઇને આનંદ થાય છે. આવી ચર્ચા કરતાં જ કૈવલ્ય જ્ઞાનની પ્રાપ્તિ થાય. શિષ્યની આ યોગ્યતા જોઇને ગુરુ

એને "અનુભવ અમૃતપાન" કરાવવા તૈયાર થાય છે. આ સૃષ્ટિરચનાની અદ્ભપટી વાતને અત્યંત સરળ રીતે દૃષ્ટાન્તની મદદથી સમજાવતાં ગુરુ કહે છે :

સેહેજે સૂક્ષ્મ થકી હવો, આ સૃષ્ટિનો વિસ્તાર,
આકાશેથી ઉપજ્યો, જેમ શીતકાળે ઠાર.
ઉદકથી સિંધવ હવું, દધી દુધ જામ્યું જેમ,
અરૂપી થકો ઉપજ્યો, સંસાર રૂપી તમ. ૩,૪-૫.

કારણ નિર્ગુણ ને કાર્ય સગુણ. આમ પંચભૂત પ્રગટ થયા, તેની "લક્ષચોર્યાસી" જાત થઇ. ચાર ભૂતની ચાર ખાણ, પંચભૂતમાથી પચ્ચીસ તત્ત્વ થયાં; પછી પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય ને અગિયારમું મન, દરેક ઇન્દ્રિયના અધિષ્ઠાતા દેવ— આવો આખો સૃષ્ટિનો વિસ્તાર કવિ વર્ણવે છે, ને પછી પંચીકરણને આધારે ષટ્ચક્રનું વર્ણન કરે છે. આમ શરીરનું વર્ણન તો થયું :

એ તનતણો વેરો કહ્યો, માંહે રમે સકળ સ્વભાવ,
રસ ભરતાં જ્યમ પડે બીબાં, મોરચંદ્રિકા જ્યમ ભાવ.

આ બધું કેવી રીતે ઉત્ક્રાન્તિ પામ્યું તેને માટે સરસ ઉપમા યોજીને કવિ કહે છે :

મૃગ સિંગ કેરો આમળો, આવે ભીતરથી બહાર.

ગુરુએ એ બધું અનુભવથી ઓળખ્યું છે. તનની વાત પૂરી થયા પછી હવે મનની વાત ગુરુ કહે છે. અંતઃકરણમાંથી મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચતુષ્ઠય ઊપજ્યું.મન કલ્પના કરે, બુધ્ધિ પ્રપંચ રચે, ચિત્તમાં રાગદ્વેષ વસે, ને અહંકારને તો "ગુણ અનંત" છે. મન જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તિ ને તુરીય અવસ્થા ભોગવે છે. આ ચાર ઉપરાંતની એક અવસ્થા છે:

પ્રગટ મળે પરમાતમા, સર્વે ટળે અહંકાર,
તે અવસ્થા પાંચમી, તત્ત્વ ઉન્મુનિસાર. ૩-૬૫.

મન, બુધ્ધિ અને વાણીએ મળીને બધા "નિત્ય નિમિત્ત પ્રપંચ" ને "સઘળા ભેદ" રચ્યા. એમાંથી ચાર વેદ રચાયા, શાસ્ત્રો રચાયા, કર્તવ્ય કર્મ ધર્મ નક્કી થયાં— આ બધું જે જટાજાળ ઊભી કરે છે તેને ગુરુ પરહરવાનું કહે છે, તે જેથી ગાળપંપાળ ટળે એવી બુધ્ધિને અનુસરવાનો આદેશ આપતાં કહે છે:

મને બંધન ભોગવે, ને, મને મિથ્યા વ્યવહાર,
એ મન જ્યારે ઉન્મન થયું, તવ દિસે અપરંપાર.

એ મન હોય મનુષ્યને, માટે મનુષ્ય એવું નામ,
મનથી પરપંચ ઉપજે, તે કરે કોટિક કામ.
વાવન માંહે બોલ્લિએ તે બુધતણો પરપંચ,
ષટદરશણ ષટપટ કરે, અહંકાર મનમાં ચંચ. ૩, ૭૪-૭૬.

જોરથી ફૂદડો ફરતાં ધરતી ફરતી લાગે, પણ એ બરેબર ફરતી નથી હોતી, તેમ ઇન્દ્રિયથી જોતાં આપણને જગત ભાસે; માટે અક્ષરને ઓળખી લેવો જોઇએ, તો જ જીવાણું ટળે, અહંકાર મટે.

ગુરુએ એક અનેક વચ્ચે, દ્વૈત અને અદ્વૈત વચ્ચે કરી બતાવેલા વિવેકથી શિષ્યને આનંદ થયો, પણ એના મનમાં વળી બીજો પ્રશ્ન થયો : જેને ત્રિવિધ કર્મ-પ્રારબ્ધ, ક્રિયમાણ અને સંચિત-વળગેલાં છે તે જીવનું સ્વરૂપ કેવું હોય છે? આ વૈષ્ણવી માયાનો મર્મ શો છે? કોઇ એને પ્રબળ કહે છે તો કોઇ એને મૃગજળ સમાન ગણે છે— એ બેમાં સાચું શું? જે હરિ વિશ્વમાં સર્વત્ર વ્યાપી રહ્યો છે તે કોઇ સ્થળે અધિક ને કોઇ સ્થળે ઓછો હોઇ શકે? જીવ સબળા કે નિર્બળ?

આના જવાબમાં જીવની સાદી વ્યાખ્યા ગુરુ આમ આપે છે:

પંચભૂત ગર્ભમેળો મળે, સૂક્ષ્મ વસ્તુ સ્થૂળ માંહે ભળે,
સ્થૂળ સૂક્ષ્મ જોગે ચૈતન, થાય, તે ચૈતન તે જીવ કહેવાય. :૫, ૧-૨:

દેહનો આત્મા સાથેનો સંબંધ કેવો હોય તે બતાવતાં દૃષ્ટાંત આપીને કહે છે :

જ્યમ વાએ પડવાઇ ગગનમાં ભમે, ત્યમ દેહ સંજોગે આત્મા રમે
જ્યમ કારંજે જળ ઉછળે સ્થૂળ સૂક્ષ્મ જોગે સર્વશએ

જેમ પવનથી પતંગ આકાશમાં રમે, કૂવારામાં પાણી જે રીતે ઉછળે તે રીતે સ્થૂળ શરીર અને સૂક્ષ્મ આત્માનો જોગ થાય. સ્થૂળમાંથી સૂક્ષ્મ ઉપજે,— ચકમકમાંથી અગ્નિ ઉપજે ને એનાથી ઘણાં કામો સિદ્ધ થાય. આ જ વાત કવિએ અન્ય દૃષ્ટાંતોથી વધુ સ્પષ્ટ કરી છે. એ પૈકીના કેટલાંક દૃષ્ટાન્ત તો નરસિંહના વખતથી વપરાતાં હોઇને ચિરપરિચિત છે. મૂળ વેદાન્તના ગ્રન્થમાંથી જ એમનાં કેટલાંક સીધાં ઊતરી આવ્યાં છે:

જેમ કનક એક તણા બહુ ઘાટ, ધરણી એક તણા ભાંડ પાત્ર,
નાના ઘાટ ઘડે સુતાર, કાષ્ટ એક તણા બહુ પ્રકાર.
ગગનમાંહે વંટોળિયો ભમે, ભમી ભમી ગગનમાં સમે

અરણવ મધ્યે લ્હેહેરી તોરંગ, ઉપજે બુદબુદ સાયર સંગ પૃ.૧૧-૧૨.

આમ દષ્ટાન્ત પરંપરા ચાલી આવે છે, સાર માત્ર આટલો.

રૂપ નામ કહીએ એ જીવ, વસ્તુતાએ એ સકળ ઘટ શિવ

શરીર પ્રમાણે આવરણ જેહ, ક્ષેત્રજ્ઞ જીવ ભણીએ તેહ ૫-૧૪-

આમ કવિ ગીતાની પરિભાષા વાપરીને ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો અહીં વિવેક કરે છે ને કહે છે કે જેમ શેરડીનો સાંઠો એક જ હોવા છતાં એને પેરીએ પેરીએ સ્વાદ જુદો હોય છે તેમ ઇન્દ્રિયની ઉપાધિને લીધે શિવના અનેક રૂપ ભાસે છે, પણ વાસ્તવમાં તો એ એક જ સ્વરૂપ છે.

આ ખુલાસો સાંભળ્યા પછી શિષ્યને વળી પ્રશ્ન થાય છે:

જીવ શિવ ઉભય છે એક, તો જીવને શાં દુઃખ અનેક ૫-૧૬.

એના જવાબમાં ગુરુ કહે છે કે સૂક્ષ્મ બ્રહ્મનો સ્થૂળ શરીર સાથે યોગ થતાં તે જીવ કહેવાય છે, પણ કાયામાં બ્રહ્મ જ ક્ષેત્રજ્ઞ છે. સુખદુઃખનો અનુભવ થાય છે. તે તો અજ્ઞાનને કારણે. આ વાત સમજાવવાને માટે પણ ગુરુ, આગળની જેમ સચોટ દષ્ટાંતો યોજે છે. ગાડું અને દેહનો ઘાટ એક છે, એ બંને સમસૂત્ર ચાલે ત્યાં સુધી સારું, પણ જરા બગડે છે કે અખડવા લાગે, તેમ ઇન્દ્રિયની ઉપાધિથી દુઃખ દેખાય. પણ એ તો મૂર્ખને, અજ્ઞાનીને, થતો ભાસ છે. કારણ કે,

રેંટ ફરે ને કડકડ થાય, ત્યારે રેંટ શું દુઃખીઓ થાય?

જેમ રેંટીઓ ગણગણ કરે, તે રૂદન કરે કે ગાતો ફરે? ૫.૨૨-૨૩:

માટે

સુખદુઃખ દીસે જોગે કરી, જોગ ટળ્યે ઉપાધ ગઇ પરહરી,

સુખદુઃખ ભાસે ત્યાં અજ્ઞાન, ભર્મ ટળે જેની દષ્ટિ સમાન. ૫.૨૩-૨૪.

પણ સમ્યક્‌દષ્ટિ કોને પ્રાપ્ત થાય?

(જેને) સત્ય સ્વરૂપનો અનુભવ હોય તે (જન)સુખદુઃખ ન દેખે કોય. ૫.૨૪.

આમ, સૌથી મહત્ત્વની વાત તો આખરે સત્ય સ્વરૂપનો અનુભવ થવો એ જ છે. એ જેને થયો તેને પછી સુખદુઃખથી વિક્ષુબ્ધ થવાનું રહેતું નથી:

ચંદ્રબિંબ જળસંગ થરથરે, તે શશિને શી બાધા કરે?

શરીર એના સ્વભાવ પ્રમાણે વરતે છે, પણ મૂરખને તે સુખદુઃખ લાગે છે.

જ્યાં જેટલો ઇંદ્રીનો જોગ, ત્યાં તેટલો સુખદુઃખનો ભોગ. ૫.૩૨.

પણ પત્ર ખરી પડવા છતાં વૃક્ષતો અચલ જ રહે છે, એટલે ખટ ઊર્મિઓથી આત્મા લેપાતો નથી, એ તો માત્ર જીવને જ નડે છે, ને જીવ અને શિવ તો એક જ છે, અજ્ઞાનને કારણે જ એની ભિન્નતાનો ભાસ થાય છે. આથી ગુરુ કહે છે:

પૂરણ પદ પરચે શું જડે, તો સુખદુઃખ સ્વપ્ને નવ ચડે. ૫.૪૧

. . . . ત્યારે ઉપજે જ્ઞાન પ્રકાશ, ત્યાં ત્યાં દેખીશ સર્વાવાસ. ૫.૪૩

આ સ્થિતિને પામ્યા પછી ભિન્નભાવનો નાશ થાય, વૈકુંઠની વાસના પણ શમી જાય અને આત્મા"ઉન્મુનિ" દશામાં રમમાણ થઇ રહે, પછી એને અદ્વૈતભાવ શી રીતે દમવાનો હતો? પણ આ વિશે ઝાઝી જીભાજોડી કર્યે શો અર્થ?

તોલ માપ પૂરણ પદ એક, તો મિથ્યા ભાષણ શોક વિશેક?

અગમ ભેદ એ સૂક્ષ્મ વાત, એ વિધિ છે સદ્‌ગુરુને હાથ. ૫.૪૯

શિષ્યને અધિકારી જાણીને આટલું કહ્યું, નહિ તો

કોઇ સમજ્યો અણસમજ્યો રહે, તે અનર્થ કરતો નિત્ય વહે. ૫-૫૦

આખરે તો

બ્રહ્મવિદ્યા સદ્‌ગુરુને સાધ, દાસ ગોપાળ કહે અગાધ. ૫-૫૧

શિષ્યના "પ્રૌઢા પ્રશ્નોને" જોઇને ગુરુને આનંદ થાય છે, ને એમનાથી ઉદ્‌ગાર નીકળી જાય છે:

તારા પ્રશ્નતણી એ ચરચા, જેના હૃદયમાં જામે;

જીવન્મુક્ત દશા તે પ્રાણી: હેલા માત્રમાં પામે.

હવે પેલી આધ વૈષ્ણવી માયાની વાત. માયાના ત્રણ પ્રકાર :જોગમાયા, મનમાયા ને કાયા. જોગમાયા તે જ પંચભૂત વડે બનેલી સાકાર સૃષ્ટિની સ્થૂળ માયા. એ માયા સબળ ક્યારે લાગે?–

જ્યાં લગે જ્ઞાન નવ ઊઘડે, ત્યાં લગે સબલ એ માયા;

જ્ઞાન તણી જો સાન વળે તો, ભાસે મૃગજળ છાયા. ૬-૮.

જે લોકો ઇન્દ્રિયો વડે નામ, રૂપ, ગુણ દેખીને રચનાએ મોહ પામે છે તેઓ મૃગજળના ભાસને વખાણીને વર્ણવે છે, ને ત્યારે કલ્પિત માયા જામે છે. કાયાની માયા તે મોટી માયા છે, ઇન્દ્રિયોના અગિયાર વિષય તે એના અગિયાર જાયા છે. શરીર હોય ત્યાં સુધી વિષયોને ભોગવવાની વૃત્તિ છૂટતી નથી. એવો એ માયાનો પ્રભાવ છે:

દેહસંજોગ માયા એ છે, તેના બળીયા ભોગ,
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર છળીઆ, એવો પ્રબળ જ જોગ. ૬-૧૬.

હવે મનમાયાની વાત. આ મનમાયાના ઘટક અંશો તે અંત:કરણ ચતુષ્ઠય- મન, બુધ્ધિ, ચિત્ત, અહંકાર, આશા, તૃષ્ણા, મોહ, શોક, મદ, મત્સર, સત્ત્વ, રજસ્, તમસ્,. આમ મનમાયા અંત:કરણ ચતુષ્ઠય, ષ ઇંદ્રિયુ ને ત્રિગુણની બનેલી છે. બીજો મનમાયાનો વિસ્તાર વર્ણવતાં ગુરુ કહે છે :

વેદ પુરાણ તથા ષટદરશન, નાના વિધના ધર્મ
મનમાયાએ નિરમ્યા કલ્પિત, કલ્પિત ત્રિવિધ કર્મ ૬-૨૦
નવધા ભક્તિ ને જોગ જુક્તિ, મહાદશા, જ્ઞાન, વિજ્ઞાન,
મનમાયા એ માને ત્યાં લગે, સત્ગુરુ સમજાવે સાન. ૬-૨૨
કુટુંબ વ્હેવાર તથા સગપણ, દેવ તીરથ ઋષિ સિધ્ધ,
ચૌદલોક મનમાયા કલ્પિત, બુધ રસના મળી કીધ. ૬-૨૪.
ધર્મ શાસ્ત્ર જ્યોતિષ કળા, એ મન માયાનો વિસ્તાર. ૬-૨૬

આ બધી મનમાયાની જ લીલા છે, એને એ રૂપે જે જુએ છે તે નિર્લિપ્ત રહે છે. મૃગને મન મૃગજળ સાચું છે, ને તેથી એને જોઇને એ દોટ મૂકે છે, પણ યથાર્થ મર્મ જાણનાર પંડિત કાંઇ દોટ મૂકવાનો હતો.? આમ

વિશ્વેશ્વર દેખે તે વૈશ્રણવ, મૂરખ માયા પેખે
સરપતણું વિષ વ્યાપે વિશ્વને, ગારૂડીને શા લેખે ૬-૨૯.

અવધૂત તેનું નામ જે ક્યાંય માયા જોતો નથી. આમ માયાના સ્વરૂપ તથા માહાત્મ્ય વિશેના શિષ્યના પ્રશ્નનો ઉત્તર મળી ગયો. પણ શિષ્ય કાંઇ એટલેથી અટકે એમ નથી. ગુરૂ પ્રત્યેની કૃતજ્ઞતા એ પ્રકટ કરી લે છે:

અમૃત કેરા ઘુંટડા, તેવા તમારા બોલ,
અંતરગત અવિલોકતાં, નહિ વચન કેરું તોલ. ૭-૯.

પછીથી એ પ્રશ્ન પૂછે છે: પ્રારબ્ધ, સંચિત અને ક્રિયમાણ- એ ત્રિવિધ કર્મનો શો મર્મ સમજે હશે? વેદ પુરાણ પણ કર્મની ગતિને ગહન કહે છે [૬]. વળી આધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક- એ ત્રિવિધ તાપથી કોઇ ઊગરતું નથી એમ કહે છે, તો એ ત્રિવિધ તાપ તે શું છે ? કારણ કે

---

૬. ગહના કર્મણો ગતિ। ભગવદ્ગીતા.

જ્યાં લગી મર્મ ન જાણીએ, ત્યાંલગી ભર્મ ન જાય. ૭-૧૭.

આનો સંક્ષેપમાં "સારોદ્ધાર" રૂપે જવાબ આપતાં ગુરુ કહે છે કે સૂક્ષ્મ બ્રહ્મ તે પ્રારબ્ધ કર્મ જેનાથી સ્થૂળ દેહ ઉદ્ભવે છે; તન તથા મન મળીને કર્તવ્ય કરે તે ક્રિયમાણ કર્મ, વાસનાસંશય યુક્ત મન તે સંચિત કર્મ, પણ આદિ મધ્ય અને અંતમાં સર્વવ્યાપક બ્રહ્મ જ હોય તો પછી હરિવિના કર્મનો ભોક્તા બીજો કોણ હોઇ શકે? માટે

આધ અંત કર્તા હરિ, એ મધ્ય કર્તા રામ,
તો કર્મ મૃગજળ ઝાંઝવા; વાસના સર્વ નિષ્કામ ૮-૧૨.

શિષ્યને એક બીજો સંદેહ થાય છે:

સ્વામી એક સંદેહ પડયો, જે સકળ વ્યાપક બ્રહ્મ,
તો સુખી દુ:ખી સંસારમાં, બહુ દેખીએ કોણ મર્મ?
એકને ગજરથ બહુ રિધ્ધ, નિધ, ધનભંડાર,
એક અન્નવિણ અડવડે, એક અંગ ઓઢે છાર.

ગુરુ આના જવાબમાં કહે છે કે સ્વભાવથી તો સહુ કોઇ સુખી જ છે, રાગદ્વેષ કે વિષવાદ જેવું કશું જ નથી, આ સુખદુ:ખનાં કારણ વિશે ગુરુ કહે છે:

બુધ બહુ પ્રપંચ રચે, વાણી કરે વિસ્તાર,
તે થકો એ ભોગવે, સુખ દુ:ખ સર્વ સંસાર. ૮-૧૭.
વાણી બુધ થકી લોભ વાંધે, લોભ ત્યાં દુ:ખ પ્રૌઢ
આશા, તૃષ્ણા, લોભ ચૈતિશે, વ્યાધ વળગી ખોડ. ૮-૧૮.

પ્રાણને ક્ષુધાતૃષ્ણા પીડે, મનમાં મોહ ને શોક વ્યાપે, શરીરને જરામૃત્યુ હોય, પણ પરમાત્મા તો અવિચ્છિન્ન જ રહે:

અંતરજામી રહ્યો અળગો, રૂદે કમળમાં વાસ,
જ્યમ દીપક બેઠો ગોખમાંહે, હે કરે ભુવન પ્રકાશ. ૮,૨૧.

આ બધું જો "પ્રિછે તો છે પાધરું, તો જીવ લગારે ય દુ:ખી ક્રરે છે: નહિ થાય.
વનસ્પતિમાંથી દાખલો આપીને ગુરુ આ મુદ્દો વિશેષ સ્પષ્ટ કરે છે:

એક દાક્ષ કેરે લુમખે, માંહે ખાટોમીઠો દ્રાક્ષ,
બ્રહ્મશૂલ વાંકાં પાધરાં, તે કોચા કર્મનો વાંક? ૮,૨૩
એ વૃક્ષનો એક ડાળ ઊંચો, એક નીચો ભોમ્ય
નીચોને સહુ કો ચડે, નવ ચડે ઊંચો વ્યોમ. ૮,૨૫
બે ડાળ માંહે સુખી દુખી, તેનાં કર્મ કિયાં વીર?
ઇંદ્રી, ઉપાધે દેખીએ, મિથ્યા એ મૃગજળ નીર. ૮,૨૬

માટે આ બધું "જ્ઞાન વોહોણા કર્મવાદી" નો લવારો છે, મિથ્યા શ્રમ છે. સાચી વાત તો આ છે:

જેને જેવું મન બાધ્યું તેને તે લાગે સાર. ૮-૩૪.

ગુરુનો અનુભવવેલો સિધ્ધા-ત તે આ:

કર્મ વસ્તુતાએ નથી, છે બ્રહ્મ અદ્‌ભદ્ એક,
સુખ દુ:ખ સ્વભાવ શરોરનો, સિધ્ધાંત અનુભવ છેક. ૮-૩૬
સુખ દુ:ખ કારણ મન તણું, એ મનમાં અનેક વિકાર,
મન ટળી ઉ-મનો થયો, ત્યારે જગત બ્રહ્માકાર. ૮,૩૮.

હવે શિષ્યને પ્રશ્ન થાય છે કે સચરાચર વિશ્વમાં પ્રભુ વ્યાપી રહ્યા છે તો પછી દુનિયામાં જે ચોવીસ અવતાર ગણાય છે તે શું એથી જુદા છે? સગુણ સંસાર ને નિર્ગુણ નિરાકાર તો જાણીએ છીએ, પણ તે સિવાયનું ત્રીજું તે શું? વિશ્વમાં હરિ ચાર પ્રકારે વિકસ્તરે છે તે શું? વળી ચાર મુક્તિ તે કઇ?

આના જવાબમાં ગુરુ કહે છે કે બ્રહ્મ તો સૂક્ષમ, સહજ, શૂન્ય, નિરામય, અવિગત, અવિચલ, અવિનાશી ને પૂર્ણાદ્વય છે; એના જે અંશમાંથી પંચભૂત પ્રગટ્યાં તે અવતારી અંશ. અહીં માનવના મહિમા વિશે એક અગત્યની વાત કહી છે તેનો આસ ઉલ્લેખ કરવો જોઇએ:

બુધ કલા મનુષ્યમાં અતિશે, (માટે) મનુષ્ય કળા અવતાર,
વેદ ચાર, સ્મૃતિ, વ્યાકરણ, મનુષ્યથી થયો વિસ્તાર. ૧૦, ૬.

મનુષ્યમાં અનંત કળાના સર્જનની શક્યતા હોવાથી એને કળાઅવતાર કહે છે. આટલું કહ્યા પછી વિભૂતિનું વર્ણન ગુરુ કરે છે :

ચંદ્ર સૂર્ય તારા ધ્રુ મંડળ, સ્વર્ગલોક કૈલાસ,
ગાંધર્વ, જક્ષ, કિ-નર, સુરમુની વિભુતિ તણો પ્રકાશ ૧૦,૯.
રસાતળ, પાતાળ, તળાતળ, નાગલોક વળી જેહ,
સત્ય લોક ને જનલોક, વિભુતિ માનજો તેહ. ૧૦,૧૦.

આ વિભૂતિની ગણના કરતી વેળાએ ફરીથી એક વાર માનવીને કવિ યાદ કરી લઇને કહે છે :

વિભુતિમાં આ મનખા દેહને, કળા અવતાર જ કહીએ,
બુધ કળા બહુ પ્રાકમ જેવો, જોતાં પાર ન લહીએ. ૧૦,૧૩.

આ બધા વિભૂતિના વિસ્તારની કલ્પના ઋષિઓનો પ્રપંચ છે:

વિભુતિમાં પ્રપંચ કર્યા ઋષિએ, અળગા ચોવીસ અવતાર;
તેનાં શાસ્ત્રપુરાણ કરી થાપ્યાં, ભજવા આ સંસાર. ૧૦,૧૭.
સ્મરણ કીર્તન કર્યાં ચાલતાં, નવધા ભક્તિભેદ,
તીર્થક્ષેત્ર ઉપાસના સ્થાપી, સાચાં શાસ્ત્રી વેદ. ૧૯,૧૯,

દશાવતાર વિશે કવિ જે કહે છે તે નોંધવા જેવું છે.

જળચર જીવ અનંત જ કહાવે મચ્છ કચ્છાદિક સાર;
ઋષિએ કલ્પનાએ વર્ણવ્યા, મહાકચના અવતાર. ૧૦,૨૧.
વરાહ આદે પશુમાં મધ્યમ, જીવ અસંખ્ય અપાર;
વેદવચન કરી તું માને, હરિનો ત્રીજો અવતાર. ૧૦,૨૩
અંગહીણ જે કાળાં કુબડાં; એ દેહતણો વ્યવહાર;
જંતુ એવાં જગતમાંહે તું, જાણ વામન અવતાર ૧૦,૨૪
સિંહ આદિક લઇ પ્રાણી જેને, નખ તણો વિસ્તાર;
એહ સકળ મળીને જાણો, નૃસિંહરૂપ અવતાર. ૧૦,૨૫
પરશુરામ આદે લઇ જેણે, નૃપ ક્ષત્રી સંહાર્યા અપાર;
અંતરગત મનમાંહે માન એ, કરશુરામ અવતાર. ૧૦,૨૬
રઘુપતિ આદિ સર્વ રાજા, દેશતણા અધિકાર,
દયા, નિયમ સત્ય જેને વહાલાં તે રામા અવતાર. ૧૦,૨૭
પશુ ચારે આહિર આદે લઇ, જીવ જગત વિસ્તાર.
પ્રપંચી કામી સ્ત્રી સંગીએ, કૃષ્ણ હરિ અવતાર. ૧૦,૨૮
બુધ આદે લઇ સર્વે જ્ઞાની, મહંત શિરોપણ સાર,
એ સર્વે મળી તું જાણે, હરિ બુધ્ધા અવતાર. ૧૦,૨૯
આધ કલંકી ભ્રષ્ટ નિર્દય, મત ઘણો અહંકાર,
જગત માંહે જે જીવ એવા તે, કલંકી અવતાર. ૧૦,૩૦.

અવતાર વિશેની કવિની આ પ્રૌઢ કલ્પના અરે જ ઉલ્લેખપાત્ર છે. આ ઉપરાંતના બીજા અવતારો તે હંસ, મોહિની, સનક, કપિલ, ઋષભદેવ, દત્તાત્રય, નારાયણ, પૃથુ, નારદ, ધ્રુવ, વેદવ્યાસ, વગેરે. આ ચોવીસ અવતારની વાત કહ્યા પછી વળી કવિને મનુષ્ય યાદ આવે છે, ને એકવાર ફરીથી કહી લે છે:

એ અવતાર ચોવીસ અવિગતના, એ વિભુતિ પ્રમાણ,

એમાં મનુષ્યતણો અવતાર,જ, કળામાત્ર તું જાણ. ૧૦,૪૩

અગમ અગોચરની ધારણા શી રીતે થાય ? માટે અવતારનો પ્રપંચ વિસ્તાર્યો, એ "કલ્પિત તંતુ" જ છે, કવિ સ્પષ્ટ શબ્દોમાં કહે છે:

જ્ઞાન વહોણાં લોક બાપડાં, પછી પ્રપંચને વળગ્યા. ૧૦,૪૭.

ને જો અવતાર અળગા ન કરે તો, ન ગમે નિર્ગુણ વાત,

ત્યારે લોક તે ભજતે કોને, માટે કીધી ખ્યાત. ૧૦,૪૮.

આમ અવતારની વાત પૂરી થઇ. હવે ચાર પ્રકારની મુક્તિની વાત. એ ચાર મુક્તિની સ્થિતિ તે આ મુજબ : સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય, સાયુજ્ય. આ બધામાં યથાર્થ મુક્તિ તે સાયુજ્ય મુક્તિ :

સાયુજ્ય માંહે મુક્તિ જથારથ, જોતમાં જોત સમાણી.

આ ચાર મુક્તિની વાત સાંભળી શિષ્યના મનમાં સંશય ઉઠે છે :

ચૌદ ભુવન હરિસાગર માંહે, તથા લોક અલોક;

વસ્તુ એક દ્વિતિય નવ દિસે, ક્યાં અળગો ત્યારે મોક્ષ? ૧૧,૧૧.

વળી વ્યાપક મુક્ત અવતાર એ વ્યાપક, તમે કહ્યું સર્વ સમાન;

અળગા મુક્ત અવતાર ચોવીસ તે, કાં કથે શાસ્ત્ર પુરાણ. ૧૧,૧૪.

આના જવાબમાં ગુરુ નિત્ય અને નૈમિત્તિકનો વિવેક કરીને કહે છે:

નિત્ય વ્યાપકની વાત જ મોટી, નવ પ્રિછે અજ્ઞાન. ૧૧,૧૬.

અજ્ઞાનીથી ય વધારે અરાળ અર્ધદગ્ધ –

દગ્ધજ્ઞાની અનરથનું પાત્ર જ, તે સ્વાદ સકળ ઉથાપે. ૧૧,૧૯.

આથી ઋષિઓએ નિત્યને અળગું રાખ્યું ને નૈમિત્તિકની કલ્પના કરી. આ વાતને કવિ સુંદર દૃષ્ટાંતથી આમ સ્પષ્ટ કરે છે :

આકાશ-આરસી ન આવે કરમાં, દર્પણ સર્વકો જુએ,

સમુદ્ર જળ જ્યમ વહે વાદળાં, કોષ વહે જ્યમ કુવે. ૧૧,૨૨.

આમ બધો કલ્પનાનો વિસ્તાર થયો. ધર્મ કર્મ ક્રિયાનો પ્રપંચ વધ્યો, લોકોને ભમાવ્યા, અનેક જાતની ચતુરાઇ કરી, વાણી વિલાસ કીધો, એથી મૂર્ખને તો આનંદ થયો.

"વચનથી અળગા" બ્રહ્મને તો વાણી શી રીતે વર્ણવવાની હતી? –

અ અગમ વાત નવ પ્રિછે કોઇ, નવ આવે મન માંહે,
દેહદશીને અનુભવ દુર્લભ, રૂપતણા ગુણ ગાએ. ૧૧,૨૬

"બ્રહ્મજ્ઞાન વોહોણાં" લોકો જ અવતારને જુએ છે. એવા લોકોને ભોળવવા દંભીઓએ તરકટ રચ્યું:

ગાવા, વાજા અને ધાવાને કીધાં શાસ્ત્રપુરાણ,
એ પ્રપંચે રહ્યા સર્વ વળગી, બાળ બુધ્ધ અજાણ. ૧૧,૨૮

સુવર્ણનો ટુકડો આનંદ આપે નહિ, પણ તેના ભાતભાતના અલંકાર જોઇ સ્ત્રી પુરુષો મોહ પામે છે તેમ નિર્ગુણ બ્રહ્મ ઇંદ્રિય વડે જાણી શકાય નહિ, માટે ચોવીસ અવતારની કલ્પના કરી. નિર્ગુણ બ્રહ્મને ચોળખવા એ જેવા તેવાનું કામ નથી:

નિર્ગુણ શૂરા ત્યાં નિત જ્ઞાની, મૂર્ખ સગુણશું હર્ખે,
રત્ન પારખો જાણે ઝવેરો, પૈસા સર્વ કો પરખે. ૧૧,૩૬
વડ, પીપળ, બાવળ ને બદ્રી, તેહતણાં બહુ રાન,
બાજનાચંદન વૃક્ષ અનોપમ, તે લાધે કો ઠામ. ૧૧,૩૯

પણ સાવધાન થઇને નિત્ય અને નૈમિત્તિકનો જ્ઞાનીએ વિવેક કરવો જોઇએ. હવે ત્રિગુણમય બ્રહ્મ વિશે શિષ્યને પ્રશ્ન થાય છે:

સરજે, પાળે, સંહરે, એ દેવ મોટા ત્રણ,
તો પરમેશ્વર તે શું કરે, મને કહો અશરણાશરણ. ૧૨,૫.

બ્રહ્મને વિભાજીને આ ત્રણ દેવતાના ભેદ શા માટે કર્યા?

બ્રહ્મા કેમ સરજે ઘડે, ને વિષ્ણુ પાળે કેમ?
સંહાર તે શિવ કયમ કરે, તે કહો જ્યમનું તેમ. ૧૨,૮

ને જો રામ સર્વવ્યાપક છે તો પછી વૈકુણ્ઠલોક તે શું છે? સ્વર્ગ શું છે? નરક તે શું છે? :

દશે દિશા અવિનાશી અવિગત, જેમ સકળ વ્યાપક ભોમ,
તો સ્વર્ગ નર્ક વૈકુંઠની, કયાં રહી ચળગી ભોમ? ૧૨,૧૪.

ગુરુ આના જવાબમાં કહે છે કે ત્રિગુણ પૈકી રજસ્ તે બ્રહ્માનો, સત્વ તે વિષ્ણુનો તમસ્ તે શિવનો:

રાજસ ગુણનો તે ધણી, જેથી હવો આ વિસ્તાર. ૧૩,૪
વિષ્ણું તે જળરૂપ જાણો, જે જીવ સકળ આધાર;

સાત્ત્વિક ગુણ છે તેહનો, જે શબ્દ પાલણહાર. ૧૩,૫
તામસ ગુણ તે તેજનો, તેજ તે શ્રી મહાદેવ;
તે સંહારે આ સૃષ્ટિને, કરે ભસ્મ અવશ્યમેવ. ૧૩,૬

પણ

ત્રણ ભૂતને ત્રણ દેવતા, તેનાં નામ, ભવ, વિધિ, વિષ્ણું;
તે ત્રિગુણ ભુવન વિસ્તર્યા, એ નિરંજનના અંશ. ૧૩,૮

એ ત્રણેય નિરંજનના જ અંશ છે, એ દૃષ્ટિએ જ ત્રિગુણમય બ્રહ્મને જોવાનું છે:

વ્યોમ વ્યાપક વૃક્ષ થડ, શાખા બ્રહ્મા વિષ્ણું મહેશ;
પત્રફળ સંસાર રચના, સમજ એ ઉપદેશ. ૧૩,૨૧

આજ રીતે વૈકુંઠનું પણ સમજવાનું છે. જે ચૌદ ભુવનથી બહુ ઊંચો છે, પાતાળથી બહુ દૂર છે, આદિ, અંત અને મધ્યમાં જે નિરંતર ભરપૂર વ્યાપી રહ્યો છે તે પૂરણ બ્રહ્મ છે, તેનાથી અળગું વૈકુંઠ એક ખંડ કયાં રહ્યું?

રૂપ અરૂપી અખંડ મંડળ, વસ્તુ એક અપાર,
ત્રિછે તેને પાધરૂં, સર્વ મુક્ત મય સંસાર. ૧૪,૮

પણ મનુષ્યને અનર્થનું પાત્ર ગણીને એને જે અંકુશમાં રાખવા આવા બધા પ્રપંચો રચ્યા તે.

સ્વાદ સર્વનો રાખવા, કરી ધર્મ કેરી થાપ. ૧૪,૧૧

અહીં ગોપાળદાસની વાણી અખાના જેવી આકરી બની જતી લાગે છે:

જે દેવ ઘરને આંગણે, તે સાથ ક્ષણ નવરંગ,
જે દેવ સ્વામી બ્હારકાં, ત્યાં ચાલ્યા દરશનસંધ. ૧૪,૧૧

આ કોના જેવું થયું તો કે

જે ઘેર પોતાને પગનો, ગુણ રૂપ સુંદર નાર,
તેને મેલે પરહરિ, કરે શંખણી શું વ્યભિચાર. ૧૪,૧૪

જીવનો સ્વભાવ ઓળખીને વૈકુંઠની કલ્પના ઉપજાવી એમાં સુવર્ણના વૃક્ષ રત્ને જડયાં પર્ણ, મુકતાફળ, સુંગધી વન, વળી વધારામાં

સુખ ઘણાં ત્યાં સુચવ્યાં, ને દુઃખ નહિ લવલેશ,
સંગ ત્યાંહે સુંદરીનું શોભે શ્રી દેવેશ. ૧૪,૨૦

આમ આગળ વધીને નવધા ભક્તિ અને ષોડશ પૂજા રચી

રમવાને તીર્થો કર્યા, તથા જપતપ દાન,
આચાર અધ્યયન અતિથણા, શૌચ સંધ્યા સ્નાન, ૧૪,૨૩

ધર્મના અહંકાર ઉપજ્યા, પછી હવાં અટદરશન;

હરિ તો જ્યમના ત્યમ રહ્યા, પછી તે વાધ્યું મન. ૧૪,૨૪

આમ જટાજાળ વધતી જ ગઇ. ત્રણ દેવ તે એક જ મૂરત છે એમ વેદપુરાણ કહે છે. કથામાં દરરોજ લોકો એ સાંભળે છે છતાં સાચી વાત અજાણ લોકો પ્રીંછતા નથી. આ બધા પંડિતના કરેલા પ્રપંચ છે, મૂરખ તે સમજ્યા વિના ટગમગ જોયા કરે છે. સાચી વાત તો આટલી :

નથી વૈકુંઠ વેગળું, નથી વિષ્ણું લક્ષ્મી નાર,

સકળ વ્યાપક બ્રહ્મ છે, એ સરવેશ્વર સંસાર. ૧૪,૩૧

બ્રહ્મ વ્યાપક જ્યાં લાગે, ત્યાં લગે વૈકુંઠ સ્થાન.

અન્ય વૈકુંઠ સ્થાપના, તે મિથ્યા કલ્પિત જાણ. ૧૪,૩૩

જેને સદ્‌ભાગ્યે સદ્‌ગુરુ મળી ગયા તેને બ્રહ્મજ્ઞાન થયું, જેણે સર્વેશ્વરને ઓળખ્યા તેની વિષયવાસના ટળી ગઇ, કર્મનો પ્રપંચ શમ્યો, આચારની ઊર્મિ શમી, મન નિશ્ચળ થયું. એવો જીવન્મુક્ત.

સ્હેજના ઘરમાં રમે, તેના સુખતણો નવ પાર. ૧૪,૩૮

શોક સહુ સંશય સમ્યા, આનંદ અંગ ન માય,

તદ્‌રૂપ તે પોતે થયો, એ જીવનમુક્ત કહેવાય. ૧૪,૩૯

અગાધ બુધનો તે ધણી, જે પ્રગટ પામ્યો રામ,

મુક્તની એ સ્થાપના, વૈકુંઠનો વિશ્રામ. ૧૪,૪૦

વૈકુંઠની આવી સાચી વ્યાખ્યા ગુરુ શિષ્યને કરી આપે છે.

પૂરણ પદ જ્યા ઓળખ્યું ત્યાં જ આપણું વૈકુંઠ. જે સર્વ વ્યાપક છે તેમાં ગાવજા શાની? પણ સંસારી બિચારો બાળકના જેવો, એને જ્યાં વાળો ત્યાં વળે. આથી એને રમત આપીને ભોળવ્યો, વૈકુંઠના રમકડાથી એ રાજી થયો. જ્ઞાનને વેગળું રાખીને એને "ભજન કેરો સ્વાદ" લગાડ્યો. સ્વર્ગની કલ્પના પણ આમ જ ઉપજાવી કાઢી. સ્વર્ગ અને નરકને સાવ સાદી રીતે સમજાવતાં ગુરુ કહે છે:

બહુ સુખ સ્વર્ગે જાણજો, છે દુઃખ તે વળી નર્ક. ૧૫,૧૧

સ્વર્ગમાં રહેનાર દેવ તે કોણ?

જ્ઞાન મન ગોવિંદનું, જેને વસ્તુ સકળ સમાન;

દોષ દૃષ્ટે નવ પડે, તે દેવરૂપ સમાન, ૧૫,૯

ને નર્કવાસી કોણ?

સાંભળ નર્કની વારતા, જે મનુષ્યને અજ્ઞાન,
તે નર્ક કેવળ ભોગવે, જેને નહિ હૃદેમાં જ્ઞાન. ૧૫,૧૨

જે પ્રોછે છે તેને મન આ પાધરું છે, બાકી તો

બહુ ભણ્યા તે ભૂલા પડ્યા, સ્હેજ હરિમાંય સમાય. ૧૫,૨૨

આ પછી શિષ્ય ચાર આશ્રમની વ્યવસ્થાની સાભિપ્રાયતા વિશે પ્રશ્ન પૂછે છે.ગુરુ કહેછેકે આ ચાર આશ્રમો શરીરનો સ્વભાવ જોઇ, અનુભવને લક્ષમાં લઇ દેહને રુંએ એવાં સાધન સ્થાપવાની દષ્ટિએ નક્કી કરેલા છે. કોઇ પણ આશ્રમમાં દેહને દમવાની વાત જ નથી:

દેહ સર્વ હરિમય થઇ જાણે, શાને દેહ દમે તે પરાણે,
થયો વાસના કેરો નાશ, ત્યારે વૈકુંઠની શી આશ. ૧૬,૧૩

શિષ્યે પૂછ્યું;

છેલ્લો આશ્રમ જે સંન્યાસ, ક્રિયામાત્ર કરે છે નાશ,
જનોઇ બાળીને જે પીએ, તે કહોજી કારણ કીએ. ૧૬,૩

એના જવાબમાં ગુરુ કહે છે :

જે જન હરિમાં રહ્યો સમાઇ, તેહનું શું કલ્પે મન ભાઇ,
ષટ કર્મ અવસ્થા સીધી, ત્યારે ઉપવિત બાળી`ને પીધી. ૧૬,૧૬

અદ્વૈત જ્ઞાન થયા પછી એ સોહં વ્યાપક દેખે, પછી જો એ તીર્થસ્થાને જાય તો હરિની વ્યાપકતા ખંડિત થાય. પછી હરિ એને અળગા ન સૂઝે, માટે એ મૂર્ત્તિને શા માટે પૂજે;પછી ધ્યેય અને ધ્યાતા એક થઇ જાય એટલે એ ધ્યાન કોનું ધરે? પછી જો એ વેદપુરાણ ભણે તો બ્રહ્મની અનિર્વચનીયતાનો લોપ થાય, જેને સહજ સમાધિ સિધ્ધ થઇ હોય તે જોગ સમાધ શા માટે સાધે? માત્ર મનને સંશયમુક્ત કરીને નિશ્ચય કરવા ની જરૂર છે. બીજાં સાધનોની જટાજાળનો કશો અપ નથી:

છે સંશયની મોટી આડ, કરે બ્રહ્મજ્ઞાનની મોટી વાડ,
માટે જે જે સંશય ભાગે, ત્યારે મંન પરમાનંદ લાગે. ૧૬,૨૦

આવો પરમહંસ જેને અપરોક્ષાનુભૂતિ લાધી છે તે ગંગા ને કાશીને શું કરે?

વળી સર્વ વસ્તુ સમાન જેને સૂઝે, તે કોને તજે કોને પૂજે!
ભમવાને તે સ્હેજે જાય, સર્વ તીરથ પાવન થાય. ૧૬,૨૩

જેનું ઉન્મુનિયે વેધ્યું મન, તેના સમી ગયાં સાધન,
જેના દષ્ટિતણા ટળ્યા દોષ, દેખે મુક્તમય ચૌદે લોક. ૧૬,૨૫

અણાની યાદ અપાવે એવી પંક્તિ :

જે હરિમાં કરે કલ્લોલ, તેને નિશદિન ઝાકમઝોળ, ૧૬,૨૭
દેખે જેમ ત્યમ, દેહ બાધ્યો, જેને એવો અનુભવ જાગ્યો.
હું ટળીને હરિમાં ભળીઓ, જેમ સિંધવ જળમાં ગળીઓ. ૧૬,૨૯.

હવે શિષ્યને ચૌદ લોકનો વિસ્તાર જાણવાનું મન થાય છે. ગુરુ શિષ્યના સૂક્ષ્મ પ્રશ્નોથી તુષ્ટ થઇને કહે છે:

તારે પ્રશ્ને તું પાવન થયો. ૧૭,૬

યોગ્ય પ્રશ્ન પૂછવા એ જ્ઞાન પામવાની અનિવાર્ય શરત છે. આટલું કહીને સ્વર્ગલોક તથા દેવનો પરિચય ગુરુ આપે છે. જ્યાં ચન્દ્ર, સૂર્ય, તારા નિત્ય પ્રકાશે તે સ્વર્ગ અથવા દેવલોક. દેવોનાં લક્ષણ પાંચ છે:

અમર લોકના આયુષ્ ઘણા, ગણજે લક્ષણ દેવતા તણા,
દિવ્યદેહ જેને નહિ આહાર, તેના પંડ તણો વ્યવહાર. ૧૭,૧૧
જેને છાંયાનો નહિ ભાસ, જ્યોત રૂપ તે સદા પ્રકાશ.
એ પંચ લક્ષણ દેવતા જાણ, નિત્ય દેવ અનુભવ પ્રમાણ. ૧૭,૧૨.

અંડજ, ઉદ્ભિજ, સ્વેદજ અને જરાયુજ – આ ચાર પ્રકારના જીવોની ઉત્પત્તિનું સ્થાન તે પ્રત્યક્ષ નરકની ખાણ જ છે. મનુષ્યને ચોર્યાશી લાખ ફેરા ફરી ગર્ભવાસનું દારૂણ કષ્ટ તેમ જ તનમનનાં અનેક દુ:ખો ભોગવવાનાં રહે છે. આ મનુષ્ય જાતિમાં જ ગુણ, સ્વભાવ અને લક્ષણ ઉપરથી જ્ઞાનીઓએ રાક્ષસ, ભૂત, પ્રેત, નાગ વગેરે વર્ગો પાડ્યા છે. જીવ વીંધીને માંસનો આહાર કરનાર મનુષ્ય તે રાક્ષસ; રાતદિવસ ગમે તેમ ખાય તે મનુષ્ય પ્રેત કહેવાય. જે બહુ આહાર કરે, જેનામાં બહુ બળ હોય અને જેનું મુખ વિકરાળ હોય તે દૈત્ય, કહેવાય; જે હૃદયમાંથી દ્વેષ ન છોડે તે નાગ કહેવાય: આમ.

જેવાં લક્ષણ તેવી ભાત, મનુષ્ય જન્મમાં સઘળી જાત. ૧૭,૧૭,

પણ મનુષ્ય જાતિમાં માત્ર અવગુણો જ નથી, ગુણો પણ છે. એ ગુણો તે આ:

મનુષ્ય જન્મમાં જે સુખ આપ, તે બુધ વાણીનો જ પ્રતાપ ૧૭,૨૫
બુધ વાણી એને નવ હોય, તો તો વાનર દેહ જ શોય. ૧૭,૨૬
નવરસ ભોગી ચતુર સુજાણ, મોટો ગુણ વૃથા એ જાણ,
બીજો ગુણ સાંભળ ચિત્ત ધરી, પોતે પોતામાં ઓળખ્યા હરિ. ૧૮,૨૮.

વિધિનિષેધના ટળ્યા સંતાપ, ભૂલ્યો હતો તે ઓળખ્યા આપ
પરાક્રમ વાણીએ કરી, છતી વસ્તી સ્હેજે સાંભળી. ૧૭,૨૯

તેમ છતાં આ મનુષ્યોમાં કરોડોમાં આવો જ્ઞાની તો એકાદ જ હોય છે. કવિ "પશુ" શબ્દનો ઉપયોગ તન્ત્રની પરિભાષામાં કરીને કહે છે:

જ્ઞાનથી ચઢી વિજ્ઞાને જાય, ત્યારે તે જન પશુ કહેવાય,
અતિ ઉત્તમ જ્ઞાની કહેવાય, પણ તે પશુથી અધિક ન થાય. ૧૭,૩૩

અંતે એ અવસ્થાને પ્રાપ્ત કરવા સાદી સલાહ આપે છે:

શબ્દ સકળનો અનુભવ કરો, મંદ મતિનો સંગ પરહરો. ૧૭,૩૫
સંગ સાધનો નિશદિન ગ્રહો, હૃદય જ્ઞાન ગોવિંદનું લહો. ૧૭,૩૬

હવે ત્રિવિધ તાપની વાત બાકી રહી. તાપ ત્રણ પ્રકારના તે આ મુજબ:

વ્યાધિદુ:ખ દેહને ઉપજે તે "અધ્યાત્મિક તાપ", જીવ જે જીવને નડે તે "આધિભૌતિક તાપ," અગ્નિમાં બળે, જળમાં ડૂબે, વિષ ખાય, વીજળી પડે વગેરે દુ:ખો તે "આધિદૈવિક તાપ", આ તાપ ત્રણે ય ભુવનને વડે, પણ હરિજનને મન તો એ અણુમાત્ર. ઉપર કહ્યા તેતો તનના તાપ ~~કહ્યા~~ થયા. આ ઉપરાંત વળી મનના તાપ તે જુદા. જો ગુરુને જ્ઞાન બંને પામવાનો સુયોગ સાંપડે તો મનના તાપ તો ટળે, પણ તનના તાપ તો શરીરને ભોગવ્યે જ છૂટકો :

એ તાપ ત્રણ મનના કર્યા, તે ટળે જ્ઞાને વીર
પણ તાપ તનના નવ ટળે, ભોગવ્યા વિણ શરીર. ૧૮,૨૦.

મનના ત્રિવિધ તાપ તે કયા? ષડ્રિપુ અને અંત:કરણ ચતુષ્ઠય વિશે જે દુ:ખ પામીએ તે અધ્યાત્મ તાપ; કોઇ કઠણ વચન કહે કે કોઇ ભયાનક નાદ કરે તેથી જે દુ:ખ ઉપજે તે આધિભૌતિક તાપ; દેવ, પૂર્વજો, ભૂત કે ભૈરવથી થતાં દુ:ખ તે આધિદૈવિક, કવિ આ બધાંમાં માનતા નથી. માટે કહે છે:

ડાકણ શાકણ તથા જડપણ, ગ્રહ જોગ વાર શૂલ;
શુકનવાચક આખડી, એ કલ્પના નિર્મૂળ.
વિ
ક્ષીરતક વસ્તુ એ નથી, કલ્પી કરો ઉપાધ.
ટ
સુણી ઝબક મનને ઉપજે, પણ મૂળ મિથ્યા વાધ. ૧૮,૧૮-૧૯.

આ તાપમાંથી મુક્ત થવું હોય તો સદ્ગુરુ પાસેથી સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ અહીં, આ નિમિત્તે કવિ ગુરુનો મહિમા નિરાંતે ગાઇ લે છે:

સદ્‌ગુરૂ વિણ શાસ્ત્રના, નવ જડે શુધ્ધ વિચાર;
ભણે ગણે સર્વ ભ્રાંતમાં, નવ ટળે ઘોર અંધાર.
કુંભે બાંધ્યું જળ રહે, જળ વિના કુંભ ન હોય,
એમ જ્ઞાને બાંધ્યું મન રહે, ગુરૂ વિના જ્ઞાન ન હોય.
ગુરૂ વિના જે જે કરે, આચરે આચરણ કર્મ,
ધુળ ઉપર એ લીપણું, જે સકળ સાધન ધર્મ,
સંસાર માંહે સુધડ નર, ચૌદ વિદ્યા ગુણ નિધાન.
તેને ગુરૂ વિના સુઝે નહિ, અનુભવ અદ્વૈત જ્ઞાન.
પાહાણા કેરી ટાંકણી, ઘશી તીણી કરે અપાર,
(તેથી) મુક્તાફળ નાનું, મોટું, નવ વિંધાએ નિરધાર
મોતી કેરું બીંધણું, સદ્‌ગુરૂ કેરી શાન
એ બે અળગી વારતા, રખે કો કરો અભિમાન. ૧૮, ૩૦-૩૫.

શાસ્ત્રો તો ગુંછળા જેવા છે ને ઋષિ ની વાણી જાળ જેવી છે. એના ઘટાટોપમાં મૂળ વાત ઢંકાઇ જાય છે. એને શોધવાને વિશિષ્ટ પ્રકારની આવડત જોઇએ:

ધેંસ માંહે સાકર ભળી, તે ખિપોલ્લીકા કરે અહાર,
હસ્તીને તે નવ જડે, બળ કરે કોટિકવાર. ૧૮, ૩૭

શ્રવણ, મનન ને નિદિધ્યાસનમાં સાધન તો ઘરાં, પણ જો સદ્‌ગુરુ આશ્રય આપે તો સાક્ષાત્કાર થાય.

ગુરુની આવી વાણી સાંભળીને શિષ્યના હૃદયકમળમાં પરમ અલૌકિક અજર અમર રસ સ્ત્રવવા લાગ્યો, પણ હજુ શિષ્યનું મન છિન્નશંશય થયું નથી. આગલી વાતનો તંતુ પકડીને શિષ્ય ગુરુનાં લક્ષણો જાણવા ઇચ્છે છે. કોઇ ગ્રન્થમાં એણે દશ લક્ષણ કહ્યા છે, કોઇમાં ચોવીસ, કોઇમાં બોતેર તો કોઇમાં નવસો-તો સાચું શું? કોઇ ગ્રંથમાં એમ કહ્યું છે કે સંત ક્રિયાથી અળગા રહે છે; હવે જો તેનાં લક્ષણો વર્ણવો તો કર્મ કલેશ એમને વળગેલો ન કહેવાય? વળી આજકાલ

ઠામે ઠામ ગુરૂ થઇ બેઠા, મતના મારગ થાપેજી
તેથી તે સદ્‌ગુરૂ કોચો જે સ્વામી, હરિ નિશ્ચય કરીઆપેજી. ૧૯, ૧૭

તેથી

મને જીવન્મુકત કરી આપે તેવા સદ્‌ગુરૂ બતાવો.

આના જવાબમાં ગુરુ કહે છે કે પાંચ ગુરુઓ આ સંસારમાં હોય છે. પહેલા ગુરુ તે પિતા, એ જન્મ આપે ને પાલનપોષણ કરે; બીજા ગુરુ તે વિદ્યાગુરુ, એમની આપેલી વિદ્યાને બળે આજીવિકા પ્રાપ્ત થાય; ત્રીજા ગુરુ તે કુળગુરુ જે શ્રાદ્ધકર્મ કરાવે; ચોથા ગુરુ તે મંત્રગુરુ, જે શ્રવણ સ્મરણ આપે, પણ કવિ કહે છે:

એ ચાર ગુરુ માયાતણા, સંસાર ધર્મ વ્યવહાર,
જ્ઞાન એથી ન ઉપજે, નવ થાય જીવ ઉદ્ધાર. ૨૦-૭

જેની પાસે હરિનું જ્ઞાન છે તે પાંચમાં ગુરુ જ ગુરુ શિરોમણિ કહેવાય. એ પિપિલિકામાર્ગ ને વિહંગમમાર્ગ બતાવે, એટલે કે કીડી જેમ ઝીણામાં ઝીણું છિદ્ર શોધી કાઢે છે તેમ જ્ઞાનની સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાત એ સમજાવે છે, અનંત આકાશમાં બળ પ્રમાણે ઊડે છે તેમ અનંત બ્રહ્મ સંબંધે વિચાર કરતાં એ શીખવે છે. એ મુ આપણને તરત પારંગત કરે છે, એટલે કે સંસારસાગર પાર કરાવે છે. જે વેદપુરાણમાં પણ ન મળે તે આવા ગુરુ કહે. એમનું જ્ઞાન દિવ્ય દૃષ્ટિ ઉઘાડી આપે ને દૃષ્ટા દૃશ્યમાં તદ્રૂપ બને. એવા ગુરુ :

જગતરૂપ જગદીશ પેખે, દેખે આપમાંહે આપ,
સંસાર સર્વ સપરસ થાય, ત્યારે દહ્યાં પુન્ય ને પાપ. ૨૦,૧૧
સ્વદેહે હરિને મેળવે, તથા કરે સમાન.
અહંકાર અંતરગત ટળે, જે પામ્યો પદવી જ્ઞાન. ૨૦,૧૨
જેને દોષ દૃષ્ટિ ન સંભવે, હરિ લહે સર્વાવાસ,
અલક્ષગત ઉન્મુનિ રહે, જે સદા સ્હેજ ઉદાસ. ૨૦,૧૩
તે મહંત મોટા જાણજો, જેને સદા સવળી સાન,
તેને ભક્તિભાવે સેવીએ, તો કરે આપ સમાન. ૨૦,૧૪

એવા ગુરુ રામને પ્રગટ રૂપે જુએ છે, ને આપણને રામ દેખાડે છે. એવા ગુરુને જોતાં તેત્રીસ કોટિ દેવનું ઘરે બેઠાં દર્શન થયું ગણવું. નવધા ભક્તિ તો આવા ગુરુની જ કરવી ઘટે.

ગુરુ તજી હરિને ભજે, ત્યારે મુક્ત કયાંથી હોએ. ૨૦,૨૨

પરિબ્રહ્મને પામવા હોય તો એ જ પરમ માર્ગ છે. પહેલું પગથિયું ગુરુદેવ ને બીજું પગથિયું તે હરિ.

સદ્‌ગુરુનાં લક્ષણ તો જાણ્યાં, હવે સાધુનાં લક્ષણ જાણવાં રહ્યાં. સાચા ને મોટા સાધુ વચ્ચે વિવેક કરવો જરૂરી છે. કારણ કે

સાધુ જ્યાં ત્યાં થઈરહ્યા, તેણે ધર્યા બહુવિધ વેષ
દંભ જ્યાં ત્યાં વિસ્તર્યા, પાખંડ પેર અનેક. ૨૧,૫

ગોપાળદાસ અને એના સમકાલીન બધાએ - બધેએ આ જોયું. આથી જ બધાને આકરા બનવું પડ્યું. ગોપાળદાસ એટલા આકરા નથી, પણ મિથ્યાચારને એમણે ય ડામ્યો તો છે જ. કેટલા પ્રકારના સાધુઓ કવિએ જોયા હતા?

કો સંત જપતપ ચાંદરે, કો કરે દયાદાન;
કો તીર્થવાસી થઈ રહ્યા, કરે ત્રિશદિન સ્નાન.
કો વલ્કલ વેશે શોભતો, કો છે દિગંબર વેષ;
કો દૂધાહારી, નિરાહારી, કો કંદમૂળ વિશેષ.
કો જટાધારી, બ્રહ્મચારી, કો મુંડીત કેશ;
કો લુંચિત મુખ, મુન્ય વ્રત, કો ચૂફી દરવેશ.
સંન્યાસી દશ નામ જાણે, બાર નામ જોગીપંથ;
ચૂફીકેરાં નામ અટ્યઠ, નામ પાંચ કાપડી સંત.
ચાર સંપ્રદા વૈષ્ણવતણો, નિમાનંદી ને વિષ્ણુસ્વામ;
માધવાચારજ ત્રીજો, ચોથા રામાનંદી નામ.
કો દીક્ષીત કો અગ્નિ હોતરી, કો વેદવકતા જાણ;
કો વ્યાકરણ અધ્યયન આગલો, કો કથે શાસ્ત્રપુરાણ. ૨૧, ૬-૧૧

પણ આ બધા

મતતણા મમતે બોલે, વાદયુક્ત અનેક. ૨૧, ૧૨.

સાચો સાધુ હોય તેને તો જેને તો લક્ષણ હોય જ નહિ. કર્મ, ધર્મ, આચાર અધ્યયન તો હવે એને શિવનિર્માલ્યવત્. વાસનાનો નાશ થયા પછી એ શો સાધના કરે? જે થડ પાસે બેસતાં મળતું હોય તેને પામવા એ હવે ઝાડ પર શા માટે ચઢે? જે સામે પાર પહોંચી ગયો તેને નૌકાનું શું કામ? પૂર્ણપદની જેને પ્રાપ્તિ થઈ તેની તો બધી જ ઉપાધિ ટળી.

સમજ્યાને સાધન કશાં, નહિ જેન લક્ષણ એક;
જ્ઞાન વિજ્ઞાન સર્વે સમ્યું, સમ્યા સર્વ વિવેક. ૨૧૬૨૧

આ સાંભળીને શિષ્યને આશ્ચર્ય થયું, કારણ કે શાસ્ત્રમાં તો સાધુનાં વીસ લક્ષણ આપ્યાં છે. ગુરુ આના જવાબમાં કહે છે:

વ્યાપ્યો ભર્મ એ સૂચવ્યો, તે સુણે મૂર્ખ લોક,
સાચું તે સૂઝે નહિ, પછી કરે ગરબડ ફોક. ૨૧,૨૫

પ્રિછવામાં જ્યાં ભૂલ પડતી હોય, જ્યાં પારખ્યાંની ગમ જ ન હોય ત્યાં વસ્તુનું મૂલ્ય થાય જ શી રીતે? સદ્‌ગુરુની સેવાને કારણે શિષ્યે સત્ય, શીલ, સંતોષ, શમ, દમ, ક્ષમા, દયા, ઇંદ્રિયજય, ત્રણ ક્લેષણાનો પરિહાર વગેરે લક્ષણો પ્રતીતિ ઉપજાવવા બાતર બાંધ્યાં, તેનો વિસ્તાર થયો, પણ

સ્હેજનું ઘર અનુસરે તેને નં નડે ઉર્મી ઉપાધી. ૨૧,૩૮

એવાનું તો

મન ટળી ઉન્મન થયું, ચિત્ત ચોદ્યું નિરાલંબ. ૨૧,૩૮
અલૌકિક અનુભવ થયો, કંઇ કરે તે લોકાચાર. ૨૧,૪૦

માટે

લક્ષણ સર્વે લૌકિકમાં, અલૌકીકમાં અદ્વૈત,
જાણીને તે આચરે એ, લોકાચારની રીત. ૨૧,૪૪

ગુરુનો આ ઉત્તર સાંભળી શિષ્યના ચિતનું સમાધાન થયું, એના અંતરમાં જ્ઞાનનો પ્રકાશ થયો:

તનમનધન થયું તદ્‌રૂપ, જ્યાં ત્યાં ભાસે બ્રહ્મસ્વરૂપ; ૨૨,૩
તનમન લાગ્યો અભિનવ રંગ, પણ સમદૃષ્ટિ શીતળ સૌ અંગ. ૨૩,૫
શુન્ય નિરામય પૂર્યો વાસ, સ્હેજ સમાધી સદા ઉલ્લાસ. ૨૩,૬

હવે એણે ચાર પ્રકારની વાણી[૬] અને ચાર મુદ્રાનો[૭] મર્મ જાણ્યો. પાંચ અવસ્થા[૮] એણે ઓળખી લીધી. ત્રિકુટી, લિકામાર્ગ ને વિહંગમવાટનો ભેદ જાણ્યો.

---

૬. પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી.

૭. યોગ ગ્રંથોમાં આમ તો દસ મુદ્રાઓ ગણાવી છે. તે પૈકીની મુખ્ય ચાર આ:
ખેચરી, ઉડ્ડીયાન, જાલંધર અને મૂલબંધ.

૮. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, તુરીયા, ઉન્મની.

ગુરુ અને ગોવિંદને એક જાણીને હવે એ રોમાંચિત થઇને હર્ષનાં આસું સારે છે ને ગદ્‌ગદ્ કંઠે ગુરુની સ્તુતિ કરે છે, પણ એને લાગે છે.

રસના એક જો ગુણ છે બહુ, કહેવા શક્તિ નવ તો શું કહું. ૨૨,૧૪

જો સૂર્યની ઉપમા આપે તો એમાં અગ્નિ ઘણો છે, જો શશીસમાન શીતળ છે એમ કહે તો શશીને તો લાંછન છે, સાગરના જેવા ગંભીર કહીએ તો સાગર તો ખારો છે. મેરુ જેવા સુવર્ણ ગિરિ સાથે સરખાવીએ તો પર્વત તો જડ છે, બ્રહ્મા વિષ્ણુ કે મહેશ જોડે એમને સરખાવીએ તો એ તો ત્રિગુણાશ્રય અને અહંકારી છે. આમ વ્યતિરેક અલંકાર વાપરીને કવિ ગુરુને "કૈવલ્યરામ" ની ઉચ્ચ પદવીએ સ્થાપે છે.

આમ આ "જ્ઞાનપ્રકાશ" ગ્રન્થ પૂરો થયો. એને જો કોઇ સાંભળે તો એ પછી વેદપુરાણ સાંભળતો ટળે. એનો નિત્ય અભ્યાસ કોઇ કરે તો તેનાં અનંત લોચન ઉઘડે, તેને ઘેર બેઠાં રામકૃષ્ણ મળે. આ તો પૂરણ બ્રહ્મની કથા છે. ઘૂવડ જેમ પ્રભાતને જોઇ શકે નહિ, તેમ મંદમતિ આ સમજી શકે નહિ. આનો અનુભવ હૃદયકમળમાં ઠરવો જોઇએ, તો જીવન્મુક્ત થવાની આશા પણ ફળે. પછી એ સકળ સિધ્ધોમાં અવધુત થઇને રહે, એને અન્ય કશાંય સાધન વિના પરિબ્રહ્મ લાધે.

આ ગ્રન્થમાહાત્મ્ય થયું. આમ અમદાવાદની ફરમાન વાડીમાં, અખાએ "અનુભવગીતા" રચી, તે જ સમયે સંવત ૧૭૦૫ માં (કે.કા.શાસ્ત્રીના મત મુજબ) આ ગ્રન્થની રચના ગોપાળદાસે કરી. જ્ઞાનમાર્ગોધારાનો આ એક અત્યંત મહત્વનો ગ્રન્થ છે, જે એના સમકાલીન અખાના ને ગોપાળદાસના વક્તવ્યમાં કેટલું સામ્ય છે તે આ ગ્રન્થનો અહીં વીગતે કરાવેલો પરિચય પૂરતા પ્રમાણમાં સ્પષ્ટ કરે છે. પરિચય કરાવતાં આ કવિની નોંધપાત્ર સૌ વિશિષ્ટતા પણ ઉલ્લેખી છે:

આ ઉપરાંત ગોપાળદાસનાં, આશરે વીસેક જેટલાં, પ્રકીર્ણ પદો મળે છે. આ પૈકી અગિયાર પદો હરગોવિંદદાસ કાંટાવાળાએ પ્રસિધ્ધ કરેલા "જ્ઞાનપ્રકાશના" અંતમાં આપેલાં છે. બૃહત્કાવ્ય દોહન ભાગ ૩ જા તથા ૫ મામાં, અનુક્રમે, ત્રણ અને અગિયાર પદો આપ્યાં છે. "જ્ઞાનપ્રકાશ" માં નું પાંચમું પદ અને બૃહત્કાવ્યદોહન, ૫ મા ભાગમાંનું પદ એક જ છે. બૃહત્કાવ્ય દોહન ૩ જા ભાગમાંના ત્રણ પૈકીનાં બે પદો (૨ અને ૩) બૃહત્કાવ્યદોહનના બે પાંચમાં ભાગમાં પણ છે. બૃહત્કાવ્યદોહનના ત્રીજા ભાગમાં બુધ્ધિવહુને શિખામણનું એક ધોળ છે. બૃહત્કાવ્યદોહનના ૫ મા ભાગમાં જ્ઞાનની ૩૬ જેટલી સાખીઓ છે.

બુધ્ધિબહેનને શિખામણવાળું ધોળ સાધ્યવસાન રૂપકના સ્વરૂપનું છે. એમાં બુધ્ધિને વહુ કલ્પીને એને સાચા અલંકારોથી સજાવવાનું વર્ણન કર્યું છે, ને એ નિમિત્તે સાધકને આવશ્યક એવાં લક્ષણોનો ઉલ્લેખ કર્યો છે. એમાં કવિ બુધ્ધિબહુને શીલસંતોષ નાં કલ્લાં, કરુણાની કાંબી, વિવેકવિચારના વિછૂઆ, હર્ષ ના ઘૂઘરા, સાધનસંપત્તિના ચૂડલા, ક્ષમાની ચોપ, જ્ઞાનવૈરાગ્યના બાજુબંધ, શાંતિનું રત્ન, પ્રેમનું પુષ્પ, લક્ષનો દોરડો, ટેકનો તુશિયો, દયાની દામણી, સત્સંગતના ઘુલર, લગ્નનું લોળિયું, ભક્તિની વાળી, મુક્તિની ચૂની, નેહનું કાજળ, હેતની ચાડ, સીધી સમજણનો સેંથો, ધીરજની વેણી, ગુરુગમનો ગોફણો, ચોકખીચાલની ચોળી, ચૈતનની ચુંદડી, સાચી કરણીનો કંચુળો, ભાવનું ભરત– આટલા અલંકારોથી સજાવવા ઇચ્છે છે.

જ્ઞાનની સાખીઓનો વિષય પણ સાધનામાં ગુરુનું મહત્ત્વ, બ્રહ્મનું સ્વરૂપ, સંતનાં લક્ષણ એ જ છે. આ સાખીઓમાં પણ કવિ મિથ્યાચારી દમ્ભી ગુરુઓ તથા અન્ય જટિલ સાધનોની અવર લઇ નાંખે છે. બ્રહ્મની ઓળખ આપતાં કવિ કહે છે:

ધરણી અંબર દેહરા, મધ્યે નિરંજન દેવ.

આ આખું બ્રહ્માંડ એનું મંદિર છે. આ જ વાત કવિ બીજી રીતે આમ મૂકે છે:

હરો દરીઓ દશ દીશ ભર્યો, જળ શંખ્યાં બીન પાળ.

આ રીતે ઇશોપનિષદમાં કહેલી ઇશ્વરની સર્વવ્યાપકતાને વર્ણવ્યા પછી કવિ એને પામવાની સાધનાની વાત કરતાં સહજ સાધનાના પર જ ભાર મૂકે છે. એને માટે બીજું કશું કરવાની જરૂર નથી. સદ્‌ગુરુને પ્રાપ્ત કરીને એનો શબ્દ માથે ચઢાવવાની જરૂર છે; તો કવિ બાંહેધરી આપે છે કે :

સેહેજમાં પરમે પદ જગદીશ.

એ ગુરુ કેવા હોય ? "જ્ઞાનપ્રકાશ" ની શરૂઆતમાં જ કહ્યું હતું તે ફરીથી કવિ અહીં કહે છે:

સત્‌ગુરુ ચૈતન દેવતા,

જે કાનમાં મંત્ર ફૂકે તે ગુરુ નહિ, જેને પોતાને હરિનું જ્ઞાન હોય તે જ સાચો ગુરુ. "જ્ઞાનપ્રકાશ"માં સંતને લુહાર સાથે સરખાવ્યા છે. એ જ ઉપમા કવિ અહીં ફરીથી પ્રયોજીને કહે છે :

વિધન ખેદ સાંકળ વડે, જડીએ સર્વ સંસાર,
તે બેડી તુજ નીકળે, જો મળે સાધ લુહાર.

એ સાધુઓ સમુદ્ર જેવા છે. જેમ સમુદ્ર અનેક નદીઓ એમાં આવી મળતી હોવા છતાં કાંઠો તોડતો નથી, તેમ ગુરુઓ પણ ગંભીરતા છોડતા નથી. સદ્‌ગુરુનું મહત્ત્વ બતાવતાં કવિ બીજી સરખામણી યોજીને કહે છે :

હરી હીરાની કોટડી, તાળાં શબ્દ અપાર;
સદ્‌ગુરુ કુંચી પામીએ, તો ઉઘડે સર્વ ભંડાર.

હરિને પામવાની વાત આમ તો સાવ સહજ છે, પણ જે લોકો "પરચ્યા વિના પંડિત થયા" છે તે લોકો એને ભારે અટપટી બતાવી મૂકે છે, એને માટે "પરચો" એટલે કે પરિચય, અપરોક્ષાનુભૂતિ જોઇએ. એને માટે કથા શ્રવણ ને એવા બધા ધતીંગની જરૂર નથી:

જેની કથા તું સાંભળે, તે તુજમાંહે રામ;
ઓળખ તેને અનુભવે, કાં ભટકે ઠામોઠામ.

ભલેને તમે ષ દર્શનમાં પંડિત થાઓ, તીર્થયાત્રા કરો, ભેખ ધરો પણ ગોવિંદનું જ્ઞાન નહિ થાય ત્યાં સુધી એ બધું મિથ્યા છે :

ષટદરશન અટપટ કરે, મુક્તી પામવા લોક;
જ્ઞાન વિના ગોવિંદના, સાધન સર્વે ફોક.

અનુભવથી પ્રાપ્ત થતું જ્ઞાન જ સાચું જ્ઞાન, એ જો મળે તો પછી પાખંડ કરવાની જરૂર જ નહિ રહે:

અનુભવ વિધા ચાહીએ, નહીં પાખંડનું કામ.

ઉત્તમમધ્યમનો વિવેક કરવો હોય તો જ્ઞાનચક્ષુએ જોતાં શીખવું જોઇએ. તો દેખાશે કે માનવમાત્ર

પંચભૂતનાં પુતળાં, કોઇ જોવો બોલે માંહી;
જોવો બોલે જોઇથી, તેહનું રૂપ નરેષ.

અનુભવથી પ્રાપ્ત થયેલા જ્ઞાનનો પ્રકાશ થાય પછી મુક્તિ સહજ બની રહે.

જ્ઞાનભાણ જ્યારે ઉગે, ત્યારે શો કરવો ભેખ;
મન થયું જવ ઉન્મના, તવ મુક્તા ચારૂદેશ.

હવે ગોપાળદાસનાં પ્રકીર્ણ પદો પૈકી ઉલ્લેખપાત્ર પદોના પર ઊડતી નજર નાંખી લઇએ.

પહેલાં "જ્ઞાન પ્રકાશ" માંના પદો લઇએ. નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિની વાત અત્યંત રસિકતાથી હરજીને જોવા નીકળેલી નારીને મુખે કવિએ "તમે સાંભળો સખી એક વાતાં રે," એ પંક્તિથી શરૂ થતાં પદમાં કહી છે. હરજીને ઓળખવા જતાં આખું બ્રહ્માંડ લાધ્યું. બ્રહ્મપ્રાપ્તિનો આનંદાનુભવ અહીં કાવ્યમય રીતે વ્યક્ત થયો છે:

હું તો હરજીને જોતાં હું ટળી રે, જ્યમ સાગરમાં સરિતા ભળી રે. ૩
મારા અનંત લોચન ઉઘડ્યાં રે, સર્વ રામજીનાં રૂપ દષ્ટે પડ્યાં રે. ૯
હું તો હરખે હોંડુ ને જોતી ફરું રે, મુજને પ્રપંચનું વૈકુંઠ વિસર્યું રે. ૧૦
નખશિખલગો હરિ વ્યાપી રહ્યો રે, જેવો વેદે કહ્યો તેવો લહ્યોરે. ૧૨
ભૂલ્યું હતું તે ધન ઘરમાં જડ્યું રે, મહાઆનંદ ઉપજ્યો મનડું ઠર્યું રે. ૧૩
હવે જન્મ સફળ થયો માહરો રે, મળ્યો ભાવન અક્ષર બાહરો રે. ૧૪.

"પુરણ બ્રહ્મને પ્રણમું," થી શરૂ થતાં પદમાં બ્રહ્મસ્વરૂપનું વર્ણન છે. સર્વત્ર બ્રહ્મનો અનુભવ થતાં જે અલૌકિક આનંદ થાય છે તેને કૃતાર્થતાના રોમાંચ સહિત કવિ વર્ણવે છે:

વિશ્વ થયું રે મારે વંદવા, નિંદવા નહિ કોઈ નામ રે,
દષ્ટ પદારથ દેખીએ, તે સર્વે આત્મારામ રે.

જગતને મિથ્યા કહીને કવિ ભાંડતા નથી, તેને બદલે એમાં સર્વત્ર આત્મારામને અનુભવીને એને વંદે છે. માયા જ મિથ્યા છે, જગત તો સાચું છે. એને નિહાળતા કવિ તો ચકિત થઇ જાય છે :

"અનુભવ મળ્યો સંશય ટળ્યો" થી થતું પદ પણ આવા ધન્ય અનુભવનો જ ઉદ્‌ગાર છે. અનુભવનો ભાણ પ્રગટે ત્યારે અનેકતાનમ નવલખ તારા આપોઆપ લોપાઇ જાય છે. એવો અનુભવ થાય તેને આશ્રમવાસ પણ શા માટે?

એણીપેર અનુભવ ઉપજે, તેને નહીં આશ્રમવાસ,
જેવા ગૃહસ્થી ધર્મમાં, તેવો તેને સંન્યાસ. ૬.

એ તો પછી

સેહેજ સાયરમા વસે, તે સદા સેહેજે ઉદાસ.

"એવી મુજ જુગત જાણે તે મહા જોગી રે" થી શરૂ થતાં પદમાં સાચા જોગીનાં લક્ષણ દર્શાવ્યાં છે. એ પૈકી થોડી પંક્તિઓ જોઇએ. સિધ્ધાવસ્થાનો ભોગી સિધ્ધ,

બેઠો ચોરાશી આસન સંકેલી રે, રહ્યો ધ્યાનધારણ સર્વ મેલી રે,
બેઠો ઊન્મની આસન વાળી રે, લાગો સ્હેજ સમાધ્ય શું તાળી રે. ૧
જોગી રમે અનુભવ અજવાળે રે, જ્યમ ભુંજંગ મણિને ઝલકારે રે,
જોગી સુણ ચિતને ધેર સૂએ રે, સુઇ જીવતાં મરીને જુએ રે. ૨
ચોથી તુર્યાવિસ્થા એવી વહેતી રે, જ્યમ ટોયો ન સંભાળે સૂકી બેલી રે
જોગી શૂન્ય શિખર ચઢી બેઠો રે, ત્યાં સહેજ સાયર એક દીઠો રે.

આવો જોગી પરબ્રહ્મસમાન જ હોય, એનાં વિશેષ વખાણ શાં હોય! સંત સંગત પ્રાણી કીજીએ" થી શરૂ થતું પદ બ્રહ્મપ્રાપ્તિની સાધનાનો ખ્યાલ આપે છે. દેહાભિમાન જાય ત્યારે હરિનું જ્ઞાન આવે ને પછી

રૂદેના કમળ ઉઘડે, સૂઝે સર્વ ધર્મના મર્મ રે,
ભર્મ સકળ શમે સહેજમાં, ત્યારે ટળે ત્રિવિધિક કર્મ રે. ૧

ગુરુનું મહત્ત્વ કવિ અહીં પણ વર્ણવે છે :

જપતપ દાને ન પામીએ, ન મળે હરિ ત્રિવેણી સ્નાને રે,
વસ્તુ તજીને જોગી વન વસે, દેહ દમે અતિશે અજ્ઞાને રે. ૪
પણ ગુરૂ વિના જ્ઞાન ન ઉપજે, જ્ઞાન વિના મન સ્થિર ન હોય રે
મન સ્થિર વિના હરિ નવ મળે, મન શું વિચારી જોય રે. ૫

"અંતરજામી ઓળખ્યા વિના" થી શરૂ થતાં પદમાં આત્મજ્ઞાનને બદલે શાસ્ત્રજ્ઞાનની પાછળ પડનાર, સિધ્ધાન્ત સીધો સમજ્યા વિના અવળો વેપાર કરનાર, સાધુની સંગત કે સદ્‌ગુરુનો સંપર્ક ન સેવનાર, દેહદમનની કૃચ્છસાધના કરનારને કવિ ઉપાલમ્ભ આપે છે. "સાંભળ મન શિખામણ સાચી" થી શરૂ થતાં પદમાં પણ કવિ મનને આવી શિખામણ આપે છે :

કર્મ ધર્મ અજ્ઞાન કલ્પના, મિથ્યા મનથી તજીએ જી,
પરમેશ્વર પ્રાપ્ત થાય જેથી, તે સત ગુરૂને ભજીએ જી.

"સંતો સકળ નિહાળો મોટી માળા રે", એ પદમાં માળાનું રૂપક યોજીને પરમતત્ત્વની વાત સરળ સુગમ રીતે કરી છે. એ માળા કેવી છે? એમાં તો

પ્રોયા અડસઠ તિરથ ગંગાકાશી રે, પ્રોયા તેત્રિશ કોડ અવિનાશી રે,
પ્રોયા તપબળ તારા સૂર્યચંદ રે, પ્રોયા બ્રહ્મા વિષ્ણુ, મહેશ ને ઇન્દ્ર રે, ૩

પ્રોયા સૂત્રમાં ચોવિશ અવતાર રે, એવો જાણજો જુગદાધાર રે,
પ્રોયા પંચમાભુત ચૌદ લોકો રે, એવો સ્મરણમાંહે ફળશે કદિ. ૪
એવી ઉત્તમ અખંડ જપમાળા રે, એ માળે મનની કાશ ટળી રે,
મન ચંચળ નિશ્ચળ કીંધુ રે, કવિ ભક્ત મુક્તનું સાધ્યું રે. ૫
માળે અનંતે લોચન ઉઘાડયાં રે, ત્રિવિધ કર્મ મળતાં કહી ટાળ્યાં રે,
મેં તો છતો હતો તે સંભાર્યો રે, બીજો સ્મરણ સર્વ વિસાર્યો રે. ૬

આ પદમાં ગોપાળદાસ ફરી એના ગુરુ સોમરાજનો ઉલ્લેખ કરે છે:

માળાનો મર્મ જે કોઇ જાણે રે, તેને વૈષ્ણવ વેદ વખાણે રે,
સતગુરૂ સોમરાજે દયા કરી દીધી રે, દાસ ગોપાળને માળા આલી સીધી રે.૮

"પરમ સાધુ અગાધ સદ્‌ગુરૂ" થી શરૂ થતા પદમાં સંસારથી દાઝેલા ને બીજાં ખોટા સાધનો આચરી ચૂકેલા શિષ્યની પ્રાર્થના છે. આનો એકરાર કરતાં એ કહે છે:

તિરથો તો મેં બહુ કર્યા તે, કંચન શી કાયા કશી,
ભજન કરતાં માળા બવાઇ, પણ વાસના તો નવ બશી. ૩

યોગાભ્યાસનો નેમ લીધો, નવધા, ભક્તિ કરી, ઊંચા, શાસ્ત્ર અનુભવ્યાં સાધુનો મહિમા સાંભળ્યો, પણ આખરે આતરો થઇ કે સંત વિના હરિ નહિંહ મળે. માટે એ પ્રાર્થે છે:

દાન દેજો જ્ઞાનનું, શાન્તિ હૃદિયામાં વળે,
જેને હું હોંડુ શોધતો, તે હરિ મુને મુજમાં મળે, ૮.
મારાં માયા પડળ પરાં કરો, ને જ્ઞાનચક્ષુ ઉઘડે,
આંટી ટળે અવતારની, ચ્વિદત દુવિધા નવ નડે.

"બૃહત્કાવ્યદોહન" ના પાંચમાં પદો પૈકી "છોડ હો વ્યાસ વ્યાખ્યાન વિપરીતનું" માં ખોટી સાધનાના પ્રપંચમાં પડેલાને ઉપાલંભ છે, એવી સાધના કરવી તે ફાદવથી કોઠી ધોળા બરાબર છે. આથી કવિ હેકહે છે:

એક આકાર નિરધાર જો મન લાગે, ભીન સંસારની ભ્રાંત ભાગે,
દાસ ગોપાળ કહે તેને પાયે લાગું, જેને જ્ઞાન વિજ્ઞાનની જ્યોત જાગે.

દશઅવતાર હરીના નિશ્ચે કર્યા" થી શરૂ થતું પદ "ગોપાળગીતા" માંના શિષ્યના અવતાર વિશેના પ્રશ્નની પુનરાવૃત્તિરૂપ જે જ છે."તે હરીને તમે ઓળખો" વાળું પદ આગલા પદના જવાબરૂપ છે, "તેહેનું મને બાધ્યું રે ધ્યાન" થી શરૂ થતું પદ પરમતત્ત્વના અનુભવની ધન્યતાને વર્ણવે છે:

પર્મ અલૌકિક રે પોત, એનો જોતના માહા જ્યોત;
માહા જળ ગગનગંગામાં નાહાતાં, ટળી શકળ મનછોડી.

ચાર વાણીથી વિવર્જિત એને જાણીને મન મનમાં હરખ્યું. "સાંભળ મન સાચું કહું છ રે" થી શરૂ થતાં આખ્યામાં પણ બ્રહ્મસ્વરૂપનું વર્ણન કર્યું છે.

નામ રહિત જે રામ છે છ રે, તે હરિ જુગદાધાર;
નેતિ નેતિ નિગમ કહે, તત્ત્વ શિરોમણ સાર.
જ્યાં વાણી પોહોંચ્યે નહિ છ રે, તે અવિનાશી બ્રહ્મ;
સત્ય સનાતન જાણજો, જેને નહીં કાયા નહીં કર્મ.

"સદ્ગુરુ વશ્યા મારા નાથજી" એ પદમાં પણ "સનકાદિકને સાંસા પડ્યા" ને જેનો "વેદ પમે ન પાર" એવાં "પરિપૂરણ બ્રહ્મ"નું વર્ણન છે. "વ્રણ પ્રીછા તમે કાં ફરો ભાઇ કલ્પિત ધર્મ" માં ખોટાં સાધનથી સાધના કરનારને ઉપાલંભ છે. વિધિનિષેધ, ષટ-દર્શન મતમતાન્તર, આચારની જટાજાળ આ બધું છોડીને કવિ કહે છે તેમ

એવા તે સાધુને સેવિયે, ખોળખાવે રામ;
જીવ મળે જગદીશને, પામે વિશ્રામ.
એ ઉફરું જે સાધન કરે તે આળપંપળ;
શીખામણ સારી સુણો, કહે દાસ ગોપાળ.

"પુરણ પદ પરમાત્મા" થી શરૂ થતાં "બૃહત્કાવ્યદોહન" ના ૩ જા ભાગના પદમાં બ્રહ્મજ્ઞાન-દશાનો અનુભવ કવિએ ગાયો છે. એ સ્થિતિને પામ્યા પછી દશે દિશા ગોકુળ થઇ ગઇ, ગંગા ઘર આંગણે વસી, નિત્ય ત્રિવેણીનો પણ ઘરમાં વાસ થયો ને મન ઉલ્લાસ પામ્યું.

કલ્પિત કોશ સકળ સમરે, મને લાગી તે સહેજ સમાધ
સાધન તે હવે શું કરું, મન ઉપન્યો દૃઢ વિશ્વાસ.

આ કૃતાર્થના ઉદ્‌ગારના રણકાર સાથે આપણે અટકીએ.

બૂટિયો

: વિ. ૧૮ મી સદીનો પૂર્વાર્ધ:

અખો, ગોપાલદાસ, નરહરિ અને બૂટિયો જ્ઞાનમાર્ગીધારાના મુખ્ય ચાર કવિ તરીકે જાણીતા છે. આ ચારેયનો સાથે ઉલ્લેખ કરતાં દોહામાં બૂટિયાને વિશે "બૂટે કર્યો કૂટો" એવો ઉલ્લેખ છે. એનાં બાર જ્ઞાનોપદેશનાં પદો જોતાં કેટલેક અંશે એની રચના કૂટ છે એ વાત સાચી લાગે છે. એનાં જીવનકાળ તથા જીવનચર્યા વિશે ઝાઝી માહિતી મળતી નથી. એની રચનાઓમાં, બૃહત્કાવ્ય દોહનના ૫ મા ભાગમાંના જ્ઞાનોપદેશનાં બાર પદો (પૃ. ૭૭૯-૭૮૪) સિવાય બીજું કશું મળ્યું હોવાનું જાણ્યામાં નથી. આચાર્ય આન-દશંકર ધ્રુવ એને "કાઠીઆવાડનો રહોશ બુટો કાપડી" કહીને ઓળખાવે છે.[૧] શ્રી કે. કા. શાસ્ત્રી એ વિક્રમની ૧૭ મી અને ૧૮ મી સદીની સન્ધિમાં થઇ ગયો હોય એવું માને છે. એનાં પદોની ભાષા તળપદી ને તે સમયના પ્રચલિત હિ-દી સંતસાહિત્યની ભાષા ની છાંટ વાળી છે. એણે સંતસમાગમ કરીને અને સ્વાનુભવથી જે મેળવ્યું તે એનાં આ પદોમાં ગાયું છે. વેદા-તના ગ્ર-થોનું અનુશીલન એણે સીધું કર્યું હોય એમ લાગતું નથી. એની રચનાઓમાં ક્યાંય એના કોઇ ગુરુનો સીધો ઉલ્લેખ આવતો નથી. ક્યાંક મૂળના અર્થને હાનિ પણ પહોંચી છે. ફાર્બસ સભાની નં.૨૨૪ વાળી હસ્તપ્રતમાં બૂટિયાનું એક છૂટું પદ છે. એ પદ બૃ. કા. દો. માં સંગ્રહાયેલાં પદો પૈકીનું પાંચમું પદ છે. એમાંથી થોડી પંક્તિઓ ટાંકવાથી આ વાતનું સમર્થન થશે. બૃ. કા. દો. વાળા પદની શરૂઆતની પંક્તિ આમ છે:

જે નર સમજ્યા રે, સમજીને ત્યાં સમ્યા રે, જ્યાં વ્યાપ્યું નામ ને રૂપ.

આ પંક્તિનો અર્થ કરતાં વેદા-તના તત્ત્વાર્થને અનુકૂળ લાગતો નથી. જે નરને સમ્યક્ જ્ઞાન થયું તે જ્યાં નામ ને રૂપ વ્યાપ્યાં છે ત્યાં સમ્યા. ફાર્બસ સભાવાળી હસ્તપ્રતમાં એ પંક્તિ આ પ્રમાણે છે:

સમઝા તે હો સમઝી તાંહાં સમા
જાંહાં નહી નામ ને રૂપ ભાઇ હો

અહીં "જ્યાં રૂપ અને નામ નથી" ત્યાં સમ્યા એ અર્થ વેદા-તસંગત છે.

---

૧. જુઓ સ્વામી સ્વયંપ્રકાશતીર્થ સમ્પાદિત નરહરિની "જ્ઞાનગીતા" :ઇ.સ. ૧૯૩૪ ની: પ્રસ્તાવના પૃ.૫.

મૂળમાંનો ગાવાનો " તે હો" નો લહેકો પણ બદલીને આખા પદને નવા ઘાટમાં જ ઢાળી દીધું લાગે છે. બૃ. કા. દો. વાળા પદમાં "વાસના લિંગે રે, જેનું જ્ઞાન ગમ્યું રે" તે પણ સાવ અસંગત છે. ફા. સ. ની હસ્ત પ્રતમાં એને સ્થાને "વાસના લંગ હો જેહનું જ્ઞાંને ગલુ" એ જ સાચું છે. જ્ઞાન ગળી ગયું નથી, પણ જ્ઞાને કરીને વાસના લિંગ ગળી ગયું એમ અહીં અભિપ્રેત છે. બૃ. કા. દો. વાળા પદમાં બીજી કડી આમ શરૂ થાય છે :

જેમ મર્કટને રે, આલિંગન લેવા રે, આવે નવજોબન નાર,
કાંઇના પુરે, તેને કામના રેજ એવું ગુલઞ્ર જ્ઞાન વિચાર.

એને સ્થાને ફા. સ. ની હસ્તપ્રતમાં આ પંક્તિઓ છે :

મ્રતગને હો આલોધન લહે
નવજોબનાની નાર ભાઇ હો
તેહેને ન વ્યાપે હો કામેકામના
એહેવો ઇ ગ્યાંન વીચાર ભાઇ હો.

અહીં "મ્રતગ" (મૃતક) નું "મર્કટ" કર્યું છે તે અજ્ઞાનને કારણે મડઢાંને જોબનવન્તી નાર આલિંગન કરે તો કામવાસના ઉદ્દીપ્ત નહીં થાય. આ તો અત્યંત પ્રચલિત દષ્ટાન્ત છે. વળી છેલ્લી પંક્તિમાં "ગ્યાંન" નું "ગુલ" કરી નાંખ્યું છે. બૃ. કા. દો .વાળી પદની ચોથી કડી આમ છે:

ચંદન ને પૂજા રે, ચડી જાણે નહીં રે, ના શું જાણી નાખે બેશ,
સુષુપ્તિ સરખા રે, તે નર સદા રહે રે, તેને નવ જાણવો રે દેહ.

આ કડી ફા. સ. વાળી પ્રતમાં ત્રીજી કડી છે ને તે આ પ્રમાણે છે :

ચંદન પુજા હોઇચઢી જાંણે નહી
ન જાણે નાખી કોણે બેહોં ભાઇ હો
સસોપ્તી સરખા હો તે સદા રહે
એવાં ને નહી દેહ ભાઇ હો.

બૃ. કા. દો. વાળી પંક્તિઓમાંથી કશો અર્થ કાઢવો મુશ્કેલ છે. એમાં કરેલા "સુધારા" ને કારણે એ કૂટ બની ગઇ છે! આને માટે સુધારનારનું અજ્ઞાન જ જવાબદાર છે. ફા. સ. ની પ્રતમાંની પંક્તિઓમાં જ અર્થ સ્પષ્ટ છે. જે સાચા જ્ઞાની છે ને એમની ચંદનથી પૂજા થાય કે પછી એમના ઘર ધૂળ ફેંકવામાં આવે– આ બંને પરત્વે

સાવ ઉદાસીન રહે છે. એ રીત એઓ સંસાર વહેવારમાં આમ જાગતા છતાં અંદરથી સુષુપ્તિની અવસ્થામાં રહે છે એમને દેહ હોવા છતાં દેહના ગુણ ધર્મોથી એઓ નિર્લિપ્ત રહે છે. જો આવો અર્થ સમજાઇ ગયો હોત તો "જા નાણે નાથી કોણે ભેહો" નું "નાશુ જાણી નામે ભેશ" કરવું પડ્યું ના હોત. અહીં "ભેહો" નો અર્થ ભેહ એટલે કે રજ, ધૂળ એવો થાય છે તે નહીં સમજાયાથી એનું "ભેસ" કરી નાંખ્યું આટલેથી જ વાત પતતી નથી, પદની પંક્તિઓ પણ આડી અવળી ગોઠવી દીધી છે. બૃ.કા.દો.ના પદની ત્રીજી કડી આ મુજબ છે:

દગ્ધતા પરહરે રે, જેમ પટકુળ નહીં રે, તે વળી રીઝે વશ નવ થાય,
ઘરના ધણી રે, ઘર મેલી ગયા રે, આજ વરી વીરલા કો એમ કેવાય.

અહીં જુદી જુદી બે કડીઓની પંક્તિઓની હેરફેર કરી નાંખી છે. ફો.સ.ની. પ્રતમાંની કડીઓ જોતાં એ સ્પષ્ટ થશે:

દગધ પટ હો જેમ પટકુલનું
એ હેવી દીધી દેહ ભંઇ હો
સંભવ નહો હો જેને સેરીરનો
જતન તે કેહી પેરે થાયે ભાઇ હો.
ઘરનો ધણી હો ઘર તજી ગયો
એહેવા જ વલાં કોઇ ભાઇ હો.
એમ સમા હો જે કોઇ બુટીયા
તેથી નામ રૂપ જાયે ભાઇ હો.

અહીં ઉપલી કડીની છેલ્લી બે પંક્તિને છેલ્લી કડીની છેલ્લી બે પંક્તિ બૃ.કા.દો. વાળા પદમાં ભેગી કરી દીધી છે:

પણ બૂટિયાનાં બધાં પદો, એકસાથે, કોઇ હસ્તપ્રતમાં પ્રાપ્ય નથી આથી બીજાં કેટલાંક પદો, આવા "સુધારા" ને કારણે કુટજ રહી જાય છે

એવા કોઇ અનુભવી રે" થી શરૂ થતાં પહેલાં પદમાં કૃષ્ણજી જેને "અનુભવીઆ" કહે છે તેવા સ-તોને બૂટિયો ખિરદાવે છે. એ "અનુભવી" ઓ જ જીવ અને શિવ વચ્ચેના દ્વૈતનો સંહાર કરે છે. આ વાત એક સરળ છતાં અર્થસાધક દૃષ્ટા-તથી એ સ્પષ્ટ કરે છે:

અગ્નિ બાળે જેમ કાષ્ટને, ટાળે જાતવર્ણ વહેવાર.

જ્યાં સુધી "કઠણપણું" રહ્યું હોય ત્યાં સુધી ધૂમાડો રહે, પછી તો માત્ર અગ્નિ જ રહે. કાષ્ટ અગ્નિમાં તદ્રૂપ થઇ જાય. બૂટિયો અપરોક્ષાનુભૂતિને પ્રાધા-ય

આપે છે. આથી જ્ઞાનની વાત કરતાં એ એની આગળ "આત્મઅનુભવ" એવું વિશેષણ મૂકે છે:

બીજા પદમાં આવા "આત્મ અનુભવ જ્ઞાન" નો જ એ મહિમા ગાય છે. એવું જ્ઞાન જેને ઊપજે તેને પછી કાંઇ કહેવા કરવાનું કે વાદવિતંડા કરવાનું રહેતું નથી. એ જ્ઞાન થયા પછી "ભણવું ગણવું ને શીખવું" સર્વે એમાં સમાઇ જાય છે. આ વાત એ બે સરળ અને સચોટ દષ્ટા-તથી સ્પષ્ટ કરે છે:

જેમ શાકર કેરો પુતળો, વૈરાટ રૂપે થાય;
પણ સઘળી સોંસરો રસભરો, પછી ગોઠે ત્યાંથી જાય,
એકાએકી જા-હવી, તેના ઘણા છે ઘાટ;
પણ ખીતમાં પાતક ટળે, જ્યાં નાહે ત્યાં નિરાંત.

બૂટિયાને "ગર્ભદીપ" ગરબો પણ અહીં યાદ આવી જાય છે, ને આ જ વાતને વધુ સ્પષ્ટ કરવા એનું દષ્ટા-ત આપીને એ કહે છે:

જેમ દેવી કેરો ગરબડો, તેનાં બારાં બોહોતેર થાય,
પણ મધ્યે દીપક એક છે પણ, તે જ્યારે જ્યારે દેખાય.

આમ,આવું જ્ઞાન થતાં, જો આપણે સમજી જઇએ કે ભક્ત અને ભગવંત એક છે તો પછી આપણે છિ-નસંશય થઇ જઇએ છીએ. આ સ્થિતિને પામ્યા પછી વાણીવિલાસની કશી જરૂર રહેતી નથી.

ત્રીજા પદમાં બૂટિયો જીવ અને શિવના અદ્વૈતની વાત કરે છે.જો જીવની "સાચી જાત જડે" તો આ અદ્વૈતનું ભાન થાય. પછી સમજાય છે કે આ તો બધી "એક બીબાંની ભાત" છે આ જ વાતને બીજી રીતે મૂકીને એ કહે છે:

અનેક મુખે જે ભણે, તેને મુખે મુખે પ્રકાશ;
પણ એક દીવો અંતર ધર્યો, તેનો રોમેરોમે વાસ.

પછીની ચાર પંક્તિઓ એને કદાચ "સુધારો" હોવાને કારણે કૂટ બની ગઇ છે:

ઈદ્રી નાહીં ઉપવાડ નહીં, નાહીં હર્ષ શોક નેકામ,
પણ શરે નાહીં ત્યાં ચોર શાનો, એ તો અખિલ બ્રહ્માનું ધામ.
સ્વપ્ન માંહે દેહ દરશે ને, જાગ્યા પૂંઠે જાય,
નહીં તેને શાને નડવું, તમે રહો અનુભવ માંય.

અહીં પણ "તમે રહો અનુભવ માંય" કહીને બુટિયો અનુભવનું જ ગૌરવ કરે છે.

ચોથા પદમાં બૂટિયો બ્રહ્મને જાણવાને, ઉપનિષદમાં જેને "પ્રત્યગ્બુધ્ધિ" કહી છે તેની આવશ્યકતા બતાવે છે:

ઉગ્ર બુધ્ધિ હોય રે, તે સમજી શકે રે, છે વાણી રહિત વિચાર.

લોકોક્તિને ટાંકીને બૂટિયો કહે છે કે જો આપ મૂઆ વિના સ્વર્ગે નહિ જવાનું હોય તો પછી પરાત્પરને માટે પણ સ્વસંવેદ્યતા અનિવાર્ય જ બની રહે તે દેખીતું છે. ત્યાં પછી કાંઇ "ધમનબમન" ન ખપે. એ તો સગુણની ઉપાસનામાં ખપમાં આવે, નિર્ગુણની ઉપાસનામાં નહિ. ત્યાં "નરંગસરંગ" પણ નહિ ને વૈકુંઠ ને કૈલાસ પણ નહીં; એના બદારે ચિત્રવિચિત્રનો ધ્હેરો નથી કે નથી યમની યાતના કે નથી પિંડનો પાશ. છેલ્લેથી આયુર્વેદમાંથી સિધ્ધ કરેલા પારાનું દષ્ટાંત આપીને બૂટિયો કહે છે:

અનુભવ અગ્નીએ રે, શીજ્યા બુટીઆ રે, તે તો જીવન મુક્ત સંતમણી જાણ.

અહીં પણ અનુભવનું જ બૂટિયો ગૌરવ કરે છે:

પાંચમાં પદની ચર્ચા શરૂઆતમાં જ વિસ્તારથી કરી લીધી છે. છઠું પદ રહસ્યાનુભવની ગૂઢ ઉચ્ચારણા છે. એના પ્રારમ્ભની આ પંક્તિ " જેણે ગગન દોહીને દુધ પીધાં રે" ગોરખાની (પીતામ્બરદત્ત બડથ્વાલ સંપાદિત પૃ. ૧૧૩, પદ ૨૧) ના ૨૧ માં પદમાંની શરૂઆતની પંક્તિ "ગગન ગાઇ દુહિ પીવે લો" ની યાદ કરાવે છે. ગગનની ગાયને દોહીને પીનારા, આત્માને જેણે "ચીન્યો" છે તેવા મતવાલાની આ વાણી છે. અહીં પણ આર્યુર્વેદની ધાતુને સિધ્ધ કરવાની પ્રક્રિયાનું દષ્ટાન્ત બૂટિયો આપે છે:

સુરત નુરતકી રે ધમણ ધમાવી., કામ કોયલા ને વામ્યા રે હો.
હર્ષ શોક અગ્નીમાં રે હોમ્યા, તેણે અમર અજર રસ ઝામ્યા રેહો.

એ સિધ્ધ થયેલો રસ પીધા પછી કાયા વિસરાઇ જાય છે ને "પર્મ તત્વ" માં લીન થવાય છે. એમાનું "અનળ પક્ષી" અહીં પણ આવે છે:

અનળ પક્ષી આકાશે વળ્યું ધાચે, તે ધરતી પાંઉં ન મેલે રે હો.

સાતમું પદ પણ "સુધારા" ને કારણે અટપટું બની ગયું છે. એમાં મહાપુરુષ કેવી રીતે બોલે તેની વાત છે. એ ગીતામાંના 'स्थितप्रज्ञस्य का भाषा' વાળા શ્લોકની યાદ આપે છે. બૂટિયો કહે છે કે:

મહાપુરુષ એમ બોલે નહીં રે, બોલે અનુભવી અર્થ વિચાર.

સદ્‌ગુરુની સંજ્ઞાનો સંકેત સમજી લઇએ તો અનુકૂળ પવનમાં વહાણ જેમ સરી જાય તેમ સરો જઇ શકાય.

આઠમાં પદમાં જગતને ન જાણતાં આત્માને જાણવો, 'आत्मानं विद्धि એ ઉત્તમ વિવેક છે એમ બૂટિયો કહે છે. સૂક્ષ્મ અવલોકન કરીને જોઇશું તો અનેક રૂપ છે જ નહીં એવો જ અનુભવ થશે. એવો અનુભવ થયા પછી પાંચ કોશ કે પિંડતા રહે નહિ, વાણી ન અને વિચારનું પણ પછી ત્યાં કશું કામ નહિ. એ તુરીયાવસ્થાનું ચોથું પદ છે, એ સ્થિતિને પામ્યા પછી કશી ઉપાધિ રહેતી નથી. સાધનાનો ક્રમિક વિકાસ બતાવતાં બૂટિયો કાંઇક આવો ક્રમ બતાવતો લાગે છે:

ભજન કરે રે જે ભગવાનનું રે, ધરે હરિનું નીજ ધ્યાન;
સંત સમાગમે રે હરીપદ પામીએ રે, ભાઇ છે તે માયાનું ભાન.
એમ કરતાં જ જ્ઞાન ઉપજે રે, જ્ઞાન કરાવે રે મુન્ય;
કરવું ને શુણવું રે તે રહી ગયું રે, બુટીયા સંસાર કીધો રે શુન્ય.

ભક્તિ, ધ્યાન, સંતસમાગમ ને પછી જ્ઞાન,[૨] એ જ્ઞાનનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે સાચા જ્ઞાનમાં જ્ઞાતા અને જ્ઞેયનો ભેદ ટળી જવો જોઇએ. જેમ અગ્નિ જેને બાળે તેને પોતાના જેવું કરી જાય છે. ધૂમાડાથી છાપરું ન બળે, એના જેવું જ વિષયનું જ્ઞાન. ચોશ ધારાને ભીંજવીને રહી જાય, એથી કાંઇ નદીમાં પૂર ન આવે. એ જ્ઞાન થયા પછી "જાણનહાર" રહે નહીં જેમ

સુમુદ્રમાં પેસી સિંધવ નવ નીસરે રે, અગ્નિમાં પેસી ન આવે પતંગ,
એમ મળ્યા જે કોઇ બુટીયા રે, ટળ્યાં તેના રૂપ ને રંગ.

દશમા પદમાં બૂટિયો હઠયોગની પરિભાષા વાપરીને એક અનિર્વચનીય આવિકારી તત્વમાંથી નામરૂપના વિકારવાળો આ સૃષ્ટિના ઉદ્ભવને વર્ણવે છે:

અવિગત માહા શૂન્ય આકાશથી, ઉપજત અનહદ ધુન્ય,
અનહદથી ૐ કાર છે, તેથી વેદ વચન.
ધુન શુંન જોગે સોહં ઉપજે, તે ત્યાં પ્રણવ જાણ,
પરા પશ્યંતી મધ્યમાં વૈખરી, એ તો વદે જ વાણ.
વાણી વડે જગ ઉપજ્યું, વાચા રમણીએ[૨] જીવન
નામ રૂપ એ સર્વ કલ્પના, સદા નિરંતર એ શિવ.

જે વાણીથી બંધાયેા તે આ બધું વર્ણવે, તે ભવમાં ભટકે, પણ જે અનુભવથી અનિર્વચનીય તત્વને પામે છે" તેને સુલભ સરવે થાય.

---

૨. ચરણાવો : आचार्यवान् विजानाति | છા-દોગ્ય.

અગિયારમા પદમાં ફરી આત્મજ્ઞાન વિષે એ વાત પર ભૂટિયો ભાર મૂકતાં કહે છે કે જ્યાં સુધી જીવનું સાચું સ્વરૂપ જાણીએ નહિ ત્યાં સુધી ત્રૈતાણ વે તાણ" રહે છે અને

જીવ જાણ્યા વિના મતપંથ બહુ થયા, અટકી રહ્યાં આંધળાં આપ ભુલ્યાં,
વાદવિવાદમાંહરિ ના આવે હાથમાં, મંત્ર મેરૂ ઝાલવા જાય પણ પાયલુલા.

જાત જાણ્યા વિનાની યોગસાધના પણ આમ જ એળે જાય, એવાં "વૈભોગ" તો ન જ ભોગવે ને ભક્તિને પણ મૂકે. જાતને જાણીએ પછીથી બરફ પાણીમાં ઓગળી જાય. તેમ જીવ શિવમાં ઓગળી જાય. પછી મૃત્યુ રહે નહિ. જો બ્રહ્મવેત્તા ગુરુ મળી જાય તો નરદેહે જ અભયપદ પામી શકાય.

છેલ્લું બારમું પદ મનને શીખ આપતા હોય એવી રીતે ભૂટિયાએ લખ્યું છે. કલ્પનાથી કલ્પેલું, વાણીથી બોલેલું તો અંતે વણસે જ છે. ચાર આશ્રમ, ચાર વર્ણ, ચાર અવસ્થા— તેનો અધિકારેઉપદેશ દેવો એમ શાસ્ત્રો કહે છે, પણ ભૂટિયો કહે છે કે સદ્‌ગુરુ જો વૈરાગનું અંજન આંજે તો અનુભવી આંખ" ઊઘડી જાય, પડળ પરાં થાય. પછી અવિદ્યાને ઓળખીને વિદ્યા વડે એનો નાશ થાય. વિદ્યાને "અવાચ્ય" માં પ્રતિષ્ઠિત કર્યા પછી "પરમ સંન્યાસ" પ્રગટે; દ્વૈત ટળે; "અદ્વૈત થઇ રહેવાય." પરમહંસનું માહાત્મ્ય તે હંસથી ગ્રહી શકાય. અંતમાં ભૂટિયો કહે છે:

દેહભાવે નવ દેખીએ, ને આત્મભાવે નિત્ય,
એ છે સમજણ ગુરૂ ભુટીયા, અનુભવ કેરો એ રીત.

આ છે ભૂટિયાનાં બાર પદોનો મથિતાર્થ, એમાં સ્વાનુભવને પરિણામે સિદ્ધ થતી અભિવ્યક્તિની પ્રાંજલતા ને અનાયાસતા છે. અમાના જેવા દંભીના પરના આકરા આળાનથી. અગિયારમાં પદમાં માની ઠાવકો ઠપકો છે. ભૂટિયો "આત્મઅનુભવજ્ઞાન" ના પર ફરીફરીને ભાર મૂકે છે. એણે જે ગાયું છે તે વેદા-તશાસ્ત્રની પરનાળનાં પાણી નથી. જેવું સ્વાનુભવથી અંતરમાં ઊગ્યું તેવું ગાયું છે. આમ છતાં જ્ઞાનમાર્ગી પરંપરામાં યોજાતાં દૃષ્ટા-તોથી એ પરિચિત છે. એટલું જ નહિ, નાથસંપ્રદાયની "ગોરખબાની" થી પણ એ પરિચિત લાગે છે. ભૂટિયાની બીજી કૃતિઓ મળતી નથી. કદાચ સળંગ નિરૂપણ કરતી કોઇ કૃતિ એણે નહીં લખી હોય એમ બને. એને મન ઠાલો વાણી વિલાસ પણ કદાચ લાગ્યો હોય. એણે જ કહ્યું છે ને : જ્ઞાન કરાવે રે મુન્ય!

ના ૨ા યણ

: ૧૭ મો સૈકો :

આ કવિનો ઉલ્લેખ શ્રી કે. કા. શાસ્ત્રીના "કવિચરિત" માં કે શ્રી અનંતરાય રાવળના "ગૂજરાતી સાહિત્યનો ઇતિહાસ" માં નથી. પ્રાચ્ય વિદ્યા મંદિર, વડોદરાની સંખ્યાંક ૬૪૦ વાળી હસ્તપ્રતમાં આ કવિની "ભગતિમંજરી" નામની કૃતિ મળી આવે છે. એ હસ્તપ્રતના ઉપર નકલ કર્યાની સાલ સં. ૧૭૫૬ લખી છે. તે ઉપરાંત, કૃતિની ભાષા એના મૂળ સ્વરૂપમાં સચવાઇ રહેલી છે, એ ભાષા નું સ્વરૂપ જોતાં આ કૃતિ ૧૭ મા સૈકાની હોય એવું અનુમાન કરી શકાય. કવિ પોતે પોતાને વિશે કૃતિમાં કશી માહિતી આપતો નથી, તેમ જ આ કવિની બીજી કોઇ કૃતિ હોવાનું જાણ્યામાં નથી. કૃતિમાં કવિનું નામ "નારાયણ"લખાયેલું મળે છે.

મંગળાચરણમાં જ કવિ "ભગતિમંજરી ગ્રંથ એ બોલેસ આતમગ્યાંન" કહીને ગ્રન્થના વિષયનો નિર્દેશ કરી દે છે. નરહરિમાં વૈષ્ણવ સંસ્કાર દેખાય છે તો આ કવિમાં શૈલ સંસ્કાર દેખાય છે. સૌ પ્રથમ એ "સંકરે દેવ" ને પ્રણમે છે. એ "સંકરદેવ" કેવા છે.

ત્રણિ નયન સરિ સોહિ જટા, સાથિ સકતિ અકલ ઉતકટા,
ઋિહિનસિ ચંમિત પરમ રસ પિચિ, સેવકનિ વંછીત ફલ દી ચિ.

વળી આ મંગળાચરણનું બીજું નોંધપાત્ર અંગ એ છે કે કવિ ગોરખનાથ અને મત્સ્યેન્દ્રનાથનો એમાં ઉલ્લેખ કરે છે. આ કવિના નાથ સંપ્રદાય સાથેના સંબંધને કારણે પણ હોય. પાંચ અવધૂતોને ગણાવતાં કવિએ આ ઉલ્લેખ કર્યો છે :

ગોરખ સુક ઉતમ ઉદીસ ઉતપતિ વાપતિ રહિ અવિનાસ
જોગ જગતિ જાંણિ જોગંદ્ર સાધમાંહિ તે બહુ મછંદ્ર.
આદ અનોપમ એ અવધૂત કીરતિ કે ઉલિચાનુ પૂજા,
એહ પચની પૂજૂ પાગ વલવ મૂઝ દેખે વઇરાગ.

આખી કૃતિ ચોપાઇમાં રચાયેલી છે, ને જેમાં વિષય નિરૂપણની વ્યવસ્થિત યોજવા દેખાઇ આવે છે. બાવીસ પદનો એક બંડ બને છે. આ બંડને એણે કશું નામ આપ્યું નથી, પણ જ્યાં બંડ પૂરો થાય ત્યાં

ભણિ નારાયણ જિ જગદીસ એતલિ પદ પોહુતા બાવીસ.

એમ આવે છે. પછી પૂર્વછાયા આવે છે ને બીજો વિષય શરૂ થાય છે. આ કૃતિમાં આવા પાંચ ખંડ છે. પૂર્વછાયામાં તે તે ખંડના વિષયનો નિર્દેશ કવિ કહી દે છે.

કવિ અત્યંત નમ્રભાવે પોતાની કૃતિ શરૂ કરે છે :

બ્રહમ અગોચર અકલ અપાર તેહનું કયમ કરિ કરુ વ્યચાર
ચરણ ચીતવૂ સદગરતણુ ભોલિ ભાવિ ભાષા જાણૂ.

આમ કહી "આતમ ભોગના મર્મ" ને નિરૂપવાનો પ્રારંભ કરે છે. આ "આતમજોગના મર્મ" ને જે અનુભવે તે સર્વ કર્મમાંથી છૂટે.

પ્રથમ ખંડમાં "પંચભૂતની કથા" કવિ કહે છે, ને આ રીતે કવિની નિરૂપણ પધ્ધતિ જ્ઞાનમાર્ગી પરપરાના અન્ય કવિઓની ધારીને જ અનુસરે છે. બીજા ખંડમાં કર્મ, કારણ અને કર્તાથી સમસ્યાનું કવિ નિરૂપણ કરે છે. એમાં પણ ઇન્દ્રિય, એનું કાર્ય અને એના અધિષ્ઠાતા દેવની વાત છે, એ આમ એમાં સૂક્ષ્મ શરીરની વાત પૂરી થઇ. ત્રીજા ખંડમાં "જોગપંથ" વિચારીને કહે છે. એમાં યોગનાં અષ્ટાંગ ગણાવીને હઠયોગની પરિભાષામાં ષટચક્ર, ઇડા, પિંગળા સુષુમણા એ ત્રણ વાડી, કુંડલિની, બ્રહ્મરંધ્ર, ત્યાંથી સ્રવતો અમૃત રસ-વગેરેની વાત કરે છે. અજપા જાપ જ કવિને ઇષ્ટ છે. "કમલાસન" અને "સંધાસન" - આ બે આસન સાધકે કરવાં, કમલાસનનું વર્ણન કવિ આમ આપે છે :

જ્યોતિ ચાંપિ જમણું પાગ દાબિ ઢાંકિ મીઢર માગ
બે હૂ બાંહમધો રે પૃષ્ટ રહિ અબીતહિ રાષે દૃષ્ટ.
પરપિ જોગિ અનાસિકા કેવલ જોગ તણી કાસિકા
વ્યાધિવ્યકાર સમૂલા હારિ કમલાસન મન ર્નમલકરિ.

જોગે-દ્ર કોણ તે પણ કવિ સંક્ષેપમાં સમજાવે છે :

પ્રાણપવન મનિ સમરસ ધારે સકિત કૂડલી સનમષ કરિ
ઉચી ગગન પમાડિ ચંદ્ર જીવન મૂકા તે જોગેદ્ર.

"સંધાસન" નું પણ વર્ણન કવિ આપે છે:

એમ ઉઘાડિ બ્રહ્મકપાટ બીમા બે ચરીની વચિવાટ
પરણ આતમા પાંમિ મૂકિત સંધાસનતણી એ જૂગતિ.

: ૩ :

સાચા જોગીને સહેજે તનમન સદા સ્વાધીન રહે, એ તુરીયાઅવસ્થામાં સદા લીન થઇને રહે.

આપિ ન ષૂ ટિ બ્યંદ ન વરિ વંચિકાલ કરીનિ નવિમરિ
પંડિન લાગિ પૂજ્ય નિપાપ સુધિ નરંજન આપિ આપ.

ચોથા ખંડમાં કવિ માયાનો મર્મ કહે છે. માયાને કારણે જ ચાર વર્ણ અને ષ ટ્દર્શન થયાં. સાચો બ્રહ્મણ કોણ.

બ્રાંહમણ તે જે જાંણિ બ્રંહિમ જ્ઞાંન અચનિ માંહાં બાલિ કંમ
પ્રકૃતિ પૂરષનું પ્રીછિ ભાગ તે પંડતના પૂજૂ પાગ.

બોટો બ્રાલણ કેવો હોય તે પણ કવિ કહી દે છે :

વસ્ત્રા પષા લિ ટીલાં કરિ વાંચિ કીલિ કથા ઉચરિ
જાતિતણૂં જાંણિ ઋીમાંન બ્રંલા ન જાંણિ ષંડન જ્ઞાંન.

ષ ટદર્શનની મર્યાદાઓ પણ કવિ જણાવી દે છે. અભાનો આકરાપણાનો અંશ આ કવિમાં દેખાય છે બરો. જેઓ પોતે પાત્ર થઇ બેસે છે તેમને વિશે કવિ કહે છે:

દેવ ન માંનિ તીરથ જાણ આપોપિ થઇ બિસિ પાવ
લોભિલાંચિ દૂબર ભરિ નરનારીનો નંદા કરિ.
પૂંન્ય ન જાંણિ પોષિ ડોલ માનુ મૂરષ દીસિ ભોલ
વીસનવ જણ સૂ આંણિ બોડ નરક જાવનિ જાવાન કોડ.

આ બધો પ્રપંચ કરોળિયાની જાળના જેવો છે, પોતાની લાળથી એ જાળ રચીને એને વિસ્તારેલો હોય છે.

પાંચમા અને છેલ્લા ખંડમાં કવિ સચરાચરને સરજનાર, અપ્રમેય, અદ્ભુત, કાળ કે કર્મ જેને લેપતાં નથી એવા બ્રહ્માના સ્વરૂપની વાત કરે છે. કર્મકાંડ તો માયાનો ભેદ છે, હવે જેની વાત કરે છે તે જ નિર્મલ વેદ છે. સદ્ગુરુની કૃપાથી કેવલ બ્રહ્માની વાત કવિ હવે કરે છે.

આદિ નરંજન વીસ્વાધાર તેહનું કોએ ન જાંણિપાર
આપિ આભોય સંવરિ દૂરલભ રૂપ એક દેવી કરિ
આદિ સકતિ જે કહીઅ એવ તેહસૂ રમિ નરંજન દેવ
વિહિલ પ્રસવ્યા બ્રંલાપૂજા જેહનિ આપૂ સરજ્ય સૂત્ર.

: ૪ :

સિહિજે સભાવિ ક્રીડા કરી ગુતમરૂપ અવતરિયા હરી,
તેહનિ કહૂ અસૂ પરવરુ ક સક્લ વીરવન પોષણ કરું.
પાપપષ ચંકર ષમા સમૂદ્ર જોગ જીવન અવતરિયારૂદ
તિરિનિ કહિયુ અસુ વચાર સક્લ ભૂતનું કરું સંધાર.

આમ બ્રહ્મા વિષ્ણુ અને રૂદ્ર થયા, પછી આખી સૃષ્ટિ થઇ. પણ કવિ કહે છે કે એ બેનાની પાછળ તો આપરે એક અગોચર બ્રહ્મ જ રહ્યું છે એ બ્રહ્માનું વર્ણન શી રીતે થાય. "કિમ કરિ તેહની કવિતા કવિ."

કિમ કરિ અદિયમારિ રાખીયિ દ્રષ્ટિ પદારથ નવિ દેખીયિ
જીહવા બોલી નિ સૂકાહિ અષ૨ એક અગોચારિ રહિ.

એનો શાબ્દ કઇ એનું મૂળ કર્યું એ સૂક્ષ્મ છે કે સ્થૂલ એ એક અનુપમ અક્ષરને વિશે કોઇ શું કહી શકે. પછી ગીતાની ભાષા માં કવિ કહે છે:

ઉદકિ ન ભીજિ અગનિ બલિ પવનિ અલ્યાવ્યું તે નવિ ચાલ
ક્ષય વ્રજ્ય ન લઇજ કાલ ન ગ્રહિ અષ૨ એક અગોચરિ રહિ.

એને શીતલ કે ઉષ્ણ કોણ કહે. એને શુક્લ કે કૃષ્ણા પણ કોણ કહેએને કોઇ છોડે શી રીતે ? એને કોઇ ગ્રહે શી રીતે ?

કુણ કહિ પેલું કુણ કિહિ આખિ કુણ કિહિ આવિ કુણ કિહિ આખિ
તેહનૂ કારણ તેહ જ લહિ અષ૨ એક અગોચરિ રહિ.

માટે જ અંતમાં કવિ નમ્રતાપૂર્વક કહે છે:-

કવિતા કહિ ન જાંણૂ અવ પ્રેમાગ-ચાંન વષાંણૂ અવ
જા ણિ નારમણ જિ જગદીશ એતલિ પદ પુરતાં બાવીસ. આમ ૧૧૦ પદની આ રચના પૂરી થાય છે. કવિના પર નાથપંથની ને હઠયોગની સાધનાનો સારો પ્રભાવ હોય એમ લાગે છે. કવિની વાણી વિષયને અનુરૂપ છે. આ વિષયનું જ્ઞાન એમણે અનુભવથી આત્મસાત કર્યું, હોય તેની પ્રતીતિ કરાવે છે. જ્ઞાનમાર્ગી ધારાની અત્યાર સુધી અજ્ઞાન એવી આ એક નોંધપાત્ર કૃતિ છે.

Chapter-2-10

પુરુષોત્તમ

પુરુષોત્તમના જીવનકાળ કે એની કૃતિઓ વિશે કશી માહિતી ઉપલબ્ધ નથી. એનાં પ્રકીર્ણ પદોની ડો.મંજુલાલ મજમુંદારે નકલ કરાવેલી તેને આધારે અહીં ચર્ચા કરી છે.આ ધારાના કેટલાક કવિઓની જેમ એની રચનામાં પણ સગુણોપાસનાનાં પદો છે, ને પછીથી નિર્ગુણ તરફનું વલણ કેળવાતાં કવિ નિરાકાર નિરંજનને જ સ્તવે છે.એનાં પ્રકીર્ણ પદોમાં પ્રકટ થતાં,જ્ઞાનમાર્ગીધારાનાં,લક્ષણો જોઈએ.

ગુરુ અને સંતનું મહત્ત્વ કવિને મન ઘણું છે.સંતસમાગમથી "માહાસુખ" થાય છે:

કર્મ ધરમ પરિપૂરણ ફલીયાં આવિને આંગણિયેરે લક્ષિયાં
કોટિક મંગલ ભેલાં ભલિયાં તો માહાસુખ કેઇ પેરય વિનવું રે,

એને કારણે જે સિધ્ધિ પ્રાપ્ત થઇ તેને કવિ આમ વર્ણવે છે:

અંતરનો અધ્યાસ જ છુટે, જડચેતનનો ગ્રંથિ તુટે,
વાસના ભરવાનું પાત્ર જ ફૂટે તો આપે અનુભવે આપમાં રે.
અંતરતાપ શમે શિતલાઇ ક્યારે ન લાગે કર્મનિ કાહાઇ,
લો છે પૂરણ લાભ કમાઇ તો નવનિધ્ય નાવે આંગણયે રે,
ચ્યાર પદારથ સેહેજ્યેરે હુઓ નિર્મલ નૈણે નાથજી સુઝે,
પુરુષોત્તમ પદ પ્રેમથિ પુજે તો માહાજન જ્યાં હાં વાસો વસે રે,

આ ધારાના અન્ય કવિની જેમ પુરુષોત્તમ પણ મિથ્યા વાદવિવાદ કે વિતંડાને ઇષ્ટ લેખતો નથી."હુંપદ" હરિમાં મેળવીએ તો સર્વત્ર એક હરિજ છે એવો અનુભવ થાય.પછી વિધિનિષેધ રહે નહિં,ને "માહામંગલ પૂરણપદ" ની પ્રાપ્તિ થાય.આપને બોળતાં આપને ગુમાવવાની આ કળા છે.પણ એનું સુખ કઇ વર્ણવ્યું જાય એવું નથી,"પૂરણને કઇ પ્રેરે પ્રમાણવું" ? કવિને હવે "સમશા" ઊકલી ગઇ છે."શંકાના ચાંક ઉડી ગયા" છે.કવિ ભારે ઉમળકાથી આ આનંદમય અવસ્થાનું વર્ણન કરે છે:

કોટિ જનમનું લાહાકું રે તુટયું,આધ્ય અવિદ્યાનું સગપણ છુટુ,
કાલને ભરવાનું પાત્ર જ ફુટું તો ફલનારો કેવલ રહ્યો રે,
નિત્ય વરણ કુલ કરણી રે થાકિ સાધન કાંય રહ્યું નહિં બાકી,
સુરત્ય સોહાગણ્ય પ્રેમથી છાકિ તો શુંન્ય શિખર વરસુ લેખતાં રે,
આનંદ સાગર લહેરે લેખી એક અકલ અવિનાશિ દેખિ,
પુરુષોત્તમ પ્રભુ પૂરણ પેખી તો પડદો છુટે પ્રેમથી રે.

આમ કવિ કહે છે કે જીવ અને શિવની આડેનો પડદો તો પ્રેમથી જ છૂટે.માટે જ કવિ કૃતાર્થ થઇને બોલી ઉઠે છે."પ્રેમ તણિ ગત્ય છે ભાઇ ન્યારિ"આ વેપાર કઇ અવનવોજ છે:

વસ્તુનિ વોહોરત્ય વોહોરે તે મોટો જે વેપારમાં નાવે ટોટો

અક્ષરૂપ વેપાર વલે સી ગોટો તો ગડબડ ગાંઠ છુટે નહિ રે.

મીરાંની જેમ પુરૂષોત્તમ પણ પ્રભુની જોડે પ્રીતિ જોડીને જગતની નિંદા વહોરી લે છે:

મેં તો મનડું રે જોડું પ્રભુનિ પ્રીત્યે પલક નહિ ચોડું,
ભાવે તેહેવું રે ભાંખો મેં તો માથે છેડો નાખ્યો.
રહિયા શંગે રે રહિશું રમવા વૃંદાવનમાં જૈશું
સુખનો સાગર રે મલિયો ફેરો જન્મમરણનો ટલિયો.

"શુધ્ધ વિચારના સંગથી" જ જીવપણું ક્ષય છે, જે ક્ષણસમજું છે તે જ ઝવળું તાણે છે. માટે "સમઝણ" એ મોટી વસ્તુ છે. સતસંગતનું અંજન આંજવું, દિલના દર્પણને માંજવું ને પછી જોવું તો "સાંમલિયા" ની છબિ દેખાશે.

પુરૂષોત્તમ, અન્ય જ્ઞાનમાર્ગીધારાના કવિની જેમ, અનુભવને મહત્ત્વ આપે છે:

અનુભવચાંદિતના તેજમાં રે બંધો જ્યોતિગણ થાય,
પુરણ પુરૂષોત્તમ પેખતાં રે, આપો એમ શમાય.

કવિ હઠયોગની પરિભાષા વાપરીને કહે છે:

પરદા પાંચે પુરા કરો રે, દીસે દિન દયાલ
ત્રીકમ ત્રવેણિ તિરમાં રે ગાજે ગોકુલ પાલ.

આ વિશ્વની બાજી અને એને રચનારો બાજીગર એ બે ભિન્ન નથી, બંને એક જ છે. ભક્તિની વેલી અનુભવામૃતને સીંચવાથી જ ફાલે છે ને નવરસથી ભરેલું આનંદ રૂપી ફળ એના પર પ્રગટે છે. આ સંસારમાં જે "જગ્યા" માનવી છે તે એક જ જાતિના છે, એમનામાં કશો ભેદ નથી:

જુગજુગ જગ્યા જે માનવિ તેહેનો એક જ દેશ
બોલિ ઢોલિ જુદિ નહિ મહંતો મંગલ વેશ.

મુક્તોના માર્ગ મુક્ત જ હોય છે.

આટલાં થોડાં પદો પણ પુરૂષોત્તમ જ્ઞાનમાર્ગીધારાનો કવિ છે એમ પુરવાર કરવાને પુરતાં છે.

અનુભવાન-દ

: ૧૮મા શતકનો પૂર્વાર્ધ :

સૌરાષ્ટ્રનો દેવીભક્ત વડનગરો નાગર નાથ ભવાન જીવનના ઉત્તરાર્ધમાં સંન્યાસ લઇને અનુભવાન-દ નામ ધારણ કરીને વિક્રમના અઢારમા શતકનો[1] પૂર્વાર્ધમાં જ્ઞાનમાર્ગીધારાનાં સુન્દર પદો લખી જનારો એક માતબર કવિ છે. એનાં આ પદો "વિષ્ણુપદ" ને નામે એણે ઓળખાવ્યાં છે. ગુજરાત વિદ્યાસભાની હસ્તપ્રત નં. ૫૭૨માં આ પદો સંગ્રહાયેલાં છે. એ હસ્તપ્રત અખંડ નથી. એમાં ૧૯૬ પદો છે. ૧૯૬મું પદ પૂરું થતું નથી. આ પદોને હસ્તપ્રતની શરૂઆતમાં "અથ વિષ્ણુપદ પરના વેદાંતની પરનાલકાના છે" એમ કહીને ઓળખાવ્યાં છે. એ પ દો નો સંચય વિષ યાનુસાર વ્યવસ્થિતરીતે કરેલો લાગે છે. એમાં હિન્દીમાં લખેલાં પદોનો સમાવેશ પણ થાય છે. આ બધાં પદોની શરૂઆતમાં એ જે રાગમાં ગાવાનાં હોય તે રાગનો ઉલ્લેખ કરેલો છે. "કેહેવાણો" "સમઝાણો" વગેરે પ્રયોગો કવિ કાઠિયાવાડ તરફનો હોય એમ સૂચવે છે. "પ્રેરે" ને બદલે "પ્રેહેરે" - આવા પ્રયોગોમાંનો "હ" કારનો પ્રક્ષેપ ધ્યાન ખેંચે એવો છે. આ પદો ઉપરાંત, પૂર્વાશ્રમમાં દેવીભક્ત હતો ત્યારે, રચેલો "અંબા-આનન સોહામણુ" એ ધ્રુવપદ વાળો ગરબો, ૫ પુરાણમાંની સોળ અધ્યાયની "શિવગીતા"નો મુક્ત અનુવાદ, "શ્રીધારી ગીતા", "બ્રહ્મસંહિતા"નું ભાષાંતર અને ચાતુરીઓ - આટલી એની બીજી કૃતિઓ જાણવામાં છે. અહીં તો એનાં, વેદાંતપ્રણાલીનાં, પદોની જ ચર્ચા કરવા ધાર્યું છે.

"શિવગીતા"માં તથા આ પદોમાં એ પોતે સંન્યસ્ત લીધું તે વાતનો સ્પષ્ટ ઉલ્લેખ ઘણીવાર કરે છે. "શિવગીતા"ના પ્રથમ

---

[1] જુઓ અનંતરાય મ. રાવળકૃત "ગુજરાતી સાહિત્ય" ભાગ ૧લો. :મધ્યકાલીન: પૃ. ૧૯૨-૧૯૩.

અધ્યાય :૮૬-૮૭: માંજ એ કહે છે:

નામ પ્રથમે જે નાથભવાન, તે જ અનુભવાનંદ નિદાન (૧,૮૬)
આશ્રમ ભેદે નામનો ભેદ, નામી આત્મા એ જ અભેદણ(૧,૮૭)

ત્રીજા પદમાં પણ આ અત્યંત સ્પષ્ટ રીતે એણે કહ્યું છે:

નાથભવાન તે અનુભવાનંદ છે અનુભવાનંદ તે નાથભવાન(૩,૬)[૨]

અ-યજ્ઞાનમાર્ગી કાવ્યધારાની કૃતિઓની જેમ આ પદોમાં પણ બ્રહ્મનું સ્વરૂપ,બ્રહ્માંડની ઉત્પત્તિ, માયાનુંસ્વરૂપ, સંતો, જીવનમુક્તો, પરમ-હંસોનાં લક્ષણો, ગુરુમહિમા, જ્ઞાનનો મહિમા, અપરોક્ષાનુભૂતિની અનિવાર્યતા, મિથ્યાચારની ટીકા, શુષ્ક શાસ્ત્રજ્ઞાન અને વંધ્ય વિતંડાની નિરર્થકતા તથા બ્રહ્માનંદની પ્રાપ્તિની ધન્યતાનો ઉદ્ગાર-- આટલા વિષયો મુખ્યત્વે વર્ણવાયેલા છે. કવિના મિથ્યાચારીઓ પ્રત્યેના ઉપાલંભમાં અખાના જેવું આકરાપણું નથી. એને સ્થાને કયાંક કયાંક મર્માળો વિનોદ જોવા મળે છે. દા.ત. ૧૭૪મા પદમાં એ આ દુનિયામાં પરમહંસના કરતાં બ્રહ્મભાવના ઢોહી "પરમહંસ" ઘણા છે એમ કહે છે. વળી ૧૫૦મા પદમાં -"શાંભલો બેહેરા બેની વાત ત્રીજો શરવો કાંન શાંભલી થાયે ઘણુ રલીયાત",એમ કહીને સમજ્યા વિના શાસ્ત્રાર્થની વિતંડામાં પડનારનો એણે ઉપહાસ કર્યો છે. કવિની વિશિષ્ટતાની મુદ્રાથી અંકિત થયેલાં અનેક પદો લક્ષ્યાર્થ અહીં જોવા મળશે. સાધ્યવસાન રૂપક રૂપક યોજીને પણ એણે ઘણાં પદો લખ્યાં છે · એ પૈકી

પેહેરી દોતાઇ પંચભૂતની પોતે આત્મરામેજી :પદ ૨૧:

એ કબીરના "ચુંદરી" વાળાં પદોની યાદ અપાવતું પદ-

"ચડ્યો નૃપ આત્મા સદલ સંગામ કુ" એ પંક્તિથી શરૂ થતું

---

[૨] અ-યપદોમાંના આવા ઉલ્લેખો પૈકીના બે નીચે મુજબ:

નામ અનુભવાનંદ ગવાયે નાથભવાન તે જ કેહેવાયે :૧૨૪,૧૬:
તે જ અનુભવાનંદ સદા હું નિરગુણ નાથભવાન :૧૮૬,૧૪:

યુધ્ધની પારભાષા માં ઉત્તમ સાધકનુ વર્ણન કરતુ ૨૩મું પદ, દેહના નવદ્વારની નગરીના વર્ણનનું ૨૮મું પદ, "કાયાનું નગર તેહેમાં અહંકાર દાણી, રદેનુ મંદિર તેહેમાં બુધ્ધ દાણીયાણી બણી" વાળું ૫૨ મું પદ, "૨મે રંગમાં હોલી ૨મે રંગમાં હા હોલી" વાળું હોરીનું ૧૦૩ મું પદ, "શુધ્ધાવર્તિ તે રોણી રાધકા બીજી તે સઘળી ગોપી મારી" વાળું ૧૦૪ મું પદ, "આત્મા નિહારયો નેહભર બાલમુકંદ શાંત દેવકી સત્ય વસુદેવ તે પ્રગટયો પરમાનંદ" થી શરૂ થતું ૧૭૮મું પદ- આટલાંનો ખાસ ઉલ્લેખ કરવો જોઇએ. રાધા કૃષ્ણના સંબધને એણે નવી રીતે ઘટાવ્યો છે, ને એ રીતે પ્રજામાનસમાં દૃઢ થઇ ગયેલા એ સંબધને નવા સંકેતથી સમૃધ્ધ કર્યો છે તે નોંધપાત્ર છે.

બ્રહ્મસ્વરૂપનું વર્ણન તો એના ૧૯૬ પદો પૈકીના લગભગ દરેક પદમાં છે.[૩] અહીં એ પૈકીનાં, કવિની વિશિષ્ટતા બતાવનારાં, પદોની જ થોડી ચર્ચા કરીશું. બ્રહ્મ "સચ્ચિદાનંદ" ની સંજ્ઞાથી ઓળખાય છે. એ સંજ્ઞાના ત્રીજા પદના પર ભાર મૂકીને કવિએ બ્રહ્મના આનંદસ્વરૂપનું વર્ણન ખાસ કરેલું છે. એનું નકારાત્મક વર્ણન ન કરતા જીવનના સર્વ રસોના પરમ આશ્રય રૂપે કરેલું વર્ણન ખાસ નોંધપાત્ર છે:

આનંદસ્વરૂપ સદા આત્મા છે પોતે
તુજ સહુ એ વિના છે વિચારિને જો તે ૨૭,૧
ગાનમાં એ તાનમાં એ સોભે રંગરાગ,
એ વડે શૃંગાર હાસ એ વડે સોહાગ, ૨૭,૨

---

૩ એ પૈકીના ખાસ નોંધપાત્ર તે આટલાં: ૨,૩,૫,૨૧,૨૭,૩૫,૪૭,૪૯, ૬૬,૭૦,૭૧,૭૪,૮૦,૧૦૨,૧૩૭,૧૬૬.

અનુભવાનંદ એ જ આનંદ સ્વરૂપ,
વ્યાપી રહ્યો સઘલે પેં માહે જ્યમ તુપ ૨૭,૬

આજ વાત ફરીથી એં ૧૩૭મા પદમાં એ હરખાઇને કહે છે:

અમૃતરસે ભર્યો એ આનંદનો કૂપ છે,
ઉલેચેં ઓછો ન થાએ સદા સદરૂપ છે. ૧૩૭,૪
અનુભવાનંદ સર્વ શોભાનો એ ખૂંપ છે,
એ વડીએ સર્વ સોભે સુવાસી એ ધૂપ છે. ૧૩૭,૫

બ્રહ્મ આનંદસ્વરૂપ છે, માટે જ્યારે એવા બ્રહ્મ સાથે અભિન્નતા અનુભવાય ત્યારે આનંદસ્વરૂપ જ બની જવાય. આ અનુભવ કવિએ બુલંદ કંઠે ગાયો છે:

આનંદસ્વરૂપ હું એકલો સાકરમા જ્યમ છે મીઠાશ
મીઠાશ સાકરથી નહિ પહરિ ત્યમ જ હું સર્વવાસ ૧૬૬,૧
જ્ઞાનરૂપ આનંદસ્વરૂપ હું સદરૂપ સાસક ને ભાસ,
અચલ અખંડ અલેપ હું યમ રહ્યૂં સઘલે આકાશ. ૧૬૬,૩

આ કવિ બ્રહ્મને "નિરાકાર" કહેવાને બદલે "સરવાકાર" કહે છે.[૪] એ પણ સૂચક છે. ઇશોપનિષદમાં કહ્યું છે તેમ આ બ્રહ્મ "સર્વવાસ" છે. આ બ્રહ્મના વડે બધી ઇન્દ્રિયો "ચેતન થઇ ભાસેં" છે. "પ્રાણાદિકના વ્યાપાર" એના વડે ચાલે છે અને

એ વડીએ ભાસે રૂપ સદા અરૂપ,
એ વેના ન મલે કાંઇ સ્વપ્રભ સ્વરૂપ. ૨,૬

---

[૪] સહુ વાચારંભણ છે લહ્યું, એ જ પોતે સરવાકાર છે. ૧૪૩,૨

પણ એને કોણ જાણી શકે ? એ બધાને જણાવનાર છે. આ વાત સચોટ દૃષ્ટાંતથી કવિ આમ સમજાવે છે:

સહુને જાણે સદા એ એહેને કો ન જાણે,
વહિન જ્વાલા શી રીતે વહ્નિને મેં પ્રમાણે. ૨,૭

આ બ્રહ્મ સાથેના અદ્વૈતને અનુભવનારો કોઈક અનોખી ખુમારીથી કહી દઇ શકે છે:

અર્ક અંધારૂ દેખે જો પોતા વિષે તો હું માહરે વિષે
દેખું અજ્ઞાન,
હું જ પ્રકાશિ પ્રત્યક્ષ આ સર્વનો, હું વડે સર્વનું થાયે
છે ભાન... ૩,૧
જ્ઞાતા ને જ્ઞાન ને જ્ઞેય તે હું વડે હું નહિ જ્ઞાતા
નહિ જ્ઞેય નહિ જ્ઞાન,
હું જ દૃષ્ટા ને એ દૃષ્ય છે હું વડે દૃષ્ય મિથ્યા
તો શાનું ધારૂ ધ્યાન.. ૩,૨

જે પોતાને બ્રહ્મસ્વરૂપ જાણે છે તે મોક્ષની યાચના શા માટે કોઇની પાસે કરે ?

મોક્ષ તુને કોણ આપશે, તું જ મોક્ષનો દાતા,
તું તાહારા અજ્ઞાનથી ભાસે જીવ પ્રમાતા. ૫,૧

કબીરના "ચૂંદડી" ના પદની યાદ આપે એવું બ્રહ્મસ્વરૂપના વર્ણનનું આપણા કવિનું પણ એક લાક્ષણિક પદ છે:

પેહેરી દોતાઇ પંચ ભૂતની પોતે આતમ રામેજી
નાંના રૂપ ધારીને વિલસે નામિ થયો બહુ નામે જી. ૨૧,૧
દસ ઇંદ્રિ ને પાંચ પ્રાંણ વલી મન બુધ્ય સરવે જોડી જી,
અસ્તર તેહેનું અદ્‌ભુત શીવ્યું તે ન સકે કોય વછોડી જી. ૨૧,૨

આ "દોતાઇ" માં "લખચોરાસી ભાત" ચીતરેલી છે, વિવિધ બુટ્ટા વિરાજે છે- એ બુટ્ટા રૂપે બ્રહ્માથી માંડીને તે સ્થાવર જંગમ સુધીનું બધું એમાં વિરાજે છે. આમઅરૂપમાંથી રૂપની લીલા થઇ. પણ આ વાત જે ભૂલે તે સાચા સ્વરૂપનાં જ્ઞાનનું વિસ્મરણ થતાં ભ્રમમાં પડે:

પોતે વિચાર કરી પોતાનો ભાત્ય વસ્ત્ર વીશારે જી,
તહિ એ સરવ ભરમ ના ભાગે શું બીજું સંભારે જી. ૨૧,૫

એ ચિદાનંદ બ્રહ્મ સદા સર્વત્ર "ભરપૂર" છે. માત્ર અજ્ઞાનીને એ દૂર લાગે છે ને તેથી એ રેવા, મથુરા, કાશી, દ્વારકા, જગન્નાથ, કેદાર ભટકતો ફરે છે, પણ જ્ઞાની જાણે છે કે એ

તેહેમા માહાલે તેહેમા ચાલે તે તો સર્વાવાસ,
જ્યાંહાં ત્યાંહાં જઇ પાષાણ નિહાલે છે તે નહિ વિશ્વાસ, ૩૫,૫

"ગુરૂગમથી" જો એ આટલું જાણી લે તો એ એને "કરામલક" બની રહે, ને પછી એને "ભટકા" ખાવાના નહિ રહે. આવો અનુભવ થાય ત્યારે કવિની જેમ ધન્ય બનીને ગાઇ ઉઠ્યા વિના નહિ રહેવાય:

હું ને હું લાધ્યો રે લાધ્યો
ઉપાધીયો અહંકાર પરિછન્ન બાધ્યો રે બાધ્યો. ૪૩,૧

- -

૭.

આ "અદ્વૈત"ના વર્ણનમાં વિરોધાભાસ પણ કવિ યોજે છે:

શ્રવણ નહિ ને શબ્દ શોભલે જપે જીભ વણ જાપ,
મનન વિના મન કરતો દીશે કરી ન શકે કો માપ ૪૭,૪

એને માટે સિક્કા ઉપરની છાપનું પણ એ દૃષ્ટાંત યોજે છે:

સહુનો સાક્ષિ સહુ એ પોતે કોણ કરે ઉથાપ,
કલ્પિત ટલતે છે ત્યમનો ત્યમ દ્રવ્ય ઉપરિ જ્યમ છાપ. ૪૭,૫,

૪૯મા પદમાં વિસ્તારથી કરેલી બ્રહ્મસ્તુતિમાં કવિ બ્રહ્મસ્વરૂપનું વિસ્તારથી વર્ણન આમે છે. ૐ કારથી પણ પહેલા, મનવાણીથી ય પર, એના આધારરૂપ બ્રહ્મ છે. નટ જેમ અનેક રૂપ ધારે તેમ એણે અનેક રૂપો પ્રકટ કર્યા છે. એ પોતે તો મોહાદિકથી રહિત, અદ્વૈતરૂપ છે. એ વરણ્યોમાં વરેણ્ય છે, એના વડે સૂર્યની શોભા છે, એ તો "નિરવયવીયો" ને "અવિકાર" છે. શ્રુતિસ્મૃતિ એને વારંવાર ગાય છે. એ અનાદિ ને અનંત છે, એ નિરાકાર છે, છતાં એને અનંત રૂપ છે. "ગુરૂગમ"થી એ "સુગમ" થાય છે, એ "વેદાંત વિચાર" થી સમજાય છે. આખરે પ્રતીતિ થાય છે:

હુંજ હું જ પ્રકાશિ અનુભવાનંદ,
લક્ષણ લક્ષે નથી કાંઇ ભેદ;
પડછંદો શું કરે ઉચ્ચાર,
દશ અક્ષર એ નિરધાર. ૪૯,૧૩

તત્ત્વમસિના જ પડઘા પાડતું ૭૦ મું પદ પણ નોંધપાત્ર છે. પ્રત્યગાત્મા તે જ બ્રહ્મ એમ કવિ ૭૧ માં પદમાં કહે છે. આ જ વાત વેદાંત "ઘેરે ઘેરે" સમજાવે છે. એ બ્રહ્મ જ

તના ઇદંતા ને અહંતાનો ઈ આધાર;
વ્યોમવત્ વ્યાપક અખંડ નિરાકાર. ૭૦,૬

આ વાત જે અનુભવી જુએ તે કૃતકૃત્ય થયો કહેવાય. अहम् ब्रह्मा ऽस्मि નું રટણ જગાવતું પદ:

હું જ બ્રહ્મ હું જ બ્રહ્મ હું જ બ્રહ્મ
હું હું વિના તે બીજું ભાસે મા, ૭૪,૧

પણ અહીં ઉલ્લેખનું જોઇએ. એ જ સ્વરૂપનું ૧૦૨મું પદ પણ છે. એની શરૂઆત જ આમ થાય છે:

માહારૂં અખંડ સ્વરૂપ અનંત હું,
જાણું સહુની આદિ અટકળ-ચટકે ને અંત હું. ૧૦૨,૧

આજ રીતે આ પદ આગળ ચાલે છે:

-યાયમાં -યાનો કરનાર હું,
મિમાંસાનો આચરનાર હું,
વૈશેશિષ યોગનો આધ્યાય હું,
સાંખ્ય વેદાંત સહુનો પાર હું. ૧૦૨,૩

આજ જ્ઞાન શંભુ "ઓચર્યા" છે. વિષ્ણુ પણ આ જ "સમઝણ" સદા "ધારે" છે; આ જ વાત શુકરાનકાદિક યોગીને "સ્ફુરે છે". અનુભવાનંદ પણ આ જ વાતને જાણે છે.

જે માયાને કારણે આ સંસારનો પ્રપંચ સરજાય છે તેનું સ્વરૂપ પણ કવિએ વર્ણવ્યું છે. અવળવાણીમાં કરેલું માયાનું વરણ અહીં નિર્દેશિને-નિર્દેશને પાત્ર છે:

૯.

માયા વાંઝણી પ્રસવી રે તેણે અણશરન્યો સુત થયો૭,
તેહેનુ નામ સંસાર વરાણું, નહિ તે ઘર ઘર ગાયો ૭. ૫૬,૧.

આ અણસર્જ્યા સુતને ગંધર્વપુરના લોક આકાશકુસુમથી વધાવે છે. એ સુતને કલ્પના સાથે પરણાવવામાં આવે છે, એનાથી ત્રિગુણરૂપી ત્રણ દીકરા થાય છે. તમસના પંચભૂત મુનીને તન્માત્રા તે દીકરી, રજસ્ ની દસ પુત્રી તે દસ ઇન્દ્રિયો, વૈકારિકની ચાર પ્રજા તે મન, બુદ્ધિ, ચિત ને અહંકાર. આમ "લક્ષ ચોરાશી"નો વિસ્તાર થયો. ધર્મધર્મના બે વૃક્ષ મૃગતૃષ્ણાજળ પાઇને ઊછેર્યા: આ બધું અજ્ઞાન રહે ત્યાં સુધી સાચું લાગે. પણ

આત્મ અર્ક ઉગેથી જણાયે થાયે તમનો ભરમ પહરો. ૫૬,૧૧.

સૃષ્ટિના સર્જનનું વર્ણન જ્ઞાનમાર્ગી કવિઓ સાંખ્યાનુસાર એમની કૃતિઓમાં આપે છે. અનુભવાનંદે પણ ૫૧મા પદમાં એવું વર્ણન આપ્યું છે તે એની વિશિષ્ટ રીતિને કારણે નોંધવા જેવું છે. વિસ્તારના ભયે એ અહીં ટાંકયું નથી. આ આખા પ્રપંચના મિથ્યાત્વને સરળ દૃષ્ટાંતથી સમજાવતાં એ કહે છે:

દરપણના ધામમાં જ્યમ કો નૃપ રહ્યો,
પોતે નિહાળે યે હું બહુ રૂપે થયો. ૫૧,૨૪

તેમ આ માયા પણ

અસદ ને જડ રે દુખરૂપ શક્તિ ધરી,
પોતાની સત્તાએ રે સુખરૂપ થઇને સ્ફુરી. ૫૧,૨૬

સદગુરુ મળે તો એમના પ્રતાપે આત્મસ્વરૂપના જ્ઞાનનો ઉદય થાય. એ ગુરુનો મહિમા, અન્ય જ્ઞાનમાર્ગી કવિઓની જેમ, અનુભવાનંદે પણ ગાયો છે.

- -

"કારુણિક સદ્‌ગુરુ" ની વાણીનો મર્મ સમજાય તો સ્વરૂપનું જ્ઞાન થાય. અગિયારમા પદમાં અનુભવાનંદે ગુરુમહિમા ગાયો છે. એની શરૂઆત જ ગુરુર્બ્રહ્મા ગુરુ વિષ્ણુ વાળા શ્લોકની યાદ દેવડાવે છે:

ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ મહેશ
ગુરુ સેવે જાયે ભવક્લશે
ગુરુ ટાલે શિષ્યનુ અજ્ઞાન,
કૃપા કરીને આપે જ્ઞાન. ૧૧,૧.

ગુરુની ભક્તિ કરવાથી જીવપણું જતુ રહે છે, ને પોતાનું સાક્ષી સ્વરૂપ સહેજે ઓળખાય છે. પ્રયાગાદિ તીર્થો ગુરુના ચરણોમાં જ વસે છે. "સદશિષ્ય" તો સમજી લે છે કે ગુરુ તે પૂરણ બ્રહ્મ છે. અજ્ઞાનના તિમિરમાં જ્ઞાનનો સૂર્યોદય તે ગુરુ. જે નિર્ગુણ છે તે જ ગુરુને રૂપે સગુણ થઈને દેખાય છે. આ સાથે આંધળી ગુરુભક્તિ કરનારને કવિ ચેતવણી પણ આપે છે:

દેહના ધારમ નહિ ગુરુ વિષ્ણો,
ગુરુ જોવાય નહિ દેહ વેષ્ણો,
કદાપી કરવિ નહિ દેહબુધ્ય,
સ્ફટિકમણિ સ્યમ ગુરુ છે શુધ્ધા. ૧૧,૯,

એવા ગુરુનાં લક્ષણ શું ? એના જવાબમાં કવિ કહે છે:

અનુભવધારા ગુણથી ચાલે વરસે અમૃત મેહ,
તે રસને યે પાન કરી લ્યે જાણો અમર થ્યો દેહ. ૩૦,૩

અહીં કવિ અપરોક્ષાનુભૂતિના પર જ ભાર મૂકે છે. ગુરુની વાણી તે જ્ઞાનની ધારા નથી, પણ "અનુભવધારા" છે, ને આવી વાણી છે "અમૃતના મેહ" જેવી હોઇ શકે, કારણકે એ જ શિષ્યની જડતાનો પરિહાર

કરીને એના ચેતનવંત બનાવે, એને પોતાના સાચા સ્વરૂપમાં પ્રતિષ્ઠિત કરે. માટે એવો પુરુષ તો બોલે કે તરત જ એની વાણીથી વરતાઇ જાય:

તાદૃશ્ય જ્ઞાનિ સ્વરૂપ ચોલવે બોલ્યા પછી વરતાંણો, ૩૧,૩

આવા સદગુરુ "સમઝણ" આપીને વૃત્તિને પાછી વાળે છે. अहम् ब्रह्मास्मि ના મહાવાકયનો અગ્નિ પ્રકટાવીને અજ્ઞાનને ઇંધાણ બનાવીને બાળે છે. (૩૬,૩-૪) એવા સાચા જ્ઞાની ગુરુને પુણ્યપાપ સ્પર્શતાં નથી, જેમ આકાશને ધૂમાડો સ્પર્શતો નથી તેમ. એને તો અખંડ સમાધિ લાગેલી રહે છે. सोऽहम् નો અજપા જાપ સદા ચાલ્યા જ કરતો હોય છે. જે અવળું હોય છે તે ગુરુને પ્રતાપે "સૂઝ" પ્રાપ્ત થતાં સવળું થઇ જાય છે. આ વાત પણ એક સરળ છતાં સચોટ દૃષ્ટાંતથી કવિ આમ સમજાવે છે:

અવલાં વયન પડે સહુ સવલાં નિજ સ્વરૂપનો થાય,
જ્યમ સવલી થઇને વંચાયે અવલી અક્ષરછાપ બોદી છાપ.
૩૭,૫.

આ ગુરુને બહાર બોળવા જવું પડે એમ પણ નથી.-

તે ગુરુ માંહારો જ્ઞાનસ્વરૂપ સધલે સદચિદાનંદરૂપ ૧૨૪,૧૫

અખાએ મિથ્યાચારીઓ ને દંભીઓને જોયા ને તેમના પર એના છપ્પની છપ્પાની આકરી વાણીના કોરડા વીંઝ્યા. અનુભવાનંદે પણ મિથ્યાચારીઓને જોય છે, પણ એના ઉપાલમ્ભમાં સહાનુભૂતિ છે, ઔદાર્યપ્રેરિત ક્ષમાવૃત્તિ છે. સાચા ગુરુ ને પરમહંસ મળવા મુશ્કેલ છે, આ દુનિયા તો "પરમહંસો" થી ભરેલી છે ! આવા "પરમહંસ" નું વર્ણન જોઇએ:

કાં તો કરમ કરે કાં ઉપાસન કોક દેવ ચારાધો ૭
કાં તો જપ તપ માંડી બેસે ફુલે શાક ફલ ખાદેંજી ૧૫૪,૩

કહેવાતા સિદ્ધો અને સાધકો પણ "સાવધાન" હોતા નથી.:

કો યોગી કો ભોગી થયા વલી કો તાપસ તપ કરતાજી
અજ્ઞાનેં બંધાણા હીડે યોનિયો નિમાં ફરતાજી. ૧,૫
કો સિદ્ધ કો સાધક થઇ બેઠા મંત્રતંત્ર આરાધો જી,
ત્યમ ત્યમ સપનાં લાધ્યો ઘણેરાં ગહેન ઘણેરૂં વાધ્યો જી. ૧,૬

અનુભવ લાધ્યો નથી એવા પંડિતો પણ કવિનો ઉપાલંભ પામે છે:

જૂઠે પંડિત જૂઠે શાસ્ત્ર સબ જૂઠ કું જૂઠ સુનાયા રે! ૧૯,૪

એવા લોકો અજ્ઞાનને કારણે "હું બ્રાહ્મણ" એમકહીને દેહાભિમાનથી ફોકટ ફુલાય છે, વર્ણાશ્રમ મર્યાદાને પાળે છે, પણ તેથી તો "વધાલે" રહી જાય છે. એવા લોકો સંન્યાસ લઇ બેસે તેથી શું ? અજ્ઞાન તો એમનું એમ પાસે ને પાસે જ રહે છે, આવું જ તીર્થયાત્રા કરનારાનું-

જ્યમ જ્યમે તીરથ ભમતો ફરે
ત્યમ અભિમાન ઘણેરૂં ધરે
મે એટલાં તીરથ વ્રત કીધાં,
અજ્ઞાને સહુ માની લીધાં. ૧૦૮,૪

દેહદમન, આકરી યોગસાધના ગમે તેટલી કરો, પણ "ગુરુ પાખે" કાંઇ વળે નહિ, કારણકે એના વિના સાચી સૂઝ કોણ આપે ?

જો તુ દુધાહારી થા એ,
કાયા કસે ને અન્ન ન ખાએ,
લીંબ પત્ર ભખી પ્રાણને રાખો,
પણ સમઝી ન સકે ગુરુ પાખો. ૧૦૮,૬
જો તુ મુન્યવરતને ધારે
થઇ દિગંબર જટા વધારે,

જ્યમ જ્યમ યોગ કરે દેહ સાધો,
ત્યમ અહંકાર ધણેરો વાધો. ૧૦૮,૭

આ અહંકારનું કારણ સ્વરૂપ વિશેનું અજ્ઞાન છે:

એ અજ્ઞાન સરવનું વૈરી,
અજ્ઞાન છે ફણીધાર માંહ જેહેરી,
અજ્ઞાનનું વિષ સહુને વ્યાપ્યું,
તેણે સહુ ભૂલી ગયું આપું. ૧૦૯,૨

આને જ કારણે માણસ પોતાને કર્તા માને, મત અને પક્ષને તાણે, ખોટું તે એને સાચું ભાસે:

કરમ કરે પણ ભરમ ન ભાગે,
તોહે પણ વલી કરવા લાગે,
દેહ દમે ને કરે ઉપવાસ
જન્મ મરણ રાખે આસ ૧૦૯,૬
અજ્ઞાને પાષાણને પુજે,
શાસ્ત્રરથ શો છે તે ન સુઝે,
મગ્ન થઇ તે આગલ નાચે,
ફરી ફરી નીચો નમિ ને યાચે ૧૦૯,૭
અજ્ઞાનમાં મત પછ અનેક,
જેહેમાં મત ઝાલી રહે એક,
માની લ્યે તેહેને તો વંદે,
બીજા શબલા પક્ષને નિંદે. ૧૦૯,૧૧
અજ્ઞાનમાં ઇશ્વરના વાદ,
ષટ શાસ્ત્રના માંહોમાંહે વિવાદ,
જીવ જગત અજ્ઞાનમાં ભાસે,
અજ્ઞાન શું તે કો ન તપાસે. ૧૦૯, ૧૪

માટે ખરી જરૂર તો આ અજ્ઞાનને તપાસવાની છે. કવિ પોતાના વર્ણનના કેટલાક સંપ્રદાયોનો ઉલ્લેખ પણ ક્વચિત્ કરે છે.:

કાં તો યતી મોહો બાંધી બેસે,
કરે ઉપવાસ ગુફામાં પેસે,
કાં તો નગ્ન ફરે થાએ અઘોરી,
કાં છલ વિદ્યા શીખો કોરી. ૧૧૧,૩.
ઉર્ધ્વ મસ્તક મૂરખ ટંગાએ,
કાં તો ઉર્ધ્વ બાહુ પણ થાએ,
કાં તો ફડાવી બેસે કાન,
ગુરૂ શરણું ચેલાને જ્ઞાન. ૧૧૧,૪

પોતતોતાના સિધ્ધાંતને ખરો માનવા મનાવવાની હોંસાતુંસી અને વિતંડા પણ શા માટે ?

કર્મી તે તો કર્મ વખાણે વખાણે જ્ઞાનિ નિંદે તેહ
કોય કોહોનું કહ્યો જાણી શકે નહિ આંધે ઉડાડે ધોહ ૬૫
૧૫૦,૪

શાસ્ત્રનું ગોખાવેલું પોપટની જેમ બબડી જનારને કવિ ઉપાલંભ આપતા કહે છે:

ઘણો થ્યો બોલકો પોપટ પીંજરડાનો,
કોક વજાડે છે ત્યામ વાજે, જ્યમ છે શબ્દ ઘડાનો
૧૭૩,૧

વિદ્યાનિષ્ણેદ્યા અને કર્તવ્યકર્તવ્યની ઝંઝટમાં પડનાર ને એમાં ને એમા જ જન્મ વેડફી નાંખનારને કવિ ઠપકો આપતાં લોકોક્તિનો સચોટ અને સાર્થક ઉપયોગ કરી બતાવે છે:

દુધ ભર્યા સ્તન મૂકી આંબે અંગોઠો ધાવ્યો.
૧૭૫,૬

સન્તો અને જીવનમુક્તોને કવિ ઉમળકાથી બિરદાવે છે. અનુભવાનંદનાં સુન્દર પદોમાંનાં કેટલાંક સન્તોના મહિમાનાં પદો છે. કવિને મન સન્ત પરમાનન્દ સ્વરૂપી છે, સંત જ્યાં હોય ત્યાં સદા વસંત હોય છે; એનું હૃદયકમળ સદા પ્રફુલ્લ રહે છે; દ્વૈતની આપદા એને પીડતી નથી; એને "નિર્ગુણ શું લેહ" લાગી હોય છે. એ પરમાનંદ સ્વરૂપ સંતના ચિત્તની અવસ્થા કવિ આમ વર્ણવે છે:

અનહદ ધૂન્યની વાજે પખાજ,
જાણે કોટિક વાંજાનો અવાજ,
ઉભી સુરત સજીને ઘણલા સાજ,
કરે નાટારંભ મૂકીને લાજ. ૧૦૦,૨
જ્યાંહાં જ્ઞાનગુલાલના રંગરોલ,
ત્યાંહાં પ્રેમકેસરની ધોલાધોલ,
તનમન રંગ્યું થયું રાતું ચોલ,
કરે પાંચ પચીસ મલી ઝકોલ.

આવું , આનન્દની મસ્તીનું વર્ણન નરસિંહ કે અખામાં ભાગ્યે જ મળશે. આવા સંતો સદ્‌વિચારની સરિતામાં સ્નાન કરે છે, તેથી એમના સર્વ "કષ્મલ" ધોવાઇ જાય છે ને એઓ "દિવ્ય શોભા" ધારણ કરે છે. (પદ ૧૦૭) . આ સંત જ્ઞાની હોય છે, સાચા અર્થમાં સંન્યાસી હોય છે. આવા જ્ઞાની ને સંન્યાસીનાં લક્ષણોનું પણ ઘણું પદોમાં કવિએ વર્ણવ્યાં છે. એ પૈકીનાં થોડાં વિશિષ્ટ પદો જ અહીં જોઇએ. એવા સંતો જ્ઞાનને હિમાળે પોતાની જાતને ગાળી નાંખે છે, દ્વૈતના ભ્રમને ટાળી નાંખે છે ને એ રીતે એમને જીવરૂપે પાછા આવવાનું રહેતું નથી. (પદ ૩૬) કવિ ગીતામાંની ભગવાનની વાણી યાદ દેવડાવીને કહે છે:

જ્ઞાનિકો રૂપ સો રૂપ હમારો (પદ ૫૯)

આવા જ્ઞાનીને કવિ "તદ્દી" કહીને પણ ઓળખાવે છે. આવો "તદ્દી" નિજ સ્વરૂપના ધ્યાનનો ~~યજ્ઞી~~ યજ્ઞ ક્ષણે ક્ષણે કરતો રહે છે, એમાં જ્ઞાનનો અગ્નિ પ્રગટાવીને પાપપુણ્યને હોમે છે. એવા "તદ્દી" નું વર્ણન કરતાં ગીતાના સ્થિતપ્રજ્ઞની જ જાણે યાદ દેવડાવતા હોય તેમ કવિ કહે છે:

અનાસક્ત દેહને વરતાવે સ્થિત પામી છે પ્રદ્દી રે
સત્ય દિવસ નહિ તો કયાંહાં સંધ્યા નિજપદમાં રહે મગ્ન રે
૧૨૯,૩

સુખદુખ હર્ષશોક વ્યાપે નહિ કાંઇ મુદ્રા નહિ ઉદ્વિગ્ન રે
સાક્ષિ અનુભવાનંદ આત્મા અકલ અરૂપી નગ્ન રે. ૧૨૯,૪

પણ આવા સન્તો ને "તજ્ઞો" તો વિરલ જ હોય, એનું સ્વરૂપ "અજ્ઞ" ને ન સમજાય. એવા સન્તોનાં ટોળાં ન હોય.

ન દીશે કેસરીનાં ટોળાં
કાંને પણ કયાં હે નથી સાંભળ્યાં તો કયમ લાઘો બકેલ્યા
૧૩૪,૧

એવા જીવનમુક્તો પણ આનંદસ્વરૂપજ હોય છે. એનાં લક્ષણ વર્ણવતાં કવિ કહે છે:

તેહેને જીવનમુકતા કહીએ રે તેહેને જીવામુકતા કહીએ રે
સુખદુખમાં માદાત્મ ન પામે સમરસ સઘળે લહીએ રે,
૧૩૦,૧

સાક્ષિ સ્વરૂપ સદાએ રહે છે શરણ એહેવાને જઇએ રે,
તત્વપદનો લક્ષ ઓલખી સમઝી કૃતારથ થઇએ રે, ૧૩૦,૨

સંન્યાસીનું વર્ણન પણ કવિ લાક્ષણિક રીતે આ પ્રમાણે આપે છે:

આ પાનમાં "તદ્દી" ને બદલે "તજ્ઞ",
"પ્રદ્દી" ને બદલે "પ્રજ્ઞ" સુધારીને વાંચવું.

જ્ઞાન ડંડ ને જ્ઞાન કમંડલ જ્ઞાન કરેં ગ્રહિ રાખે,
જ્ઞાન ગંગોદક માહે ભરયું તે જાણે ત્યવારેં ચાખે. ૧૭,૩
મુદ્રા જ્ઞાન જ્ઞાનની કંથા જ્ઞાન વપુએ ઓઢે,
જ્ઞાન કછોટો વાલીને દ્રઢ જ્ઞાનરૂપ થઇ પોઢે. ૧૭,૪
સ્નાન દાન ને ધ્યાન જ્ઞાન નિત્ય જ્ઞાનતણી જપમાલા,
જ્ઞાન સમાધ્ય સદાએ લાગી જ્ઞાન અગનિની જ્વાલા, ૧૭,૫

જે ઉદાસીન છે તે જ ખરો સંન્યાસી છે, એ પોતે પોતાના "આનંદમાં વિલાસી" છે. દમનો દંડ, શમનું કમંડલ એ ધારે છે, ને જ્ઞાનનું ગંગોદક એ પીએ છે, ઉપશમનો એ કછોટો વાળે છે, પછી એને કોનાથી ભય પામવાનો હોય ? સૌની વૃત્તિને એ પારખે છે, પણ પોતે સૌથી ન્યારો થઇને રહે છે (પદ ૧૮). જેની પાસેથી સાચી "સમઝણ" પામીને દ્વૈતભાવને ટાળીને શમી જવાય તેવા સંન્યાસીને કવિ નમે છે. આ સંન્યાસીનું વર્ણન કવિ એવી રીતે કરે છે કે એ બ્રહ્મનું જ વર્ણન બની રહે.:

કઇક કાલ બ્રહ્મચારિ રહ્યો, યોગ સમાધ્યેં કાલ વહી ગયો,
વલી નિજ ઇછાએ ધ્યો ગ્રહસ્થ કલપ્યું ઘર બ્રહ્માંડ સમસ્ત.
૧૨૪,૨
સંકલ્પે સરજાવી પ્રજા, સંયોગે થઇ શબલી પ્રજા,
ત્રણ ગુણ તેથી ત્રણ સુત થયા બ્રહ્મા વિષ્ણુ રુદ્ર યે કહ્યા. ૧૨૪,૩
તેથી વાધી સૃષ્ટિ અપાર સચરાચર કો ન લહે પાર,
તેહેને ભાખવીને થયો ઉદાસ પછે પોતે લીધો સંન્યાસ. ૧૨૪,૪
પૂર્વાશ્રમની પ્રજા તે જોએ પણ પે ઉપરી કાંઇ ન મોહે ૧૨૪,૫

એને વિધિનિષેધની મર્યાદા નડે નહિ, એ વર્ણાશ્રમની મર્યાદાને પણ ઓળગી રાખે છે; એને કશો વાદવિવાદ કરવાનો રહેતો નથી. આવા

સંન્યાસીની વિભૂતિનું કવિ અત્યંત કાવ્યમય વર્ણન આપે છે:

જેહેની વાણી વેદ છે ચાર, જેહેની ગાથા પૂરાણ અઢાર,
જેહેની સહુ બોલી વ્યાકર્ણ, જેહેની સમસ્યા અક્ષર વર્ણ,. ૧૨૪,૧૦
પોતે માહાપંડિત માહાકવી કવિતાયુક્ત કરે નવનવી,
સર્વ શાસ્ત્રમાં કુસલ પ્રવીણ કરિયે કલા થાયે નહિ ક્ષીણ. ૧૨૪,૧૧
માહાયોગી માહાજ્ઞાની સદા ભરમ ન પામે પોતે કદા
ગાન કરે તે મગન થઇ જાયે કઇ કઇ રાગ વિવિધા પર ગાયે
૧૨૪,૧૨
છંદ બંધા મેલવે તુક તાન ચૂકે નહિ મૂર્છા ને માન
સમઝે સર્વ શાસ્ત્રસ્ય સંગીત સામવેદ તે જેહેનું ગીત. ૧૨૪,૧૩

આવો સંન્યાસી તે કવિનો ગુરુ છે:

તે ગુરુ માહારો જ્ઞાનસ્વરૂપ સબલે સદચિદ આનંદ રૂપ,
સહુનો સાક્ષિ સહુથી પહરો સચરાચર શબલામા ભરયો. ૧૨૪,૧૫

યોગીનું પણ, બ્રહ્મને લાગુ પડે એવું, વર્ણન કવિ આપે છે. એ યોગી ગગન-ગુફાનો વાસી છે, એને રૂપ નથી પણ એના વડે રૂપ ભાસી રહયાં છે. દૃશ્ય સર્વને ટાળીએ તો જોનાર અવિનાશી જ અવશેષ માં રહે છે. ગગન જેવું એનું મન, ગગન સરખી એની ઇન્દ્રિયો છે-- આમ બહારી રીતે એ ગગન જેવો છે, એને જિતેન્દ્રિય કહેવાનો શો અર્થ છે ચક્ષુ વિના એ રૂપ જુએ છે, શ્રવણ વિના એ સાંભળે છે, રસના વિના સર્વ રસોને ચાખે છે, વાક્ વિના બોલે છે, એ સ્થૂળ નથી, સૂક્ષ્મ નથી, લઘુ નથી, દીર્ઘ નથી, એને શ્વેતાદિક વર્ણ નથી. એને હાથ જ નથી તો પછી કમંડલ કે દંડ હાથમાં શી રીતે ઝાલે છે એનામાં જ પિંડ છે ને એનામાં જ બ્રહ્માંડ છે. આકાશમાં વાદળ થઇને વિખરાઇ જાય, પણ આકાશ તો જેવું ને તેવું અરૂપી જ રહે× છે. તેમ એ પણ સદા "અલેપ સોહાયે !" છે. (પદ ૪૪)

- -

આ સન્તો ને સાધકો જે ને ઉત્તર હિન્દુસાનની સંતપ્રણાલીમાં "સુરમા" એટલે કે શૂરા કહે છે તેવા હોય છે, કારણ કે આ સાધના એ તો શૂરાપૂરાની સાધના છે. અનુભવાનંદ આવા "સંત સુભટ" નો પણ આપણને પરિચય કરાવે છે. વીરરસથી ભર્યો એ સન્યાસી બોધની તરવાર વીંઝીને ઝૂઝે છે. (પદ ૨૪) અનહદનો દંડ બજાવીને એ અદલ સંગ્રામે ચઢે છે. એનો આ નાદ સાંભળીને અજ્ઞાનના ગઢમાં ફેલાય છે ને મોહાદિકનું દલ ધ્રૂજવા લાગે છે. જ્ઞાન અને વૈરાગ્યના ઉમરાવ, બુદ્ધિ અને વિવેક એ બે પ્રધાન-- આ બધા સાથે મળીને અજ્ઞાન અને ષડ્રિપુ સામે યુદ્ધ આરંભે છે, ને આ યુદ્ધને અંતે:

કામ હુ ક્રોધ હુ લોભ સબ કબજ કરિ આપુનિ આનંમો કરિ જિવાયો,
તોરિ અગ્યાન ગઢ ગ્યાન વૈરાગ દલ નગરમેં સુકિત બસાયો. ૨૩,૫,
હુકમમે સબ ચલે ગઉ સિંહ દો મિલે ચોર સબ સાહકો પેંડો પાયો,
નાથ ભવાન કોઉ નગર લુસે નહિ આપુનિ ગેર સબકો સોહાયો. ૨૩,૬

આ સાધનામાં "અનુભવ"ને બહુ જ મહત્ત્વ છે. અનુભવ વિનાનું જ્ઞાન વંધ્ય જ લેખાય છે. અનુભવનું મહત્ત્વ સ્વીકારીને જ તો નાથભવાને પોતાનું નામ પણ અનુભવાનંદ રાખ્યું છે. ગુરુના મુખમાંથી જ્ઞાનની ધારા નહિ પણ અનુભવની ધારાના અર્ક અમૃતના મેહ વરસવા જોઈએ એમ એ કહે છે. (પદ ૩૦,૩). બ્રહ્માનુભવનો આનંદ તો કેમે કર્યો વર્ણવાય એવો નથી, છતાં એનાથી કૃતાર્થતા અનુભવીને કવિ કહે છે:

તે અનુભવ જલમાહે ઝીલતાં સંવિતમલ ધોવાએ જી,
સાધન સત્ત્વ તણો સાબુ સહુ મેલ લઈને જાએ. ૫૫,૪

જ્યમ સાકરમા મીઠાઇ છે સઘલે બાહિર માહેજી,
નાથભવાન અષ્ઠ એ આનંદ અનુભવીએ તેહેવારે. ૫૫,૬

કબીરની યાદ આપે એવી સુંદર પદાવલિમાં એ-અનુભવ+ આ અનુભવથી કૃતાર્થ થયાની સભર સ્થિતિનું એ કાવ્યમય વર્ણન આપે છે:

બરષ ત અનુભવ ઉમગે બાદર,
નૃત કરત બર્હિ બુદ્ધિ અતિ બોલત રસના દાદર. ૮૨,૧
ગરજત અનહદ નાદ અખંડિત બિજુર ઝબુકત ભાભર,
અનુભવબચન બિચારત મનમેં સંત સબે કરિ આદર. ૮૨,૨
અઝર ઝરી લાગી હે તાતે ટ્ટ સરિ હે અગ્યાનકી ચાદર,
ચિહું દિસ ચિદ વ્યાપક નજરાવત હરિ હરિ ધારતી પાદર
૮૨,૩
સદગુરૂ કરના કરિ સમઝાયો નજર બતાયો નાજર,
અનુભવાનંદ આપ ભરપુરન જબ ચીને તબ હાજર. ૮૨,૪.

વર્ષા-ઋને વર્ષા ને રૂપે અનુભવના આનંદની હેલી એણે બીજાં બે ત્રણ પદોમાં પણ વર્ણવી છે. તે પૈકીનુ આ પદ માણવા જેવું છે:

અનુભવ જલ બડિ બુંદન બરષ ત
અનુભવ જલ બડિ બુંદન .. ૮૪,૧
કરમકો કીચ રે લાએ દઇ સબ, મિટ ગયો કરદમ બુંદન;
ગ્યાંન ઘટા ચિહુ દસ ચઢ આઇ પૂર રહયો સબ ચિદઘન
૮૪,૨
ગેહેરી ગરજ સુનિ અનહદકી બિજુરી બિચારકી છન છન
૮૪,૨
હરિ હરિ હોય રહિ સબ ધારની, મિટ ગયો મનકો ફંધાન,
નાથ ભવાન પ્રકાસ આભ્યંતર સૂઝત સબ દેંગ મૂદન ૮૪,૩

આ આનંદનો રણકાર જ્ઞાનમાર્ગી દોરાના બીજા કોઇ પણ કવિ કરતાં અનુભવાનંદની વાણીમાં સમર્થ રીતે પ્રકટ થયેલો લાગે છે. અહીં વિસ્તારના ભયે એનો પૂરો પરિચય આપી શકાય નહિ, છતાં ત્રણચાર પદો જોઇશું તો ય કૃતાર્થ થઇ જવાશે. આ આનંદમાં લવલવાટ હોય નહિ એમ કવિ પોતેજ આપણને કહે છે:

તમ જાં લગે રહ્યું રે શોધ્યા દૈતવાદી કવી,
અજવાલુ જાં થયું રે છાનાં રહ્યા સરવે લવી. ૬,૩

"છાના" કરી દે એવો આ અનુભવ છે. સ્ત્રીપુરુષ ના પ્રેમની પરિભાષા માં પણ આ આનંદનેજ કવિ વર્ણવે છે:

પરમાત્મા શરષો પતિ તહિંયે પામે કલ્પના કન્યા
પટરાણી થઇ માંણે વિશારે બાલપણાના અન્યા. ૨૬,૬
શત શત ગણો અધિક છે આનંદ બ્રહ્મલોક પર્યંત,
તુલ્યાન આવે કાંઇ તેહેને બ્રહ્માનંદ અનંત. ૨૬,૭

એ અતુલ આનંદને કવિ ધન્ય બનીને ગાઇ ઉઠે છે:

આનંદ ઘનની વૃષ્ટિતણાં જલ ચિતે ને ગર્તે ભરાયે જી,
વરતી થઇ ચો દિશ તે ચાલે ત્રિભુવન તેહેમાં નાહે. ૫૫,૩

હોરીઓમાં ને ઋતુવર્ણનમાં પદોમાં આ જ આનંદની મસ્ત ખુમારી અત્યંત કાવ્યમય સ્વરૂપે પ્રકટ થઇ છે. એ પૈકીનાં થોડાં પદો જોઇએ. વર્ષા વર્ણન દ્વારા અનુભવના આનંદના પ્રાચુર્યને વર્ણવતાં થોડાં પદ આગળ જોઇ ગયા. હવે થોડાં પદ વસંતવર્ણનનાં જોઇએ. પોતાની ઇચ્છાથી બહુરૂપી થયેલો આત્મા "સરવ સષીના સાથમાં" સદા આનંદમાં રમે છે. એ આત્મા તે

ફુલ્યો સરવદા પોતે ત્યાંહાં વસંત. ૬૬,૨

એ બહુરૂપુ થયેલો સદાસર્વદા વસંત સમાન આત્મા મનબુધ્ધિ વગેરે સખીઓ સાથે હોલી ખેલે છે. એની રંગે રમવાની રીત જુઓ:

છાંટે મૃગમદ તામસ કેસરે,
રાજગુણ ગુલાલે પરે પરે,
શોભે સત અબીલેંથી ભરે,
કિડે એ રીતે બ્રણે ધરે. ૬૬,૭

ને આમ

વ્યોમ ઢંકાણું ભાસે બ હ,
જાણે રાતું ગુલાલેથી ભર્યું;
જાણે ઉજ્જવલ અબીલે કર્યું;
અતે નભ તો નિરલેપી ઠર્યું: ૬૬,૮

જ્યાં સંતો હોય ત્યાં પણ જ્ઞાનનો ગુલાલ સદા ઊડતો રહે છે, પ્રેમનું કસેર કેસર ઘોળાયા જ કરે છે ને એમાં તનમન ચોળાઈને તરબતર બની રહે છે. (પદ ૧૦૦,૩) રાધા કૃષ્ણ હોળી રમે છે તેનું વર્ણન પણ પોતાની લાક્ષણિક રીતે કવિ આપે છે.: સહુ સખીઓ પ્રેમનું કેસર ઘોળીને માંહોમાંહે છાંટે છે, રંગમાં હોળી રમે છે. "બુદ્ધિબાઇ" તે રાધિકા છે, એણે "અતિશે શણગાર" સજ્યા છે, "મનબાઇ" ના હાથમાં સંકલ્પની પિચકારી છે. એમાં પાંચે ઇન્દ્રિયો પણ સામેલ થાય છે. પાંચ પ્રાણ એ પાંચે ય સખીઓને ક્રીડા કરાવે છે ને

કૃષ્ણ પરમાત્મા સાક્ષિ રહ્યો કોહોને ન વારે. ૧૦૩,૭

એ જ રીતે બીજા પદમાં શુદ્ધાવૃત્તિ રાધિકા બને છે ને પ્રેમનું કેસર ઘોળીને હોળી રમે છે. (પદ ૧૦૪)

આત્મા કૃષ્ણ સોહે મંડલીમાં તેહેની શોભા ન જાયે કલી,
જોતાં જોતાં ચકીત થયાં સહું ને રસરૂપ ગયા છે ગલી.
૧૦૪,૨
કો ઉપરતિ કો તિતિક્ષા શ્રદ્ધા એ ગોપી ફેરે ફરે ગલી ગલી,

૨૩.

જ્ઞાન ગુલાલ અબીલ આનંદની ઉભી તે ઉડાડે કેટલી

૧૦૪,૪

આવીજ રીતે ૧૨૭ મા પદમાં પણ "બુધ્યબાઇ" ને "મનબાઇ" રંગભર હરિની સાથે હોળી રમે છે તેનું વર્ણન છે:

પ્રેમભક્તિ રાધા અતિ શોભે આપણ માહે બિરાજે,
તેહેની હરિ બલવાઇ બ મશે જેહેને હરિશું બાઝે. ૧૨૭,૩
રાધાના પગના પાયલનો શબ્દ સાંભલતાં ઝણકારો
આનંદરૂપ પ્રગટ હરિ થઇને કરશે સફળ જંવારો. ૧૨૭-૪
... તો નિરવિઘ્ન હરિશું રમતાં શોક સરવ ટલી જાસે
રમતાં અંતર શબલો ટલશે સમરસ સરવ સોહાસે. ૧૨૭,૬
રમતાં રમતાં રસબુસ થઇને હરિ સિધ્ધુમાં ભલીએ. ૧૨૭,૧૦
નાથિત્મવાન સ્વાદ અનુભવ આનંદનો આપ્યા ગાલીએ. ૧૨૭.૧૦

પ્રેમ સાથેના ચ તમય સંબધને વર્ણવતાં કવિએ સ્ત્રીપુરુષ વચ્ચેના પ્રણય-સંબધનો પણ આશ્રય લીધો છે:

મન કન્યાને પરમાત્મા પતિ તેહેને ગુરુ શબ્દે સમઝાવે,
ગુણનિરગુણ નાંનાં સંભલાવી તે સાથે પરણાવે. ૫૭,૩
તહિ એ સાસરીએ જઇ રહિ સ્વતંતર પરમાત્મને ભેટે ૭
સાસરીયાં સહુ બા૨ ભરે પણ મલવા ટાણે છેટો. ૫૭,૪
સ્નેહ જયવારે થાયે બાણીશું નગર મેં રહ્યું પીહરીએ ૭
જાણે સ્વામિ સંગ વિલસવા બીજું સહુ પરહરીએ. ૫૭,૫
તે જ સોહાગણ તે વડભાગણ જેહેને પીયુજ્યે માનીજ,
નાથભવાન પ્રેમ પ્રગટયાની વાત રહે નહિ છાની. ૫૭,૬

આવા પ્રેમને પામીને કૃતાર્થ થયેલી નારી સખીને પૂછે છે: હુપ્રિયતમને શું અર્પણ કરું ?

સખી રે સમર્પણ શું કરૂં ચિત્ત લાગું ચરણે,
હું માહારૂં સહુ વીસર્યું મોહિ સાંમલે તરણે. ૭,૧
વેણુનાદ શૈભલાવતાં ઉપદેશી કરણે
આપોપું ચરખી કરી આવ્યાં રીઝીને શરણે. ૭,૨
માચે સમાહે પ્રસિદ્ધા છે પતિ થાચે છે પરણે,
પ્રીત ત્યાંહાં તે રીત શી, શાની વરણાવરણે. ૭,૩

આ "આતમદેવ" ના આરાધનપૂજાની રીત પણ જુદી જ છે. કવિ એનું વર્ણન કરતાં કહે છે:-

પૂજો એ રીતે આતમદેવ, પૂજો એ રીતેં આતમદેવ,
શાંત સલિલથી સ્નાન કરાવો, શુદ્ધ સ્વભાવેં કરોની સેવ.
૬૫,૧
પૂજો ચિત્ત ચંદન લેઇ તેહેને ચઢાવો પ્રેમ પરચો પામો તતખેવ,
પુષ્પ સુવાસ સુગંધી ભેટો ધ્યાને કરી ધૂપો અહમેવ.
૬૫,૨
માલા મન ગ્રહિ જીપ જપો નિત્ય ~~પ્રહ્લાદ~~ પ્રહ્લાકાર પડે જયમ ટેવ,
નાથભવાંન નિદિધ્યાસનથી તે ધ્યે તે ધ્યાતા સ્વયમેવ
૬૫,૩

અન્ય જ્ઞાનમાર્ગી ધારાના કવિની જેમ અનુભવાનંદે પણ આ સાધનામાં દેહનું મહત્ત્વ સ્વીકાર્યું છે. દેહનું નગરરૂપે એ વર્ણન કરે છે. કાયા નગરનો ધણી અહંકાર છે, ને બુદ્ધિ એની ધણિયાણી છે. દસ ઇન્દ્રિયો એમની પુત્રીઓ છે, ને એમને બહુ લાડ લડાવીને ઉછેરી છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર એમના દીકરાઓ છે. બધાંનું મન સાચવવામાં ઝગડા થાય છે ને પતિપત્ની વચ્ચે પણ કલહ થતો જ રહે છે. પછી ધણી સન્યાસી થઇ જાય છે ને સઘળો કલેશ ધણિયાણીને ભાગે રહે છે. સાક્ષીભાવે જીવવાનું સ્વીકાર્યા પછી એષણા રહેતી નથી, સ્તુતિ નિંદા પરત્વે ઉદાસીન થઇને બે ફિકર બની "નગર"માં ફરી શકાય છે.

યોગની સાધનાનું વર્ણન પણ અનુભવાનંદે એના ૩૩, ૪૪ અને ૧૮૩ મા પદમાં આપ્યું છે. એ પૈકી યોગીરૂપે બ્રહ્મનું વર્ણન આપણે આગળ જોઇ ગયા. હઠયોગાનુસાર ષટ્ચક્ર, તેમનાં સ્થાનો, ઇડા, પિંગલા, સુષુમ્ણા -- એ નાડીઓનું વર્ણન, કપાલકુહર, ત્યાંથી સ્રવતું અમૃત-- આ બધાંનું વર્ણન ૩૩માપદમાં આપ્યું છે. ૧૮૬ મા પદમાં યોગસાધનાનાં ક્રમિક સોપાનોનો પરિચય કરાવ્યો છે. એ સાધના કરનારા વિરલા જોગી સમરસના ભોગી હોય છે:

વિરલા યોગી રે તે તો સમરસના છે ભોગી,
સ્થૂલ સૂક્ષ્મ દેહેની બુધ્ધ ટાલી થઇ રહ્યા નિપટ વિરોગી.

૧૮૬,૧

બ્રહ્મના વર્ણનમાં નેતિનેતિ આવે છે તે અને નેતીધોતીમાંની નેતી - આ શબ્દના પર કવિ શ્લેષ કરે છે:

નેતિ નેતિ પંચકોશની કરતા રૂપ રહ્યું છે શેષ
તે નેતી સદ્‌ગુરુ થી શીખી ટાલ્યો શકલ કફ કલેષ .

૧૮૬,૨

આ યોગી ધોતી કરીને રાગદ્વેષ ને ધૂએ છે, સર્વ કલ્પનાને ટાળે છે, અંત:કરણને આ રીતે નિર્મળ કરીને એમાં પોતાના રૂપને નિહાળે છે. વસ્તીથી અધોગતિના કર્મને બાળે છે, કામાદિ ચોરની વસતિ ને દૂર કરીને વિવેક વિચારની વસતિને વસાવે છે, નોલી કરીને સઘળાં સંચિત કર્મને પખાળે છે, નિર્ગુણ શક્તિનેને જાગ્રત કરે છે ને પોતાના આત્માને ખોળી લે છે. પછી સોહંસોહંનો અજપા જાપ શ્વાસેશ્વાસે ચાલે છે ને તેમાં પોતાની સુરતાને સાધક સમાવી દે છે. આમ મૂલબંધ, ઉડ્ડીયાન બંધ, જાલંધર બંધ વડે ક્રમે અજ્ઞાનના તિમિરને ટાળી વસ્તુનો વિવેક કરી વૃત્તિ ને પાછી વાળે છે, નિરાલંબ ચિત્તને શૂન્ય કરીને રાખે છે, ને ~~પછી ચિદાકાશમાંથી જે~~ મહા બંધો સમાન વ્યાપક દૃષ્ટિ રાખે છે. આમ એ આખરે બ્રહ્માકાર બની જાય છે, ને પછી ચિદાકાશમાંથી જે

અમી સ્ત્રવે છે તેનું પાન કર્યા કરે છે. આવી યોગસાધના તે સાચી સાધના છે. બાકી તો કવિ કહે છે તેમ

હઠયોગી હઠયોગને સાધે જેહને દેહેનુ અભિમાન, ૧૮૬,૧૩

પણ કવિને એ અભિમત નથી. એની સ્થિતિ તો જુદી છે:

હું સાક્ષિ શબલે ભરપૂરણ બાહિર માંહે સમાન,
તે જ અનુભવાનંદ સદા હું નિરગુણ ~~નાથબાવ~~ નાથભવાન.
૧૮૭,૧૪

આથીજ તો કવિએ અન્યત્ર પણ કહ્યું છે:

બ્રહ્માથી લેઇ કીડી પર્યંત સહુમા હું પરોવાણો, ૩૧,૫

હરિ અને હરિજનમાં કવિ ભેદ જોતા નથી. કબીરે સંતોને માટે કહ્યું છે:

નિરાકારકી ચારસી ભઇ સંતનકી દેહ

તેમ અનુભવાનંદ પણ કહે છે:

હરિ હરિજનનું એક સ્વરૂપ.
સગુણ સ્વરૂપી તે તો હરિજન હરિજનમાં હરિ અકલ અરૂપ, ૮,૧

માટેજ હરિજન સેવે હરિ સેવાએ — અહો આપાએ આનંદ૧૫.
અન્યત્ર પણ કવિ કહે છે.

હરિજન હરિથી ભિન્ન મ જાંણો. ૬૦,૧.

અનુભવાનંદના પદો આવી સમૃધ્ધિવાળાં છે.

"શિવગીતા" પદ્મપુરાણમાં આવે છે , તેનો અનુભવાનંદે મુકત ને સરળ ભાષા માં કરેલો અનુવાદ છે. કાલિદાસે રઘુવંશની શરૂઆત કરતાં વાલ્મીકિ વગેરે પૂર્વસૂરિઓને સંભારીને જે નમ્રતા પ્રકટ કરી છે તેનો ઉલ્લેખ કરીને "શિવગીતા" ના પ્રારંભમાં કહે છે:

પૂર્વ પૂર્વ જે કો કવિ થાય, સર્વે સ્તવન કરી ગેમ ગાય,
હું જાણું નહિ અક્ષરબંધ, તો શી રીતે કરૂં પ્રબંધ. ૧,૧૩
પોતાની તે દીનતા કરે, સર્વ કવિ આગળ ઉચ્ચરે,
જ્યમ સૂરજ આગળ છે દીપ, ક્ષુદ્ર જળ ભાસે સિંધુ સમીપ, ૧,૧૪

ચંદન આગળ જ્યમ કેરડો, ત્યમ ગ્રહુ કવિ આગળ હું વડો. ૧,૧૫,

અનુભવાનંદને આમ કહેવું પસંદ નથી, પણ તે અભિમાનને કારણે નહિ:

પણ હું તો એ રીત ન કહું, અહંકર્તા અભિમાન ન ગ્રહું,
અંતર્યામી પ્રેર્યો જેમ, ત્યમત્યમ થાય લખાએ તેમ. ૧,૧૮

આ અનુવાદ કરવાનું પ્રયોજન સમજાવતાં કવિ કહે છે:

કલિયુગનાં જંતુ ધીમંદ, કર્મહીન સમજે નહિ ગંદા,
માયા,મોહ અજ્ઞાને ગંદા, કૃપા વિના કયમ છૂટે ફંદ ફંદ. ૧,૨૩

એવા જંતુઓ ઉપર દયા આણી વ્યાસાદિકે અષ્ટાદશ પુરાણ કીધાં,
જે કોઇ એમને બરાબર સમજે તે નિર્વાણ પામે-

તેથી મંદમતિને માટે, સમજે તો આવે કો વાટે
કરિયે પ્રાકૃતમાંય પ્રબંધ, જેથી સમજી શકે મતિમંદ. ૧,૨૭

મહાભારતમાંની "ભગવદગીતા" ના અનુકરણ રૂપે "શીવગીતા" લખાઇ લાગે છે. "ભગવદગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને તત્વજ્ઞાનનો બોધ આપ્યો છે. તેમ અહીં શિવ રામચંદ્રને તત્વજ્ઞાનનો બોધ આપે છે.

"શિવગીતા" અધ્યાત્મપ્રધાન વધુ છે. એમાં સોળ અધ્યાય છે. એ પૈકી પહેલા અધ્યાયમાં શિવભક્તિનો ઉત્કર્ષ, બીજામાં વૈરાગ્યનો ઉપદેશ, ત્રીજામાં ~~રામને-શંકરનું-વરદાન,~~ વિરજા દીક્ષાનું નિરૂપણ, ચોથામાં રામચંદ્ર તથા મહેશ્વરનું મિલન, પાંચમામાં રામને શંકરનું વરદાન, છઠ્ઠામાં શિવની મહત્તા અને વ્યાપકતા. (ભ.ગી.ના વિભૂતિ-યોગની જેમ), સાતમામાં વિશ્વરૂપદર્શન, આઠમામાં સૃષ્ટિની ઉત્પત્તિ, નવમામાં દેહના સ્વરૂપનું વર્ણન, ~~બારમામાં-જ્ઞાન-તથા-ઉપાસનાનું-ફળનું-વર્ણન,-અ-~~ દસમામાં જીવના સ્વરૂપનું વર્ણન, અગિયારમામાં જીવની

ગતીનું વર્ણન, બારમામા જ્ઞાન તથા ઉપાસનાનાં ફળનું વર્ણન, તેરમામાં મુક્તિનાં લક્ષણો, ચૌદમામાં પંચકોશનું નિરૂપણ, પંદરમામા ભક્તિનો મહિમા અને સોળમામાં મોક્ષમાર્ગના અધિકારીનું વર્ણન-- આટલા વિષયોની ચર્ચા છે.

અનુવાદમાં અનુભવાનંદે આવા વિષયોને સરળ રીતે રજૂ કરવાની શક્તિ બતાવી છે તે નોંધપાત્ર છે.

આ રીતે અનુભવાનંદ નરહરિની જેમ વેદાંત ગ્રંથોના ~~સુબોધ~~ સુબોધ અનુવાદ કરવાની પરંપરાને આગળ લઇ જતો લાગે છે.

Chapter-2-12

વસ્તો વિશ્વમ્ભર

મધ્યકાલીન ગૂજરાતી સાહિત્યમાં વસ્તો નામના બે કવિ છે: એમાંનો એક વસ્તો ડોડિયોને નામે ઓળખાય છે, ને જ્ઞાનમાર્ગીધારાનો કવિ વસ્તો વિશ્વંભરને નામે ઓળખાય છે. "પ્રબોધ" માસિકના ૨૩મી ડિસેમ્બર, ૧૯૨૬ ના અંકમાં શ્રી લીલાધર મૂ. ભટ્ટે (પૃ.૨૫૩-૨૬૭) વસ્તા વિશ્વંભર વિશે થોડી માહિતી આપી છે. એ માહિતી મુજબ વસ્તો વિશ્વંભર બંભાતની પાસે, અર્ધો માઇલ દૂર, સકરપુર નામના પરામાં રહેતો હતો. આજે પણ ત્યાં એનું સમાધિસ્થાન બતાવાય છે, ને બારવાઓ એની સમાધિ અને છબીનું પૂજન કરે છે. હરગોવિંદદાસ કાંટાવાળાએ "સાહિત્ય" (૧૯૨૨) માં"મુસલમાની સાહિત્ય" એ નામનો લેખ લખેલો. એમાં વસ્તાની "ગુરુસીંગની સાખીઓ" નોઉલ્લેખ આવે છે, ને ત્યાં વસ્તો ઉદીચ્ય ટોળકિયો બ્રાહ્મણ હતો એવી દંતકથાનો નિર્દેશ કર્યો છે. નરસિંહની જેમ એને પણ એની ભાભીએ મેણું માર્યું, ને તેથી એના જીવનની દિશા બદલાઇ ગઇ એવી પણ લોકવાયકા છે. રામાનંદી સંપ્રદાયના વિશ્વંભરદાસજી નામના મહંતનો એને સમાગમ થયો ને એમની પાસેથી વસ્તાએ દીક્ષા લીધી એમ કહેવાય છે. આ વિશ્વાભંરદાસના નામને જ એણે પોતાના નામ સાથે જોડી દીધું હશે. વસ્તાની વાણીના ગુટકામાં એકે શિષ્યે આપેલી પ્રણાલિકા આ મુજબ છે: "કે માધવાનંદ કે ગરીબાનંદ કે લક્ષ્મીદાસ કે ગોપાળદાસ કે નરહરદાસ કે કુબાજી કે પ્રહલાદદાસ કે અમરદાસજી કે વિશ્વંભરદાસજી કે વસ્તાદાસજી કે વિષ્ણુદાસજી - ". આ પ્રણાલિકાને કેટલી પ્રમાણભૂત ગણવી તે એક પ્રશ્ન છે. એમાંથી એટલું જાણવાનું મળે છે કે વસ્તો ગોપાળદાસ ને નરહરદાસ (જો એ "ગોપાળગીતા" ને "જ્ઞાનગીતા" ના કર્તા ગોપાળદાસ ને નરહરદાસ જ હોય તો) - ની પરંપરાનો છે, અને અમરદાસજી તથા વિશ્વંભરદાસજી એના ગુરુઓ છે. અમરદાસજીનું નામ પોતાની એક કૃતિ "અમરપુરી ગીતા" સાથે એણે જોડયું છે. એમાં અલખ અને લખનો ગુરુશિષ્ય સંવાદ ૭૧૫ સાખીઓમાં નિરૂપ્યો છે. આ કૃતિ ૧૮૩૧ ની જેઠ વદ ૭૦ને બૃહસ્પતિવારે પૂરી કર્યાનો ઉલ્લેખ છે. પણ આ મિતિ તે હસ્તપ્રત ઉતાર્યાની મિતિ છે કે રચના પૂરી કર્યાની મિતિ છે તે નક્કી કરી શકાતું નથી, કારણ કે એની બીજી કૃતિઓ પણ આ જ વર્ષ માં એકાદ બે મહિનાના અંતરે પૂરી થઇ હોવાના

ઉલ્લેખો છે. [૧] લહિયાએ જ કદાચ "અંગ રામરસકો" માં આવો ઉલ્લેખ કર્યો છે:

સંવત ૧૮૪૧ મધ્ય અક્ષર એક થયા છે સધ,
આસો સુદ ૭૦ અજવાળી સાર, શુભ સબળો એ બૃહસ્પતિવાર.

અહીં અક્ષર થયા, એટલે કે અક્ષરદેહને પામ્યા એવો અર્થ કરીએ તો વસ્તાના જીવનકાળનો બીજો છેડો મળે છે એમ માની શકાય.

એની કૃતિઓમાં ૮ અધ્યાય અને ૫૩૦ સાખીઓની "વસ્તુગીતા", જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિનાં ૭૮૦ જેટલાં પદ, ગરબી અને પ્રભાતિયાં, જુદાં જુદાં અંગની પ્રકીર્ણ સાખીઓ, ગુરુશિષ્યસંવાદ રૂપે વસ્તુવિલાસ તથા અમરપુરી ગીતા - આટલી ગણાવાય છે. આગળ ચર્ચા કરી છે તે જોતાં જણાશે કે દયારામના પર વસ્તાની ઠીક અસર પડી જણાય છે. દયારામનું જાણીતું પદ "રજની કયાં રમી આવ્યા" વસ્તાના જ એક પદનો વિસ્તાર લાગે છે. "વસ્તુગીતા" અને પ્રકીર્ણ પદોને એક ગુટકો બંબાતમાં સચવાઇ રહયો છે એમ કહેવાય છે. વસ્તુવિલાસ, અમરપુરી ગીતા અને સાખીઓ કહાનબામાં છે ને એનું પ્રકાશન ભવિષ્યમાં થવાનું છે એમ ડો.યોગીન્દ્ર ત્રિપાઠી પાસેથી જાણવા મળ્યું છે.

શ્રી ફાર્બસ ગુજરાતી સભાની હસ્તપ્રત અં.૬૭ માં એની આઠ અધ્યાયની, વેદાંત શાસ્ત્રાનુસાર જીવશિવ, માયા, બ્રહ્મસ્વરૂપ, જીવબ્રહ્મપ્રતિષ્ઠા, પંચીકરણ, બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્વરૂપજ્યોત - આ વિષયોનું તળપદી પ્રાંજલ ભાષામાં સચોટ દૃષ્ટાંતની મદદથી નિરૂપણ કરતી, "વસ્તુગીતા" છે. એ ગુટકામાં આ ઉપરાંત ગૂજરાતી તથા વ્રજમિશ્રિત ગૂજરાતીમાં લખાયેલાં ત્રણસો જેટલાં પદોપણ સંગ્રહાયેલાં છે. હિન્દી કવિઓના જ્ઞાનાષ્ટકની પરમ્પરાને અનુસરીને લખેલું એક "મંગલ્લ" પણ એમાં મળી આવે છે. એમાં આઠ આઠ કડીના દસ મંગલ છે, દરેક મંગલને અંતે "સાખી" આવે છે.

---

૧. "વસ્તુવિલાસ" નામનો ગુરુ શિષ્ય સંવાદ ૧૮૩૧ ના અધિક વૈશાખ વદ ૧૧ એ પૂરો થયો, વસ્તાની સાખીઓ :જેની કુલ સંખ્યા ૨૬૪૩ જેટલી ગણાવાઇ છે: ૧૮૩૧ ની ફાગણ વદ બીજને શનિવારે પૂરી થઇ.

"વસ્તુગીતા" ની રચનાસાલ વિશે કશું જાણ્યામાં નથી, કવિએ પોતે પણ એની પુષ્પિકામાં કે મંગલાચરણમાં એ વિશે કશો ઉલ્લેખ કર્યો નથી. આવો કશો ઉલ્લેખ એણે ઇરાદાપૂર્વક ય ન કર્યો હોય કૃતિના અંતમાં એ સાચા વેદાંતની અદાથી કહે છે:

"યુગ સહોકા વરસધન નથી બાર પક્ષ તે ઠાંમે નથી. ૮,૨

જ્ઞાનમાર્ગી પરમ્પરાની ગીતાઓની જેમ એણે પણ આ ગીતા રચી છે. એમાં નરહરિની "જ્ઞાનગીતા" તથા અખાની "અખેગીતા" ની જેમ વિષયનું કવિદ્વારા સીધું જ નિરૂપણ છે. એની "અમરપુરીગીતા" અને એના "વસ્તુવિલાસ" માં ગોપાળદાસની "ગોપાળગીતા" ની જેમ ગુરુ શિષ્યસંવાદરૂપે નિરૂપણ કરેલું છે. કવિએ પોતે જ "વસ્તુગીતા" નો વિષયાનુક્રમ અંતમાં, ઉપસંહાર કરતાં, આ મુજબ આપ્યો છે:

પ્રથમે અધ્યાયે એમ કહ્યું ગુરુગમ સહિતા જીવ પરીક્ષણ,
અવ્દીત સહીત વ્દીત છે કરૂં ત્યેહેનું તે વ્રણ. ૮,૪
વ્દીતીએ અધ્યાયે વરણવ્યો સાંક્ષ તણો લેહેમાય,
માયા ઇશ્વર ભેલ્લાં થયાં કહ્યો તે તણો ઉપાય. ૮,૫

આગળ →

ત્રીત્રીએ અધ્યાએ એ કહ્યો પંચે તત્ત્વે કરાં પંચે પંચના ભોગ,
જથાજ્યુકતે તે કહ્યો જે હેમ થાયો સંજ્યોગ. ૮,૬.
જીવ પ્રશ્નાપ્રતો ૬૮ વરણવ્યો તે ચ્યતુષ્ટમે અધ્યાય,
સંચીતસહીત સરવે કહ્યું જેહ પ્રકારે તે થાય. ૮,૭.
પંચમે અધ્યાયે જ્ઞાંન પરલે કહ્યો જીવ ઇસ્વર સમલ્લી તે એક,
અભીમાંન સહીતે મેલ્લવ્યો પરમાત્યમાને વીવેક. ૮,૮.
ષ ૬ટમે અધ્યએ સ્વરૂપ કહયા જીવઇસ્વર પ્રશ્નપરપ્રંલ
વવેકે વરતાવીયો જેહેનો જેહેવો ધ્રમ. ૮,૯.
સપ્તમે અધ્યાયે કહ્યું કલ્લા ભગ્ત વૈરાગ ને જ્ઞાન
સરવ જ્યોગ તે મેલ્લવ્યો એહેનુ એહેવુ ધ્યાંન. ૮,૧૦.

મંગલાચરણમાં કવિ વ્દૈતનો અસ્વીકાર કરીને "બીજુ ચીતવીત નાં ધરૂં" એમ કહી દે છે. આદિમાં અકલ્પ્ય સ્વરૂપનું સુધોતનું બિમ્બ રહ્યું છે, પણ તેને મન જાણતું નથી, તેને વિશે બુધ્ધિ કશું બોલી શકતી નથી. ચિત્તથી તેનો વિચાર થતો નથી, અહંકારમાં એ સમાઇ શકે નહીં. એ તો સોહંસોહં ગાયા કરે છે. આથી સ્તવન કોનું કરવું?

તે જ તેહેને સ્તવે નામરૂપ શુ બોલસે,
ગ્રંથનો આરંભ માંડયો તે ત્યેહેનું પદ - લસે. ૧,૬.

પછી કવિ જીવશિવ વચ્ચેના "પટંતર" વિશે વીગતે નિરૂપણ શરૂ કરે છે. તે પહેલાં એક રપષ્ટ વાત કહી દે છે:

દેહવાલ્લા દેહે જોસે કવીજન જોસે વાંણ્ય
નીરચેવાલ્લા નીરચે જોસે જેહેનો જે પેંચાણ્ય. ૧,૮.

આ નિરૂપણ તો હું કરુ છું, પણ આખરે તો સૌ પોતપોતાની રુચિ તથા અધિકાર - "પેંચાણ્ય" મુજબ જ જોવાના. જે વાક્ય રહીત છે તેને વાણીએ વર્ણવવાનું દોહ્યું તો છે જ.

જીવ અને શિવનું સ્વરૂપ સમજાવતાં કવિ કહે છે. શિવ "સ્વેજ્ઞાંને સદોદિત" છે, જ્યારે જીવ "ભરમવિકાર" છે, જીવને તો જન્મ છે, શિવ અજન્મા છે, શિવ કેવલ્યપદમાં સ્થિત છે જ્યારે જીવને ત્રિવિધ તાપ પીડે છે. આમ શા માટે બન્યું?-

અજબ એહેવી ભુલ્ય ભાઇ જે છતે ગણછતુ થૈ ગયું,
છાયા પુઠે આપ દોડયે પદ પોતા પાસે રહ્યુ. ૧,૧૪.

કૈવલ્યપદ તો કયાંય દૂર નહોતું, હતું તો પોતાપાસેજ, પણ જો પોતાને છોડીને પોતાની છાયાને સાચી માનીને એની પાછળ દોડીએ તો બીજું શું થાય! એવા મૂરખ લોકો પુણ્ય આચરવા જતાં પાપ કરી બેસે, પણ તે એને સમજાય નહિ. જૂઠો આખી પૃથ્વી ફરી વળે તો ય એને સત્ય નહિ લાધે; કારણ કે

આપ સાચે સરવ સાચુ આપ જુઠે જુઠા . . . . ૧,૧૬.

પણ આખરે તો જીવશિવમાં કશો ભેદ નથી. આ તો રાજાને પોતે રંક છે. એવું સ્વપ્નું આવે ને પોતે છળી મરે એના જેવો ઘાટ છે:

સોવે જીવ એમ ભાસીયો તે માટે એહેને કેહે એહેનો વંસ ૧,૧૭

જીવનો અનંત યોનિમાં વિસ્તાર થયો, એમ વંશ વિસ્તર્યો. પણ એ તો રંગના પ્રકાર જેવું થયું. આખરે મૂળ રંગ તો એકજ. જે આ ન સમજે તે ફસાય. તે લોલુપ બને, તે વિવિધ ભોગ ભોગવે ને તેમ તેમ એનો કામ વધે. કવિ આખા બોલા છે. જેને સાચો રસ છે તે એમ ન લાધે :

– ખીર-રસનું સાન્ન ન લાધે જાહાં ત્યાં ભગ ને લંગમાં. ૧,૨૩.

જીવ ત્રણ રીતે આસકત થયેલો હોય છે: આવરણસક્ત, વિક્ષેપસક્ત અને અજ્ઞાનસક્ત. આ ત્રણ રીતે બંધાયેલો હોવાને કારણે એની દશા બેઠે પકડેલા વહીતરાના જેવી છે, પણ વહીતરો તો વેતને વેઠમાને છે, પણ આ જીવ?—

વહીતરો તો વેષ્યમાં ને વલ્લી આ, તો માંને સાર. ૧,૨૫,

માટે એની દશા મૃગજળ જોઇને એ તરફ ફાળ ભરીને દોડી જતા મૃગજેવી છે:

જેમ મરધલુ ફાલ્લો ભરે જોઇ કાસ્યુમુ નીર,
તૃષ્ણા તેણે ભાગે નહી, પછે થાકી જાયે સરીર. ૧,૨૭.

જેનો "નિશ્ચે" વિલાઇ ગયો છે તેને આવાં ઘણાં દુખો પીડે છે. જેમ મંદાગ્નિવાળાને મિષ્ટાન્ન રુચતું નથી તેમ આવા જડ અજ્ઞાનીને સંશયજિતનો સંગ ગમતો નથી, અને આમ

જીવસુત્ર એહેવું સાલે કસુત્ર કુસંગ કબુધ,
સુ-ત્યાંહિં સમઝે નહી જાંહાં ત્યાંહિં કરે વીરોધ. ૧,૩૩.

આ જીવને ત્રણ પ્રકારની માયા વળગી છે. દૈવી, આસુરી અને રાક્ષસી. દૈવી માયા એને સિધ્ધિઓ પમાડે છે, એને "માંનરસ" ખાઇને પોષે છે. એને સ્વર્ગસુધીનો

અધિકારી બનાવે છે, પણ અંતે ત્યાંથી પટકે છે. આસુરી માયા એનું સુરપણું હરીને એને અસુર બનાવે૬ છે. ને એવો માર મારે છે કે એને મૃત્યુ લોકમાં સાવ મરડી નાંખે છે. રાક્ષસી માયા એને ભૂત પ્રેતનો અવતાર બનાવી દે છે. પછી એ ધૂણે છે, ધુણાવે છે, ને ઉતાર મૂકેમુકાવે છે. આમ જીવ

એમ નીચો ઉતરી ગયો નવ લહે ઉચી સાખ્ય. ૧,૩૮

આ બધું તો પરમેશ્વરના પેટમાંના કૃમિ જેવું છે, કારણ કે હરિનો ઘડેલો એ હરિથી *જ ઓળખતો નથી! પછી કવિ બીજું દષ્ટા-ત આપીને આ જ વાત સ્પષ્ટ કરે છે:

જનમ અંધ જેમ પુત્ર જનમે ઉછરી મોહોટો થાયે,
પછી તેહેને પુછીયે જે કયેહેવી ભારી માયે. ૧,૪૧
હોયે તે કયેહેવાયે નહી ત્યેમ એ ના હેહે બ્રહ્મ ૧,૪૨

આમ "પરબ્યા વના" નો જીવ એ તો "જડ જાત્ય" છે. પછી ઘણાખરા જ્ઞાનમાર્ગી કવિઓએ વાપરેલું દષ્ટા-ત આ કવિ પણ પ્રયોજે છે:

ભાઇ ખર ચંદન જેમ ભાર વેહે પણ સુધધ્ય ન જાંણે લેસ
જડ માથે ચૈતન--તે માંને નહી ઉપદેસ. ૧,૪૫.

જે "હું હરિરૂપ છું" એમ કહે છે તેણે જ જીવના આદિઅંત જણ્યા એમ કહેવાય. ભૂતભવિષ્યને આમ જાણવા છતાં તેની બડાશ મારવી શોભે નહિ:

ભુતભવીસ વર્તમાંન જાંણુ પણ પુછ્યાં વનાં ન કેહેવાએ
કેહે પણ માંને નહી પછે ગુરૂપદ જાંહાંથુ થાયે.

જેને જિજ્ઞાસા નથી, જે સાચો અધિકારી બન્યો નથી તેનામાં પરાણે જ્ઞાન ઠાંસવા જઇએ તો ગુરુપદ જ ઝાંખુ પડે! આ ગુરુ પણ બે પ્રકારના : જ્ઞાની અને અજ્ઞાની ~~જ્ઞાની~~

જ્ઞાની ગુરુ તે રવિબિંબના જેવો ને અજ્ઞાની
અજ્ઞાન ગુરૂ તો અનેક જાત્યના સતગુરૂનુ રૂપ સત્ય એક
દેહ ધરી વીદેહ રેહે છે ત્યેને નીત્ય વસ્તુ વીવેક. ૧,૫૦

એ "સતગુરૂ" કેવા હોય?

પર બ્રહ્મનુ રૂપ પોત્યે સદેહી પુરસ શ્રી-રાજ્ય
સીરગુણ નીરગુણ બેહુ જાંણે એહેલા એ માહારાજ. ૧,૫૧

એવા ગુરૂ પાસેથી "ગ્રંથમ્" લઇને "અગ્રંથમ" રહેવું. આટલું કહ્યા પછી કવિ કહે છે કે આનો પણ

વાયકવાદો વાદ કરીને તે ત્યેહેનો મત તાંણસે. ૧,૫૩.

જે "ગ્રંસ" હશે તે જ જાણશે, બાકીના વિતંડામાં પડશે. પણ "સમઝ્યે સીતલ્લ" થવાય. આમ કવિએ તો ક્ષીરનીર ન્યાશં કરી આપ્યાં, એ આપણે ફરીથી ભેગાં ન કરી દેવાં એવી સૂચના સાથે પ્રથમ અધ્યાય પૂરો થાય છે.

દરેક અધ્યાયના અંતભાગમાં કવિ એની પછીના અધ્યાયના વિષયનું સૂચન કરી દે છે. આમ પહેલાં અધ્યાયના અંતમાં એ કહે છે:

પંચમાભુતનો પરીવાર કેહેસે જે સાંક્ષનો મહીમાય. ૧,૫૪.

એ મુજબ બીજા અધ્યાયમાં સાંખ્યાનુસાર પંચમહાભૂતના પરિવારની એટલે કે બ્રહ્માંડની રચનાની વાત કવિ આપણને સમજાવે છે. આદિમાં તો નામરૂપગુણરહિત અદ્વૈત બ્રહ્મ જ હતું. એમાં માયા શી રીતે વિચરવા લાગી તેનો ભેદ હવે કવિ કહે છે. પૂર્ણ ને નિર્વિકલ્પ એવા બ્રહ્મને "અહંબ્રહ્મ"ની ભાવના થઇ તે જ માયા, એને જે બ્રહ્મ મળ્યું તેનું નામ "ઇશ્વર". એ ઇશ્વરને બહુ થવાની ઇચ્છા થઇ. આવો આ માયાનો અથવા મોહતત્ત્વનો "પરમ" છે. આ ઇશ્વરનું કારણ શરીર તે "અવ્યાકૃત" (અવિકૃત); એ મોહતત્ત્વમાંથી ત્રિવિધ અહંકારની ઉત્પત્તિ થઇ, અને સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણોની ઉત્પત્તિ થઇ. આ ત્રણ અહંકારની ત્રણ શક્તિઓ : સાત્ત્વિક અહંકારની જ્ઞાનશક્તિ, રાજસ અહંકારની ક્રિયાશક્તિ અને તામસ અહંકારની દ્રવ્ય શક્તિ. આ ત્રણેની "તાંણાતાણ્ય" માંથી બધો પ્રપંચ વિસ્તર્યો. ઇશ્વરે દ્રવ્ય શક્તિ સામે જોયું. એટલે તામસ અહંકાર ઉપજ્યો ને એમાંથી પંચતત્ત્વ પંચ"તનમાત્રા" થયાં અને આમ સૃષ્ટિ આગળ વધી: અને અહંકાર ને પૃથ્વીનો ભાગ. વાયુના અર્ધભાગમાં સમાન વાયુ, એમાં વ્યાન વાયુ તે આકાશનો, ઉપાનવાયુ તે તેજનો, પ્રાણવાયુ તે જળનો, અપાનવાયુ તે પૃથ્વીનો જાણવો. કવિ કહે છે કે આમાં હું કાંઇ ગાંઠ્યું ઉમેરતો નથી:

જેહે જેમ છે તેમ એ જ ભાંખ્યુ એહેમાંહાં સંસે રહયો નહીં. ૨, ૩૧

તેજનો અર્ધભાગ તે ચક્ષુ ઇન્દ્રિય, તેજમાં શ્રોત્રઇન્દ્રિય તે આકાશનું પરિણાય, તેજમાં ત્વચા ઇન્દ્રિય તે વાયુનો ભાગ, તેજમાં જિહવા ઇન્દ્રિય તે જળનો ભાગ, તેજમાં ઘ્રાણેન્દ્રિય તે પૃથ્વીનો ભાગ. આ જ પ્રમાણે જળનો અર્ધભાગ તે ઉપસ્થ ઇન્દ્રિય,

જળમાં "વાયક ઇદ્રી" તે આકાશનું પરિણામ,જળમાં હસ્ત ઇન્દ્રિય તે પવનનો પ્રસાર, જળમાં પાદઇન્દ્રિય તે તેજનો "ઉપચાર", જલમાં ગુદા ઇન્દ્રિય તે પૃથ્વીનો ભાગ.આમ

એક એક માંહા પરોવાંણા[૨]: તે વીવેકયે કો તો કહ્યો. ૨,૩૭.

પૃથ્વીનો અર્ધ ભાગ તે ગંધ, પૃથ્વીમાં શબ્દ તે આકાશનો, પૃથ્વીમાં સ્પર્શ તે વાયુનો ભાગ, પૃથ્વીમાં રૂપ તે તેજનો ભાગ, પૃથ્વીમાં રસ તે જળનો ભાગ. આમ

સરવ સરવમાંહા ભલ્લીને ઉપજે સરવ ભોવંત. ૨,૪૦

આમ સાંખ્યાનુસાર પંચમહાભૂતના પરિવારનું વર્ણન થયું.

બીજામાં "પંચીકરણ વિચાર" આગળ ચાલે છે. પંચભૂત પોતે પોતાના વિષય કરે છે તેનો પ્રકાર હવે વર્ણવાય છે. એને વિચારીને જે અનુભવે તે તત્વસાર પામે. અંતઃકરણની વરતી (વૃત્તિ) વ્યાન વાયુને આધારે વહે છે, શ્રોત ઇન્દ્રિય દ્વારા "વાયક ઇદ્રી" રહે છે. આકાશનો વિષય શબ્દ છે તેનું તે ગ્રહણ કરે છે, ને એ રીતે,

ધુહ્ય હતું તે બુઝ્યે થઇને એમ વૈખરીમાંહા વીસ્તરે. ૩,૩

તેવી રીતે મનની "વરતી"નો આધાર તે સમાનવાયુ. ત્વક્ દ્વારા પાણિ ઇન્દ્રિય ત્યાં વ્યવહાર ચલાવે છે. સ્પર્શ જે વાયુનો વિષય છે તેને તે ગ્રહણ કરે છે અને આમ

આવણજાવણ બહુ વધારે ઝાંહાં ત્યાં હાં ઉડતો ફરે. ૩, ૫

બુદ્ધિની "વરતી" તે ઉદાનવાયુ દ્વારા "ઉછળે" છે,તે ચક્ષુ ઇન્દ્રિય દ્વારા પાદ ઇન્દ્રિયમાં ભળે છે. રૂપ જે તેજનો વિષય છે તે તેનું ગ્રહણ કરે છે. ચિતની "વરતી" ને પ્રાણવાયુ વહે છે. જિહ્વા ઇન્દ્રિય દ્વારા રસે ઉપસ્થ ઇન્દ્રિય સંમીલિત થાય છે. રસ જે જળનો વિષય છે તે તેનું ગ્રહણ કરે છે. આમ.

રસ વડે રસ પોષી ચે ચેહેની થીરતા ધરે. ૩, ૯.

અહંકારની "વરતી" તે અપાનવાયુને બળે રહી છે. ને ઘ્રાણેન્દ્રિય અને એમાં ગુદા ઇન્દ્રિયનો સંયોગ હોય છે. ગંધ જે પૃથ્વીનો વિષય છે તેનો ત્યાં સંયોગ થાય છે.

૨: પરોવાંણા" એવો કાઠિયાવાડી શબ્દપ્રયોગ વરતો કાઠિયાવાડ તરફનો હોય એવું અનુમાન કરવા પ્રેરે.

હવે ઇન્દ્રિય, એનો વિષય અને એના દેવતા એટલે કે અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવતની વીગત કવિ આપે છે: અધ્યાત્મ અંતઃકરણ, અધિભૂત નિર્વિકલ્પ ને અધિદૈવત તે વિષ્ણુદેવતા, અધ્યાત્મમન, અધિભૂત સંકલ્પવિકલ્પ, ચંદ્રમા અધિદૈવત, બુદ્ધિ અધ્યાત્મ, અધિભૂત આત્મા ને બ્રહ્મા તે અધિદૈવત, ચિત્ત અધ્યાત્મ, ચૈતન્ય તે અધિભૂત અને નારાયણ તે અધિદૈવત, અહંકાર તે અધ્યાત્મ, આત્મસ્વરૂપ (ગર્વ) તે અધિભૂત અને રુદ્ર તે અધિદૈવત, શ્રોત્રેન્દ્રિય તે અધ્યાત્મ, શબ્દ તે અધિભૂત ને દિશા તે અધિદૈવત, ત્વક્ તે અધ્યાત્મ, સ્પર્શ તે અધિભૂત ને વાયુ તે અધિદેવત, ચક્ષુ તે અધ્યાત્મ, રૂપ તે અધિભૂત અને રવિ તે અધિદૈવત જિહ્વા તે અધ્યાત્મ, રસ તે અધિભૂત અને વરુણ તે અધિદૈવત. ઘ્રાણેન્દ્રિય તે અધ્યાત્મ, ગંધ તે અધિભૂત અને અશ્વિની-કુમાર તે અધિદૈવત. ~~ઘ્રાણેન્દ્રિય તે અધ્યાત્મ, ગંધ તે અધિભૂત અનેઅશ્વિની-કુમાર તે અધિદૈવત~~, વદનું (વાચક) અધ્યાત્મ, વચન તે અધિભૂત અને ઇન્દ્ર તે અધિદૈવત, પાદ તે અધ્યાત્મ, આવવું જવું વગેરે કામ તે અધિભૂત અને "વ્યાપિની" (વિષ્ણુ) તે અધિદૈવત, ઉપસ્થ તે અધ્યાત્મ, રતિસુખભોગ તે અધિભૂત અને પ્રજાપતિ તે અધિદૈવત, ગુદા તે અધ્યાત્મ, મળ તે અધિભૂત અને યમ તે અધિદૈવત, અજ્ઞાન તે અધ્યાત્મ, વિકાર તે અધિભૂત અને રુદ્ર (રુદ્ર) તે અધિદૈવત, આ જીવના લિંગશરીરનું વર્ણન થયું, જે "અંગુષ્ઠ પરવત પરમાણ" છે. કવિ કહે છે તેમ એમાં

દીસે સુક્ષમ ઉપાધ્ય ઝાઝી ઘણી તાંણતાંણ. ૩,૨૮.

આ બધી ઉપાધિ લઇને એ ઉછળે ત્યારે શમાવ્યું પણ એ ન રાખે એવો એનો સ્વભાવ છે. એનો વાસ કંઠસ્થાનમાં, એને તે જ સરખું અભિમાન હોય છે, ૐકારની માત્રાનો એમાંથી લય ઉઠે છે એવું એનું તાન છે. એ મધ્યમાં વાચા બોલે છે, એનો ભોગ વાસનાત્મક હોય છે ને સત્વગુણરૂપ વિષ્ણુ એના દેવતા છે, જ્ઞાનશક્તિ તે એની અવસ્થા ને એનો વેદ તે યજુર્વેદ. આમ.

એ પ્રકારે એ નીપનો જેમ જાંણવો એ ભેદ. ૩,૩૨.

આ પ્રણવના પ્રથમ ચરણનું વર્ણન થયું.

આટલું વિચારીને અનુભવીએ તો બુદ્ધિ બહોળી થાય. આ જીવનું લિંગશરીર તે ચરણ કહેવાય. હવે દેહમાં રહેલા નવ ગુણ તો કવિ પરિચય કરાવે છે: બુદ્ધિ, ઇચ્છા, વ્દેષ, સુખદુઃખ, પ્રેહતન" (?), સંસ્કાર, પાપપુણ્ય - આ નવગુણો થયા. હવે એના અષ્ટ પુર છે તે આ મુજબ : અવિધા, કામ કર્મ, અંતઃકરણનું પંચક, જ્ઞાનેન્દ્રિય પંચક, કર્મેન્દ્રિયપંચક, પ્રાણપંચક અને વિષય પંચક. હવે પંચીકરણનો જ જે

પ્રકારે છે તે જીવના સ્થૂળ દેહનું વર્ણન આવે છે: એ દેહમાં જે કઠણપણું તે પૃથ્વી, એ દેહ જળ ઉપર તરે છે ને એની અંદર ગળી જતી નથી, (ધરતીની જેમ) માટે એને કઠણ કહે છે; એમાં જે નરમ તે અપ અને ઉષ્ણ તે તેજ; ચાલે તે વાયુ; એમાં જે પોલું તે આકાશ. આટલો "સંચો" જે સમજી લે તેને પછી કશો સંશય રહે નહિ. ભય પામે તે પૃથ્વીનો અંશ, મોહ તે ઉદકનો ઉછાળો, ક્રોધ અગ્નિમાંથી ઊઠે, કામ તે વાયુની ચાલ અને લોભ તે આકાશ. બીજાઓ એમ કહે છે કે પચાસ તત્વનું સ્થૂળ શરીર બનેલું છે. એ પચાસ તત્વ કયાં? અસ્થિ, માંસ, નાડી, ત્વચા, રોમ એ પાંચનો પરિવાર તે પૃથ્વીનો જાણવો. રેતસ્ પિત્ત, સ્વેદ, લાભ અને રકત તે જળના ભાગ જાણવા, ક્ષુધા, તૃષા, નિદ્રા, કાન્તિ અને આળસ તે તેજના પંચભાગ જાણવા; ધાવન, પ્રસારણ, ઉત્ક્રમણ, ચલન અને સંકોચન તે વાયુના પાંચ ભાગ જાણવા. શિર, કંઠ, હૃદય, ઉદર અને કટિ તે આકાશના પાંચમ ભાગ જાણવા. આ પાંચે એકબીજામાં પ્રવેશ કર્યો એટલે પંચીકરણ થયું:

માંહ્ય માંહ્ય પ્રવેસ કીધો પંચીકરણ, ત્યેણે હવુ,

પણ વાસ્તવમાં

જે જ્યેમ છે ત્યેમ જાણવું નથી ઉપજ્યુ કાંઇ નવુ. ૩,૫૩.

આમ વિસ્તારની વૃદ્ધિ આપણે જોઇ:

પાંચનાં પચીસ થયાં પચીસનાં પચાસ,

એકેકનાં દશ દશ હવાં એક એક માંહાં વાસ. ૩,૫૪.

હવે કયા ભૂતે કયા વિષયમાં પ્રવેશ કર્યો તેનો વીગત કવિ આપે છે:

અસ્થિમાં કઠણ-પણા માટે પૃથ્વી, પૃથ્વીમાં માંસ તે ઉદકનો અંશ, પૃથ્વીમાં નાડીઓ તે તેજનો ભાગ, પૃથ્વીમાં ત્વચા તે વાયુનો ભાગ, પૃથ્વીમાં રોમ તે આકાશનો ભાગ એમ શા માટે તેનું કવિ પણ કારણ આપે છે:

છેદન કરે દુખે નહી, તે માટ્યે એ યેહેનો વંશ. ૩,૬૦.

રેતસ્ તે મુખ્યત્વે જળપ્રધાન, એનાથી ગર્ભની ઉત્પત્તિ થાય, એનો ધર્મ શ્વેત કહેવાય છે. જલમાં પિત્ત તે તેજનું ઊનું અંગ છે; જળમાં સ્વેદ તે વાયુનો ભાગ ભળ્યો કહેવાય. જલમાં લાભ ઊપજે તે આકાશનું રૂપ કહેવાય, એ ઉર્ધ્વગમન કરે છે માટે એને આકાશનું રૂપ ગણ્યું. જલમાં રકત તે પૃથ્વીનો અંશ, ક્ષુધા તે અગ્નિનો અંશ, એ અન્નને પચાવે માટે એમ કહ્યું; અગ્નિમાં તૃષા તે વાયુનો ભાગ, નિદ્રા તે આકાશનો ભાગ, એનું કારણ આવતાં કવિ કહે છે:

શુન્ય પમાડે તેહ માટયે એ ચેહેને સંભવિ રહ્યો. ૩,૬૮.

તેજમાં કાન્તિ તે ઉદકનો અંશ; તે જ્યાં ચાળસ તે પૃથ્વીનો ભાગ. વાયુમાં ધાવન તે વાયુનો ભાગ, પ્રસારણ તે આકાશનો અંશ, મસ્તકમાં પોલાણ તે આકાશ; કંઠમાં પોલાણ તે વાયુનો ભાગ; હૃદયનું પોલાણ તે અગ્નિનો ભાગ, ઉદરનું પોલાણ તે જળનો ભાગ; કટિનું પોલાણ તે પૃથ્વીનો ભાગ; આમ અંતમાં

પચીસ તત્વે સંભવ્યો છે જીવનો સ્થુલ્ય રૂપીયો દેહ,
ચોઠ હાથ પરીમાંણ છે રક્તવરણ છે તેહ. ૩,૮૧.
જ્યાગ્રત અવસ્થા તેહની નેત્રસ્થાંન્યે વાસ,
વીસ્વ અભીમાંની જાંણવું એમ એહેનો પરકાસ. ૩.૮૨.

અકારએનો માત્રા છે, વૈખરી એની વાણી છે ને સ્થૂળ એનો ભોગ છે; રજોગુણથી એ સંભવ્યું છે, બ્રહ્મા એના દેવતા છે ને કર્મશક્તિ એની ઉત્પત્તિની અવસ્થા છે, ઋગ્વેદ એનો વેદ છે. આમ પ્રણવના દ્વિતીય ચરણનું વર્ણન કર્યું: આ સિદ્ધાંત કાંઈ કવિનો આગવો નથી:

ઉપનીસદનો અરથ છે નીશ્ચે વાત વેદાંત ૩,૮૬.

આમ "પંચીકરણ વિચાર" નામનો ત્રીજો અધ્યાય પૂરો થયો.

હવે પ્રણવના ત્રીજા ચરણનું વર્ણન: જીવનું સ્થૂળ શરીર તે અન્નમય કોશ, પાંચ પ્રાણી મળીને જે ચાલે ચે પ્રાણમય કોશ, પાંચ કર્મેન્દ્રિય અને છઠું મન-આથી ઉપજે તે મ મનોમય કોશ, પાંચ જ્ઞાનેન્દ્રિય અને છઠ્ઠી બુદ્ધિથી થાય તે વિજ્ઞાનમય કોશ.— આ ચાર કોશ લિંગશરીરના થયા, હવે આનંદમય કોશ તે જીવના કારણ શરીરનો જાણવો. એનું વર્ણન કવિ આમ ચાપે છે:

તે પરવત જે હેવુ પરમાંણ છે, કૃષ્ણવર્ણ આકાર,
સીસોપતી ત્યેહેની અવસ્થા એમ એહેનો પરકાર. ૪,૭.
હદે સ્થાંનમાંહાં વાસ ત્યેહેનો વીચ્ચારે વરતાયે,
વાસના અભીમાંની તે અર એમ એહેનું થાયે. ૪,૮.

આમ પ્રણવના ત્રીજા ચરણની માત્રા તે માયા, પશ્યંતી તેની વાચા, એ આનદંભોગકરે ને તમો ગુણે નાય નામે, રુદ્ર એનો દેવતા, એની શાંક્તને દ્રવ્ય શક્તિ અને પ્રલયઅવસ્થા ભોગવી એવી એની પ્રકૃતિ.

આમ સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એમ જીવના ત્રણ શરીર. આ ત્રણ શરીરને પોતાનાં માનીને જીવ બંધાઇ જાય છે, પણ બાપરે "વસ્તુગત્યે" તો બ્રહ્મ જ છે. આ બંધનમાંથી છૂટવાનો ઉપાય શો? એમાંથી છૂટવાને સાધનચતુષ્ઠયસંપન્ન થઇને ગુરુચરણે જવું.

એ ચાર સાધન કયાં ? પહેલું સાધન તે વિવેક, બીજું તે વૈરાગ્ય, ત્રીજું સાધન ષ ૬ સંપત્તિ શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા ને સમાધાન, ચોથું સાધન તે મોક્ષ. આવાથી જે સંપન્ન થાય તેને જ્ઞાનનો અધિકાર પ્રાપ્ત થાય. ગુરુ સાધકને એમ કહે છે કે આ ત્રણ શરીર તે તું નથી, તું તો સાક્ષીરૂપ સચ્ચિદાનંદ છે:

આસ્તી ભાતી પ્રીયે રૂપ ભાસે, નામ રૂપ માયાનાં હોય,
તે તાહારી સત્યાએ કરી ચાલે એમ જાંણ્યે જે સોય. ૪,૨૪
અસ્તી તાહારી ચેતનાએ કરીને એ ભાસે ભાસ્યને સત્ય,
તે માટયે ભાતી તાહારે આનંદે પ્રીયે લાગે છે મત્ય. ૪,૨૫.

જીવનનો ચોથો દેહ તે મહાકારણ દેહ:

તે માટેય તુ વ્યતીરીક્ત છે એહેવું તાહારૂ રૂપ,
એમ કરીને નીશ્ચે કરે એ જ ચોથુ સ્વરૂપ. ૪,૨૭.

એનું વર્ણન આ મુજબ:

તે જીવનો માહાકારણ દેહે તે માહા સુર પરીમાંણ્ય,
પ્રીત્યવરણ તે સંભાર્યું તુરીયા અવસ્થા જાંણ્ય. ૪,૨૮.
માહાકારણ્યા એ સ્થાન્યક એહેનું પ્રત્યક્ષ આત્મા આત્મીમાંન,
ઉરધ્વ માત્રા પરાવાચા એમ એહેનું જ્ઞાન. ૪,૨૯.
જથારથ ભાસ્ય તે ભોગ એહેનો સુધ્ધ સત્વગુણ હોય.
ઇશ્વર દેવતા દેવ એહેનો માહામાય સ્વરૂપ જોય. ૪,૩૦.
સાક્ષી અવસ્થા સરવત્ત એહેની ચેતન્ય એહેનો વેદ,
પ્રણવ્યનો ચ્યતુર્થાંચર્ણ એ એમ ભાંખ્યો ભેદ. ૪. ૩૧.

આમ પ્રણવના ચોથો ચરણનું વર્ણન પૂરું થયું. હવે તત્પદના સાધનની વાત આવે છે. પંચીકૃત પંચમહાભૂત તે ઇશ્વરનું વિરાટ શરીર, એ એવું તો "ગંભીર" છે કે એમાં સર્વ પિંડ રહ્યા છે. એનો દેહ બ્રહ્મા, રજોગુણની ક્રિયાશક્તિ તે એની શક્તિ, ઉત્પત્તિ એની અવસ્થા એમાં સર્વ જગત સમાયેલું છે. અકાર તેની માત્રા, એ ઘણું પહોળું ને પ્રબળ છે. આવું ઇશ્વરનું વિરાટ શરીર છે.

હવે હિરણ્યગર્ભ ઇશ્વરના લિંગ શરીરનું વર્ણન જોઇએ:

દેસ્યા તે તો કાંન એહેના, વાયુ ત્વચા તે જાંણય
સુર્જ ત્યેહેનાં ચ્યક્ષુ કૈહે વરણ જત્યા પરીમાણ્ય. ૪,૩૮.
અસ્વનીકુમાર તે નાસકા વલ્લી અગ્ની એહેની વાંણ્ય,
ઇદ્ર હાથ ને વાંમાન પગ પ્રજાપતી ઉપસ્થ પેચાંણ્ય. ૪,૩૯.
જમ એહેનુ ગુદસ્ય કૈહે વીષ્ણુ અંતસ્થકર્ણ
મનચંદ્ર બુધી બૃહ્મા, નારાયણ ચિત્તકારણ. ૪,૪૦.
રૂદ્ર તે અહંકાર એ હેનો નાડીયો નદીયો સહુ
સાત સમુંદ્ર કુષ એહેની એમ ધણો એ તોંણહુ. ૪,૪૧.
વનવાંનલ્લ અગ્નીની જઠરા એહેની વલ્લી પરવત અસ્થી જોય,
વનસપ્તી રોમાવલ્લ કૈહૈં એમ એ તો હોય. ૪,૪૨.
કાલ્લ એહેની ડાઢ કૈહે, વલ્લી દ્રષ્ટી રેત તે જાંણ્ય,
એ ઇસ્વરસ્યનું ત્યંગ સરીર અભીમાંની વીષ્ણુ પરીમાણ્ય. ૪,૪૩.

આ વર્ણન ઋગ્વેદના પુરુષ સૂકતની યાદ દેવડાવે એવું ભવ્ય છે.

મહામાયા તે જ ઇસ્વરનું મહાશરીર. હિરણ્યગર્ભ તે કારણ, કાર્ય તે જીવનો લિંગ દેહ. પણ વનવૃક્ષ-ન્યાયે કાર્યકારણ એક જ છે:

વંનવૃક્ષ -ન્યાયે કૈહે ત્યેમ સમષ્ટી વ્રષ્ટી થાચે,
નીંહાંથી સમષ્ટી વૃષ્ટીની ઉત્પન્ત ત્યાંહાં પાછી તે જાય. ૪,૫૫.

આ કેવી રીતે બને છે તે સમજાવતાં કવિ કહે છે કે ગંધસહિત પૃથ્વીનો જલમાં લય થાય, રસસહિત જે જલ તેનો તેજમાં લય થાય. રૂપસહિત જે તેજ છે તે વાયુમાં લય પામે, સ્પર્શસહિત જે વાયુ છે તે આકાશમાં લય પામે, શબ્દસહિત જે આકાશ છે તે તમોગુણમાં સમાઇ જાય. આમ ઉત્પત્તિ થઇ તેનો લય થાય છે. પાંચ ઇંદ્રિય ને પાંચ પ્રાણ તે રજોગુણમાં લીન થાય. સર્વ દેવતા સહિત અંતઃકરણ સત્વગુણમાં લય પામે છે. ત્રણ ગુણ પોતપોતાની શક્તિઓ સાથે મહાતત્વમાં સમાય, મહાતત્વ મહામાયામાં સમેટાઇ જાય, નેમાયા બ્રહ્મમાં લય પામે. જીવબ્રહ્મને એક કરીને મેળવી આપે તેને જ્ઞાનીજન જાણતો. આમ જીવબ્રહ્મપ્રતિષ્ઠા નામનો ચોથો અધ્યાય પૂરો થયો.

હવે "જ્ઞાનપરણે" નો પ્રકાર કવિ વર્ણવે છે. એ જાણવાથી અહંકાર ગળી જાય છે. કવિ જીવ અને ઇશ્વરની ચાર ચાર દેહ –સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ – તથા એના "અભીમાની" નું વર્ણન કરે છે ને કહે છે:

હો સહુ વરણાંતીતનું કારજ છે વરણા અતીત નીરધાર. પૃ.૩૦.

આખરે તો આત્યમા પ્રમાત્યમા એક છે જ્યેમ પવન પવનની લેહેર,
નામમાત્ર બે જ કેહેવા પણ વ્દીત નાંહી ઘેર. ૫.૨૭.

આટલો વિવેક જે જીવપુરૂષ સમજે તેનો "નીશ્ચે" કદી જતો નથી., એથી ઊલટું, અગ્નિપવન –ન્યાયે એ સદા વૃધ્દિંગત થતો રહે છે. અનેક રૂપો જે કલ્પ્યાં છે તેને એ વીસરે છે, તે રજ્જુસર્પનો વિવેક કરીને યથાર્થને જ ચિતમાં કરે છે. આમ પરમાત્માને વિશે જે માયાની કલ્પના કરીએ છીએ તે વાસ્તવમાં છે જ ન હિ.

સુધ્ય સચીદાનંદ પોત્યે નહી હું તુ ને સંસાર,
પારાંગત્યનું પદ ભોગવે સુધ્ય વવેક વીચ્ચાર. ૫,૩૪
પુરણ એ પરમાત્યમા સદેહો પુરસ સુખધામ,
કલપલો કોયે નહી એ તો અખંડ આત્મારામ. ૫,૩૫

આમ પાંચમો અધ્યાય પુરો થયો. હવે બ્રહ્મસ્વરૂપનું વર્ણન કવિ આપે છે:

આ તો અનાદી પુરસ બોલસે જેહેની સોરતી સમરતી ગાય,
ઉપની સુધ્ય ને ચેંગ લાગો, અન્ય નથી ઉપાય. ૬,૪
પુરણપદ એ બોલસે જેહે છે છાયામાયા રહીત,
સરવાસ્તીત જેહ સંભવ્યો તે તો સરવે સહીત. ૬,૫
દ્રષ્ટાંતરહીત એ બોલવું લીક્ષાન રહીત એ વાત
મંગલ્લરૂપ માહારાજ છે તે સરવ જીવનો તાત. ૬,૬.

એનું નામ લેતાં રોગ અને શોક જતા રહે છે, ભવનો ભય જતો રહે છે ને અખંડ અનાદિ ધામને પામી શકાય છે. એ જ દાતા છે ને એ જ ભોકતા છે, સર્વત્ર એ જ છે. કવિ પોતાનું પરબ્રહ્મરૂપે વર્ણન કરીને એના ચાર સ્વરૂપની વાત કરે છે તે નોંધવા જેવું છે:

હું પરમાત્મારૂપ છે ત્યેહેનાં સ્વરૂપ છે ચ્યાર
ભગતજનને ભોજવા કરૂ તે તણો વીસ્તાર. ૬,૯.

પ્રથમ સ્વરૂપ એક આધ છે તેથી ત્રણ્ય સ્વરૂપ તે થાય,
-ચારાં -ચારાં તે કૈહે સાંભલ્લો તે તણો મહીમાય. ૬, ૧૩.
પ્રથમે પુરણ પરમાત્યમા બીજુ એહેને જાંણ્ય
વસ્તા વીસ્ચંભર સંભુ એમ એ પરીમાંણ્ય. ૬, ૧૪.
ત્રીજુ વસ્તા વીસ્ચંભર જાંણવું તે સદેહી સ્વંયભ એય,
ચોથુ દાસ વસ્તા કૈહે છે એમ એ ચ્યારે હોય. ૬, ૧૫

હવે એ ચાર સ્વરૂપનો "નરણે" (નિર્ણય) કવિ બતાવે છે. એ બતાવતાં પહેલાં કહે છે.

સાચો હોએ તે સુધ્ધ પાંમે જુઠો કરે કલ્લેસ.

પ્રથમ સ્વરૂપ તે "પુરણ પદ પરમાત્મા" એ શબ્દાતીત છે, દેહાતીત છે, અપાર છે ને નિરલંબ નિરાધાર છે:

આધ્ધુ બીંબ ઉધોતો એહવો સ્વીસસીપાવક તેજ સમાય,
તે પુરણપદ પરમાત્યમા કબી ન આવે જાય. ૬, ૨૨

બીજા સ્વરૂપનું નામ તે "બ્રહ્મ સ્વરૂપ", એ શુધ્ધ "સંન્યાસ પદ" માં ધ્યાનમાં રહે. એની નારી તે સહજ, આશા એની દાસી ને કરણી એની "કુત્યરી"; એનું બીજું નામ તે "વસ્તા વીસ્ચંભર સ્વંભર સ્ચંભુ". પૃથ્વીની જેમ ધીરજ એનો મોટો ગુણ છે:

ભુરૂપ જેહેવો પ્રથમી તેહેવી એહેની થાપ,
સરવ દેખે આપ ઉપર તેણે કરી નહોએ ત્યાંહાં તાપ. ૬, ૨૯
ધીરજ રૂપ તે ધરી જાંણુ એહેવુ આપ અડોલ
વસ્તા વીસ્ચંભર સંભર સંભુ બોલ્યા બોલ એ બોલ. ૬, ૩૦.

હવે ત્રીજા સ્વરૂપની વાત. એનું નામ "વસ્તા વીસ્ચંભર સદેહી સ્ચંભર", એ "ઇશ્વરસ્વરૂપ" એ જન્મતું મરતું દીસે છે, પણ એ આધ અજન્મા છે, સંગદોષ એને લાગે નહિ. આ કોઇ જ્ઞાની કે સાધુ જ સમજે. અલક્ષે લક્ષ વળગીને રહે, ને છતાં તાર તૂટે નહિ. અહીં કદાચ કોઇને એમ પ્રશ્ન થશે: "લક્ષે અલક્ષ કેમ જોવાય?" તો તેનો ઉત્તર આ પ્રમાણે:

લચક્ષર લ્યંગાકાર તે ત્યાંહો તો છુટો ગઉ,
બીજ નાંહી જન્મકેરાં એમ લક્ષ અલક્ષે એકતા રહુ. ૬, ૩૬

એ સર્વ બ્રહ્માંડનું કારણ છે ને રિદ્ધિ, સિદ્ધિને નિધિથી ભરેલું છે. એની નારી તે લક્ષ્મી, કીર્તિ એની દાસી.

હવે ચોથું સ્વરૂપ, એ "દાસ વસ્તા" કહેવાય છે. એને જીવરૂપ જાણવું, પણ પ્રપંચમાં એ બંધાય નહીં. એને દાસ શા માટે કહે છે? –

દાસ નામ તે તે જ માહ્યે તે આસ્યા દેઇ રેહે લક્ષને,
તેણે દેહદોસ ઉપજે નહીં, ભખી જાયે સહુ ભક્ષને. ૬.૪૧

એ કોઇ કાળે મરતું નથી માટે તો એને જીવ કહે છે, લોકમાં લોક જેવું એનું કૃત્ય લાગે છે, પણ એનાથી એ અધિક છે કારણ કે લોક મરે છે ને એ તો અમર્ત્ય જ રહે છે. આવો એનો મર્મ છે:

તે મરમ માહાસે હું જ જાંણુ સરવ કયરત્યેર હું પાસ્યું,
તે જુગત્ય કો જાંણે નહીં સહુ વીસ્યે કરે નર વાસ્યું. ૬,૪૫
છાયા પુઠલ્લ લોક દોડે કરે ભેમભવાઇ,
હું અપ્ય-ચાસી અમર રહુ લોક જાયે ચવાઇ. ૬,૪૬.
માસ્યા બાંધી સકે નહી મુજને હું તો બાંધુ માય,
ચોટ ન લાગે ચોટ્યમાં એમ સદા જીવાય. ૬,૪૭

પણ જે આ સમજતા નથી તેનું સવળું અવળું થઇ જાય છે. અજ્ઞાની જીવની વાત કરે છે:

અકૃત વડે જેહ નીપજે તે મને ચઢાવા આવીયો,
ત્યેહેનું કીધુ મેહે ત્યેહેને દીધુ એમ ચંપાણે ચંપાવીઓ. ૬,૫૦
પછે એમ થેને ઇદ્રીઓ પ્રવર્તાવે જનમ પસુનો પામીઓ,
મન લેઇને વંન જાયે ભરમ ભાંમે ભાંમીયો. ૬,૫૧
પસુને મુરજ્યાદા ન હોયે ત્યેમ એહેને ન હોયે જ્ઞાંન,
ગુરૂવાચક લોપી ચાલે ધરી દેહે અભીમાંન. ૬,૫૨
તે સ્યા માટે એવો થયો માહારાં ચ્યાર સ્વરૂપ નથી જાણતો,
પરકાસીક પરયે નહી હોડે તે ત્યેહેનો મતતાંણતો. ૬,૫૩

આ "પ્રકાશક" ને જાણે તો પછી મતની તાંણાતાણ ન રહે.

આમ એક દેહનાજ જેમ મસ્તક, પાણિ, અંગ* અને પાદ એમ ચાર ભાગ હોય છે, પણ એનું રહસ્ય જાણનારને એક દેહરૂપ જ લાગે છે તેમ સ્વરૂપને જાણનારને પણ

અદ્વૈતનો અનુભવ થાય છે. આમ સ્વરૂપ વિચાર પૂરો થયો.

હવે ચાર સ્વરૂપની કલાની વાત. એનાથી ભક્તિ અને મુક્તિ ઊપજે અને દેહનું અભિમાન ગળી જાય. નરસિંહ મહેતાએ ભક્તનું વર્ણન કરતાં કહેલું. "સંસારમાં સરસ્યો રહે તે મન મારો પાસ", તેમ વસ્તો પણ કહે છે:

માહારૂ જીવસ્વરૂપ કેહેવુ છે કહુ તે તણો પરકાસ,
કૃષ્ણવરણ તે જાણવું ઉપર વહ્યાર કરે ચંદ્ર ઉદાસ. ૭,૨

એ ઉપરથી વહેવાર ચલાવે છે, પણ અંતરથી તો એ પરત્વે ઉદાસીન જ છે:

પ્રકર્તીયો સાથે ખેલ એલે લોહો ચમક વત ચાલ,
એહ જોઇને તેહ ચમકયો એહેવો એહેનો ખ્યાલ. ૭,૩
સરવ હલાવે આપ ન હાલે એહેવી ધીરતા ઠોરી,
જડ દીસે ચેતનસરીખુ એ જીવરૂપની ફોરી. ૭,૪

સાચો વાત તો આવો છે, પણ જાતાં પ્રકૃતિ એમ કલ્પે છે કે આ જીવ તો અમારા ફંદમાં પડયો છે, એ તો અમારો ભોગ છે, એને એવો નાથી લીધો છે કે એનું હલનચલન અમારા વડે જ છે.

પણ હું જીવાડું ત્યેહને તે ન જાંણે તેહને
ચાલ્યકને જાણ્યા વના માનેમોથ્યા દેહને. ૭,૭
મુજને એહેવુ જ્ઞાન સોહં લહુ એ સહુ માહારો છાંય,
હુ ઉભે એ ઉભી દીસે હુ બેઠે બેસે એ નાંય. ૭,૮

જે સાચો છે તે આ "સોહં જીવ", એ "ઇશ્વર પુરસ" નું જ ધ્યાન કરે છે, ને એના વડે જીવે છે એમ જાણે છે. ઇશ્વરના અંગમાંથી એનું અંગત્વ ઊપજ્યુ છે, બીંકીનું બધું તે વૃક્ષવત્ સંભવ્યું છે, એટલે કે જેમ શાખા પત્ર પુષ્પને ફળ તો આવે ને જાય, પણ વૃક્ષ એમનું એમ રહે તેમ બીજો પ્રપંચ તો વિસ્તરે ને શમે, પણ આ "સોહં જીવ" એમને એમ રહે. આથી "થયા ગયા" નું નામ લેવું નહિ, વૃક્ષને જ પ્રમાણ માનવું. આમ જોઇએ તો આપણને આપણી અમરતાનું ભાન થાય અને જન્મમૃત્યુની "તાંણ્ય" નહીં રહે. અને કવિ સાથે ગુમારી સહિત ઉમેરે છે:

જેહેને સંસારમાંહથી છુટવું હોયે તે કરે માહારા જીવસ્વરૂપની ભકત,
જલકમલવત તે તો રહે વલગે નાંહી જ્યકત. ૭,૧૪

એ શી રીતે બને તેની હવે કવિ વાત કરે છે. એ સાંભળીને તે પ્રમાણે જો કોઇ આચરણ કરે તો "સુધ્ય સાર" પામે. ઇશ્વર પોતે જ કહેતા હોય એવી રીતે કવિ બધું વર્ણન કરે છે:

એક માહારો દેહ સત્ય માને બીજા દેહ અસત્ય,
ધરમ પાલ્લે કરમમાંહે એહેવી રાખે ગત્ય. ૭,૧૬.
માહારો દેહે ત્યેહેની દેહ મેલ્લવે એહેવુ રેહે તે આપ,
વીષે રૂપ વ્યાપે નહી એકતા થાપે આપ. ૭,૧૭.

બીજા દેહોને "આપ દેહી" માં એકરૂપ જુએ તો દ્રષ્ટિમાં દ્વૈત ન ઊપજે, તે વિષય વ્યાપે નહિ. એ જ રીતે –

માહારો ઇદ્રીએ ઇદ્રીયો મેલ્લવે ને મેલ્લવે તંન,
બુધ્યે બુધી મેલ્લવે મને મેલ્લવે મંન. ૭,૧૯.
ચીત્યે ચીતને મેલ્લવે અહંકારે મેલ્લવે અહંકાર,
ત્યેહેનું જાય માહારૂ રહે તે સતંતર એકસાર. ૭,૨૦
કરણીએ કરણી મેલ્લવે ગુણેગુણ મેલ્લાવો કરે,
સુભાવે સુભાવને મેલ્લવી એમ તે તેા મુજને વરે. ૭,૨૧

આ રીતે જે "વરે" તે જેને વરે તેમાં અભિન્ન બની જાય. તેને સ્થૂળરૂપ માયા વ્યાપે નહિ, સાચા ભકત તરીકે એવાનું જ નામ ભૂતળ પર ઠરે છે. આ જીવસ્વરૂપની કલાની વાતથઇ . હવે ઇશ્વર સ્વરૂપની કલાની વાત. આ ઇશ્વર સ્વરૂપ અક્ષરરૂપ છે, ને બ્રહ્માંડને ચલાવે છે, બધાં સૂત્ર એના હાથમાં છે, એને સર્વનો અનુભવ હોય છે, શબ્દ એની સાક્ષી પૂરે છે, એ જ્ઞાનમાં ગૂચવાય નહીં, સૂત્ર પણ એ અને એનું ભાષ્ય પણ એ જ :

તે બાવન અક્ષર બાજ્યનો બોલે બાવન માંહ,
આપ સુધ્યે સરવ વાચે સંસે ઉપજે નહિ. ૭,૨૭.

આમ "આપસુધ્ધ" પ્રકટવી જોઇએ, એના વડે જેનું આકલન કરીએ તેને વિશે સંદેહ ઊપજે નહિ. અક્ષરને"ફાડીને, એને છેક તળિયે જઇને નિશ્ચયને પ્રાપ્ત કરવો, ત્યારે"આત્યમજ્ઞાંન" ઊપજે, યથાર્થ વસ્તુનો ભાસ થતાં જીવનું જીવપણું છૂટે. ઇશ્વરની આ ઇશ્વરતા શુધ્ધ જીવ હોય તે જ જાણે. આ તો "અંગ આપીને સંગ કરવાની" વાત છે, તો જ ઇશ્વરપદની પ્રાપ્તિ થાય. એ ઇશ્વરરૂપને મેળવવું હોય તો "લિંટા"

આપીને ભક્તિ કરવી જોઇએ, ત્યારે બંધ છૂટે, અંધાપો જાય અને આત્મશક્તિ પ્રકટે. આવી ભક્તિ શી રીતે થાય? આ વિધા તે વિપ્રની વિધા નથી, એને તો "શુદ્ધ પંડીત" જ પાળી શકે. અખાની પહેલાં શુષ્ક જ્ઞાનીની ટીકા વસ્તાએ આમ કરી છે:

જે વીધા જાણી વીપ્ર થાએ કરે શબ્દનો શોષ,
અભીમાંન આવે તે તણુ અંતર ઉપજે સોષ. ૭,૩૩
એહેવા દુખીયા બહુધણા તે સુખીયા કેમ થાય,
ઇશ્વર ગુરૂને જો મલ્લે તો તે દુખ સ્હેહેજે જાય. ૭,૩૪

અનેકવિ પોતાના સાચા શિષ્ય થવાની લાયકાત ધરાવનાર ને સાચી જિજ્ઞાસા રાખનારને ઉદ્દેશીને કહે છે કે અન્યત્ર જે કાંઇ શીખ્યા હોય કે સાંભળ્યું હોય તે મારી પાસે લાવો, એને મને પ્રાપ્ત થયેલો દષ્ટિથી હું ટાળી આપીશ ને "પદ પરકાસ" કરી આપીશ, પછીથી

જાલ્લ તુટે શબ્દની સુઝે મહારૂ અંગ,
હું ઇશ્વર થઇને ત્યાંહાં મલ્લુ સુતધાર એકસંગ. ૭,૩૬.
સંગ થએ તો રંગ એહેલો રહે ન દુજો ભાસ,
પંડ સાંહાંનો તે પંડીતને હું ઇશ્વર-રૂપ પ્રકાસ. ૭,૩૭.

જેને પંડ નહિ તે જ સાચો પંડિત એવી નવી વ્યાખ્યા કવિ અહીં આપે છે, એવો પંડિત તે જ, કવિની ભાષા માં, શુદ્ધ પંડિત. "વાચક વાદીઓ" ભલે એમાં દોષ કાઢે (કારણ કે દોષ કાઢવો એ તો એમનો સ્વભાવ છે), પણ એ "પ્રકાશીપદ" ને પામવાની સાધના તો આ સ્વરૂપની જ છે:

માંહારે લક્ષે લક્ષ્ય ત્યેહેનો મેલ્લવે માહારો સોર્ત્યે સોર્ત્ય,
માહારો વર્તી એ વર્ત્ય તેહેનો માહારો નોતીએ નોર્ત્યે. ૭,૪૦
માહારો બોલી બાઝયનો ત્યેહેનો જાંણતો થયો વીચાર,
અંતરરસ એમ ઉપનો તે કયેમ હોએ ઉચ્ચાર. ૭,૪૧

આમ કબીરની જેમ આપણો કવિપણ કહે છે કે અંતરરસ ઉપજ્યા પછી બોલવાનું શું રહ્યું? મન મસ્ત હૂઆ ફિર કૂં બોલે? આ "અંતરરસ" એ સંજ્ઞા વસ્તાની આપણી ભાષા ને ભેટ છે. કવિ કહે છે કે એ અંતરરસ પામવાને બીજા ત્યાગ વૈરાગ્યની જરૂર નથી, કારણ કે જે ભોગવે તે ભક્ત કહેવાય, એને વળી ત્યાગવૈરાગ્ય કેવા?

આમ સ્વરૂપયોગની વાત થઈ.

હવે ત્રીજા સ્વરૂપની કલાની વાત. એ જાણવાથી વેદાંતવાક્યમાં એને "અગમ" કહીને ઓળખાવ્યું છે તે "સાક્ષાત્, પ્રત્યક્ષ" થાય છે. એ બ્રહ્મસ્વરૂપનું કવિ આમ વર્ણન આપે છેઃ

માહા અનંતા પ્રકાસ છે, સરવ જોત્ય જેથી થાય
એ જોત્યમાંહે છોત્ય નાંહી એહેવુ બ્રહ્મસ્વરૂપ કયેહેવાય. ૭,૪૫

એ "યદ્દીપુરુષ "સદાજાગ્રત રહે છે. એ નિર્ગુણ છે, ગુણોનો સંભવ એને નથીઃ

અનંત લીલ્લા એ કરે બ્રહ્મ લોકને સાથ્ય,
ઉધારો નહી આગલ્લ પ્રતક્ષ હાથોહાથ્ય. ૭,૪૭.

એ લીલા કેવી?

આપ-લેઇને આપ એલે જાપ એહેવો એ સીધ્ય નો
આવણ ત્યેહેમાંહાં ઉપજે નહી એહેવો એલ એ વીધ્યનો. ૭,૪૮.

એને સર્વ સિદ્ધિ પ્રત્યક્ષ છે, એ સર્વ લોકનું ધારણ કરે છે, એવો એ "બ્રહ્મવીસેસ" છે. બહુનામી વિશ્વરૂપ બીજું બધું જે કાંઇ છે તે એના અંશરૂપ છે, સર્વત્ર જે હલનચલન છે તે એના વડે જ છે, કારણ કે સર્વત્ર એનું "વીત્ય" છે. એ સર્વલોકમાં છે પણ એનામાં કશું નથી, એ લોકને દેખે, પણ લોક એને દેખે નહીં. જે એને જોતાં શીખે તેને પછી લોક દેખાય નહિ, કારણ કે લોક તો કલ્પનાને કારણે દેખાય છે.

કલપે સુધી અલપ છે, કલપ સહે મુજમાં સમાય. ૭,૫૩

એને માટે અપરોક્ષાનુભૂતિ અથવા કવિના શબ્દમાં "પેચાંણ્ય" ઉત્પન્ન થવાની જરૂર છે. એ કેવી રીતેઉત્પન્ન થાય? એ ભક્ત ગમે તે કરતો હોય, યાગયજ્ઞ કરતો હોય કે જપદાન કરતો હોય,,પણ કર્તાપણાનું અભિમાન એ નહિ રાખે. એ જે કાંઇ કરે તપતીરથ વ્રત, ઉપાસનામંત્ર તે બધું બ્રહ્મને અર્પણ કરે ને એ રીતે કર્મના ફળથી રહિત થઇને રહે. અહીં કવિની વાણીમાં ભગવદગીતાનો પડઘો સંભળાય છે. આખરે તો બ્રહ્મ જ બધું કાંઇ છે, ને જો આપણે બ્રહ્મમય છીએ એવો [illegible] - પણાનો અનુભવ થાય ત્યારે આપોઆપ સમજાઇ જાય કેઃ

સરજ ધરમ નીપજે મુજ વડે એહેવો ભાસે ભાસ,
હું જ દાતા હું જ ભુગતા ત્યેહેને સી ઉદાસ. ૭,૫૮.
હું કયરતા હું ધરતા હું ધરતા હું ભરતા ભરપુર,
દમે દમે ઉતર કરૂ હું પ્રતક્ષ નાંહી દુર. ૭,૫૯.

આમ બ્રહ્મસ્વરૂપની "અદભુત લીલા" ની વાત પૂરી થઇ. હવે પરમાત્માની વાત બાકી રહી. એના તેજમાં બાકીના ત્રણે સ્વરૂપ અલગ રૂપે દેખાય નહિ. એ કેવળ તેજમય છે–શું ઉદયમાં કે શુ અસ્તમાં, આખી સૃષ્ટિનું "હાલણચાલણ માહાલણ" એ પોતે જ છે. જે રૂપ છે, જે નામે છે, તે બધાં એનાંજ છે. નિષ્કર્મી પણ એ જ છે ને કામને ભોગવનાર પણ એ જ છે. આ "પારંગત" ના પદની વાત થઇ. એ તો "વાચકરહીત વાંણ્ય" નો વિષય છે. એ પદ કેવી રીતે પામી શકાય તે હવે કવિ કહે છે:

માત છોડે તાત છોડે છોડે કુટંબ પરીવાર,
વરણ છોડે વેસ છોડે છોડે કુલ્લ આચાર, ૭,૬૮
દેવ છોડે સેવ છોડે છોડે ભેષનો ભાસ્ય,
પાપ છોડે પુન્ય છોડે છોડે સરવાવાસ. ૭,૬૯
જ્યોગ છોડે ભોગ છોડે છોડે નર્ક ઓર સ્વર્ગ,
ધ્યાંન મુન્ય સાધંન છોડે છોડે સહુ ઉપવર્ગ. ૭,૭૦
સ્થુલ્લ છોડે સુક્ષમ છોડે છોડે કારણ કાય,
માહાકારણનો ભીમાંની આત્યમા એક થાય. ૭,૭૧
તે અરપે પરમાત્યમાને ત્યારે રહે એક સ્વરૂપ,
વસ્તા વીસ્થંભર બોલીયા એ આપે અદ્વીત ભુપ. ૭,૭૨.

આમ "આપે અદ્વૈત ભૂપ" થવાના યોગની વાત સાથે "વસ્ તુગીતા" નું વિષયનિરૂપણ પુરું થાય છે. આમ જીવ ઇશ્વરને મળ્યો, ઇશ્વર બ્રહ્મને જઇ મળ્યો, બ્રહ્મ પરમાત્મામાં જઇને ભળ્યું. આમ મર્મ આપણે લહ્યો. જ્યાંથી થયું ત્યાં બધું સમ્યુ ને અંતે "રહ્યુ ત્યેહેનુ ત્યેહેને ધેસ્ય". આમ વસ્તા વિશ્વંભરે "માહાવાયક" ના સૂત્રનું ભાષ્ય કર્યું. આમ સાતમો અધ્યાય પુરો થયો ને છેલ્લે ઉપસંહાર કરવો બાકી રહ્યો.

આમ "વસ્તુગીતા ગ્રંથ" જે "વસ્તુનો વહ્યાર" માત્ર છે તેમાં જે "ચ્યારવાંણી પાસ્ય" છે તેનો સાર કવિએ સમજાવ્યો છે. આ કાંઇ કલ્પના પ્રસૂત વસ્તુ નથી, પરમાત્માના અંગરૂપે જ આ ઊપજ્યું છે, ત્યાં યુગ નથી, સૈકો નથી, વરસ નથી, દિવસ નથી, વાર નથી કે પક્ષ નથી. સર્વશાસ્ત્રોનું આ શાસ્ત્ર છે, એનો ઉદય"અર્ધંગ અનુભવ"માંથી છે. એનો સંક્ષેપમાં સાર આટલો:

સરવ અંગમાંહે આવીયાં એક પરમાત્માને અંગ. ૮,૩

પછીથી કવિ આગલા સાત અધ્યાયનો વિષયાનુક્રમ આપે છે ને અંતમાં

કવીજન કો કલપ્યો નથી એ આપે આપ અવ્યનાસ,
વસ્તા વીસ્વંભર બોલીયા પુરણ પદ પરકાસ. ૮,૧૧

એમ કહી, આ કોઇ કવિજનની નરી કલ્પના નથી, આ તો "સ્વેપ્રકાસ" ગ્રંથ છે એટલું કહી ગ્રંથ સમાપ્ત કરે છે.

આ "વસ્તુગીતા" અર્થે અને નરહરિની ગીતાની પુરોગામી રચના, કદાચ, છે ને એ દષ્ટિએ જોતાં આવી ગીતાનું કાંઇ બાંધી આપવાનું શ્રેય વસ્તાને છે. વેદાંતના પંચીકરણની કે સાંખ્યની દષ્ટિએ મૂળ પ્રકૃતિમાંથી થતા સૃષ્ટિવિસ્તારની વાત વર્ણવતો ભાગ પણ કવિની વિશિષ્ટતાની મુદ્રાથી અંકિત થયો છે. કવિની ભાષા શાસ્ત્રની ભાષા નથી, એ "આપ-સુધ્ધ" માંથી ઉપજેલી ભાષા છે, અને તેથી જ કવિને લાધેલા "અંતરરસ" ની એમા એંધાણી છે. પોતાના ચાર સ્વરૂપનું અનોખી ખુમારીથી કરેલું વર્ણન તથા હિરણ્યગર્ભના અંગનું વર્ણન આપણને યાદ રહી જાય એવાં છે. આમ "વસ્તુગીતા" નું ઋણ એની પછીના જ્ઞાનમાર્ગી કવિઓ પર ઘણું છે.

વસ્તાનાં પદોનું પૂર તો ખાસ્સું મોટું છે એની વીગતે ચર્ચા અહીં શકય નથી. અહીં તો એનું વિહંગાવલોકન જ કરી શકાશે.

વસ્તાનાં પદોની સંખ્યા ૩૦૫ જેટલી થવા જાય છે. છેલ્લે આ ગુટકાના ૧૫૭ મે પાને રાગ કાફીનું "કાહા ષેલંતા રે કાહા ષેલંતા રે" થી શરૂ થતું ૨૨મું પદ અધૂરું રહી ગયું છે. આ પદો ભૈરવ, કેદારો, બિભાસ, બિલાવલ, કલ્યાણ મલ્લહાર, સારંગ, આશાવરી, કાનડો, પ્રભાત, ગોડી, સામેરી, રામગ્રી, મારુ, બિહાગ એ રાગો તથા એ રાગોનો દેશીમાં લખાયેલાં છે. વિષય પ્રમાણે રાગની યોજના થયેલી છે ને તે પ્રમાણે દરેક રાગનાં પદોનાં જુદાં ગુચ્છ છે. એ પદોની ભાષા માં કયાંક કયાંક વ્રજની છાંટ જોવામાં આવે છે. ઉત્તર ભારતના સંતો સાથેના સમાગમને કારણે એ સંતસાહિત્યના પરિચયને લીધે આમ બન્યું હોવાનો સંભવ છે.

આ ઉપરાંત, ઉપર ગણાવેલા રાગોનાં "ધોલ્લ" પણ વસ્તાએ ૬૩ જેટલાં લખ્યાં છે એનાં પણ રાગ પ્રમાણે જુદાં જુદાં ગુચ્છો છે. વસ્તાએ તિથિ, વાર, આરતી અને ધૂન પણ લખ્યાં છે. આમ વસ્તો આ પરમ્પરાનો એક માતબર કવિ છે. એની "વસ્તુગીતા" તથા એનાં ધોળ, પદોનું સ્વતંત્ર સંપાદન કરવા ધાર્યું છે, એટલે અહીં વધારે વીગતે એનો અભ્યાસ રજૂ કર્યો નથી.

પદોમાં કાવ્યત્વની દૃષ્ટિએ એ જ્ઞાનમાર્ગીધારાના કૃષ્ણજી, અનુભવાનંદ કે પ્રીતમની હરોળમાં બેસે એવો કવિ છે. બ્રાહ્મી સ્થિતિના અનુભવને એણે બારે ઉમળકાથી ગાયો છે. મિથ્યાચારી ને દંભીઓનો ઉલ્લેખ એ કરે છે, શુષ્ક જ્ઞાનીઓ ને વિતંડાવાદીઓની પણ એ ખબર લઇ નાખે છે. પણ એમ કરવાની એની રીત આગવી છે. સંતોનું તથા સાચા ગુરુનું વર્ણન આપવામાં ને એમનાં લક્ષણો બાંધવામાં પણ એ પોતાની વિશિષ્ટતાનો અચ્છો પરિચય કરાવે છે. બ્રહ્મનું વર્ણન પણ એણે એની આગવી રીતે કર્યું છે. પ્રેમલક્ષણાભક્તિવાળા કવિઓની જેમ એણે પ્રેમનો તથા ભક્તિનો મહિમા પણ ગાયો છે, પરંતુ એમાં ય એનું વેદાંતીપણું ઢાંકયુ રહેતું નથી. નિર્ગુણના આરાધકો શુષ્ક કે રસહીન હોતા નથી એનો પુરાવો આ કવિની કવિતા છે.

આ વિધાનના સમર્થનમાં આપણે આ કવિનાં કેટલાંક લાક્ષણિક પદો જોઇએ: બ્રહ્મસ્વરૂપનું વર્ણન તો લગભગ બધાંજ પદોમાં જોવા મળે છે. આ બ્રહ્મ તે "જલ્લસાહ્યર" રૂપ છે, એની છોળને જો જીવ ઝીલે તો એમાં દ્વૈતપણું સાવ ઓગળી જાય, ભાવોચિયાં છોડીને મહાર્ણવજાં નાહવા પડે ત્યારે "મંગલ્લરૂપ માહારાજ" નો સ્પર્શ થાય ને બધી "તાંણાતાંણ્ય" મટી જાય.[૩] અન્ય જ્ઞાનમાર્ગી કવિઓની જેમ આ બ્રહ્મને માટે સગુણ ધારાનાં "રામ" અને "હરિ" એ બે નામો વસ્તો પણ વાપરે છે. આ હરિ "આનંદના ઓછા" રૂપ છે. એનો મહિમા વર્ણવતાં કવિ કહે છે:

અમો અબલ્લા સબલ્લાં એણે કીધાં નબલ્લપણુ સહુ ધોયુ રે,
નીગમ અગમ કરીને કેહે છે તેહ સ્વરૂપ આ તો જોયું રે. ૪.

એ હરિ તો "સુખસાગર" છે, ને એ જ્યારે ઊછટે છે ત્યારે દુઃખના ડુંગર બધા જ તણાઇ જાય છે. બધાં સાધનો સરિતારૂપ થઇને એમાં ભળી જાય છે:

સરવ થઇને એકનીર છે વ્દૈતદોસથી ટલ્લીયા રે, ૧૩,૨
એહરંગે સીતલ્લ અંગે સરવ ઠર છે બાંમે રે,
દેવ દાંનવ સીધ્યમાનવમુની એ લક્ષ કોય ન પામે રે. ૧૩,૩

૩: રાગ કેદારો રામગ્રી, પદ ૧૨ :૨૫ અ:

૪: રાગ કેદારો, પદ ૧૧ :૧૧૪:

એને પામવાનો તો એક જ શરત છે:

આપ ભુલી હ રી લેઇ કુલી, ત્યારે એ પદ પામી રે. ૧૩,૫

કલ્પના તો "અલ્પ" ને જ કલ્પી શકે, "ભૂમા" ને એ શી રીતે આંબે[૫]: પ્રહ્લાદનું વર્ણન કબીરની સંજ્ઞા "સાહેબ" વાપરીને પણ આપણો કવિ આપે છે:

સ્થુલ્લ નહી વલ્લી સુક્ષ્મ નાંહી, નહી કારણ કો લેસ,
માહાકારણ માયા નાંભાસે, એહેવો અવીરડ અણઘડ દેસ. ૮,૨
જ્યાગ્રત સપ્ન સુષોપતીતુરીયા એ ચ્યર અવસ્તા ન હિ,
સુરતનુરત હો ગરક ભઇ હે, સ્વેરે સાહ્લબ કે માંહી, ૮,૩ [૬]:

આ અદ્વૈત અવિનાશી બ્રહ્મ "સેહેજે સુન્ના પ્રકારતે" છે, એમાં કરમધરમ શાના?—

અવીગત્યકી ગત્ય અલખે લખા ઇ કોણ કરે ઉદાસી.[૭]:

એ "પુરણપુરસ" નો પૂર્ણતામાંથીજ બધાં "રસાયણો" ઉદ્ભવે છે. એનું તોલ કરી શકાય એમ છે જ નહિ. કલ્પના ત્યાં સુધી પહોંચતી નથી, પછી દ્રષ્ટિને કશી અલ્પતા દેખાતી નથી; પછી માત્ર અખંડરસાબ્ધિ સુખસિંધુ જ વહ્યા કરે છે, એ વિશે વધારે શું કહેવું?

તે રે સમોવડય અવર ન આવે, મુખ માંડી ઝાઝુ સુ કેહે

એની પ્રતીતિ થઇ છે એટલી વાત સાચી, કારણ કે

તેહેનું હેત રહ્યું એક હૈયે.[૮]:

આ "પુરણ પુરસ" ને જે માણી શકે તે સાચી સોહાગણ નારી, બાકીની બીજી તે "વવીચ્ચારણી", કારણ કે

પ્રતીવ્રતા એક પીઉને જાંણે અવર સરવને વીસારી
કરે વહ્યાર સાર સુખ સોંધુ એ મર્ત્ય આધે વીચ્ચારો. પદ,૨ [૯]:

એવા "પુરણ પુરસ" ને પામ્યા પછી

કમલ્લ પ્રકાસી રહ્યો ઘટવાસી, તેહેમાંહાં તે જ પ્રોયુ,
એહેવું જાંણી રેહે પ્રમાંણી અવર કયરત સહુ ખોયુ. ૧૦,૨.

૫: રાગ કેદારો પદ ૧૩ :૧૧૫: ૬: રાગ વિહાગ કેદારો, પદ ૮ :૧૧૮:
૭: રાગ વિહાગ કેદારો, પદ ૯,:૧૧૮: ૮: રાગ કલ્યાણ, પદ ૨૪ :૧૪૧-૪૧:
૯: રાગ કલ્યાણ દેસી ફેર પદ ૯ :૧૪૩:

સરવે તાગી અંગે લાગી ભાગી ભ્રાંત્ય ભવ તૂઠેડયો,
ઉરમાં પુરભાણ ત્યેહેનું નેહ નીંતર જોડયો. ૧૦,૩
આંન્ય કાંઇ ઇછા નહિ ત્યેહેને, ઇચ્છા એક અવ્યન્યાસી,
વસ્તા વીસ્વંભર પુરસંભોગવી જોત્યે જોત્ય પ્રકાસી. ૧૦,૪.[૧૦:]

બીજા જ્ઞાનમાર્ગી કવિઓએ આપેલું પાણી અને બરફનું દષ્ટાન્ત, આ સંબંધમાં આ કવિ પણ આપે છે:

પાંણી પાંલ્યા ભીન્ય નહી રે જીવ બ્રહ્મા એમ જાંણ,
આવાગવન સરવે તેમાંહી એમ દીઠુ પરીમાંણ. ૧૩:[૧૧.]

આ "બ્રહ્મા"ને "જ્યુગના જીવનપ્રાંણ" કહીને કવિ એના પર વારી જાય છે ને કાવ્યમય વાણીમાં એને સ્તવતાં કહે છે:

વારી જાંઉ રે તાંહારા નાંમને માહારા જ્યુગના જીવનપ્રાંણ,
અગોચ્યરૂય ઇદી થકો સુજાંણે જાંણ સુજાંણ,
ત્યારે તને ઓલ્લખે જ્યાહારે હોયે અનુભવ ભાંણ. ૧૮,૧
જલ્લ થલ્લ માંહાં વ્યાપો રહયો રે મોહોટો મેર સમાંન્ય
સુક્ષમ કહુ તો કે હેવો ઝીણો નાવે મુન્નીવર ધાંન્ય. ૧૮,૨
ઝગમગતો તાહ્યરો રે ત્યેહેનો કોયના જાંણે મ્રમ,
સહુમાંહે ને ન્યારો ન્યારો તને ન વ્યાપે કંમ. ૧૮,૪
તુહી તુહી ભરપુર હેરે કયેહેવાનાંહી હુ
વસ્તા વીસ્વંભર આપે સ્વયંભર સબહીતુ હોતુ. ૧૮,૫.[૧૨.]

આ બ્રહ્મ તે સગુણ છે કે નિર્ગુણ તેનો ઝઘડો જ મોટો છે, આ "બ્રહ્મવારતાં" સૌથી ન્યારી છે: એક વાર બ્રહ્માનંદનો જેને ઝાંખી થઇ છે તેને માટે આ પ્રશ્નો રહેતા જ નથી. આવી સ્થિતિનું વર્ણન કરતાં કવિ કહે છે:

નીરગુણે સીરગુણ્યની પક્ષ ભાગી લક્ષ અલક્ષે રહી એક જાગી
સરવ ભોગવે સરવનો તાગી, સોહાગી સોરતી નારયનો રે. ૧૬ મું ધોળ

આ રસ એવો છે કે એ

અવર સરવને નાષે ઉછંગી ધોળ ૧૬ મુ

પણ એમાં તો "ભર્યાની ભાત્યે ખેલવાનું" છે, ને જો આ રીતે ખેલતાં આવડયું તો સમજાઇ જશે કે

૧૦: રાગકલ્યાણ ઢેસી ફેર ૧૦:૧૪૩-૪૪: ૧૧: રાગ કલ્યાણ દેશી ફેર,૧૩:૧૪૪:
૧૨: રાગ ફાફો, ચાલ હંસની ,૧૮ :૧૫૬:

નીરગુણમાંહિ સીરગું સબ આયો નીરગુણ સીરેગુણ એકે મલ્લીઓ. ૧૩:

આવી સ્થિતિને પામ્યા પછી,

નીરગુણમાંહા ગુણ સબહી ડુબ્યા ધોબા સબહી ભાગા.૧૪:

પણ જે આ સ્થિતિને પામ્યો નથી તે તો સગુણને જ દેખે, નિર્ગુણ તો એને મન સમસ્યામાત્ર બની રહે:

નારગુણ તો ભાઇ સમસ્યામાત્ર સીરગુણ સહુ દેખે ,

નીરગુણનુ તો નામુ નાંહી, સીરગુણ છે લેખે .

પણ સાચો વાત તો એ છે કે આવી કઈ સંજ્ઞા વ્દારા એ વર્ણવી શકાયજ નહિ:

કયેહેવા સુણવા કોય નહીં, તે મરજીવા માંણે

એનો તાગ કાઢવો હોય તો મરજીવિયાની જેમ ઝંપલાવ્યે જ છૂટકો.૧૫:

આ બ્રહ્માના સુખસિંધુમા ડૂબકો મારનાર મરજીવિયા હૃદયના સાવ કોરા તો હોઇ જ શો રીતે શકે ? કવિએ જ્ઞાનનિ ૭૦ ભક્તિને સ્વીકારી છે, પ્રેમના માર્ગનું ગૌરવ કર્યું છે.

પ્રેમભક્ત પરમાંણ સબમાંહિ પ્રેમભક્ત પરમાંણ,

પ્રેમબના પ્રભુ પાસે ના આવે, જાણત સંત સુજાંણ. ૧૬:

આ પ્રેમમાર્ગને અત્યંત સરળ રીતે સમજાવતાં કવિ નારદી ભક્તિનો પણ ઉલ્લેખ કરે છે:

મત સહુ તોડો અમતમાંહા રેહેવું, પ્રભુ સંગ પ્રેમ ઉમંગ,

સબહી તીરથકો એહી તત્વ હે, કાહા કાસી કહા ગંગ.

નારદી ભક્તી નાદસે કરવી, બજ્યાઇ તાલ મૃદંગ,

વસ્તા વીસ્વંભર રીઝય બુઝયમાંહિ ગલ્લત હે સુક્ષમ લંગ. ૧૭:

આ પ્રેમનો પ્રભાવ તો એવો છે કે "સાંમ" ને સામેથી ખેંચી લાવે છે. આ પ્રભાવક કવિએ ચાબી ઉક્તિ એક ભોળી મુગ્ધાના મુખમાં મૂકીને, દયારામની યાદ અપાવે એવી રીતે, વર્ણવ્યો છે.૧૮:

૧૩: રાગ કલ્યાણ, પદ ૮, (૧૩૬) ૧૪: રાગ બિહાગ કેદારો, પદ૧૧(૧૧૯)

૧૫: રાગ પ્રભાત પદ ૨ (૨૮) ૧૬: રાગ કલ્યાણ કાહાલરો,પદ ૩૧(૧૪૬)

૧૭: રાગ કલ્યાણ કાહાલરો, પદ ૩૦(૧૪૬) ૧૮: રાગ કેદારો રામગ્રી,પદ ૧૯(૨૭)

કોણ સ્વારથ એહવો સાંમને હે સખી, નિત્ય ઉઠી નાથ સુખ સેજ્ય આવે,
નીંદ્રાભરી નારી જગાડીને ભોગવે, અંગના રંગ તે એમ ભાવે. ૧
દેવ દુર્લભ કહે સીધ્ય સુધ્ય ન લહે, અકલ્લ કહે સહુ નરનારી,
નીરગુણ ન્યાલહે સોરગુણ ગુણ કહે, તે હરી મુજશ્ર સંગ દેહધારી. ૨
હું ભોલ્લી કાંયે ભેદ જાંણુ નહી, નીગમ ને અગમ તે મુજશ્ર ધેરય સ્વામી,
સુખ રૂપ થઇ રહ્યો દુખ રૂપ સહુ દહ્યો, કોણપુન્યે એહ પુરસ પાંમી. ૩
જ્યોગનો ભોગ તે કયેમ કરી વરણવુ, હું ઉપરય હરી હેઠય માહારી,
કબીયેક મુજ પર એહ આવી ચઢે, રમે અટપટો ષેલ આનંદકારી. ૪
લાલના લ્યંગથી અંગ સબલ્લ થયું હુ કુલી તે તો કયરત એહેનુ,
વસ્તા વીસ્યંભર રંગની રેલ્યમાંહિ, વીસરયું નામ હુતુ જ બેનું. ૫

અહીં સ્ત્રી પુરુષ ના સંભોગના આનંદની પરિભાષા માં અભેદાનુભૂતિથી અવસ્થાને કવિએ વર્ણવી છે. આ રીતિ બૃહદારણ્ય કોપ નિષદ્ જેટલી જૂની છે. કૃષ્ણજીનાં પણ આ પ્રકારનાં પદો આગળ જોઇ ગયા છીએ. આ હરિને પામવાને માટે પ્રેમના જેવું સરળ સાધન હોય પછી અન્ય કલેશકર કષ્ટદાયક સાધનની જરૂર જ શી? ૧૯:

જપતપ સંજયમ કોટય કરીએ તોહે સખી રસીયો નાં રીજે,
પ્રેમતણા રસ સેહેજ્યે પીજે, તો એ જ અનોપમ દાઢ લો રે,

આ પ્રેમરસનો અનુભવ વર્ણવતાં કવિ જાણે થકતા જ નથી. એઅનુભવ પૃથક્જનના સ્થૂળ સંસારસુખથી ન્યારો છે એનું સૂચન તો દરેક પદમાં હોય જ છે.૨૦:

પાંમી ચરણકમલ્લ સુખ ધાંમ સોહાગ્યણ સુંદરી,
મલ્લ્યા નીરગુણ નીરયેરાંમ સોહાગ્યણ સુંદરી. ૧
પીઉ પરચે સદા રમે રે આપ અંગમાંહિ લીન,
ઝકોલ્લ કરે દોસમાંહિ રે ભાસે નાંહી તે ભીનભીન. ૨.
રંગમેહેલમાંહિ રમણ બાંધુ પ્રેમગડી એકધાર,
એકાંત્યે આસુખ લહેરે, નહી હુતુ ને સંસાર. ૩.
લોકલોકાઇ તો ડાળી મેહેલી, ઉમંગે અવીગત્ય ધાંમ રે
તે મધ્યે એ માહાલતી રે લેઇ તત્વ તારયગરાંમ. ૪.
અણભે લેઇને આપ બોલે, જ્યે ભ્રાંતી નેહ નહી લેસ્ય રે,
જરા જ્યોબન વ્યાપે નહી રે, સદાસીયલ્લ સ્વાંતી વેસ. ૫.

૧૯: રાગ કલ્યાણ નું ધોળ, ૧૯ (૭૮) ૨૦: રાગમલ્હારનું ધોળ ૨૮ (૮૨)

જેમાં " હું તું" નો લોપ થાય, સંસાર પણ રહે નહીં ને "લોકલોકાઇ" ને પણ ડાળી મૂકવી પડે એવો આ પ્રેમનો માર્ગ છે. આ પ્રેમપંથની વાતો અરે જ ન્યારો છે.[૨૧:]

પ્રેમપંથની વાતો ન્યારી, કોય પ્રેમીજન હોયે તે જાણે,

"પુરુષપુરસ" ને માટેની આ પ્રીતિ તે જ ભક્તિ. આ ભક્તિનું મહત્ત્વ કવિએ અનેક પદોમાં સ્વીકાર્યું છે. કવિ એના જ યાચના કરવી યોગ્ય માને છે. [૨૨.]

જાચવાને આવ્યો માહારા વાહાલા, ભક્તદાન મોંહે દીજે રે,
ચરણકમલની સેવા માંગુ, પોતાનો કરી લીજે રે. ૧
સરવે અંગે સદા રોહો સ્વામી કબી કામ ક્રોધ નાં વ્યાપે રે,
ધરનો કહ્યાળુ નહી પરઘરનો ઠેઠ સદા રેહે થાપે રે. ૪
હું તુ ભાવ હૃદે નાં આવે હમજો રસની રીત્યે રે,
વસ્ત વીસ્વંભર સદાયે સ્વયંભર પુરણપદની પ્રીત્યે રે. ૫

આ ભક્તિ તો સદાકાળ હતી જ, કાંઇ આ જન્મની નથી.

નથી હમણેની છે પુરવની લે ચલ્લણેગી કયેમ થાસે રે

ને હવે તો

ચલ્લગેથી મન તુટી ગયુ રે વલ્લુધુ તમ ચરણે રે.[૨૩:]

એ "રસિકરમણ"ની ભક્તિ જેને લાધી તેની દશા કેવી હોય? [૨૪:]

નેણમાંહાં નેણ વેણમાંરાં બોલે બોલે ચંત્ર આપ પ્રકાસી,
તે હ સોરત્યને સોહાગ્યણ કેહે ભાવે ભોગવે નીરંતર વાસી. ૨.
માહારૂપ માંણી થયા પ્રમાંણી, પ્રેમતણા રસ પ્રેમે પીવે,
વસ્તા વીસ્વંભર તે સુખી સાચા, તે જ લેઇને ત્યેણે જીવે. ૪.

ભક્તનો મહિમા આ ભૂતળ પર ભારે છે. [૨૫:]

ચ્યાર પદારથ ટેહેલે કરે છે મુક્તિ અમર ઢોલ્લાવે,
હરી કયેહે હુ હાજ્યર રહું જીહાં હરીજન હરીગુણ ગાવે રે. ૪
ભક્તતણા ભક્તી જે કરસે તે તો સહુથી ભારી રે. ૫.

હરિજનોના આ મહિમા છે તેથી જ તો કવિ ફરીફરી કહે છે. [૨૬:]

૨૧: રાગ કલ્યાણ દેસી ફેર, પદ ૮ (૧૪૩) ૨૨: રાગ કેદારો પદ ૬ (૧૧૨)
૨૩: રાગ કેદારો પદ,૭ (૧૬૩) ૨૪: રાગ કલ્યાણ પદ ૨૪ (૧૪૦)
૨૫: રાગ કેદારો પદ ૯ (૧૧૪) ૨૬: રાગ કેદારો પદ ૨ (૧૧૧)

ભક્ત મુક્તનો વ ષ જેને હોયે, હરીજનની સેવા કરે રે.

સ્વરૂપજ્ઞાનથી થતી અભેદાનુભૂતિના આનંદને વસ્તાચે ધરાઇ ધરાઇને અનેક પદોમાં, અનેક રીતે, ગાયો છે. આનંદોદ્‌ગારનાં આટલાં બધાં પદો આ ધારાના બીજા કોઇ કવિએ ભાગ્યેજ આપ્યાં હશે. અહીં એ પૈકીનાં થોડાં લાક્ષણિક પદો જોઇએ. જેણે આ બ્રહ્માનંદના સુધ સિંધુનાં જળ ઝીલ્યાં છે તેની બુદ્ધિને બહાર નીસરવાનું રહ્યું નથી. એ તો અંતરંગમાં ખીલી ઉઠે છે. આ આનંદનો કાંઇક ખ્યાલ આપવા કવિ બે દૃષ્ટાંતો આપે છે.[૨૭]:

રતુવંતી નારયને ખોઉમલ્લા તે કયાંહાં ચાધી ચાલે,
અવર ધંધ સબ છંડાડકે અંગ ત્યેહેને આલે. ૨.
હરદમ હરી હરી ભોગવે જે કો ત્યેણે જીવે
રવીબોંધ જેણ્યે નરબોયો તે કયેમ રોઝે દીવે. ૩.

એ આનંદને પામીને જે ધન્ય થયો છે તેને વર્ણવતાં કવિ કહે છે. [૨૮]:

બ્રહ્મમસ્ત વૈરાગી અનુભવી નીત્ય રેહેત ઉદાસી,
સોરત્યધધનમાંહી મગન ભઇ પ્રેમ જોત્ય પ્રકાસી. ૧.

એને કામક્રોધ વ્યાપે નહીં, એને કાળની ફાંસી હોય નહિ, એ સદા રામરસાયણનું પાન કરે, એ તો નિરાલંબપદને પામીને શૂન્યમાં સહેજે પ્રકાશી રહે છે. "મૂળ અગોચરપદ" ને અનુભવ્યાની સાર્થકતાનો આવો જ ઉદ્‌ગાર કવિ આમ પ્રકટ કરે છે. [૨૯]:

આજ અનંદમાહારા અંગમાં હાં, લાધો મુને બ્રહ્મનો પ્રેમ રે. ૧
જ્ઞાંનનો ભાણ તે ઉદે થયો રે અગ્યનાંન રજ્યનીનો નાહારય રે,
મોહ ટલ્યા રે સહુ મનતણા રે જેહેવો થયો સકલ્લ પ્રકાસ રે. ૨,

આમ અગમ નિગમ જેને ગાય છે તે અગોચરવાત જડી ગઇ તેથી

ધ્યન ધ્યન દાઢો માહારે આજનો રે જોયા મેં તો આગમ પુરી ધામ.

આ અગમપુરીમાં મનની વાણી તો પહોંચતી નથી, ત્યાં રૂપ નથી, નામ નથી, ત્યાં તો સદા રહી સેહેજ્યનીં સમાધ્ય રે.

૨૭: રાગ બિલાવલ, પદ ૧૯ (૪૧)
૨૮: રાગ બિલાવલ, પદ ૨૨ (૪૨)
૨૯: રામગ્રીનું ધોળ ૫ મું (૭૦-૭૧)

આવી "સેહેજ્ય સમાધ્ય" ની સ્થિતિને પામ્યા પછી એનું વર્ણન કરવું અઘરું થઇ પડે છે. માટે જ તો કબીરે પણ કહ્યું હતું તે "મન મસ્ત હુઆ ફિર કયું બોલે? આપણો કવિ પણ કહે છે કેવા સ્થિતિનેને.

કેહેવાયે નહી સારહ્યાયે વખાંણી [૩૦]

ને છતાં એનું વર્ણન કરવું હોય તો આપણા સંસારના સૌથી ઉત્કટ આનંદની ભાષા નો ઉપયોગ જ કરવાનો રહે. એ સ્થિતિમાં શું થયું?

નેત્ર માંહા નેત્ર મેલ્લીને જોયું ચેતન ચેતન એક પરોયુ,
આપ જોઇને આપુ મોહોયુ તો અણભેપદ એમ વરતીયુ રે,
પીયુ પરસે એમ સદા પનોતી મુખ માંહાથા વરસે છે મોતી,
ત્યેહેમાંથી નીકલ્લે જગમગ જોતી.

આ બ્રહ્માનંદને કવિ "આનંદાનંદ" એવું નામ આપીને સાકાર કરીને પણ જુએ છે.[૩૧]

આજ મંદીર માહારૂ પાવન કીધુ અનંદાનંદ ચાલી આવ્યા
નરષંતાં માહારાં નેણાં ઠરે છે તનના તે સાપ સમાવ્યા. ૧

બોલવા શીખેલા બાળકના જેવો આપણી કાલીકાલી વાણીમાં તે એનો શી કવિતા થાય, એને શી રીતે વધાવાય? પણ હરિ પોતે જ આ સ્થિતિજાણી લઇને "વાહાલપણાનાં વિધ" કરી લે છે. ને આને પરિણામે.

અમ્રત્યના મેઘ ઉઠા માહારે આંગણે, નવ નીધ્ય ત્યેણે નીપાવી
સુરે લેવા હું તો જાઉ ચઉટડે, સઘલ્લી વસ્તુ ઘરમાંહાં આવી. ૪
અરસ પરસ રંગરોઝય થઇ છે ત્યેહેમાંહાં તે કોય સુજાંણે,
વસ્તા વીસ્વંભર સ્વયંભર રહીને સુખ ન્યા સોંધુ માંણે. ૫.

આ આનંદ એક એક પરમ આશ્ચર્ય છે, એ અદ્‌ભુતની અનુભૂતિનું પરમ આલંબન છે.[૩૨]

આ સુ આસ્નજ આવડલુ રે કોહોને કહ્યું ના જાયે
અરસપરસ અમ્રત્ય રસ એ તો પ્રેમ ધરીને પાયે. ૪
એ સુખ સ્યોભા વરણી ના જાએ સ્વયે સ્વરૂપ મેહે તો જોયુ
વસ્તાવીસ્વંભર એકતા રહી ને દ્વૈતનું દુખ હુ ખોયુ. ૫.

૩૦: રાગ કલ્યાણનું ધો ળ ૧૮ (પૃ. ૭૮) ૩૧: રાગ હિંડોળ ગોડો પદ ૨૬, (૧૩૨:-૩૩)
૩૨: રાગ હિંડોળે ગોડી, પદ ૨૭ (૧૩૩)

આપણા સમૃદ્ધિના અનુભવની ભાષા માં વર્ણવવું હોય તો આમરે એમ કહીએ કે નવે નિધિ એક સાથે પ્રાપ્ત થઇ, ને એનો જે ઉત્સવસમારંભ રચાયો તે કેવો?

સૈન્ય તલાઇ ઉસીસાં ભાવનાં ચાદર આદરમાંહાં પોઢે,
લીલ્લાનો સોંધુ લાડ કરે છે લક્ષમમાં લેઇને સોડે. ૨.
જ્યાગેભોગ સહુ ઇહાં ભોગવીયા રાગતાગબેહુ રહ્યા,
કુદરત કેલ્લ રચી માહામંગલ્લ જાએ ન વાંણીએ કહ્યા. ૩.

સચ્ચિદાનંદની સાથે રંગ લાગ્યો ત્યારે મન ચને ઇન્દ્રિયનો ધોખો પણ ભાંગી જાય. અંતરના બધા પડદા પણ ખૂલી જાય, મોહનિદ્રા ઉઠી જાય, ત્રિગુણસ્વપ્નમાંથી જાગી જવાય, સ્વરૂપસમાધિમાં સ્થિર થઇ જવાય. એપદનો ભોકતા તે આપ પોતે જ.[૩૪] આવા અનુભવથી ધન્ય બનીને કવિ લલકારો ઉઠે છે:

આજ આનંદ રંગરેલ્ય વહી રે
મુલ્લ અગોચ્યરય બ્રહ્માવારતા સરવ વીસરતાં એ જ રહી રે. ૧

દિવ્યતા દેખીને દષ્ટિ પણ દિવ્ય થઇ ગઇ. હવે પંચતત્ત્વ કે ત્રિગુણનો ભાસ રહ્યો નહિ, વૃત્તિ, નિરાલંબ થઇ રહી, સર્વનું ધારણ કરીને પોતે "અધર" રહે એવી સ્થિતિનો અનુભવ થયો, ને ત્યારે "મહાવાયકના મરમ" સમજાયા, ને પરમરસ લાધ્યો, એ રસ કેવો?[૩૫]

સરવ રસનો એક રસ એ, સરવ રસ એરસે થયા રે,
આ રસના ચાખનારા કેવી રીતે પરખાય?
પુરણ પાંમા એમ પરખીએ, ઓછા માંહે ચંચ ન ઘાલે.[૩૬]

એવા રસના રસિયા પછીથી અલ્પને છોડીને ભૂમાને જ સ્વીકારે છે.

આ આનંદ તે અપરોક્ષાનુભૂતિજન્ય આનંદ છે, એ શાસ્ત્રની કે પોથીની વાતનથી. અન્ય જ્ઞાનમાર્ગી કવિઓનો જેમ વસ્તો પણ અનુભવના પર ભાર મૂકે છે. અનુભવ વિનાનું જ્ઞાન તે જ શુષ્ક જ્ઞાન, વંધ્ય જ્ઞાન. એ અનુભવ પ્રાપ્ત થાય ત્યારે જ કવિ સાર્થકના માણીને ગાય.[૩૭]:

૩૩: રાગ હિંડોળ ગોડી, પદ ૨૮,:૧૩૩:, ૩૪: રાગકલ્યાણ પદ ૭, :૧૩૬
૩૫: રાગ કલ્યાણ, પદ ૧૦ :પૃ.૧૩૬: ૩૬: રાગ કલ્યાણ પદ ૨૨ :૧૪૦:
૩૭: રાગ કાનડો, ધોળ ૩૫ :૮૫:

એ જ અનુભવ ઊલટ્યો ભાગી છે મનની ભ્રાંતી રે,
જ્ઞાનરવી રે ઉદે થયો નીકલ્લી તેજની કાંતી રે, ૧.

હવે સંકલ્પ બધા શમી ગયા છે, આત્માનુભવ થતાં મૂળ અગોચરની પણ ઓળખ થઇ, બ્રહ્મારસનું પાન કર્યું, અગોચર સહેજે ગોચર થયું, "કદલીસ્થંભની" પેરે આ જગતને જોઇ લીધું ને આમ

પુરણ પુરણને પામી રહ્યું પુરણ પુરણનું અંસ રે.

આવો અનુભવ જાગે ત્યારે બધો ધોબો ભાંગે, પુરણ બ્રહ્મના સુર સાથે ધ્યાનનું અનુસંધાન થાય, અલક્ષ લક્ષમાં આવે, ને એવી સ્થિતિમાં ભજવાતજવાનું કશું રહેતું નથી:

જ્યા અમ્યો ભજીએ રે નાં અમ્યો તજીએ રે
લાગી તે સેહેજ્ય સમાધ્ય છે રે. ૨
જ્યા તેતો આવે રે નાં તે તો જાવે રે,
આધે સદા અવ્યનાસ છે રે.
જ્યા તે તો વધે રે નાં તે તો ઘટે રે
વ્યાપી રહ્યો સરવાવાસ છે રે. ૩

એને નથી પુણ્ય કે નથી પાપ, એ સહુમાં રહે તે છતાં સહુની પાર, એને ધરમકરમ કશું નહિ, એ નહિ પુરુષ કે નહિનારી, એ સદા "નિરાકાર પદ" માં રમે છે. જેમ જળમાં લહરો ઊઠે ને શમે તેમ.[૩૮]

વસ્તુતો સ્વરૂપજ્ઞાનને સાધનામાં અનિવાર્ય ગણે છે. એને માટે એ "સમજણ", "સુધ્ય" બુઝય" એવા શબ્દો વાપરે છે. આ જ્ઞાન ગુરુ વડે પ્રાપ્ત થાય. જો કે આગળ જતાં, સાધનાની ઉચ્ચ કક્ષાએ, પોતાને જ પોતાના ગુરુ થવાનું કહે છે એમ એ પણ અખાની જેમ કહે છે.[૩૯:]

સત્‌ગુરુની સંગતથી જે રંગ પ્રકટ્યો તેને કારણે જ "પુરણ બ્રહ્મ" સાથે યોગ થયો. જન્મમરણની ગાંઠ આ ગુરુની પ્રાપ્તિથી આ વખતે અનુભવે છેદાઇ ગઇ. એ ગુરુએ કાળની ઝાળને "પુરણ સીંધુ" ના નીરથી હોલવી. જેથી બધાં અંગો શીતળ થયાં ને હવે

મોક્ષના મારગ સધલ્લે મોકલ્લા દીસે નહી કોય બંધ કરવા.[૪૦:]

૩૯: રાગ પ્રભાતરામકલીનું ધોળ :૫૮ :૬૧-૬૨: ૩૯: પોતાનો ગુરુ પોત્યે કીધો રાગ કલ્યા ધોળ ૧૨ :૭૫:

૪૦: રાગ કેદારો રામગ્રી.પદ ૪:૨૨:

સાચા ગુરુનાં લક્ષણો કેવાં હોય તે કવિ અન્યત્રથી પણ આ મુજબ વર્ણવે છે.[૪૧]

ભુલ્યચુક સહુ કહી એ આપે દે વલ્લી ભક્તનો ભેવા રે
મૃતકને જીવત કરી આપે આંધ નિરંજન દેવા. ૨
દીવ્ય દસ્યા ઉપજાવી આલે ત્યારે સહુ ગત્ય સુઝેઉ રે,
મંદ મત્યે જાંણે નહી જંતુ વરલા બુઝે રે. ૩
તીરથ વ્રતદાંન સહુ એહેમાંહાં પુરણ થયા તે પામ્યાં રે,
એહ તજી અલ્લગા અફલ્લાયા તેહ ભુતલ્લમાંહાં ભાંમ્યા. ૪
રવી વનાં રજયની નાં જાયે કોઠ દીપક જો કરસે રે,
વસ્તા વીસ્વંભર ગુરૂ મલ્લંમાં તનમનના તીમર જ હરસે. ૫.

આ જ વાત કવિ બીજી રીતે પણ રજૂ કરે છે. ગુરુને માટે ટહેલ નાંખીને જિજ્ઞાસુ સાધક પૂછે છે:[૪૨]

હે કોયે ગુરૂ જ્ઞાંની એસા હે કોયે ગુરૂ જ્ઞાંની
પ્રગટ પરચા હમકુ દેષા વે કયેહેવે અગમ અીસ્યાંની. ૧
બન પરચે કોય બાત ન માંને સો કયો જાવે માંની,
સંસે છોડે અસંસે રેહેત હે સો કયો રેહે ગોછાંની. ૨

સત્‌ગુરુના વર્ણનમાં એ રૂપક ગ્રન્થનો પણ વિનિયોગ કરે છે. જાણે કે સત્‌ગુરુની ફોજ ચઢી આવી છે. એમાં વિવેક વજીર છે ને વિચાર કામદાર છે. શીલ સંતોષ ને જ્ઞાન વૈરાગના તેજી ઘોડા પલાણ્યા છે, "અણભે" નું દુંદુભિ વાગે છે. પેલી બાજુ મોહ એના વજીર અજ્ઞાન સાથે સજ્જ થઇને બેઠો છે એના જોધ્ધાઓ તે કામ, ક્રોધ લોભ મચ્છ ને મોહ. સંશયના કિલ્લામાં બેઠો ભઇરાઇને બેઠા છે. ને ભૂલની ઓટ ચલાવે છે ગુરુના પ્રતાપે

અસુર લોક સબ ભાગે ઉહાંસે સુરલોકકુ ઉગારયા. ૬
જે જે કાર ભયો જયુગ માંહી બ્રહ્મીએ કોયે ન બોલે,
વસ્તા વીસ્વંભર રાજ્ય કરત હે નહી તાકે તોલે. ૭ [૪૩]

૪૧: રાગ મારુ, પદ ૩, :૧૨૨:,
૪૨: રાગગોડો, પદ ૧૭ :૧૨૯-૩૦:
૪૩: રાગ ગોડો, પદ ૧૮: :૧૩૦:

જ્ઞાન તો પામવું જ જોઇએ, કારણ કે જ્ઞાન વિના મન ગળે નહિ તે મન ગળ્યા વિના મુક્તિ ન મળે. ને એ જ્ઞાન ગુરુ વિના મળે પણ નહિ, પછી બીજા ભલેને કરોડો ઉપાય કરો. અજાણ્યાં ઓસડ કરવાથી રોગ ન મટે. જેને ચંદન જાણીને સેવતા હોઇએ તે કેરાં પણ હોય. માટે કોઇ ભેદીને શોધીને ભેદ જાણી લેવો જોઇએ. આ સબંધમાં એક સચોટ દષ્ટાંત કવિ આપે છે.[૪૪]

ઉજ્જવલ દુધ ગાયે ભેંસનાં ઉજવલ્લ થોરષ રસાંણનાં થાય રે,
એક મલ્લે તો જીવીએ, એકે પ્રાંણ જ જાય રે.

સદ્‌ગુરુનું શબ્દબાણ ભેદી ગયું ત્યારે એનો ઘા ઉપર તો ન દેખાયો, પણ અંત:કરણ આમું ઘવાઇ ગયું. એની ચોટથી પછી કશામાં મન ચોટે નહિ, રસના રામનામ જ રટ્યા કરે. અરસપરસમાં પૂછપરછ કરી ત્યારે શામળાને સાચા વૈદ તરીકે બતાવ્યો. એણે "અણરોગી" કરી દીધો.[૪૫] જે શબ્દાતીત છે તેને શબ્દમાં સમજાવવાનું સદ્‌ગુરુને માટે જ શક્ય છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને બીજા તેત્રીસ કરોડ દેવથી પણ સદ્‌ગુરુ અધિક ઠર્યા. કારણ કે એ બંધન તોડી આપે છે. બધાંનું જ્ઞાન ગુણમાં ઠર્યું, ને એમનું જ્ઞાન તો ગુણાતીત, આશા તો એમની દાસી થઇ, જે અકળ ને અજીત છે તેને એમણે જીત્યો. આવા ગુરુને બતાવીને કવિ કહે છે:

ઝઢની ઉપાસના સુ કરો રે મેહેલો ચાહવા, ચૈતન દેવ રે
સુષમ્ના સાહ્યર એહેવા ઝીલતાં રે દુષ્ઠ ડાં દુર પલ્લાય રે. ૪૬:

આ સદ્‌ગુરુ રૂપી સમુદ્રમાં મુકતામોતી છે, કોઇ મરજીવિયા હોય તે એને ગોતી કાઢે. એવાં સદ્‌ગુરુને છોડીને જે સાધના કરે તે ભવસાગરને કેવી રીતે તરે? કલ્પતરુને છોડીને વનવનમાં ભટકવાનો શો અર્થ? એની "ભટકણા"નો કદી અંત ન આવે. એ સદ્‌ગુરુ કેવા હોય?

લક્ષ થયો જેહેનો આપ અલક્ષથી ભષાયે નહી માયાના ભક્ષથી,
ચક્ષ થયાં ચૌદ પારૂયથી રે. ૫૩

૪૪: રાગ કેદારો મેવાડો, :૬૧-૬૨:
૪૫: રાગ કાનડો પદ ૧ :૧૪૭:
૪૬: રાગ કેદારો મેવાડો, :૬૨:,

વ્રષ્ટી સમષ્ટીનો ભેદ જે જાંણે ત્યેહેને કયેમ કરી બંધન આંણે
વાચ્ય થકા તે પારૂય પ્રમાંણે વષાણે વીરંચી થાકીયા રે. ૬
ત્રીવીધી પ્રકારનું મરતુ કાહાવે તે તો ત્યેહેને કભી નાં આવે,
બ્રંહ્મકથા અમ્રત્યરસ ભાવે, સ્વભાવે સુષ પાંમી રહ્યા રે. ૭
ચ્યુતુષ્ટ સાધન સંપન્ય ત્યેહેનું જ્ઞાંન ત્યેહેને કયેમ હોયે ઢેહે અભીમાંન
સમજે સકલ્લ સીધ્યાંતની સાંન તે ધ્યાંન સદા ધરપદ તણું રે. ૮
માયા બ્રંહ્મ બે હુના ભેદો બ્રંહ્માની સ્થાપે માયા ઉછેદો
ચેતનમાંહે ચેતના વેદો નીવેદોને નીરભે થયા રે.[૪૭] ૯

કેટલીક અવળવાણી ને સમસ્યાઓનો પણ સદ્‌ગુરુની કસોટી માટે કવિએ ઉપયોગ કર્યો છે.[૪૮] ઇતના અરથ કોહો મેરે ભાઇ તાહીકે મેહે લાગુ પાઇ
વાઝે બેટો એક એસી જાઇ, ઉતેહો સકલ જ્યુગ ચ્યુનચ્યુન ષાઇ. ૧[૪૯]

પણ આગળ કહ્યું તેમ આખરે તો સાચો ગુરુ પોતાને પોતાનામાં લાધે તે જ. એનું સુંદર વર્ણન કવિએ આપણને આપ્યું છે:[૫૦]

એહેવા એહેવા ધધનગુફામાંહા ગુરૂ દીઠા રે
લાગાલાગા અમ્રીતપે અતી મીઠા રે. ૧
ત્યેહેને ધેરય સદાએ સોહંગ સુષ જાય રે
એહેવો એ તો પુરસ પુરાતન આપ રે. ૨
અષ્ટકમલ્લ ષ ટચકર નાંહો રે
સુધ્ય પ્રમાત્યમા રેહે છે જાંહો રે. ૩
ત્યાંહાં નહી મંન પવંનનાં પાંણી રે
ત્યાંહાં નહી વેધ વાચકની વાંણી રે. ૪
ત્યાંહાં નહી સબ્દ જાલ્લ કોય કરવા રે,
આપે રહ્યો થે ધાતા એક ધરવા રે, ૫
કોણ કરે કોણ કરે એહેની ક્ષાત રે,
વસ્તા વીસ્વંભર એ સાક્ષાત રે. ૬

૪૭: રાગ કલ્યાણ ધોળ ૧૦ :૭૩-૭૪: ૪૮: રાગ કલ્યાણ પદ ૫ :૧૩૫:
૪૯: આજ પ્રકારનાં અવળવાણીનાં પદો પૈકીનાં ઉલ્લેખપાત્ર તે આટલાં રાગભૈરવની દેશી ધોળ.૪૫:૮૮: રાગ ગોડી, પદ ૨૧:૧૩૧:રાગ કલ્યાણ પદ ૪ :૧૩૪:
૫૦: રાગ રામગ્રીની દેશી, ધોળ,

પંડિતો ને ભેખધારી ઢોંગીઓ કવિઓ ઉપાલંભ પામ્યા છે, પણ તે અમાના જેવી આકરી ભાષા માં નહિ. એવા લોકોને કવિ "દુરમતીયા" કહે છે.[૫૧]:

દુરમીતીયા સુ જાંણે અનુભવ દુરમતી સુ જાંણે,
વાયકવાદ સાંભલ્લી વેગલ્લા કાયાનાં મત વખાંણે,

પોતાને પંડિત મનાવવાનું ને બીજા સાથે વિતંડા કરવાનું જ એઓ જાણે છે:

પોથી પઢંતા વાદે લડંતા કેહે અમ્યો પંડોત પુરા
આત્યમજ્ઞાન બીચારયાં વનાં આપે ગયા અધુરા. :રાગ બિહાગ કેદારો
પદ ૬, :૧૧૭:

એ મિથ્યાચારીઓને પારખનારા તો તરત પારખી જ કાઢે છે:

હરીહરી નામ પોકરતાં પુડા ઉપર ભગત પણ અંતર કુડા,
ખોટા રૂપૈયા દીસતા રૂડા તે પારખીએ પાછા કરયારે. :રાગ કલ્યાણ ધોળ
૯ ૯, ૭૩:

એવા લોકો મુક્તિ અપાવવાની વાત કરે તે હાસ્યાસ્પદ જ બની રહે, પણ કેટલાક ભોળા એમની વાણીથી ફસાઇ જાય ખરાં. એ વસ્તુની હાસ્યાસ્પદતા કવિ આમ બતાવે છે:

લુણકા એક ઢીમર બનાયા, કેહે સમુદ્રકા થાહા લાવુ,
જે પીયાલ્લે મોતીલેઇ ફેર પોછા યાંહયાં આવું,
ઐસી બાત કભુ નાં નીપજે, સુધરા સમજે સાંને
નુધરા તો સબ હા હા કેહેવે, :રાગ બિહાગ કેદારો, પદ ૧૮ ૧૨૧:

એવા ભેખધારી ને ભવૈયાઓનો તો કયારેય તોટો હોતો જ નથી. એ લોકો તો "ઇન્દ્રિયના આહારી" હોય છે. એ લોકો ઘરેઘરે ઘેલા બનીને ઉદર ભરવાને આથડે છે. ગોખેલું મોઢેથી બકે છે પણ મનના મેલા હોય છે. પ્રગટ પુરુષ ને એઓ ઓળખતા નથી.

૫૦: ચાલુ: ધોળ ૫૧ :૯૦:

૫૧: રાગ બિહાગ કેદારો, પદ ૧૩ ૧૧૯:

ને એમનામાં જ શ્રદ્ધા રાખવાનું ભોળા લોકોને સમજાવે છે. આમ જૂઠાઓ જગને ભરમાવે છે. પોતે જાણે નહીં ને ઓસડ કરવા જાય. તેથી તો રોગ વધે. એમ કહીને કવિ અત્યંત સંક્ષેપમાં સાચા ગુરુનાં લક્ષણ આમ બતાવે છે:

આપે આપો મેલ્લવી, આપે આપ અપાવે,
તે ઉપદેસી જાણવા, આપે આપ થપાવે. :રાગ બિલાવલ, પદ ૧૨, ૩૯

"આપે આપને પામવા" માટે કઠિન સાધનોની જટાજાળનો કશી જરૂર નથી. એ તો "સેહેજ" માં પ્રાપ્ત થાય છે. એને માટેની સાવ સરલ રીત કવિ આમ બતાવે છે:

હુ હુ અક્ષર જાંહાંજાંહા બોલો, તુહી તુહી ત્યાંહાં ધારો રે,
એ અનુભવ અંતરમાંહા કરી લો, બાહાંજ્ય બુધી વીસારો રે,
:રાગ કેદારો, પદ ૧૦, ૧૧૪:

અન્યત્ર પણ આ સાધનાની સરળતા બતાવતાં કવિએ દાદૂની વાણીની યાદ અપાવે એવી ભાષામાં કહ્યું છે:

નાં હમ નાચે, નાં હમ ગાવે, નાં હમ તાંન મેલ્લાવે,
ના હમ પોથી પઢે પંડીતકો, સેહેજ્યે અમરપદ પાવે.
:રાગ બિહાગ: કેદારો, પદ ૧૫: ૧૩૦

પૂજા-સ્તુતિ કોની કરવી?

દીવો કરવા દેવ નાં દુજ્યો, એસો આપ પસારયો :રાગ ગોડી, પદ ૨૫ :૧૩૨:

સ્તુતિને માટે શા શબ્દો વાપરવા ને એ કોની આગળ કરવી? આ વાત કવિ એક સુંદર ઉપમા વાપરીને કહે છે:

કયેહેણેકા કછુ નાંહી રાંમરાય, કયેહેલેકા કછુ નાંહી,
દુર હોતો મેહે પ્રગટ પોકારૂ, તમ હો અંતરમાંહી.
માંહ્યથી ઉપજે ને માંહ્ય સમે છે જેસે કુપકી છાહ્ય,
તમમાંહાંસે હમ એસે ઉપજે, કબી બાહારે નીકસે નાંહ્ય.
:રાગ બિહાગ કેદારો, પદ ૪ :૧૧૭:

સાધન કરવું ય શી રીતે? બધું જ તો એનું આપેલું છે. તનમન એનાં આપેલાં છે. લક્ષ્મી એને ચરણે ધરવી? તો એ તો એની અર્ધાંગના છે જ નામરૂપનો ધરનારો પણ એ જ છે, અન્નજળ પણ એના હાથમાં છે, એ જ દાતા ને એ જ ભોકતા છે. આમ

સમરપણ સુ કરૂ લેઇને મુજમે કાંઇ નાં માહારૂ. :રાગ બિહાગ કેદારો પદ ૧૪:૧૨૦:

એમાં દેહદમન કે કાયાકલેશનું પણ કામ નથી, શાસ્ત્રજ્ઞાનનું પણ કામ નથી. હઠયોગની સાધનાની પરિભાષા કાવ વાપરે છે, પણ એની સિધ્દીઓ તે અંતિમ નથી. હઠયોગ તો સાધનને શુધ્દ કરવાનો પ્રક્રિયા છે. આગળ જોઇ ગયા તે "એહેવા એહેવા ધધન ગુફામાંહાં ગુરૂ દીઠા રે" એ પદમાં તથા

હંસદસ્યાયે રહે ચ્યુગે મુગતા મોતી
ષ ટચક્રકુ બંધકે નરષે પુરણ જોતી. ૩. :રાગ બિલાવલ, પદ ૨૦,૪૧-૪૨:

વગેરે પદોમાં આ સાધનાના નિર્દેશ મળે છે બરા. એક રીતે જે બહુ "સહજ" છે તે માર્ગ આમ તો, જરૂં જોતાં, શૂરાનો જ માર્ગ છે. કેટલાક લડબારાઓ એવા હોય છે કે મેદાનમાં ઢાલ લઇને લડે છે ને ચોટને ઢાલ પર ઝીલે છે ને પોતાનાં અંગને જાળવે છે, પણ આ શૂરા લડવૈયા તો-

ઢાલ નહી મોરચા નહી, નહી સીરકી આસ,
આપ અરપી તે તો લડે, એસે વરલા દાસ.

:રાગ બિલાવલ, પદ ૮,૩૭-૩૮:

આવા વિરલા મરજીવીઆ સંતો ને જીવનમુક્તોનું[૧] કવિએ અનેક પદોમાં બિરદાવ્યા છે. આવા સંતોનો સમાગમ એ જીવનને ધન્ય કરી મૂકે છે. એ સંતોને સેવ્યા એટલે એમાં જપતપ વગેરે સર્વે સાધનો સમાઇ ગયાં. અડસઠ તીર્થ પણ એમાં આવી ગયાં. એવા સંતોના મહિમાને તે શી રીતે ગાવો?[૫૨]

સંત સંગતના ફલ્લનો મેહેમાં સેસ્ય સકે ન વર્ષાણી,
નારદસારદ થાકે સબહી થાકે બ્યારે વાંણી. ૩

આવા સંતો જ આપણને "અદબદમલિ" સંપડાવી આપે છે. એઓ પોતે અગમઅગોચરનો મહારસ પીએ છે ને બીજાને પાય છે. એઓ સમ્યક્‌દૃષ્ટિ હોય છે, એમને મન કશું સમવિષમ નથી. એઓ "અડોલપદમી" ને ભોગવે છે, ને અધિકારીને ઉપદેશ કરે છે.[૫૩] આવા સંતોની સંગતના જેવો મોટી વસ્તુ બીજી એકે નથી. એથી "બીજ્રેયેપદ" નો ન્યાય થાય છે ને વિધિનિષેધ ય ખોટા છે તેની જાણ થાય છે. આથી:

૫૨: રાગ કલ્યાણ દેશી ફેર, પદ ૨ :૧૪૧: ૫૩: રાગ કલ્યાણ દેશી ફેર પદ ૪:૧૪૨:

સબ દેવાંકે દેવ સંત તો સબ પીરાં કે પીર વૈરાગી,
તાકી સીખ્યા જે કોય માંને જનમમરણ ભે નાવે ભાગી. ૫૪.

સંતોના જેવો ઘેરો સમુદ્ર બીજો એકકે ય નથી, એનો તાગ જ કોઇને જડતો નથી

હીરામોતી તામાંહાં નીપજે મરજીવ્યા કુ ઓ તોનેરા,
અવર કોયકી ત્યાંહાં ગમ નાંહી આગે પીછે ફરત હે ફેરા. ૫૫

હઠયોગની સાધના કરીને ઉચ્ચોચ્ચ દશાને પ્રાપ્ત કરનાર જોગી પણ કવિની વંદનાનો અધિકારી છે એ જોગી.

પરવરતીકા પંથ પરહરી નીવરતીકે ઘર લ્યાયે,
સાતમી ભોમે મેઘધનગકા હે તામાંહાં ચીત ઠરાયે. ૨
પંચે ચોર વસે ઘટભીતર પંચોકા મત ન્યારા
પંચ જીતોને એક ઘર લ્યાયા એસા જોગ બીચ્યારા. ૩
સુન્ય સીખર ઘઢમાં હે પેસી સતકી ભક્ષા માગી,
કાચે ધાગે દીલકુ બાધ્યા સુસ્યંમ વેદસે લાગી. ૪
ચેતન ચીતકો આસન વાલ્લી પ્રકાસ સીંધી પસારી,
ચૌદ લોક ચરણ્યે આવી લાગા, એસી અગમ વીચ્યારી. ૫
નીરાસ બુટી ઇલમ એસા, નાથે વ્યાધી ન વ્યાપે
સંમક દ્રષ્ટે સતપદ ન્યાહાલ્લ્યા મટી ગઇ થાપ ઉથાપે. ૬

અને પછી બૂટિયાના પેલા પ્રખ્યાત પદની સ્મરણ કરાવતી પંક્તિઓ આવે છે:

ઘઘનમંડલ્લમાંહાં ગૌયાં વચાંણી દુઝે અમૃત્ય ધારા,
ત્યેહેની બુદ પડે ભોમી પરીય ત્યેણે જીવે સબ સંસારા. ૭ ૫૬.

૫૪: રાગ કાનડો, પદ ૧૧ :૧૫૦:

૫૫: રાગ કાનડો, પદ ૧૨ :૧૫૦:

૫૬: રાગ આશાવરી પદ, ૯ :૪૭-૪૮:

આ જ પ્રકારનું "મનહંસા" ને ઉદ્દેશીને લખેલું પદ પણ ઉલ્લેખપાત્ર છે. ૫૭: એમાં બગલાંઓ જ્યાં બેસે છે તે સરોવર છોડીને મનહંસને "તરવેણી તીરે" વસવાનું કહ્યું છે. ત્યાં આગળ એ શાનો ચારો ચરશે?

ચારો ચરચને નીજ નામનો મુકતા જેનુ છે નામ,
પ્રેમજલ્લ તો ભરીયાં ઘણાં વસ્યને ત્યેણે રે ઠામ.
પંખો ચોરાસી જાંત્યનાં તાહારી ન્યારી છે ચાલ્ય,
તુ તાહારા ગુણ જોઇને મુગતો થઇને રે માહાલ્ય. ૬
અજરા અમર રસપાને છકવ્યો થાને રે છેક,
વસ્તા વીસ્વંભરપુરસને આરાધી લેજે એક. ૭

સાધનાની ઉચ્ચદશાને "અદ્‌ભુત દેશ", "અગમ દેસ" કહીને એ "દેશ" ને વર્ણવતાં પદો પણ કવિએ લખ્યાં છે. એ "અદ્‌ભુત દેસ" માં બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય ને શૂદ્રથી ન્યારી વર્ણવસે છે, ચાર અવસ્થા કે ત્રણ ગુણ જેને નથી એવો એનો સર્જનહાર છે, ઉત્પત્તિ અને પ્રલય એને હાથ છે, તે એ પોતે તો અગમ અપાર છે. ત્યાં હું તું નો પસારો નથી; ત્યાં બંધમોક્ષ પણ નથી, નથી દિવસરાત-એવી આ અદ્‌ભુત દેશની "અકથ કહ્યાણી" છે. ૫૮ જેઓ "અગમ દેસના ભેદી" છે તેના મર્મને કોઇ શું જાણે:

હમ વીદેહ દેહસે ન્યારે કોસવીધ પાવે ભ્રમ. ૩
વીસરાંતીની કાંતી જડે તો ભુલે ભવનું રૂપ,
વસ્તા વીસ્વંભર દેહી સ્વયંભર ઇસવોધ્ય સત્યસ્વરૂપ. ૪

આ "વિશ્રાંતિની કાંતિ" એ યાદ રહી જાય એવી સંજ્ઞા છે. એ કાંતિની જેને ઝાંખી થઇ તે પછી આ સંસારના રૂપને પણ ભૂલી જાય. આ દશાને પામેલાની મસ્ત વાણીનો બુલંદ રણકાર આ કવિનાં ઘણાં પદોમાં છે. કવિ કહે છે કે હવે તો મન ઊઠ્યું ઊડ્યું આકાશ તરફ ચાલ્યું. ૫૯:

૫૭: રાગ સામેરમલ્હાર સોરંગ :૫૦-૫૧:
૫૮: રાગ ગોડી, પદ ૧૪ :૧૨૯:
૫૯: રાગ બિહાગ, પદ ૮ :૧૦૫:

ઉડ ચલ્યા આકયાસ અબ મન ઉડ ચ્યલા આકાસ
જ્ઞાન વૈરાગકો પાંખા આઇમાં [૬૦] હુયા બ્રહ્મપ્રકાસ. ૧
સીવ શ્રેષ્ટીકો બંધન નાંહી નહી જીવકો ભાસ,
અનુભવસે અભીમાંન છુટ્યા નહી ભરમ ઉદાસ. ૨
પ્રેતલોકનું પાનું ફાટ્યું મટ્યા જનમકા ત્રાહાસ
નીરભે હો એ નીસ્ચાંન બાજ્યા સેહેજ્ય સુન્ય પરવાસ. ૩
અણઇછાં સુખ આવી મલ્લીયાં તે તો રેહે નીરંતર પાસ
ગુણ અતીત ગોવંધ મલ્લતાં પુરણ થઇ સહુ આસ. ૪

આ યાત્રા તે અગાધ અગપંથની યાત્રા છે. અનંતનું ગુજનો રાહ ત્યાં ખૂટી જાય છે ને બધાં કાજ સુધરી જાય છે, "શ્રીમહારાજ" મળતાં બંધમોક્ષનાં બંધન પણ ત્યાં છૂટી જાય છે. [૬૧]

અબોલ બોલ્યા પરદા ખોલ્યા હુવો તંતે તંત
સંસેગ્રંથીકા ઇડ ફુટા આયા ઉનકા અંત ૩
માલ્યા મંત્ર નાંહી ભજવા સેહેજ્યે સોહંગ. ૪

આવો દશાને પામ્યો હોય તેને પછી સાધનની શી જરૂર? એ તો હવે પૂરો ખુમારીથી કહી દે છે. [૬૨]:

સાધન ભાંગાં રે હાવ્વે સહુ સાધન ભાગાં રે
જે જે લક્ષણ ઉપજે આપમાંહાં હરીચરણે તે લાગાં હાવે. ૧

આપણાં સમસ્ત કાવ્ય સાહિત્યમાં વૃદ્ધાવસ્થાના અનુભવનાં કાવ્યો ઓછાં છે, ને જે છે તે મોટે ભાગે વૈરાગ્ય પ્રેરક છે. :દા. ત: ઘડપણ કોણે મોકલ્યું: પણ વૃદ્ધાવસ્થા ને ય માણી શકે એવો "જરયા અહાર્યો રસ:" એને લાધ્યો હોય તે તો વૃદ્ધાવસ્થાના

૬૦: અખાની "ભક્તિરૂપિણી પંખીણિ યાદ કરો.

૬૧: રાગ બિહાગ પદ ૯ :૧૦૬:

૬૨: રાગ મારુ પદ ૬ :૧૨૩:

અનુભવને પણ આનંદપૂર્વક ગાઇ શકે. વસ્તો આપણને એવાં પદો આપે છે. એમાં વૃદ્ધાવસ્થાને કારણે આવેલી અશક્તિ તો ઇષ્ટાપત્તિરૂપ બની રહી છે:

ચરણ ન ચાલે રે હાવે તો ચરણના ચાલે રે
બુઢા થઇ બેઠા ઘરમાંહે પ્રસાદ પ્રભુજી આલે રે. ૧
લાકડી ગ્રહી ગુરૂગમકી હલ્લવા હલ્લવા હાલે રે,
લવરી તાંણે અનુભવે કરી બેઠા મંદિરમાંહાં માહાલે. ૨.
છયાછોકર સેવામાંહાં રેહે છે પુરણ સહુને વાહાલે રે
જ્યુગત્ય જાંણો તે એમ જાંણજ્યો એહેવો ઘરનો ખ્યાલે રે. ૩
બ્રહ્મજાતણા માંયામાંહાં પોઢયા જાંણે નહી દીનરાતી રે,
કલપ કરયો આવે નહી એહેમાંહા થૈ સુષ રૂપ છાતો રે. ૪
મરતા પેહેલા રહ્યા મરીને મરવા નથી માંહ્યે કોય રે,
વસ્તા વીસ્વંભર એક હી સ્વયંભર હરી કરે તે હોયે. ૫.[૬૩]

આ "મરતાં પહેલાં મરવુ" તે કબીરનાં પદોમાં પણ આપણે આગળ જોઇ ગયા. સૂફીસાધનામાં જેને "ફનાફિલા" કહે છે ને બંગાળના અણપઢ સંત બાઉલ જેને "જાન્તે મરા" કહે છે તે જ આ સ્થિતિ. આ વૃદ્ધાવસ્થા આવી તે તો રૂડું જ થયું. હવે ચરણ જ ચાલે નહિ, એટલે તીરથ કરવા મટ્યાં, કંઠ જ રહ્યો નહિ પછી ગાવાનું શુ? દેહ થરથર કંપે છે, પછી નાહીએ પણ શી રીતે?

જ્યક્ત દેષ વા નેત્રના રહ્યાં નહી,કમ સાંભલ્લવા કાં ન રે,
માલ્લા ફેરવવા મંન નાં દોસે ધરવા નહી ખમીમાંન. ૩
આપબલ્લ તો સરવે હારૂ હરી રાષે ત્યેમ રૈ હે રે.
અંતરજામી રહ્યા પાંમી વેગલ્લે નાહી કેહે રે. ૪
અમરભોમ્ય ઉપર એમ થર્યું મ્રતલોક નાં દેષે રે,
વસ્તા વીસ્વંભર એક હી સ્વયંભર એમ લાભ સહુ લેષે રે. ૫[૬૪]

દયારામની શૃંગારરસની ગરબીઓની યાદ આપે એવાં વસ્તાનાં થોડાં ધોળ તો આપણે આગળ જોયાં. એવાં જ બીજાં "વલોણાં" નાં પદો પણ એણે લખ્યાં છે. મહિયારી મોહનને મહી વલોવવા પોતાના મંદિરે બોલાવે છે ને કહે છે કે મહી વલોવવાનું તો

૬૩: રામ માર પદ ૫ :૧૨૩: ૬૪: રાગ મારુ પદ ૬ :૧૨૩:

બહાનું છે, એ નિમિત્તે મોહનના દર્શન કરવાની જ એને તો ઇચ્છા છે.[૬૫] આમ કહીને એ પોતાને વિશે મોહનને કહે છે:

માહારૂ ગોરસ મોઠુ મોહંન હું મૈહ્યારી ભોલ્લી રે
ભાવે એટલું પીન્યો વાહાલા સોપુ સરવે ગોલ્લી રે. ૨
માહારૂ છે તે છે તમાહારૂ રષે અંતર રાષ્ય રે.
પ્રીત્ય કરી પાતલ્લીયા વાહાલા ગોરસ માહારૂ ખાષોરે. ૩
પ્રભાત્ય થાતા પેહેલા આવો રષે અસુર કરતા રે
વસ્તા વીસ્વંભર એક હી સ્વયંભર હેત હૈયામાં ધરતા રે. ૪

તો વળી મોહન પોતે મહિયારીની શોધમાં નીકળ્યા છે ને એમને કેવી મહિયારી ગમે તે કહે છે:[૬૬]

મલ્લે મહીયારી કોય મલ્લે મહીયારી ગોરસ અમને પાયે રે,
સરવસ સોપે લજ્યા ન લોપે આપે હલકી થાયે રે. ૧
બોલી જાંણે ચાલી જાંણે જાંણે અમાહારા દેસ રે,
મુલ્લ મંત્ર માંહ્યલા જાંણે એહેવો હોયે ઉપદેસ રે. ૨.
પાંત્ર પાવન ગાત્ર પાવન પાવન માંહ્લુ મહી રે,
અવર સરવ ઉછંગી નાષ્યું ત્યેહેની સાથે સહીરે. ૩
સષો સમાંણી સોહી પ્રમાંણી સોરત્યે નોરત્ય ઠરૈાવે
વસ્તા વીસ્વંભર ઉનસે સ્વયંભર બીજી કાંમ્ય ન આવે રે. ૪

દયારામની મહિયારી અને વસ્તાની મહિયારી વચ્ચેનો ભેદ પણ સ્પષ્ટ જોઇ શકાશે. આ મહિયારી સર્વસ્વ અર્પે પણ લજ્જા લોપે નહીં, એના પાત્ર ગાત્ર ને માંહ્યલું મહી – બધું પાવન હોવું જોઇએ. એ સુરતને નુરતમાં ઠેરવે છે – આવી જ મહિયારી કામમાં આવે, બીજી નહિ!

અમારે જેમ કલિયુગનો પ્રભાવ જોયો હતો અને એનો છપ્પામાં એનાં અનેક અપલક્ષણોને ભાંડ્યા હતા તેમ આ કવિએ પણ કલિજુગનાં લક્ષણો જોયાં હતા. એને વિશેનું એક પદ અહીં આસ ઉલ્લેખમાત્ર છે.[૬૭] કવિ કલિજુગની ચેતવણી આપણને આપતા જાય છે:

૬૫: રાગ ભેરવ દેસી ફેર પદ ૧૫ :૩૩: ૬૬: રાગ ભેરવી દેસીફેર પદ ૧૬ :૩૩-૩૪:
૬૭: રાગ કાફીનો દેસી :૯૮-૯૯:

ચેતો રે ચેતીને ચાલો કુડો કલ્લજુગ આવ્યો
માહાપુરસનો મેહેમા તજ્ને ભરમે ભેષ બનાવ્યો રે. ૧
આપઆપણા મત તાંણીને ઠોરચે ઠોરચ બહુ બેઠા
કોણ કોહોને સીષા મણ્ય દેસે સુના ઘરમાંહાં પેઠા રે. ૨

એ કલિજુગમાં પ્રથમ પહેલો પાઠ સ્વાર્થનો ભણશે, ને પછી અહંકારે સૌ ચાથડતા ફરશે. કરવા જશે સીધું, પણ બધું ઉધું થશે. એની બુદ્ધિ જ ઘણાં બંધન ઊભાં કરશે. પણ એમાં જ એને મુક્તિનો ભ્રમ થશે. પોતેકો અનુકૂળ મતવાળા તરફ દોડીને જશે, પણ "નરપક્ષની રાસી" થી છેટા રહીને ચાલશે. પથ્થરની નાવડી બનાવીને એમાં પથ્થર ભરીને તરવા મૂકશે, પણ જે જમીન પર પણ ચાલે નહીં, તે તરશે શી રીતે! કાગળનાં પાત્ર બનાવીને જે રસોઇ કરવા બેસશે, એ શામાં શું ચોરવાના હતા! નગર વચ્ચે નાગા થઇને ઘર ઉપર બેસીને નીકળશે ને છતાં પોતે કસબી વાધો પહેર્યો હોય એવું માનશે. પંડિત મુંડિત ભેષા ધારી ભિખારો ભગત ભાંડ-આટલાનું જોર વધશે.

અખાએ એક સ્થળે કહ્યું છે : "ઉપરથી નગ કોરડા, માંહે જળના ચોરડા." વેદાંતના તત્વજ્ઞાનને વિષય બનાવનારી આ કવિતા ઉપરથીજ કોરડી લાગે છે, પણ એના અંતરમા પ્રવેશ કરો તો "જળના ચોરડા" જણાશે. વસ્તાની ભાષા માં કાઠિયાવાડી પ્રયોગો આગળ જોયા. પેલું કાચના મંદિરવાળું દષ્ટાંત નરહરિ અને અખાની જેમ વસ્તો પણ આપે છે.[૬૮] એ ઉપરાંત, નરસિંહની પંક્તિ "અખિલ બ્રહ્માંડમાં એક તુ શ્રી હરિ" વસ્તાના પદમાં[૬૯] "અખિલ બ્રહ્માંડમાંએકલોતુ શ્રીહરિ" એ રૂપે જોવા મળે છે. વળી નરસિંહ મહેતાની વહેલના વર્ણનની પેલી યાદગાર પંક્તિ "કોના તળાવા ને કોની પાંજણી" પણ વસ્તાના પદમાં[૭૦] જોવા મળે છે. લોકોક્તિઓનો પણ સારો ઉપયોગ વસ્તાની કૃતિમાં થયેલો જોવામાં આવે છે: "મંઝારીને કાઢવા ગયો, સાંહામુ ઉટ પેઠુ", સાચુ નાંણુ ગાંઠ્યનું વાવરી માલ તે હોરે ષોટો રે", "ઠાલા થોથાંનું ષાંડી મરીએ તેહેમાંહાં કણ ના ધાવે રે," "ખોટા રૂપૈયા દોસતા રૂડા", "હાટકા ગુરૂ વાટકા ચેલા", ગાયે વાયે જેહે કાંઇ જ્ઞાંન નાં આવે", "અજાગલ્લે આંચલ્ય દેષો તાંણી, નાવે દુધ ને નાવે પ્રાંણી". એની

૬૮: રાગ કલ્યાણ દેસો ફેરૂ, પદ ૧૪:૧૪૫:

૬૯: રાગ કેદારો રામગ્રી પદ ૨, :૨૨:

૭૦: રાગ કાફીની દેસી, :૧૦૦:

ભાષામાં "હ" અને "ય" શ્રુતિનો પ્રક્ષેપ ધ્યાન ખેંચે છે. દોજખ, પીર વગેરે શબ્દો પણ
પુરાગામી હોય તો એ જક્કની જાનીના ઘડતરમાં વપરાતા શબ્દોજેવાજ
એમાં દેખાય છે. જો એ અખા અને નરહરિનો નહિ કહેવાય. વસ્તાની કૃતિઓના
સ્વતંત્ર સંપાદન પ્રસંગે એનો સવિસ્તર અભ્યાસ રજૂ કરવા ધાર્યું છે, કારણ કે એવો અભ્યાસ
ખમી શકે એવો આ એક માતબર કવિ છે.

Charter-2-13

ભાણસાહેબ

રવિભાણસંપ્રદાયની પરંપરાનુસાર ભાણદાસ અથવા ભાણસાહેબ ચરોતરમાં આવેલાં કીનખિલોડ ગામમાં સંવત ૧૭૫૪, માઘ સુદી પૂનેમ ને મંગળવારે જન્મ્યા હતા. એમના પિતાનું નામ ઠક્કર કલ્યાણ અને માતાનું નામ ચંપાબાઇ. એમનું મૂળ વતન વારાહી. ત્યાંથી ૧૭૮૫ માં શિષ્યોના આગ્રહથી શેરખીમાં વાસ કર્યો અને સંવત ૧૮૧૧ માં જીવતાં સમાધિસ્થ થયા. કે.કા.શાસ્ત્રી તથા શ્રી અનંતરાય રાવળ એમને અષાના સમકાલીન માને છે. એના સમર્થનમાં ભાણદાસની કદાચ પોતાને હાથે ઉતારેલી, સંવત ૧૭૧૫ ની ૭૧ ગરબાની હસ્તપ્રતને રજૂ કરે છે. અપ્રગટ પ્રહલાદાખ્યાનની પુષ્પિકા પણ એ ગ્રંથ સંવત ૧૭૦૬ માં માગશર માસના શુકલપક્ષની દશમીને સોમવારે પૂર્ણ થયો એમ કહે છે. ભાણદાસની પ્રસિધ્ધ રચના "હસ્તામલક" નો જુદીજુદી વાચનાઓ વાળી પુષ્પિકામાં એની રચ્યાસાલ પરત્વે થોડો ફેર જોવામાં આવે છે. પ્રાચીન કાવ્ય, ત્રૈમાસિકના ૬ ઠ્ઠા વર્ષના ચોથા અંકમાં ભાણદાસનું "હસ્તામલક" છપાયું છે. તેમાં રચ્યાસાલ વિશે આ મુજબની માહીતી છે:

સંવત્ સત્તર પંદરોતરો, ને જેઠ મહિનો સાર;
શુકલપક્ષ ને સપ્તમી છે, શુભ ત્યાં ગુરવાર.
અને વીશા વિષ્ણુનો, સંવત્સર તે શર્વરી;
હસ્તામલકની કથા સુંદર, પાવન વાણી ઉચરી.

બૃહત કાવ્યદોહનના ચોથા ભાગમાં "હસ્તામલક" છે :પૃ.૭૧૮-૭૪૦: ત્યાં રચ્યાસાલ આ મુજબ આપી છે:

સંવત સત્તર સિતોતર, વળી જ્યેષ્ઠ માસ તે સાર,
શુકલપક્ષની સપ્તમી, અને સુરતણો ગુરવાર.
વીશા પ્રહ્લાજી તણી, અને સંવત્સર તે શરવરી,
હસ્તામલકની કથા સુંદર, પાવન વાણી ઓચરી.

"રવિભાણ સંપ્રદાયની વાણી" ભાગ રજામાં "હસ્તામલક" છપાયું છે. :પૃ.૪૧૫-૪૪૧: તેમાં રચ્યાસાલ વિશેનો નિર્દેશ આ મુજબ છે:

સંવત સત્તર સત્તોતરો, અને જેષ્ટ માસ તે સાર
શુકલ પક્ષની દશમી, અને સુરતણો ગુરૂવાર,
વીશી બ્રહ્માજી તણી અને સુંવતસરને સરવરી
હસ્તામલકની કશ સુંદર, પાવન વાણી ઉચરી.

કે. કા. શાસ્ત્રી અનુમાન કરે છે. તે મુજબ સંવત સત્તર સત્તોતરો એટલે સત્તરસો ને સાત, સત્તરસો સિત્તેર નહિ. તો જ ગરબાઓ ૧૭૧૫ માં લખાયા તે સાથે આ રચ્યાસાલનો મેળ બેસે. પરંપરામાં જળવાઇ રહેલી જન્મતિથિ વિશે આમ શંકા લાવવી પડે.

ભાણસાહેબની રચનાઓ પૈકી "હસ્તામલક" વિશેષ જાણીતી છે. આ ઉપરાંત વેદાંતના તત્વજ્ઞાનને વિષય બનાવીને અવળ વાણીમાં રચાયેલો "અજગર અવધૂત સંવાદ" ૭૧ ગરબા, નૃસિંહજીની હમચી, બારમાસ, હનુમાનની હમચી, પ્રકીર્ણપદો આટલી બીજી કૃતિઓ છે.

સૌ પ્રથમ આપણે "હસ્તામલક" પર એક નજર નાખીએ. શંકરાચાર્ય અને હસ્તામલક વચ્ચેના સંવાદને એણે પોતાની રીતે વિસ્તારીને વિશદ બનાવી ને ગાલેખ્યો છે. નરહરિએ પણ આ રીતે "હસ્તામલક" ની રચના કરી છે. તે આપણે આગળ જોઇ ગયા છીએ. ભાણદાસ પોતે જ આ રચનાનું પ્રયોજન સમજાવતાં પહેલાં કડવામાં કહે છે:

સંસ્કૃતમાં કો નવ સમજે, પ્રાકૃતવાણી કરશું;
સુગમ અર્થ સુઇલા પ્રીછાઇ, તત્વજ્ઞાન ઉચરશું:

માધવાચાર્યે "શંકરદિગ્વિજય" માં શંકરાચાર્ય અને હસ્તામલકનો મેળાપ વર્ણવેલો છે.તેને ભાણદાસ કે નરહરિ શબ્દશ: અનુસરતા નથી. અદ્વૈતસિદ્ધાંતનું પ્રતિપાદન સરળતાથી કરવાનો જ એમનો ઉદ્દેશ છે.

"હસ્તામલક" આખ્યાનપધ્ધતિએ સોળ કડવામાં રચાયું છે. એમાં ઢાળ, વલણ ને ઉથલો પણ છે. પહેલા કડવામાં મંગળાચરણકરતાં કવિ પરબ્રહ્મને પ્રણામ કરે છે:

પરબ્રહ્મને પ્રણામ કરજો, આદિ નિરંજન દેવ;
પરમતત્વ પરિદ પુરૂષોતમ, આદેશકિત કરે સેવ.
ચરઅચરમાં તે પરિપૂરણ, બાહ્યાભ્યંતર ભરિયો;
કોટિ બ્રહ્માંડ ભર્યાં ભરપૂરણ, વાસુદેવ વિસ્તરિયો.

પછીથી કૃષ્ણપુરી નામના એમના ગુરુએ ભેદ અભેદની સમસ્યા એમને પ્રીછવી તેનો ઉલ્લેખ કરીને "મતિપ્રકાશ" માગીને એમને ચરણે લાગે છે. ભાણદાસ પણ ગુરુ અને ગોવિંદનું

નામ એકસાથે જ લે છે. એવા ગુરુના "ચરણકમલ પ્રતાપથકી" એક અવધૂતની કથા ગાવાની એમને હોંશ છે. હસ્તામલક જીવનમુક્તની મહાદશાને ભોગવનાર અવધૂત હતા, માટે "હૈડા માંહી હરખ ધરીને" કવિ એની કથા ગાવા ધારે છે. આટલી પ્રસ્તાવના પછી તરત જ કથાની સીધી શરૂઆત થાય છે. ધર્મના અવતારસમા પરિપૂર્ણ બ્રાહ્મણને ઘરે પુત્રજન્મ થયો. સામુદ્રિક શાસ્ત્રમાં ગણાવેલા બધાં સારાં લક્ષણો એનામાં હતાં પણ એ

જાણી પ્રીછીને જડ થઇ બેઠો, બોલ્યે બંધન દીઠું;
આત્મસુખ એકાંતનું તે, મનમાં લાગ્યું મીઠું.

સંસારના સમ્યક્ રૂપને એણે ઓળખી લીધું, એના હાર્દને હૈયે જાણી લીધા પછી મૌન સેવીને જ્ઞાનામૃતને ભોગવવાનું જ એને ઉચિત લાગ્યું. પણ એને મૂક જોઇને માતાપીતા અકળાયાં "એકનો એક દીકરો ને તે ય આવો! જરૂર અમે કશાં પાપ કર્યાં હોવાં જોઇએ. પછી માતપિતા મહામુનિ શંકરાચાર્યને આ વિશે પૂછવા ગયા, ને એમને પૂછ્યું:

આ જન્મથકી જડપુત્ર અમારો, કહો સ્વામી શું થાશે.

શંકરાચાર્યે અંતરમાં જ્ઞાનદૃષ્ટિ કરીને જોયું ને એમને તરત સમજાઇ ગયું કે એ "સમજીને સંકેલી બેઠો" છે. મહામુક્તિના પરમપદના એ ભોગીની ગતિ મહાગૂઢ છે. એ મહંત તો "ભસ્મભાયો હુતાશ" છે. પછી શંકરાચાર્યે એની પરીક્ષા લીધી. પરીક્ષા લેતાં શંકર રીઝ્યા. એવો બીજો કોઇ ન મળે એ એમને સમજાઇ ગયું. આથી એમણે હસ્તામલકના પિતાને કહ્યું કે આ પુત્ર તમને કશા કામમાં લાગવાનો નથી, માટે તમે એને મારી પાસે જ મૂકી જાવ. એ ઘેલો એટલે કે માયાની ચતુરાઇ વિનાનો છે; એ બોબડો છે એટલે કે વૈખરી વાણી એ બોલતો નથી; એને પોતાની સંભાળ રાખવાનું પણ ભાન નથી, એટલે કે એ માયામાં સાવધાન નથી, પણ આત્માના આનંદમય સ્વરૂપમાં સાવધાન છે. એ તો "આડો આંક" છે. વ્યવહારમાં નિરુપયોગી છે એટલે કે જ્ઞાનમાં એ છેલ્લી પાયરીએ પહોંચી ગયો છે. એ રખીકમાઇને કદી બાવાનો નથી એટલે કે એ નિષ્કર્મ છે માટે હવે નવાં ફળ ભોગવશે નહિ. એ ઘેરઘેર બાતો ફરશે, એટલે કે પૂર્વે કરેલાં ફળનાં ભોગરૂપી ભોજન કરશે[૧]: આગળ જતાં એ વટલાશે ને તમારી શોભા ટળશે. જંજાળ વધશે એટલે કે એના દેહનાં પૂર્વ સંસ્કાર જાગ્રત થતાં એ પરમહંસની દીક્ષા લેશે ને ત્યારે વર્ણાશ્રમોચિત એની શોભા નાથ પામશે.

૧: प्रारब्धकर्मणो भोगादेव क्षयः ।

આ સાંભળીને હસ્તામલકના પિતાએ શંકરાચાર્યને એની સોંપણી કરી ને કહ્યું:

સંગતી સારી તો મળી, જો એનું પોહોચ્યે પુણ્ય,
ઉદ્ધાર થાશે એહનો, જથપિ છે જડ મુન્ય

અને પછી ઉમેર્યું:

દાંતને જમ શું ભળાવું, ખોળે તમારે બાળ.

માતાપિતાના ગયા બાદ શંકરાચાર્ય હસ્તામલકને એનાં નામ, જાત, ભાત સ્વરૂપ વિશે પ્રશ્નો પૂછે છે ને એને ઉદ્દેશીને કહે છે:

પાત્ર મારે પ્રેમનું, તુજ વિના નહિ કોય;
પરમ વલ્લભ પ્રાણ મારા, તું છે જીવન સોય.
મારે મન ઇચ્છા હતી જે, મળે કો મહંત,
તત્ત્વજ્ઞાની બ્રહ્મવેત્તા, હંસ હરિજન સંત.
તે તો તું મુજને મળ્યો, મોકલ્યો શ્રી ભગવાન,
આત્મચર્ચા હવે કરશો, પરમ કેવળ જ્ઞાન.

શંકરાચાર્ય એનું સાચું સ્વરૂપ જાણીને એને ગુણાતીત છતાં જીવનમુક્તના ગુણે યુકત, નિરંજન નિરાધાર કહીને સંબોધે છે ને એના અમૃતવાણી સાંભળવાની ઇચ્છા પ્રકટ કરે છે:

હસ્તામલક કરુણાકટાક્ષે શંકરાચાર્ય ભણી જુએ છે ને જીવભાવને પરહરી બ્રહ્મદશાને પામી શંકરને આ મુજબ કહે છે:

નહિ હું માનવ-દેવ નહિ, હું નહિ યક્ષ કિન્નર કોય,
સિદ્ધ વિદ્યાધર નહિ કો દાનવ, નહિ ગણ ગાંધર્વસોય.

એ બ્રાહ્મણ ક્ષત્રિય કે વૈશ્ય નથી, શૂદ્ર નથી; એ વાનપ્રસ્થ બ્રહ્મચારી સંન્યાસી કે ગૃહસ્થ નથી; એ બદ્ધ નથી કે મુકત નથી; એ રાજસ તામસ કે સાત્ત્વિક નથી; એને નથી સ્વપ્ન કે નથી સંદેહ; એ દિન રાત કે સંધ્યા નથી; એ સંસાર નથી; મહાભૂત નથી કે રાબ્દ નથી; એને રૂપ કે આકાર નથી; એ મહારાજા, રંક, નિર્ધન કે ધનવંત નથી; એ મન બુદ્ધિ ચિત્ત કે અહંકાર નથી; એ મૂર્ખ નથી કે મહંત નથી; એ દશ ઇન્દ્રિય કે પ્રાણ નથી, એ માત્રા નથી; એ બાવન અક્ષરથી અળગો છે:

હું શુદ્ધ સ્વરૂપ અખંડ અવિનાશી, જ્ઞાનાનંદ અપાર,
વિધા વિલાસ અમૃત અર્ણવે, સાર તણો હું સાર,
સચ્ચિદાનંદ હું ધન પુરૂષોત્તમ, નિર્મળ ને નિ:કર્મ,
આપે આપ અકલ્પ મહા હું, હું તે છું પરબ્રહ્મ.
સોહં હંસ ગગનથી આધો, જુઓ હૃદેમાં આણી
નાદબુંદ કળાથી અળગો, સ્વરૂપ છું નિર્વાણ.

એને જન્મમરણ નથી, એ નિર્ગુણ ને વિલેપ છે, એ નિર્મળ નિશ્ચલ સનાતન સત્ય છે; એને પુરાતન કર્મ નથી; એને નથી બંધન કે નથી મુક્તિ. એ તો

તુરિયાતીત અલૌકિક અદ્‌ભૂત, કૂટસ્થ ને અવિકાર,
અસંખ્ય અનંત અક્ષય પદ પૂરણ, અભેદ્ય અછેદ્ય અપાર.

એને જાણવાનો અને પામવાનો માર્ગ બતાવતાં એ કહે છે:

જ્યમ હીરે હીરો વેધીએ, ને દીવે દીવો દીસે,
ત્યમ આત્મા આત્માએ જોઇએ, ત્યારે તે પામીશે.

એ પદની પ્રાપ્તિ થયા પછી એનો અનુભવ વર્ણવી શકાતો નથી.

ગૌને વચ્છ ધાવે પૂછ હલાવે, મૂગો સાકર ખાય,
સાહું સ્વપ્ન થયુ ગુંગાને, સ્વાદ કહયો નવ જાય.

આ સાંભળીને શંકરાચાર્ય પ્રશ્ન કરે છે:

જીવ વિના કો શબ્દ ન બોલે, તમે કહો છો હું બ્રહ્મ,
એ તો વચન અસંગત લાગે, મારા મનમાં ભ્રમ.

હસ્તામલક એના જવાબમાં કહે છે કે તમે તો પરિપૂર્ણ તત્વજ્ઞાની છો, તો

પૂછો વાદ ન કીજે સ્વામી, હારક હૈડે લહીએ.

પણ જો પ્રશ્ન જ કર્યો છે તો તેનો ઉત્તર આ છે. બ્રહ્મ ન બોલે એમ જે તમે કહ્યું તે સાચું જ છે, પણ મારું બોલ્યું તે અબોલ્યા સરખું છે. મને જો બોલતો દેખતાં હો તો તમારી બુધ્ધિ કાચી છે. એકદમ્ટાંથીઆ વાત સ્પષ્ટ થશે: વનમાં ઘણા વાંસ હોય, એ વાંસમાં છિદ્ર હોય ને એ છિદ્રોમાં વાયું ભરાય તો

અણકળાએ શબ્દ થયો, તે વંશ ધરે નહિ મન,
તેમ સેજે શબ્દ થયો મુજમાંથી, સાંભળીએ ભગવન.

"પૃથ્વી વિશે જે શુરા" છે એવા તત્વજ્ઞાની આ વાત સમજે છે. જે સમજે તેને આ "સોહેલો મારગ" કીધો.

આ જ વાત હસ્તામલક વધુ સ્પષ્ટ કરે છે. એ સર્વ દશ્યભ્રમના અધિષ્ઠાનરૂપ હોવાથી સ્તંભ સમાન છે, છતાં સર્વવ્યાપી અને અમૂર્ત હોવાથી ગગન સરખા છે. આ રીતે "ગગન સરખો શોભે સ્થંભજી" એવું વિરોધાભાસી વર્ણન કર્યું. આ સર્વ જે દેખાય છે તે હું છું, છતાં એનાથી હું અળગો છું, એટલે કે આત્મા સત્ રૂપે સર્વમાં છે, પણ જે જે દશ્ય છે તે આત્મા નથી, એ વિશે દષ્ટાંત આપીને સમજાવતાં કહે છે:

જેમ કાષ્ટ માંહી વન્હિ છે, ને નથી ત્યાં નિર્ધાર,
હોયે તો બળે સહી, પણ પ્રકટે થઇ અપાર.
તેમ મુજવડે સર્વ નીપજે, હું ભળ્યો નહિ કો માંય,
સાક્ષીની પેરે વેગળો, મુને લેપ કયમે નવ થાય. [૨]:

એ નિમિત્ત કારણ છે, એના વડે બધું ચૈતન્ય થયું છે. એ ઉપાધિથી અળગા છે, આકાશવત્ છે; એને વિકાર અડતો નથી. સૂર્ય વિના લોકોની વિધિ પ્રવૃત્તિ સંભવે નહિ. તેમ છતાં એ શુભાશુભ ચેષ્ટાથી સૂર્ય લેપાતો નથી, તે જ રીતે જગતની પ્રવૃત્તિનું નિમિત્ત કારણ ચૈતન્યસ્વરૂપ આત્મા છે છતાં તે સૂર્યની જેમ દૂષ્ટા હોવાથી તેને કશી ઉપાધિ નડતી નથી[૩]: ઇન્દ્રિયનાં કાર્યો આત્માને "આશરીને" પ્રવર્તે છે, છતાં ઇંદ્રિયનો વિકાર આત્માને લાગતો નથી; એ તો સદા શુદ્ધસ્વરૂપ અખંડ ગગનાકાર જ રહે છે. આમ એ

તે હું નિત્ય સ્વરૂપ છું, પ્રાપ્ય વસ્તુ પ્રમાણ,
શુદ્ધ ચૈતન્ય સદા વ્યાપક, સ્વરૂપ છું નિર્વાણ.

હસ્તામલક "સ્વરૂપનું સિદ્ધાંત" વળી એક દષ્ટાંત આપીને વિશદ કરીને વર્ણવે છે. દર્પણમાં દેખાતું આપણું પ્રતિબિંબ એ આપણાથી અળગું નથી, પણ એ દર્પણને કારણે પૃથક્ દેખાય છે એટલું જ તેમ

निमित्तं मनश्चक्षुरादिप्रवृत्तौ
निरस्ताखिलोपाधिराकाशकल्पः।
रविर्लोकचेष्टानिमित्तं यथाय:
स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥१॥

[૩] यथान्युष्णवन्नित्यबोधस्वरूपं
मनश्चक्षुरादीन्यबोधात्मकानि।
प्रवर्तन्त आश्रित्य निष्कम्यमेकं
स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥२॥

ત્યમ મૂળ માયા નિર્મળી, દર્પણ સ્થાની સાર,
પ્રતિબિંબ પરમાત્માને, અખંડ વ્યોમાકાર.[૪]

આ પ્રતિબિંબરૂપ પરમાત્મા તે જ જીવ, તે મન બુદ્ધિ ચિત્ત અહંકાર, મહાભૂત, દશ ઈંદ્રિય વગેરે રૂપે અવતાર થયો, પણ એ જાણે ઇન્દ્રજાળ સમાન મિથ્યા ભાસરૂપ છે, સૂર્યનાં કિરણો સૂર્યને વર્ણવે શી રીતે? તેમ માયાનો આભાસ તે આત્મસ્વરૂપને શી રીતે લહે? પણ

આત્મા જાગ્રત સદા સાક્ષી, લહે સકળ સ્વરૂપ.

જ્યારે દર્પણનો અભાવ હોય ત્યારે મુખનું પ્રતિબિંબ દેખાતું નથી, ત્યારે દ્વૈતનો નાશ થાય છે, પછી ત્યાં કોણ કોને જુએ[૫]? પછી તો જ્ઞાન થાય છે કે

અદ્વૈત આત્મા એક છે, જ્યારે લહ્યો શુદ્ધ વિચાર;
દ્વૈત બ્રહ્મ તે ટળી પછી, રહ્યો વ્યોમાકાર.
કલ્પના કારણ કો નથી, ત્યાં નથી જીવ પ્રમાણ;
કાળ કર્મ સુભાવ માયા, નથી જાણ અજાણ.

એક વધુ દૃષ્ટાંત ઝવેરીને આ વાત વધુ સ્પષ્ટ કરે છે:

જેમ પાણીથી પરપોટો થયો, પરપોટો ને પાણી એક;
ત્યમ જીવ બ્રહ્મ જૂદા નથી, જન જો જો કરી વિવેક.

આમ આત્મા શુદ્ધ સ્વયંસ્વરૂપ છે, એ અનેક થયો નથી, એ તો

સદા મોદ પ્રમોદ પૂરણ, સદા શાંત સ્વરૂપ
તુષ્ટ પુષ્ટ અખંડ આનંદ, ભર ને ભરપૂર.

એવો છે, પણ આ બધો વિસ્તાર તે માયાની ઉપાધિને કારણે દેખાય છે, આ વાત એક દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે.

અનેક પાત્ર જળતણાં તે, ભરી મૂકયાં જેહ,
પ્રતિબિંબ સૂર્યતણાં ઉપર, માંય દીસેતેહ.

---

૪ મુખાભાસકો દર્પણે દૃશ્યમાનો મુખત્વાત્પૃથક્ત્વેન નૈવાસ્તિ વસ્તુ।
ચિદાભાસકો ધીષુ જીવોઽપિ તદ્વત્ સ નિત્યોપલબ્ધિસ્વરૂપોઽહમાત્મા॥૩॥

૫ યથા દર્પણાભાવ આભાસહાનૌ મુખં બિંબતે કલ્પનાનિર્વિકલ્પમ્।
તથા ધીવિયોગે નિરાભાસકો યઃ નિત્યોપલબ્ધિસ્વરૂપોઽહમાત્મા॥૪॥

એક થકુ અનેક દીસે, અસંખ્ય ને અપાર,
પાત્ર જગ્યા ત્યાં જૂજવાં, નથી ભેદ વિકાર. ૬:

આ જ વાત બીજું દૃષ્ટાન્ત યોજીને સ્પષ્ટ કરે છે:

નદી તીરે વૃક્ષ જાણી, વહેતાં જળમાંહે જાય;
વહેતાં સરખાં દેખીએ, પણ નથી તે જળમાંય.
જ્યારે વૃક્ષ હેઠળ જઈને, થડ નિહાળી જોઈએ;
વૃક્ષ પોતાને ઠામે દીસે, ભરમ સઘળો ખોઈએ.

તેમ પરમાત્મા એક છે છતાં તેને અનેક રૂપે આપણે જોઈએ છીએ.

એક બીજું દૃષ્ટાંત આપીને આજવાત વધુ સ્પષ્ટ કરે છે. એ સૂર્યને નેત્રનું દૃષ્ટાંત છે. સૂરજ ઊગે એટલે અંધાર આંખ ઉઘડે, સૂર્યવડે જોઈને બધા "આપાપણા વ્યવહાર" ચલાવે. તેવી જ રીતે આત્મા એક પ્રમાણ છે, ને તેના વડે અનેક પ્રકારની બુદ્ધિઓના વ્યવહાર ચાલે છે; એ બધીને પ્રેરનાર પ્રકાશ આત્મા છે. ૭:

જેમ કાંતિ ઝળકે રવિતણી, તેમ નેત્રે નિહાળે રૂપ;
આપાપણા લોચન વડે, બહુ જુવે લક્ષ સ્વરૂપ.
પણ સૂર્યને મમત્વ નથી, રૂપનો એક લગાર;
અભિમાન એક ન સંભવે, સહુંથી રહ્યા અવિકાર.
તેમ એક જાગૃત આત્મા, તે સૂર્ય કોટિ પ્રકાશ;
સકળ વસ્તુ તણો વિષય, કરી રહ્યો આભાસ. ૮:

આ ચરાચર જગતમાં સકળ વસ્તુને સૂર્ય પ્રકાશે છે.

વિશ્વમાં વસ્તુ જેટલી, તેહને કરે પ્રકાશ,
અળ મનુષ્યાદિ લેઈને, સહુનો કરે છે નાશ.
ઘટ મઠ ને પટ જેહ છે વળી વસ્તુ નાના નિરધાર,
પરિપાક પૂર્વક કરે ભરણ, અંત્યે તો સંહાર.

य एको विभाति स्वतः शुद्धचेताः प्रकाशस्वरूपोऽपि नानेव धीषु ।
शरावेषुवक्स्थो यथा भानुरेकः स नित्योपलब्धिस्वरूपोऽस्म्यहमात्मा ॥ ६ ॥
विवस्वत्प्रभातं यथारूपमक्षं प्रगृह्णाति नानातमेवं विचस्वान् ।
यदाभाति आभासयत्येष्वनेकः स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ ८ ॥
यथानेकवह्नेः प्रकाशो रविर्न क्रमेण प्रकाशीकरोति प्रकाश्यम् ।
अनेकाधियो यस्तथैकप्रबोधः स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ ७ ॥

પણ અંતે તો એજ

આત્મા જીવન સર્વનો, અને સકળનો પ્રકાશ.[૯]

વાદળ સૂર્યને ઢાંકે ત્યારે સૂર્યને આંખવડે દેખી શકાતો નથી, ને તેથી બાળક જેવો અલ્પબુદ્ધિ એમ કહી દે છે કે આજે સૂર્ય ઉગ્યોજ નથી, પણ સૂર્ય તો નિત્ય પ્રકાશ છે. પ્રત્યક્ષને જો ન દેખેતો સૂર્યનો એમાં શો વાંક? આમ, અલ્પમતિ જીવ પોતાના આત્માને બધ્ધ માને છે, પણ આત્મા તો સદા મુકત છે. અહંતા મમતા રૂપી વાદળનો પાર નથી, અહંકારની ઘનઘટા છવાય છે પણ અજ્ઞાનનાં વાદળ ઊતરે ત્યારે આત્મા પ્રકટ થાય છે.[૧૦] અજ્ઞાનનાં વાદળને દૂર કરવાનો ઉપાય બતાવતાં કહે છે:

મનનો સંયમ ઈંદ્રિય નિગ્રહ કીજીએ નિર્વાણ,
સંતસંગત કથા હરિનો, સાંભળી અપાર;
શ્રી ભાગવત ભગવદ્‌ગીતા, અને ગીતાસાર.
એકાંત બેશી કીજીએ, આત્માનો વિચાર;
શ્રવણ મનન, નિદિધ્યાસન કરતાં, થાય સાક્ષાત્કાર,
તત્વજ્ઞાની ગુરૂ કરીને, પૂછીએ એકાંત,
અહંકાર વાદળ ઉતરે, પછી પામીએ મહાશાંત.

બ્રહ્માકુમાર હસ્તમલક હવે સમરસ શીતળ વાણીમાં "આત્માકેરી રીત" અથવા "વિજ્ઞાન આગળ સમજાવે છે:

સમસ્ત વસ્તુતણો વિષે, એ સંલગ્ન સંસૂત્ર જાણ
નાના વિધિના જીવ મણકા, પરોયા નિર્વાણ.

વળી

જેમ શુધ્ધ નભ છે નિર્મળો, સર્વ રહે તે માંય;
ધૂલિ ધુંવર વાદળાં, ઘન ઉપજે વર્તે સમાય
આકાશ વસ્તુ અખંડ છે, અદ્વૈત ને અપાર,
સર્વે માંહે ને વેગળો, લાગે નહિ વિકાર.
એમ આત્મા અખંડ છે, નિત્ય બોધ પ્રકાશ.
અક્ષર બ્રહ્મ જ્ઞારે નહિ, ત્રિગુણ માયાપાશ.

યથા સૂર્ય એકોઽપ્યનેકશ્ચલાસુ સ્થિરાસ્વપ્યનન્યપ્રમેયાત્મ્યયસ્યન્ન:।
ચલાસુ પ્રમિક્ષાસુ ધીષ્વેવમેકા સ નિત્યોપલબ્ધિસ્વરૂપોઽહમાત્મા ॥૯॥

ઘનચ્છન્ન દૃષ્ટિર્ઘનચ્છન્નમર્કં યથા નિષ્પ્રભં મન્યતે ચાતિમૂઢ:।
તથા બદ્ધવદ્ભાતિ યો મૂઢદૃષ્ટે: સ નિત્યોપલબ્ધિસ્વરૂપોઽહમાત્મા ॥૧૦॥

પંચભૂતનો વંટોળિયો તો ઉઠે ને શમી જાય, તેથી શુદ્ધ ચૈતન્ય આત્મા લેપાય નહિ.[૧૧]: કનક તત્ત્વ એક છે, પણ એમાંથી મુદ્રિકા માળા, મેણલા, મુકુટ, મંડિલ, કિંકિણી, કુંડળ, ટીલડી, ટીલી, ટોડર, કૂલી, વેસર, કૂલ, જેહર, ઝૂમણાં, વગેરે કહેતાં વાર ન આવે તેટલાં જૂજવાં ભૂષણ ઘડવામાં આવે છે પણ

એ કહેવા જોવા માત્ર છે, ઉપાધિ તે આકાર,
એ મિથ્યા માયાઘાટ આકૃતિ, હેમ સદા અવિકાર.

આ દૃષ્ટાંત તો નરસિંહના વખતથી જાણીતું છેજ. એક વધુ જે દૃષ્ટાંત આપીને આ જ વાત સમજાવતાં કહે છે કે જેમ ચંદ્ર કે તેની ચાંદની વહેતાં પાણીમાં વહેતાં જેવાં દેખાય છે. વાસ્તવમાં તે વહેતાં નથી. એ વહેવારૂપી અપ્રાણતાની ઉપાધિ ચંદ્રને નથી તેમ બ્રહ્મ પણ માયાને કારણે પરિવર્તનશીલ ને વિકારી લાગતું છતાં અખંડ વ્યોમાકાર જે છે. એને કશી ઉપાધિ નથી. [૧૨]: પ્રભુ ગંધ ગ્રહે, રસ ભોગવે ભક્ષ ને ભોજન કરે, લેહ્ય ચોષ્ય ને રસાળ વાનીઓ આરોગે, શયને કે આસને વિરાજે, ગજ રથ કે અશ્વના પર બેસે, અનેક પ્રકારના ભોગ ભોગવે, પટ પીતાંબર ધારણ કરે કે મહાજોગી બને, નગર વાટણમાં વસે કે વનમાં વસે પણ પ્રભુ તો સદા અકર્તા ને અહંકાર વર્જિત જ રહે છે, એને કશું બંધનરૂપ થતું નથી.

એણે સ્વરૂપે વરતો તમે, ત્યાં કોણ પોહોચે નાથ
ઈંદ્રિયથકો અળગા વસો, કોણ લહે તમારી વાત.
અગાધ બોધ વરતો તમો સહુ, કોણ લહે તમારો પાર.
જડ મૂક મૌન્યે કરી રહ્યા, એ અલૌકિક વ્યવહાર.

આ બધું સાંભળીને શંકર પ્રસન્ન થયા. આવા વિરલા તત્વદર્શી સંસારમાં વારંવાર કયાંથી મળે ? આ "સમજ્યાતણો સમાગમ" પણ વારેવારે થતો નથી.

समस्तेषु वस्तुष्वनुस्यूतमेकं समेतानि वस्तूनि चैव स्पृहानि ।
विधत्ते सदा शुद्धमच्छस्वरूपः स निर्व्योमलिप्तिस्वरूपोऽहमात्मा ॥११॥

गुणौघे यथा भेदेता सन्मणीनां तथा भेदेता बुद्धिभेदेषु तेऽपि ।
यथा चन्द्रिकाणां गतेश्चंचलत्वं तथा चंचलत्वं त्वयीहु विष्णो ॥१२॥

" "પ્રીછ્યા પંડિત" જે મહામુકત ને મહાધીર, સંશય-રહિત ને જ્ઞાનગંભીર હોય છે તે પણ ભાગ્યે જ મળે છે. ને એ મળે ત્યારે અવતાર સફળ થઇ જાય. એમના જ્ઞાનામૃતની વૃષ્ટિથી અંત:કરણ શીતળ થઇ જાય છે. એ પરબ્રહ્મરસનું પાન કરતાં લગાર તૃપ્તિ થતી નથી. આવી કૃતજ્ઞતાની વાણી શંકરાચાર્યને મુખે ભાણદાસ પોતે જ ઉચ્ચારતા લાગે છે. વર્ષ પૂરું થતાં બ્રાહ્મણ પિતા આવીને હસ્તામલકનું સાચું રૂપ જોતાં હરખાય છે ને એને ઇકોતેર પેઢીના તારક તરીકે, સાચા સ્વરૂપે, ઓળખીને ધન્યતા અનુભવે છે.

આમ આપણે જોઇ ગયા કે ભાણદાસે "હસ્તામલક" ની રચના મૂળ હસ્તામલક સૂત્રના બાર શ્લોકોને જ આધારે, એ શ્લોકો ઉપરના વાર્તિક રૂપે, કરી છે. ભાણદાસના "હસ્તામલક" માં સોળ કડવાં છે. એમાંના પ્રથમ બે શંકરાચાર્ય અને હસ્તામલકની મુલાકાતના કથાભાગને રજૂ કરે છે. કયાંક મૂળ શ્લોકમાંના દષ્ટાન્તની સાથે, સિધ્ધાંતને વધુ વિશદ બનાવવા, વધુ દૃષ્ટાંત ઉમેર્યું છે. આ દષ્ટાંત આ પરંપરામાં પ્રસિધ્ધ એવા સ્વરૂપનું જ હોય છે. કૃતિના પ્રારંભમાં ભાણદાસે કહ્યું છે તેમ સંસ્કૃતમાં કરેલી તત્વજ્ઞાનની સૂત્રરૂપ ચર્ચા સંસ્કૃત ન જાણનારને માટે વિસ્તારીને દષ્ટાંતની મદદથી વિશદ કરીને મૂકવાનો જ એમનો ઉદ્દેશ છે. આ ઉદ્દેશ સિધ્ધ થયો છે એમાં શંકા નથી. ભાણદાસની ભાષા વેદાન્ત જેવા અટપટા વિષયને સરળ રીતે રજૂ કરવાની શક્તિ ધરાવે છે, અને સાથે વિષયને અનુરૂપ પ્રૌઢિ પણ જાળવી રાખે છે.

મંછારામ મોતી તરફથી પૂનાથી સંવત ૧૯૮૬ માં પ્રસિધ્ધ થયેલો "રવિભાણ સંપ્રદાયની વાણી" ભાગ ૧ લામાં પૃ. ૩૪૦ થી તે પૃ.૩૪૭ પર ભાણદાસનાં પંદર પદો પ્રકટ થયેલાં છે. એમાં સદ્‌ગુરુનું માહાત્મ્ય, વૈરાગ્યોપદેશ, માયાનું સ્વરૂપ, અલખનિરંજનની આરતી, સુરમા :શૂરા: સાધુનાં લક્ષણ અને સાચી સાધના આટલા વિષયો નિરૂપાયા છે. ભાણદાસની વાનીમાં કાઠિયાવાડની તળપદી બોલીને લીધે આવતું ખમીર એક નવી જ ભાત પાડે છે. આ પદોમાં ભાણદાસ હઠયોગની સાધનાનો પણ ઉલ્લેખ કરે છે. ને હઠયોગનો પરિભાષા માં બ્રહ્માનુભવને વર્ણવે છે. હિંદીમાં પણ એમણે પદો લખ્યાં છે. સદ્‌ગુરુની જેને પ્રાપ્તિ થઇ તે ધન્ય થઇ ગયો. એવા કૃતાર્થ જીવના આનંદને વર્ણવતાં ભાણદાસ કહે છે:

ગગન ગરજ્યા શ્રવણે સુણીયા, મેઘ જ બારે માસી;
ચમક દામની ચમકન લાગી દેખ્યા એક ઉદાસી,
ગેબતણા ઘડીયાળાં વાગે વ્દૈત ગીયા દળ નાશી,
ઝીણપણામાં ઝાલર વાગી, ઉદય ભયા અવિનાશી.

ચાર અવસ્થારૂપ ચાર સખીઓએ વલોણું વલોવ્યું ને અભેદાનુભૂતિનું માખણ મેળવ્યું, એમાં બધાં શાસ્ત્રોના જ્ઞાનનો અર્ક આવી ગયો. હવે સાત વ્દીપ કે સાત સાગર રહ્યા નથી, નથી રહી ધરણી કે નથી રહ્યું આકાશ. હવે તો

એજી નિરંતર આતમ બોલે, સોવિધી વિરલા પાસી,

આમ સ્વપ્ન ગયું ને સાહેબની ઉપલબ્ધિ થઇ, એમાં ભાણદાસ સમાઇ ગયા. [૧૩:] આવા સદ્‌ગુરુએ ચોર્યાશીનો રાહ ચુકાવીને અખંડ ધામની ઓળખાણ કરાવી, નવધા ભક્તિનું નામ મિટાવીને દશમી ભક્તિ શીખવી. ગુરુ નહોતા મળ્યા ત્યારે "જકકર કરતાં ગઇ જામિનો" પણ હવે હવે તો "સોહં સાહેબ" ના પ્રાપ્તિ થઇ ગઇ.

જપતપ તિરથ જોગ ન ધરતાં, સળંગ સેરડો પાયો
ષટદર્શનમાં ખોજ કરીને, ફરી ફરી ઘેર જ આયો.

આમ ગુરુકૃપાથી "જ્યાણો હરિ ભીતરલેહેં" નથી તે જાણીને "જોતીમેં જોતો મિલાયો."[૧૪:] આ હરિની સાથે જેણે પોતાના અભેદને અનુભવ્યો નથી તેવા નરનું વર્ણન કરતાં ભાણદાસ કહે છે:

હરિ વિનાના હળવા હોંડે નર ફરે નિમાણા [૧૫:]

જે "ભીતર નહીં ભેદાણા" તે આવા દયામણા જ રહેવાના. પણ જેને ગુરુએ સાચો માર્ગ ચીંધ્યો તેણે તો

જે દેવને દુરલેખતાં, નજરે ભાળયો નેડો.

એનું મન નિરંજન જોડે બંધાઇ ગયું [૧૬:] ગુરુગમથી જે જાગ્યા તે જ જીતી ગયા.

૧૩: ૫૬ ૧, પૃ. ૩૪૦-૪૧ ૧૪: ૫૬૨, પૃ. ૩૪૧
૧૫: ૫૬ ૮, પૃ. ૩૪૩ ૧૬: ૫૬ ૪, પૃ. ૩૪૨

જાગ્યા સોઇ નર સંસારમાં સીધ્યા, જેણે ઉજેડ મેલ્યો આધો
મારગ ધાયા તે બહોત સુખ પાયા, તેનો જરામરણ જો ભાંગ્યો.[૧૭]:

જે દંભીઓ સ્વરૂપજ્ઞાન વિના સાધનાનો ડોળ કરે છે. તે લોકો "કાલર બેતર" બેડીને "વોખીયા ફળ" વેડવા જેવું કરે છે. જેણે આમ ખોટે મને બેડ કીધી છે. તેમને ખરે બપોરે નાસવું પડશે. માટે "વાપ્યા તણો વિચાર" જાણવો જોઇએ નહિ તો

વીગત નવ જાણે ને બીજ લઇ વાવે, કાઢી કઢારો આવે રે વીરા
ધાઇ ધુતીને કાલક નર લાવે એની આગમ બાધુમાં જાવે રે વીરા.[૧૮]:

પણ જે લોકો "સમજણહારૂ" છે તેઓ તો

બાંતીલા બેડુ થઇ બેઠા મનમે મધુરી માળા
ધર્મના ધોરીંધર ધરે જોત રોચા.

એમણે વિવેક કરીને જાણ્યું જે સમુદ્રમાં શંખલાં ઝાઝાં હોય છે, પણ રત્નાકરમાં રત્નો હોય છે, ને તે પામવાને મરજીવા બની રત્નાકરમાં જ ઝંપલાવ્યું.[૧૯]: જે દિલની દુવિધા ટાળે તે જ સાચો ગુરમા સાધુ. એવા ગુરુના પ્રતાપે જ અનહદ વાજાં વાગે. એના વડે જ પ્રતીતિ થાય કે

તાણો વાણો એક છે જુજવા મત જાણો.

અને એવા ગુરુની મદદથી દિલના દરિયાને જોતાં એમાં બધા દરિયાને સમાયેલા જોઇ શકાય.[૨૦]: આવા સદ્‌ગુરુની સાન સમજનારા પણ શૂરા જ હોય:

સદ્‌ગુરૂ-કેરો સાનમે સમજે કોઇક શુરા
સમજીને જે સહી કરે તે પદ પાવે પુરા.

સમજીને બેસી રહ્યે કામમાં ન આવે, જે સમજ્યા તેને સહી કરી બતાવવું જોઇએ. પૂર્ણપદના સાચા અધિકારી એવા લોકો જ છે.[૨૧]: દિલના દરિયામાં ઝલઝ નિરંજનનું રૂપ જોઇને ભાણદાસ ઉમળકાથી એની આરતી ગાય છે. એમાં અભેદાનુભૂતિની સાધનાના ક્રમિક વિકાસને સુંદર રીતે ગૂંથી લીધો છે.

૧૭: પદ ૫, પૃ. ૩૪૨, ૧૮: પદ ૬, પૃ. ૩૪૩, ૧૯: પદ ૯, પૃ. ૩૪૪
૨૦: પદ ૧૧, પૃ. ૩૪૫ ૨૧: પદ ૧૨, પૃ. ૩૪૬

પેલી આરતી પગથી લાધી, સુરત તુરત સાહેબસે બાધી
દુસરી આરતી દ્વાદશ દેખ્યા, પરહંસ સંપુરણ પેખ્યા.
તીસરી આરતી તીન ગુણત્યાગ્યા, સત શબ્દ સબ ઘટમેં જાગ્યા.
ચોથી આરતી ચીત ભયા ચોખા, ભરમ કરમકા ભાગ્યા ધોખા.
પાંચમી આરતી પીયા ઘર આયા, ગુરૂ પ્રતાપે ગગન જગાયા.
છઠ્ઠી આરતી છો ત મીટાયા, અગમ અગોચર ઘરમેં પાયા.
સાતમી આરતી સતવૃત છાયા, અગમ તીરથકા પેડા ખાયા.
આઠમી આરતી જુઠ પસારા રોમરોમમેં પરિબ્રહ્મ પ્યારા.
નવમી આરતી નામ જમાયા, અનભે આપા અલખ લખાયા.
દસમી આરતી દેવદળ જાગ્યા, જીવ શીવકા સંશય ભાગ્યા.
એકાદશમી આરતી સબ ઘટ દેખ્યા, સોહં સાહેબસો સીમાં પેખ્યા.
બારમી આરતી બુધ પ્રકાશા, ભાણ શબ્દ સતગુરૂકા દાસા. ૨૨:

બ્રહ્માનુભવને હઠયોગની પરિભાષામાં પણ ભાણદાસ ઘણીવાર વર્ણવે છે:

નામ રૂપ જબ નરખીયા અનહદ ઘર આયા
ઈંગલા પીંગલા સુખમના, સેજે સેજ ઘર પાયા.
ભમર ગુફામેં ભોંઠો જબે ભારે દેખ લાલી
જુગત જાગીને ત્યાં રહે બેઠા આસન વાળી ૨૩:

"ભાણફોજ" એ શીર્ષકવાળા પંદરમા પદમાં ભાણદાસ પોતાના શિષ્યોની નામાવલી આપે છે. સૈન્ય યુદ્ધને માટેના ઉત્સાહથી નીકળીને શંખનેરી વગેરેના નાદ કરતું હોય તેવું એમાં વર્ણન છે:

સુન અનહદકો ઠોર ભાણફોજ નિશ્ચલય ચઢી.

રવિરામે નામની નોબત ગડગડાવી, જીવણદાસે મનીષા ની કડી તોડી, ખીમદાસે ઉદાસી ઓંકારના ભજનની ઝડી વરસાવી ને સુરત બ્રહ્મમાં જઈને ભળી, ચરણદાસ અને હરિદાસે નિર્ગુણનો શંખ બજાવ્યો, સતનામી શામદાસે સુરતના નિશાન વગાડ્યા, દયાળદાસે દિલમાં કમળનો નાદ સુણાવ્યો ને ગરીબદાસ ગુલતાન થઈને કાપડ ફેરવવા લાગ્યા.

૨૨: પદ ૧૩, પૃ. ૩૪૬ ૨૩: પદ ૧૨, પૃ. ૩૪૫

પદને અંતે:

કરજોડો કહે કૃષ્ણદાસ ગુરૂ ભાણ ફોજ નર્મે ચડી

એમ આવે છે. ત્યાં કૃષ્ણપુરીનો ઉલ્લેખ છે કે પછી ભાણદાસના શિષ્ય કૃષ્ણદાસે આ ફોજ વર્ણવી છે. એવો પ્રશ્ન થાય છે. અન્ય પદોમાં ભાણદાસ પોતાને લોહાણા તરીકે ઓળખાવે છે:

અસુરાંને મન દયા આણો, એમ ભણે લુહાણો ભાણો રે [૨૪]

અને

સાચો નામ સાહેબકા જાણો, જાણે લુહાણો ભાણો. [૨૫]

એના ૭૧ ગરબાઓ વાળી હસ્તપ્રતની પુષ્પિકામાં એ પોતાને "વઇષ્ણવ ભાણદાસ" કહીને ઓળખાવે છે ને એ ગરબા વઇષ્ણવી માયાના મહિમાને સ્તવવાને રચ્યા છે એવો એમાં નિર્દેશ છે. એનો "ભવાની રાસ" તો વિરાટને વ્યાપી લઇને ચગતો રાસ છે. ગગનમંડળની ગાગરડીમાં સૂર્યચંદ્ર તારાના દીવા મૂકીને ભવાની રાસ રમે છે તેના ગુણની ગરબી ભાણદાસ ગાય છે. પૃથ્વી એનું કોડિયું છે, પર્વત મેર છે, સાત સાગરનું એમાં તેલ ભર્યું છે. એમાં મુકતાફળ તે ફેરને સ્થાને છે. એમાં સ્થાવર-જંગમની ભસ્મ છે. શિર પરની ગાદી તે કચ્છપની છે ને ઊંધણીએ શેષ નાગ છે ગાગર ઉપરનું ઢાંકણું તે અપાર અંબર છે. એ ગરબીમાં તેત્રીસ કોટિ છિદ્ર છે, ને તેમાંથી અઢાર તેજ વરસે છે. એ ગરબીમાંથી અહર્નિશ અમૃત ઝરે છે. ને જગત એનું પાન કરે છે. ગરબી વિવિધ પ્રકારે ધર્મ, અર્થ ને કામ વરસી રહી છે. એમાંથી જ ચારવેદ પ્રગટ થયા છે, એ ગરબી વિશ્વના વિશ્રામરૂપ છે એમાંથી જ હરિ, બ્રહ્મા ને ઇશ એ ત્રણ મૂર્તિ પ્રગટ થઇ છે. ગૌરી એ ગાગરને સદાકાલ સહજે શીશ પર ધારણ કરે છે. આ "રસાલુરાસ" જોઇને ચૌદ લોક મોહ પામ્યા છે. એવી ગરબીના ગુણ ભાણદાસે ગાયા છે. આપણા કાવ્યસાહિત્યની આ એક અમર કૃતિ છે.

"અજગર અવધૂતસંવાદ" માં જીવ અને બ્રહ્મના અભેદની જ વાત કદિક સરળ સૂત્રાત્મક રીતે તો કદિક અવળવાણીનો આશ્રય લઇને ભાણદાસે નિરૂપી છે. આ અભેદની વાત સરળ રીતે સમજાવતાં ભાણદાસ કહે છે:

૨૪: પદ ૭ પૃ.૩૪૩ ૨૫: પદ ૫, પૃ. ૩૪૨

સળંગ સૂત્ર રહ્યા છે રામ, હરિ વિના ઠાલો નહિઠામ,
ચૌદલોકનો વ્યાપક જેહ, તે તે હું તે હું તે તેહ,
હું પલટાતા તે હું થયો, તે પલટાતા હું તે રહ્યો.

આજ વાત અવળવાણીનો ઉપયોગ કરીને ભાણદાસ આ સ્વરૂપે મૂકે છેઃ

વાંઝણીયે જન્મ્યો એક પુત્ર તે દેશ વિદેશ ચલાવે સૂત્ર,
એક સમે તે થયો સંસવાર સસાસંગ ધનુષ હથિયાર,
અણજન્મો માલિ આવિયો, વ્યોમ તણુ તે પુષ્પ લાવિયો,
તે લેઇને મસ્તક ધરીંક મૃગજલ માહેં મજ્જન કરાં.
વર્ણ વિનો સૌ દેશે ફરે વદન વણો બહુ વાતો કરે,
વલીવલી અનોપમ વાત અમાંસની અંધારી રાત્ય,
સોળ કલા લેઇ ઉગ્યો ચંદ ત્યાંહાં અજુઆલુ દેખે અંધ
કેહેવા માત્ર એ વચન જરાય એમ કદાપિ કયમે નષ્ય થાય.
જયેમ છે વચન એ મિથ્યા રોપ ત્યેમ એ જકત નથી સંસાર.
હું તું નહિ તું નહિ નહિ લોક જે દિસેં તે સર્વે ફોક.
સત્ય સ્વરૂપ રહ્યા જલહળી વાંણી વેદ કો ન સકે કળી
સાચાનો સધળો પરકાશ કરજોડીને કહે ભાંણદાસ.

જે સત્ય વડે જ બધું પ્રકાશે છે તેને વાણી કેવી રીતે પ્રકટ કરવાની હતી માટે જ એ વાત

ઘાટે ઘાટ કયમ કેહેવાય જિહ્વાથી કહ્યું નષ્ય જાય
એક ઉપમાં દેવા નથી સત્યસત્ય મે વાંણી કથી.

આ અનિર્વચનીય પદની વાત ભલે ને ન થાય, એથી જેનો ઉપલબ્ધિ થઇ ચૂકી છે એ કાંઇ મિથ્યા ઠરતું નથી.

એ તો સુષ મેં કહ્યું નષ્ય જાય મગન થયો અમૃતફલમાંય.

આ "અમૃતફળ" માં મગ્ન થયેલા ભાણદાસની વાણી આપણે સાંભળી.

૨ ણ છો ડ

:અઢારમો સૈકો:

ફાર્બસ સભાની સંખ્યાંક ૮૯ વાળી હસ્તપ્રતમાં રણછોડનો કક્કો પ્રાપ્ત થાય છે. જ્ઞાનમાર્ગી ધારાની રચનાઓની દૃષ્ટિએ એની આ નાનકડી કૃતિ નોંધપાત્ર લાગવાથી, એની જ, અહીં ચર્ચા કરવા ધાર્યું છે.

શરૂઆતમાં કવિ આ "ઘટનો મરમ" જાણી લેવાનું કહે છે. અંતરઘટમાં દૃષ્ટિ કરવી, ત્યાં અજપાજાપ ચાલ્યા કરતા હોય છે, એ જ સાચું સ્મરણ છે. એ વડે જ કારણોનું કારણ જાણી શકાય છે.

પછી કવિ "શુંનમંડલ" માં સુરતાને સ્થિર કરવાનું કહે છે. સુરતનરતની નાવ બનાવીને, એમાં ધીરેથી પાય મૂકીને પાર ઊતરી શકશો. બ્રહ્મજ્ઞાનને માટે ગુરુની સેવા કરીને, ધીરજ ધરીને, ગુમાન ત્યજીને, નિત્ય નિરંજન દેવની પૂજા કરવી જોઈએ. આ દેહ એ સાધનાનું એક અમૂલ્ય સાધન છે. એની રચના ભારે અદ્‌ભૂત છે. એમાં તો મણિહીરાની અમૂલ્ય ખાણ છે. અગોચર વસ્તુ તો બહાર કયાંય નથી, તે તો અંતર ભરીને જ રહી છે, માટે ધરમાં દીવો કરીને, તિમિર ટાળીને એને જોઈલો. પછી હઠયોગની પરિભાષા માં બ્રહ્માનુભૂતિનું વર્ણન કરતાં કવિ કહે છે:

નાના નાદની નરત જ પડે ગગનમંડલ નોબત ગરગડે'
ઘણઘણ થાય અનહદ વાયે ગોપી ગાય.

એકજ દેવની ઉપાસના થાય, અને તે "ચૈતનદેવ" ની. એને "અખંડવન" માં બેસીખંડ રાસો રચાવીને, "અખંડ આરતી" ઉતારીને આરાધો. એની અખંડ લીલા ગાયા કરવી. કોડોથી તે કુંજરમાં કુંજબિહારી જ એક-સરખા સર્વત્ર વ્યાપેલા છે, એણે જ અનેક જાતના ભેષ લીધા છે. જો મૂળ જ્યોતમાં જ્યોત મિલાવી દઈએ તો ગર્ભવાસનો વારો ફરીફરી આવે જ નહિ. સાધુજનની સેવા કરવી, પ્રેમરસ પીવો ને મહાપુરુષ નો સત્સંગ કરવો તો ભવદશા જાય. જો વાત જરા ઝીણવટથી વિચારી જોશો. નેન ઝરુખેથી ઝાંખીને જોશો તો દેખાશે:

આપે કરતા આપે સોયે આપે આપ જડે તો જોયે.

જેને નામનો નેડો લાગ્યો તેનો કેડો પિયુ કદા મૂકે જ શી રીતે? પછી તો એ આધ નિરંજન એક પલકમાં જ પાસે આવે. નામનો પ્રતાપ એવો છે કે એ કર્મને પ્રજાળે છે. અંતરપટમાં એને ભાળી લ્યો–

જો જાણશો તો કયાંહા જશે પ્રભુ પિંડમાં પ્રગટ થશે;

આધ અક્ષરની ગતિ સ્થિર થઇને જાણી લો. માત્ર કેહેણીથી કારજ સરશે નહિ, રેહેણી પણ જે એ પ્રમાણે રાખશે તે જ નર તરશે. પૂરણ બ્રહ્મને ટુંકડો જ જાણો, એને પાસે જ પેખો. આ સંસારમાં મસ્ત બનીને બ્રહ્મકુમારી સાખીને ફરે તેને શું થવાનું હતું?

હદબેહદમાં હરિયેં ફરીયે ધરણી ઉપર પાવ નાં ધરિયે
ગગન ચઢી ગોવિંદ ગુણ ગાઇએ ધધા ધામ સ્વરૂપને ધાઇએ.

કવિને મન પ્રેમનું મહત્વ ઓછું નથી. પ્રેમ જ ભેદને ટાળીને અભેદ સિધ્ધ કરે છે. એવા પ્રેમને અનુભવીને કૃતાર્થ થઇને કવિ હ કહે છે:

પ્રેમતણો મુને પ્યાલો પાયો રામરંગમાં હું રોઝાયો
અંતરપટમાં ઉઠીબેસો પપા પ્રેમગલીમે પેસો.

પ્રેમેજ પૂર્ણાનંદની પૂજા થઇ શકે. એકવાર એને પ્રેમથી પરખી લો, પછી કશું કરવાનું રહેતું નથી. જેનું અકળ સ્વરૂપ વેદ વખાણે છે તે બ્રહ્મનો ભેદ જાણી લો. જેનો બ્રહ્મા ને રુદ્ર પણ પાર નથી પામ્યા તે તારા મંદિરમાં માણે છે, એ બ્રહ્મને તું ચીના લે. જો મર્મ લાધે તો મૌન સેવજે, પછી વાણીના વ્યવહારની કશી જરૂર રહેશે નહિ. રાંક થઇને ફરવું સારું:

રેરા રાંક થઇને ફરીયેં કોહોનિ સાથેં વાદ નાં કરીયેં
રામરંગમાં ભીના રહીયે આ દુનિયાંના શબદ સહિયેં
જે કહે તેહનેં કેહેવા દેઇએ રે રે રામનામ તો દેઇએ.

આ કાળાપીળા રંગ તે બધી લાલની જ લીલા છે. જો એને લક્ષમાં લાવી શકશો તો એને સાવ પાસે પામશો. શુધ્ધ મારગે ચાલો, ત્રિકમના નાવનું તુંબુ બનાવીને આ સાગરને તરી જાઓ. સંત વિના કોઇ ક ભ્રાંતિ ભાંગશે નહિ. છેલ્લે કવિ કહે છે :

હહ૦ હદ મેલી નિસરીયેં કહું બાપ બેહદમે ફરીયે
નિર્ગુણરૂપ નિરંજન નિરખ્યો એહવો જાંણી હઇડામાં હરખ્યો
ગુરુ પ્રતાપે થઇ છે દયા સહી અક્ષર સંપૂરણ થયા.
કકો કવિના માંહે સમાયો એ રસ રણછોડદાસે ગાયો.

આ નાનીશી કૃતિમાં બ્રહ્મનું સ્વરૂપ, એને પામવાનો સહજ માર્ગ, ગુરુ તથા સંતનો મહિમા, બાહ્યાચારની નિરર્થકતા અને બ્રહ્માનંદની અનુભૂતિનું વર્ણન – આ બધું જ અહીં કવિ સંક્ષેપમાં નિરૂપે છે. આ જ ભાવને પ્રકટ કરતું, સંક્ષેપમાં સમાવી લેતું એક અપ્રસિદ્ધ પદ પણ અહીં આખું ઉતારવા જેવું છે:

ઓલખીને લેજો રે અનુભવી આતમા રે
રખે તૂ તો છલબલ કરતો રે કાંઈ
મોહોટમપણૂ મેહેલ રે લેહે તુ તાહારૂ વાટમાં રે
હરજી ધરજો હઈડામાં રે. – ઓલખીને. ૧
ફરી ફરિ મનસાદેહ મલવો નથી રે
એ નર માંનજે નીશ્ચધાર
દિનદિંન કરતાં રે આવરદા ઓછો થાય છે રે
પછે તૂ ને મરતાં નહી લાગે વાર. ઓલખીને.૨
મગન થઇને રે ગગનમે ગાજજે રે
એહેમાં નથી કાયેર થયાનું રે કાંમ
તંનમંન ધન લેઇ ઝાહેર ઝૂઝજે રે
એ તો સૂરા-પુરાનો સંગ્રામ. ઓલખીને ૩.
ટલવું તો આપેરે ગલવું તો જ્ઞાનમાં રે
મલવુ તો મૂકી રે મનનુ રે માંન
રણછોડ કેહે છે રે પર ઉપકારને રે
કોઇકોઇ કીરતંન ધરજો રે કાંન.

આ કીર્તન તો બરેબર કાન ધરવા જેવું છે. પ્રીતમની જેમ રણછોડ પણ આ સાધનાને શૂરાપૂરાનો સંગ્રામ કહીને ઓળખાવે છે. એમાં તો પાછળથી છાપો મારવાનો નથી, જાહેરમાં ઝૂઝવાનું છે; મગન થઇને ગગનમાં ગાજવાનું છે. અંતિમ કડી તો સૂત્રરૂપે આખી સાધનાનો મર્મ પ્રકટ કરી દે છે. જો ટાળવા જેવી વસ્તુ હોય તો તે અભિમાન, જો ગળવું તો જ્ઞાનમાં ને જો મળવું તો મનનું માન મૂકીને. આટલું જો બને તો માર્ગ સહજ છે. એમાં કશું અટપટું નથી. માટે જ કવિને ઝાઝી "છલબલ" પસંદ નથી; જેણે મર્મને જાણ્યો તે તો મૌન સેવે, વાદવિવાદમાં પડવાનું તેને હોય ન હિ. આ વાણી "રામરંગમાં ભીના" રણછોડની વાણી છે.

પ્રાગજી અથવા પ્રાગદાસ

:૧૮ મો સૈકો:

કાર્પસ સભાની હસ્તપ્રત નં. ૧૨૯ માં પ્રાગજીકૃત બારમાસી મળી આવે છે. આ ઉપરાંત એણે "કક્કા", "તિથિ", "ચેતવણી", અધ્યાત્મરામાયણ" તથા પદો લખ્યાં છે.[૧]

શ્રી અનંતરાય રાવળને મતે પ્રાગજી પ્રીતમનો સમકાલીન હતો. એની "બારમાસી" કાવ્યગુણ ધરાવનારી, જ્ઞાનમાર્ગી પરંપરાને અનુસરનારી, નાનકડી સુંદર કૃતિ છે. અહીં એની જ થોડી ચર્ચા કરીશું.

"બારમાસી" ની શરૂઆતમાં જ પ્રાગજી પોતે દાદૂ દયાળના સંપ્રદાયનો છે તેની સાખ પુરાવે છે. પ્રારંભમાં જ લખ્યું છે: "શ્રી રામજી સત્ય. શ્રી દાદૂ દયાલજી સહાય". આવી પ્રતમા વને જ રૂપે જ લખ્યો છે. એ પણ નોંધવા જેવું છે. કેટલાક કવિઓ બારમાસીની શરૂઆત ચૈત્રથી કરે છે. પ્રાગદાસ "કારતગ" થી શરૂઆત કરે છે. કાર્તકમાં સદ્‌ગુરુસંગથી જન્મમરણનું દુઃખ જાય છે. શરીર શીતળ થાય છે, ભવદુઃખ વામે છે. વર્ણકર્મે પંથનો પાર આવે છે ને સામો સારો દેખાવા માંડે છે. તનમાં ધીખતા ત્રિવિધતાપના પર અધ્યાત્મ પર અધ્યાત્મ નિજ નીર લાવી સીંચે છે ને હરિ હસ્તામલકવત્ બની રહે છે.

માગસરમાં મહંતનો સંગ થાય છે; એ "અતિકૃપાસાગર અઢળક ઢળે" છે; એને પરિણામે "અધના ઓધ" ટળ્યા ને મહાસુખ પ્રાપ્ત થયું. સંત સાથેના સત્સંગના પ્રસાદે કરીને બધાં કાર્ય સિદ્ધ થયાં. એ સુખની સીમા મુખે શી રીતે વર્ણવાય! નિગમ એને નિરંતર ગાય છે. નિજપદને નિરખતાં હવે નેણાં તૃપ્ત થતાં નથી. અંગમાં અતિઆનંદ માતો નથી. હૈડું હરખાઇ ઊઠ્યું છે.

પોષ માં પૂર્ણાનંદ પ્રગટ થયાં, ભવસાગરના સર્વે દુઃખ વામ્યા. મહારાજે "મહાપદ" આપ્યું; જન્મમરણ અવતારનાં દુઃખ કાપ્યાં. જે "મનના માન્યા" હતા તેને નજરે જોયા ને પ્રેમસુધારસ પાન કીધું.

માહ મહિનામાં તો પિંડ બ્રહ્મનિધિથી ભરેલા અખંડ સમરસ દરિયાની જેમ છલકાઇ ઊઠ્યો, એમાં

૧: જુઓ શ્રી અનંતરાય મ. રાવળકૃત ગુજરાતી સાહિત્ય, ભાગ ૧ લો પૃ.૧૯૩:

લેહેરો લોઢ અનંત જગદાકારે રે
વલી ઉપજે ને સમાયે બ્રહ્મની ધારે રે,

ફાગણનું વર્ણન તો કવિની ભાષામાં જ માણવા જેવું છે:

આ ફાગણમાંરે ફાગ ઘટઘટ ખેલું છે રે
ચૈ ભાંભાંતના ભેષ ભાવ ન મેહેલે રે. ૧
ફુલ્યોં ચીદપલાસ વીસ્વ ફૂલે રે
મોહે સોહં ભમરગુંજાર કુસુમે ફુલે રે ૨
અનહદ બાજે તુર રમણ રડય લાગી રે
ચૈહેવી મહદાનંદની મોજ રંગ ભિભાગી રે. ૩
પીચકારી પંચભૂત સ્થુલતા કેરી રે
તે સુરત સખીને હાથ ખેલે હોરી રે. ૪

"ચીદપલાસ" ફૂલ્યો છે; એના પર આખું વિશ્વ ફૂલની જેમ મહોરી ઊઠ્યું છે, ને "સોહં" ના અજપાજાપનો ગુંજારવ ભ્રમરની જેમ ચાલ્યા કરે છે. આ તો મહદાનંદની મોજ છે. આપણને પણ "રમણરડય" લાગે એવી રીતે કવિ આ ફાગણના ફાગનું ને હોરીનું વર્ણન કરે છે. વસ્તા વિશ્વંભરે તથા અનુભવાનંદે આવાં જ હોરીનાં વર્ણન આપ્યાં છે તે આપણે એ કવિની કૃતિઓને ચર્ચતી વેળા જોઇ ગયા છીએ.

ચૈત્રમાં એક સચરાચર ચેતનનો અનુભવ થાય છે. જે એક છે તે જ અનેક થઇને પોતાને માણી રહ્યો છે ને સમજાય છે કે

કાંઇ પટતંતુ નહીં ભેદ તાંણે ને વાંણે રે
સુત્ર મણીવત સંમપુરણ પોતે રે
સ્થાવર જંમગ એક જોયો ચોથે રેં. ૩

વૈશાખમાં સચ્ચિદાનંદનો વિલાસ જોઇને કૃતાર્થ થઇ જવાય છે. ચૌદે લોકમાં બ્રહ્માનંદનો જ ભાસ છે. એ એક અજર અમર જ સર્વત્ર અનુભવાય છે. એ વચનમાં આવતો નાનો કવિ કૃતાર્થ થઇને ઉચ્ચારે છે:

આ બ્રહ્મસુધારસપાંન જે જને કીધાં રે
તેહેને વીષ-વત સંસાર ચીત્ત નવ દીધાં રે.

જેઠે "પૂરણપદ" માં ઠેઠ જવાય છે. આ સમરસ ભોગવિલાસને માણતાં હદમાં રહેવાતું નથી. વણકમે વિહંગમ-વાટે એને પામ્યા વિના રહેવાતું નથી. પછી કવિ અવળવાણીનો આશ્રય લઈને કહે છે:

તે રૂપ બહોણુ રૂપ કરવીના સાહાવુ રે.
મુખ બીના રસપાંન પુરણ કરવું રે.
આ નેત્રબહોંણુ ધ્યાંન નીસદીન ધરવું રે.
ઐ અનુભવતા અવ્દીત્ત આપૈં થઇયે રે
છે સત્તગુરૂ કેરિ સાંન સમઝી રહીયે રે.

હવે આષાઢ આવ્યો. વાદળ છવાયા. વાદળનો જેમ "અખંડ ચીદઘન" ચઢી આવ્યા. અનહદ નાદ ગડગડ્યો

ગાજે ધોર ગંભીર અંખડ કડ લાગી રે.

આ અમૃતના બિંદુને કોઇ બડભાગી ત્રિવેણીને તીરે બેસીને પીએ છે

કોચે ત્રણેવેણીની તીર બીયે બડભાગી રે,
જેહેનાં સંત-સજ્જણમોરે બર્યંન પ્રકાસે રે
આ બીજલી સદગુરૂસન તિમર નાસે રે.
સ્થુલ અવની ચંકોર અનુભવ જાગે રે
આ હરિહરિ હરીયા જોઇ ગોરી સમભાગે રે.

શ્રાવણમાં તો આનંદનાં સરવડાં વહેવા લાગે છે. પવન મસ્ત બનીને ઝૂમે છે, શાખા તૂટે છે, ને કવિ અધીરા થઇને બોલી ઉઠે છે.

તુ ઉઠ ઉઠ અચેત, જોને જાગી રે
આ ત્રવેણીને તીર તાલી લાગી રે.
આ બરસ અનહદ સુર અંબર ગાજે રે
આ ગંગા જમુનાં પુર નીર બિરાજે રે.

આવે સમયે બંને કાંઠે પૂરથી ઉન્મત બનેલી નદીને તીરે જે સ્થિર થઇને ઊભો રહેશે તે રસબસ થઇને નાહશે.

તેહેને સુખ આનંદના ઓધ બૈ અભ્યાસે રે.

ભાદરવામાં બધું ભર્યું ભર્યું લાગે છે. અખિલબ્રહ્મનમાં એક અંતરજામી સભર ભર્યા છે:

આ સભર ભરો ભરપુર ઠાંમ ન ઠાંલો રે
તે ઓલખી લો અખંડ માહાનીધ્ય માહાલો રે.
ચૈ ઉપનીસદનો અરથ જે જન ચાસે રે
તેહેને બ્રહ્માંડ કેરો ભાત્ય અણુ નવ્ય ભાસે રે.

કવિ ઉમળકાથી સૌ કોઇને આ ભયભિર્યાં ભાદરવામાં મહાનિધિને મહાલવા નિમંત્રે છે.

આ-સોમાં તો અખંડ રાસ વિલસી રહયો છે. સર્વે પિંડ પ્રકાશી રહયા છે. આ રાસ ચગ્યો છે ને કવિની વાણી પણ રણકી ઉઠી છે:

ચંગ મૃદંગ ઉપંગ મોરલી બાજે રે
સહૂ સણીયો કેરે સંધ સ્યામ બીરાજે રે.
આ જોર મલ્યું છે જુથ જુવતી કેરૂ રે
સંધે પાંચ પચીસૈ નાર રૂપ અનેરૂ રે.
અખંડ બંદ્રાબંન અખંડ ગોપા રે
અખંડ બીહારીલાલ રહયો છે ઓપી રે.

આ અખંડ બિહારિલાલના અખંડ ગોપીજન સાથે અખંડ બંદ્રાબંનમાં ચાલતા અખંડ રાસની રમઝટના રણકાર વહેતા મૂકીને કવિ આ બારમાસી પૂરી કરે છે. આ નાનકડી કૃતિ કવિની આધ્યાત્મિક અનુભૂતિને રસમય રીતે પ્રકટ કરવાની શક્તિનો અચ્છો પરિચય કરાવે છે. જ્ઞાનમાર્ગી ધારાના કવિઓએ રચેલી બારમાસીઓમાં, એના કાવ્યત્વને કારણે, આ બારમાસી વિશિષ્ટ સ્થાનની અધિકારી છે એ નિ:સંદેહ.

પ્રીતમ
ઇ.સ. ૧૭૨૫ થી ઇ.સ.૧૭૯૮
સંવત ૧૭૭૪ :૧૭૮૦ ૧: થી સંવત ૧૮૫૪

જ્ઞાન માર્ગી પરમ્પરાના માતબર કવિઓ પૈકીનો એક કવિ તે પ્રીતમ. એ બાવળા ગામનો બારોટ હતો. પણ ઇ.સ. ૧૭૬૧ માં સંદેસરમાં વાસ કર્યા પછી એની સાહિત્યપ્રવૃત્તિની શરૂઆત થઇ. એ રામાનંદી સંપ્રદાયની અસર નીચે આવ્યો છે. એ સંપ્રદાયની જેઠાની ગાદીના કુબાજી સ્વામીની શિષ્ય પરમ્પરામા આવતા કરસનદાસ કાઠિયાવાડમાં ચૂડારણપુરમાં જઇને વસ્યા હતા. એ કરસનદાસના શિષ્ય આત્મારામ, ને આત્મારામના શિષ્ય તે ભાઇદાસ. આ ભાઇદાસના ચાર શિષ્યો પૈકીના એક તે પ્રીતમદાસ. એ રીતે બાપુ-સાહેબ ગાયકવાડ એમના ગુરુબંધુ ગણાય. પંદર વરસની વયે પ્રીતમદાસે મહંત ભાઇજીદાસની પાસેથી ગુરુમંત્ર લીધેલો એમ એ પરંપરાના મહંત પ્રભુદાસજી નું કહેવું છે. એક બીજી પરંપરાનુસાર[1] નડિયાદના રામાનંદી સાધુ ગોવિંદરામ પ્રીતમના ગુરુ હતા એમ માનવામાં આવે છે. પણ એના ભગવદ્ગીતાના અંતમાં પ્રીતમ આ પ્રમાણે કહે છે:

ધન્ય સંગત્ય ધન્ય રામજી, ધન્ય શિવદત્ત ગોવિંદરામ
ધન્ય સ્વામી જીવરામ ઠાકોર, ધન્ય સંદેસર ગામ ૮૦
ગુરુ બાપુજી કરી કિર્યા, સ્વામી આત્મારામ,
સંત સમાગમ પ્રીતમ પામ્યા, હરિચર્ણ કમલ સુખધામ. ૮૧.

: અધ્યાય ૧૮ :

---

૧ સ્વ.ઇચ્છારામ સૂર્યરામ દેસાઇનો મત: "એણે :પ્રીતમે: નડિયાદના કોઇ ગોવિંદરામ સાધુને પોતાના ગુરુ કીધા હતા....એ ગોવિંદરામજી રામાનંદી મોટા સમર્થ સાધુ હતા...ગોવિંદરામનો પ્રીતમદાસને ઘણા કાળ સુધી સમાગમ રહ્યો હતો." સ્વ.કૃષ્ણલાલ મો.ઝવેરી કદાચ આને અનુસરીને જ પ્રીતમના ગુરુ તરીકે ગોવિંદરામનું નામ આપે છે.

આમાં બીજાઓની સાથે ગોવિંદરામનો સામાન્ય ઉલ્લેખ છે. ગુરુ ની તરીકે નો ઉલ્લેખ નથી. ગુરુ તરીકે બાપુજીનો ઉલ્લેખ છે. પ્રીતમનો સમકાલીન શેરખી ના રવિદાસ જોડે પ્રીતમનો પત્રવ્યવહાર થયેલો છે. રવિદાસ પ્રીતમ પરના પત્રમાં પ્રીતમના ગુરુ તરીકે બાપુનોજ ઉલ્લેખ કરે છે:

"સાચા સતગુરુ વરિયા બાપુ, સાચી કીધી સેવા.,"

બાકીતો, "ગોવિંદ" શબ્દ જ્ઞાનાશ્રયી કવિતામાં અનેકવાર આવે છે, ને ઘણા જ્ઞાનાશ્રયી કવિઓએ ગુરુ ને ગોવિંદ વચ્ચે ભેદ ન જોયો એમ કહ્યું છે, તેને અનુસરીને, ગુરુનો મહિમા વર્ણવતાં, પ્રીતમ પણ કહે છે:

ગુરુ ગોવિંદ એક રૂપ જાણ, રખે ભિન્ન ભાવ રુદેમાં આણ"

:ગુરુમહિમા-શ્રી પ્રીતમદાસની વાણી પૃ.૪૧:

જેમ રજ્જબના ગુરુ બ્રહ્માનંદ એમ ઠરાવવાનો પ્રયત્ન, આવી પંક્તિઓને આધારે થયો છે, તેમ અહીં પણ ગુરુ અને ગોવિંદ શબ્દોની સહઉપસ્થિતિથી આવું અનુમાન કરવામાં આવ્યુ છે હોય એમ લાગે છે.

પ્રીતમે પોતે પોતાની કૃતિઓમાં કૃતિના રચના કાળનો ઉલ્લેખ કર્યો છે. જ્ઞાનમાર્ગી પરંપરાની એની કૃતિઓ પૈકી જ્ઞાનકક્કો સંવત ૧૮૩૨ માં, સો૨ઠ ગ્રંથમાં લખાયેલા હ મહિના સંવત ૧૮૩૮ માં, જ્ઞાનગીતા સંવત ૧૮૪૧ માં, સાખીઓ સંવત ૧૮૪૫ માં, જ્ઞાન પ્રકાશ સંવત ૧૮૪૬ માં, બ્રહ્મલીલા સંવત ૧૮૪૭ માં અને ભગવદ્ગીતાનો અનુવાદ સંવત ૧૮૫૨ માં આ પ્રમાણે એની કૃતિઓ ની રચનાની ક્રમાનુપૂર્વી છે.

પ્રીતમે કક્કા બે લખ્યા છે. એ બંનેનો વિષય વેદાન્તજ્ઞાનનો તથા નિર્ગુણ અને સગુણ માર્ગના વચ્ચે વિવેક કરે છે, એ એનો ઝોક સ્વરૂપસાધનાનો છે. પ્રીતમ નિર્ગુણ તરફનોજ છે, છતાં સગુણની ભક્તિનો આત્યન્તિક વિ નિષેધ એ કરતો નથી. પહેલા કક્કાનું શીર્ષક "શ્રી કૃષ્ણ ઉપાસના" છે. છતાં એમાં સગુણની સાધનાની ઝાઝી વાત ન કરતાં

ધ્યાન ધારજે પરિબ્રહ્મનું, જેમ કંઈ લોભીને ધન :પૃ.૩:

તથા

તત્પદ ત્વંપદ ત્યાગીને, અસિ પદમાં ચિત્ત ધાર :પૃ.૩:

એમજ એ કહે છે. અલબત્ત અન્ય જ્ઞાનમાર્ગી કવિઓની જેમ એ પણ "હેતે હરિરસ પીવાની" , "ભાવે ભગવાન ભજવાની", તથા " પ્રેમે પયોધાર" ઝીલવાની વાત કરે છે. આ ઉપરાંત આ બે કક્કાઓમાં સાધનાના મુખ્ય અંગ તરીકે શરીરના મહત્ત્વની, માયાના સ્વરૂપની, ગુરુમહિમાની તથા સાધનાના સ્વરૂપની વાત એ કરે છે. એમાં અવળવાણીનો પણ એ આશ્રય લે છે. આ સાધના તે કાયાક્લેશની અટપટી સાધના નથી. એ તો "હરતાં ફરતાં" સ્વાભાવિક રીતે કરવાની સાધના છે. બ્રહ્મ પોતે આનંદસ્વરૂપ છે, ને પ્રીતમ કહે છે તેમ " છે આનંદી હરિનો દેશ" એને માટેની સાધના કષ્ટકર હોઈ શકે જ નહીં. આ બે કક્કા પૈકીનો પહેલો ધોળમાં તથા બીજો છપ્પારૂપે લખેલો છે.

આ ઉપરાંત પ્રીતમે પાંચ મહિનાઓ લખ્યા છે. એ પૈકીના ત્રણ વેદા-તી જ્ઞાન તથા વૈરાગ્યને પ્રબોધનારા છે. એ મહિનાઓમાં પણ ગુરુમહિમા, સંત-સમાગમ, બ્રહ્માનંદનો અનુભવ , સાધનાનું સ્વરૂપ, અપરોક્ષાનુભૂતિનું મહત્ત્વ, જ્ઞાની સાધકનો મહિમા, ~~સપ્તમમાં~~ સાધકમાં શૂરતાના ગુણની અપેક્ષા આટલા મુખ્ય વિષયોનું નિરૂપણ છે. આ મહિનાઓમાં અનેક સ્થળે અત્યંત કાવ્યમય પંક્તિઓની પ્રીતમ આપણને લ્હાણ કરે છે. એ પોતે કહે છે તેમ " આ રચના આણી અંગ ઉલ્લાસ રસી" છે. એમાં એ "મહારસ" ની વાત સ્વાનુભવનો રણકાર ઉપજાવીને કરે છે. એમાં હઠયોગની પરિભાષા પણ એ વાપરે છે, પણ આખરે તો એ " સેજ સમાધી" નો જ આગ્રહ રાખે છે.

તિથિઓ પ્રીતમે છ લખી છે. એ પૈકીની બીજ, ત્રીજ, ચોથી, તથા છઠ્ઠી વેદા-તજ્ઞાન ત્થા વૈરાગ્યવિષયક છે.એમાં પણ પ્રીતમ સ્વાનુભવના પર ભાર મૂકે છે, ગુરુનો મહિમા ગાય છે,[૨] હઠયોગની ષટ ચક્ર ભેદની સાધનાનો કાવ્યમય ભાષામાં ઉલ્લેખ કરે છે.

---

૨ દશ દલ પુણ્ય પાંખડી, મધુકર બેઠો છે માંય,
સુખનો ભોગી ભાવે થયો, જોખમ જાણ્યુ નહિ કાંઈ :પૃ. ૩૩:

અંતરમાં અનુભવની આંખ ઊઘડે પછીજ બ્રહ્મ સાથેનો અભેદ સિદ્ધ્ય થાય, પણ એ માર્ગ શૂરાનો છે. અહીંપણ પ્રીતમ સહજ સમાધિના પર જ ભાર મૂકે છે. સાથે સાથે હરિસ્મરણ, નામનો મહિમા, સંસારની અસારતાની પણ એ વાત કરે છે.

વાર એણે બે લખ્યા છે. એમાં અનુભવી ગુરુની પ્રાપ્તિથી જ સંશયગ્રંથી છેદાશે એમ કહીને એ ગુરુનું ગૌરવ કરે છે. પછીથી સંક્ષેપમાં સરળ ભાષામાં જગતની રચનાની , જીવ અને ઇશ્વરના સંબંધની, બ્રહ્મના સંબંધ ની તથા એની સાધનાની એણે સમજણ આપી છે. બ્રહ્મરસના ભોગી અને મંગળપદના અધિકારી મરજીવિયા જોગી જ થઇ શકે એમ એ કહે છે. સાથે નામરૂપી મહામણિનો મહિમા પણ એ ગાય છે.

આ ઉપરાંત પ્રીતમે બે "ગુરુમહિમા" લખ્યા છે. એમાં ગુરુ અને ગોવિંદ વચ્ચેની અભિન્નતા બતાવીને જ પ્રીતમ અટકતો નથી, પણ ગોવિંદ કરતાં ગુરુ અધિક છે એમ કહે છે. ગોવિંદ ના સરજેલા જીવ તો જાળમાં પડે છે, ગુરુ જ તેની તત્કાળ મુક્તિ કરે છે. એ ગુરુના ગુણો તથા લક્ષણો, એ ગુરુની ઉપાસના, ગુરુસેવા ન કરનારને ઉપાલંભી (એમાં અણના ચાકરાપણાનો આભાસ રહેલો છે ખરો) રિદ્ધિ-સિદ્ધિ પરત્વેની નિ:સ્પૃહતા- આખુંયે પ્રીતમ નિરૂપે છે. બીજા ગુરુમહિમાની ભાષા હિન્દી છે, ને એનું સ્વરૂપ આરતીના જેવું છે. એમાં પણ ગુ-ે ગુરુને બ્રહ્મરૂપે જ જોવાનો આગ્રહ છે.

ઉત્તર હિંદુસ્તાનના નિર્ગુણ સંત સાહિત્યની પરંપરાને અનુસરીને પ્રીતમે વાણીની સાથે ચેતવણીઓ (ચેતાવણી) પણ અગિયાર લખી છે. એમાંની પહેલી અને બીજી લાંબી છે, બાકીની બધી ટૂકી છે. એમાં પણ પ્રીતમે અનુભવની આંખ ઊઘડ્યા પછીજ સ્વરૂપનું સાચું જ્ઞાન સંભવે એમ કહે છે. એમાં સગુણની ભક્તિપૂર્વકની આરાધના , રામની ભક્તિ, શામળીયાનું શરણ, નટવર નવલ વિહારીનું ભજન- એ પણ આવે છે. વળી માયાના મુશળથી ખંડાયેલા

૫.

અજ્ઞાની જીવની પણ પ્રીતમે એમાં સારી ખબર લઇ નાંખી છે. સાચા સાધક ની અવસ્થાનું સુંદર વર્ણન પ્રીતમ આ ચેતવણીઓમાં આપે છે.:

> ભ્રાંતિ ભાગે અનતો જાગે, ઊઘડે સાત સરોજ
> કહે ફ પ્રીતમ સેજે વશ થાયે, માયામોહ મનોજ :ચેતવણી ૨૭:૬૮
> અવની તેને થઇ આસની, મેરુ છત્રનો દંડ
> કહે પ્રીતમ ગગન ગુંજાવત, વાડી કુલ બ્રહ્માંડ :ચેતવણી ૨૭:૭૪
> બ્રહ્માંડ મંડની ટળી ભાવના, એક આત્મા અદરશ્યો
> કહે પ્રીતમ સચરાચર સઘળે, અમૃતનો મેહ વરસ્યો :ચેતાવણી ૨૭:૭૫

"જ્ઞાન પ્રકાશ" માં શરૂઆતમાં ચાર દોહરા છે, ને પછીની આખી રચના મોતીરામ છંદમાં છે. એમાં શરૂઆતમાં પ્રીતમ "નેહ વિના હરિ નહીં નહિ મળે" એમ કહીને ભક્તિનો મહિમા ગાય છે. પણ પછીથી આ ભક્તિના સંકેતને નિર્ગુણ સાધનાનોં અનુરૂપ એવી રીતે સંસ્કારે છે ને કહે છે:

> નિરંજન અંજનમાં રહ્યો આપ, જપે છે પોતાનો જાપ,

સાધનામાં દંભી આચાર, કાયાકષ્ટની નિરર્થકતા પ્રીતમ બતાવે છે ને આવા પાર વિનાના પ્રપંચથી રામ નહીં રીઝે એમ સ્પષ્ટ કહે છે. ત્રી ત્રિગુણાત્મિકા પ્રકૃતિની રચનારૂપ આ સૃષ્ટિ નો પરિચય કરાવીને એનાથી અતીત એવા બ્રહ્મતત્ત્વની જ આરાધના કરવાનું કહે છે. દ્વૈતભાવ ટળ્યાપછી સ્વતંત્રતાની પ્રાપ્તિ થાય ને પછીજ બિંદુ સિંધુમાં સમાય. પણ આ સાધના-માં ગુરુની અનિવાર્યતા પ્રીતમ સ્પષ્ટ કરે છે. યોગસાધનાનું પણ વર્ણન એ અહીં આપણને આપે છે.[૩] પણ આખરે તો બધી "સહજમાં મોક્ષ" છે એમ એ કહે છે. જેણે "બ્રહ્મમહે જઇને વાસ" કર્યો તે પછી તણખલું સરખું તોડતો નથી, કારણકે :

> જેવું કોઇ આપણું અંગ મરોડે, તેવું દુ:ખ થાય તૃણને તોડયે.

---

૩ "જ્ઞાન પ્રકાશ" [પ્રીતમની વાણી પૃ. ૮૨ કડી ૨૮-૩૨]

બ્રહ્માનંદનું સુંદર વર્ણન આપતાં પ્રીતમ કહે છે:

એકાવન આંગુળ ઉઠે શ્વાસ, કરે નખ શીખ સુધી પ્રકાશ
જેવો મણિ દીપ અખંડ ઉજાસ, એમ રોમરોમ કરે પરકાશ
જુએ જેમ જળમાં ઉઘાડીને નયન, એવું જાણો આનંદ બ્રહ્મનું ચૈન
[પૃ. ૮૨-૮૩]

આ ગોવિંદ આનંદરૂપ છે, માટેજ એની સાધના પણ સહજ ને આનંદમય જ હોય. જીવ અને બ્રહ્મ વચ્ચેનું અંતર ટળતાં હરિસુખના સાગરમાં ઝૂલવાનું બની શકે છે.

પ્રીતમની "જ્ઞાનગીતા" સાત વિશ્રામ [એટલે કે કડવાં] માં લખાયેલી છે. એમાં જિજ્ઞાસુ શિષ્ય પ્રશ્ન પૂછે છે ને ગુરુ એનો ઉત્તર આપે છે. આમ એનું સ્વરૂપ ગુરુ-શિષ્ય-સંવાદનું છે. નામરૂપનો નિવેડો, જીવશું, ઈશ્વર શું, માયા શું, એ બધું કેમ થયું, કોણે કર્યું, કાયાનો ભેદ [રહસ્ય] શો છે— આવા પ્રશ્નો શિષ્ય પૂછે છે, ને ગુરુ શિષ્યની શંકાઓનું નિવારણ કરે છે. ગુરુ ના મહિમાથી જ કૃતિની શરૂઆત થાય છે. આખી મીમાંસાને વિશદ અને સરળ રીતે ગ્રાહ્ય બનાવવાને ઉચિત દૃષ્ટાંતોનો પ્રીતમે પણ નરહરિ ને અખાની જેમ ઉપયોગ કર્યો છે. એમાંનાં કેટલાંક દૃષ્ટાંતો તો પરંપરાગત જ છે. આ કૃતિમાં પ્રીતમ દૃષ્ટ પદાર્થની અનિત્યતા, સાવ સમરસ સાગરરૂપ શુદ્ધ ચૈતન્ય, એ બેની વચ્ચે અણછતી એવી માયા, અને જ્ઞાન અને વિવેકથી વિચારી જોતાં થતું સ્વરૂપનું જ્ઞાન-આટલું ચર્ચે છે. માયાના પાંચ પ્રકાર, સાંખ્યને અનુસરીને ત્રિગુણાત્મિકા પ્રકૃતિમાંથી રચાતાં જગતનું વર્ણન કઠોપનિષદમાં કહ્યું છે તે પ્રમાણે ઇન્દ્રિયોની અવળી ગતિ, મનનો ધર્મ, ચોવીસ તત્ત્વનો સ્થૂળ દેહ, પચ્ચીસમી માયા, ને છવ્વીસમું શુદ્ધ ચૈતન્ય, ઇન્દ્રિય, તેનો વિષય અને તેનો અધિષ્ઠાતા દેવ એમ ત્રિપુટીનું વર્ણન, હઠયોગની પરિભાષામાં કાયા કમલનું વર્ણન- આટલું ચર્ચીને અંતમાં પ્રીતમ ઇ ઠ્ઠા વિશ્રામમાં કહે છે:

આનંદ ભોગ ને પ્રાપ્તી ભોક્તા,સહજાનંદ સુખચેન

અને આણરે
પ્રીતમ પ્રીછે રૂપ પોતાનું, તો હરિ શું એક રસ હોય,
આ એકરસ થવું, મહારસને માણવો તેની વાતજ પ્રીતમે , આ બધી ચર્ચા-
ને અંતે કરી છે.

એ અનુભવ ને ઉરમાં આણોજી, મુક્ત થઇને મહારસ માણોજી
સૌથી સાદો સિધ્ધાંત એ છે કે તિમિરરૂપી અજ્ઞાનને ટાળવું ને "હું" અને
"મારું" નો ભાવ હૃદયથી ત્યજવો, તોજ બ્રહ્મસંકોચના દોષ ને ટાળીને
બ્રહ્મસમાન થવાય. માટેજ ગર્વ જેવો બીજો કોઇ શત્રુ નથી એમ પ્રીતમ કહે છે.
શિષ્ય અંતમાં ગુરુ ની પ્રશંસા કહે છે ને આ "જ્ઞાનગીતા" ને મહામણિ ને જ્ઞાન-
નો ગુણભંડાર કહીને બિરદાવે છે. પણ આ "જ્ઞાનગીતા" બધા તેને માટે નથી.
એ અધિકારીઓને માટે જ છે, શ્રધ્ધાવંત ને સાચા જિજ્ઞાસુઓને માટે જ છે.
એકની એક વસ્તુ વ્યક્તિના અધિકાર ભેદને કારણે જુદાં જુદાં રૂપ ધારણ
કરે છે તે સમજાવવાને પ્રીતમ એક લાક્ષણિક દૃષ્ટાંત આપીને કહે છે:

પય સાકર પૂરણ પીએ, તે પ્રેમે થાયે પુષ્ટ,
તે જ પય પન્નગ પીએ તો હોય ગરલ ઉત્કૃષ્ટ :પૃ.૯૩:

પણ આ કૃતિ પ્રીતમે "અપાર હરખ આણી" "જિજ્ઞાસુને જુગતે" કહી છે.
આ જ્ઞાન પ્રીતમ પોતે પણ "હરિગુરુ હરિગુરુ સંતપ્રસાદે પામ્યો" છે ને
તેથી પોતે "કૃત કૃત્ય ધન્ય ધન્ય" થયો છે. આવા કૃતાર્થતાના આનંદમય
ઉદ્‌ગાર સાથે કૃતિ સમાપ્ત થાય છે.

હિન્દી ભાષા માં લખાયેલી "બ્રહ્મલીલા" નામની નાનકડી
કૃતિમાં વેદાન્તનો સાર સરળ ભાષા માં પ્રીતમે આપ્યો છે. "નિજાનંદ,
નિરગુણ, નિજરૂપા" એવું બ્રહ્મ ~~જો~~ તે ભકતના ભાવને વશ થઇને "સગુણ સ્વરૂપા"
થાય છે. બાકી તો બ્રહ્મ તો આકાશવત્ નિરંતર છે, ને સચરાચરમાં વ્યાપ્ત છે.

આ બ્રહ્મ ભગવંતના ઘટઘટમાં રમી રહ્યા છે, એજ ચૈતન્યજામીએ "રૂપ અનંતા" ધારણ કર્યા છે. પણ આખરે તો "એકરસ ચૈતન સિંધુ" જ બધો સભર ભર્યો છે, જે આ જગત એમાં બુદ્બુદરૂપ છે. કૃતિની શરૂઆતમાં પ્રીતમના ઇષ્ટદેવ "જનરાયજી" ની સ્તુતિ થી થાય છે. પણ એ જાનરાય તે સગુણ ભગવાન રૂપે ખાસ નથી વર્ણવાયા, એતો અવિનાશી આદ્યપુરુષ છે, પુરુષપ્રકૃતિ થી પર એવું તત્ત્વ છે. જે પ્રવાસને જીતીને બ્રહ્મઘરમાં ચઢાવે તે એને પામે એમ પણ પ્રીતમ કહે છે. એમની કેટલીક પંક્તિઓ હઠયોગની દુર્બોધ પરિભાષા ના ઉપયોગને કારણે , કૂટ પણ લાગે છે.[૪] પણ આ બ્રહ્મને સહજ સમાધિથી પામી શકાય છે. કૃતિના ઉત્તરાર્ધમાં આનંદ સ્વરૂપ નંદરાય, વ્રજમંડલના ભૂપ શ્રી કૃષ્ણનો મહિમા પણ પ્રીતમ ગાય છે. ત્યાં વેદ ઋચા પણ "વ્રજયુવતી" થઇ જાય છે. પણ એ કૃષ્ણનું વર્ણન જોવા જેવું છે.....

.....તડિત પીતાંબર ઝગે ઝારહી. ૫૦
પંચતત્ત્વ ઉરમાલ વિરાજે, કર્ણમીન કુંડલ છબી રાજે
આનંદમૂલ અકલ અવિનાશી, સકલ લોક સુખરાશી,
... તાકો તેજ વિવિધ વિસ્તારા, સબ તનમંદિર ખેલનહારા.
... બ્રહ્મરૂપ અપનો ઓલખાયો, દેહભાવ સબ દૂર બહાયો.

આવા, તનમંદિરમાં બ્રહ્મલીલા ખેલનાર બ્રહ્મરૂપ કૃષ્ણનું વર્ણન એ પ્રેમલક્ષણા ભક્તિની પરંપરાને અનુસરીને કર્યું નથી તે સ્પષ્ટ જ છે.

સંતપરમ્પરાની નિર્ગુણ કાવ્યધારાને અનુસરીને પ્રીતમે સાખીઓ પણ લખી છે. એની સંખ્યા ૬૩૮ જેટલી છે, અને એ ૨૪ અંગોમાં વહેંચાયેલી છે. આ અંગોમાં બ્રહ્મના લક્ષણો, નામનું મહાત્મ્ય, સંતનું મહાત્મ્ય, ગુરુનો મહિમા તત્ત્વ વિચાર, યોગ, જ્ઞાન, ભક્તિ, પ્રેમ, વૈરાગ્ય બ્રહ્મની અનન્યતા, વિરહ, તૃષ્ણા, મન, સ્મરણ, માયા, સપ્તતત્ત્વ, બ્રહ્મનું સ્વરૂપ, કામ, નારીનિંદા,

ભાવ, જીવનુક્તનાં લક્ષણો, સજ્જનનાં લક્ષણો, સહજ સાધ્યાનાનું સ્વરૂપ- આટલા વિષયોનું નિરૂપણ કર્યું છે. આ સાખીઓ પૈકી માત્ર પહેલી બેજ ગૂજરાતીમાં છે. બાકીની ગૂજરાતી મિશ્રિત હિંદીમાં છે. નારી નિંદા કરવાનું પ્રીતમને મન નથી પણ આ પ્રકારની સાખીઓમાં એ પરંપરાનું સાર આવતી હોવાથી કચવાઇને કરે છે. પણ શરૂઆતમાં જ એ કહી દે છે કે હું નારીને નિંદતો નથી, એના અવગુણોને નિંદું છું.:

નારી કું નિંદું નહિ, નિંદું અવગુણ એક

:પૃ. ૧૮૧:

વળી આ બાબતમાં નારીને, એકલીનેજ, શા માટે દોષ દેવો ? પુરૂષ સહભાગી થાય ત્યારે જ દુષ્કૃત્ય સંભવે. માટે એ કહે છે:

નારીકો અપરાધ નહિ, પુરુષ પાતકી હોય,
કહે પ્રીતમ એક હાથસું, તાળી પડે ન કોય.

આખરે તો સ્ત્રીપુરુષ ના ભેદ પણ નકામાં છે, બધાંજ હરિનાં રૂપ છે, પણ જેની જેવી દૃષ્ટિ ને ભાવના તેવું તેને દેખાય:

સ્ત્રીપુરુષ આનંદમય, સબહી હરિકો રૂપ,
પ્રીતમ જાકું જે ભાવના, તાકું તાકુળ રૂપ.

:પૃ. ૧૮૩:

અંતમાં આવી સંતોચિત દૃષ્ટિથી "નારી નિંદા" ના અંગનું એ સમાધાન કરે છે.

પાન ૮ ઉપરના લખાણની ટીપ્પણ અહીં આપી છે.

૪ દા.ત.જેણે પારાસે મલે અગિયારા, સો પાવે સુખ અગમ અપારા ૨૧
એકાદશ સેજો દશ ચલહી, મુખ બોલે સો વાચા ફલહી, ૨૨
અષ્ટ અંગળ જો કો હોઇ, વાંકુ જાત શકે નહિ કોઇ. ૨૩

પૃ.૧૩૩

૧૦.

પ્રીતમે ઓછાઇઓમાં પણ આવાં પાંચ અંગોને લખ્યાં છે, ને એમાં તત્ત્વ-જ્ઞાનીનાં લક્ષણ, હરિભક્તિનું સ્વરૂપ, સંતના લક્ષણ, સદ્‌ગુરુનાં લક્ષણ અને સત્સંગનું માહાત્મ્ય- આટલા વિષયોનું નિરૂપણ કર્યું છે. આમાં પુનરુક્તિઓ ઘણી થાય તે સ્વાભાવિક છે. એનાં પદોમાં પણ કેટલાંક પદો, માત્ર જૂજ ફેરફાર સાથે, ફરી ફરી થતાં દેખાય છે.

પ્રીતમે પદો મોટી સંખ્યામાં લખ્યાં છે.[૫] અહીં તો એના જ્ઞાનમાર્ગી-ધારાને અનુસરતાં પદોની જ ચર્ચા પ્રસ્તુત છે. આ પદોમાં એણે જ્ઞાનમાર્ગી કાવ્યપરંપરાનું સાર ગુરુ તથા સંતનું માહાત્મ્ય અને એમનાં લક્ષણો (પદ ૫, ૬, ૩૭, ૩૮, ૩૯, ૪૨, ૪૪, ૪૫, ૪૯, ૫૦, ૮૭, ૮૯, ૧૦૨, ૧૦૮, ૧૩૬, ૧૫૨, ૧૫૬, ૨૨૫, ૨૬૫, ૨૭૧, ૨૭૨, માં મુખ્યત્વે છે), સાધનાપદ્ધતિ (મુખ્યત્વે ૩૬, ૧૦૩, ૧૧૨, ૧૩૧, ૧૪૧, ૧૪૨, ૧૬૪, ૨૦૪, ૨૨૩ માં), જ્ઞાનનો મહિમા (મુખ્યત્વે ૮૩, ૮૮, ૧૦૮, ૧૧૧, ૧૩૦, ૧૮૫, ૧૮૮માં), ઝાલેદાનુભૂતિનો આનંદ (૪૮, ૨૭૪ માં મુખ્યત્વે), કાયાનું સાધન તરીકેનું મહત્ત્વ (મુખ્યત્વે ૫૬, ૬૦, ૬૧, ૧૧૬, ૧૨૪, ૧૩૮, ૧૬૮ માં), તત્ત્વજ્ઞાન (મુખ્યત્વે ૮૪, ૧૫૭, ૨૨૮ માં)- આટલા વિષયો ચર્ચ્યા છે. અન્ય જ્ઞાનમાર્ગી કવિની જેમ એણે પણ રૂપક તથા ~~રૂપક~~

---

૫ સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેસાઇના મત મુજબ આ પદોની સંખ્યા ૧૫૦૦ ની છે.

કહેવાય છે કે પ્રીતમની કૃતિઓની પોથીઓએ જીવનરાયજીના મંદિર સાથે સંબંધ ધરાવનાર એક બ્રાહ્મણ પોતાને ઘેર લઇ ગયેલો. આગ લાગતાં એના ઘરમાંની ઘણી કૃતિઓ બળી ગઇ. આ રીતે પ્રીતમના થોડાં પદો નષ્ટ થયાં હોય એમ બને.

રૂપકગ્રંથીનો આશ્રય લીધો છે. એમાં ૧૦૨ માં પદમાં નું રૅંટિયાનું રૂપક ખાસ ધ્યાન ખેચે છે. સ્ત્રીપુરુષ ના પ્રેમની પરિભાષા માં એણે પણ અદ્વૈતા-નુભવને ગાયો છે. (પદ ૪૦, ૧૬૭ માં ખાસ કરીને)

આ પૈકી પ્રીતમે સૌથી વિશેષ ભાર કદાચ ગુરુ કે સંતનું આ સાધના પદ્ધતિમાં જે મહત્ત્વ છે તેના પર મૂકયો છે. એની સાખીઓમાં એકલે- એણે તૃષ્ણા અંગમાં કહ્યું છે: "પ્રીતમ કૂંચી જ્ઞાનકી, ઉઘડે અગમ કપાટ" આમ અગમના કબાટને ખોલવાની જ્ઞાનરૂપી ચાવી ગુરુ વિના કોણ આપે ? " ગુરુ મહિમાં " એણે બે લખ્યા છે. આ ઉપરાંત, કક્કા, તિથિ, વાર, જ્ઞાન પ્રકાશ, જ્ઞાનગીતા, સાખીઓ તથા પદોમાં એણે ઠેર ઠેર ગુરુ, સંત તથા જીવન્મુક્તોનો મહિમા ગાયો છે. આ શરીર એક મહત્ત્વનું સાધન હોઈ પ્રીતમ એને "હીરા મોતીની હાટડી" કહે છે., પણ એના "ખોલણહાર" તો સદ્‌ગુરુ છે.[૬] અન્યત્ર[૭] પ્રીતમ સ્પષ્ટ જ કહી દે છે કે "ગુરુકૃપા વિણ સિદ્ધિ નથી", પોતાના ડહાપણનું ખોટું અભિમાન મૂકી દઈને શિષ્યે તો સદ્‌ગુરુને ~~સેવવાને~~ શરણે રહેવાનું છે.[૮] જપ તપ તીરથ ને જોગના જે ફળ તે સદ્‌ગુરુને સેવતાં બધાં પ્રાપ્ત થાય છે; સદ્‌ગુરુ ને સંતની કૃપાથી જ નિર્મળ જ્ઞાન ઉપજે છે. ને શુદ્ધ ચૈતન્યમય "તુરિયા પદ" માં નિરંતર ધ્યાન સ્થિર થાય છે.માટે મનની અંદરની બધી "તાણ" ને છોડીને સંતનો સમાગમ કરવો જોઈએ.[૯]

---

૬ કક્કો ૧લો (પૃ.૧), ૭ કક્કો ૨જો (પૃ.૪), ૮ કક્કો ૨જો (પૃ.૬), ૯ મહિના (પૃ.૯)

૧૨.

સદ્‌ગુરુ ના શબ્દ પર વિચાર કરવાથી જ જ્ઞાનનો પ્રકાશ પ્રકટે છે, ને એ જ્ઞાનના સૂર્યોદયથી અવિદ્યાની રજની ટળે છે.[૧૦] આવો ગુરુ પોતે જ્ઞાનમાં સદા જાગ્રત અને નિર્ભયી હોય છે, દેહી છતાં વિદેહી ને બ્રહ્મ-રસનો ભોગી હોય છે. સંતો સુખના સાગરરૂપ ને આનંદકારી જ હોય છે.[૧૧] ચોથા પદની જે સંજ્ઞા તે સદ્‌ગુરુના શબ્દથી જ સમજાય છે.[૧૨] યોગની અષ્ટાંગ સાધના ભારે કઠિન છે, પણ સદ્‌ગુરુના શબ્દથી એ "સેહેજે સુલભ" બની જાય છે.[૧૩] ગુરુએ આપેલા જ્ઞાનથી જ ગોવિંદને ઓળખી શકાય છે ને દેહાભિમાન ટળે છે. ~~વેદ~~ વેદ એટલુંજ નહિ, ગુરુ ગોવિંદથી પણ અધિક છે. કારણકે ગોવિંદના સરજેલા તો જાળમાં પડે છે, ને એ જાળ માંથી ગુરુ જ એમને તત્કાળ મુક્ત કરે છે. જેના હૃદયમાં "અનૂપ" આત્મતત્ત્વ છે, જે કેવળ જ્ઞાનસ્વરૂપ છે તે સાચા ગુરુ. એવા ગુરુનું જે પ્રેમે ચરણોદક પીએ તેણે ત્રણે લોકની તીર્થયાત્રા કરી લીધી. જે ગુરુની કૃપા પામ્યો તેણે લાખ યજ્ઞ કરી લીધા.[૧૪] આવા ગુરુનું વર્ણન કરતા પ્રીતમ કહે છે:

અવની તેને થઇ આસની, મેરુ છત્રનો દંડ,
કહે પ્રીતમ ગગન ગુંજાવત, વાડીફલ બ્રહ્માંડ,
બ્રહ્માંડખંડની ટળી ભાવના, એક આત્મા આદરસ્યો,
કહે પ્રીતમ સચરાચર સઘળે, અમૃતનો મેહ વરસ્યો.

---

[૧૦] મહિના :પૃ.૧૧: [૧૧] મહિના પૃ.૨૧: [૧૨] તિથિઓ :પૃ.૩૨:
[૧૩] તિથિઓ :પૃ.૧૩: [૧૪] ગુરુમહિમા :પૃ.૪૨-૪૩: ચેતાવની :પૃ.૫૭:.

આવા સંતનો સમાગમ "આઠે જાય" મળે એવી જ પ્રાર્થના પ્રીતમ તો કરે છે.[૧૫] "જ્ઞાનગીતા" માં પણ અંતમાં શિષ્ય ગુરુનો મહિમા ગાતાં કહે છે:

ગુરુ કૃપા વિના ન હોય જથારથ, જો કરે કોટી ઉપાય,
ફરી ફરી ચટકે આવરણમાં જીવદશા નવ જાય,
—કૃપા કરે ગુરુદેવ દયા નિધિ, તો ભવભટકણ ભાગે.[૧૬]

પ્રીતમની સાખીઓમાં તો સંતમાહાત્મ્ય નું તથા ગુરુમહિમાનું—એમ બે અંગોમાં એણે ગુરુ તથા સંતનો મહિમા ગાયો જ છે; આ ઉપરાંત એમાં જીવન્મુક્તનું અંગ પણ છે. આ સંસારને તરવાની નાવડી તે સંત સમાગમ જ છે. સંત તો બ્રહ્મના સરોવરમાં મોતી ચરતા હંસ છે, સંત તો બ્રહ્મનું તેજ છે, એનાથી માયાનું તિમિર તત્ક્ષણ નાશ પામે છે. અનંત અને અપાર એવા હરિનો સગુણ અવતાર તે જ સંત (સરખાવો કબીરની પંક્તિ- નિરાકારકી આરસી ભઇ સંતનકી દેહ), સંતો બુદ્ધારસથી નખશિખ ભરેલા છે. આથી એનો ચરણસ્પર્શ કરતાં અનંત નેત્ર ખૂલે છે. જેમ બરફ પાણીમાં ઓગળી જાય છે તેમ સંતો બ્રહ્મમાં ભળી જાય છે, સંતો ચિદાનંદના સિંધુરૂપ છે. પણ કોઇ માત્ર ભેષ ધારવાથી સંત થતું નથી, સોનામુખીને કોઇ સોનું કહેતું નથી, સંતો મિથ્યાભાષી નથી હોતા, એમની વાણી અવિચળ હોય છે, એ જ્ઞાનગિરા જ ઉચ્ચારે છે, ને જ્ઞાનનું જ દાન કરે છે; એ જ્ઞાનમાં જ રસપસ રહે, એમનું ખાનપાન પણ શુભ જ્ઞાન જ હોય. એવા સંતની જાત પૂછવી ન નહિ.[૧૭] જો ગુરુ કરુણા કરે તો આવાગમન ટળી જાય.[૧૮]

---

૧૫ જ્ઞાન પ્રકાશ (પૃ.૮૪,) ૧૬ જ્ઞાનગીતા (પૃ.૬૩) સંત માહાત્મ્યનું અંગ (પૃ.૧૩૬)
૧૭ સંત માહાત્મ્યનું અંગ (પૃ.૧૩૬-૪૦-૪૧) ૧૮ ગુરુમહિમાનું અંગ (પૃ.૧૪૨)

૧૪.

ગુરુ ઇશ્વરથી અધિક છે, બ્રહ્મરૂપ ભગવાન જ છે, સંત હરિ ને ગુરુ બંને એક જ છે. ગુરુ વિનાના નુગરા નર જ્યાં પગ મૂકે ત્યાં એના ભારથી ધરણી કંપે, એવો નર પશુ ને ગમાર જેવો. સંત સમાજમાં શિરોમણિરૂપ છે. પણ ગુરુ નો મહિમા વાણીથી શી રીતે વર્ણવાય, એ મન ને વાણીની પાર છે.[૧૯] જીવન્મુક્તના આચારને સંસાર સમજી શકતો નથી, એ તો સાક્ષીરૂપ બનીને જીવે છેજી ને લોકાચારને ગણતો નથી; એનો દેહ તો દગ્ધા ચંબરના જેવો છે, એને વળી વર્ણ ને વહેવાર શા ? એ જ્યાં પગ મૂકે ત્યાં ધરતી ને પાવન કરે. એવોમુક્ત પુરુષ જ્યાં પ્રવેશ કરે ત્યાં બધું શુદ્ધ બની જાય. જેમ પંખી પૃથ્વી પર રહે, પણ એનું ધ્યાન આકાશમાં હોય તેમ જીવન્મુક્ત પણ સંસારમાં રહે તો છતાં એનું લક્ષ તો બ્રહ્મમાં જ સ્થિર રાખે.[૨૦] સજ્જનો કલ્પવૃક્ષ જેવા હોય છે, બધા તાપનું હરણ કરે છે. સજ્જનો કલ્પદ્રુમથી પણ વિશેષ છે, કલ્પદ્રુમ તો ફળ જ આપે છે, પણ સજ્જનો તો વિકારનું પણ હરણ કરે છે. સજ્જનો જલધર જેવા હોય છે, એ પોતે સહજ રીતે વરસે છે. એને માટે એ બીજાની મહેનતની અપેક્ષા રાખતા નથી, સજ્જનો ચંદન જેવા છે, હીરા જેવા છે, કુંદન જેવા છે, જેમ કસો તેમ વધારે શુદ્ધ ને ઉજ્જવળ બને. સજ્જનનું મન દૂધ જેવું ઊજળું હોય છે, એ બહારથી અને ચંદરથી નિર્મળ રહે છે, સજ્જન અમૃતથી પણ મીઠા હોય છે. એ જ્ઞાન અને વિવેકનું દાન કરે છે, અવગુણ હરીને પવિત્ર કરે છે, ને પછી એક સુંદર સંસ્મરણીય પંક્તિમાં પ્રીતમ સજ્જનને બિરદાવે છે:

---

૧૯ ગુરુમહિમાનું અંગ (પૃ.૧૪૨-૪૩-૪૪) ૨૦ જીવનમુક્તનું અંગ (પૃ.૧૮૮)

૧૫.

સજ્જન અંજન આંખકે, મજ્જન મુખકે પાન,
કહે પ્રીતમ કહું છાંડ્યો ,સજ્જન પરમ સુજાણ ।[૨૧]

સાચો ગુરુ તત્ત્વવિદ્ પણ હોય છે, એવા તત્ત્વવિદ્ની વ્યાખ્યા પ્રીતમ આમ આપે છે:

ચૌદ ઇન્દ્રિ ને ચૌદે દેવ,
પાંચ પ્રાણ ઉરનો અહમેળ,
તજી તેહ તુરિયાપદ રહે
પ્રીતમ તત્ત્વવિદ તેહને કહે.[૨૨]

તત્ત્વવિચારની પણ અત્યંત સાદી ને સરળ વ્યાખ્યા પ્રીતમ આપે છે:

બાહ્યાંતર અખંડ એકતાર
કહે પ્રીતમ તે તત્ત્વવિચાર[૨૩]

આથીજ તત્ત્વજ્ઞાની હરિમાં જગતને ને જગતમાં હરિને જુએ છે:

સરળરૂપ હરિમાં હે લહે, તત્ત્વદરસી તેહને કહે[૨૪]

માટેજ બધામાં જ્ઞાની શ્રેષ્ઠ. પણ એ જ્ઞાનીનું સ્વરૂપ કેવું ?

ગુણાતીત જ્ઞાનીનું રૂપ, કહે પ્રીતમ તે તત્ત્વસ્વરૂપ [૨૫]

ભગવાન શ્રી મુખે સાક્ષી મુક્ત પૂરીને કહે છે કે

જ્ઞાની તે હું એમ કહે હરિ [૨૬]

આમ "પ્રભુનું પ્રગટ રૂપ તે જ સંત" આથી વસુધા ભરીને દાન દેવાથી જે પુણ્ય મળે તેનું મેળવ્યું પુણ્ય તત્ત્વદર્શીના દર્શનથી મળે .[૨૭]

સાધુઓ સમદર્શી હોય છે, એમને મન રિપુમિત્ર, હેમલોષ્ટ,માનાપમાન બધું એક સરખું છે.[૨૮] એ આવરણરહિત ઉજળી દશામાં હમેશાં રહે છે.[૨૯] એવા ગુરુ-ઓ મહાવાકયનું આપે જ્ઞાન, મુકાવે દેહનું આભિમાન.[૩૦]

સંત વિના હરિનો મર્મ જાણી ન શકાય. (પદ ૫ મું) સંતના

---

[૨૧]સજ્જનનું અંગ (પૃ.૧૬૬ ૧૮૯-૯૦) [૨૨]તત્ત્વજ્ઞાનનું અંગ (પૃ.૧૬૩) [૨૩]તત્ત્વજ્ઞાનનું અંગ પૃ.૧૬૩: [૨૪] એજન્ન(પૃ.૧૬૩) [૨૫] એજ્ઞા (પૃ.૧૬૪:) [૨૬] એજન્ન (પૃ.૧૬૪,)
[૨૭]એજ્ઞા (પૃ.૧૬૪) [૨૮]સંતનું અંગ પૃ.૧૬૭, [૨૯]એજ્ઞા (પૃ.૧૬૭) [૩૦]સદ્ગુરુનું અંગ (પૃ.૧૬૮)

તીર્થે જઇને "રામ સુધાજળ" ભરવું, સંતના વચનો આપણને આનદમાં "લહેરી" છે એ વચન તો સ્વાતિબિન્દુ જેવાં, જેથી મનની છીપમાં મોતી બંધાય; સંતો બાહ્યના ચંદન જેવા, સંજીવની ઔષધિ જેવા. (પદ ૬) નિર્ગુણનું રામ સગુણ રૂપ તેજ સદ્‌ગુરુ (પદ ૩૯), પણ જ્ઞાનહીણા ગુરુ કરવા નહિ, વાંઝણી ગાયને દોહવાથી શું મળે ? (પદ ૪૨) ~~સદ્‌ગુરુના શબ્દો જેટલે અજર અમર રસ~~, જો સાચા બ્રહ્મવિદને ભેટીએ તો ભવરોગ સમૂળો જાય (પદ ૪૨); સદ્‌ગુરુના શબ્દો જેટલે અજર અમર રસ, એ જે પીએ તેના નેણ ને વેણ પલટાઇ જાય, ને પછી એવી બ્રહ્મ-ખુમારી ચઢે કે જે કદી ન ઉતરે, એનું મુખ શબ્દોમાં કહ્યું ન જાય જેવો ~~મરજીવો~~ મરજીવિયા સંતો બ્રહ્મના ધ્યાનમાં મગનવત્ થઇને રહે છે. એવા સત્‌ગુરુ ને સેવીએ ત્યારે આપણું અંતર પણ એક રસ થાય (પદ ૪૪). સંતો શાંત ચિત્તવૃત્તિવાળા, બ્રહ્મનંદ ને બ્રહ્મરસના ભોગી, જીવ અને ઇશ્વર વચ્ચે જેમને કશી ભ્રાંતિ નથી તેવા, ક્ષમાવંત, આશારહિત, અમલ, અક્રોધી, ઇન્દ્રિયજીત, અનુભવી, કવિકોમલ, અમૃતવાણી વદનારા, સહેજાનંદ, આનંદકોશરૂપ, હરખશોકમાં પણ ડોલે નહિ એવા ત્રીસ લક્ષણોવાળા હોય છે. (પદ ૪૫) મનનાં રંજનને કરવા ગુરુ જ્ઞાન-કસોટી રૂપ છે. (પદ ૫૦), જે સદ્‌ગુરુ ને સેવે તેને જ નિજરૂપ જડે. (પદ ૮૯) આથી સદ્‌ગુરુ જ સાથે રહીએ ત્યારે આનંદ જ વધે (પદ ૧૫૨), એવા સદ્‌ગુરુ ને પામ્યા પછી ત્રિવિધ તાપ ટળ્યા ને

બહાર ભીતર એક સ્વતંતર, થઇ ગયું સૌ સેહેલે (પદ ૧૫૬)

પછીથી જ્ઞાનવહિનમાં અઘના ઓઘ બળી ગયા, ને અજર રસનું પાન કર્યું જાણે કે

નિજાનંદ નિરંતર નીરખ્યા, નિરાલંબ નિરદ્વંદ,
પ્રીતમ સ્વયં પોતે રે, ગટગટક થઇને ઢળ્યા. (પદ ૧૫૬)

જ્યારે ગુરુએ દીધોલુ જ્ઞાન પામીને ઘટમાં વિચાર કર્યો ત્યારે પ્રેમણુમારી પ્રકટી પછી,

ઘટ ચૌમુજ ખોલીને જોયું, ઊપડી અગમ અટારી, (પદ ૨૨૫)

સો વરસ સુરસરિતાને સેવો ને એક પલક સંતનો સંગ કરો તે સરખું (પદ ૨૬૬)

સંતજ આપણા "ભરમની ગાગર" ને ફોડશે. આથી દેહે છેલ્લે ફરીથી પ્રીતમ યાદ દેવડાવે છે:

સંત ભગવંત એકરૂપ છે રે, ભિન્ન ભાવ ન આણો,

જે બનેને એકરૂપ જાણશે તે જ મહારસને માણશે.

આ મહારસ તે કેવો? પ્રીતમે પોતાની અભેદાનુભૂતિને બારે ઉમળકાથી કાવ્યમય વાણીમાં ગાઇ છે. એ કહે છે: છે આનંદી હરિનો દેશ. (કડકો ૨જો) વળી કાવ્યમય બ્રહ્મ પોતે જ આનંદ સ્વરૂપ છે:

સચ્ચિદ આનંદ સરવમાં ભરી રહ્યો ભરપૂર,

દિનરજની રહે રંગમાં, નિરમલ વરસે નૂર. (પૃ.૧૨, મહિના)

અમૃતનો બધોયે વરસાદ વરસ્યો, સ્થાવર જંગમ સર્વત્ર હરિ હરિ થઇ રહ્યું, ને ચિંતનો ચાતક રંગમાં આવીને રટવા લાગ્યો, મનનો મોર ગહેકી ઉઠ્યો, જ્યાં ત્યાં ચૈતન બ્રહ્મના અંકુરો ઊછટ્યા, સુખસાગર સહેજે છલકાઇ ઉઠ્યો ને મરજીવા સંતો મત્સ્ય બનીને મગન થઇને એને માણતા રસિયા રસવંત બની રહ્યા. (પૃ.૧૩) આમ આનંદના ચોધ ઊછટ્યા ને અપાર સુખસિંધુ ઉછળી રહ્યો. પછી ઇન્દ્રલોકની, અજપદની, કૈલાસની કે વૈકુંઠની વાસના રહે ખરી? સર્વત્ર બ્રહ્મવિલાસ જ ભાળ્યો. (પૃ.૧૪) આ મહારસને કોણ માણી શકે? પ્રીતમ કહે છે:

જેના અંતર ટળ્યા અહમેવ, મહારસ માણે રે.

એ કેવો હોય ? -જેણે પ્રીછ્યું પરા ને પાર, તેનું વધ્યુ કેવું રે ?
જેવું શ્રીફળ સાકર સાર, સમજી લેવું રે.
તેની ગોટલી સોટલી સહિત, સર્વે મીઠું રે.
(પૃ. ૧૯-૨૦)

અનુભવની આંખ ઉઘડતાં આત્માના દર્શન થાય ને ત્યારે સન્મુખ સહજ રહ્યો મોટો સાગર દેખાય, એ સાગર તે બ્રહ્માનંદનો જ-

આ બ્રહ્માનંદ ભરપૂર, સુખનો ભરિયો રે,

એ ત્રિવિધ તાપથી તપે નહિ, જેમ સમુદ્ર સૂર્યથી તપે નહિ તેમ, આવો મહા-દક્ષાનો મર્મ છે, પણ તે અનુભૂતિગોચર જ છે. (પૃ. ૨૦) આમ બ્રહ્મની સાથે એકતાર થવાય ત્યારે આનંદથી ગગન પણ ગાજી ઉઠે ! (પૃ.૨૧) આ રંગની રેલને વર્ણવતાં પ્રીતમ કદી થાકતો નથી:

ઓંકારમાંહિ થઇ રહી રંગની રેલ રે, આ અવસરમાં,
કોઇક જાશે રસિયા તે રસ પીવા રે, આ અવસરમાં,
જેમ ડૂબકી માટે દરિયામાં મરજીવા રે, આ અવસરમાં,
દિન દિન પ્રત્યે ચઢે જોગણો રંગ રે, આ અવસરમાં,
(પૃ. ૨૬)

યોગની પરિભાષા માં પણ પ્રીતમે આ આનંદને વર્ણવ્યો છે:

દશ દલ પુષ્પની પાંખડી, મધુકર બેઠો છે માંય
સુખનો ભોગી ભાવે થયો, જોખમ જાણ્યું નહિ કાંય
(પૃ.૩૩)

વળી.. નવપલ્લવ દેહ દ્રુમમાં પક્ષી બેઠાં છે બેય
કોઇ કોઇને દેખે નહિ, આપ આપણા રંગ માંય
(પૃ.૩૩)

તથા.. દશમે દશા પરવરીએ રે, વિહંગમ વાટે

૧૯.

ગગનમંડલ ઘર કરીએ રે, મહાસુખ છે માટે

(પૃ. ૩૬)

ઇડા, પિંગલા ને સુષુમ્ણાની ત્રિવેણીને તીરે મનનું મોતી પરોવનારી સૌભાગ્યવતી પોતાનો આનંદ વર્ણવતાં કહે છે:

ત્રિવેણી તીરે રે, પ્રોયું મન મોતી,
હરિ હાર હીરાનો રે, પહેર્યો પ્રેમ ભારી,
થઇ પ્રેમ સોહાગણ રે, પૂરણ મનમોહ ભરી,
પામી અખંડ હેવાતણ રે, અખંડ વરને વરતાં,
પ્રીતમના સ્વામી રે, સંગ આનંદ ભારતાં.

(પદ ૯૧)[૩૧]

આ ઉલ્લાસની વાણી તે"અમૃતના સાગરની માંહી મગન થયેલા મનમીન" ની વાણી છે.

અન્ય જ્ઞાનમાર્ગી કવિઓની જેમ પ્રીતમ પણ ક્રિયા કાયા કલેશ, દંભી આચાર, વેશભેષ- આ બધું પસંદ કરતો નથી. દેહની, એક સાધન તરીકેની, મહત્તા એ ફરી ફરી સ્વીકારે છે. આ માનવ દેહ તો દેવને પણ દુર્લભ છે:

નૌતમ દેહ દુર્લભ દેવને, પ્રાણી પામ્યો છું તેહ,
હીરો નીપાર્યો રે નાખીઓ, એમાં ન રહ્યો સંદેહ. (કકકો પૃ.૨)

આ દેહ એ જ દેવળ છે ને એમાં જ દેવ વસે છે:

દૃઢ દેહદેવળમાં દેવ, સેવક થઇને કરને સેવ
પ્રેમ પુષ્પ ને ચંદન હાર, જ્ઞાનદીપક ઘટમાં ઝગવાળ,

કકકો ૨ જો(પૃ.૬)

---

૩૧ આવાં જ બીજાં પદોમાં પ્રીતમે સ્ત્રીપુરુષના પ્રેમની પરિભાષામાં આ અખંડ આનંદને વર્ણવ્યો છે:

એવો અખંડ અમર વર હું વરી ફરી પડવું નહિ ભવકૂપ,
જેનું સ્વરૂપ સોહામણું, ધણો અખિલ લોકનો આનંદ (પદ ૪૭:તથા પદ ૧૬૭

૨૦.

"જ્ઞાનગીતા"ના છઠ્ઠા વિશ્રામમાં, કાયકમળનું વર્ણન પ્રીતમે આપ્યું છે. એ વર્ણનમાં શરીરના ષટ્ચક્ર તથા તેના અધિષ્ઠાતા દેવનો એણે નિર્દેશ કર્યો છે. (પૃ. ૯૧-૯૨)

પણ પ્રીતમ દેહ દમન કે કાયા કલેશમાં માનતો નથી. "જ્ઞાનપ્રકાશમાં, આથીજ એ કહે છે: મોટા મુનિ દેહ દમે દિનરાત, હરિનુ હાર્દ ન આવે હાથ,
કોઇ પીએ દૂધ ખાએ ફળફુલ, કોઇ ખાય કાઢીને કંદમૂળ
કોઇ કરે તીરથ વ્રત અમૂલ્ય, નાવે નિજ નામ જાણ્યાને તુલ્ય,
કોઇ કરે જોગ જગનને જાગ, કોઇ ધારે વેશ વિશેષ વૈરાગ,
કોઇ તજે લૂણ અલૂણું ખાય, કોઇ તજી ધામ ઊઠી વન જાય,
કોઇ તજે ભોગતણા વિલાસ, કોઇ કૂટે શિર મૂકે નિશ્વાસ,
કોઇ કહે ધિક્ ધિક્ આ સંસાર, કોઇ ત્રિયામાંહિ દે મન નિ
નિરધાર.
આવા કંઈ પાર વિનાના પ્રપંચ, તેણે કરી રામ ન રીઝે રંચ.
(જ્ઞાનપ્રકાશ પૃ.૯૧)

પ્રીતમ ફરી ફરી કહે છે કે આ કાયામાં જ બધાં તીર્થો છે:

તનમાં તીરથ આઠ કરોડ, આશા-તૃષ્ણા બંધન છોડ,
(પૃ. ૨૫૮ પદ ૮૪)

વળી.. કીધી કાયા મેં કાશી, દીઠો સઘળે અવિનાશી
ગંગા ઘટમાંહી વહે છે, દેવ સકળ દેહમાં રમે છે.
(પૃ.૨૫૮ પદ ૮૪)

દેહને હિમાળે ગાળીને સ્થૂળ રીતે કષ્ટ આપવાની જરૂર નથી, એને બદલે

હિમાળે જ્ઞાનતણે ગળીએ, હરિ-સુખસાગરમાં ભળીએ
(પૃ.૨૫૮,પદ ૮૪)

જો મોહ મમતા મદ ને માયા મટે તો આ કાયામાં જ કેદાર ને કાશી દેખાશે.[૩૨]

જો દેહને સૂક્ષ્મ દૃષ્ટિએ તપાસી જોઇશું તો એમાં જ ત્રિવેણી (ઇડા, પિંગળા ને સુષુમ્ણા)

---

૩૨ પદ ૧૯૯, પૃ.૩૧૮

આદિ બદ્રી તીર્થ દેખાશે. એમાં મજ્જન કરવાથી કોટિ જન્મનાં કિલ્બિષ ધોવાઇ જશે. આ કાયાજ કાશી છે, શુધ્ધા પ્રેમ તે પ્રયાગ છે, ગુરુએ આપેલાં જ્ઞાનભક્તિ તે ગંગા છે, શુભ કર્મ તે સૂર્યપુત્રી તાપી છે, ને વૈરાગ્ય તે સરસ્વતી છે. ત્યાં ચૈતન્ય રૂપી વિશ્વનાથ વિરાજે છે ને અનહદનો ભેપી ઘંટ ત્યાં સદા વાગ્યા કરે છે. જે આ તીર્થને સેવે તેને બદ્રી તીર્થ સેવ્યાંનું ફળ મળે.[૩૩] આમ, અનુભવની આંખ ઉઘાડીને તનને તપાસીને જોઇ લેવું જોઇએ, તો જ સમજાશે કે:

દેહના નેહ થકી નહિ ન્યારો, ચિત્ત ચૈતન્યમાં લગાવેડી,
કહે પ્રીતમ તો તું જ હરિ, વદે નિગમ નગારાં વાડી,
અને ત્યારે
પ્રભુ પ્રેમે ઝરસે અમૃત વરસે, દરશે દાહાડી દાહાડી,
આઠે પોહોર આનંદની હેલી, ફૂલી રહી ફૂલવાડી, [૩૪]

આથી, કાયા તો કલ્પદ્રુમના જેવી છે, એની શોભા તો વરણી જતી નથી. કર્મરૂપી મૂળ અનાદિ ને ઉંડા છે, ને એ સદા ફાલ્યા ફૂલ્યા કરે છે. એને સો શાખા છે, બાર ઉપશાખા છે, છત્રીસ હજાર પાંદડાં છે, આશારૂપી વેલી નવ-પલ્લવિત થયા જ કરે છે, ને એના પર પુષ્પનો પાર જ નથી. એની ઉપર જીવ અને ઇશ્વર એ બે પંખી બેઠાં છે- તેમાં એક જોગી છે, ને બીજું ભોગી.[૩૫] પ્રીતમ પણ સહજ સાધનાનેજ સ્વીકારે છે. એને માટે તીર્થાટન કે વનવાસ કરવાની જરૂર નથી, ભગવાં ધારવાની પણ જરૂર નથી. માટે પ્રીતમ કહે છે:

ભેખ ધારે જો સિધ્ધા થાય, ભાંડભવૈયા વૈકુંઠ જાય [૩૬]

---

[૩૩] પદ ૧૧૧ પૃ.૨૭૩, [૩૪] પદ ૧૩૦ પૃ.૨૮૪, [૩૫] પદ ૧૮૬ પૃ.૩૧૨

[૩૬] કક્કો બીજો પૃ. ૭.

પણ એવા ભેખધારી બગભગત ભોળા ભાવિકોને ઠગી જાય છે ખરા એથી પ્રીતમ કહે છે:

ભેખ દેખી ના ભૂલીએ, સ્વાંગ ધારે સબ કોઇ,
કહે પ્રીતમ ચિત્ત શુધ્ધા હોય, સિધ્ધા કરાવે સોય.[૩૭]

હંસ અને બગલા વચ્ચે વિવેક કરવોજ જોઇએ:

સો મણ સાબુ ધોઇએ ગરધવ ગાય ન થાય.[૩૮]

પ્રીતમે,અથાની જેમ, આવા ડોળધાલુઓને ઠપકાર્યા છે. પણ અથા જેવો એ આકરો નથી. કોઇક કોઇક વાર એ અથા જેવો કોરડો વીંઝે છે ખરો:

એક પથ્થર પાણી નવ પરસે, તેને ટાંકે તો અગ્નિ વરસે;
એવા આ કુટને હરિ કેમ દરસે.
એક મોડક પંકજ પાસ રહે, તે કમળનો વાસ જરા ન લહે,
વાસ કમળતણી તો ભમર લહે,
તરુ ચંદનથી ચંદન જેવા, બીજા વાંસ ચેરંડા રહ્યા તેવા,
તેને નહિ કાંઇ લેવા દેવા.
તું વેદ પુરાણ ઘણું સાંભળે, તારા મનની દુર્ધ્યા કાંઇ ન ટળે,
સાચા રંગ વિના હરિ નાંહે મળે. [૩૯]

ચિત્તની શુધ્ધિ વિનાનો બાહ્યાચાર કશા કામમાં આવે નહિ. ~~ચિત્ત~~ ચિત્ત શુધ્ધા ન હોય તો જપ તપ તીરથ કરવાથી કશું ન વળે, જોગજુક્તિ ને ભાવભક્તિ પણ ચિત્તની શુધ્ધિ વિના નકામાં, મુક્તિ પણ શુધ્ધા ચિત્ત વિના ન મળે. ચિત્ત શુધ્ધા ન હોય ને ગંગા નાહો કે સો વરસ સત્સંગ કરો તોય હૃદયને રંગ લાગે નહિ. માટે પ્રીતમ કહે છે: _ _ _ _ _ _ _ _ _

૩૭ સાખીઓ :બલનું અંગ: પૃ.૧૩૬. ૩૮ સાખી :બલનું અંગ: પૃ.૧૩૬
૩૯ પદ ૧૦૩ :પૃ.૨૬૮:

શુધ્ધા ચિત્તે સાધ્યાન સૌ થાયે, ચૈતન્યકરણનું અજ્ઞાન જાયે [૪૦]

વળી.. જે સતસંગ કરે શુધ્ધા ચિતે, સઘળાં તીરથ તેને,
– શું કરવા ભરમે તે ભટકે, ઘટઘટમાં ગોવિંદ ચિન્હે.

એવાને તો

આઠે પહોર આનંદનો સિંધુ, ઉછળ્યો રહે દિનરેણે,
નિત્ય નિત્ય નેહ સહિત સતસંગે, પ્રીતમ પ્રેમરસ પીને. [૪૧]

આ સાધના એક રીતે જુઓ તો સાવ સહેલી છે. માટે પ્રીતમ કહે છે:

મૂકી દેને મનની તાણ.[૪૨]

પછીતો

હરતાં ફરતાં હરિનું ધ્યાન, તપતીરથ તેને બહુ દાન,
નિર્મલ નયણે નિરખો નૂર હર્ષે હરિ ભાળો ભરપૂર. [૪૩]

સહજ સાધનાને જ પુરસ્કારતાં પ્રીતમ આથી કહે છે:

સેહેજ દશા સાધસે ભલી, જો ઉપજે ઉર આય, [૪૪]

પણ આ સાધનાનો માર્ગ એ કાયાપોચાને માટે નથી. પ્રીતમે એના

સુવિખ્યાત પદમાં કહીજ દીધું છે:

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને,
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને,

જે શીશ સમર્પે તે જ રસ પીવા પામે, એમાં તો મહ માંહિ પડનારા મરજીવા

જ મહાસુખ પામે, આ તો

માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને [૪૫]

---

[૪૦] પદ ૧૧૨ પૃ.૨૭૩, [૪૧] પદ ૧૩૧ પૃ.૨૮૪

[૪૨] કક્કો બીજો પૃ.૭. [૪૩] કક્કો બીજો પૃ.૮

[૪૪] સાખીઓ :સહજનું અંગ: પૃ. ૧૮૨, [૪૫]પદ ૩૬ પૃ.૨૩૦

અન્યત્ર પણ પ્રિતમ- પ્રીતમ કહે છે કે આ ભક્તિનો માર્ગ તો આકરો છે, એ કાંઇ હાંસી ખેલ નથી, એતો હિમતનું કામ છે.[૪૬] આ સાધનાનું વર્ણન પ્રીતમ યુધ્ધની પરિભાષા માં પણ કરે છે કારણ કે

કાયર નરનું નહિ ત્યાં કામ, શૂરવીરનો સાચો સંગ્રામ [૪૭]

ને આ સંગ્રામમાં શસ્ત્રો કયાં ?–

શબ્દ તણી ધારજે સમશેર, શત્રુ દળમાં પાડે ભેર,
સદ્‌ગુરુ બખ્તર પહેર શરીર, ધીરધા। ધારણ ધારજે ધીર[૪૮]

એ તો કોઇ વિરલાનું જ કામ છે:

અણી અગર પર ખેલે રે, સાચાસંત શૂરા,[૪૯]

સાચો જ્ઞાની પણ પ્રીતમને મન શૂરો જ હોય છે, તેને કશાનો ભય હોતો નથી:

ખડ્‌ગ કાઢી શિર પર રહે, મારન કું નિરધા।રણ
પ્રીતમ ભય ઉપજે નહિ, જ્ઞાન લક્ષણ સાર [૫૦]

પ્રીતમ નિર્ગુણ ધારાનો જ્ઞાનમાર્ગી સાધક છે, એટલે એ જ્ઞાનને તો પૂરું મહત્ત્વ આપે જ છે. પ્રીતમ તો ભગવાનના વચનનું જ પ્રમાણ ટાંકીને જ્ઞાનનો મહિમા સ્થાપે છે.:

પ્રીતમ મોટમ જ્ઞાનકી, ભાખે શ્રી ભગવાન [૫૧]

જ્ઞાન શિરોમણિ કોણ તે ભગવાને જ ગીતાના સાતમા અધ્યાયમાં કહ્યું છે:

એકાદશસ્કંધમાં ભગવાને ઉધ્ધવને જ્ઞાનનો મહિમા કહ્યો છે. યોગવસિષ્ઠસાર માં રઘુવરને જ્ઞાનનો મહિમા કહ્યો છે, ગુરુની "સેન" :સંજ્ઞા: જ જ્ઞાન. જ્ઞાનથી જ બહુરૂપી રાગ ને દ્વેષ [૪]ટળે. આથી

ઉચ્ચ દશા હે જ્ઞાનકી, જે કોઇ જાણે ભેદ [૫૨]

---

૪૬ પદ ૧૪૧ પૃ.૨૮૯, ૪૭કકકો બીજો પૃ.૭, ૪૮કકકો બીજો પૃ.૭

૪૯ તિથિઓ ૪થી પૃ.૩૬, ૫૦ જ્ઞાનનું અંગ પૃ.૧૫૦ ૫૧ જ્ઞાનનું અંગ પૃ.૧૪૯

૫૨ ગેયજ્ઞ :પૃ.૧૫૦:

૨૫.

જ્ઞાન વિના જ બધી ગડબડો થાય છે, પણ જ્ઞાન થતાં બધું પ્રકાશ ભાસે છે,[૫૩]

જ્ઞાન જ્ઞાન તો બધા કરે છે, પણ સાચું જ્ઞાન તે "આતમજ્ઞાન".[૫૪] સાચા સંતનું

~~શિક્ષણ~~ લક્ષણ કહેતાં પ્રીતમે જ્ઞાનને જ અગ્રસ્થાન આપ્યું છે.

જ્ઞાનગિરા તે ઉચરે, જ્ઞાનતણું દે દાન
કહે પ્રીતમ રહે જ્ઞાનમાં, માનપાન શુભ જ્ઞાન[૫૫]

આ તત્વવિચાર કે સદ્‌વિચાર હમેશાં કરતા રહેવું જોઈએ.

પ્રીતમ પલક ન ~~છાંડીએ~~ છંડીએ, સાર વિચાર વિવેક.[૫૬]

તમે બીજી ગમે તે સાધના કરો પણ આ વિચાર વિના તે બધી ફોક જ જવાની!

જે આવો વિચારી વિષ ખાઇ જાય તો ય તેને દુઃખ ન થાય. એ હમેશાં સુખમાં

રહે, ને એનો શોક સમૂળો જતો રહે. જ્યાં કર્તવ્ય ન પહોંચે ત્યાં સદ્‌વિચાર

પહોંચી શકે એવોએવો મહિમા છે. ભક્તિ અને જ્ઞાન વિશે વાત કરતા પ્રીતમ *

૨૫૮૮ જ કહે છે:

ભક્તિ વિચારથી ઊપજે, ભક્તિથી ઊપજે જ્ઞાન;
જ્ઞાનથકી હું તું × ટળે,[૫૭]

આવી સમજણથી જ સાધના કરવી જોઈએ નહિતો

કહે પ્રીતમ વિચાર વિણ, કર્યું કરાવ્યાં છાર[૫૮]

કારણ કે

જ્ઞાન વિના નાવે સ્વરૂપ ~~લક્ષ~~ લક્ષ, ~~લક્ષ~~ લક્ષ વિના ટળે નહિ જીવપક્ષ[૫૯]

જ્ઞાનગંગાને નિત્ય નેહે ધારીને ઝીલીએ તો સચ્ચિદાનંદ સહેજે મળે,[૬૦]

---

[૫૩] જ્ઞાનનું અંગ :પૃ.૧૫૧: [૫૪] જ્ઞાનનું અંગ :પૃ.૧૫૧: [૫૫] સંત માહાત્મ્યનું અંગ પૃ.૧૪૧

[૫૬] વિચારનું અંગ :પૃ.૧૪૫; [૫૭] વિચારનું અંગ :પૃ.૧૪૬:, [૫૮] વિચારનું અંગ પૃ.૧૪૭

[૫૯] સત્સંગમાહાત્મ્યનું અંગ પૃ.૨૦૦, [૬૦] પદ ૪૮,પૃ.૨૩૬,

પ્રીતમ નામસ્મરણને ને જપનો પણ સાધનતરીકે સ્વીકાર કરે છે. પણ તેમાં આવા જ્ઞાનની અપેક્ષા રહે છે. સાચી ભક્તિની અત્યંત સંક્ષેપથી સરળ સમજૂતી આપતાં પ્રીતમે કહે-છે કહ્યું છે:

વિશ્વ વિષે જે દેખે એક હરિ, કહે પ્રીતમ તે ભક્તિ ખરી.[૬૧]

નામ એટલું બળવંત છે કે નામ લેવાથી જ્ઞાની મળે છે. મનમંદિરમાં નામનો દીપ પ્રકટાવીએ ત્યારે જ્ઞાન પણ પ્રકટે છે. નામ બરાબર કશું નથી, જોગ જગન તપ કે દાન કશું નામની તોલે આવે નહિ. પણ નામનું રટણ સદા ચાલ્યા કરવું જોઈએ.:

નામ નગારાં ગડગડે, અન હદ આઠે પહોર,
કહે પ્રીતમ દિલ ના ડગે, રહે ઢોરકા ઢોર.[૬૨]

પણ હરિને જપવા હોય તો જાગીને જપવા જોઈએ:

જાગીને જપીએ રે હરિને જાગીને જપીએ;
જાગ્યાં વિના જે જે કરીએ તે ધેલામાં ખપીએ.[૬૩]

પ્રીતમ પણ અજપા જપની વાત કરે છે:

કહે પ્રીતમ મન જતકે જપે અજપ્યા જામ,[૬૪]

સાધનાના લક્ષ્યરૂપ બ્રહ્મની વાત વેદાંતની દુર્બોધ ભાષા ને છોડીને, અત્યંત વિશદતાથી ટૂકમાં એકજ પદમાં પ્રીતમે સુંદર રીતે કહી દીધી છે:

તત્ત્વ સાંખ્યમાંહે રે, જોયું જુગત કરી;
સરવ સમાતાં રે, ઉગરે એક હરિ.
ઇન્દ્રિ દેવ વિષય ગુણવૃત્તિ, સૌનો પ્રેરક જોય;
વસ્તુ વિચાર કરીને જોતાં, આચરણ એકે ન હોય;
આનંદ કોશે રે, અનુભવ દૃષ્ટિ ઠરી. તત્ત્વસાંખ્ય :૧:

---

[૬૧]હરિભક્તનું અંગ પૃ.૧૯૬, [૬૨]નામમાહાત્મ્યનું અંગ પૃ.૧૩૮
[૬૩]પદ ૧૯૪ પૃ.૩૧૬, [૬૪]નામ માહાત્મ્યનું અંગ પૃ.૧૩૭

૨૭.

શુધ્ધા ચૈતન્ય સાક્ષી પ્રમાતા, પ્રમાણ પ્રે પ્રમેતી એક;
અદ્વૈત એક અખંડ અવિનાશી, નિગમ કહે નેતિ નેતિ;
નાથ નિરંતર રે, નીરખ્યા જ નજર ભરી. તત્વસાખ્ય :૨:

કનક દંડ સાકરનું શ્રી ફળ, રત્નકુંભ એક રૂપ;
બાહર ભીતર નાથ નિરંતર, આપે અકળ સ્વરૂપ;
એકરસ ઇશ્વર રે, નહિ કોઇ ભિન્ન અરિ. તત્વસાખ્ય :૩:

બ્રહ્મપયોધિ ભર્યો પરિપૂરણ, ન મળે ન્યૂનલગાર,
મૃત્યુ તે અમૃત થઇ નીવડ્યું, પ્રગટ્યો પ્રેમ અપાર
પ્રીતમ પ્રીછે રે, ગુરુગમ સાવ ખરી. તત્વસાખ્ય :૪:[૬૫]

પ્રીતમે સાખીઓમાંના બ્રહ્મસ્વરૂપ વર્ણનમાં બ્રહ્મનો વિસ્તારથી ખ્યાલ આપ્યો છે. પ્રલયકાળના સમુદ્રની જેમ બ્રહ્મ બધો સભર ભર્યું છે. શુધ્ધા ચૈતન્ય, સાક્ષી, પ્રમાતા, પ્રમાણ, ને પ્રમેતી તે બ્રહ્મના પર્યાયનામ છે. એ બ્રહ્મ અખંડિત, અવિનાશી, અજ, અવ્યક્ત, અવિકારી, નિર્લેપ, નિરાલંબ, નિરાધાર, નિર્ગુણ, નિરાકાર, નિત્ય, નિજાનંદ, નિજરૂપ છે. સિંધુમાં અનંત લહરી થાય છે તેમ બ્રહ્મમાંથી સંસાર ઉપન્યો છે, પણ

ગંજુમાં નહિ અંતરો, વ્યોમ વિષે નહિ વાડ,
કહે પ્રીતમ યું બ્રહ્મ મેં નહિ આવરણ કછુ આડ.

પણ આ બ્રહ્મનું વર્ણન કરવું શકય નથી, માટે પ્રીતમ કહે છે:

વાણી શકે નહિ વર્ણવી, કૃત્ય ન પહોંચે કોય,
કહે પ્રીતમ આકાશમાં, ચિત્ર કોણ વિધિ હોય. [૬૬]

પ્રીતમે માયાનો મહિમા પણ સાખીના "માયાનું અંગ" માં વર્ણવ્યો છે. ગુણમયી માયાએ ત્રિગુણ વિસ્તાર કર્યો છે. એ માયા અનંત રૂપ ધારણ કરે છે, ને એ માયા જ રાગદ્વેષ ને હું તું નું મૂળ છે. એ દેવની છાયારૂપ હોઇ એને શી રીતે

---

[૬૫] પદ ૧૫૭ પૃ.૨૯૮ [૬૬] બ્રહ્મસ્વરૂપ વર્ણન પૃ.૧૭૬

છેદી શકાય ! ભગવાન પોતે માયાના ચક્રની ચોથે રહીને જગતના ખેલને જોઇ રહ્યા છે. એ પ્રભુને જોયા પછી કશું જોવાનું રહેતું નથી. જેને જ્ઞાનજન્ય વિવેક સાંપડે છે તે વિરલા જ માયારહિત અવિનાશી આદ્યપુરુષ ને ઓળખી શકે છે, બાકી તો માયાના ઇન્દ્રજાળના ખેલમાં આખો સંસાર મોહ્યો છે; તે કલ્પના કલ્પ વીતે તોય નીકળી શકતા નથી. પ્રીતમ માયાને ગંઠીના કોથળા સાથે સરખાવે છે, બહુ ચતુરાઇથી એમાંનું બધું એકઠું કરવા જાવ તોય એકઠું થતું નથી. બાવળના બીજને હજાર વરસ સુધી રાખી મૂકીને ય રોપશો તો થશે કાંટા-સહિત જ ઉગશે. શાસ્ત્ર પુરાણ એ બધાં માયાના જ નામ છે, એનાથી ન્યારો રહે તે નરને પરમ સુજાણ જાણવો. અખા અને અન્ય જ્ઞાનમાર્ગી કવિઓએ મન વાપરેલી પરિભાષા ની યાદ અપાવે એવી રીતે પ્રીતમ એને વર્ણવે છે:

> માયા અવિદ્યા અવ્યાકૃત, અક્ષર અરુ અજ્ઞાન,
> કહે પ્રીતમ પ્રકૃતિ અજા, ક્ષેત્ર ધામ પ્રધાન,
> પ્રકૃતિ કહીએ પરાક્રમી, અજા જન્મ નહિ માટ;
> કહે પ્રીતમ સહુ ઉપજે, ક્ષેત્ર કહે તે માટ.

આ માયાનાં આઠ આવરણ છે: પૃથ્વી, ઉદક, તેજ, વાયુ, ગગન, ગુણ, અહંકાર ને મન, એ નિમિર સેહેજે ટળી જતાં બ્રહ્મ પ્રકાશ પ્રકટે છે.[૬૭] જીવ છતી વસ્તુને દેખતો નથી, કારણકે "માયાનો પડદો મધ્યે પડ્યો" છે. "માયાની મધ-લાળ" જેને લાગી તેની તૃષ્ણા વધતી જ જાય. એ નટની જેમ નજરબંધી કરે છે, ને કોઇને સાચી વસ્તુ કળવા દેતી નથી. માયાની સરખામણી પ્રીતમ મૂળ વિનાની વેલ સાથે કરતાં કહે છે:

---

[૬૭] માયાનું અંગ : પૃ. ૧૭૧-૭૨-૭૩:

૨૯.

માયા મૂળ વની વરણડી, મહાલી ત્રિભુવનમાંય,
નિત્ય નૌતમ ફૂલે ફળે, તાલી શીતળ છાંય,
જીવ અનેક નિપજાવતી, સેવે સુર નર વૃંદ,
અણુની આહ્ય અજા ઇશ, સૌને સરખો આનંદ. ૬૮

~~મહિનામાં~~ "મહિના" માં પણ પ્રીતમે "માયા" ની મીમાંસા કરી છે.૬૯

"ચેતાવની" માં પણ એણે "માયાના મુસળે બંડાતા" જીવની વાત કરી છે.

"જ્ઞાનગીતા"માં ત્રીજા વિશ્રામમાં એણે માયાનું સ્વરૂપ ચર્ચ્યું છે. પહેલાં બ્રહ્માએ

સૃષ્ટિ સરજી, ત્યારે આત્મદૃષ્ટિના પ્રાદુર્ભાવને કારણે કોઇ મોહ પામતું નથી.

બહુ ભાવથી હરિને ભજતાં, માયાનો પ્રપંચ કોઇને પીડતો નહિ આથી
વિરંચીએ મન વિચાર્યું, ઉપાય એક એવો કરો,
દશ ઇન્દ્રિયનાં બંદાર બંધાણાં, વિષયરસ તેમાં ધારો.
ત્યારે સર્વે ભૂલ્યું ભેદ માંહીં, બીતર કોઇ ભાળે નહિ,
માટે દૃષ્ટિ બાહ્ય સર્વની, અવિદ્યાએ અટકી રહી. ૭૦

આ સાધનામાં યોગસાધના પણ મહત્ત્વનું સ્થાન પામી છે. પ્રીતમે પણ

પરંપરાનુસાર આ યોગસાધનાની અનેકવાર વાત કરી છે. "જ્ઞાનગીતા"ના

છઠ્ઠા વિશ્રામમાં કાયાકમળનું વર્ણન યોગની દૃષ્ટિએ જ કરેલું છે. "મહિના" (૨જા)
માં યોગની પરિભાષા માં એણે સાધનાનું વર્ણન આમ કર્યું છે:

શ્રાવણ સુરતનો બેલ, નુરતમાં આણો રે,
થઇ રહી રસની રેલ, જથારથ જાણોરે,
ઠરી રહ્યો નિજ ઠોર, ઘટમાં ગાજે રે,
એ ઉન્મુનિ ચાંઠે પહોર, ચલણ વિરાજે રે. ૭૧

૬૮કકકો પહેલો પૃ.૨-૩, ૬૯ મહિનો ૧લો. પૃ.૧૧. ૭૦"જ્ઞાનગીતા" વિશ્રામ
૪થો, પૃ.૮૮-૮૯, ૭૧ કઠોપનિષદ્ સાથે સરખાવો. ૭૧મહિના,૨જા.પૃ.૨૦

"તિથિઓ" (૪થી) માં પણ આજ પ્રકારનું વર્ણન આવે છે:

સાતમે સૂરત નૂરત સૂ રે, સાપવશું ખેલેા;
મન ઇન્દ્રિની માયા રે, સહુ મનથી મેલો,
દશમે દશા પરવીચે રે, વિહંગમ વાટે,
ગગનમંડલ ઘર કરીચે રે, મહાસુખ છે માટે [૭૨]

આ ઉપરાંત સાખીઓમાં "જોગનું અંગ" પણ છે. એમાં યોગની અષ્ટાંગ સાધના પ્રીતમે વર્ણવી છે. ષટ્ચક્રની સાધના, ષટ્ચક્રો ને એના અધિષ્ઠાતાદેવોનો પણ એમાં ઉલ્લેખ છે. યોગની સાધનાની જુદી જુદી કક્ષાના વર્ણનો પણ એમાં છે. એ વર્ણનો પૈકીનું આ વર્ણન જ અહીં તો ટાંકીએ :

કર્મ સંકોચે શરીરને, એમ સમેટે અંગ
કહે પ્રીતમ અમૃત પીવે, સુરત સખીકે સંગ,
કરે અગોચરી પેંગડાં, ખેચરી,પર અસવાર
પ્રીતમ લગામ ગ્રહે ભૂચરી, ખેલે ચાચરી સાર
રહે ઉન્મની આસન, આઠે હ પહોર આનંદ
કહે પ્રીતમ તે નહિ પડે, ફરીને માયાફંદ.
ત્રિકુટિ ઉઠ મીઠ કુલાંટ, ભ્રમર ગુફા બ્રહ્મરંધ્રા મુકામ,
કહે પ્રીતમ સંસારસુખ, તાકું નહિ હે કામ.
ગગનમંડળમે ઘર કરે, ધારે સમાધિ ધ્યાન,
કહે પ્રીતમ પ્રેમે કરે, અજર અમીરસ પાન.
પ્રેમે જડી અમૃત ઝરે, પીજે આઠે અંગ
કહે પ્રીતમ જોગ તણો, નિત્ય નિત્ય નૌતમ રંગ.[૭૩]

પણ સાથે સાથે પ્રીતમ અંતમાં આટલું ઉમેરી દે છે:

એ સબ સાધન સત્ય હે, જબલગ ઉપજે જ્ઞાન,
પ્રીતમ જ્ઞાન પ્રકાશતે, સબહી દૃષ્ટ સમાન. [૭૪]

---

૭૨ તિથિઓ ૪થી પૃ.૩૬, ૭૩ જોગનું અંગ-સાખીઓ પૃ.૧૪૭-૪૮-૪૯,

૭૪ એજ ન. પૃ.૧૪૯.

પ્રીતમે "ભગવદ્ગીતા" નો અનુવાદ પણ કરેલો છે. એ અનુવાદમાં ગીતાના તત્ત્વજ્ઞાનને સરળ અને વિશદ રીતે લોકભોગ્ય બનાવવાનોજ એનો આશય છે. આથી એમાં મૂળને વફાદારીથી એ વળગી રહેતો નથી. કયાંક એ મૂળની વાત ટુકાવી નાંખે છે, તો કયાંક પોતાના તરફથી થોડુ ઉમેરી પણ દે છે.[૭૫]

પ્રીતમે અન્ય જ્ઞાનમાર્ગી કવિઓની જેમ રૂપક તથા રૂપક ગ્રંથીનો ઉપ-યોગ વેદા-તના કૂટ સિધ્ધાંતોને વિશદ રીતે સમજાવવામાં ઠેર ઠેર કર્યો છે. દૃષ્ટાંત રૂપે પ્રીતમનું આ જાણીતું પદ જુઓ.[૭૬]

તન રેંટીડો, સદ્‌ગુરુ શબ્દે સૂતર ફરવા લાગ્યો;
થઇ મહેર વરણી ધણી, ગુરુ દયાળે દિલનો ધોખો ભાગ્યો.:ટેક:
શુભ કર્મ કાષ્ટ રેટીયો કીધો, ને તો સુધડ સુતારે ઘડી કરીદીધો,
બુધ્ધા માનુનીએ માગી લીધો. ૧૦૧
પચરંગી પાંખડિયું આરા, થંભલિક તોરણિયા સારા,
ચિત ચપળ ચમરખે રંગ ન્યારા, ૧૦૨
ચેતઃ કરણ ઉઠાણી પ્રોયે, એને અન્ન ઉદક ઉજણ જોયે,
દશ દામણિયો સુંદર સોહિયે. ૧૦૩

---

૭૫ ઉદાહરણરૂપે ગીતાના રજા અધ્યાયના શ્લોક ૭ તથા ૧૧ નો આ અનુવાદ જુઓ:

કાયર સ્વભાવે દીનતા, ધારમે થયું મન મૂઢ,
હું શિષ્ય તમારો શર્ણ આવ્યો, કીજે કૃપાગરૂડારૂઢ ૭પૃ.૪૦૮.
અશોચ્યાનો શોચ કરવો, એ મોટું અજ્ઞાન,
તે માટે કાંઇ દેહનું, નથી પંડિતને અભિમાન ૧૧, પૃ. ૪૦૮

૭૬એ ઉપરાંત "જ્ઞાનગીતા"ના છઠ્ઠા વિશ્રામનું કાયાકમળનું વર્ણન, ધોડેસ્વારીની ભાષા માં યોગ સાધનાનું વર્ણન :યોગનું અંગ સાખીઓ પૃ.૧૪૮.
"મહિના"ઓમાં માયાનું વર્ણન"વનની વરધડી" તરીકે કરેલું છે.પૃ.૧૧ આવા ઉદાહરણો છે.

તે મધ્યે ચૈતન્ય માળ ફરે; પરા પાર પૂણી પ્રાણ ધારે;

ત્રિવેણી તાકે તાર ભરે, ૧૦૪

મન માંકડી ચોકસ કરિયે, ઘર મૂકી પરઘેર નવ ફરીયે,

એક ધ્યાન ધાણી કેરુ ધારિયે. ૧૦૫

પ્રીતમની રચનામાં લોકોક્તિઓનો પણ સારા પ્રમાણમાં ઉપયોગ થયેલો છે. એમાંની મોટા ભાગની આ પરંપરાની રચનાઓમાં વપરાતી જ આવી છે. વિતંડાથી કશો અર્થ સરે નહિ એ વિશે કહેતાં પ્રીતમ કહે છે:

વળતો શીદ વદે છે વાત, નીર વલોવે નાવે સ્વાદ [૭૭]

કુબુદ્ધિવાળાને અવળા ચૈતન્ય કરણવાળાને ઉપાલમ્ભ દેતાં પ્રીતમ કહે છે:

અડદ ઉજળા કયમે ન થાયે, જઇ ઝબોળે ગંગ જોને,

કુશકા કુટેથી શું થાયે, કણ ન જડે તેમાંથી જોને [૭૮]

જેને બ્રહ્મજ્ઞાન થયું હોય તેને પછી કશો સંશય અડે નહિ તે સમજાવતાં પ્રીતમ કહે છે: સંશય તેને શાનો રહ્યો, જેને બ્રહ્મ વિચાર

અગ્નિને ઉધોઇ અડે નહિ, રવિને નહિ અંધકાર.

એની દૃષ્ટાંતો આપવાની રીત અખાના જેવી જ છે, પણ એ અખાના જેવો આકરો નથી. એનામાં કરુણા વિશેષ છે.

આધ્યાત્મિક અનુભૂતિને વર્ણ-વર્ણવવાને પ્રીતમ પણ, અન્ય જ્ઞાનમાર્ગીઓની જેમ,

---

[૭૭] કકકો :પૃ. ૮, : [૭૮] પદ ૩૭ :પૃ.૨૩૧:

ચવળ વાણીનો આશ્રય લે છે. ઉદાહરણ તરીકે કકકામાં એણે કહેલું- કરેલું વર્ણન જુઓ:

ઝુઝા ઝાંખી જોને તેહ, વણ વાદળ જ્યાં વરસે મેહ,
વિના સરોવર ઝળુજસાર, વિના સ્વેવર ઉઠે ગુજાર,
વિના અર્ક અજવાળું જેહ, ઝઝા ઝુઝા ઝાંખી જોને તેહ [૭૯]

પ્રીતમની કાવ્યમય વાણીનો પરિચય બાસ કરીને એના "મહિના"ઓમાં થાય છે. એણે કરેલા ફાગણ, બાર માસા ૮, શ્રાવણ, તથા ભાદરવાનાં વર્ણનો બાસ આ દૃષ્ટિએ જોવા જેવાં છે. આ ઉપરાંત એના સમકાલીન રવિદાસ ના ઉપરનો પ્રીતમનો પત્ર એ એની કૃતિઓની એક વિશિષ્ટતા છે. એમાંનું વ્યતિરેક અલંકાર વાપરીને કરેલું સંતનું વર્ણન બાસ ધ્યાન ખેંચે છે. આ ઉપરાંત પ્રીતમે એક સપ્ત શ્લોકી ગીતા પણ હિંદીમાં લખી છે.

---

[૭૯] કકકો ૨ જો. :પૃ. ૫:

જગજીવન:

:સંવત ૧૭૭૨માં હયાત:

જગજીવનની બે કૃતિઓ શ્રી રમણલાલ કાંટાવાળાએ સંપાદિત કરેલી તે સંવત ૧૯૭૮ માં "સાહિત્ય"માળાના ચોથા મણકા તરીકે વડોદરાથી પ્રસિધ્ધ થઇ. એની પ્રસ્તાવનામાં આ કવિ મૂળ ચરોતરનો હતો ને પાછળથી એણે ઘણો વખત ભાવનગરમાં ગાળ્યો હતો એમ કહ્યું છે. આ કૃતિઓની પ્રત પણ શ્રી કાંટાવાળાએ ભાવનગરમાંથી જ ખરીદી છે. આ સિવાય કવિ વિશે બીજી માહિતી ઉપલબ્ધ નથી.

"સપ્તાધ્યાયી" ગુરુશિષ્યના સંવાદરૂપે દોહરામાં લખાયેલી સાત અધ્યાયની કૃતિ છે. પરમપદને શી રીતે પામવું, વાસનાનો ભંગ શી રીતે કરવો, માયાને કેવી રીતે છોડવી, બ્રહ્માનુભૂતિનો રંગ હૃદયમાં કેવી રીતે લગાડવો ને ચોર્યાશી લાખ ફેરા શી રીતે ટાળવા - આટલા મુખ્ય પ્રશ્નો છે. ગુરુ કહે છે:

મુખ થકી માગીશ મા, અંતર આશા તજ્ય,
સંકલ્પ વિકલ્પ પરહરી, ભાવે ભગવાન ભજ્ય. (૧, ૬)

જે જે પદાર્થની ઇચ્છા કરીએ તે મનની કલ્પનામાંથી હોય છે, ચૌદ લોક પણ મનની જ કલ્પના છે. વસ્તુનો વિચાર કરનારને સાચી વિવેકબુધ્ધિ પ્રાપ્ત થાય છે. આદિ પુરુષ તો શબ્દાતીત અવ્યયને અવિનાશી છે. એને ઇચ્છા ઊપજી, પછી અહંકાર પ્રગટ્યો ને એમાંથી ત્રણ ગુણ ઉદ્‌ભવ્યા, એની સાથે ઇચ્છા ક્રિયા ને જ્ઞાન આવ્યાં, પછી કાર્યકારણ આવ્યાં, ચતુર્વિધ દેહ થયા - આમ માયાનું નાટક ઇશ્વર સુધી રચાયું પછી નિદ્રા, ભય, મૈથુન, આહાર અને લૌકિક વહેવારમાં લોકો મગ્ન થયા, વાસનાને વશ પડીને ચોર્યાશી લેખ ફેરાફરવા મંડ્યા. આ બધું થયું તે ઇચ્છાને કારણે. આમ અવિનાશી અવતર્યા, શિવ જીવ થયા. વાસ્તવમાં જીવ અને ઇશ્વર તે એકજ છે, પણ માયાજ બે વચ્ચે મિથ્યા ભેદ પાડે છે. બધે એક જ ચૈતન્ય સ્ફુરી રહ્યું છે, માટે

જ્યારે સંસાર મિથ્યા માનશે, મનસા વાચા કર્મ;
ત્યારે ચિદાભાસ મિથ્યા થશે, રહેશે કુટસ્થ બ્રહ્મ. ૧,૨૨

અસ્તિ, ભાતિ ને પ્રિય સત્ય છે, નામ અને રૂપ મિથ્યા છે. મિથ્યાનું મિથ્યાપણું જાણી લેવાથી જ મુકત થવાય છે. પછી શિષ્ય કર્મકાંડ, ઉપાસના કાંડ અને જ્ઞાનકાંડ વિશે જાણવા ઇચ્છે છે. કર્મકાંડ જો "સાંગોપાંગ નિમજે" તો સ્વર્ગ મળે, દેવની ઉપાસના સાંગોપાંગ કરે તો સાયુજ્યપદ મળે, પણ જ્ઞાનીને તો પુનરાવર્તન છે જ નહિ, જ્ઞાન ઉપજતાની સાથેજ એને તો મુકિત પ્રાપ્ત થાય છે. એ જ્ઞાનીને કવિ આ ધારાના અન્ય કવિઓની જેમ બિરદાવતાં કહે છે:

જ્ઞાનીની ગત્ય ગુઢ છે, શું વાણ્યે વરણાય,
કહેવાની કૈવલ્ય કોટી છે, અળગી નવ કળાય.
જેહની તદાકાર વૃત્તિ થઇ, ઉપજ્યુ અનુભવજ્ઞાન,
દેહાભાવ ભુલો ગયો, નહિ બ્રહ્મતણું અભિમાન. ૧, ૪૫-૪૬

આ જ્ઞાન તે "અનુભવજ્ઞાન" છે એ પણ કવિ રપષ્ટ કરે છે. જ્ઞાની સમુદ્રની જેમ આ પૂર્ણપ્રાણ છતાં અચલપ્રતિષ્ઠ થઇને રહે છે, એને કશાં કર્મ કરવાનાં રહેતાં નથી, એ કશાંની આશા રાખતો નથી, એ વિવેકથી વાસનાલિંગનો ભંગ કરે છે. દૂધમાંથી છૂટું પાડેલું ઘી જેમ ફરી દૂધમાં ભળતું નથી, અળગું જ રહે છે તેમ જ્ઞાન પ્રાપ્ત કરનાર પછી કર્મથી લેપાતો નથી. કર્મ, પાપપુણ્ય એ તો કલ્પના છે, શિષ્ય કહે છે કે જીવ અને ઇશ્વર પણ જો કલ્પના જ છે ત્યારે "કોને બેકાશે કર્મ જીવ અને ઇશ્વર વચ્ચે અંતર તો ઘણું છે, છતાં એનું ઉપાદાન તો તમે એક જ છે એમ કહો છો ગુરુ કહે છે કે ઇશ્વર એ પણ દૈવી માયાની સૃષ્ટિ છે. જેમ એકજ અન્નમાંથી મળ, માંસ અને વીર્ય થાય છે તેમ માયા જ જીવ અને ઇશ્વરને ઉપજાવે છે. આમરે તો એક બ્રહ્મ જ સર્વત્ર એક સરખું વ્યાપક છે, ને ભ્રાંતિને કારણે ભિન્ન લાગે છે. કવિને તીર્થવ્રતજપ વગેરેની કશી જરૂર લાગતી નથી:

તીરથ, વૃત, જપ, નિયમ, દાન, અને કર્મ, કથા કલ્પાંત,
કાયા કષ્ટે યોગયજ્ઞે, તેથી ન વ્યાપે શાંત.
તેણે ભ્રાંત ન નિર્ગમે, માનજે નિરધાર,
ગુરૂદયા હોય તો મીટે, એમ આગમ કરે ઉચ્ચાર. ૧, ૬૭-૬૮.

વર્ણાશ્રમનાં કર્મ કોને વળગે

આત્મા તો અકર્મ છે, દેહને વળગ્યા કર્મ,
કર્મે કર્મો નિપજે, કર્મ ખુટે બ્રહ્મ. ૨, ૯

કર્મ અને વર્ણ પણ નરી કલ્પના છે, અઢાર પુરાણ પણ કલ્પના છે, ષટ્‌શાસ્ત્ર અને ચાર વેદ પણ કલ્પના છે:

જે કહેશો તે કલ્પના, જે-શબ્દ વડે કહેવાય,
તે શબ્દ કલ્પ્યો કહ્યો, ત્યારે બીજું સહેજે થાય.
મન વાણીથી વેગળો, અકલ્પિત જે બ્રહ્મ,
તેને વર્ણાશ્રમ કાંઇ છે નહિ, વળી નથી કાંઇ કર્મ. ૨, ૧૪-૧૫

પોતાના વિધાનના સમર્થનમાં કવિ બૃહદારણ્યક, છા-દોગ્ય, કઠ વગેરે ઉપનિષદોનો આધાર પણ આપે છે તે કવિની બહુશ્રુતતાનું દ્યોતક છે. નરહરિ આદિ જ્ઞાનમાર્ગીધારાના કવિઓએ યોજેલું દષ્ટાંત આ કવિ પણ યોજે છે:

ક્ષીરમાં જેમ તુપ છે, વળી તલમાં જેમ તેલ
ઇક્ષુમાં જેમ ગુડ છે, તેમ દેહમાં મેળ છે.

પણ એનો ઉપયોગ બ્રહ્મની સર્વ વ્યાપકતા સૂચવવા માટે કરતો નથી! છાંદોગ્યમાંથી વાણીમાં ઓગળેલા મીઠાના ગાંગડાનું દષ્ટાંત પણ કવિ આપે છે. (૨, ૨૨-૨૩) મન અન્ય વસ્તુને પ્રકાશે છે, પણ મનને કોણ પ્રકાશે છે?

અન્ય તો અન્ય પ્રકાશ છે, ને આત્મા સ્વયંપ્રકાશ,
અખંડ ને એકરસ છે, અવ્યય ને અવિનાશ. :,૨, ૩૦:

ઇશ્વર કર્તા અને જીવ ભોક્તા એમ કેમ એના જવાબમાં ગુરુ કહે છે:

પિતાથી ઉત્પત્તિ હળી, પુત્ર તેહવી જેહ,
ભોગવનાર તો કોણ છે, એમાં કાંઇ સદેહ?
માટે કર્તા તો ઇશ્વર છે, અને ભોગવનાર તે જીવ,
એ માનીને બંધે પડે, જેહ મુકે તો શિવ. :૩,૨૦-૨૧:

બ્રહ્માનુભૂતિનાં સાધનોનો વિચાર કરતાં કવિ કહે છે કે મનની સ્થિરતા પામવા યોગસેવન કરવું કારણ કે મનને જીતવાથી જ મુક્તિ છે, હમેશાં નિદિધ્યાસન કરવું, નિદિધ્યાસન એટલે અખંડ બ્રહ્મવિચાર, એના વડે જ સ્વસ્વરૂપને ઓળખી શકાય.

આમરે[૪]તો

તે ધર્મકર્મ થકી વેગળો, મોહ માયાથી અતિત,
બીજું સર્વે અનિત્ય છે, તે નિરંજન નિત્ય. ૩,૩૭

જે મહાનુભાવો મહાદશાને પામ્યા છે તેમણે આપોપુ ટાળ્યું છે, માટે

અદ્વૈત જ્ઞાન વ્યાપ્યા વિના, અન્ય તે અવતાર,
તો અન્યનો શો આશરો, માનજે નિર્ધાર. ૩,૪૦

આવું બ્રહ્મજ્ઞાન વ્યાપે નહિ ત્યાં સુધી આ ભૂતળમાં કોઇ ઠરે નહિ ને અનુભવથી જ આનંદ ઉપજે છે. અનુભવથી જ સ્વસ્વરૂપને ઓળખાય. અવિધાનો આશ્રય છોડીને મનને જીતવું, ઉન્મની અવસ્થાને પામવી, ત્યારે જીવનમુકત થવાય:

જીવન્મુકત તે થયા, જેણે જીત્યું મન,
ઉન્મુનિ અવસ્થા પામીઆ, સાંભળ શિષ્ય વચન. ૪,૨૮

એવાને પછી કશું જાણવાનું રહેતું નથી:

જાણવું જ્યારે જાણીયું, તે ઠરી બેઠો ઠામ,
તે જાણનારો ટળી ગયો, પછી કહાં તે રહેશે કામ.
તે શાસ્ત્રને નવ સાંભળે, ન કરે કાંઇ આદર,
સ્વસ્વરૂપે થઇ રહ્યો, એ અપરનો અમર.
તે સાધન કહો શે કરે, આભો ટળી થયો આપ,
નર ટળી નિષ્કલંક થયો, નવ સંભવે પુન્ય ને પા. ૪,૩૮.

ધાન્યાર્થી જેમ પરાળને તજે છે તેમ એ સઘળાસંગને તજીને "રંગ" ને જ સ્વીકારે છે. કવિ યોગવા સિલુનો પણ આધાર લે છે. અખંડ આનંદની સ્થિતિને શી રીતે પ્રાપ્ત કરવી અનુભવનો અખંડ આનંદ તે બ્રહ્માનંદ:

આત્મ દશા જે ઉપની, તે શાશ્વતી શાંત કહેવાય,
બ્રહ્માનંદ તે નામ તેહનું, તે કદા ભંગ નવ થાય. ૫,૬.

એ બે પક્ષે ઉપજે, એને વિવિનિષેધ કહેવાય. વિધિપથી એટલે શ્રવણ મનન અને નિદિધ્યાસન, મનસા વાચા કર્મણા સદ્‌ગુરુને સેવવા એ બીજી વાત. આમ જે અખંડાનંદને પામ્યો છે તેજ તેને ઓળખે છે:

તેહને પાપ પુન્ય ન સંભવે, જેમ સ્ફટિકને રંગ,
વળી ગાજ ઉધ્વર્યું ક્ષીરથી, તે ન કરે પાછો રંગ. ૫,૧૫

પાપ અને પુણ્ય બંનેથી શોક ઉપજે છે, પુણ્ય પણ ક્લેશકર નીવડે. શિષ્ય પૂછે છે: તો જ્ઞાન શી રીતે પ્રાપ્ત થાય? આગમનિગમ તો એમ કહે છે કે કર્મથી બ્રહ્મ પામી શકાય, ને તમે તો જુદું જ કહો છો, તો મર્મ શો છે? ગુરુ એના જવાબમાં કહે છે:

ચિત્તવૃત્તિશુધ્ધિ કારણે, વર્ણાશ્રમનાં કર્મ,
પણ તે સાધ્ય નવ પામીએ, કોઇ કાળે બ્રહ્મ.
એ અવિદ્યા તે કર્મ છે, ને સુવિદ્યા બ્રહ્મવિચાર,
અવિદ્યા અમૃત કરે, ને સુવિદ્યા તે અહાર. ૫, ૨૪-૨૫

આના સમર્થનમાં કઠોપનિષદનો પણ કવિ આધાર ટાંકે છે. આમરે આ બધાનો મથિતાર્થ આટલો.

અદ્વૈત પદ આવ્યા વિના, કૈવલ્ય ન પામે કોય ૫,૩૦

હૃદયની ગ્રંથિ ભેદાશે ને સંશયો છિન્ન થશે એમ જે કહ્યું છે તેને સમજાવતાં ગુરુ કહે છે કે અંત:કરણમાં ઉદ્ભવતા ચિદાભાસથી ગ્રંથિ ટળે છે. આત્મા ને દેહ ભિન્ન છે કે એક-એ-વાતનો સંશય હોય છે. પણ કર્તા અને અકર્તાનો મર્મ જડ્યા પછી સંશય સંભવે નહિ, પછી બ્રહ્મ ભિન્ન ભાસે નહિ. પછી ગુરુ સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ એ ત્રિવિધ કર્મની ગતિ કહે છે. દર્પણમાં દેખતો ભંડાર જેમ દર્પણમાં નથી તેમ પ્રારબ્ધ કર્મ જ્ઞાનીને લેપતાં નથી. અવિદ્યાને કારણે ક્રિયમાણ કર્મ કરેલાં ને કલ્પનાએ પરિણામ ભોગવેલું- જો એ બંનેને જ્ઞાની નિર્ગમી જતો હોય તો પછી એને ક્રિયાગણની હાણ શી નડે? જન્મનો જ અભાવ હોય પછી સંચિત કર્મ રહે જ શેનાં? ગામ નદી ઉતરી ગયા પછી નાવની જરૂર રહે નહિ. જ્ઞાનીને કર્મની જરૂર પડે નહિ. ફળ થઇ ચૂકયા પછી એના પર કાંઇ ફૂલ થોડું જ બેસવાનું હતું?

ફળ જે વૃધ્ધિને પામીયું, તેમ તેમ પુષ્પને જાય,
તેમ જ્ઞાને કર્મ જાણજે, સંપૂર્ણે સમાય. ૫,૫૪

એકવાર બ્રહ્માનંદ ઉદ્ભવ્યો પછી કર્માનંદની જરૂર શી રહે?

ધેવરને પરહરી, કોણ બોળને બાય ? ૫,૫૫

છા-દોગ્યની પરિભાષા મુજબ આ અદ્વૈતરસને કવિ "ભૂમા" કહીને જ ઓળખાવે છે. એને જે પામે તે જ પૂર્ણ બ્રહ્મ.

પછી શું રહ્યું તેહને પામવું, ને શો કરે તે શ્રમ ? ૫,૫૭

છા-દોગ્યમાં નારદ શાસ્ત્રવિદ, થવા છતાં આત્મવિદ થતાંનથી ને પરા અને અપરા વિદ્યાનો વિવેક કરે છે તે વાતનો હવે કવિ ઉલ્લેખ કરે છે:

તે માટે નારદે ગુરુ કર્યા, કાઢી આપ્યું ધૃત,
સનક સનંદન ગુરુ થકી, પામ્યા પદારથ તત્ત. ૬,૨૫

ગુરુને પ્રતાપે નારદમુનિ અધ્યાત્મ, અધિભૂત અનેઅધિદૈવ એ ત્રિવિધ તાપમાંથી છૂટ્યા, ને ભૂમાને પામ્યા. આ ભૂમાનું વર્ણન કવિ આમ આપે છે:

પરિચ્છેદ એહને છે નહિ દેશ કાળ પરિમાણ,
સર્વવાસિ સદોદિત, સ્વયંપ્રકાશનું જાણ. ૬,૩૯

ગુરુ સુષુપ્તિની અવસ્થાને પણ વીગતે સમજાવે છે, ને એ માટે બૃહદારણ્યક તથા છા-દોગ્યનો આધાર લે છે. કવિ બ્રાહ્મણની વ્યાખ્યા સંસ્કારીને આમ આપે છે:

જેહને કલ્પના પરહરી, જાણ્યો સઘળો મર્મ,
બ્રહ્મણ તેહને ભાખીએ, જે કો જાણે બ્રહ્મ. ૬,૫૯

ગુરુ કહે છે, કે જગતમાં ત્રણ પ્રકારના માણસ છે. અવિવેકી, વિવેકી અને મહા વિવેકી. વિવેકીમાં રાજા સુખી, અવિવેકીમાં બાળક સુખી ને મહા વિવેકીમાં બ્રાહ્મણ સુખી.

હવે શિષ્ય અપરોક્ષ જ્ઞાન શી રીતે ઉપજે તે જાણવા ઇચ્છે છે. એ સમજાવતાં ગુરુ "બ્રહ્માધ્યારણ ઉપનિષદ" માંની એક "નીતમ વાત" જે મંકોડાએ ઇન્દ્રને કહેલી તે કહે છે. ઇન્દ્ર ઐરાવત પર આરોહણ કરીને શિકારે નીકળેલો એણે મંકોડાની હાર ચાલી જતી જોઇ એમાં એક બહેડો મંકોડો જોઇને ઇન્દ્ર હસ્યો. આથી મંકોડાએ એને કહ્યું:

ત્યારે મંકોડો મુખ ઉચ્ચર્યો, સાંભળ સુરપતિ રાય,
બ્રહ્મરસ પીધા વિના, સુણ દુઃખ ન જાય.
અવતાર મહારા સાંભળો, કહુ સક તે વાણ,
અડજ ઉધભિજ સ્વેદજ, હું ભમ્યો જરાયુજ ખાણ.
વળી ચોવીસ વાર બ્રહ્મા થયો, ઇંદ્ર અડતાલીશ વાર,
અને આજ બોડા મંકોડાનો, મેં ધર્યો છે અવતાર,
શું રાચે એ સુખથી, છે સરસળ કર પરિણામ,
તપ સુધી ભોગવી પછે, ફર્યો આરે ખાણ.
માટે અવતાર ઉત્તમ માનવીનો, જેણે થાય બ્રહ્મવિચાર,
અપરોક્ષ જ્ઞાન જો ઉપજે, તો છુટશે સંસાર. ૭, ૧૧-૧૫

બ્રહ્મ અને બ્રહ્માંડને સમજાવવા કવિ અન્ય જ્ઞાનમાર્ગોધારાના કવિએ વાપરેલાં દષ્ટાંતો જ વાપરે છે, ને પછી નેતિનેતિ કહીને બ્રહ્મનું વર્ણન આપે છે:

બ્રહ્મપ્રાપ્તિનાં સાધનોની વાત કરતાં કવિ કહે છે કે પહેલાં મનને વિકારમુકત કરીએ તો જ સંત્સંગ ફલદાયી નીવડે, નહિ તો કેસરની કયારી કરીએ, ગંગાજળ સીંચીએ ને કસ્તૂરીનું બાતર કરીએ તોય લસણની ગંધ જવાની નથી. મલયાચળ ઉપર ઊગતો વાંસ નથી એનું પોલાણ છોડવાનો કે નથી ચંદનની વાસ સ્વીકારવાનો. જપતીપ તીર્થ બહુ આગળ લઇ જઇ શકતો નથી. અમાણે યોજેલું દષ્ટાંત આપીને કવિ કહે છે:

એહને એણે જાણીયો, ત્યારે એહમાં લેય,
જેમ મીરંચી મસ્તક આવીયા, છાહયા તે નવ રેય. ૭, ૭૧.

અંતમાં કવિ કહે છે કે આ આત્મા અનુભવે ઓળખાયા પછીથી જ અખંડ આનંદ ઉપજે છે, ને એને વાણીથી વર્ણવી શકાય નહિ. કહીકહીને આખરે કેટલુંક કહેવું

કહી કહીને થાકશે, તો યે વાવે પાર,
જગજીવન જેમ તેમ છે, આનંદનો ભંડાર.

આમ ગુરુ શિષ્ય સંવાદ રૂપે લખાયેલો અષ્ટાધ્યાયી પૂરી થઇ.

જગજીવનદાસની બીજી કૃતિ "નરબોધ" પણ ગુરુશિષ્ય સંવાદરૂપે જ લખાયેલી છે. આખ્યાન શૈલીમાં નવ અધ્યાયમાં એ રચાઇ છે. એના પહેલા બે અધ્યાયમાં શરીરસૂત્રનું બીજાને વર્ણન છે, ત્રીજા અધ્યાયમાં શરીરપ્રવાસ, ચોથા અધ્યાયમાં જીવનિરૂપણ છે, પાંચમાં અધ્યાયમાં જીવ આવાગમન અને મોક્ષયોગની ચર્ચા છે,

પાંચમા અધ્યાયમાં જીવ આવાગમન અનેમોક્ષયોગની ચર્ચા છે, છઠ્ઠા અધ્યાયમાં ઉપાસન યોગ છે, સાતમાં અધ્યાયમાં મોક્ષની ચર્ચા પૂરી થાય છે, આઠમાં અધ્યાયમાં પંચકોશની વાત છે ને નવમા અધ્યાયમાં ઉપસંહાર છે. આ કૃતિ સંવત ૧૭૭૨ ના માધ માસના કૃષ્ણપક્ષની સપ્તમી ને શુક્રવારે રચાઇ છે એવો અંતમાં ઉલ્લેખ છે.

શરૂઆતમાં જ કવિ શબ્દવાદી નહિ પણ અનુભવી થવાનું કહે છે. શબ્દ બોલવો તો એવો બોલવો કે

શબ્દ સહામાં હૃદય ભેદે, થાય તે ચકચૂર, ૧, ૧૦

એને કવિ અમોઘશર બાણાવળીના બાણ સાથે પણ સરખાવે છે:

જેમ વેધાવાળો તીર નાખે, તે જઇ નિશાને લાગે,
તે સમાનો તે જ જાણે, એહવો આનંદ જાગે. ૧, ૧૨

સદ્‌ગુરુ અને સદશાસ્ત્ર મળ્યાથી બધું સિધ્ધ નથી થતું, પોતાને પ્રયત્ન પણ જરૂરી છે. ને સાચો ગુરુ કોણ?

ત્રિવિધા પોખે તે ગુરૂ, દેખાડે આપમાં આપ,
પ્રથમ ટાળે આપને, ત્યારે સહેજે ટળે તાપ. ૧, ૧૫

સાચુ સાધુ યથવા સંત કોને કહેવો? કવિ એનાં દશ લક્ષણો ગણાવે છે.:

હું ટાળીને હોંડે હોલે, હૃદયે રહે શ્રીરંગ
સત્વગુણ ને શાંત અંગે, સંતોષ શિલ સ્વભાવ,
સમદષ્ટિ સુ , કહે શબ્દના સમાવ,
તે ઘરે ન રહે ને વન ન જાય, નહિ ત્યાગ નહિ ભોગ,
યથા લાભે થાય સંતુષ્ટ, તે શાને સાધે યોગ ?
એહને ઇન્દ્રાસનની નહિ ઇચ્છા, અજતૃણ પ્રમાણ,
વાસના વેકુંઠે ન બેસે, તે સાધુ તું જાણ,
મુક્તિને માગે નહિ, કેવલ્ય સુધી એહ,
નિરાલંબ એ રહ્યો ભાઇ, સિધ્ધ સાધક તે તેહ
જીવન્મુક્ત દશા પામીઓ, તે શું મુખ કહો માગે ?
તેણે કેવલ્યની ટાળી કલ્પના, તેનું ચિત્ત કહો કયાં લાગે
જેમ અનલ ઇંડું અવનિ નાંખે, બુદ્ધ જળે ન રહે હંસ,

તેમ તત્ત્વજ્ઞાનીને જાણીએ, તેણે કર્યો સંસૃતિનો ધ્વંસ.
તેહને આશ્રમનું અભિમાન નહિ, નહિ ત્રિવિધિ ટેક,
ત્યાં સંભળે ત્રણ એને ભાઇ, ન્યારે વસી વસ્તુએક. ૧, ૧૭-૨૪

જ્ઞાનમાર્ગી ધારાના અન્ય કવિઓની જેમ આ કવિ પણ સાધનામાં અંગ તરીકે કવિ શ્રવણ, મનન અને નિદિધ્યાસનના પર ભાર મૂકે છે. જે એકલું શ્રવણ કરે તે શબ્દ વાદી, જે એકલું મનન કરે તે મુમુક્ષુ, પણ "નિજરૂપ પડશે નિદિધ્યાસનને" કવિ શુષ્કજ્ઞાન કે વિતંડાને નિરર્થક લેખે છે ને કહે છે કે એવી જબાજોડીમાં તો જે હારે તેને જ લાભ છે કારણ કે "વિવાદ તે વણસાડ" છે. મહત્ત્વની વસ્તુ તો આત્માનુભવ છે. પુષ્પિતા વાણીનો વિલાસ બળાની જેમ આ કવિને પણ ગમતો નથી:

કવિત સાખી પદ દુહા, દુમેલો ને છંદ,
ગાણા ગાયે શણગારૂ, તે કરે એમ આનંદ. ૨,૯૨

કવિ વૈરાગ્યના પર ભાર મૂકીને મનુષ્યના જન્મ તથા મરણવેળા દુઃખનું તાદશ ચિત્ર બહુ કરે છે. એને ટાળવાને માટે કવિ કહે છે:

માટે મૃત્યુ બીજ જન્મ છે, ને જન્મ બીજ મૃત્યુ
તે વ્યાપિ તે તો ટળે, જો પીએ જ્ઞાની અમૃત. ૨,૧૨૯

પણ શરીરનું મહત્વ તો છે જ:

જ્ઞાન વિના મુકિત નહિ, ને જ્ઞાન નરદેહ વિના ન હોય, ૨,૧૩૨

અન્ય કવિઓની જેમ આ કવિ પણ પંચભૂતના પ્રપંચને વિસ્તારથી વર્ણવે છે, જીવનું સ્વરૂપ વર્ણવે છે ને કહે છે:

અનાદિ વચવિધાએ વિસ્તર ભાસે, બાકી ભર્યો ભર્મ,
ભાંતે ભિન્ન તે પાડીઉ, કલ્પનાએ કર્મ. ૪,૨૦

પણ વાસ્તવમાં તો

પ્રલકજળ ભર્યું છે ભવજળ નથી, તે જ્ઞાન વ્યાપે જણાય. ૪,૨૨

જીવ અને શિવની અભિન્નતાને કવિ એક સાથે ઉદાહરણથી આમ પ્રકટ કરે છે:

જેમ અગ્નિમાં લોષ્ટ પેઠું, અને લોષ્ટમાં અનલ,
તે માર બેમાં કોણ બાચે, કરો કોઇ ચટકળ. ૪,૩૪

પણ પ્રપંચનો લય થાય ત્યારે "સ્વસ્વરૂપ સંભવે" આ સ્થિતિના અનુભવને, અન્ય કવિની જેમ, આ કવિ સ્ત્રીપુરુષ ના સંભોગ સુખ જોડે સરખાવે છે:

યોષિતા જેમ કામ કાળે, સંભોગી તે જે સુખ,
વહેવાર સકળ સમી ગયા, અણુમાત્ર નહિ દુઃખ. ૪,૮૧

આમ જીવતત્વનું નિરૂપણ કરતાં અંતમાં કવિ કહે છે:

અંતર મોહમાત્ર તણો, બાકી આત્મા દેહાતીત,
સ્વયંજ્યોતિ સ્વભાવ છે, એ જીવનો નિત્ય. ૪,૮૮

કવિ આનંદના મનુષ્યાનંદ, ગંધર્વાનંદ, શકાનંદ વગેરે પ્રકારો ગણાવી અંતે જ્ઞાનાનંદ તે ઉત્તમ પ્રકારનો આનંદ છે એમ કહે છે:

આત જ્ઞાન થકી અધિક આનંદ, અન્ય નવ કહેવાય,
જેમ સકળ પદ અધિકાધિક, પણ હસ્તિપદમાં સમાય,
માટે અધિક આત્મજ્ઞાન કહાવે, જે તર્યો કર્મનો નદ,
અદ્વૈત અર્ણવ માંહે બુડ્યો, માટે અખંડ આનંદ ૫,૬૨-૬૩

આથી જ ભગવદ્ગીતામાં ભક્તને જ્ઞાનીને શ્રેષ્ઠ કહ્યો છે એમ કહિ કહે છે:

સાધના પરત્વે કવિ અધિકારભેદને સ્વીકારીને જુદી જુદી કક્ષાએ જુદી જુદી સાધનાને ઉચિત લેખે છે.

ઉપાસના ચતુર્ધા કહાવે, જેહને જેવો અધિકાર, ૬,૧૬

કવિ સંપદ, આરોપી, સંવર્ગ અને અધ્યાસન એવી ચાર પ્રકારની ઉપાસના ગણાવે છે ને તેનાં લક્ષણો વર્ણવે છે. સંપદોપાસનામાં સાધક અલ્પને અધિક ગણે ને સગુણને આરાધે, આરોપોપાસનામાં "આરતિ સુધી ઉપચાર અર્પે" છે, સંવર્ગોપાસનામાં "આવરણ અર્ચન કરે" છે, અધ્યાસન તે શ્રેષ્ઠ ઉપાસના છે, એ "પાતંજલીનો ધર્મ" છે:

પ્રાણને પેલી આત્મા માને, અગોચરને ગોચર,
પણ મહત્ત્વ માગ્યું છે તે ભાઇ, જ્ઞાન તે થકી પર. ૬,૨૫

આ પછી કવિ સાલોક્ય, સારૂપ્ય, સામીપ્ય અને સાયુજ્ય એ ચાર પ્રકારની મુક્તિની વાત કરે છે. આ ચતુર્ધા મુક્તિ તો પ્રખ્યાત છે, પણ એ સિવાયની કૈવલ્ય તે ગૂઢ છે. એને પામનારા જીવનમુક્ત બને, એ સ્થિતિનું વર્ણન કરતાં કવિ કહે છે:

અદ્વૈત અંતર અનુભવે, તુર્યાતીત છે જેહ,
તે જ્યોતિ માંહે જ્યોતિ મળે, ભાઇ મહામુક્તિ તેહ. ૭,૨૬

આ સ્થિતિના વર્ણન માટે કવિ ભગવદ્ગીતાના ૧૩ માં અધ્યાયનો પણ નિર્દેશ કરે છે:

જડ બાહ્યાચાર કવિને મન સાધકને માટે અનાવશ્યક છે:

સકળ સાધન તપ તીર્થ, વૃતજપ ને દાન,
કર્મ ઉપાસન આવરણ અર્ચન નહિ આત્મવિધા. ૮,૭.

ચિત્તને એકાગ્ર કરવા પૂરતી સગુણની આરાધના ઠીક છે. એમ કરતાં કરતાં "છેલ્લા વેહ" સુધી પહોંચાય. કવિ પંચકોશ અને તેના ધર્મો વર્ણવે છે.

અભિમાન તજ્યાનું પણ જો અભિમાન કરીએ તો
"ઠામના ઠામ" રહીએ. આ સાધના તો બહુ "ઝીણી વાત" છે. સૌ સૌની પાત્રતાનુસાર પામે છે.

સ્વાતિબિંદુ છીપ મધ્યે, તે સંભવે મુક્તાફળ,
અને તેજ કાળે અહિમુખમાં તેનું નિપજ્યું ગરલ,
અને પદ્મપત્રમાં પડ્યું તેવું તે રહ્યું નદવત,
અને સિંધુ માં બબર નહિ, એ વાત સત્ય કે અસત્ય. ૯,૧૯

જ્ઞાનવિના જે કાંઇ આચરણ કરીએ તે "મુંડાવેડા" છે. નર્યા આચરણમાં રાચનાર, દંભી ને કપટસાધુને કવિ ઉપાલંભ દે છે. લજ્જા છોડીને નાગા ફરવાથી કે અંગે રાખ ચોળવાથી મુક્તિ મળતી હોય તો ગધેડાને મુક્તિ મળવી જોઇએ, જ્યાં ત્યાં પડી રહીને કે માગીતાગીને ખાવાથી ને વર્ણવ્યવહાર તજવાથી જ જો મુક્તિ મળતી હોય તો શ્વાનને મળવી જોઇએ, અભક્ષ્યાભક્ષ્ય કરતાં મુક્તિ મળતી હોય તો ભૂંડને મુક્તિ મળવી જોઇએ, વનમાંરહીને તૃણ ખાવાથી મુક્તિ મળતી હોય તો હરણને મુક્તિ મળવી જોઇએ, મીઠું બોલવાથી મુક્તિ મળતી હોય તો મોરને મુક્તિ મળે, અગ્નિમાં અંગ બાળવાથીમુક્તિ મળતી હોય તો પતંગિયાને મુક્તિ મળે,

અંતરીક્ષમાં ઊભા રહેવાથી મુક્તિ મળતી હોય તો ચાકળાને મુક્તિ મળે, અંગારા ચારોગવાથી મુક્તિ મળતી હોય તો ચકોરને મુક્તિ મળે, પાણીમાં પડી રહેવાથી મુક્તિ મળતી હોય તો માછલીને મુક્તિ મળે, પૃથ્વીમાં પોઢવાથી મુક્તિ મળતી હોય તો અળશિયાને મુક્તિ મળે, પેટે ચાલવાથી મુક્તિ મળતી હોય તો સાપને મુક્તિ મળે, વાળ વધાર્યે મુક્તિ મળતી હોય તો રીંછને શા માટે ન મળે? કેશ કાઢવાથી મુક્તિ મળતી હોય તો ઊંટને જેનો અધિક અધિકાર છે. દેહ દમવાથી મુક્તિ મળતી હોય તો કંગાળને મળવી જોઇએ. વિધાથી મુક્તિ મળતી હોય તો વ્યાસને મુક્તિ મળે, મૂર્ખતાએ મુક્તિ મળતી હોય તો મૂઢગમાર મુકત થઇજાય. ભટકવાથી મુક્તિ મળતી હોય તો ભ્રમરને જરૂર મુક્તિ મળે, એકાક્ષને બેસી રહેવાથી મુક્તિ મળતી હોય તો અજગર એનો સાચો અધિકારી ગણાય, ઊંધે માથે લટકવાથી મુક્તિ મળતી હોય તો વટવાગળાને શા માટે ન મળે? – પણ આ બધા અજ્ઞાનના આચાર છે, પાખંડ છે:

કારણ તો છે જ્ઞાન કેરું, અન્ય સકળ ઉપાધ્ય,
તે પામવાનો પ્રયત્ન એ, જે ગુરૂકૃપાએ થાય. ૯,૪૫.

પક્ષીના મૂળમાં રહેનાર દેડકો કમળનો ભેદ શું જાણે? એ તો મધુકરજ જાણે.

આમ "છળપ્રવિધાનો ભંડાર" એવો આ "વરબોધ" ગ્રંથ પૂરો થાય છે.

આ કવિની બંને કૃતિઓમાં જ્ઞાનમાર્ગીધારાના પ્રગટ થતાં મુખ્ય મુખ્ય લક્ષણો આપણે જોયાં, કવિ ભાગવત, યોગવાશિષ્ઠ, ભગવદગીતા, ઉપનિષદ, વગેરેના સારા અભ્યાસી છે. આ બહુશ્રુતતાને કારણે કવિની ભાષામાં પણ પ્રૌઢિ આવી છે. કવિની દૃષ્ટાંતયોજના પણ કવિના વકતવ્યને ઉપકારક બની રહે છે. આમ જગજીવનદાસ આ ધારાનો એક ઉલ્લેખપાત્ર કવિ જરૂર છે.

Chapter-2-18

જીવનદાસની બાર ચાતુરીઓ

સં. ૧૮૦૩

જીવનદાસની ચાતુરીઓ "પ્રાચીન કવ્ય" ત્રૈમાસિકના ૬ઠ્ઠા વરસના ચોથા અંકમાં છપાયેલી છે.[1] એ સિવાયની એની બીજી કૃતિઓ હોવાનું જાણ્યામાં નથી. "ચાતુરી" પણ જ્ઞાનમાર્ગી પરમ્પરાનું એક સાહિત્યસ્વરૂપ છે. નરસિંહની ચાતુરીઓ તો જાણીતી છે. કડવા પદ્ધતિની જેમ અહીં પણ "ઉથલો" અને વિષયની શરૂઆત કરીને કરતી બે પંક્તિઓ જુદી જેવો રચનાક્રમ છે. જીવનદાસની ચાવી બાર ચાતુરીઓ રચી છે. ત્રીજી ચાતુરીની છેલ્લી પંક્તિમાં "એ સર્વમાંહી ને સર્વથી અળગો, એવી હરિની ચાતુરી ". જેમ "લીલા" ના અર્થમાં અથવા તો"અકળ વ્યાપાર" ના અર્થમાં જીવનદાસે "ચાતુરી" શબ્દ પ્રયોજ્યો છે.

આ ચાતુરીઓમાં ગુરુશિષ્ય વચ્ચે અધ્યાત્મવિદ્યા પરત્વે સંવાદ ચાલે છે. આ પ્રકારના સંવાદના સ્વરૂપનું સાહિત્ય જ્ઞાનમાર્ગી પરમ્પરામાં ઘણું છે. "ગીતા"માં, અથવા તો "ગુરુ શિષ્ય સંવાદ" ના જેવી, સીધી "સંવાદ" નેજ નામે ઓળખાતી કૃતિઓમાં કે ધીરાની "પ્રશ્નોત્તરમાલિકા" જેવી કૃતિમાં તે જોવામાં આવે છે.

પહેલી ચાતુરીની શરૂઆત જ "સકળ શિરોમણિ સદ્‌ગુરુ દેવ" ના નમ- નમનથી થાય છે. અહંપદ મૂકીને, માય તજીને, "સદ્‌ગુરુદેવ" ને ભજવાના નિર્ધાર સાથે કવિ આરમ્ભ કરે છે. અન્ય જ્ઞાનમાર્ગી કવિઓની કૃતિઓમાં જોવા મળે છે તેમ, અહંપણ, ગુરુ અને ગોવિંદ એકબીજાના પર્યાયવાચી શબ્દો હોય એમ પ્રયોજાયા છે.[2]

---

૧ આ ચાતુરીની રચના સાલ: સંવત અઢાર તોલોતરો,શુભ નક્ષત્રમાં પુરી કરી,
ફાગણ સુદી પંચમી ગુરુવારે, પૂર્ણ્યદાદસ ચાતુરી.

૨ ભાઇ ધ્યાન ધીરજ રાખ મનમાં, ગુરુ ગોવિંદ ભાવે ભજે. ચાતુરી ૧લી.પં.૫

પહેલી ચાતુરીમાં શિષ્ય ગુરુચરણે ચિત ધારીને એમને "જન્મ મરણનું દુઃખડું-ટાળી" હરિને હૃદે માંહે ઓળખાવો" એવી પ્રાર્થના કરે છે. એના જવાબ-માં ગુરુ કહે છેઃ સૌથી પ્રથમ તો મનમાં ધીરજ રાખીને ધ્યાન ધાર, પછી વિશ્વાસ આણીને સેવા કર, મોહમાયા મમતાને તજી દે, તૃષ્ણા વિષય વાસના તજી દે - તોજ અવિદ્યાનું મૂળ બળશે, પછી મનમાં દેઠ વૈરાગ્ય ઉપજશે, દેહે અહંકાર સર્વે ટળશે, જીવના સુખદુઃખ પણ ટળશે ને સહેજે સંતોષ ઘેર આવશે, પરમાનન્દ સુખ પ્રાપ્ત થશે, હરિશું રંગ વાધશે ને બીજું સ્વપ્ના જેવું જૂઠું ભાસશે.

આવાં, ચતુર સુજાણ સંત જનના અમૃત રસથી ભરેલાં, વચનો સાંભળીને શિષ્યની જિજ્ઞાસા વધુ ઉદ્દીપિત થાય છે, ને એ એમને "શુદ્ધ માર્ગ" દેખાડવાને વિનવે છે.

એ ઉપર વર્ણવેલા ફળને પામવાને માટેની સાધનાની પદ્ધતિની વીગતો જાણવા ઇચ્છે છે, ને માટે પૂછે છેઃ

"હું કરું વિચાર પણ સૂજ પડે નહિ, દેહ અહંકાર તે કયમ ટળે ? એના જવાબમાં ગુરુ દેહની પંચ ભૂતમાંથી થયેલી ઉત્પત્તિને સમજાવે છે. : રક્ત માંસ હાડ ત્વચા ને નાડી તે કલેશ રૂપ છે, એ દૃષ્ટ પદાર્થ જર્જરીભૂત છે, મલમૂત્ર દુઃખરૂપિ છે. તું સત્ય સ્વરૂપ છે, ને અસત્ દેહને તે કલ્પિત કાયા છે. ને અંતરમાં રહેલા હરિને ઓળખવાનો સહજ માર્ગ બતાવતાં કહે છેઃ એ ફરી જોતાં ખોળ્ય કરતાં, તે તારૂ રૂપ છે તુજમાં; એ સોહ રામ-રમે ઘટમાં, નુ રહેજે સુખ આનંદમાં.

એને માટે કશા કાયા કલેશની જરૂર નથી, ઘરબાર છોડવાની પણ જરૂર નથી,

એ જીવનરામ મળે ઘેર બેઠા, રામ હૃદે સુખ ઉપજે.

આ પછી "રામને હૃદેમાં" સ્થાપવાની "જુક્તિ" વિશે શિષ્ય ગુરુને પૂછે છે. પવનના વેગે ધ્વજા ફરકે તેમ ચોદિશે ફરતું ચંચળ મન નિશ્ચળ થાય એને માટેની કુંચી એ ગુરુ પાસેથી માગે છે. એના જવાબમાં ગુરુ કહે છેઃ એને માટે હઠયોગની સાધના કરીને ઉન્મની નામની પાંચમી અવસ્થાને સિદ્ધ કરવી જોઈએ.

સમુદ્રના તરંગો જેમ સમુદ્રથી ભિન્ન નથી, એ સમુદ્રમાંથી થઇને સમુદ્રમાં જ શમે છે, એજ રીતે મનની લ્હેર મનમાં ઉઠી ને મનમાં જ શમે છે, ને એમ આત્મારૂપ બહુ રૂપે રમે છે. જો આ જાણીએ તો-

જેમ જાણે તો સુખરૂપ થાયે, નિજાનંદમાં રહે છકી.

આને માટે ઝાઝી ચાળપપાળમાં પડવાની કે તર્કના વાદવિવાદમાં ઉતરવાની જરૂર નથી.:

ભાઇ સુખિયો થઇને સમજી રહેજે, બકવાદ સર્વે મૂકજે

પણ હઠયોગ સાધ્યાન છે એ ભૂલવાનું નથી:

પછી હું ટળતાં હઠજોગ હજી ટળશે....

શિષ્યની જિજ્ઞાસા વધુ પ્રદીપ્ત બને છે. એ પૂછે છે: એ ઘટ ઘટમાં રામ વસે છે તો પછી ફરી ફરી અવતાર લેનાર, જન્મ મરણના ~~ભય~~ભયથી- ભયથી ક્રિયા કર્મ કરનાર, નરક સ્વર્ગની બીકથી તીરથ ફરનાર ને પુણ્ય દાન આચરનાર, કથા પુરાણ સાંભળનાર, અપરાધી દીનહીન થઇને દેવની આરાધના કરનાર, જપતપ ને મંત્ર સાધના કરનાર તે કોણ ? ગુરુ કહે છે કે એ તો જીવ દશા છે. ઘણા દિવસના મેલા દર્પણમાં જેમ ચોકખું મુખ દેખાતું નથી તેમ મેલા મન ને અવળા ચૈત:કરણમાં બ્રહ્મનું શુધ્ધ રૂપ વણસી જાય છે; અનેક પ્રકારની વાસનાથી મન મલિન બને છે. પણ સિકલીગર સંત મળેતો જ્ઞાનની સરણ પર મનને ચઢાવી અજ્ઞાનના કાટને કાઢી નાંખે, પછી સઘળે બ્રહ્મ દેખાય, અહંગ્રંથિ બધી ટળી જાય, ગ્રહણ ને ત્યાગ ટકી જાય, ઉત્પત્તિ અને પ્રલય પણ ન રહે ને "જથારથ" સૂજે.

પછી શિષ્ય ઉત્પત્તિ અને પ્રલયનું રૂપ જાણવા ઇચ્છે છે. પ્રપંચમાં પડેલા મનને જ ત્રણ પ્રકારના પ્રલય- નિત્ય, નિમિત્ત અને પ્રાકૃત- દેખાય છે એમ ગુરુ કહે છે. આત્મજ્ઞાન થયા પછી એ રહેતા નથી; સ્મરણ કે "વસ્તુ વિષે" (એટલે કે બ્રહ્મમાં): "કાંઇએ નથી". નિર્ગુણ ને જન્મ નથી, એ અજર અમર ને અવિગત છે. એને ઉત્પત્તિ શાની ? તું "જ્ઞાનઝરણે રહી ઝીલજે" તો તને સૌમાં છતાં સૌથી અળગા, ઉત્પત્તિ ને "હાણ" વિનાનું કૂટસ્થ બ્રહ્મરૂપ દેખાશે.

આ કૂટસ્થ બ્રહ્મ- "પૂરણ પદ" ને કેવી રીતે પામી શકાય એવો પ્રશ્ન હવે શિષ્ય પૂછે છે. ગુરૂ એના જવાબમાં કહે છે: આ બધું ત્રિગુણની ત્રિપુટીમાં બંધાયું છે. માટે ત્રિગુણાતીતને જાણ્યા પછી મનુષ્ય નિર્ભય થાય. तत्वमसि એ મહાવાક્યમાં त्वं તે જીવ છે, तत् પદ તે ઈશ્વર છે ને असि પદ તે બ્રહ્મ છે. મન, બુદ્ધિ, ચિત અને અહંકારવાળો તે જીવ; માયા થી રહિત ચૈતન્ય તે ઈશ્વર, માયા વિકાર મોહ રહિત ચૈતન્ય તે અસિપદ તે બ્રહ્મ. સગુણ નિર્ગુણ વિશે પણ દુરાગ્રહ નથી.

તે ભાવે તો ભજે નાથ નિર્ગુણ, ગમે તો ગોવિંદ ભજે

અહીંપણ ગુરુ સહજ સાધના પર ભાર મૂકીને કહે છે:

સહેજ તણા ઘરમાં સુણ વરતે.

આ જ બ્રહ્માનંદ છે, "અચવ્યું સુખ"છે.

પછી ગુરુ ત્રણ ગુણ અને તેની સૃષ્ટિનું વર્ણન કરે છે. બ્રહ્મામાંથી રજો-ગુણ, રુદ્રમાંથી તામસી ગુણ અને વિષ્ણુનો સાત્વિક ગુણ. એ ત્રણે ગુણોનું સ્વરૂપ પણ ગુરુ વર્ણવે છે, ને પછી કહે છે:

ભાઇ અંતરથી ગુણ લહેર ઉઠે, પરા પશ્યંતી મધ્યમાં વૈખરી વિષ્ણો,

એ અસ્તિ ચૈતન્ય કેરા લટકા, શબ્દાતીત જે ઓળખે.

જે એ ત્રિગુણાતીત સોહં ને સઘળે જુએ છે તે બ્રહ્માનન્દમાં રમે છે.

શિષ્ય પૂછે છે: પણ એ સમજણ મોટી શી રીતે થાય ? હરખ શોક પાપપુણ્ય કોને [illegible] ઉપજે ? ગુરુ એના જવાબમાં કહે છે: જી ઊર્મિ રહિત ચૈતન્ય જ સભર ભર્યું છે. સંકલ્પ વિકલ્પ, હર્ષશોક પુણ્યપાપ તે મનના ધર્મ છે, ક્ષુધા પિપાસા પ્રાણના; ઉષ્ણશીત ને જન્મ જરા દેહના; પણ પરમાત્મા તો નિરાલેપ છે. એ અજન્મા છે, એને નામરૂપ નથી, પરિણામ નથી, એ આદિ, મધ્ય, અને અન્ત બધો સચરાચર પૂર્ણ પણે વ્યાપી રહ્યો છે. એનું વર્ણન થઇ શકે નહીં. :

નિગમ નેતિ નેતિ કરતાં ભૂલ્યા, વિશ્વે નવ કોણ થયો,

ભાઇ કહેવામાં હી કંઇ નવ સૂઝે, આવે, અનુમાને ઓળખાય છે.

પણ શિષ્યને પ્રશ્ન થાય છે: જો નિર્ગુણ બ્રહ્મ એકજ સત્ય હોય તો પછી આટલા બધા મત ને સમ્પ્રદાય કેમ છે ? કોઇ વૈષ્ણવ થઇને માળા રાખે છે, કોઇ જટા વધારીને ફરે છે, કોઇ કાન ફડાવીને મુદ્રા ધારે છે. કોઇ ઉદાસી થઇને રહે છે, કોઇ શિવની જેમ ભસ્મ ચોળે છે, કોઇ શૂન્યવાદી થઇને મૌન ધારણ કરે છે, કોઇ જોગી થઇને બધો ફરે છે, કોઇ બ્રહ્મચારી થઇને દૂધ પીએ છે, કોઇ વૈરાગી થઇને સંસારને ધિક્ ધિક્ કહી રહે છે. આ બધા વિકલ્પો જોઇને હું ગભરાઇ જાઉં છું.

ગુરુ જવાબમાં કહે છે: ...જેને ગુરુ જેવા મલ્યા,
તેને તેવો બોધ કીધો, સાંભળીને મતમાં ભળ્યા
....એ સૌમાં સૌ ક્લેશ પામે, તો તેને શું કહીએ હવે.

પણ સાચી વાત તો એ છે કે રામ સ્વતંત્ર ને બધો એક સરખો છે. પણ
એક શાસ્ત્ર પૂર્ણ સૌ વાક્ય વિચાર છે, અજ્ઞાને અંધા થઇ રહ્યા,
એ સાચું જ્ઞાન તો કોઇ વિવેકી સંત જ આપી શકે ને ત્યારે
તો ટળે મત અહંકાર મનનો, દિવ્ય જ્ઞાનચક્ષુ ઉઘડે.

ને એને પરિણામે દેહ તથા ભૂતનો અહંકાર એ મૂકી દે, ને નામ રૂપ ટાળીને બધું જુએ ત્યારે
ને પિંડ બ્રહ્માંડ પરિપૂર્ણ દેખે, પોતાપણું સરવે ભૂલે.

પહેલાં જીવ થઇને જેને ઉવેખતો તેને હવે હરિજાણીને એ હેત કરે છે, ને આમ નિર્ભયપદમાં એનું મન ઠરે છે.

શિષ્ય હવે આ નિર્ભય પદને પામનાર જીવનમુક્તનાં, અવધૂતની મહાદશામાં લક્ષણ જાણવા ઇચ્છે છે. ગુરુ કહે છે:

એવા જીવનમુક્તની દૃષ્ટિ અખંડ ને "બ્રહ્મસ્વતંત્ર" હોય છે. એ સ્તુતિ નિન્દાથી પર હોય છે, ક્ષમા એનું ખડ્ગ હોય છે, એ અહંમમબુદ્ધિ રાખતો નથી, એ માનાપમાનથી પર છે, એના મુખમાંથી અમૃતવાણી ઝરે છે. એને બધું સહજમાં સુખરૂપ થઇ જાય છે. વાયુની જેમ એ નિર્લિપ્ત થઇને રહે છે. કર્તા છતાં હૃદયથી અકર્તા રહે છે, પોતામાં સહુ છે ને સહુમાં પોતે છે એમ જાણીને કોઇની ઉપેક્ષા કરતો નથી, ને સર્વત્ર કરુણા દૃષ્ટિ રાખે છે.

૬.

એ અનુભવવિદ્યા જ્ઞાન પામ્યો,સમજીને સુખરૂપ થયો,
ભાઇ જીવનમુક્તની દશા એવી, મૂતક જીવન થઇ રહ્યો,
પછી ગમે તેા કર્મ જ્ઞાન વિદ્યા, ગમે તો ભજે હરિહરિ,
કહે જીવનરામ એના સરખી, ન મળે બીજી ચાતુરી.

પણ આ પરમાર્થ જ્ઞાન શી રીતે ઉદ્ભવે ? દેહનો આત્માથી વ્યતિરેક શી રીતે કરવો ? તો ગુરુ કહે છે:

પંચભૂતાત્મક દેહ તે તું નથી, પ્રાણ વાયુ તે આત્મા નથી, વિષય વિકાર, ઇંદ્રીય- ઇંદ્રિય કે ગુણ તે પણ આત્મા નથી, મન બુદ્ધિ ચિત્ત અહંકાર તે પણ આત્મા નથી, કર્મ ક્રિયા પણ આત્મા નથી, એ ધ્યેયધ્યાતા અને ધ્યાન- એ ત્રિપુટી રહિત છે ; એ શાસ્તા કે શિષ્ય નથી, એ સ્થૂલ કે સૂક્ષ્મ કારણ પણ કાર્યરૂપ નથી, એ લિંગદેહની સૃષ્ટિ પણ નથી. આ સૌથી જુદો , એ સૌનો નિયામક આત્મા છે. દૃષ્ટ પદાર્થનેા નાશ માનવો ને હ મહાવાકય તત્ત્વમસિ ધ્યાનમાં રાખવું. એવી "બ્રહ્માસ્મિ બુદ્ધિ" રાખવી.

છેલ્લી ચાતુરીમાં આ જ્ઞાનને પામ્યા પછીની પોતાની ધન્યતાને શિષ્ય ગાય છે:

અનુભવ વિદ્યા પામ્યો, નામરૂપ ટળી ગયાં, અભિમાન ગયું, કલ્પના મટી, જ્ઞાનદિપ પ્રકટ્યો, આશંકા ટળી, મન નિશ્ચળ થયું, સહેજમાં એ સુખરૂપ થયો, ગુરુ ગોવિંદની કૃપા થતાં ભ્રાંતિ બધી ભાંગી ગઇ, હવે દ્વૈતભાવ ભાસતો નથી, બધે ચિદ્ઘન ચૈતન્ય જ સરખું વ્યાપ્યું છે. એથી અધિક કશું નથી. હવે પૂછવાનું ગાવવાનું કશું રહ્યું નથી.

એક લવણપુરુષ જળમાં ગયો, તે પાછો ફરી નવ આવિયો
એમ જીવ ઇશ્વરને વિચારતાં, બ્રહ્મસાગરમાં ગયો ભળી

કૈવલ્યબુદ્ધિ થતાં જ્યાં રવિ શશી તારા ને ગગન મળે તે પદની પ્રાપ્તિ થઇ. ત્યાં કાળ, કર્મ કે વેદની ગતિ નથી, મન મન અને વાણી તેને શું વર્ણવી શકે ?

જે ગયો તે પાછો ન ફરે, શબ્દ ન પોહોચે તો શું લખે, આ " મહાઅનુભવ વિદ્યા " છે, ને જીવન સમ એમાં "રસબસ થઇ રહ્યો" છે.

આમ આ બાર ચાતુરીઓમાં અન્ય જ્ઞાનમાર્ગી પરમ્પરના કવિઓની કૃતિમાં જે લક્ષણો જોવામાં આવે છે તે જોવામાં આવે છે. ગુરુના મહત્ત્વથી ચાતુરીની શરૂઆત થાય છે; અપરોક્ષાનુભૂતિથી પ્રાપ્ત થતા જ્ઞાનનુંજ મહત્ત્વ અહીં પણ સ્વીકારાયું છે ને તેથી જ જીવનદાસ એને "મહાનુભવ" વિદ્યા" કહે છે.મતમતાન્તર કે સમ્પ્રદાય એને માન્ય નથી, સહજ સાધના એ સ્વીકારે છે. સંસાર ત્યાગ ન કરતાં "ઘેરબેઠાં" જ આ સાધના કરવાની છે, હઠ-જોગીને- હઠજોગને સાધનરૂપે જ વાપરવાનું વાનો છે. માનવી માત્રમાં હરિ હરિને જોવાનો છે ને કોઇને ઉવેખવાનું નથી. જીવન—મુક્તનાં લક્ષણ પણ એ આ પરમ્પરાના અન્ય કવિની જેમ આપે છે. આમ આ ૬ બાર ચાતુરીઓ આ પરમ્પરાના બધાંજ મહત્ત્વના લક્ષણોને ધારણ કરી રહે છે.

- - - -

(ઓગણીસમા સૈકાનો પૂર્વાર્ધ)

અખાના શિષ્ય લાલદાસ અને લાલદાસના શિષ્ય જીવણદાસ(બ્રહ્મવાદી)ની કૃતિઓનો એક ગુટકો ડો.યોગીન્દ્ર ત્રિપાઠી પાસેથી,મોડે મોડે,સપ્ટેમ્બરના અન્તમાં પ્રાપ્ત થયો.એમાં અખાના શિષ્ય લાલદાસની સાખીઓ પણ છે.આ ઉપરાંત સંવત ૧૮૦૨,ભાદરવા વદ ચૌદશને દિવસે પૂરી થયેલી જીવણદાસની "અકલરમણ" નામની કૃતિ,સંવત અઢારસોને ઓગણીસની શ્રાવણ વદ તેરસ અને મંગળવારે પૂરી થયેલી ૨૦ કડવાંની "જીવનગીતા",સંવત ૧૮૨૪ ની પોષ વદ પાંચમ અને શુક્રવારે પૂરી થયેલી "જીવનરમણ"નામની કૃતિ તથા "જ્ઞ ભજનના ખ્યાલ", કક્કો,બારાખડી,મહીમાહાત્મ્ય,ચાતુરી,પ્રકીર્ણ પદો,ધોળ,આનંદલીલા,હરીનો વીવા, વગેરે પ્રકીર્ણ કૃતિઓ પણ આ ગુટકામાં છે.

સમયાભાવે આ બધીજ રચનાઓનો વીગતે ખ્યાલ આપવો શક્ય નથી.અહીં જ્ઞાનમાર્ગી ગીતાઓની પરમ્પરાને અનુસરતી "જીવનગીતા" નો પરિચય આપવા ધાર્યું છે."જીવનગીતા" નરહરિ અને અખાની ગીતાઓની જેમ કડવાંબધ્ધ કૃતિ છે.એમાં ૨૦ કડવાં છે.એ દોહરા અને ચોપાઈમાં લખાઈ છે.એ કૃતિની પુષ્પિકામાં કવિ કહે છે:

દાસ જીવન એમ કહે રાજેં લડાવેં લાડ,
કલજુગ એ તેં કીપા કરી રે,વાલા તાહારો પાડ.
સ્વંત અઢાર ઓગણીસ સરાવણ વદ તેરેસ
વાર તો મગલ હતો રે જીવને ગાઓ એ જસ
એ ગ્રંથ તો પુરો થયો સીધો લકેં નામ
કહે જીવન અરથ ચોલહેા તો તે આવે નીજ ધામ.
ગ્યાંની ધ્યાંની પંડત રહો ચાંણતા રોસ
કહે જીવન કેહેનારો કહી ગયો રે
નહિ માહારે સર દોસ.

પ્રથમ પાંચ કડવાં સુધી કવિ વિચારનું સીધું નિરૂપણ કરે છે ને છઠ્ઠા કડવાથી ગુરુશિષ્ય વચ્ચે થતી પ્રશ્નોત્તરીરૂપે વિચારનિરૂપણ આગળ ચાલે છે.મંગલાચરણમાં કવિ ગુરુ અને સંતનો મહિમા પણ ગાય છે.પછી બ્રહ્મનો મહિમા,માયા,માયાનો વિસ્તાર કવિ વર્ણવે છે.એને માટે કવિ અવળવાણીનો આશ્રય લઈને કહે છે:

મૂલણપીલણલ મુલ વીન્યા એક વૃક્ષ છે,પત્રનો નહિ પાર,
સેહેજેં કઇ ઉપજેં ખાપેં અમે ફેલો સંસાર
(૩,૩)

આ પ્રપંચમાંથી છૂટવાનો માર્ગ બતાવતાં કવિ કહે છે:

મન મુલે જઈને રહો, લહો ગગન કો મોલ
કહે જીવન મન માહરા,તાંથી ય થયો અમોલ.

જ્યાં સુધી જીવ અને શીવ વચ્ચેના ભેદની ભ્રાંન્તિનો રોગ રહે છે ત્યાંસુધી સંસાર સાચો લાગે છે,પણ એ રોગ મટી જતાં સિંધુમાં બિંદુ ભળી જાય છે ને બધાની સમાપ્તિ થઇ જાય છે ને

પેહેલેં હું તુ તમ થયું,સું કહું કહું ના જાયે
રોગ મટો ક્રમ જોગનો તોયે એના ગુણ ગાયે.

આના સમર્થનમાં અને સ્પષ્ટીકરણાર્થે કવિ નીર અને લવણ,અગ્નિ અને કાષ્ઠ,કુન્દન અને એના જુદા જુદા ઘાટ- આ પ્રચલિત દ્રષ્ટાંતોનો ઉપયોગ કરે છે.આ દૃઢ કડવાથી પ્રશ્નોત્તરી શરૂ થાય છે.ત્યાં ગુટકાના પાનાને મથાળે "ગુરૂચેલા ઉપદેશ" એવું ઉપશીર્ષક પણ લખેલું જણાય છે.

શિષ્યનો પ્રથમ પ્રશ્ન "જીવદશા તે કેઇ પેરે જાણીએ"? એ છે.એના ઉત્તરમાં ગુરૂ વીગતે "આપ ઇંછાથી તત્વ આકાશ ભયો"થી શરૂ કરીને સૃષ્ટિને વિસ્તાર, ગર્ભનો નવ મહીનાનો વિકાસ- આ બધું વર્ણવે છે.પછી શિષ્ય પ્રશ્ન પૂછે છે:

ત્રીગુણ કેરો કરતા કુણ હસે
પાંચ તત્વ મ કોહો કયેમાં આવી વસે,
જીવ ઇસવરનેં એ માયા છે કુણેં
..... મન તે કુંણ છે,કોહો એ જયેમૈં ઠરે.

એ મન તે જીવ છે,આત્મા છે,જોગમાયા છે કે બ્રહ્મ છે;મન,બુધ્ધિ,ચિત્ત અને અહંકાર- આ ચારનો મર્મ શો છે- આ પ્રશ્નો પૂછે છે.આના જવાબમાં ગુરૂ કહે છે કે આદિ પુરૂષા-થી શક્તિ સંભવી ને તે ત્રિભુવનમાં વ્યાપી ગઇ,પછી ઇચ્છાશક્તિથી અલખેથી અલખ "સોહંગ" થયા,ને ત્રિગુણાત્મિકા સૃષ્ટિ વિસ્તરી ને "સુરત્ય સકત્યથી મંન પરકાસ થયો", પછી શિષ્ય પૂછે છે કે મન અને શૂન્ય એ શું છે? શૂન્ય ને શબ્દ બે એક જ છે? પ્રેમ ને આનંદ,જીવ ને શિવ,"ગત્ય અને અવગત્ય",શૂન્ય ને વસતિ એક જ છે? શૂન્યમાં કોણ વસે છે ? "ચોરાસીનો થાયે નમેડો" એવો સરવાળો કરી આપવાનું શિષ્ય ગુરૂને કહે છે.ગુરૂ "ચેતન જડનો નમેડો" કરી બતાવે છે.ગુરૂ કહે છે કે મન જ શૂન્ય છે,એ જ આનંદનું "નિરંતર સ્થાનક" છે,મનનું સ્થાનક તે "હરદે કમલ" છે.આત્માનું સ્થાન "અનપા" ઉપર છે.જોગમાયાનું સ્થુ સ્થાન "હરદે" છે.અને આદિપુરૂષાનું સ્થાનક તે "શૂન્ય" ઉપર છે.ગુરૂ મનનો ઓળખ આપતાં કહે છે:

નીરંજન નીરાકાર અક્ષરાતીત્ય એ પાર
તે ધરથી મંન આવીયો માટે મંન નીરધાર
આધું આધું કરી વીચારે તે જીવન ધોખો જાણજે
તુજ ઘ્યાંમ નીજ ધામ મંન છે ત્યેંહેને સત્ય પરમાણજે.

આ મન અને ઇસ્વર એક જ છે,પ્રલયમાં એ શૂન્યવત્ બની રહે છે;પ્રેમ અને આનંદ પણ ભિન્ન નથી.

પછી શિષ્યને પ્રશ્ન થાય છે: તમે મનને તો નિર્દોષ કહો છો, તો પછી દોષ આવે છે ક્યાંથી? ગુરુ કહે છે કે મન તો નિર્દોષ જ છે, પણ ભ્રમણાને કારણે દોષ લાગે છે, બાકી

મન સાત્વાકને ઘર આવે રે
તારે આનંદ ઓછવ લાવે રે

પછી શિષ્ય પૂછે છે: "તમે કહો છો કે મનની તોલે કોઇ આવે નહિ, તો પછી "ગગનમાં કુણ બોલે"? આના જવાબમાં ગુરુ કહે છે:

જે ગગન મધે ગાજે તે મંન તણે ઘેર છાજે
એ તો સુંનધુંન છે એક જંમનીર લવર્ણિ વીસેક
આતમ પરમાતમ એક જંમગાજવીજ વીસેક.

આ સાધના શુષ્ક સાધના નથી, અંતિમ અભેદને માર્ગે પ્રેમગલીમાં થઇને જ જવાય:

હવે સુરત્ય મંન ઘેર લાવો
તારે પ્રેમ પદારથ પાવો,
હવે સ્થીર આસંન હો બેસો,
તમો પ્રેમગલીમાં પેસો.

પછી શિષ્ય સાધકોના પ્રકારો વિશે પૂછે છે.

દેહદમન કરનાર, જંતરમંતર ભણનારા, અજપાને આરાધનારા, નવ્દારને રુંધનારા, દ્રષ્ટિને ઉલટી પલટાવનારા, મહામતીઆ, વિતંડાવાદી-આ આ બધામાં સાચા કોણ ?.

તમે કોહો છો હરી એક,
એ જુંજુંઆ કંમ વિવેક ?

ઉત્તરમાં ગુરુ કહે છે: જેહનેં સદ્‌ગુરુ મલીઆ જેવા
તે તાં થઇ બોલે તેવા
વ્દૈતભાવ હોય તેને "મુમત્ય"

પણ વાસ્તવમાં "સુરત્યનુરત્ય"છે એક", જે સાચો"કહેનારો" છે તેનો આ વિવેક છે.આમ આખરે ગુરુ શિષ્યને "કેવલજ્ઞાન" સુધી પહેંચાડે છે ને ત્યાં "ગુરુમહિમા"ગવાયા પછી કૃતિ પૂરી થાય છે.

દયાળના "સુરતીના વિવાહ" ની જેમ જીવણદાસે પણ "હરિનો વીવા"માં "કુંઆરા સુરતબાઇ" નો હરિ સાથે વિવાહ મેળવીને રૂપકગ્રંથીરૂપે વર્ણન કરે છે.

જીવણદાસની બધી કૃતિઓની નકલ સંવત ૧૮૩૯ માં બાવા વખતગીરે કરી છે.વળી આ નકલ એણે હરિકૃષ્ણ નાગર, જે લાલદાસના શિષ્ય હતા તેની દીકરી રતનબાઇને માટે લાખા પટેલની પોળમાંની એની હવેલીને મેડે બેસીને કરી છે એવો પણ નિર્દેશ છે.નકલ કરવામાં બેદરકારીને કારણે ક્ષતિઓ ઘણી રહી ગઇ છે, અને હિંદીની અસર પણ એમાં વરતાઇ આવે છે.જીવણદાસનું અર્પણ આ પરમ્પરામાં કશો ખાસ વિશેષ પ્રકટ કરતું હોય એમ એની કૃતિઓ જોતાં લાગતું નથી.

Chapter-2-20

નિરાંત: ઇ.સ.૧૭૭૦ થી ઇ.સ.૧૮૪૬.

નિરાંત કણઝટમાં ગોકલદાસ નામના રામાનન્દી સાધુના સમ્પર્કમાં આવ્યો હતો, અને એ રીતે નિર્ગુણ પરમ્પરાની અસર નીચે આવ્યો હતો એવો ઉલ્લેખ એના શિષ્ય કહાનદાસની રચેલી સાવણીમાં છે. દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરી એક બીજી દન્તકથાનો પણ ઉલ્લેખ કરે છે: દર પૂનમે નિરાંત હાથમાં તુલસીનો છોડ લઇને ડાકોર રણછોડજીના દર્શને જતો. એવી એક પૂનમે રસ્તામાં કોઇ મુસ્લીમ સૂફી ઓલિયાનો એને ભેટો થઇ ગયો. એ મુસ્લીમ સાધકે એને સગુણની ઉપાસના છોડી નિર્ગુણ નિરાકારની ઉપાસના તરફ વાળ્યો. આ દન્ત કથાને માટે કશો પુરાવો પ્રાપ્ત થયો નથી, પણ નિરાંતની રચના જોતાં એમાં બે સ્પષ્ટ ભાગ પડી ગયેલા જણાય છે; સગુણ ભક્તિનાં પદો અને નિર્ગુણ ભક્તિનાં જ્ઞાનોપદેશનાં પદો. સમ્ભવ છે કે એની સાધનાના ઉત્તરાર્ધમાં એ નિર્ગુણ નિરાકાર તરફ વળ્યો હોય. રામાનન્દી સાધુ ગોકળદાસનાં થોડાં પદો પ્રાપ્ત થયાં છે. તે જોતાં ~~તરફ~~ આ નિર્ગુણ તરફનું વલણ એના સમ્પર્કને કારણે કેળવાયું હોય એમ માની શકાય.[૧]

નિરાંતની કૃતિઓ પૈકી આપણે તો અહીં નિર્ગુણ ભક્તિનાં જ્ઞાનોપદેશનાં પદોની જ ચર્ચા કરવાની છે. આ પદોમાં પંદર તિથિ,વારનાં પદો,જુદા જુદા રાગની દેશીઓમાં ગાઇ શકાય એવાં પદો, કાફી,ગરબી સાખી, ચેતાવની, કવત, કુંડલિયા, રેખતા, સવૈયા તથા ઝૂલણાંનો સમાવેશ થાય છે. હિન્દીમાં પણ એણે સારો સંખ્યામાં પદો રચ્યાં છે. આ ઉપરાંત વેદાન્તની અને જ્ઞાનની ચર્ચા કરતાં હરિદાસ, રવિરામ તથા મંછારામને ઉદ્દેશીને લખેલા પત્રો ખાસ નોંધપાત્ર છે. ૨૧૫ માં પદથી તે ૨૪૩ માં પદ સુધી સરળ સુબોધ ભાષા માં એણે સળંગ રૂપે ૨૯ કથાઓ પણ લખી છે. એમાં નામસ્મરણ, અનર્થના મૂળરૂપ માયાથી વેગળા રહેવું, બ્રહ્મદર્શનનો મહિમા, પરમાત્મારૂપ સ્થિતિનું વર્ણન,રામનામ, વિષયથી ઉપરામ થવું, ષટરિપુને વશ કરવા, સાધુપુરુષ નો સંગ સેવવો. સત્સંગનો મહિમા, સંતના લક્ષણ, સંતમાં વિશ્વાસ રાખવો. ગુરુના કર્તવ્યનું નહીં પણ બોધનું અનુકરણ કરવું, શ્રધ્ધા-જ્ઞાનપ્રાપ્તિનું સાધન, જ્ઞાનગ્રહણનું સાધન તે નિર્મળ ચિત્ત, આત્મા નિરૂપણ, પ્રકૃતિપુરુષ નો પરિચય, પુરુષ પ્રકૃતિસંબંધ , પ્રકૃતિ વિસ્તાર, આત્મજ્ઞાનનો પ્રભાવ, દેહોત્પત્તિવર્ણન, બાલ્યાવસ્થાવર્ણન, યૌવનમદ અને વૃધ્ધાવસ્થાની પરવશતા, અંતકાળ અને પાપનો પશ્ચાતાપ આટલા મુખ્ય વિષયોની

૧: એ પદો પૈકીનાં ત્રણ ભજનો "શ્રી નિરાંત કાવ્ય" (બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રી ગોપાળરામ ગુરુ દેવશંકર શર્મા સમ્પાદિત ઇ.સ.૧૯૩૯)માં ટાંકયા છે એમાં "શબ્દ નિશાની" ની અવાચ્યમાં મળવાની" તથા હઠયોગની સાધનાનુસાર "ત્રિકુટીના ઘાટપર અવિચળઆસન માંડવાની વાત છે.એમણે ભક્તિને "ખાંડાનીધાર" કહીને ગાંજણાવી છે તે સૂચક છે.

ચર્યા છે. એમાંની કેટલીક "કથાઓ" ગુજરાતી મિશ્રિત હિન્દીમાં પણ રચાયેલી છે. આ "કથાઓ" નિરાંતે પોતાના અનુયાયીઓ આગળ ગાઇ હોય એમ બને.

જ્ઞાનાશ્રયી નિર્ગુણપરમ્પરાના અન્ય કવિ સાધકોની જેમ નિરાંતની કૃતિઓમાં પણ જ્ઞાનનું મહત્ત્વ, અપરોક્ષાનુભૂતિનો આગ્રહ, જડ આચારની ટીકા, શાસ્ત્રજ્ઞાનને શુષ્ક પાણ્ડિત્યની ટીકા, વર્ણાશ્રમ ધર્મની જડતાની ટીકા, સાધન તરીકે દેહનું મહત્ત્વ, દેહદમનનો ત્યાગ, સહજ સાધનાનો આગ્રહ, ગુરુ અને સન્તોનો મહિમા વગેરે વિષયો ચર્ચેલા છે. નિરાંત પણ રૂપકગ્રન્થિ તથા અવળવાણીનો આશ્રય લે છે. અખાની જેમ એ પણ દમ્ભીઓ પર પ્રહાર કરે છે, તો અત્યન્ત કાવ્યમય ભાષામાં પોતાના બ્રહ્મજ્ઞાન-ના અનુભવને માંય છે. એની કૃતિને આધારે એની થોડી ચર્ચા કરીએ:

નિરાંતે જેની પાસેથી ઉપદેશ લીધો તે ગોકળદાસે નિર્ગુણધારાની ભક્તિને "ખાંડાની ધાર" કહીને ઓળખાવી છે. નિરાંત પણ આ સાધના તે વિરલાઓની સાધના છે એમ કહે છે, એ તો "શૂરા પુરાનો દેશ [૨] છે. એ તો "મહા વિરલાનો મેવો છે.[૩] પણ સાચો સાધક કદી પીછેહઠ કરતો નથી. મરજીવિયો દરિયાના પેટાળમાં જઇને મોતી લાવે જ છે, સાકરને સાતમે આસમાને મૂકશો તો ત્યાં જઇને કોડીએ આશે. પણ એ કામ કઠણ છે, એ કાંઇ હાંસો ખેલ નથી.[૪]

આમ ખાંડાની ધાર પર ચાલવા જેવી સાધના બીજી રીતે જોઇએ તો સાવ સહજ ને સરળ છે, નિરાંત તો આથી સ્પષ્ટ જ કહે છે કે આવો, "બેહદ બોલમાં" એનો "તોલ બતાવું".

> આડો નેડો માંહે હશે નહિ, ચોકખો ચટ પરભાત
> ગુંગળાવું પંડિતને સોંપ્યું; થઇ જેને કાળી રાત,
> અટપટાની ભાત મળે નહિ, નહિ વાત ને જાત
> ખેલફેલ માંહે નહિ જોશો, ચોકખી ચટ છે વાત. [૫]

પંડિતો વિતણ્ડામાં રચ્યાપચ્યા રહે, તે પોતાની રચેલી તર્કની આંટીઘુંટીમા ગુંગળાયા કરે; પણ જે સાચો સાધક છે તેનો વાત તો ચોખ્ખો ચટ હોય છે. એ તો કાળીરાત નથી, પણ સ્વચ્છ પ્રભાત છે. આથી નિરાંત જે "અલખ અમ્રતપે મોઠાં"[૬] છે તેને સહજ સાધનાથી જ પામવા ઇચ્છે છે, માટે એ કહે છે: : "રમતા રામ નિહાળ." [૭] "સુરતા"

૨:....કે જુગમાં વિરેલ જન જાણી, તે તો કોઇ મરજીવે માણી, (શ્રી નિરાંત કાવ્ય પૃ.૪૪:)
૩: પદ ૧૦૨ :ખેજન: ૪: પદ ૧૪૦ :ખેજન: ૫: પદ ૧૫૨ :ખેજન: ૬: પદ ૨૨૯
૭: પદ ૬૨.

આનન્દ છે . માટે નિરાંત કરે છે ; હાસ્ય ને વિનોદ હમેશા, મને તો ઘણો ગમે છે જ્ઞ
જે "સહજ સમાધ" માં બાંધવાની છે.[૮] આ સાધનામાં આનન્દ જ ગુરવાનો દેશ.[૯]
એમાં વૈરાગ્યની વાત નથી, એથી ઊલટું:

મેં મગન કર્યો મન કયારો રે, સ્હેજા સ્હેજ થયો સારો,
રહેણી કહેણી બેઉ રોપ્યા રે, પ્રેમ મૂલ સીંચ્યાં પાણી,
બેઉ એક મળીને, ઉગ્યાં રે...

એ બેલો "અરધઉરધમાં" જઇને વધે છે.[૧૦]

જે પરમતત્ત્વને પ્રી છે છે તે રીઝે છે, એનું મન મગન થઇ ઉઠે છે એમ નિરાંત પોતાના અનુભવને આધારે કહે છે. આ સાધનામાં દેહદમનની, તીર્થયાત્રા, જપજાપ, યજ્ઞીયાગ કશાની જરૂર નથી. મંદિરમાં એના દર્શન કરવા જવાની શી જરૂર છે? કારણ કે એ

નથી દેવળમાં બેઠો રે, જે જઇ તું ઝાલે
દેહ દેવળમાં બેઠો રે, ખરો આપે તું ભાલે. [૧૧]

અલબત્ત, એને એ રીતે જોવો હોય તો "ખરી આંખ જોઇએ. એ નિર્વાણપદ જપતપ કે તીરથ વ્રત કર્યું નહીં પ્રાપ્ત થાય. [૧૨] એને કાજે કાયાકલેશ કરનારો નાહક વિટમ્બણા ભોગવે છે:

જેને કાજે અતિ દેહ દમે રે, આવે વિટમ્બણાએ વાજ
તો યે ઝાંઝુઆના જળ વેગળા રે, ધાંખો મટે નહિ ધાજ. [૧૩]

વળી

જપ જોગ ને પ્રવાસ સમાધિ, દીનપણાંના દીસે
ઉપાસના એ અર્થ સરે નહિ, મન મળવાને હોસે. [૧૪]

જે પામવાનું છે તેને પામવામાં દીનતા શા માટે?

વર્ણાશ્રમ ધર્મનું પાલન કે ષ દર્શનનું પારાયણ પણ શા કામનું?

વર્ણાશ્રમ તો રહ્યાં વિમાસી, નિત્યકરમ નિરમાવે રે
ખટદરશન બીલ્લી બોજ કરત હૈ, મૂલ મરમના પાવે રે [૧૫]

૮: પંદર તિથિયાં :પૃ.૫.ચેજન: ૯: પદ ૬૦ ૧૦: પદ ૬૩૭.
૧૧: મો છે તમે રીઝો રે, મનવા મગના થશે પદ ૨૩૩: ૧૨ પદ ૨૩૧
૧૩: પદ ૫૬ : ૧૪: પદ ૬૧ ૬૫૬ ૬૧, પદ ૧૦૭
૧૫: પદ ૬૨,

મુખ્યવાત તે તો આ "મૂલ મરમ" ને પામવાની છે, જો એની સાચી સમજ આવી હોય તો બધું સવળું લાગે છે. પછી સેવાપૂજા કે સાધનક્રિયા વણસમજે કે ડહોળવાની શી જરૂર?[૧૬] આ વાત તો સાનમાં સમજી લેવા જેવી છે; ને જેણે પરમતત્ત્વને ઓળખી લીધું છે તે તો એ આપોઆપ જાણે જ છે. એ સિવાયના બીજાં બધાં સાધનોને "બાદલાં" જાણવા, એ કેવળ સંતાપ જ વધારે.[૧૭] નિરાંતે પોતે અનેક પ્રકારના ઉપાસકો જોયા હશે.

કોઇક જન તો કરમ ઉપાસો, કોઇ કરમના ત્યાગી રે
અનેક ઉપાયે અરથ ન સીજે, ઓરો વસ્તુ પણ આધી રે.

આવા પ્રયત્નોથી "આવા ગમનની આંટી" ઉકલે નહીં, ઓરી વસ્તુ પણ આધી જ જાય. એવા ઉપાસકોમાં શુષ્ક જ્ઞાની ને પણ્ડિતો પણ હશે. અમાની વાણીની યાદ આપે એવી ભાષામાં નિરાંત એમને ઉદ્દેશીને કહે છે:

ચાર વેદ ષટ શાસ્ત્રો રે ભણીઆ, વ્યાકરણ વાણી કથા કથી.
સંસ્કૃત સૌ સમજવામાં આવ્યું, મૂળ ના સમજ્યા વિધારથી,
પરા પશ્યંતી મધ્યમા વૈખરી, વિધા તીર્થ એ વાણીથી,
વાણીના પ્રેરકને પીછો, આધ કહો એંધાણો થી. [૧૮]

જેમને "વાણીના પ્રેરક" નો જ પિછાણ થઇ નથી તેઓ બીજાને એની શી રીતે પિછાણ કરાવી શકવાના હતા?

આપ અવળા ફરે, બીજાને બોધ કરે
અંધે અંધા અનુસરે, કયાં રે જાશે?

ને જ્યાં સુધી એની પિછાણ થઇ નથી, ત્યાં સુધી પોથી પુસ્તક વાંચ્યાનો કશો અર્થ નથી. એ તો કાચું દૂધ વલોવવા જેવું છે!

પોથી પુસ્તક પઢયો પણ પ્રીછે નહીં રે, કાચા એનો કરે વલોણાવાર [૧૯]

પણ એને માટે તો આત્મતત્ત્વનું જ્ઞાન થવું જોઇએ

આપ ચિન્યા બિન અંધા, જગત સબ આખ ચિન્યા બિન અંધા. [૨૦]

૧૬: પદ ૮૩ ૧૭: પદ ૧૦૪ ૧૮: પદ ૧૮૯, પદ ૧૯૦
૧૯: પદ ૧૭૪ ૨૦: પદ ૧૨૯

આ આત્મજ્ઞાનનો સૂર્ય ઊગે ત્યારે બધું સાચા સ્વરૂપે દેખાય [૨૧] માટે જ્ઞાનને ગરણે ગાળીને સત્યાસત્ય પારખી લેવું જોઇએ.[૨૨] એને માટે ઘર તજીને વનમાં જવાની પણ જરૂર નથી.—

અણજાણ્યા તજીને વન ગયા, દુ:ખ પામ્યા ને ન્યારા ના થયા. [૨૩]

તપ કરીને તન તપાવવું, હઠયોગ સાધવો— આ બધું પણ જરૂર નથી. એ તો સાવ સહજ સાધના છે. સાચો સાધક તો:

સહેજ વાતમાં સબ સુખ પાવે, સાધુ કહાં ઘરવાસી
સદ્‌ગુરુ-સાહેબ સનમુખ હોય તો, ઘર ગંગાધર કાશી,
તપસી રે કહાવે ને તન તપાવે, તન ના દેખે તપાસ,
હઠ જોગ સે હઠીયા કહાવે, આપે આપ ગુમાસી
જટા વધારે ને ખાખ સુધારે, નાગા વેશ નીકાસી
આપ અલખકો ઓળખ નાહિ, ભયો રે સ્વરૂપે ભાસી. [૨૪]

આ સહજસાધનાને અત્યન્ત સંક્ષેપમાં નિરાંતે બતાવી છે:

સોવત જાગત સુરત સ્હેજકી, ભીતર રહે ભજનમાં રે
લેહ લગી સો તાર ન તૂટે, ઉઠનેઠ આસનમાં રે. [૨૫]

આ જ વાતને નિરાંતે બીજી રીતે આમ કહી છે:

ઓળખીને અંતરમાં લાવો, પ્રેમે પકડી રાખો રે
અરધ ઉરધના ઘાટમાં ભાઇ, અચળો એ રસ ચાખો રે. [૨૬]

આ સાચી રીત જો આવડતી હોય તો પછી બધું સાવ સહેલ છે:

પ્રેર પ્રીછો તો સહુથી રે સ્હેલ છે, નથી કરવાનો કાંઇ રે શ્રમ [૨૭]

નિરાંતને આ સાચી રીત લાધી છે, માટે એ પોતાના અનુભવની વાત કરતાં કહે છે:

સાધન વિના મારે સુલભ થયું છે
આનંદ ઉર ના સમાય શું વર્ણવું! [૨૮]

નિરાંત પોતાની સાધનામાં, આ ધારાના અન્ય સાધકોની જેમ, ગુરુનું મહત્ત્વ સ્વીકારે છે એ ગુરુએ જ

૨૧: પદ ૨૩૮, ૨૨: પદ ૨૩૦, ૨૩: પદ ૧૫૪, ૨૪: પદ ૧૩૧
૨૫: પદ ૨૦૩ ૨૬: પદ ૧૯૭ ૨૭: પદ ૧૬૮ ૨૮: પદ ૧૭૫

અંતરની ઉઘાડી રે આંખડી નરખાવ્યા છે નીતમ નાથ. [૨૯]

આ ગુરુ ગમે તેમ કરી ન લેવા. બાપુસાહેબ ગાયકવાડને ઉદ્દેશીને નિરાંતે કહ્યું છે:

નરખી પરખીને ગુરુ કરવા,
રે ભાઇઓ સદા નરખી-પરખીને ગુરુ કરવા. ૩૦

દેહના ગુરુ તો ગમે ત્યાં જડશે, પણ મનના ગુરુ તો ન્યારા જ હોય છે. ૩૧

ગુરુ વગરના "નુગરા" ની નિરાંતે ઠીક ઝાટકણી કાઢી છે:

નુગરાને ના જડે ચારો ઉગરવાનો, નુગરાને ના જડે ચારો

એની વિશુધ્ધમાં.

સુગરાનું સુખ શું વખાણું, આનંદ અતિ સુગરાનું સુખ શું વખાણું

એને તો કામધેનું જેવા સદ્‌ગુરુ મળી ગયા છે એટલે જોઇતું દુઆણું મળી ગયું છે. ૩૨

ગુરુમાં ને ગોવિંદમાં નિરાંતને મન ભેદ નથી.—

ગુરુ રે મળ્યા તેને ગોવિંદ મળીયા, અરસપરસ એક જાણું રે, ૩૩

આવા ગુરુનો પરિચય આપતાં નિરાંત કહે છે:

મન સમજાવે તે નર મોટા, થીરતા પદમાં ઠરીયા રે,
નિરાંત નામ ગુરુ તરણતારણ, તે ભવજલમાં તરીયા રે. ૩૪

ગુરુનો મહિમા ગાતાં નિરાંત થાકતો નથી:

ગુરુદેવ સુધાના સમુદ્ર છે, ગુરુદેવ છે દીનદયાળ,
ગુરુદેવ સમોવડ કો નહિ, ગુરુદેવ સુદેવ કિરપાળ
— રસ પ્રીત કરીને રે, પ્રીછવું, જેનો મહિમા કહ્યો નવ જાય. ૩૫

પણ આવો ગુરુ તે "અનુભવિયો" હોવો જોઇએ. એવા "અનુભવિયા" ની કૃપાથીજ "નિરવાણો પદારથ" નિરખી શકાય. [૩૬] આથી નિરાંત "આચારી અનુભવિયા ઉત્તમ" એમ કહે છે. [૩૭] એવા ગુરુ "અડસઠ તીરથ આંગળીએ આણે છે, વિકારની વાતો વણસાડે છે, "જ-મરણના બ-ધન" કાપીનાંખે છે, "અવતારની આંટીને ટાળે" છે,

જડમતિ ભવવૃક્ષને મટોડે છે, માટે ગુરુના જેવો કોઇ દાતાર નથી. ૩૮

૨૯: પદ ૧૬૫ ૩૦: પદ ૧૩૨ ૩૧: પદ ૧૩૫ ૩૨: પદ ૧૩૬ ૪૬
૩૩: પદ ૧૦૩ ૩૪: પદ ૧૯૭ ૩૫: પદ ૧૬૮ ૩૬: પદ ૪૬ ૧૬૭
૩૭: પદ ૭૯ ૩૮: પદ ૧૦૦

નિરાંતે સંતોનો મહિમા પણ ગાયો છે, એ કહે છે

જો સુખ તિન લોકમાં નાહીં, સો સુખ સંત સોહાવે રે

— જો સુખ શિવ હી બ્રહ્મા અહત હે, સો હે સંત સુખદાઇ રે. ૩૯

સંતો હરિના દાસ છે, ને માટે "હરિ સમોવડ"જ છે, [૪૦] સન્તો ક્ષીરનીરજો નીવેડો કરે છે, જીવશિવને જાણે છે; જો નરનારાયણને નરદેહમાં જોવા હોય તો સન્તને જુઓ – "સંત સમોવડ શું કહી દાખું? સંતો હમેશાં બ્રહ્માનંદમાં નિરંતર મગ્ન રહે છે, ગગન ચળે પણ સંત નહી ચળે, એઓ ક્ષમાના તો સાચા સરદાર હોય છે; એમણે આશાની દોર તોડી નાંખી છે, ને ઇન્દ્રિયોને વશ કરી છે. [૪૧]

આવા સન્તના સમાગમથી નિરાંતને બ્રહ્માન-દનો અનુભવ થયો ને તે એણે બારે ઊલટથી ગાયો છે. [૪૨]

ધન્ય ઘડી ધન્ય દહાડો મ્હારે આજનો રે,

હે લો મ્હારે હૈઠે હરખ ન માય, વિશંભર મ્હારે મન વસ્યારે

... વે હેવા સરખો અવસર મ્હારે આવિયો રે,

લક્ષવંતોને થઇ છે લીલા લ્હેર.

.. અડસેટ તીરથ આવ્યાં મ્હારે ઘેર

... આનંદ વૃત્તિ આઠ પહોર ના ઊતરે રે,

કૈવલપદનું સુખ કહ્યું ના જાય–

આ "વેહેવા સરખો અવસર" આવે ત્યારે આનંદના ઓધ અંત પામતા નથી: આ આન-દનું સ્ત્રીપુરુષના પ્રેમની પરિભાષામાં નિરાંત સુ-દર વર્ણન કરે છે:

અનહદનાદ વાજંતર વાગે, નરભે ભયો રે નિશાન,

પુરુષોત્તમને પરણ્યાં પીઆરી, સાખી સદ્‌ગુરુ દેવ. [૪૩]

આવી "સદા સોહાગણ" નારીનું ૬ ઠયોગની સાંકેતિક ભાષામાં કરેલું આ વર્ણન પણ બ્રહ્માન-દની ઉત્કટતાને કાવ્યમય રીતે વર્ણવે છે:

૩૯: પદ ૯૯ ૪૦: પદ ૧૦૯ ૪૧: પદ ૧૮૨. આ ઉપરાંત અન્ય પદોમાં

૪૨: પદ ૧૭૩ આસ કરીને પદ ૨૨૬ મું સંતાં લક્ષણો આપ્યાં છે.

૪૩: પદ ૧૬૧, પદ ૧૭૫, ૧૫૮, ૧૦૮ માં આજ પ્રકારનાં વર્ણન છે.

ઉલટી સુરત ચઢી ગગનમાં, તદવત થઇ તન તાગી હે,
સદ્‌ગુરુ સ્વામી કી બની સોહાગન, જોબન ભરમાં જાગી હે,
પિન બસ્તા વહાં બસ્તીકીની, ઉનમુતીધર અનુરાગી હે,
નૌતમ નારી પિયુકુબ્યારી, પાયી મોજ બણમાગી હે.

બ્રહ્મ-જ્ઞાન-દના અનુભવનું બીજું કાવ્યમય આલેખન નિરાંતે આપણને ઉપર ના પદમાં આપ્યું છે, રાધાકૃષ્ણની સગુણોપાસના વાળાં પદોમાં કૃષ્ણની મોરલીની વાત આવે છે, એ મોરલીની અહીં સંકેત ફેરવી નાંખીને નિરાંત ગાય છે

એક મોરલી મરમની વાગી રે, સુરતા ધરીને સાંભળીજો,

આ "મરમની મોરલી" નો નાદ સાંભળવા એક ભવમાં સઘળું અનુભવી લીધું. ને જે અમૃતથી પણ મીઠા છતાં અલક્ષ્ય છે તેને "ધરમા તેડી લીધા." સંસારી લોકો તો આ મિલનસુખ જોઈને ઇર્ષ્યાની માર્યા નિન્દા કરે છે, પણ એ વિશે હવે ચિન્તા નથી. એ તો "અરસપરસ નરખી સહીએ." આ પદ જ્ઞાનમાર્ગીધારાના કાવ્યસાહિત્યમાં અવિસ્મરણીય બની રહે છે:

બ્રહ્મને નિરાંત ફરીફરી "નૌતમ પદ" કહીને ઓળખાવે છે. આ ઉપરાંત "અભેપદ" "નિર્વાણ પદ", "કૈવલ્યપદ", "ધિરતાપદ", નેહચલ પદ" કહીને પણ એને ઓળખાવે છે. એનું અત્યન્ત સંક્ષેપમાં ને સરલ સુબોધ ભાષા માં એ આમ વર્ણન આપે છે:

સરવની માંહી ને સરવથી ન્યારો, સરવનો પ્રેરક પોતે રે
અળગો ને વળગ્યો સહુમાં સળગો, દરશે આપ ઉઘોતે રે ૪૪

એનું જ બીજું વર્ણન રસમય ભાષા માં એ આમ આપે છે:

અરધ ઉરધ મધ્ય મોહન મહાલે ત્રિકમ તેજ અમારા રે
નિરાંત નૌતમ નેહની કાન્તિ વિશ્વપદ વિસ્તારા રે ૪૫

નિરાંતને મન નિરગુણ સરગુણ સમતૂલ છે. ૪૬
પણ એની સકામ ભક્તિ નહીં થાય, માટે કહે છે:

કરો વિના ફળની ભક્તિ.

આ અનુભવના વર્ણનમાં નિરાંત અવળવાણીનો પણ આશ્રય લે છે.

અનુભવી જનને વિચારવું.... જો જીતો હારતા દાવ. ૪૭

સન્તોએ અવળવાણીનો આશ્રય લીધો જ છે, કારણ કે:

૪૪: પદ ૧૦૯: ૪૫: પદ ૭૫, પદ ૧૦૮, પદ ૫૬, ૪૬: પદ ૨૧૮
૪૭: પદ ૫૬

વાણીમાં આવે તે વણશે, નિરવાણો તે સાચું રે. ૪૮

એ તો વિના મૂળનો વેલો છે, વિના પાંખનું પંખી છે, વણ ઇન્દ્રિયો ભોગી છે, વિના પંડનો એ પ્રાણી છે, વિના જોગનો સંજોગી" છે. ૪૯

આ ઉપરાંત "બાજીગરના ખેલ"ની [૫૦] ભાષામાં તેમ જ વેપારની પરિભાષામાં પણ નિરાંતે આ તત્ત્વનુ વર્ણન કર્યું છે.[૫૧] તત્ત્વવર્ણનની ભાષામાં પરમતત્ત્વના અનુભવનું વર્ણન અત્યન્ત કાવ્યમય છે:

વસંત અને જાઉ વારણીએ, વિધવિધનાં વૃક્ષ ફુલ્યાં રે,
અનુભવી પંખી લહે વાસના, અવર તે પંખી ભૂલ્યાં રે
સદા સુવાસી પુષ્પ અનોપમ, રૂપ મોહ્યા સંસારા રે,
લખવંતા લેહેલોન વાસમાં પરબે પરખનહરા રે.
વૃક્ષ વડુને પુષ્પ અનાદિ, પાંચ પાંખડો પરખો રે,
વન વિશ્રવને પુષ્પ અમારા, નામ નઉતમ નરખો રે.

હઠયોગની સાંકેતિક ભાષામાં આ આધ્યાત્મિક અનુભવનાં વર્ણનો નિરાંતે આપ્યાં છે તેનો અહીં ઉલ્લેખ કરવો જોઇએ:

શબ્દમાં સુરતા મિલાઇ, મુકામ શૂન્ય ગામનો પર
શૂન્ય શિખર સ્વામો રહ્યા, પૂરણ પોતે પરબ્રહ્મ
ગગનગુફામેં સેજ હો સુમરન, તંતે તંતમીલાયા ૫૩

આ ઉપરાંત નિરાંતે લખેલા ઝૂલણા પૈકીની ત્રીજા ઝૂલણામાં હઠયોગની સાધનાનું વર્ણન છે. પાંચમાં ઝૂલણામાં સૂફી અસરવાળું સાચો ફકીરીનું વર્ણન પણ ખાસ ઉલ્લેખપાત્ર છે.

નિરાંતની સમાજે નિંદા પણ કરી હશે, પણ એની એમને શી પડી હોય? એમને કોઇ પંથ સ્થાપવો નો'તો કે ગાદી સ્થાપવી ન્નો'તી. આથી એણે કહ્યું:-

ભલે નિંદો વંદો કોઇ જોવો ગ્લાની એક સોઇ;
નથી ઢોંગી ધરમને ધરવો, નથી ધર્મનો વાડો કરવો.

તે છતાં મુમુક્ષુને એમણે મદદ કરવાની બાંહેધરી તો આપી છે:

તરવું રે હોય તો આવો નિરાંતની પાસે

નિરાંતની રચનાઓનું આ વિહંગાવલોકન નિરાંતનું આ ધારામાં મહત્ત્વનું સ્થાન સ્થાપી આપવાને પૂરતું છે.

૪૮: પદ ૧૬૭ ૪૯: પદ ૧૯૩ ૫૦: પદ ૨૦૦ ૫૧: પદ ૧૧૧ ૫૨: પદ ૧૪૨
૫૩: પદ ૫૬, પદ ૧૩૩.

બાપુસાહેબ ગાયકવાડ

:ઇ.સ. ૧૭૭૭ - ૧૮૪૩:

બાપુસાહેબ ગાયકવાડની માતૃભાષા મરાઠી હતી, છતાં એમને ગૂજરાતીનું જ્ઞાન એટલું તો સારું હતું કે એમણે એમની કૃતિઓ ગૂજરાતીમાં જ રચી. કિશોરવયથી જ એમનામાં તત્વજિજ્ઞાસા અંકુરિત થઇ હતી. સાધુસન્તોનો સંપર્ક સેવીને એમની જોડે તત્વચર્ચા કરવાનું એમને ગમતું. સ્વભાવે જરા આકરા, એટલે જો આવી ચર્ચામાં સંતોષ નહિ થાય તો અકળાઇ ઊઠતા. પિતાની જાગીર સંભાળવા ગોઠડા જવાનું થયું. ત્યાં ધીરા ભગતનો સંત્સંગ થયો. એમની પાસેથી પ્રશ્નોના સમાધાનકારક ઉત્તરો મળતાં એમનું ગુરુપદ સ્વીકાર્યું. પછીથી સાધનામાં આગળ વધતાં જેમ જેમ વાણી ઉઘડી તેમ તેમ પદો રચતા ગયા. વડોદરામાં વાડીમાં દાળિયા કણબીના ગુરુ નિરાંત વખતો વખત આવીને પંદરવીસ દિવસ કીર્તન કરતાં. એમની સાથે પણ બાપુસાહેબની મુલાકાત થઇ. નિરાંતનાંપદો અંગે જે સંશય મનમાં હતા તેના નિવારણાર્થે ચર્ચા થઇ, ને તેથી સંતોષ થતાં ધીરાની જેમ નિરાંતને પણ, બંનેનો મત એક જ જાણીને ગુરૂપદે સ્થાપ્યા. આથી બાપુસાહેબે એમનાં પદો એ બંનેને નામે વાળ્યાં છે. વડોદરામાં, વાંદરાપૂરજના દરવાજા આગળ, ઢેડોના સમાજમાં એમણે નરસિંહની જેમ, કીર્તન કર્યાં, તે એમનાં સાસુને ન રુચ્યું, એમના પિતાજીએ પણ એમને ઘરબહાર કાઢયા. પછીથી એઓ ફતેહપુરામાં રહેવા લાગ્યા. એમનાં સાસુના ઠપકાના જવાબમાં, નરસિંહ મહેતાએ બેવા જઠપકાના જવાબમાં"અમે એવા રે એવા" પદ લખેલું તેના જેવું, "અમે બગડયા, અમે બગડયા, લેજો" એ પદ રચ્યું.

બાપુસાહેબ જન્મે મરાઠી હોવા છતાં ગૂજરાતી ભાષાના રૂઢ અને લાક્ષણિક પ્રયોગો તથા લોકોક્તિની અચ્છી સમજ ધરાવે છે. સંસારની વચ્ચે રહીને એમણે લોકવ્યવહારનું નિરીક્ષણ કર્યું છે, અને તેથી અખાની ને ધીરા તથા ભોજાની જેમ મિથ્યાચાર, દંભ, કૂડકપટને સારો પેઠે ભાંડયા છે. એમની રચનાઓમાં ધીરાના જેવી પ્રાસને માટેની ખેલછા નથી. તો પ્રીતમ વસ્તો કે નિરાંતના જેવી મધુરતા પણ નથી. એકંદરે ક્લિષ્ટ નહિ એવી સુબોધ પ્રાંજલ વાણીમાં એમની રચના સમથળ વહ્યે જાય છે. "મહિના" માં બ્રહ્માનંદનું કૃતાર્થતાના રોમાંચ ખડા કરે એવું વર્ણન એમણે આપ્યું છે. મોટે ભાગે એમનો ઝોક વૈરાગ્ય તરફ વિશેષ છે.

એમની જ્ઞાનમાર્ગીધારાની દૃષ્ટિએ મહત્ત્વની કૃતિઓ આટલી: જ્ઞાનોપદેશનાં પદો, ધર્મોપદેશનાં પદો, બ્રહ્મજ્ઞાનમય પદો, ગરબીઓ, જ્ઞાનોપદેશની કાફીઓ, અઢાર સિધ્ધિઓનાં ખંડનની કાફીઓ, બ્રહ્મબોધ અને જ્ઞાનીનાં લક્ષણની કાફીઓ અને મહિના. આ કૃતિઓનેં

અહી સંક્ષેપમાં અવલોકીએ.

જ્ઞાનોપદેશનાં ત્રીસ પદોમાં સ્વરૂપજ્ઞાન માટે સાધનામાં ગુરુની અગત્ય, બ્રહ્મજ્ઞાનની મહત્તા, ગુરુના ઉપદેશમાં એકાગ્રતા, મિથ્યાચારોઓ અને દંભીઓ અને કર્મકાંડ વગેરે આચારની વ્યર્થતા-મુખ્યત્વે આટલા વિષયનું નિરૂપણ છે. કબીર વગેરેને અનુસરીને બાપુસાહેબ સતનામ અને સાહેબ એ સંજ્ઞાનો ઉપયોગ "બ્રહ્મ" ના પર્યાય તરીકે કરે છે. આ પદોમાં સતનામનો મહિમા એણે ફરી ફરીને ગાયો છે. સાચો ગુરુ કે સાધુ કોને કહેવો

બ્રહ્મજળમાં જેણે સ્નાન ઘણું કીધું,
ધર્મ બોળી ના શકે તેનું પાનું,
અલખની માંહ્ય લખ રાખે સતનામની
એવા સાધુને અમો માનું રે. પદ. ૬.

સંતની પણ સચોટ વ્યાખ્યા બાપુએ આપી છે.

શાંતિ પમાડે તેને સંત કહીએ,
એના દાસના તે દાસ થઇ રહીએ.

એવા સંતની કાયા તે "નરવો સ્નેહ" જ છે બાકી જેઓ વિદ્યાનું મૂળ પૂરું ભણાવતાં નથી એવા "પંડયા" નો મારે શા માટે ભાવો.[૧]: એ ગુરુ ભૂતમાત્રને સમાન ગણતા હોય છે. બાપુએ હિન્દુ અને મુસલમાનના ઐક્યની વાત ફરી ફરી દોહરાવી છે. જેઓ આત્માને ઓળખીને એમાં મગ્ન રહે છે તેને આ ભેદ નડતા જ નથી, એવાના જ ચેલા થઇને રહેવું યોગ્ય છે.[૨]:

રામ ને રહેમાન તમે એક ભાઇઓજાણજો
કૃષ્ણ ને કરીમ એક કહીએ;
વિષ્ણુ બિસમિલ્લામાં ભેદ નથી ભાળ્યો,
અને અલ્લા અલખ એક લહિયે રે.

પછી એક ધરાઉ દૃષ્ટાંત આપીને ઉમેરે છે:

ચોખા ને ચાવલ પણ ડાંગર એક છે
એવું સમજે તેના ચેલા થઇએ રે.

૧: જ્ઞાનોપદેશનાં પદો, પદ ૧૬ ૨: જ્ઞા.પ. પદ ૧૧.

મહત્ત્વની વાત તે આ આત્મસ્વરૂપની સમજણ છે:

સમજણની વાત છે ન્યારી [૩] માટે
જુઓ સમજ્યા વિના સાહેબને ખોશો,
રેણી કેણી સતસાહેબને સાધશો
જૂઠો જનમ ના જોશો. [૪]

માટે "ભીતરના ઓરમામાં બેઠેલા એ મદ "ને ઓળખી લેવાની જરૂર છે. એનું જ નામ અલ્લા ને એનું જ નામ બ્રહ્મ. એ હરિવિના અણુમાત્ર સૂનું નથી, માટે બાપુ કૃતાર્થતાનો ઉદ્‌ગાર પ્રકટ કરતાં કહે છે:

અમે બ્રહ્મજળમાં નિત્ય નાહિયે રે, [૫]

અને જે કોઇને બાપુની જેમ "છૂટે દૂપટ્ટે" ફરવું હોય તેણે સતનામને ભજી લેવું. વેપાર સાચો તે માત્ર સતનામનો. બાપુની દૃષ્ટિએ સગુણનિર્ગુણના ભેદનો કશો અર્થ નથી, જ્ઞાનીના મનમાં એ વિશે કશી મૂંઝ રહેતી નથી. [૬]:

નિર્ગુણે ને સગુણ એ બંનેથી ન્યારો;
જ્યાં મુક્તિજી પાણી ભરે છે રે,
મૂરખને તો મુંઝવણ ઘણી પણ,
જ્ઞાની મન મગ્ન થઇ રહે છે રે.

જે નામ, ગુણ ને રૂપથી "ન્યારો" છે તે જ બાપુનો "પ્યારો" છે. જો આમ હોય તો પછી

માટે કાશી દ્વારકા ક્યાં સુધી જાવું,
જ્યાં સુધી હરિ નથી ઓળખ્યા પાસે રે.
આત્મારામી-યો તેને સર્વે સમાન છે,
તે બાપુ નિજ નામના ગુણ ગાશે રે. [૭]

આત્મતત્ત્વનું જ્ઞાનથયા પછી બાહ્યાચારનું મહત્ત્વ રહેતું નથી. જે લોકો કર્મકાંડ અને એવા બાહ્યાચારને જ સાધનસર્વસ્વ માને છે તેમને માટે બાપુને સહાનુભૂતિ નથી. નિત્ય સ્નાન કરવાથીકે જળમાં ડૂબકી મારવાથી મનનો મેળ જવાનો નથી. એ તો સદ્‌ગુરુના વચનામૃતના સાગરમાં અવગાહન કરવાથી જ દૂર થશે. [૮] પણ જેની પોતાની

૩: જ્ઞા.૫.૫૬ ૮, ૪: જ્ઞા.૫.૫૬, ૫, ૫: જ્ઞા.૫.૫૬ ૧૧, ૬: જ્ઞા.૫.૫૬,૨૬
૭: જ્ઞા.૫.૫૬ ૨૩, ૮: જ્ઞા.૫.૫૬ ૧.

સૂઝ ખોલી નથી, જેનામાં "સમજણ" નો ઉદય થયો નથી તે બીજાના સંશયને શું દૂર કરવાનો હતો[૯]:

તાન ટપ્પા તાલબંધ ગાય છે.
ચઢીને બેઠો મોટે તાડે;
આપ તો છપ્પન દોઢામાં માલે,
સમાનો સંશય શું કાઢે?

આવા, "થડ મૂકીને ડાળે વળગાડનારા" પંડિતોને બાપુ આકરાવેણ સંભળાવવામાં બાકી રાખતા નથી.[૧૦]:

પંડિતે ખેલ બગાડ્યો,
આ જીવનો તો પંડિતે ખેલ બગાડ્યો.
તેં કરમાં ધરમી તો બે મારગ કીધા,
પાપ પુણ્ય રૂપી ભ્રમને જગાડ્યો.

પણ

બાપુ સાહેબ કહે સતનામ સમજ્યો તેને,
પંથમાં ન આવે આડી વાડ્યો.

બાપુને તો ગુરુકૃપાથી બધું "સુઝી" સમજાઇ ગયું છે ને એ તો "કૈવલ્યપદને" માણે છે, છતાં સંસારીઓને એમાં અવળો આચાર જ દેખવો હોય તો એવી રીતે બગડ્યા કહેવાવાનું બાપુને મંજૂર છે, એટલે તો એવી ટીકા કરનારાઓને એણે સંભળાવી દીધું.[૧૧]:

નીરાંતના સંગથકી બાપુ જુઓ બગડ્યા,
જેણે આત્મા લીધો છે માણી રે.

આ બગડવાનું સ્વરૂપ જરા ન્યારું જ છે. કલેડાના સંગથી જેમ નીર બગડીને ધાણી બને, લુહારના સંગથી લોઢું બગડીને જેમ અમૂલ્ય પાણીદાર તરવાર બને, અગ્નિના સંગથી કાષ્ઠ બગડીને પોતાના નામની ચેંધાણી સરખી નહિ રહેવા દે, પારસના સંગથી પથ્થર પોતાપણું ખોઇને પારસમણિ બની જાય એવી રીતે બાપુ આત્મજ્ઞાની નિરાંતના સંગથી બગડ્યા, ને એમણે એમની ટીકા કરનારાઓને કહી દીધું:

૯: જ્ઞા. ૫. પદ ૨,
૧૦: જ્ઞા. ૫. પદ ૧૭
૧૧: જ્ઞા. ૫. પદ ૨૦.

૫:

તમે બગડો તો ભાઇ એવા બગડજો,
ત્યારે તો મટે ચોરાશીની જે ધાણી રે.

નિરાંતની જેમ ધીરા ભગતે પણ બાપુને અનુભવીનો ન્યારો ફેરફેશ બતાવ્યો. આત્માસાધનની ન્યારી ગતિ બતાવી:

દાસના દાસ બાપુ ભકત ગુરૂ ધીરા,
શબ્દ ભેદ ધાવ કારી રે.
સુરત ક્ષણભર દેખ વિશ્વંભર,
અમર નર રહી ધારી રે. ૧૨:

જ્યારે રામનામની "લેહે" લાગે ત્યારે ભેદની ભ્રમણા ભાગી ગઇ, નિશદિન અજપા જાપ થવા લાગ્યા; વૃંદાવનમાં રાસ રચાયે, શરણાઇ ને ભૂંગળ વાગી અને

ઉન્મુનિ મંદિર સે જન નિધિ;
પ્રવૃત્તિ નારી ભાગી રે.
ભ્રમર ગુફામાં પોતે વિરાજે;
દીઠા શ્યામ સોહાગી રે.

આમ ધીરા ગુરુની કૃપાથી સુધારસની પ્રાપ્તિ થઇ, સચરાચરમાં વિશ્વંભરનાં દર્શન થયા અને ચોર્યાસી લાખ ફેરા ટળ્યા.

ધર્મવેશ અંગનાં દશ પદોમાં મોટે ભાગે મિથ્યાચારીઓની ટીકા છે. એ બધી આચારની જટાજાળમાં પડવાની, બાપુને મતે, કશી જરૂર નથી. એવાઓને બાપુ સ્પષ્ટ કહી દે છે:

સુખડીઓ સદ્‌ગુરુ શોધો તમે ભાઇ,
ના કરો રાંધી રાંધીને તમે ધેશ રે,
નામ નિરંતર રટો મનમાંહી
જો પોરો વરતીને જાવું પેશ રે. ૧૩:

અનેક પંથ, અનેક વાડા, શાસ્ત્રાર્થ, દેવદેવી, તીર્થયાત્રા, ખટકર્મ એ બધું છોડીને "બ્રહ્મભાવ હૃદે ધરો" એવી બાપુની, આવા લોકોને, સલાહ છે. આડાઅવળા યોગના માર્ગ છોડીને વિહંગમ ગતિએ સીધો માર્ગ લેવો તે જ ઠીક. સિધ્ધો અને સમાધિની ખટપટ છોડીને સતગુરુનું નિત્ય સ્મરણ કરવું, ધ્યાન ધરીને શૂન્યશિખરમાં

૧૨: જ્ઞા. ૫. પદ ૨૯, ૧૩: ધર્મવેશઅંગનાં પદો, પદ ૨,

ડંકો વગાડવો. પછી ભેદ ભાંગી જશે. રૂપ કે રંગ ન્યાળવાના રહેશે નહિ. પછી

ચળવ્યો ચળીશ નહિ, ભમાવ્યો ભમીશ નહિ,
તો તો રસ જાશે એહ પીધો રે.

તો પછી હઠયોગ કરીને તન તોડવાની જરૂર શી છે ગુરુએ બતાવેલી કુંચી પ્રમાણે હું તને "વણ વિંધ્યો" એ માર્ગ બતાવું છું.

બ્રાહ્મણ શૂદ્રભેદનો પંદર પદોમાં બ્રાહ્મણોનું ઊંચી વર્ણ તરીકેનું મિથ્યાભિમાન, વર્ણભેદની વ્યર્થતા, કબીર, ગોરખ, વ્યાસ, ઋષા, નાનક, દાદુ વગેરે સાધકો અને સંતોનાં દૃષ્ટાંતથી વર્ણ જોઇને નિરર્થકતાનું પ્રતિપાદન કરીને બાપુ કહે છે:

સંસ્કારથી થાય છે બ્રાહ્મણ તો જગત સહુ,
શૂદ્ર હોય સર્વ અહ્યા જણે જ્યારે માત રે. [૧૪]

પછી પોતાના બે ગુરુઓનો દાખલો આપીને કહે છે:

અહ્યા જોને બ્રહ્મ ભાટ ગુરૂ મારો મહાજ્ઞાની,
ધીંગો ધીર વીર ધણી ધારી જેની ધાત રે.
નીરાંતનું નામ અહ્યા જુગો જાણ વાગી ગયું,
બાપુ તેની નોત જાત ઓળ જઇ ભાત રે.

બ્રહ્મજ્ઞાનનાં તેર પદોમાં નિર્ગુણ બ્રહ્મ, તેને ઓળખનાર જ્ઞાની અને જોગીનાં લક્ષણ ભક્તિનું સ્વરૂપ અને સાચી સાધના આટલા વિષયો મુખ્યત્વે નિરૂપ્યાં છે.

બ્રહ્મના સ્વરૂપને વર્ણવતા બાપુ "નેતિનેતિ" નો આશ્રય લઇને કહે છે: [૧૫]

રૂપ રંગ નહિ તેને ઓળખી લેવા,
નહિ જાત, નહિ ભાત,
નહિ માત, નહિ તાત,
નહિ દિન, નહિ રાત,
વાણી રહિત લેવા જાણી.

અને જ્ઞાનીની સાદી વ્યાખ્યા બાપુ આમ આપે છે:

સમજે સતનામ તેને તો કહીએ જ્ઞાની,
તેની મટી ગઇ વૃધ્ધિ ને હાનિ.

૧૪: બ્રાહ્મણશૂદ્રભેદનાં પદ, પદ. ૩

૧૫: બ્રહ્મજ્ઞાનનાં પદ , પદ ૧.

આ સતનામની સમજનો દીવો કદી રાણો કરવો નહિ. પાયાની વાત તે આ "સમજણ" છે. એ સમજણ વિના સાધન, ધ્યાન, દેહદમન બધું મિથ્યા છે. માટે જે

સમજે સદ્‌ગુરૂની શાન, તેને ભાવે આત્મજ્ઞાન,
તેનું વળ્યું વાણાનું વાન, તે તો તોડે નહિ તાન,
તેનું અખંડ થાય ધ્યાન,
બાપુ સતનામ સમજે તે તો શાણો.[૧૬]

જે બ્રહ્મનો ભેદ બતાવે તે જ ગુરુ, જે ઝાંખને ખોળી કાઢે તે જોગી. તન ખોજીને મનને વશમાં રાખ્યા પછી બાવા થાઓ કે ભોગી - બંને સરખાં છે. સાચી પૂજા તે અંતરની પૂજા છે, માટે બાપુ કહે છે. "આરતી કીજે અંતરમાંહી.[૧૭] એ આરતી બ્રહ્મા વિષ્ણુ ને શિવ ઉતારે છે. જે આ સમજે તેને બધું સુગમ છે. આ આરતી થતાં જ

પાંચ પચીશ સખી નાચન લાગી, શૂન્યશિખરકે માંહી,
આપમાં આપ સોહં સમાયે, ગુરૂજીએ સાન બતાઇ.

આ સ્થિતિનો આનંદ વર્ણવતાં બાપુ કહે છે.[૧૮]

ગુરૂકૃપાથકી અખંડ વર પામી,
સહુથી ન્યારો રમે તે જ મારો સ્વામી.
હવે સુરતા સખી સ્વામી સંગે ચાલી,
વહાલે મારે પ્રેમ કરીને બાંય ઝાલી,
હવે મુને વસ્તુ અમૂલક આલી
ત્યારે ચઢી ગઇ ગાલતણો લાલી.

સૃષ્ટિનો ઉત્પત્તિ બાપુએ એક જ પદમાં સંક્ષેપમાં સમજાવી દીધી છે.[૧૯] સાચી ભક્તિનું ફળ સહુથી મોટું છે. પણ એ ભક્તિ એટલે અડસઠ તીર્થોની યાત્રા કે ગંગાસ્નાન નથી. એ ભક્તિનાં લક્ષણ બતાવતા બાપુ કહે છે.[૨૦]

૧૬: ભેજન પદ, ૨, ૧૭: ભેજન પદ ૭.
૧૮: ભેજન પદ ૪, ૧૯: ભેજન પદ ૪.
૨૦: ભેજન પદ ૫.

ઓળખે આત્મા અખંડ , ઓળખે આત્મા અખંડ,
થાય વાસનાનો ભંગ,
ત્યારે ચઢે અખંડ રંગ.
મનશુધ્ધ એક વરતે વરતે.

બાકી ઘણા ય સેવાપૂજા કરતાં મરી ગયા, પણ એમને આત્મા જડે નહિ, એને માટે તો આત્માને "ચીનવા" ની જરૂર છે. બાપુએ તો એક તારે એક તાર મેળવીને અલખ સંગાથે મન જોડીને રાચા લીધુ.[૨૧]: હુક્કાના રૂપક દ્વારા સાધનાનો નિર્દેશ બાપુએ કર્યો છે. તે નોંધપાત્ર છે. એ હુક્કો તે જ્ઞાનનો હુક્કો છે, એમાંથી ધ્યાનનો દમ ખેંચવાનો હોય છે, એ હુક્કાને પ્રેમજળમાં ઝકોળવામાં આવે છે. ચતુરાઇની ચલમ ભરવામાં આવે છે, એમાં કુડકપટનો તમાકુ ચિન્તના ચીપિયાથી ભરી બ્રહ્માગ્નિથી બાળવામાં આવે છે. આવો હુક્કો દાસ બાપુએ ગુરુ ધીરાને ભરી આપ્યો. [૨૨]આવી જ રીતે ભોજનની પરિભાષામાં બ્રહ્માનંદનું વર્ણન પણ બાપુએ આપ્યું છે. [૨૩]:

સદ્‌ગુરૂ સ્વામી, વાંઝલમજ્ઞને સમજાવીને ઘેર આણ્યા છે;
મોહન વરને, મહિયરિયામાં મેં બેની માણ્યા છે.

આ લગ્નોત્સવમાં પ્રેમના પેંડા છે, લેહના લાડુ છે, શબ્દની સાકર છે ને મનરૂપી મેદાનો પૂરી વણી છે. એને જ્ઞાનરૂપી ઘીમાં ઝબકોળી છે. ગુરુમતિના જળનો લોટો ભર્યો છે ને સમજણનો મોટો થાળ પીરસ્યો છે, ને અંતે

તુલસી સુરતાની માંહી ધારો,
બાપુ બીડું આપ્યું ખટ ઉર્મિતણું, સેવકને આનંદ થયું છે ઘણું
સૌ મારે સમતુલ્ય મેરૂ ચણુ.

આવા બ્રહ્માનંદની પ્રાપ્તિ કાંઇ શાસ્ત્રજ્ઞાન કે વિતંડાથી નહિ થાય. જેઓ ચાર વેદ કે ષ દ્‌દર્શન ભણે છે તેઓ જો વિધાથી મૂળને નહિ સમજે તો એ બધુ ભણ્યાનો શો અર્થ માટે બાપુ કહે છે કે

વાણીના પ્રેરકને પ્રીછો,
આપે કહો એધાણીથી, [૨૪]:

૨૧: એજન પદ ૬. ૨૨: એજન પદ, ૯
૨૩: એજન પદ ૧૦, ૨૩: એજન પદ ૧૩

"મહિના"નો શરૂઆત બાપુ આષાઢથી કરે છે. આષાઢમાં અંતરજામી ઘરે પધારે છે, વહાલાની મે"ર થવાથી "સુરતા"રાજી થાય છે, બંને ભેળાં થતાં લીલા લહેર થાય છે, ગુરુ કૃપાથી મનનું ઝેર નીકળી ગયું છે ને અખંડ પરમાત્માનો જ માત્ર અનુભવ થાય છે. શ્રાવણમાં નિજ ભુવનની ભાળ લાગતાં જ્યાં જોઈએ ત્યાં હરિ હરિ દેખાતાં મન મગ્ન થઈ જાય છે, મરણનો ભય દૂર થાય છે. ભાદરવામાં ભક્તિની પ્રાપ્તિ થાય છે હવે ફેરા ચાંટા કરવાની જરૂર રહી નથી, ઘેર બેઠાં પાર આવી ગયો છે. અખંડ ધનની પ્રાપ્તિ થઈ ચૂકી છે, સુરતા એકતાર થઈ ચૂકી છે. આસોમાં તો અવિનાશનો રંગ પાકો ચઢી ચૂકયો છે, હવે બીજું કશું ગમતું નથી. કાર્તક માસમાં અજ્ઞાન રાત્રિ મટી ગઈ છે. ને જ્ઞાનના સૂર્યનો ઉદય થઈ ચૂકયો છે, જ્યાં જુઓ ત્યાં ચારે દિશામાં નૂર ઝળકી રહ્યું છે. માગશરમાં સંશયનું સાલ સાબૂ નીકળી ગયું ને વહાલા સાથે પુરેપુરું વહાલ પ્રકટયું. પોષ માં અલખ દર સાથે પૂરી પ્રીત બંધાઈ ચૂકી ને ભ્રમની ભીંત ભાગી ગઈ. હવે તો આનંદના ગીત ગવાય છે. મહામાસમાં મનનો મેલ ધોવાઈ જતાં રંગન રેલ રેલાઈ રહી. ફાગણ માસમાં મનની ભૂલ સુધરી ગઈ છે, અખંડ આત્માની ઉપલબ્ધિ થતાં બીજું ધૂળવત્ ભાસ્યું છે. ચૈત્રમાં ત્રિવિધ તાપ મટી ચૂકયા છે ને અલખ વરને ખોઈબેઠ્યા પછી હવે કોઈના જાપ જપવાના રહ્યા નથી. વૈશાખમાં વિશ્વંભરની ઓળખાણ થઈ ચૂકી છે, એને નથી નાત ને નથી જાત; નથી મરણ જરણ, એ તો સાક્ષાત્ શોભે છે. જેઠમાં જગજીવનના મર્મની જાણ થઈ. આમ બારમાસી પૂરી થઈ.

સંતસાહિત્યમાં વાણી જુદાજુદા બાપુ અંગોમાં લખાય છે. એને અનુસરીને બાપુસાહેબે દશ અંગની ગરબીઓ લખી છે. એ દશ અંગના વિષય આ મુજબ : મન, સ્ત્રી, વિશ્વાસ, ધન, પુત્ર, ગુરુ, વૈરાગ્ય, દેહ, તૃષ્ણા, વચન, આ દરેક અંગની ચારચાર ગરબી અને છેલ્લે ઉપસંહારની એક એમ, બધી મળીને, એકતાલીસ ગરબીઓ લખી છે. ગરબીઓમાં ધન, સ્ત્રી તૃષ્ણા, કાયા વગેરેની મમતાને પરી કરીને વૈરાગ્યને દઢ કરવો એ મુખ્ય ધ્વનિ છે. ગુરુઅંગમાં સાચા ગુરુનાં લક્ષણ બતાવી શિષ્યને એ ગુરુ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી થવી જોઈએ એ વાત પર ભાર મૂકયો છે. સાચા ગુરુ મળ્યા ત્યારે જ આ માટીના તુચ્છ ગણાતા દેહમાં

ગયા કાશી ગોમતી ને ગંગા મૂકાવી રે લોલ,
ત્રિવેણી તારા તનડા તે માંહી રૂકાવી રેલોલ,
રામકૃષ્ણ મચ્છ કચ્છ ને છોગાળો રે લોલ,
તારા દેહમાં દેખાડ્યો ગોપાળો રે લોલ. :ગુરુગંગ, કાફી ૧:

ગુરુ મરજીવા હોઇને એને ડૂબવાનો ભય હોતો નથી, એ તો જે ડૂબતા હોય છે તેને તારે છે. એ માત્ર ડૂબતો તારશે, એટલું જ નહિ પણ

એ તો બૂડતો તારીને કંઇક દેશે રે લોલ,
તને બાઇ ચઢાવી દેશે સારે દેશે રે લોલ. :એજન કાફી, ૨:

એ ગુરુ સાચા શૂર પણ હોય છે. એ અજ્ઞાન તલવારના ઝટકા જાય પામ્યા વિના ઝીલે છે. બીજા બધા શૂરવીરોની હિંમત ગુરુની દૃઢતા આગળ કાચી લાગે છે. બારે મેહ વરસે કે ચાર અગ્નિ ઝરે તોય એ ચળે નહિ. એવા ગુરુની પાસે પરંપરાએ જેમણે જ્ઞાન લીધું છે તેઓ જ્ઞાનીઓમાં માન પામે છે. ગુરુ કૃપાએ જેની બુદ્ધિ "આરશી જેવી નિર્મળ" થઇ છે તેણે બધી "પારશા" તજી દીધી છે, એટલે કે એના મનમાં કશું ગુપ્ત ગુહ્ય કે કુડકપટ રહેતું નથી.

આ ઉપરાંત બાપુસાહેબે જ્ઞાનોપદેશની છ કાફીઓ લખી છે. એમાં દેહદમન કાયાકલેશ કે એવા બીજાં સાધનોની જટાજંજાળ નકામી છે એ વાત પર ફરીથી ભાર મૂકતાં એ કહે છે:

દમ ના ધુંટું ને મુખ ના રટું, સુરત નામ એક રૂપ,
નામી અનામી પોતે બન્યો છે, કોટિ બ્રહ્માંડનો ભૂપજી,
જાપ કયાં જપીએ રે, પોતે તો બન્યો જગપતિ.

બીજી કાફીમાં બાપુસાહેબે પાણીનો મહિમા ગાયો છે:

એ પાણીથી થયાં નરનારી, ને એ પાણીથી બ્રહ્માંડ,
પાણીનું બન્યું મોતી રે, પાણીની બની હીરાકણી.
પાણીની અમૂલ્ય ક્રિયા બનાવી, હાડ ચામ લોહી માંસ,
પાણીના રે પશુપક્ષી બનાવ્યાં, પાહાડ પથ્થર ને ઘાસ.

ત્રીજી કાફીમાં દર પૂનમે દ્વારકા જાત્રાએ જતા પુનમિયાનાં લક્ષણ નિરૂપવાને નિમિત્તે આદર્શ સાધકને ચિતરી બતાવ્યો છે: જે "પુરણ નીમ" રાખે તે પુનમિયો. એને હરિ સાથે પ્રીતિ છે ને એણે અદ્વૈતરસનો પ્યાલો ચાખ્યો છે. એ મોમતીમાં નહિ, પણ "ગુરુમતિ જળ" માં સ્નાન કરે છે. એના સાકરમાણ તે પ્રેમ છે, એ સુરતા રૂપી

તુળસી વાલાને ચઢાવે છે, ગુણની ગાગેરમાં ધન ચઢાવ્યું છે. એના દેહની બ્હારકામાં દીનાનાથ હંમેશાં બિરાજે છે એના અંગ પર હરિનામની છાપ છે. ગુરુએ આપેલી જ્ઞાન આંખોથી સ્વરૂપ દર્શન થયું છે ને એને સચરાચરમાં હરિ દેખાય છે.

વાલા વિના કોઇ ઠામ ના ઠાલો, જ્યાં જોઉ ત્યાં ભરપૂર.

ચોથી કાફીમાં "કેવળપદ" વર્ણવ્યું છે. કુરાનપુરાણ વાંચીને થાકી જવાય, પણ દુ:ખતો આત્માને સમજે ત્યારેજ જાય:

પિયુ પરદેશે ગયા ને મૂકી ગયા, પોતાના ઘટનો રંગ,
મન મનોરથ ત્યારે રે થાય જ્યારે, સ્વામી મળે અભંગ,
આપ નવ શોધ્યું રે, તો જ્ઞાન દીવો કીધો રાણો.

આમ "અભંગ સ્વામી" ની પ્રાપ્તિ એટલે કૈવલ્યપદની પ્રાપ્તિ.

પાંચમી કાફીમાં નામને જાણવાનો મહિમા વર્ણવ્યો છે. એમાં બાપુસાહેબ કહે છે:

બત્રીશ આભરણ અંગે ધરેનારી, નાક વિના શો શણગાર,
કવિએ જો આપનું આપ નવ જાણ્યું તે કયમ કરી ઉતરે પાર.

કવિની "આપ જાણ્યા વિનાની" કવિતા નિરર્થક છે. આ માટે જ કદાચ અમાએ કેવળ કવિ ગણાવાનો વિરોધ કર્યો હશે!

૬ ઠ્ઠી કાફીમાં કંઇક કૂટ ભાષા માં અનુભવીને લાધેલા રહસ્યની વાત બાપુસાહેબ કરે છે. એમાં અંત:કરણ રૂપ હાથી બુધ્ધિરૂપી બકરીને જન્મ આપે છે. એ બુધ્ધિરૂપી બકરીને ઊંટરૂપ મનનો સંયોગ થતાં પચ્ચીસ તત્ત્વ અને ચિત્ત અને અહંકાર એ સત્તાવીસ બચ્ચા જન્મે છે. આમ બકરીનું જોર એટલું વધે છે કે એણે ઊંટની પણ બકરી કરી નાંખી. એ રબારી વિના સહુને બાળે છે. આ "બકરેલી બકરી" નો ભેદ કોઇ જાણતું નથી, પણ બાપુસાહેબને કહે છે.

ઊંટ બકરીને એક ચારનારો, જેને હાથ ઉ ઘાઉં નહિ શીશ,
જ્ઞાની જન તો મગન થયા છે, ચડે અજ્ઞાનીને રીસ.

સિધ્ધિખંડનની કાફીઓમાં યોગની અઢાર સિધ્ધિઓનું ખંડન કરતાં બાપુસાહેબ કહે છે:-

યોગ વિધાવાળો ઝઝુમે, તેની કરીએ હવે વાત,
એની સિધ્ધિ અઢાર ને આડી સવાડી, મારીએ ઉપરથી લાત.

આમ કહીને અણિમા, મહિમા, લાંઘિમા વગેરે અઢાર સિદ્ધિઓનું ખંડન કર્યું છે યોગસિદ્ધિએ પણ મોટું પ્રલોભન છે, એ "સિદ્ધિઓનો જે સપાટો" આય છે તે "મોકમમાર" આય છે, માટે સિદ્ધિઓને "ઉકાંસવી" નહિ.

બાપુસાહેબે બ્રહ્મબોધની ૨૪ કાફીઓ લખી છે. એ પૈકીની ત્રીજી કાફીમાં બ્રહ્મવૃક્ષમાંથી બ્રહ્માંડના થયેલા વિસ્તારને વર્ણવ્યો છે. એ બ્રહ્મવૃક્ષનાં મૂળ તે પ્રકૃતિ અને પુરુષ. પ્રકૃતિને બે બાળક જન્મ્યાં: મહાતત્વ અને અહંકાર, એ અહંકારનાં ત્રણ છોકરાં: સત્ત્વ, રજસ્, અને તમસ્, ને એનો પાછો વિસ્તાર વધ્યો:

તમે મોટા ભૂત વિષયો, વિષયાદિ અધિકાર
રજે દશ ઈંદ્રિ રે, બનાવી છોલીછાલી
સત્ત્વમાંથી મન આદિક જાણો, તેના દેવતણો વિસ્તાર,
એ ભ્રમજળ છે મૃગજળ જેવું, શુધ્ધ બ્રહ્મને વૃક્ષને કરીએ જુવાર.

ચોથી કાફીમાં શિષ્ય ગુરુને બ્રહ્મને વિશે પ્રશ્ન પૂછે છે: બ્રહ્મ બેઠો છે કયાંય? ગુરુ ઉત્તર આપતાં કહે છે કે એ કોઇ અમુક એક અવયવમાં નથી:

જેટલા ધ્યાને ધશીને જાયો, તેટલો પાસે એહ,
રૂપરંગ વિનાનો તદ્રૂપથાશે, જ્યારે ધ્યાનનો ચઢશે મેહ
બપુ સહુ રૂપે રે, જોશો, જગદીશ જુશો.

પાંચમાકાફીમાં બન્ધન અને મોક્ષ તથા આત્મા વિશે અત્યંત સંક્ષેપમાં સૂત્રાત્મક રૂપે મીમાંસા કરતાં એ કહે છે કે ચૈતન્યમાં દશ્ય કલ્પવું તે બંધન, ચૈતન્યમાંથી કલ્પના છૂટવી તે મોક્ષ, દશ્ય વગરનું ચૈતન્ય તે "આત્મારૂપ મેવો", આમ "શ્લોકાર્ધ"માં વેદાંતનો મર્મ સમજાવી દઇને એકકહે છે:

ત્રણ લીટીમાં ત્રિભુવન સમાયું, બ્રહ્મ વિધાનો ભોર.

છઠ્ઠી કાફીમાં મૃત્યુ વિશેની સાચી સમજ, એક સરળ દષ્ટાંતની મદદથી, આપી છે:

ઘડે ભર્યું પાણી રે, સૂરજમાંહી આવી પડ્યો
ઘટાકાશ ભાગ્યું રે, ભાગ્યો તેની સાથે ઘડો
ઘડામાં મારો સૂરજ હતો ને, ભાગી નાખ્યો અલ્યા ભૂર
ઘડો ગયો તેની ચિંતા નથી ભાઇ (પણ) નાશી ગયો મારો સૂર.

આવી જ ફરિયાદ દેહનો નાશ થતાં સામાન્ય માનવી કરે છે, એના જવાબમાં બાપુ કહે છે:

જ્ઞાનો કેમ સૂર્ય ન આવે જાવે, લાગ્યો એ તો ભ્રમ ફોક
મરે ન અવતરે આત્મા અલ્યા, શીદ હસાવે છે લોક?

આઠમી કાફીમાં જ્ઞાની કેવા હોય છે તે બતાવ્યું છે. જ્ઞાનીઓ આ વિધવિધ વેષ વાળા સંસારરૂપી નાટકને "અલેખ જગાવીને" દૂરથી નિહાળે છે; એઓ "સ્વરૂપસ્વરૂપ ચૈતન્યમાં વાસ વસે છે, ને દેહમાં છતાં દેહાતીત થઈને રહે છે.

નવમી કાફીમાં નિર્હદ-બેહદ ને નિરુપાધિક આત્માને વર્ણવ્યો છે:

ઘોડા ચઢે ને ધુધવે પાણી, સાગરને શું હોય,
તેવા ઉપર તો થાય તરંગો, સાગરને મન નહિ સ્હોય, સ્હોય;
પૂર્ણ એ તો પૂરો રે.

દશમી કાફીમાં દેહ અને આત્માના સંબંધને કમળ અને સરોવરના સંબંધ જોડે સરખાવ્યો છે. સરોવરને ઓળે કમળ ખીલે, પછીથી હાથી એને ખાઇ જાય તો તેથી સરોવરને કશું થતું નથી, તેમ દેહનો નાશ થતાં આત્માને કશું થતું નથી. પરમાત્મા અને શરીરનો સંબંધ સાચો ય નથી ને જૂઠો ય નથી, પણ અનિર્વચનીય છે એમ અગિયારમી કાફીમાં કહ્યું છે. અઢારમી કાફીમાં સાધનાનાં સોપાનોની સમજ આપતાં કહે છે:

પ્રાણ-ચુંધો, પગથિયે પેલ્લે ચઢો
ષડરિપુ સાથે લડો.

ને પછી નેત્રથી બાર આંગળ નીચે હૃદયાકાશ છે તેમાં મનની વૃત્તિઓને સ્થિર કરો. ઓગણીશમી અને વીસમી કાફીમાં આ હૃદયાકાશ વિશે વધારે સ્પષ્ટતા કરતાં કહે છે:

છાતી વચ્ચે જે હૃદય છે તે, નહિ માનવાનું માન,
અખંડ અનુભવ નામ છે જેનું, માનવાનું તે તો માન,
સાન ધરય એવી રે, ચિત્ત રૂએ આરું.

જગત આત્મારૂપી હૃદયાકાશમાં છે. હદ તે હૃદયાકાશ ને બેહદ તે ચિદાકાશ. અપાન અને પ્રાણનો સંયોગ થતાં હૃદયમાં મેઘગર્જના જેવો નાદ સંભળાય છે તેનો ઉલ્લેખ કરતાં એ કહે છે:

જગત છે એમાં રે, ધૂનિ ધૂ ધૂ ગાજે,

અને પછી ઉમેરે છે:

હૃદય કોર્ક કે આત્મા કહો, બેનો એક વિવેક,
હદબેહદની વાતો ન્યારી જાણે જે ધારે ભેખ.

એકવીસમી અને બાવીસમી કાફીમાં નરસિંહના સ્થૂળ દર્શન અને સૂક્ષ્મ દર્શનનો વિવેક કરી બતાવ્યો છે. સ્થૂળ દર્શનમાં નરસિંહજીનું સ્વકલ્પેલું રૂપ જોઈને એને પ્રસન્ન કરીએ છીએ. એ સ્થૂલ રૂપની સૂક્ષ્મ પૂજા કરતા

આવાહન ને પૂજા અમારી, જોઈ રીઝ્યા નૃસિંહ,
ત્યારે ત્યાંહી તો કાંપવા લાગ્યો, રસ્યો રંગ્યો જે સિંહ.

સાચા નૃસિંહ ષડ્રિપુ ઉપર બિરાજે છે, આડી ઊર્મિઓને દબાવે છે. એ નૃસિંહની પૂજા મોગરાગુલાબથી નહિ પણ મતિની છાબમાં મનસા ફૂલથી કરે છે, એના પર તૃષ્ણાની તુલસી ધરાવે છે ને નિર્મળ બુધ્ધિએ દક્ષણામાં આપે છે.

આ જ પ્રકારે કૃષ્ણનું વર્ણન પણ ૨૪ મી કાફીમાં આપ્યું છે. એ કૃષ્ણે કેશીને રૂપે મદને કામને, કંસરૂપે ક્રોધને, લોભરૂપે બકાસુરને, અજગર રૂપે મોહને, નાગરૂપે મદને, તૃણાવર્તરૂપે મત્સરને માર્યા છે. ઊર્મિરૂપી પૂતનાને મારી નાંખી છે.

આ ઉપરાંત બાપુસાહેબે જ્ઞાનીનાં લક્ષણ વર્ણવતી બીજી ચોવીસ કાફીઓ લખી છે. સંતોને ને જ્ઞાનીને સારુંમાઠું કશું હોતું નથી. એમની નિંદા કરનારાઓ હારીને બેસે છે. ગુરુ વૃક્ષ જેવા હોય છે, એ ફળ પણ ખવડાવે છે ને વાયરો પણ આપે છે. ગુરુમાં મેઘના જેવા ગુણ હોય છે, એ બધાના પર એકસરખા વરસે છે, એમની ટેક વાયરાના જેવી હોય છે. એ સર્વ સ્થળે ફૂલ પર કે નરક પર સ્વતંત્રતાથી વિહરે છે. સંતો એક રીતે જોતાં પરાધીન નહિ છતાં પરાધીન છે. એમણે પોતાની ઇચ્છાનો સમૂળો લય કર્યો હોય છે. મારો તો તેનો એમને ઉચાટ નહિ ને પૂજીં તો તેની ખુશી નહિ. આવે તેનો એમને આનંદ નહિ, લઇ જાય તેનું દુઃખ નહિ. સંતો બધા સાથે હળી મળીને રહે, પણ આત્મારામને હમેશાં ન્યારો જાણે. સંતો

પરોવાયે છે સહુમાં પણ, તેહ મોતીની પેઠે નહિ.
જાણે જેહ જુદો છું સૂત્રથી, જ્યાં જ્યાં જાણે એવું સહી.

સંતો જ્ઞાનનાં ઘરેણાંથી એવા શોભે છે કે જાણે બીજો ભાણ નહીં ઊપ્યો હોય ! સંતોની મઢીમાં પોતે, એકાદ પુસ્તક ને સંતનું ટોળું આટલી ત્રણ વસ્તુઓ જ હોય. એમને સેવાકાજે ધન જોઇતું નથી. એમનું મન નિશ્ચિન્ત હોય છે. જો કોઇ પ્રશ્ન પૂછે તો પ્રશ્ન પૂછનારનું મન નિર્મળ થાય એવો તેનો જવાબ વાળે. એવા સંતોનું

વિચારમાં ધ્યાન નિરંતર, મ ઠામાં નહિ અનુરાગ
નિશદિન અજપા જાપ જપે
પૂછે તેને એહ સીધી બતાવે, સમજની રૂડી સાન.

સંતો ઉદાર અને અનાસકત હોય છે. જે પંથ ચલાવે છે ને બીજાને ત્યાં પરોણા થઇને રહે છે તેને જોગી ન સમજવા. સાચા જોગી તો કાળથી અપાર આઘા રહે છે, એમણે રાગદ્વેષ મૂકી દીધા હોય છે, એઓ નિર્વિકાર નિરંજન જેવા હોય છે. એવા જોગી રમતા રામ હોય છે. એઓ શાસ્ત્ર પુરાણને ખોટાં કહેતાં નથી, પણ એમાં જ સાર રહ્યો હોય છે તેને સ્વીકારી લે છે, એઓ તો બ્રહ્મવિદ્યાના ભોગી છે. સંતો અસંગ હોય છે. જે ભક્તિ ઘેલછાનું રૂપ ધારણ કરે છે તે એમને પસંદ નથી. કારણ કે:-

ઢોલ બજાડે ને કીર્તન કૂટે, કાંસી તણો ધોધાટ,
એ ગાનતાન તો જ્ઞાન ચૂકાવે.

એઓ તો અનહદનાદનું જ ગાયન કરતા હોય છે:

નિરંજન નું ગાયન મુખથી, કે ગાયન અવિનાશી,
આત્મારામમાં મગ્ન છે નિશદિન, છૂટેલા સર્વે પાશ.

એમના મુખમાંથી દ્વૈતભાવનો શબ્દ નીકળતો નથી, એઓ માત્ર એક અદ્વૈતનો બોલ બોલે છે. કારણ કે એઓ પૂરા જ્ઞાની છે.

બાપુસાહેબ પોતાની કૃતિના અંતમાં આત્મવિશ્વાસથી કહે છે કે આ સાંભળનાર જો વણિક હોય તો એને કાંટે ચઢાવી જુએ, ને જો ચોખી ઉતરની ન હોય તો જ સ્વીકારે, આ સાંભળનાર જો બ્રાહ્મણ હોય તો એના પુસ્તક જોડે એની તુલના કરી જુએ ને તુલનાએ જો ખરો લાગે તો જ એને સ્વીકારે, શુદ્ર ને તો આમાં કશી ગૂંચ લાગશે નહિ, ને બાપુસાહેબ પોતે ક્ષત્રિય છે એટલે ક્ષત્રિયને કશું કહેવાનું રહેતું નથી. બાપુસાહેબ ક્ષત્રિયની જેમ

પરમ ધામ પામ્યા રે, જ્ઞાનગલી દીઠી વડી.

Chapter-2-22

રવિસાહેબ.

:સં. ૧૭૮૩–૧૮૬૦:

મંછારામ મોતીએ પ્રસિધ્ધ કરેલી રવિભાણ સંપ્રદાયની વાણી ભાગ ૧–૨ (સં. ૧૯૮૯–૯૨) માં આપેલી માહિતીને આધારે રવિસાહેબ અથવા મહાત્મા રવિરામ સ્વામી વિ.સં. ૧૭૮૩ ની મહા સુદી પૂર્ણિમા અને ગુરુવારે કાનમ પ્રદેશનાં આમોદ ગામમાં જન્મેલા, સં. ૧૮૦૬ ની મહા સુદી અગિયારસને દિવસે બંધારપાડા ગામે એમણે ભાણસાહેબ પાસે દીક્ષા લીધેલી. ભાણદાસે સમાધિ લેતાં પહેલાં "રવિદાસ મારું સ્વરૂપ છે એમ જાણશો ને મારા ને રવિદાસમાં જરાપણ ભેદ રાખશો નહિ" એમ લોકોને કહી રવિદાસને શેરખીમાં પોતાને સ્થાને સ્થાપ્યા. સંવત ૧૮૬૦ માં પોતાના શિષ્ય રામદાસજીને શેરખીની ગાદીપર બેસાડીને રવિદાસ સમાધિ લેવા મોરાર સાહેબને ત્યાં બંબાલિયા જવા નીકળ્યા, ને રસ્તામાં બાંકાનેરમાં કડીઆ ભગતને ત્યાં નિર્વાણ પામ્યા.

એમની મુખ્ય મુખ્ય કૃતિઓ આટલી : બોધચિંતામણિ (હિન્દીમાં) આત્મદક્ષચિંતામણિ (હિન્દીમાં), રામગુંજાર ચિંતામણિ (હિન્દીમાં), ત્રીસ શ્લોકો (ગૂજરાતીમાં) ગુરુ મહિમા (હિન્દીમાં), આસરે ૩૩૩ જેટલાં પદો, બે બારમાસી, કક્કો, ભાણગીતા, મનઃસંયમ તથા દોહાનાં અંગો, આ પૈકી ભાણગીતા, ત્રણ ચિંતામણિઓ તથા મનઃસંયમ એ દીર્ઘરચનાઓ છે. આ ઉપરાંત ખીમસાહેબ સાથેની પ્રશ્નોત્તરી, પ્રીતમદાસ, નરભેરામ, ગોવિંદદાસ, ગોરજી, નાગરભક્ત ઉપર લખેલા પત્રોનો પણ એમની કૃતિમાં સમાવેશ થાય છે.

અહીં એમની બધી જ રચનાઓના અભ્યાસને અવકાશ નથી, માટે "ભાણગીતા" "મનઃસંયમ" તથા પદોનો જ વિચાર કરીશું. પ્રસંગોપાત, જ્યાં જરૂર લાગે ત્યાં, એમની અન્ય રચનાઓમાંથી સમાંતર વિચાર દર્શાવતી ઉક્તિઓ સમર્થનમાં ટાંકીશું.

"ભાણગીતા" રવિદાસે એમના ગુરુનાં સ્મરણમાં લખી છે. કૃતિના અંતમાં પોતે જ કહ્યું છે તેમ આ રચના એકવીસ કડવાં, છવ્વીસ સાખી અને ત્રણસે ને ત્રણ ચોપાઇની બનેલી છે. મંગળાચરણમાં સૌ પ્રથમ કવિ ગુરુને વંદે છે, કારણ કે જેને ગુરૂગમ હોય તે જ "અણલિંગી પદ" અનુભવે. વળી,

ગુરૂગમથી ગુંજ આવે, ભીંતર મરમ તુટાયે,
જગ તાંતી તોડે તંત પામે, સદ્‌ગુરૂ ચરણે વસાયે.
માટે ગુરૂ ગોવીંદ એક જાણો, માણો મરમ લહી સહું
સીધ્ધાંતે કરી વારતા, તે સતગુરૂ પ્રતાપે કહું (૧, ૫-૬)

જીવન મુકત, પરિગ્રહ થઇને રહેલા, પાપપુણ્યને પરા કરનાર, શબ્દે કરીને સંકટ ટાળનાર સદ્‌ગુરુનો મહિમા પહેલા કડવામાં કવિએ ગાયો છે. એ કડવાના અંતમાં આવતા દોહામાં કવિ ફરી ગુરુમહિમાનો ઉપસંહાર કરતાં કહે છે:-

ગુરૂગમસે ગમ પાઇયે, અલખહીં લેય લખાય,
રવીદાસ સતચીંદાનંદમાં, જ્યો સાગર બુંદ સમાય.

પહેલાં કડવાના અંતમાં જે "અલખ" ની વાત આવી તે "અનાદી અલેખ" નું સ્વરૂપ વર્ણન કવિ બીજા કડવામાં પ્રારંભે છે. ત્યાં વર્ણાવર્ણનો ભેદ નથી, ત્રણ ગુણનો વિવેક નથી. "સકળ પસારો" ય નથી, આદિ, અંત ને મધ્ય નથી; પાપ ને પુણ્ય, શત્રુ ને મિત્ર, અગમનિગમ, જંતતંતુ, મેરૂમંડળ, ધરતીઆકાશ, નાદબુંદ, શ્વાસઉચ્છવાસ, ન્યાતિજાતિ, કુળવહેવાર, દેવદાનવ, છાયામાયા - આ બધાં વ્દંવ્દોથી એ પર છે. ત્યાં નિર્ગુણસગુણનો ભેદ નથી, ત્યાં જોગ જપતપની જરૂર નથી, ત્યાં જરામરણ નથી, ત્યાં ભેદઅભેદ પણ નથી. "અલેખ" હો વાથી એ "લેખા" માં આવતો નથી, માટે "નેતિનેતિ" ના સ્વરૂપનું એવું વર્ણન બીજા કડવામાં આપ્યું છે :

ત્રીજા કડવાના પ્રારંભમાં જ કવિ કહે છે :-

નીરખ્યામાં રૂપ ન આવે જી, એ કહ્યામાં કેમ કહાવેજી
પરપંચથી તે પાર રહાવેજી, મન પવન તહાં નવ જાવેજી. :૩, ૧:

એ "ઉપમામાં આવે નહિ", ત્યાં "સુરત" પણ પહોંચે નહિ એવું એનું અમર નામ અગાધ છે. એનું અમરપદ "એધાણવોહોણું, છે. આમ જુઓ તો ગોળ ગુપત" તે "પરગટ" જ છે, પણ એ "પરસંધે" નહીં, સૂઝે આમ નિજપ્રતીતિના પર ભાર મૂકીને કવિ ત્રીજું કડવું પૂરું કરે છે. ચોથું કડવું શબ્દાંતરે આ જ વાતની પુનરાવૃત્તિ કરે છે. એ કડવાના અંતમાં કવિ કહે છે:

અગોચર ગોચર નહી જે, તે ઓળખી કાઢો માનને
રવીદાસ કહે ગુપ્ત ગ્રહો, જો સેવો સતગુરૂ શામને. :૩.૧૦:

આમ આ સાધના તે "ગુપ્તને ગ્રહવાની" સાધના છે, જે અણછતો છતાં બધામાં છતો છે તેને પામવાની સાધના છે. પાંચમાં કડવામાં એકોડહં બહુ સ્યામ" એવી એ "અલેખ અનાદી" ને "મનછા" થઇ ને એણે બ્રહ્માંડ રચ્યું તેની વાત છે. પણ આ "મનછા" ધારીને એક નારી થઇ, એની શોભાનો પાર નહીં. એનો પાર કોઇ પામી શકે નહિ. સરસ્વતી, મહાકાળીને ભવાની આવીને એની સ્તુતિ કરે. પછી "અલેખે" એને "મંડાણ કરો" એવો આદેશ આપ્યો. એ આદેશાનુસાર ઇશ્વરીએ અનેક પુરુષો ઉપજાવ્યા, ને મસ્તક પર હાથ મૂકી ભસ્મ કર્યા. આપ "ઉપજાડતા સંધારતા" ઘણો સમય વીતી ગયો. જે પુરુષ ને એ પેદા કરે તે એને માતા જાણીને વરે નહિ. પ્રકૃતિનાં પરાક્રમ કોઇ જીવ કળી શકે નહિ. પછી ઇશ્વરીએ ભાળી પાડીને ત્રણ પુરૂષ સરજ્યા ને તેમને કહ્યું: "મને વરો", પણ

દેવોએ કહ્યું: તમે કોણ છો, અમે કયાંથી આવ્યા છીએ, તમારી જાત શી, તમારું સ્થાન શું - આ કશું અમે જાણતા નથી. આના જવાબમાં ઇશ્વરીએ કહ્યું:

મારા અંગથી તમો પ્રગટીયા, માર સ્થાન બ્રહ્મસદન
અમને ઇચ્છા તમને વર્યા તણી, માનો તમે વચન :૫, ૧૩:

બ્રહ્મા વિષ્ણુએ કહ્યું કે તમે તો અમારી માતા છો. અમે તમને શી રીતે વરીએ? આથી આદ્યે શક્તિ કોપ્યાં અને ત્રણે બ્રહ્મા વિષ્ણુને બાળીને ભસ્મ કર્યા. પછી શિવને વરવાનું કહયું. શિવે કહયું કે મારા બે ભ્રાતને રાખોડીમાંથી ઉભા કરો તો તમને વરું. ઇશ્વરીએ અમૃત છાંટયું ને આમ માયાના ત્રણ સ્વરૂપ થયા, આમ વિસ્તર થયો:

આદ ભવાની ત્રણ પુરૂષ, તેના કરતાં નીરંજન જાણ
પાંચે મળી રવીદાસ કહે, રચ્યું તે સર્વ બ્રહ્માંડ :૫, ૨૦:

છઠ્ઠા કડવામાં ત્રણ ગુણ અને પંચતત્ત્વ મળીને જે "પસારો" કીધો તેનું વર્ણન કવિએ આપ્યું છે. માયાની અટપટી બાજીની વાત કરતાં કવિ કહે છે:

બાજી સહુ માયા તણી, અનંત મારગ ચાલીયા
ધર્મ કર્મમાં ઘેરી રાખ્યા, અંત કાલે ઝાલીયા :૬, ૧૧:

આ માયા નટીનો મર્મ જે જાણે તે કાળને છેદીને પંથની પાર પહોંચે. સાધુઓ ને જોગીઓની વાદી આપતાં કવિ અહીં "કાનફટા" સાધુઓનો પણ ઉલ્લેખ કરે છે. આ "કાનફટા" સાધુઓનો નાથ સંપ્રદાય સાથેનો સંબંધ રપ૦૮ છે. આ માયા નટીનો મર્મ સંતોજ પામી શકે. એ સંતો કેવા હોય તે સાતમાં કડવામાં કવિ સોળ લક્ષણ આપીને કહે છે. એ સંતની કશી હાણ ન થાય, એ કશી "આડ" માં અટકે નહિ, એના મનની વ્હિધા મટી ગઇ હોય, એને અભેદાનુભવ થયો હોય, એને કર્મનો દોષ નડે નહિ, એણે માયામાં બ્રહ્મને જોયું હોય, ને જેમ સોનું ધરતીમાં રહેવા છતાં મેલું થતું નથી તેમ સંત માયામાં રહેવા છતાં માયાથી વિકારી બનતો નથી. આ સંતના મહિમાનું ગાન આઠમાં કડવામાં પણ ચાલુ રહે છે:

કામ ક્રોધ ને લોભ માયા રહિત જેહના મન;
આળસ આહાર નીંદ્રા નાહી, તેહને સદા છે દરશન.
કલ્પના મનથી ટળે, તે જાણે વસ્તુ અગાધ
અવગુણ મન આવે નહી, જેહને દ્રોહ નીંધા નહી વાદ.
ઇર્ષા અંત:કરણ નહી, જેણે છોડ્યા કુળવહેવાર
કાળ કદી વ્યાપે નહી, તે રહીત સુખસંસાર. ૧૮, ૩-૫)

આવા સંત શિરોમણિ કરોડોમાં એક જ હોય. "ગુણરહિત જેણી" ને એમણે "ગુણે કરી" ઓળખ્યા છે

અજોત જોયામાં નહી પણ સંતે જોયા દેહ ધરી. ૧૮, ૬)

આવા મહા પદને પામનારા મરજીવા બ્રહ્મસ્વરૂપી સંત જ અભેદાનુભૂતિ કરાવી શકે.

૬ માં કડવામાં કવિ સિધ્ધ સાધકનું વર્ણનઆપે છે. એવો સિધ્ધસાધક ઉદાસીન હોય, એ અનર્થને અડકે નહિ, સાર વસ્તુને જ અડે. એનું મન નિર્મળ હોય, એની "સુરત" ઉંચે શૂન્યમાં જ રહેતી હોવાથી એ સદા સમાધિમાં જ રહે, અખંડ ધૂનમાં બેસે ને અહર્નિશ અમૃત પીએ. વળી

દેહદમન તે નવ કરે, ન કરે પૃથ્વીફેર
હથીયાર વીન હરખે કરી, મેવાસી કીધા જેર.

નીરબંધ રહે નીત નેહ સાચે, જપે અજપા જાપ
જેણે શબ્દ બ્રહ્મને ઓળખે, તેહનો ગયો સર્વ સંતાપ.
પ્રત્યક્ષ તેહનું પારખું, તેહનો શબ્દ ખાલી નવ પડે.
પંડ બ્રહ્માંડ જાય તુટી, તોય વચન તેનું નવ બંડે.
એહ શબ્દે શુરા જ્ઞાને પુરા, ભરમ કરમથી દૂર
ઉનમુનીમા ખેલ તેહનો, સદા છે ભરપૂર. (૯, ૫-૧૦)

આ સ્થિતિને એઓ હઠયોગની સાધના કહીને પામે છે એમ કહી કવિએ એ સાધનાની વીગત સમજાવે છે. એમ કરતાં કવિ પાંચ મુદ્રા, દશ પવન, બ્દાદશ બ્દાર, નાડીભેદ, ચાટલું વર્ણવે છે. આ બધાં પર કાબૂ મેળવીને સાધકે "પંડની બોજ" કરી લેવી જોઇએ. આમ છતાં કવિ ઉમેરે છે:

ધ્યાન ધારણ જે કહીયે, તહાં નહી અંત ને આદ.
સહેજ ઘર જેહને જડ્યું, તહાં નહી કાંહી ઉપાદ. (૯,૫૧)

દશમાં કડવામાં આ સાધનાની જ વાત આગળ ચલાવતા કવિ કહે છે:

ઓહં સોહંના બીચમાં, રોપીયે રામનું બીજ,
ધુન ઉપજે સુન્યમાં, હોઇ સકલ કારજ સીધ્ધ. :૧૦, ૬:

આ સ્થિતિને પામ્યા પછી ભવની ભાવઠ ભાંગે, જપ કરવો નહિ પડે, લેવાદેવાનું રહે નહિ ને "લાલમેં લય" થાય. અહીં કવિ બે અક્ષરના બીજ "રામ" ના નામનો મહિમા પણ ગાઇ લે છે:

નામ નંગ જેહને આવીયું, તે શું કહે નર દામને,
રવીદાસ કહે રતનામ જાણે, જો સેવો સતગુરૂ શ્યામને. ૧૦, ૧૧:

અગિયારમાં કડવામાં નામમહિમા જ ચાલુ રહે છે. નામ જ સાચું " "નીરભે નાણું" છે. કોઇ જોગસાધના કરે, કોઇ અપાર દાન કરે, તપ કરે, કોઇ નાહી ધોઇ બ્રહ્મકર્મ કરે, આચાર પાળે પણ રામનામ વિના કદિય પાર ન ઉતરી શકાય:

ખટદરશન ખટપટે પણ નામ મહીમાં નવ લહે,
ફોગટ ફેરા તેહને, જે પુર વહેતામાં વહે.
મત આપણા ઝાલીયા, પણ મુળ વસ્તુ નવ મળી,
ભુલ પડી ગઇ ભર્મમાં પણ, બીજ કોઇ નવ સકયા કળી.

રામની આગળ મનને ગાળીને માથું નમાવતાં ન આવડ્યું તેનો જન્મ એળે ગયો.

૧૨ મા કડવામાં નામના પ્રતાપે તરી ગયેલા ભકતોને તથા સંતોને કવિ બિરદાવે છે. સત્સંગનો મહિમા ગાતા કવિ કહે છે:

મોટો મહીમાં સત સંગનો, કોઇ લહે વિરલા દાસ
પારસ સરખો કરે પારસ જો મન આવે વીશ્વાસ.
સંત બોલે ચટપટુ, ચટપટો બેલે બેલ
રીત આવે સંતની, તો ફરી ન રહે મેળ. ૧૨, ૧૧-૧૨:

જો "જ્ઞાનદીપ" લઇને જોશો તો શ્યામ "સનમુખ ઘેર" જ દેખાશે. જે હરિરંગમાં મસ્ત રહે તેની ખુમારી કદી ઉતરે નહીં.

૧૩ મા કડવામાં કવિ ષટમઠ અને પટનો ભેદ ગીતા ભાગવતની સાખે સમજાવે છે. એમાં મુખ્યત્વે તો બ્રહ્મરસની જ વાત છે:

રસ વીના નહી ઠામ ઠાલો, સકળ વસ્તુ છે ખરી
વિશ્વમાં રસ રૂપ જાણો, જેમ પેખે મધુરતા પરવરી
રસનું ઘર જેમ રસે ભર્યું, તેને સાગર માંહી લઇ ધર્યું.
તેમ પંડ બ્રહ્માંડ રસ રૂપનાં, તેને બાહેર ભીંતર રસ ભર્યું.
રસનાં પુતળાં રસે ભર્યાં, તેહનું રમણ રસમાં જાણજો,
આધે અંત રસરૂપ સર્વે, મધ્ય સંસે મત આણજો. (૧૩, ૩-૫):

રસનો મહિમા ગાયા પછી રસની વાણીની વાત કવિ ૧૪ મા કડવામાં કહે છે:

પરામાં અંકુર એહેનો, અબર નહી હુતી ખરો
પશ્યંતીએ પરમાણ કીધું, સુરનાભ સાથ નીસરો.
વિસ્તાર વાધ્યો મધ્યમાં એ, તહાં ઘડી બેસાડ્યો ઘાટ,
વીગત વાધી વેખરી, પછે ગીરા ગુણ બહુ ઠાઠ. (૧૪, ૩-૪):

વેખરી જ આ બ્રહ્મરસની સાચી વાણી છે:

વેખરી વહોણી વેદ ગીતા, કહો કોણે ચોરી : (૧૪-૬)

એ "વેખરી" કેવી છે?

વેખરી વાણી સુન્ય સર્વે, કોણ કહે ખોટી ખરી
વાણી બાર વસ્તુ દીસે જો, જુવે જન પાછો ફરી. (૧૪-૮)

પંદરમાં કડવામાં ત્રિગુણના વિસ્તારરૂપ દેહીની ચાર અવસ્થાનું વર્ણન છે: જાગૃતિ, સુષુપ્તિ, સ્વપ્ન, તુરીય, સોળમાં કડવામાં "મુલગા મરમ" ની વાત આવે છે. એ મર્મ તે આ:

જ્યારે સાચ સુરજ ઊગીયો, ત્રીગુણ તુરીયાતીત,
ચીત્ત સચ્ચીદાનંદમાંહી, નહી પરા પરતીત. (૧૬, ૩)

"નીજબોધ અનુભવ" પ્રકટતાંની સાથે એવો "તમ સમુદાય" જતો રહે છે. આમ "જ્ઞાન રવી" ના પ્રકાશ વિના અંધારૂં ઉલેચી શકાય એમ નથી. જે લોકો એ જ્ઞાન શાસ્ત્રમાં "શોધતા હીંડે" છે તે લોકો "રમે રજની માંહે", એને તો "નીજ બોધ" માં જ શોધવાનું છે. સત્તરમાં કડવામાં આથી કવિ કહે છે: કે:-

આળસ મેલી ઉદ્યમ કીજેજી, આપ સમેટીને આપ માંહી લીજેજી
જનમ કૃતારથ કરીને લીજેજી, અંતર ઉતરી નીજ રસ પીજેજી. (૧૭, ૧)

જે લોકો "બ્રહ્મવારતાની વાટ" સમજ્યા તે તરી ગયા, બાકી જેમનું મન નિ:સંશય નથી થયું તે તો તુંબડા જેવા, ઉપર દાબરાખો તેટલી ૪ વાર ડૂબેલા રહી શકે, દાળ બફેડો કે વળી સપાટી પર! રસરામમાં રસરૂપ થઇ જાય તે બરા ગરકાવ થયા કહેવાય.

રવિદાસને ય શાસ્ત્રનો ઝાઝો બોધ લાગતો નથી. જે લોકોએ "અનભેપદ" ને અનુભવ્યું તેવાને તો "વણ સંવાદે સંવાદ" જ છે, એ લોકો તો રસમાં રસબસ થઇ ગયા છે, એમને નિંદા ને વાદનો શો બોધ? માટે જ અઢારમાં કડવામાં રવિદાસ કહે છે:

આવરણનું અંતર જહાં નહિ, પરબ્રહ્મ પાધરૂ ધામ,
શાસ્ત્રનું શું કામ જ્યારે, સઘળે સરખો રામ. (૧૮, ૨)

અંતરપટ ખસી જતાં "નિજ પોત દીસે પાધરૂં." એ સ્થિતિને પામ્યા પછી સાધન બૈધાં શમી જાય છે, બ્રહ્મમય જ્યોત પ્રકટે છે, બ્રહ્માંડ બ્રહ્મભાવમાં ઝબોળાઇ જાય છે, અને આથી,

જ્યારે દૃષ્ટા દૃષ્ટીથી વેગળો, ત્યારે કોના ગાયે ગીત?
વ્યોમમાં કોણ વાટ બાંધે, કહો કહાંની રીત? (૧૮, ૬)

સમરસ થવાની અવસ્થાને, આ પરંપરાના જાણીતા દૃષ્ટાંત દ્વારા સમજાવતાં, રવિદાસ કહે છે:

એમ ગેબ થયા નર ગગનમાંહી, જેમ ધૂપે સમરસ તૂપ
રવીદાસ કહે રસ રામ માંહી, બોલે થઇ રસરૂપ. (૧૮, ૮)

૧૯ માં કડવામાં વળી એકવાર "અનંત અનાદી પુરણ બ્રહ્મ રાયજી" નું કવિ "નેતિનેતિ" ની ભાષા માં વર્ણન કરી લે છે ને આખરે કહે છે:

નીરગુણ દરીયા ભરી રહયાં, પાર પાર નહી કોય,
રવીદાસ બ્રહ્મસમુદ્રમાં પેઠત બ્રહ્મમય હોય. (૧૯, ૭)

૨૦ મા કડવામાં કવિ અર્થ અને શબ્દને તાંદુળ અને ફોફાં સાથે સરખાવતાં કહે છે:

તાંદુલ તુસ કોઇ ભીન્ન કરે, જે ઝટકે ચટકત નાહી,
ફોફાં ફોગટ ઉડ ગયે, રહે તાંદુલ નીજ ધરમાંહી.
એમ શબ્દ અર્થ કોઇ ભીન કરે, તેણે લહે લક્ષ અવીનાશ,
શબ્દ શામ ભુતલ રહી, અર્થ લક્ષ આકાશ. (૨૦, ૪-૫)

માટે કવિને મતે

અર્થ દેસના અનુભવી, તે સાચે શબ્દ રસાળ,
એક અર્થ રસને અનુભવે, બીજા શબ્દ સંચે બોંબે. (૨૦, ૬)

"રસનાં બીબાં" તો રસથીજ ભરેલાંછે, જે "બાવા" શબ્દનો જ સંચમ કર્યા કરે છે તે "તુસવાદી" છે, તેના હાથમાં તાંદુલ નહિ આવે.

૨૧ માં કડવામાં બ્રાલી સ્થિતિના અનુભવનું વર્ણન કવિ આપે છે, એમાં "પ્રત્યાવર્તન" ની" ઊલટી સાધના" ની ગેંધાણી મળી રહે છે ખરી:

કરણધાર ગુરૂસંચ મેલેજી, દીલ દરીઆમાં ઊલટા ખેલેજી,
પુરવકો નીર પછમ ધેર લાવેજી, ભીંતર દેખો તો પાર ન પાવેજી
(૨૧, ૩-૪)

બ્રહ્માનંદનું વર્ણન કવિ ઉમંગઉછળતી વાણીમાં આમ આપે છે:

સરોતા સુરત સોંધુમાં સમાણીજી, જહાં દેખે તહાં પુરન પાણીજી,
અલક ન દીસે આલક દરીઆજી, ધરની જલ વીન અંબર ભરિયાજી,
ખુલ ગયા પડદા ઉઘડ્યા તાળાજી, પ્રગટી જોત ભયા ઉજ્યારાજી.
પરબ્રહ્મ સકલમાંહી ભરપુરાજી, નીરાકારમાંહી બાજે તુરાજી.
તત્વ નીરંતર રૂપ ન રેખાજી, આદ અંત કોઇ પાર નપેખાજી.

(૨૧, ૪-૬)

નિર્ગુણ અને સગુણ વચ્ચે રવિદાસને કશો ભેદ નથી. આમરે તો રૂપ અને નામનો પ્રલય થાય છે, ને "આપ" મરે તેથી કોઇ રોતું નથી, એ અદ્વૈત રસ જ તેજના અંબાર જેવો છે. એ સ્થિતિને પામીને ઘટ, મઠ અને પટની પાર પહોંચી જવાય છે. અંતે ફલશ્રુતિમાં કવિ કહે છે કે આ અનુભવ જે કોઇ અંતરમાં આણશે તે નીરંતર નીરાધારમાંહી નીરભય થઇને માણશે." આમ "ભાણગીતા" અથવા "બ્રહ્મપ્રકાશ" નો ગ્રંથ પૂરો થયો. આ ગ્રંથમાં અન્ય જ્ઞાનમાર્ગી કવિઓની જેમ કવિ અનુભવમાં પરિણમતા જ્ઞાનને મહત્ત્વ આપે છે, એથી બ્રહ્મમાં રસબસ થઇને, અભિન્ન બનીને રહેવાની સ્થિતિ તે જ એને મન પરમ પ્રાપ્તવ્ય છે. "શાસ્ત્રની જટાજાળ એને પણ પસંદ નથી. બાહ્યાચાર જપતપ તીરથજાત્રા એને પણ જરૂરી લાગતાં નથી. હઠયોગની સાધનાનો પ્રભાવ આ કવિમાં દેખાય છે. રામનામ એ જ પરમ બીજ છે એમ એ કહે છે. આમ જ્ઞાનમાર્ગી ધારાનાં બધાંજ લક્ષણો આ કૃતિ પ્રકટ કરે છે:

આથી વધુ સુવ્યવસ્થિત અને વિષયનું ક્રમબધ્ધ નિરૂપણ કરનારી પ્રૌઢીવાળી રવિસાહેબની રચના તે "મન:સંયમ". એ કૃતિમાં સાત અધ્યાય છે, ને એ દોહા તથા ચોપાઇમાં રચાઇ છે, શિષ્ય એક સાથે સાત સાત પ્રશ્નો પૂછે છે – આમ આ કૃતિમાં સાતની સંખ્યાનું મહત્ત્વ છે. કૃતિનું સ્વરૂપ પ્રશ્નોત્તરોનું છે. પ્રથમ અધ્યાયમાં "ત્રીવર્ધ" નામના દેશનો રાજા, તેની બે રાણી વિદ્યા અને અવિદ્યા, તેના બે પુત્ર, મોટા પુત્રનું નામ વિવેકસેન, બે પ્રધાન ધર્મ અને મોક્ષ – ની વાત છે. આવું આખું રૂપકગ્રન્થનું ચોકઠું છે, પણ એને કવિ લેખે લગાડતા નથી. પ્રધાન બ્રહ્મકલ્લોલ કરવા રાજા પાસે જાય છે ને એક દિવસ કહે છે:

રાજા સંપુર્ણ સર્વ તમે કહ્યું, આધું પીધું ને વાપર્યું;
રાજપાટના ભોગવ્યા ભોગ, સર્વ વિધી સુખ પામ્યા લોક.
એક વચન માઇં ઉરધરો, હવે આતમસાધના કરો
સદા પરમપદ પામો રાય, સકલ કલીમલ દૂર પળાય. (૧, ૨૨-૨૩)

પ્રધાનની સલાહને માનીને રાજા ત્રિવેણીને કાંઠે "સુરત શબ્દની ગંઠ" પાળવા ગયા. ત્રિવેણીમાંસ્નાન કર્યું; અમૃતપાન કર્યું; રાજાનું ચિત નિર્મળ થયું, રાજા "નીરાશી" નિરાસકત થયા, "કર્મભાન" અસ્તાચલે ગયા ને "નેહ કર્મ" નો અર્ક ઊપ્યો. પછી રાજા કદલીદ્રુમને તળિયે બેઠા હતા ત્યાં અરણ્યમાં શંખનાદ સાંભળ્યો. જોયું તો મેરૂ પર્વતના મધ્યભાગમાં ગુફામાં એક મહાતેજ સંન્યાસી બેઠા હતા. એમનું નામ સર્વાનંદ. સર્વાનંદે રાજાનો વનમાં જવાનો હેતુ જાણ્યો ને એમની રાજાના પરકૃપા થઇ. આથી રાજાએ પોતાની જિજ્ઞાસાને સંતોષ વા પ્રશ્ન પૂછ્યા:

અહીં પ્રસ્તાવના પૂરી થયેલ છે ને મુખ્ય વિષયનું પ્રશ્નોતરીરૂપે નિરૂપણ શરૂ થાય છે. રાજાએ પ્રથમ સાત પ્રશ્ન આ પૂછ્યા:

ધર્મ કર્મ કોણ જોગ હે, કોણ સાધન કોણ દેવ
કોણ તીરથ કોણ પરમપદ, કહો સ્વામી મુજભેવ.

એના જવાબમાં સર્વાનંદ કહે છે કે "પરમ ધર્મ તો છે નીજ બોધ" સચરાચરને માટેની અવિરોધી, ચિંતારહિત, અહંકારમમતા રહિત સમયદ્રષ્ટિ તે ધર્મ. ઇન્દ્રિયોને જીતવી, સર્વ સંગનો પરિત્યાગ કરવો ને નિષ્કર્મ કર્મ કરવાં તેજ શ્રેષ્ઠ કર્મ. કોઇની હિંસા ન કરવી, દ્વૈતભાવ ન રાખવો, કોઇનું અહિત ન વાંછવું, સંકલ્પ કે અભ્યાસ રાખવા નહિ, સઘળે એક આત્મા જોવો. ઇશ્વરની ઇચ્છાએ વર્તવું, હર્ષ શોકને સમાન લેખવા, જીવબુધ્ધિને ટાળવી, આત્માની બુધ્ધિ ઝાલવી ને અંતે

આત્મા થઇ અમૃત ચાખવું, મને કરી મન સ્થીર રાખવું. (૧, ૫૭)

આ શ્રેષ્ઠ કર્મ. એ શ્રેષ્ઠ કર્મ આચરવાથી

શુભ અશુભ અંતરથી ટળે, સુરત નદી બ્રહ્મસાગર ભળે
એ કર્મ થકી નાશે ભવરોગ.. (૧, ૬૭)

હવે જોગ અથવા "આતમજોગ" ની વાત. સંક્ષેપમાં કહીએ તો આત્મજોગ એટલે

આત્મા વિશે સર્વ ભુત જાણવા, અનંત ભાવ કરી માણવા. (૧, ૬૯)

આ પ્રકારની "સર્વંગે સમદૃષ્ટી" તે જ આતમજોગ. પરમસાધન કોને કહેવાય? એનો ટૂંકો જવાબ આ મુજબ:

હે રાજા ચીત સ્થીર સ્થીર મન, પુરણ થયું પરમ સાધન (૧, ૮૨)

"સાક્ષીવંત" થઇને બ્રહ્મને ભાળવો, મીન અને પક્ષી જેમ નીર અને વ્યોમમાં સુરતાને રાખે તેવી રીતે ચિતમાં જ ચિતને સ્થિર કરીને રાખવું તે જ પરમ સાધન.

દેવ કોણ?એના જવાબમાં સહજાનંદ કહે છે:

અવેવ રહીત તેજપુંજ સ્વરૂપ,સદા સર્વદા છાંયે ન ધુપ,
ઉદાસી અંતર અભેદ, અનીરવચની કહે છે વેદ.
રાજા સોહં અચળ જે દેવ, તે મેં તુજને ભાખ્યો ભેવ,
એ ઉપરાંત બીજો નહીં રામ, દેવ તે જે નિહચળ ઠામ. (૧, ૯૧-૯૨)

હવે તીર્થની વાત. સૂક્ષ્મ સ્વરૂપ બ્રહ્મદૃષ્ટિએ જોવું તે જ તીર્થ:

પ્રકૃતિપુરૂષ સુરજચંદ્ર જયમ, તેહનો પ્રકાશીત અતી સૂક્ષ્મ,
ચંદ્રસુરજને મધ્યે વરતે, દરશન કરી અભ્યાસ કરતે. (૧, ૯૫)

પરમપદ કયું? "પરમપદ તે મહા શુન્ય સ્થુલ સુક્ષમ રહીત પાપપુણ્ય" (૧, ૧૦૧)

આમ આ સાત પ્રશ્નોના ઉત્તર સાથે પહેલો અધ્યાય પૂરો થયો.

બીજા અધ્યાયના સાત પ્રશ્નો આ મુજબ છે:

કોણ જીવન માયા કોણ, બ્રહ્મા કોણ ગુરૂ દેવ:
મુકતકોણ કોણ બંધ છે, કોણ લહે કહો ભેવ.

આના જવાબમાં સહજાનંદ કહે છે કે જેને સદૈવ દેહાભિમાન રહેતું હોય, ચિતમાં અનેક પ્રકારના ભાવ રહેતા હોય, મમતા ઘણી હોય, હૃદયમાં આત્મજ્ઞાન નહિ હોય તે જીવન પણ વાસ્તવમાં

વસ્તુગતે નથી કોઇ જીવન, કેવળ ઇશ્વર ચીદાનંદ શીવ
જીવદશા તે મધ્યનો ભાગ, આદી અંત રામ અનુરાગ. (૨, ૧૫)

માયાનું સ્વરૂપ કેવું હોય ? માયા કલ્પિત છે, પરતંત્ર છે, ઇશ્વરની ઇચ્છાએ એ ઊપજે છે, એ સકળ ગુણનું સ્થાનક કહેવાય, એ આત્મજ્ઞાન હરી લે. એ માયામાંથી શી રીતે છૂટવું?

આત્મજ્ઞાન પ્રકાશે જ્યારે, બ્રહ્મને વિષે મોહ પામે ત્યારે
બ્રહ્મમે મોહ નહીં જ્યાં લગી, ત્યાં સુધી છુટે નહી દુગદુગી. (૨, ૩૫)

હવે બ્રહ્મસ્વરૂપની વાત:

સુણ અનહદ શબ્દ જે, મનવાણીથી રહીત, જકત સર્વે પુરી રહ્યો,
શબ્દ બ્રહ્મ અદ્વૈત.

એ સદા નિષ્કર્મને આનંદ સ્વરૂપ છે. એ વાણીથી પર હોઇ એનું વર્ણન શી રીતે થાય?

સમજો હોયે તે સમજે સહી, પણ વકતુત્વ કાંઇ થાયે નહીં (૨, ૫૧)

એ બ્રહ્મનું, પરાત્પરનું, પરમધામ કેવું હોય?

પણ કહેવા જોગ નહી એ વસ્ત, અસેસ જહાં ઉદે નહી અસ્ત
અસેસ સુજે મહાશુન્ય, સ્થુલ સુક્ષમથી રહીત ઉનમુન્ય. (૨, ૬૪)

જેના મનથી "આવ અયાવ" મટી ગયો હોય, જે "ઉન્મુના હોય, જેને એક માત્ર "આત્માભાવ" થયો હોય તેવો પરમહંસ જ આ પદને પામી શકે. જીવનમુક્ત કોને કહેવાય?

કર્મકાંડથી રહીત જે, ભાવાભાવવર્જીત
હરી દેખે સર્વ ભુતમેં, જીવનમુકત અતીત.

એ સ્વર્ગસુખ અર્થે દેહ દમતો નથી એને "વસ્તુદ્રિષ્ટ" ઊઘડી હોવાથી એ કર્મ કરતો છતાં એને કર્મ અડે નહીં. એને કશા સંકલ્પ વિકલ્પ હોય નહિ. બંધન કોને કહેવાય? ષડ્ વિકાર જેને નષ્ટપ્રાય રહ્યા હોય તેને બંધાયેલો જાણવો. એની વધુ સ્પષ્ટતા કરતાં કહે છે:

અજ્ઞાનરૂપી ગ્રાહે ગ્રસ્યો, અજ્ઞાનમાંહી આવી રસપસ્યો
એટલા સુંપ્રીત કરે નર બંધ, તેહને કહે સંત નીત બંધ. (૨, ૯૨)

આ પરમપદને કોણ પામે?

હરખ શોક જેહને સમાન, સ્તુતી નીંદા વર્જીત અભીમાન

સઘળે કેવળ બ્રહ્મ જાણવુ, એ અનુભવ ચીતમાં આણવો. (૨, ૧૦૨)

આમ બીજો અધ્યાય પૂરો થયો.

ત્રીજા અધ્યાયમાં રાજા પ્રશ્ન પૂછે છે:

કોણ દેવ કોણ વિધા છે, કોણ હોમ કોણ જાપ

કોણ આસન કોણ ધામ છે, કોણ તત્વ કહો આપ.

નિરામય, "અલખ", ચિદ્રૂપ, અખંડ અચલ પરમાત્મા તે દેવ, વિધા એટલે બ્રહ્મ વિધા. બ્રહ્મ વિધા શું તે વિશે કવિ સંક્ષેપમાં કરે છે:

સ્વરૂપ કેરૂ દર્શન કરવું, મન જીતીને જીવત મરવું. (૩, ૧૩)

એમાંથી જ પ્રશ્ન થયો : પ્રણવ કોણ?

પ્રણવ તે જે કહીએ સુન, જ્યાં થકી ઉઠે છે ધુન. (૩, ૧૭)

જે સર્વ દુ:ખનો નાશ કરે તે બ્રહ્મ વિધા, બ્રહ્મ વિધા આપણને બ્રહ્મસમાન કહે. "આતમયોગી" એ બ્રહ્મ વિધાને પામે. એનો ઉદય થતાં પરમ બ્રહ્મનું સ્વરૂપ જણાય. બ્રહ્મ વિધાનો કદી નાશ થતો નથી. જે જોગીઓએ વિધા જાણી તે "સુખે પામ્યા બ્રહ્મસ્વરૂપ". હોમ એટલે નિર્ધૂમ બ્રહ્માગ્નિમાં જીવભાવને હોમવો. આ નિર્ધૂમ અગ્નિ કેવો હોય? એના જવાબમાં કવિ કહે છે કે દેહમાં તો કામ અને ક્રોધનો ધૂમાડો રહ્યોજ હોય છે, પણ બ્રહ્મજ્ઞાનના અગ્નિમાં કશો ધૂમાડો હોતો નથી. આ હોમ કોણ કહે?

બ્રહ્મવિદ જે બ્રાહ્મણ હોયે, તે નીત હોમ કરે છે સોયે

વાસના બ્રહ્મઅગ્ન દહે જ્યારે, એવા સંત તેહને ત્યારે. (૩, ૬૦)

અખંડ જાપ તે "આતમજપન". એના જેવું બીજું એકકે (ય) તપ નથી. આત્મા તે શું? "આતમ તુરીયા હંસ સ્વરૂપ". સ્થિર આસન કોને કહેવાય? લાભાલાભ, સુખદુ:ખથી રહિત, દ્વૈતભાવ વિનાનું બ્રહ્મમાં ચિત્તને સ્થિર કરનારું આસન તે સ્થિર આસન. ચિત્તની સ્થિરતાના પર જ એનો આધાર છે:

ચીત અપલ તો વનમાં લોક, ચીતથી થીર તો ઘરમાં વનલોક

ચીત થીર તો વન એ જ સમાધ્ય, ચીત અસ્થીર તો જાણ ઉપાધ્ય. (૩, ૭૫)

બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ કયારે થાય?

એકાંતે રહી આસન કરે, ઉનમુની મનવે હેરાન
ષ ટચક્ર વેધી ચઢે, સો પરમપદ ધ્યાન.

અભ્યંતર અને બાહ્યના સંગ તજવા, ઇન્દ્રિયોને જીતવી, અલિંગ થઇને રહેવું, ષ ટવિકાર તજવા, ત્યારે બ્રહ્મજ્ઞાન થાય, ને જો એ જ્ઞાનથી મન સ્થિર થાય તો ઉત્તમ ધ્યાન ઉપજે અને પછી

જો ષટચક્ર આલીંગ જાયે, સાતમી ભોમીકા માહે ઠેરાયે.
ત્યાં સામાયણ છે મનતણી બ્રહ્મરંધ્ર મહા તેજોમણિ. (૩, ૮૫)

આ ઉત્તમ ધ્યાને જ સહજ સમાધિ થાય ને "સહેજાનંદ સહજ સમાય". હવે "તત્વ" નો ભેદ જાણવાનો રહ્યો. એ તત્વ "અભેદ અછેદ" છે:

સકળ તત્ત્વનું સાર અદ્વૈત, પરમ તત્વ જે વ્યોમાતીત. (૩, ૧૦૩)

એ તત્ત્વ સ્થાવરમાં ને જંગમમાં, બહાર ને ભીતર એક સરખું વ્યાપેલું છે, "અણુ માત્ર ઠાલો નહિ ઠામ." એ મહાશૂન્ય છે, છતાં આપણે એવાં એમાં જ કલ્લોલ કરી રહ્યાં છીએ:

મહાસુન જે તે કહેવાય, જીવ ઇશ્વર બહુ સભાય
સર્વ સમુલો આપો આપ, ને બ્રહ્માનંદ સ્વરૂપ સમાપ.
આ દીસે છે આ પરકાશ, હું તું સર્વ લોકમાં વાસ.
કરીયે છૈયે આપણ કલોલ, બ્રહ્મમાંહી સૌ ઝાકમઝોલ. (૩, ૧૧૨-૧૧૩)

આમ ત્રીજો અધ્યાય પૂરો થયો. ચોથા અધ્યાયના પ્રશ્નો આ મુજબ:

વૈરાગ ભકતી જ્ઞાનધને કોણ કલ્યાણ સમાધ
ગ્રહણ ત્યાગ વળી સમ કહો, મીટે સકળ ઉપાધ.

આપ્રશ્નના જવાબમાં સર્વાનંદ કહે છે કે જે વાદવિવાદમાં પડતો નથી, જે સંતોષી છે. સ્થિર છે, ઉન્મની દશામાં નિર્દંભ થઇને રહે છે તે વૈરાગી. એનું વર્ણન કવિ આમ આપે છે:

સર્વ સુન જાણી વસ્તુ લહે, એક આતમ ધ્યાને રહે
સર્વ સુન સાંભળ્યું સંચ, દીસે છે તે મીથ્યા પ્રપંચ. (૪, ૬)

એ બધા પ્રત્યે "ગલીતભાવ" રાખે, અનાથ થઇને રહે, આહાર વસ્ત્રાલંકાર્થે ફરે નહિ, ધનને કાજે ધાવન કરે નહીં, ઇશ્વરની ઇચ્છા વરતીને રહે, તાત્પર્ય માત્રને ગ્રહે, એ નિરાશી ને ગુણ વર્જિત હોય. ભક્તિ એટલે મનને કૃષ્ણાકાર કરવું,

સ્થાવરજંગમાં કૃષ્ણને જોવા, મનમાં અન્યભાવ ઉપજવા દેવો નહિ, નિંદાસ્તુતિ સર્વે સહેવું એનું નામ પ્રેમલક્ષણા ભક્તિ, એ ભક્તિ પ્રકટ શી રીતે થાય?

સુણવું પરમેશ્વરનું ચરીત્ર, પરમેશ્વરને કરવા મીત્ર
સ્મરણ તે હરીના નામનું, તનમનધન કરવું રામનું. (૪, ૨૩)

આ રીતે નવધા ભક્તિ કવિ ગણાવે છે, પંચોપચાર ને ષોડશોપચારની વાત પણ કરે છે, ગુરુને પણ સગુણ બ્રહ્મ જાણીને અનુસરવાનો આદેશ દે છે, ત્યાર પછીજ

નીરા વેવ ચીત વેચે તાહરે નીરગુણ બ્રહ્મ દૃષ્ટીએ ભાસે જાહરે.
(૪, ૩૦)

બ્રહ્મને વિશેથી નાદ પ્રગટે ત્યારે સઘળો વાદવિવાદ મીટે, જોગ ઝગમગે, અમૃત ઝરે, ને જે અમૃતનું પાન કરે તે ફરી નહિ અવતરે, એ સિવાયની, જાગજગન વગેરે કર્મવાળી, ભક્તિ તે સાચી ભક્તિ નહિ. હવે જ્ઞાન કોને કહેવાય તે જોઇએ :

રાજા જ્ઞાન તે તેહનું નામ, જેણે જાણ્યા આતમરામ
જ્ઞાન થકી તે જ્ઞેય જણાય, જ્ઞે ઢેબે મન કયાંઇ ન ધાય. (૪, ૫૨)

પણ આ જ્ઞાન અનુભવમૂલક હોવું જોઇએ:

તે શું જે આતમ જાણવો, અનુભવ લઇ અક્ષે માણવો
આત્મજ્ઞાનનો હોય પ્રકાશ, ભાવાભાવ જો ટળે આશ. (૪, ૫૩)

એનાથી બધા "આવઆવ" મટી જાય, શુભાશુભ હર્ષ શોક જ્ઞાનના ઉદયથી ફોક થઇ જાય, દેહાભિમાનનો નાશ થાય, અહંમમત્વનો નાશ થાય, ષડૂર્મિ ટળી જાય ને ત્યારે "તે પ્રકાશે પ્રગટે બ્રહ્મભાસ". આવો બ્રહ્મને જાણનારો બ્રહ્મજ્ઞાનમાં જ એકતાર થઇને રહે.

કલ્યાણ કોને કહેવાય? અખંડ આત્મ સ્મરણ અને નિષ્કર્મથી કલ્યાણ થાય. એ કલ્યાણ પ્રાપ્ત કરવા માટે સર્વત્ર કૈવલ્ય બ્રહ્મને જાણવું, તો જ

બ્રહ્મભાવ ઉપજે મન ચંગ, પુરણ બ્રહ્મ ભાસે સરવંગ
સર્વે જથારથ બ્રહ્મપ્રકાશ, વિષ્ણુ સ્વરૂપ જાણે સર્વવાસ. (૪, ૧૭)

જે મનને વિષ્ણુમય કરે તે જ સાચો વૈષ્ણવ, માટે

અહંભાવ રૂદે ન આણવો, વિષ્ણુભાવ સર્વે જાણવો. (૪, ૮૨)

આમ થતાં "આપમાં વ્યાપ" સમાઇ જાય, એ જ નિર્વાણ, એ જ કલ્યાણ.

પરમ સમાધિ કેવી હોય?

પરમ ઉનમ સમાધી રાય, ધ્યાન ધ્યે વર્જીત કહેવાય,
મન સુન ધ્યાન વિષે ગત સુન, લીન થાયે જે રહે ઉનમુન. :૪, ૮૬:

અહંકારનો નાશ થતાં, સહેજે સ્વરૂપનો પ્રકાશ થાય, મહાશૂન્ય સ્વધામ દેખાય અને તેની પ્રાપ્તિ થાય. આ મહાશૂન્યને સહેજે પ્રાપ્ત કરાવે તે જ સાચી સમાધિ. તુરીયાવસ્થામાં રહીને પરમતત્ત્વને લહેવું, શબ્દ બ્રહ્મને ગ્રહવું તે જ સાચું ગ્રહણ. રાગ દ્વેષ, અહંતા, ગર્વ, મોહ, કલ્પના, કામ, અનાત્મબુધ્ધિ, ક્રોધ અને આસક્તિ - આટલાનો ત્યાગ તે સાચો ત્યાગ.

જેમાં સઘળી સત્તા શમે તે "શમ".

પાંચમા અધ્યાયમાં રાજા પૂછે છે:

કોણ ઉત્પતી સર્વ ભુતની, કોણ સ્થાન કે વીલાય
કોણ કરતા ભુકત કવણ, સાક્ષી કોણ કહેવાય?

આના જવાબમાં સર્વાનંદ કહે છે કે સર્વ ભૂતનો ઉદય બ્રહ્મમાંથી થાય છે ને બ્રહ્મમાં જ એમો લય થાય છે, એટલે કર્તા અને ભોકતા બ્રહ્મ જ છે, અને એ "આપ સ્વભાવે સોભાય". આ વાત આ પરંપરાના ભૂમિભાંડ કનક આભૂષણ, અગ્નિદીપક વગેરે પ્રચલિત દષ્ટાંતોથી કવિ સમજાવે છે. શિવસ્વરૂપે એ જ બધાના સાક્ષી પણ છે:

સાક્ષી પોતે જે જોનાર, પોતે ઘટોઘટ રમણહાર;
એ તે સાક્ષી રૂપ મેં કહ્યો, જોગેશ્વર ધીરલે તે લહ્યો. :૫, ૨૨:

હવે રાજાને "આતમતત્ત્વ" નો મર્મ જાણવો છે. સર્વાનંદ કહે છે કે

પંચભૂત, પંચ તન્માત્રા, મન અંત:કરણ, ચિત્ત, પંચપ્રાણ, દસ વાયુ, જગત, જીવ, પાતાલાદિ અધોલોક, સ્વર્ગાદિ ઉર્ધ્વલોક, મહતત્વ, અહંકાર, સ્વભાવ, ત્રણગુણ, ત્રણવેદ, પિંડ બ્રહ્માંડ - ટૂંકમાં

દષ્ટ સર્વ યત કીંચીત, તેહ આતમ નહી અદ્વૈત
મન કલ્પીયે તે બ્રહ્મ ન હોય, વચને કહે આતમ નહી સોય.
:૫, ૩૮:

તો પછી આત્મા કોણ? આત્મા અરૂપ, ત્રિગુણાતીત, અવસ્થા રહિત, કર્મનો સાક્ષી, શુધ્ધ ચૈતન્ય, અનિર્વચનીયે ને સર્વનો ધર્તા છે, એ નથી ઉપજતો કે નથી વણસતો:

ઉપજે વણસે નહી આત મા એ, પણ સતગુરૂથી પ્રીછાયે
સંભળ્યા પછી કહેવાયે નહી, આત્મારામ રાજા તું સહી. (૫,૪૫)

માટે "આપણપા" ને ઓળખી લેા, કારણ કે આ વિષયમાં તો પોતે પોતાની જાણે ગતી, એ સ્થિતિને પામનાર "સ્વરૂપ દેખી થાયે મગન. એ સ્થિતિનું વર્ણન કવિ આમ આપે છે:

શબ્દ જે સુન ત્યાં નહી કહેવાય, મન વચને આલંબ ન થાય,
સર્વ થકી અગોચર શેષ, નહી જયહાં કર્મ કાળને દેશ.
તેહ ઉપમ પરમ પ્રકાશ, જયાં લહે પામે પ્રવાસોપ્રવાસ
તે તું ટળીને જોને રાય, સંકલ્પ વીકલ્પ ઉદે ન થાય. (૫, ૮૬-૮૭)

તદ્રુપ થઇને એ સ્થિતિમાં સમાઇ જવું એનું નામ જ "જીવત મર્ણ", એ સ્થિતિને જે પામે તે જીવન મુકત, આ જીવન મુકતના લક્ષણ કવિએ આ અધ્યાયની ૧૦૧ થી ૧૦૬ સુધીની પંક્તિમાં, આ પરંપરાની પ્રણાલીને અનુસરીને, આપ્યાં છે. બ્રાલી સ્થિતિ વિશેની શાસ્ત્રોની કલ્પના આપણને કામમાં ન આવે, કારણ કે આ તો નિજપ્રતીતિનો વિષય છે. ચન્દન જોઇને કવિઓ અનેક પ્રકારની કલ્પના કરે પણ તેથી ચન્દનનો પ્રત્યક્ષ ન થાય તેમ અપરોક્ષાનુભૂતિ વિના આપણો અર્થ ન સરે.

છઠ્ઠા અધ્યાયમાં રાજાની ચાર અવસ્થા વિશેની પૃચ્છાનો સર્વાનંદ જવાબ આપે છે. નિદ્રા સ્વપ્નમાંથી ઉપજી સ્વપ્નમાં લય પામે, સ્વપ્ન જાગૃતિમાંથી ઉપજી જાગૃતિમાં વિલાઇ જાય, ને તુરીયાવસ્થાનું વર્ણન કરતા કવિ કહે છે:

તુર્યઅનહદ શબ્દ જે, નીરંજન જ્યોતિ પ્રકાશ,
પરમ ધામ નીરાલંબ જે, ધુનનો તહાં સમાસ. (૬. ૬૮)

એ સ્થિતની સ્થિરતાથી ગુરુગમે અનુભવથી પ્રગટે. એમાં જે ચાલી જાય તે એમાં જ ઓગળી જાય:

એહમાં ચાલી જાયે તે ગળે, પુનઃ કોઇ પાછો નહી વળે
ઉપજ અપત થકી તે ગળ્યા, તદાકાર વસ્તુમાં ભળ્યા.

એનું જ બીજી રીતે કવિ આમ વર્ણન આપે છે:

તુરીયા અનહદ શબ્દ કહેવાય, ત્યાં થકી ઉપજે ત્યાં સમાય,
તે ધામ અનંતાનંદ સ્વરૂપ, તહાં નહીં છાંયો ને તહીં ધૂપ. ૬

સાતમાં અધ્યાયમાં રાજા ત્યાગબુધ્ધિ વિશે પ્રશ્ન પૂછે છે. એ બાબતમાં રાજાને એક શંકા છે. શુકદેવ પોતે પરબ્રહ્મ થયા હતા. એમને કાળ કે ક્લેશ વ્યાપતા ન હતા. એમણે પરીક્ષિતને ભાગવત સંભળાવ્યું ને પરીક્ષિત રાજા મુક્તિ પામ્યા, પણ

જ્યાં લગી મુકતી ત્યાં લગી બંધ, નીજપદ તો કેવલ નિરવ્દંધ્વદ્વ.
મુકિત તો માગે નહી સંત, એમ મોટા કહે છે મહંત. (૭,૫-૬)

તો પછી ચાર મુકિતની વાત શા માટે? ને ચાર મુકિતની વાત ખોટી હોય તો ભાગવત્નો મહિમા શો રહયો? સર્વાનંદ કહે છે કે ભાગવતની કથામાં કૃષ્ણનું ચરિત્ર સાંભળતાં પરીક્ષિતને પણ શરમ આવેલી ને એમણે પણ પૂછેલું:

કૃષ્ણ દેવ અમારાઇષ્ટ, જેણે સકળ ઉપજાવી સૃષ્ટ
તે પરનારી વસ કેમ થાય, નીરગુણ થઇ ગુણમાંહી કેમ વાય?

આના જવાબમાં શુકદેવે કહેલું:

આપણ આપણી ઇચ્છાને કાજ, વૃજમાંહી લીલા કરી વૃજરાજ
એ પુરૂષ નહી નહી નપુંસક નાર, ગુણનીરગુણ નવલાલે પાર.
પુરણ બ્રહ્મ એ પુર્ણાનંદ, જ્યાં ન પહોંચે ચર્ક ન ચંદ.

આ સાંભળીને રાજાને પણ સંતોષ થયો.

આ સમજાવવાને વચમાં એક અવાંતર પ્રસંગ કવિએ ઉમેરી દીધો છે. એકવાર "મહા પ્રલે" થયો ત્યારે "ત્રીગુણાત્મીક સદા શીવ ચાર" ક્ષીર સમુદ્રમાં શ્વેતવ્દીપ પર જઇ પહોંચ્યા અને ત્યાં રહેલા નારાયણની સ્તુતિ કરી ને પૂછ્યું:

કેનું ભજન કરો છો તમો, દયાજન કેનુ ધ્યાન ધરીએ અમો"

એમને પણ આની ખબર નહોતી, માટે એ પણ એ ચાર સાથે ભળીને મહાવિષ્ણુ પાસે ગયા, ને એમને ય આ જ પ્રશ્ન પૂછ્યો. એમને ય એ વિશે કશી ખબર નહોતી એટલે લેવા ભેગા મળીને પહોંચ્યા વૈકુંઠનાથ પાસે, એમને ય એની ખબર નહોતી એટલે લેવા ગયા ગોકુળનાથ પાસે.

મહા આકાશકે સાતે સંગ, ચાલ્યા જાયે જેમ વીરંગ
ત્યારે આગળ આવી સુન, આવી અસુન વળી મહાસુન
પરમ સુન વ્યાપક સુન ત્યાર, ગયા ઓળંગી પેલે પાર
આગળ ઇંઢકા શકતી ઘણી, ચોકો આવ્યા તેજો મણી.

આ "ઇંઢકા શક્તિ" એ એમને અટકાવ્યા, એટલે વૈકુંઠનાથે સુમંગળાનું ધ્યાન ધર્યું. સુમંગળાના કહેવાથી ઇંઢકાએ એમનેઆગળ જવા દીધા. પછી મહાશિવ જ્યોતિલિંગની ચોકી આવી, તે પણ સુમંગળાની મદદથી વટાવી, પછી બ્રહ્મલિંગની ચોકી આવી, તેમણ સુલંગળાની કૃપાથી વટાવી, "સુષુમણ શકતી" ની ચોકી પણ એ રીતે વટાવી. આમ કરતાં એ સૌગોલોકમાં આવ્યા. એ ગોલોકનું કવિ વીગતે વર્ણન આપે છે. સુમંગળાની મદદથી સાતે દેવતા ગોલોકમાં ગયા, ત્યાંથી મહા વૈકુંઠ લોકમાં, ને ત્યાંથી મહાવિષ્ણુના સ્થાનકમાં વિરજા નદીને કાંઠે પહોંચી ત્યેને શી રીતે ઓળંગવી તે વિચારવા લાગ્યા, ને શી વીધે મદદ કરો એટલે લક્ષ્ય સ્થાને પહોંચ્યા. એ સ્થાનક કેવું હતું?

તહાં સખી સખા પંખી સહુ, સ્થાવર મહોલ માળીયા બહુ
મંદીર કુંજવન ઉપવન, મંડળ રાસ મંડળ મણી રતન,
મહા કલ્પતરૂ માણેક ગીરો, પોખરાજ માણેક મણી જડી,
કલસ ધજા બદી જમુના ઘાટ, ઉલટી સુલટી શેરી બાટ.
સરોવર બંગલા મંદિર બ્દાર, ચોસઠ બ્દારપાળ પોળ ચાર,
એક પોળેરહે સોળ પોળીયા, ચારે પોળે ચોસઠ થયા.
એક પોળે દરવાજા સોળ, થઇ રહ્યો ત્યાં બ્રહ્મકલ્લોલ
ત્યાં વાજંતી વાગે અનંત, ચીત્રમણા શોભે મહાકંત.
મહોલ મધ સીંહાસન કોડ, શોભે શ્રી રાધાકૃષ્ણ જોડ
સ્વરૂપની શોભા શી અમોલાખોયેરૂ અનંતકામ વારી નાખીયે.

(૭, ૧૦૩-૭)

બ્રહ્મવૈવર્તપુરાણને આધારે વ્યાસે ભાગવત "દોઇ કાઢયું". તેમાં શ્રી કૃષ્ણની ગાયેલી લીલા કવિએ અહીં ગાઇ, ને ~~ભાગવત~~ સગુણનિર્ગુણનો વિવેક આમ કરી બતાવ્યો:

નિરગુણથી તું સગુણ જાણ, સગુણ તે નિરગુણ પ્રમાણ . (૭, ૧૩૫)

વળી ઉમેરે છે:

સગુણ જોયા વિના નીર્ગુણ, ન જડે બાપ માહાવાયક ગુણ
રખે સગુણ જોયા સંશય વળગતો, સગુણ તે નીરગુણ એક હી મતો.
સગુણ જાણે સકળ સંસાર, નીર્ગુણ નેહે ચલ નીરાકાર
સમસ્ત બ્રહ્મા નીરંતર રામ, ન્યાઇ નથી કોઇ નીજ ધામ. (૭, ૧૩૬-૩૮)

આમ આ કૃતિનો અંત આવે છે. સર્વાનંદ એને "આત્મ કે પરમાતમ" વચ્ચેના સંવાદ તરીકે ઓળખાવે છે ને ફલશ્રુતિરૂપે ઉમેરે છે:

મન સંજમ ગ્રંથ નીજ સાર, સુરતા થાયે બ્રહ્માકાર
જગત ભાવ છુટે તતખેવ, બ્રહ્મરૂપ થાયે અહંમેવ.

આમ આ આઠશો ને છવ્વીસ ચોપાઇનો સપ્તાધ્યાયી ગ્રંથ કવિએ સંવત ૧૮૨૮ ના સમાધની શુકલા એકાદશીએ પૂરો કર્યો. એનું મનન કરતાં :

મનની ભ્રાંતી દુર પલાય, અહં બ્રહ્મા આપે સ્વયં થાય
એ ટીકા છે બ્રહ્મપ્રકાશ ભાણ ચરણરજ કહે રવીદાસ. (૭, ૧૫૫)

હવે એનાં પદો પર દૃષ્ટિ નાંખી લઇએ. પદોનું પૂર બાસ્સું મોટું છે. એમાંના કોઇ ને કોઇ રીતે નોંધપાત્ર લેખી શકાય એવાં પદોની જ અહીં ચર્ચા કરી શકાશે.

આ ધારાના સાધકો અને કવિઓ માનવદેહનું, એક મહત્ત્વના સાધન તરીકે અત્યંત ગૌરવ કરે છે. રવિદાસનાં પદોમાં દેહનું આ દૃષ્ટિએ મહત્ત્વ નિરૂપતાં પૃષ્ઠો ઘણાં છે, એ પૈકીનાં નોંધપાત્ર પદોની જ અહીં વાત કરીશું. કવિ દૃઢપણે માને છે કે "શરીર સોધ્યા વિના સાર પ્રગટે નહિ "(રવિભાણ સંપ્રદાયની વાણી પૃ. ૧૦૬). "નિજતત્ત્વ" તો તનમાં જ રહ્યું છે:

તન માંહી નિજ તત્ત્વ હે, દેખો કોઇ પુરા
તાથેઇ તાથેઇ હોઇ રહ્યા, બાજે અનહદ તુરા. (એજન, પૃ. ૬૦)

આ દેહનું બંગલા રૂપે વર્ણન પણ કવિએ આપ્યું છે:

લોહી માટીકા ચણીઆ બંગલા, ખુબ બન્યા, ખુબ બન્યા
તીનસે સાઠ બાકુ ચીરા લગાયા, ચોસઠ બંધ બંધાયા
બહોતેર કોઠા બે માંહી જાળી, ઉપર ચમડા છાયા.
હીરામાણેક જ્યોત અપારા, વરસે અમૃતધારા
મરજીવા નર ચઢે મેદાને, નિરખે નિરંજનહારા.
એ બંગલા પર છત્ર બીરાજે, વહાં ઉનકા રાજા

સુખમના નારી સેજ બીછાવે, બાજે અનહદ બાજા.
માંહીકા માંહી ન્યારેકા ન્યારા, એસા ખેલ રચાયા,
કહે રવિરામ ભાણ પ્રતાપે, અમે અમર ઘર પાયા.

આ દેહ ક્ષણભંગુર નથી, એના વડે જ "અમર ઘર" પામી શકાય છે, ને જો એમ હોય તો પછી કાશીકેદાર જવાની જરૂર નથી, કાયાકષ્ટ કરવાની જરૂર નથી. આ કાયાનું કવિએ ગર્ભદીપ - ગરબારૂપે પણ સુન્દર વર્ણન આપ્યું છે:

કાયા ગરબો રે સદ્‌ગુરૂજી ઘડીયો, ચીરેા લઇ ત્રણસો ને સાઠ જડીયો
બત્રીસ વીસ જ રે બીલી માંહી મારી, નવે પ્રકારે રે ગરબો લીધો ધારી.
છેદ જ પાડ્યો રે મળીને મોટા માઝી, ગગન મધે રે ગરબો રહ્યો ગાજી.
અમર દીપક મેલ્યા છે અજવાળી, સખી સંત સહુ દે છે છદે તાળી.
ગરબો ઘડીઓ, રે તેને લખીએ સઘળે, રવીયા સ્વામીરે ચીન્યા આનંદ સઘળે.

(એજન, પૃ. ૧૪૦)

બ્રહ્મની સાધનાને, કવિ આ જ રીતે, લગ્નની પરિભાષા માં ઉમળકાથી વર્ણવે છે:-

ચીતની ચોરી રે કરીએ, માંડવો મનતણો છાવરીએ,
ગીત જ જ્ઞાનના રે કીજે, દાન તે સદ્‌ગુરૂને દીજે.
પ્રેમપટોળી રે પહેરી, ઉપર લેહેની ઓઢી લેહેરી
ધીરજ અંજને આંજ્યો, અમીઆરૂપી સેંથો સાજ્યો.
ચેતન પેર્યો રે ચુડો, વરીએ જગજીવન વર રૂડો
હાથે વાળો રે જોડ્યો હરિએ, સન્યા સંત જાનૈયા કરીએ.
અમે અમર વર તારો, આ અનુભવમાં નથી ઉધારો
હરિવર નિરખી રે હું ટાળો, રવિદાસ અખંડ બ્રહ્મને ભાળો.

(એજન, પૃ. ૧૩૮)

અમર વરને વરવાના અનુભવમાં "ઉધરો" ન જ હોઇ શકે, પણ તેને માટે પ્રતીક્ષા પણ ઘણી કરવી પડે, માટે જ તો કવિ આંખમાં ધીરજનું અંજન આંજવાનું કહે છે, ને "લેહે" ની ઓઢણી પણ પ્રેમની પટોળી પર કેવી લહેરાઇ રહી છે! આ રૂપ જોઇને જગજીવન વરે નહિ તો શું કરે! આજ પરિભાષા માં બ્રહ્મપ્રાપ્તિની વાત કવિ અન્ય પદોમાં પણ કરે છે, પણ તેમાં હઠયોગની સાધનાની વીગતો આપે છે: (એજન, પૃ. ૧૩૮) કવિ "બ્રહ્મરસમાં ગુલતાન" થઇને રહે છે. "અવિનાશનો

વિવાહ "રમાય છે ને એનાં ચાર મંગલ પણ કવિ ગાય છે. જાનૈયાઓમાં જ્ઞાન વિવેક, ત્યાગ, વિરાગ, વિરહ, શીલ ને સંતોષ શોભે છે, વરની પાસે દયા, ક્ષમા, સુમતિ, શ્રધ્ધા બેઠાં છે; ધ્રાંગડ ધ્રાંગડ વાજાં વાગે છે, ભક્તિનિશાન ગડગડે છે, વરરાજા મંડપે આવ્યા, સુજ્ઞ મણા સાસુએ એમને પોંખ્યા ને ચોરીમાં પધરાવ્યા ને "શબ્દ સુરત" ના છેડા ગાંઠ્યા, આમ પહેલું મંગળ વરત્યું. પછી તો

હાથે વાળો હરજી મેલ્યો, મલ્યું માઈં તાઈં રે
ઘુંઘટમાંહી ઓલો નજરે વરજી હરજી નિરખ્યા રે.
વાલપણું રીતે પ્રીતે, વરને જોઇ હરખ્યા રે.

પાંચે ઇન્દ્રિયો સોહાગણ બનીને ઉમળકાથી ગીતો ગાય છે અને

અનહદ ઘંટા વાજાં વાગે, શબ્દ ઉઠ્યો સાર રે
વરકન્યા મંગળ વરત્યાં શોભા અપરંપાર રે.

આમ બીજું મંગળ પૂરું થયું. આ હરિને જે આવી રીતે વરે તેને જ એ સુલભ, બાકી

નેમી ધરમી તપસી તલબી, ષટદર્શની આલ હારા રે
પ્રેમી જનના પાસે પીયુંજી, મતવાદીથી ન્યારા રે

હવે જેને જે કહેવું હોય તે કહે ને વાદવિવાદ કરવા હોય તો કરે, જેને "પલપલ પીયુંનું દ્રષ્ટી લાગી" તેને એનો શો અર્થ? હવે તો

સુરતી સ્મૃતી બેઉ, સાથ રહી પુરેરે
ગગન નગારાં વાજાં વાગે, ગરજે અનહદ તુર રે,

આમ "પૂર્ણાનંદ સ્વરૂપ ભરથાર" ને વર્યાનું ત્રીજું મંગળ પૂરું થયું.

ચોથું મંગળ તે ચતુર્થા તુરીયાવસ્થાનું:
વરકન્યા તુર્યા લાગી શોભા વર્ણી નવ જાય રે.
સામા સામી કોલ જ ભરીયા, કર્યા રસ કંસાર રે
અમૃત નીરે આચમન કરીયાં, મલ્યો છે એક તાર રે.

(જૈન, પૃ. ૧૨૭ - ૨૮)

હવે રીઝીને રસવસ થઇ ગયાં, હવે તિથિવાર કોણ ગણે? હવે તો કેવળ રસ જ રહ્યો. ગ્રહનક્ષત્ર વર્ગ - બધું જ વિલઇ ગયું ને આમ

આનંદકારી એકતાએ મલીયા, સદા રૂપ અરૂપ રે. (જૈજન, પૃ. ૧૨૯)

રૂપઅરૂપની આ સદા આનંદકારી એકતા એટલે જ સ્વરૂપસ-ધાન, બ્રહ્મસાથેની અભેદાનુભૂતિ. એ જેમ લગ્નોત્સવની પરિભાષા માં કવિ વર્ણવે છે તેમ હોરી, ફાગ અને વસંતોત્સવની પરિભાષા માં પણ વર્ણવે છે. બ્રહ્મ સાથેની અભેદાનુભૂતિ એટલે જ "અખંડ વસંત". આ વસંત સતગુરુની "સેન" થી કોઇ વિરલા જ એલી જાણે. ત્યાં "સુરતી સોહાગણ" નો "રહંકાર પતિ" સાથે રાસ રચાય છે, જ્ઞાનનો ગુલાલ ઊડે છે, "અરથ" નું અબીલ ઊડે છે, પ્રેમની પીચકારી છૂટે છે, ને આમ

વર અવીગત નિશ્ચય અવીનાશી, એલત પીયું સે પ્યારી હો
અનહદ નાદ બેન ધુન ઊઠત, ગગના ગરજત ભારી હો.

આ ફાગની મસ્તી અને ઉન્મત્તતા પણ કવિએ હઠયોગની સાંકેતિક ભાષા માં વર્ણવી છે:

સુરતી સુખમણા મીલો હે તાર, અમૃત વરખે અખંડાધાર
બાહેર ભીતર દેખ્યા બંધ, દશાં દરિયા શબ્દ ચંણ. (જૈજન પૃ. ૧૧૮)

પોતે ઝંખેલા પિયુને પામીને ધન્ય થઇ ગયેલી મુગ્ધા કામિનીની કૃતાર્થતાના ઉદ્‌ગારરૂપે પણ કવિએ આ બ્રહ્માનંદને, આ ધારાના અન્ય કવિઓની જેમ, વર્ણવ્યો છે:

પીયું મારા પીયું મારા પ્રેમે પધાર્યા, મુજપર કીધી મહેર
લાલચ હતી મુને લાલ મલ્યાની, થઇ છે લીલા લહેર.
અખંડ બીરાજો રે હવે જુગદીશ ઇહાં. (જૈજન પૃ. ૪૩)

હવે પિયુને પલકપાત્ર પણ છોડવાની ઇચ્છા નથી. હવે

ત્રીવીધી તાપ સમ્યો આ તનમાં, અમૃત વરસ્યા મેહ
હવે નહી જઇએ રે વ્રેહેને પુર વહ્યા, (જૈજન, પૃ.૪૩)

હવે રવિદાસ "હરિરંગમાં રસબસ્ત" છે, અંતર ભાંગી ગયું છે, હવે આવા-ગમનનો ફેરો ટળી ગયો છે. કૃતાર્થ થયેલી આવી ધન્યા સોહાગણ પોતાની સ્નખી આગળ આ અનુભવને વર્ણવતાં કહે છે:

સખી, ઉચુ જોવું તો આકાશમાં, હું હેઠું તો હરી હેઠા રે
સુઇને જોઉં તો ઝલકે સુનમાં, બેસું તો તખત પર બેઠા રે.

સખી, પરણી પીયાજી પ્રીછવે, કુંવારી કંથમાં શું જાણે રે
કુંવારી રમે ઢીંગલા મોતીએ, એ તો મેરમને શું માણે રે.
સખી, પરણી પ્રીયાજીની પ્રીતડી, મઇયરીએ નવ કહીએ રે
સખી, પોતે જણાવે પ્રીતડી, એના લોચનીયામાં લહીએ રે.
સખી, પીયું મલ્યાના પારખાં, એની કાયા કહી બતલાવે રે
સખી અરસપરસ અંગ હુંઇ રહ્યા, તેને કોણ અલકમાં આલે રે.

(એજન, પૃ. ૩૮)

આમ, બધી મર્યાદાને વટાવીને એને પામ્યા એ વાત કાંઇ છાની થોડી જ રાખી શકાવાની હોતી? એને વાણીમાં ભલે ન કહેવાય, પણ અંગે અંગ એ વાત કહી દેશે, "લોચનિયા" માં સૌ કોઇ એ વાંચી લેશે. છોને સૌ જાણી લેતા, હવે અમને આપો અલકમાં આળનાર કોણ છે? – આવી આ પ્રેમની "બ્રહ્મકુમારી" રવિદાસે ગાઇ છે. આ હરિરસનો પ્યાલો પી લીધો ને એ રસ અણુએ અણુમાં સંચર્યો. એની ઉત્કટતાનું વર્ણન રવિદાસે એના આ પ્રખ્યાત પદમાં કર્યું છે.

પ્યાલો મેં પીધો રે, લીધો લગન કરી
પરિબ્રહ્મ ભાળ્યા રે, અતદ્વૈત સુભર ભરી.
સદગુરૂમુખે શ્રવણ રસ રેડ્યો, ચોંટ્યો હૃદયામાંય
સંધે સંધે એ રસ સંચરિયો, ઉન્મુન રહ્યો ઠેરાય
સુરતા સેજે સુન થઇ રે, ઉતરે નાહી ફરી (એજન, પૃ. ૪૨)

"પ્યાલો" પાણીમાં ગળી ગયો ને રવિદાસ "હતો તેમ રહ્યો ઠરી", "કથનીબકની" છૂટી ગઇ, આપે અદ્વૈત થઇ ગયો.

આ મૂળ તત્ત્વને જેણે ગ્રહ્યું તે સાચા નેં પૂરા "માલમી" (એજન, પૃ. ૫૧) પણ એવા "માલમી" થવું એ જેવા તેવાનું કામ નહિ, એ તો શૂરાનું જ કામ. માટે રવિદાસેં કહે છે:

કરતાનો પંથ કરડો રે, ઝેલ અટપટ ઘાંટી
શીર સાટે સોદા રે, ઓઘટ ઘાટ ઘાડી ઘોટી.
હાંસીખેલ કામ નહી હીમત વીણ, સુરતતણો સંગ્રામ
સુરતનુરતને ધરત ભલા જ્ઞાની, નથી કાયરનું કામ. (એજન, પૃ.૪૬)

આ તો સિંહણનું દૂધ પીવા જેવી કઠણ વાત છે, એ તો પચે તેને જ પચે. આ તો અગમ પંથ છે, દેખાદેખીથી જોગને આરાધવાનો નથી, માટે રવિદાસ કહે છે "પાખંડ ભક્તિસે પ્રભુ નહી રીઝે", રવિદાસ આથી ચેતવણી આપે છે: "સંતો કરડા જ્ઞાન હમારા". રવિદાસ વર્ણાવર્ણના ભેદને, બાહ્યાચારને, વિધિનિષેધને માનતા નથી:

વાદ વિવાદ મત કરો ભાઇ, અંતરથી આપું ટાળો
જ્ઞાન હિમાળે મન ગાળો:

હિન્દુમુસલમાનનો ભેદ પણ શા માટે? કારણ કે

હિંદુ તુરકનું એક છે આશ્રય (એજન, પૃ. ૯૩)

બ્રહ્મની વાત અન્ય કવિઓની જેમ રવિદાસે પણ રૂપક ગ્રંથિ અને અવળવાણીનો ઉપયોગ કરીને કહી છે. એમાં પનિહારીનું તથા રેટિયાનું રૂપક નોંધપાત્ર છે. આબ્રહ્મની સાધના તે શિખરે પાણીને ચઢાવવા જેવી કઠિન છે, પણ મુર્શિદે એ ભેદ બતાવ્યો ને "શુધ જલ પુરા પાયા", ને હવે

પીંડ બ્રહ્માંડતણ પડ છુટ્યા, શીખર ચડ્યા પાણી
રવિદાસ ગેબી ગુલતાના, પિયું પતિવૃતા પટરાણી.
(એજન, પૃ. ૨૭)

માટે જ આ પનિહારી ખુમારીથી કહી શકે છે:

મૈં પનીહારી મહારાજકી, છીલર જલે ન નાહું
પંડ ફોડ પીયા લે પેંહું, નિર્મલ જલ ભરો લાવું.

પંડનું પાતાળ ફોડીને આ પાણીને ગગન મંડળમાં પિયુની ગાદી છે ત્યાં પહોંચાડવાનું કામ આ "મહારાજની પનીહારી" કરે છે. હવે રેંટિયાનું વર્ણન જોઇએ: આ "નીરગુણ ચરખીડો" છે, એનાં અંગોપાંગનું વર્ણન સાંકેતિક ભાષામાં કવિએ આમ કર્યું છે:

આરા પાંચ પચીસે પંખા, નવે દામણે બાંધ્યા
કુલ દેખી કાંતુ ગુરૂગમસે, આઠ પહોર એ ધંધા.
તકેરણીયા ને તારક થાંભલી, મલી સુરાકી જુક્તિ
શીલ સંતોષ જ્ઞાન વેરાગે, વિધવિધ કરી કહીં વીગતી.
ઉલટા સુલટી માલ ફીરત હે, તારક તાર સુરત રાખી
તુહીં તુહી રેંહીછો બોલે, અનભે કોકડી આખી.

ત્રીવેણીના તીર ઉપરે, શબ્દાતીત સુતરીઓ
સુતર સહિત મુજેકુ વહોરી, માલ વખારે ભરીઓ.
અનેક જસમ કોયા વણ સમજે, સદ્‌ગુરૂ બંદન ત્રોડયા.
રવિદાસ પ્રતિવૃતા પિયુ પ્યારી, સ્નેહ સુતરીએ જોડયા. (એજન, પૃ.૨૭)

આમ, હઠયોગની પરિભાષા ને વણી લઈને બ્રહ્મસિધ્ધિના આનંદને રૂપકગ્રન્થની મદદથી, વર્ણવ્યો છે. ચિત "જસમ" થઇ જાય ત્યારે ત્રિવેણીના તીર ઉપરના" શબ્દાતીત સુતરીઓ છે વહોરવા જેવો "માલ" બની શકીએ.

રવિદાસ "અવળવાણીનો આશ્રયપણ, આ ધારાના અન્ય કવિઓની જેમ, લે છે અદ્‌ભુત રૂપકરૂપે કરેલું આ વર્ણન જુઓ:

એક વરખડી ભાળી, નહિ પાન ને ડાળી, વેલો મુળ વિના અધર ભયો.
આકાશેથી આધેરૂં ચાલતાં, ફુલ વિના એક ફળ થયો.
ફલ નામ અમર ટળે તમર, દેખતામેં દીલ ઠરે
સદગુરૂ મળેને સત પાળે, ભવસાગર સેજે તરે (એજન, પૃ. ૬૬)

આ ફળ "અધરના અધર" રહે છે, પણ કબીર શુકદેવ વગેરેએ આ ફળ ચાખ્યાં તેથી જ એમનો "જસ માતમ" વધ્યો.

આમ આપણે રવિદાસની પ્રધાન કૃતિઓમાં પ્રકટ થતાં જ્ઞાનમાર્ગીધારાનાં લક્ષણો જોયાં, એ લક્ષણો પ્રકટ કરવામાં રવિદાસે પ્રકટ કરેલી પોતાની વિશિષ્ટતાને પણ જોઇ. રવિદાસનું સાહિત્ય સવિસ્તર અભ્યાસ બની શકે એવું પ્રચુર ને સમૃધ્ધ છે, છતાં આજ સુધી એની ઉપેક્ષા થઇ એ નવાઇ પમાડે છે. બીજ સંપ્રદાયમાં શાકત અસર રહેલી છે ને તે અહીં દેખાય છે. રવિભાણ પરંપરાના બીજા કવિઓ પૈકી મોરાર સાહેબ, ચરણ સ્વામી, જીવનદાસજી, આનંદરાયજી, ખીમસાહેબ, ગંગસાહેબ, લાલસાહેબ વગેરેની વાણી પણ અભ્યાસપાત્ર છે.

ધીરો:

:સંવત ૧૮૦૬-૧૦ :૧: થી સંવત ૧૮૮૧:

ધીરો સાવલીની પાસેના ગોઠડા ગામનો વતની હતો, એ ન્યાતે ભ્રહ્મભટ્ટ એટલે કે બારોટ હતો.[૧] એનો જન્મ સં.૧૮૭૬-૧૦ ની આસપાસ થયાનું અનુમાન કરવામાં આવે છે, પણ એની મરણતિથિ સં.૧૮૮૧ ના શ્રાવણ સુદ પૂનમ હતી એવો લેખો પુરાવો છે એમ પ્રાચીન કાવ્યમાળા :પુ.૨૩: માં પ્રસિધ્ધ થયેલી એની સ્વરૂપની કાફીઓની "કવિચરિત્ર" નામની પ્રસ્તાવનામાં કહયું છે. એ પ્રસ્તાવનામાં જણાવ્યા મુજબ એનો કુળનો ધર્મ તો વૈષ્ણવી હતો, પણ ધીરાએ રામાનંદી પંથ સ્વીકાર્યો હતો. ગોઠડાથી ત્રણેક ગાઉ દૂરના, ભાદરવા સંસ્થાનના, વાંકાનેર ગામમાં ધીરાને, સત્તર વર્ષ ની વયે, એક સિધ્ધ પુરૂષ નો ભેટો થયો હતો એવો લોકવાયકા છે. આ ઉપરાંત, ગોઠડાના રહેવાસી જીભાઇ નામના ઔદીચ્ય જ્ઞાતિના વિદ્વાન શાસ્ત્રી પાસેથી પણ ધીરાને ઘણું શીખવાનું મળ્યું હતું.

જ્ઞાનમાર્ગી પરમ્પરાની દ્રષ્ટિએ ધીરાની અવલોકનપાત્ર કૃતિઓ આટલી: પ્રશ્નોત્તરમાલિકા, સ્વરૂપની કાફીઓ, "આત્મજ્ઞાન" તથા જ્ઞાનબત્રીશી" નાં પદો તથા "પ્રાચીનકાવ્ય" ત્રિમાસિકના "ત્રીજા વર્ષ ના બીજા અને ચોથા વર્ષ ના ત્રીજા અંકમાં છપાયેલો "પરચુરણ કવિતા."

"પ્રશ્નોત્તરમાલિકા" ની ૨૧૭ કાફીઓ ગુરુ/શિષ્યના સંવાદરૂપે લખાયેલી છે. જે એ રીતે એ જ્ઞાનમાર્ગી પરમ્પરાની ગીતાઓને અનુસરે છે, ફેર એટલો કે નરહરિ, અખો, ગોપાળદાસ, વસ્તો વગેરેની ગીતાઓ કડવાંબધ્ધ છે જ્યારે "પ્રશ્નોત્તરમાલિકા" કાફીમાં રચાયેલી છે. આ કાફી ધીરાની વિશિષ્ટતા છે. આ કાફી રાગ તો શાસ્ત્રીય રાગો પૈકીનો જાણીતો રાગ છે, પણ ધીરાએ તેની એક દેશી બનાવી છે; એમાં આવતી ટેકનો પ્રાસ છેવટ સુધી જાળવી રાખ્યો છે, ને તે ઉપરાંત અવાંતર પ્રાસની રચના પણ કરી છે.

૧: એણે પોતે જ ગુરુ સ્વરૂપની ૧૨ મા કાફીમાં એ વિશે આમ કહ્યું છે:

ભાટ જેવી મારી વૃત્તિ હતી, તે ટાળી કરી બ્રહ્મસમાન.

"પ્રશ્નોત્તર માલિકા" માં એકસો આઠ પ્રશ્ન તથા તેના એકસો આઠ ઉત્તર છે. એકસો આઠની સંખ્યાને વળગી રહેવાના આગ્રહથી ને એક પ્રશ્નને તથા એક ઉત્તરને એક એક કાફીમાં વિસ્તારવાની પદ્ધતિથી અનુચિત વિસ્તાર ઘણો થઇ ગયેલો જણાય છે. એમાં ચર્ચેલા વિષયોને અહીં સંક્ષેપમાં જોઇ જઇએ. શરૂઆતની કાફીમાં જેને આત્મસ્વરૂપનું જ્ઞાન થયું છે, જે શાંતિના પૂરને પામ્યા છે, જે સંકલ્પવિકલ્પ વગરના થયા છે, જે સાચેસાચા મહાશૂર છે ને જે આત્મસુખ પામ્યા છે એવા ગુરુને ભાવે નમન કરીને વિષયારંભ કરે છે. પછી જિજ્ઞાસુ શિષ્ય પહેલો પ્રશ્ન પૂછે છે:

મોક્ષનું સાધન કર્મ હશે કે, જ્ઞાન હશે મહારાજ?
કે જ્ઞાનકર્મ મળી બે હશે? એ સંશય નિવારો રાજ.

ગુરુ એના જવાબમાં કહે છે કે જેમ બે પાંખ વિના પંખી ઊડી શકતું નથી તેમ કર્મ અને જ્ઞાન વિના મોક્ષ મળતો નથી.

જ્ઞાન કર્મવડે મોક્ષોપાસન, નહિ એકે નિરધાર,
કર્મ મૂકી એક જ્ઞાન ગ્રહે તેણે, ઉતરે નહિ ભવપાર.

આમ "એકે શ્રેય નથી નથી", શિષ્યનો બીજો પ્રશ્ન એ છે કે બ્રહ્મનો જાણવાનો અધિકારી કોણ? એનાં જવાબમાં ગુરુ કહે છે કે જે વિવેકાદિ સાધનચતુષ્ઠય સંપન્ન છે તે સાચો અધિકારી કહેવાય. એ પોતે સંસારના બંધનમાં બંધાયો છે તે જાણે છે. ને એમાંથી જ્ઞાનવડે જ મુક્તિ મળે તે પણ એ જાણે છે. નરસિંહ મહેતાના સાચા વૈષ્ણવની જેમ એ પણ "સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી" હોય છે. એમા વર્ણવ્યવસ્થાના ભેદનો કશો અપ નથી, વાડા સંબંધીનું કશું કામ નથી. "તાઇચાં પિંજારાં" પણ જ્ઞાની ગણાયાં છે, ને "અંત્યજ આદિ" પણ પૂજાઇ ગયા છે. શિષ્ય પ્રશ્ન કરે છે: આત્મા નિત્યપ્રાપ્ત હોય તો પછી "પોથાં શેણે કૂટવાં"? તો પછી "શાસ્ત્રાભ્યાસ વિચાર" નો શા જરૂર? એના જવાબમાં ગુરૂ કહે છે: આત્મા તો નિત્યપ્રાપ્ત છેજ, પણ મોહના આવરણને લીધે એ ઢંકાઇ જાય છે. એ મોહને ટાળવા માટે શાસ્ત્રને સદ્‌ગુરુનો ઉપદેશ જરૂરી છે. પછી શિષ્ય પ્રશ્ન કરે છે: જ્ઞાનીને વાસના નહિ હોય. તો પછી એણે કશાં કર્મ ન કરવાં જોઇએ, કારણ કે કર્મ વાસનાની તૃપ્તિ અર્થે થતાં હોય છે. વશિષ્ઠ વિશ્વામિત્રાદિ તો કર્મ કરે છે. આનું શું કારણ? ગુરુ આના જવાબમાં સમજાવે છે: જ્ઞાનીનું આચરણ ઉપલક દૃષ્ટિએ તો અજ્ઞાનીના જેવું જ ભાસે, પણ જ્ઞાની સ્વાધીનતા જાળવી રાખીનેકાર્ય કરે છે, એને રાગદ્વેષ ની "રાઢયા" રહેતી નથી.

"આવી પડે તે કરમ" એ કરે છે. પણ એને એની સાથે કશી લેવાદેવા હોતી નથી. આ વાત એક દૃષ્ટાંત આપીને ધીરો સમજાવે છે.૨:

અર્કનું લૂર અવનિમાં પડિયું, વાસના વિહોણું શાંત,
નવ કાંઇ મન એને રે, વાસના તો વળગી લહું.
તો પણ વાયુ જે દિશા વાયે, તેમ તે ઉડી જાય,
જ્ઞાની કરમથી ભોગ ચેષ્ટાઓ, એ પ્રમાણે કરતો જાય. કાફી ૬.

પછી શિષ્યને પ્રશ્ન થાય છે: જ્ઞાની અને અજ્ઞાનીનાં કાર્યો જો સરખાં જ જણાતાં હોય તો પછી જ્ઞાનીને મુક્તરૂપ શી રીતે કહેવાય? ગુરુ કહે છે કે જે હું પદ ધરીને કામ કરે છે તે અભિમાને બંધાય છે. પણ જેને હું-પણાનું તલભાર અભિમાન નથી તે સર્વ કાર્ય કરતો છતો લગારે લેપાતો નથી. જે હું-પદમાં નહિ બંધાય તે મુક્તરૂપ કહેવાય. હવે મોક્ષપ્રાપ્તિનાં સાધનપરત્વે શિષ્ય પ્રશ્ન કરે છે: જો યોગાભ્યાસ કર્યાથી તરી જવાતું હોય તો આત્મજ્ઞાનનાં શાસ્ત્રો શીખવાની કે સદ્‌ગુરુની ગરજ શી છે? ગુરુ આત્મજ્ઞાનનું મહત્ત્વ બતાવતા કહે છે કે આત્મજ્ઞાન ન હોય તો યોગાભ્યાસથી સાધક ઉન્મત્ત થઇ જાય, સિદ્ધિના બળમાં આવી ભ્રષ્ટ થાય. માટે સાચા ગુરુને શરણે જઇ આત્મસ્વરૂપ જાણી લેવું જોઇએ. પછી શિષ્ય પંચ મહાભૂત તો "ઉપજાવણહાર" કોણ છે તે જાણવા ઇચ્છે છે. ગુરુ વસંત ઋતુનું દૃષ્ટાંત આપીને આ પ્રશ્નનો ઉત્તર આપે છે. વસંત ઋતુના પ્રભાવે કરીને સર્વ ઝાડના અંકુર ઉપજે છે, એને કોઇ ઉપજાવવા જતું નથી, તેમ

તે પેરે અખિલ અનુભવકેરા ચવયવો જેહ કહેવાય,
તે ચિતઅણુથી ઉપજે ભાઇ, જેમ નીપજતા લહેવાય.

પછી શિષ્ય પ્રશ્ન કરે છે:

આકાશ ને અનાકાશ એ બ-ને કહો કયી વસ્તુમાં સમાય?
અથવા કયી વસ્તુમાં છે એ બ-ને, એ લક્ષણ હુંથી ન લહેવાય

આના જવાબમાં ગુરુ કહે છે: મુક્તરૂપી અણુમાં શબ્દનું સંવેદન થાય છે ને તેથી શબ્દ સાચો હોય એમ ભાસે છે, પણ એમાં "ધાંટી" રહેલી છે. આકાશનો ગુણ શબ્દ અને

૨: આ જ દૃષ્ટાંત વસ્તો વગેરે અન્ય કવિઓએ પણ વાપર્યું છે:

અનાકાશનો ગુણ અશબ્દ એ બંને બ્રહ્મ અધિષ્ઠાનમાં ભ્રાંતિ રૂપે ભાસે છે. શિષ્ય પ્રશ્ન કરે છે: વ્યવહાર એ દુ:ખનું મૂળ છે. જ્ઞાની પણ આ વ્યવહાર તો કરતો હોય છે. તો પછી જે વ્યવહાર બીજાઓને દુ:ખકર છે તે જ્ઞાનીને કેમ એવો નથી લાગતો? ગુરુ કહે છે કે જ્ઞાની તો સ્વભાવથીજ અપરંપાર આનંદી છે તેથી એને પીડાઅપીડા કશું થતું નથી. માનસરોવરમાં દેવ અવગાહન કરીને ક્રીડા કરે કે હાથી પાણી ઉરાડે તેથી સરોવરને કશું થતું નથી. એનું જળ તો એવું ને એવું "નિર્મળ ને ન્યારું" રહે છે તેમ જ્ઞાની વ્યવહાર આચરતો હોય તોય એના મનમાં લગાર પણ ક્લેશ થતો નથી. શિષ્ય પૂછે છે: જ્ઞાનીઓ "ભાવનાએ કરી" ક્રિયા કરે છે તોય વ્દૈતબુદ્ધિ કેમ થતા નથી? જે પદાર્થમાં જ્ઞાનીઓ ભાવના કરે છે તેને તેઓ સત્ માને છે? ને જો પદાર્થોને વિશે એવી સત્ બુદ્ધિ થતી હોય તો બ્રહ્મ સત્ અને પદાર્થ સત્ એવી વૈદતબુદ્ધિ નથી નીપજી એમ શી રીતે કહેવાય? ગુરુ જવાબમાં કહે છે: આ તો સમજવું ઘણું સહેલું છે. નિષ્કામી જ્ઞાનીની ચેષ્ટાઓ બાળકના જેવી હોય છે. સર્વ ક્રિયામાં ભાવનાસંયુકત રહેતો છતાં તે એનાથી લેપાતો નથી, માટે એને વ્દૈતબુદ્ધિ થઇ છે એમ નહિ કહેવાય. શિષ્યને હવે બીજો પ્રશ્ન થાય છે: સમુદ્રની છીપ જોઇને જ્ઞાની એમ વિચારે છે કે એ ધોળીને ચળકતી છે તેથી રૂપા જેવી લાગે છે તેવીજ રીતે બ્રહ્મમાં જગતનો ભ્રમ થાય છે.

પણ આવું દષ્ટાંત આપવામાં બ્રહ્મના અખંડપણાને બાધ નથી લાગતો? પ્રત્યેક છીપમાં જુદાજુદા રૂપાનો ભાસ થાય છે, એ છીપ અખંડ નથી તેમ બ્રહ્મ પણ અખંડ નથી? ગુરુ કહે છે: જાતે ભાતે અનુપ એવો હું પંચભૂતમાં સત્તારૂપે રહયો છું, આમ પદાર્થ માત્રના અધિષ્ઠાનરૂપે હું હોઉ પછી ત્યાગગ્રહણ કે લયસંભવને અવકાશ જ કયાં રહયો? સર્વ પદાર્થોમાં સત્નો જે ભાસ થાય છે તે બ્રહ્મછે, એ સત્માં બધા પદાર્થો ભાસે છે માટે સત્રૂપે બ્રહ્મ સદા અખંડ છે. શિષ્યને વળી પ્રશ્ન થાય છે: જ્ઞાનીને મુખે મેં સાંભળ્યું છે કે આત્મા અનંત છે તો પછી એ દેહાદિકમાં નિવાસ કરીને કઇ પેર રહેશે? ગુરુ કહે છે કે આત્મા અનંતરૂપ છે એ તો સાચું જ છેજ એને આકાશની પેઠે માનો જેમ ઘટમાં આકાશ વ્યાપેલું હોય છે તેમ આત્મા દેહમાં હોય છે. શિષ્યની જ્ઞાનીબારી ખુલી ગઇ છે ને એણે વિશાળ "સહેલો માર્ગ" જોયો છે, પણ હજું પ્રશ્નો શમ્યા નથી. એ પૂછે છે: જે લોકો જ્ઞાનીજન કહાવે છે તે સૃષ્ટિનાં સહુ કર્મ કરે છે ને તે છતાં પુણ્ય કે પાપથી લેપાતા નથી,

એનું કારણ શું હશે? ગુરુ જવાબમાં કહે છેઃ જ્ઞાનીજન આ જગતને આત્માસ્વરૂપ માને છે, એમાં એમને રજ સરખો ભિન્નભાવ નથી. પ્રારબ્ધ પ્રમાણે આવી પડેલાં સુખદુઃખ ભોગવવામાં નથી એમને હઠાગ્રહ કે નથી ત્યાગવૃત્તિ, માટે શાસ્ત્ર નિર્મિત વિધિનિષેધ ને પાપપુણ્ય એમને લાગુ પડતાં નથી. પછી શિષ્યને પ્રશ્ન થાય છેઃ જો બધો પ્રપંચ મિથ્યા છે તો વિદ્યાદિક જાતિ, મનુષ્યાદિક જાતિ પણ મિથ્યા થાય, શરીર મિથ્યા થાય, શરીરના ધર્મ પણ મિથ્યા થાય, પાપપુણ્ય સ્વર્ગ નરક પણ મિથ્યા થાય એમ બરુંને? ગુરુ કહે છેઃ શરીરાદિક સહુ પદાર્થો કલ્પના છે એ તો સાચું જ છે. જેની સાથે કશું "કારજ" નથી એવું જાણે તે "સુજાણ" કાર્યકારણનો ભાર અજ્ઞાનીને શિર હોય છે, જ્ઞાનીને કશી લેવાદેવા હોતા નથી. સર્વ પ્રપંચ જ્ઞાનીને મિથ્યા છે ને અજ્ઞાનીને મન એ સત્ય છે. હવે બીજો પ્રશ્ન : રજ્જુસર્પનું દૃષ્ટાંત વિચારતાં એક શંકા ઉદ્‌ભવે છે. રજ્જુ સર્પનું અધિષ્ઠાન છે, ને એ રૂપે એ રહે ત્યાં સુધી સર્પનો ભ્રાંતિરૂપ અધ્યાસ પણ રહેવાનો, તેવી રીતે બ્રહ્મરૂપી અધિષ્ઠાન રહે ત્યાં સુધી દ્વૈતરૂપ સંસારનો અધ્યાસ પણ રહેવાનો, એટલે કે દ્વૈતનો નાશ થવાનો નહિ, તો પછી અદ્વૈતની વાત તો "આગે અટકતો લાગે" ખરી કે નહિ? ગુરુ આના જવાબમાં કરે છેઃ જે આત્માને શુદ્ધસ્વરૂપી જાણે છે તેનું અજ્ઞાન મટી જાય છે, તે વિશ્વકલ્પના કરતો નથી. દોરો લાવવાથી રજ્જુ રજ્જુ તરીકે જ રહેતો છતાં સર્પરૂપે ભાસતી નથી તેમ આત્મજ્ઞાન પ્રકટ્યાથી વિશ્વકલ્પના ટળે છે. હવે મુક્ત વિશે પ્રશ્ન એ થાય છે કે જો શુદ્ધ વિચારથી મુક્તિ મળતી હોય તો એ મુક્તિનો નાશ પણ સંભવે, વિચારનો નાશ થાય ત્યારે મુક્તિનો નાશ થાય, ને જો વિચાર વિના મુક્તિ મળે એમ કહીએ તો પછી સદ્‌ગુરુની શી જરૂર? તો તો પછી મુક્તિ સૌ કોઇને મળવી જોઇએને? ગુરુ કહે છે કે જે શુદ્ધ વિચારથી જુએ છે તે જાણે છે કે નથી એને બંધન કે નથી એને મોક્ષ, એ તો સદા અવિનાશી, ચિદ્‌રૂપ ને શુદ્ધ સ્વરૂપ પોતાને જાણે છે. જે બ્રહ્માંડકેરો ભૂપ પોતાને જાણે તેને બંધન મોક્ષ કયાંથી હોય? પણ શિષ્યની ગૂંચ ઉકલતી નથી, એ પૂછે છેઃ હું જો નિત્યમુક્ત હોઉં તો મારે સદ્‌ગુરુનું શું કામ? સારાં સારાં શાસ્ત્રોની શી ગરજ? ગુરુ કહે છેઃ તું આત્મસ્વરૂપ છે એતારી સમજણ સાચી છે, પણ અનાદિકાળના અવિદ્યાના આવરણથી તને દ્વૈતની ભ્રાંતિ થઇ છે તે સદ્‌ગુરુ સેવા ને શાસ્ત્ર વિચારથી ટળે છે, માટે એ બંનેની જરૂર છે. શિષ્યને હવે આ ભ્રાંતિનું જ સ્વરૂપ સમજી લેવું છે. આ ભ્રાંતિનાં લક્ષણો કયાં? ગુરુ કહે છે કે આ ભ્રાંતિ મહાબલિષ્ટમાં બલિષ્ટ છે, એને ટાળવાને યોગીમુનિ અરધી રાતે અંધારે સ્મશાનમાં ભટકે છે.

તો ય એ ભાંગતી નથી, પણ જ્ઞાનીને ઘરે જઇને અજ્ઞાનને જીતે ત્યારે ભ્રાંતિને જીતતાં વાર ન લાગે. સાચો સદ્‌ગુરુ મળી આવે તો ભ્રાંતિનું સ્વરૂપ ઓળખાવી દે. શિષ્ય પૂછે છે: તમે બ્રહ્મને સંબંધ વિનાનું કહો છો, તે મારાથી શી રીતે મનાય? અહીં તો સંબંધ વિનાનું કશું જોવામાં આવતું નથી, બધાંજ સંબંધમાં સમાસક્ત છે. ગુરુ કહે છે કે તું બરાબર વિચારીને જોશે તો તેને સંબંધ જણાશે નહિ. તારે તારા મનથી સુવર્ણકુંડલ જેવી સગાઇ બાંધવી, આ તો બધી "ભુંગળ વિનાની ભવાઇ" છે.

સર્વમાં સંબંધ છે છે ને નથી, નથી નથી ને છે નિર્વાણ.

દ્વૈત નથી એટલે અદ્વૈત બ્રહ્મને કોની જોડે સંબંધ હોય? માટે સંબંધ નથી, પણ માયા હોવાથી કનકકુંડળના જેવો સબંધ લાગે પણ ખરો. માટે સબંધ છે યે ખરો ને નથી યે ખરો. શિષ્યને શંકા થાય છે: જગત ને આત્માનો સંબંધ તે કેવી રીતે જુઠો કહેવાય? ગુરુ કહે છે કે જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયનો સંબંધ તો તેં તારામાં અજ્ઞાન વડે કલ્પ્યો છે. ખરું જોતાં એ કાંઇ નથી, ખરેખરો હું તો સર્વ પ્રપંચથી પરો, નિરંજન છું. મારે વિશે મને નથી હરખ શોક કે હાણ. શિષ્ય કહે છે કે તમે હું નિરંજન છું એમ કહો છો તે મને વિપરીત ભાસે છે. નિરંજન હોય તેને સુખદુ:ખનો સંબંધ હોય નહિ, એ કશા બંધથી બંધાય નહિ, પણ સુખી થવું હો સારું લાગે છે ને દુ:ખ તો ડુંગર સમું લાગે છે તેનું શું? ગુરુ કહે છે કે આ ભ્રાંતિનું જ કામ છે. સુખદુ:ખ ભ્રાંતિમાત્ર છે, એમાંનુ કશું ખરું નથી. સુખ દુ:ખ એ જ જો ભ્રાંતિ હોય તો પછી તેનો અમુક સાથેનો સંબંધ કલ્પવાનો રહે છે જ કયાં? શિષ્ય પૂછે છે કે તો પછી આ દ્વૈતભ્રમનો નાશ કરવાનો કોઇ ઉપાય છે ખરો? ગુરુ કહે છે કે જે પોતાને માયા અને તેના કાર્યરૂપ જગતથી જુદો, ચિન્માત્રારૂપ, જાણે છે તેને દ્વૈતભ્રમ રહેતો નથી. શિષ્ય પૂછે છે કે તો પછી આ દ્વૈત પ્રપંચનો અધ્યાસ શી રીતે થાય છે? એ અધ્યાસ મૂળથી સાચો હશે કે પછી એ કલ્પિત હશે? ગુરુ કહે છે કે અજ્ઞાન વડે દ્વૈતની ઉપાધિને ધારી બેઠો હોવાને કારણે હું અખંડાનંદ બ્રહ્મરૂપ નથી, પણ દુર્બળ દેહરૂપ છું એવી ભ્રાંતિ થાય છે, પણ સત્ય વડે વિચાર કરી જોતાં પોતે પોતાને બ્રહ્મરૂપ માને છે ને નિર્વિકલ્પ બ્રહ્મને પામે છે. આમ દ્વૈતભ્રમ અજ્ઞાનથી થતો હોવાથી સત્ય નથી, પણ કલ્પિત છે. પણ શિષ્યને પ્રશ્ન થાય છે: આત્માને તો દેહ સાથે સંબંધ છે તો પછી એને અસંગ શા રીતે કહેવાય? ગુરુ કહે છે કે હું સદા શરીરમાં વસું છું છતાં શરીરને સ્પર્શ કરતો નથી, માત્ર શરીરકાર્ય ચલાવું છું. પછી એક દૃષ્ટાન્ત આપીને આ વાત સમજાવે છે.

માખણ કેરો ગોળો કર્યો હોયે, તે મૂક્યો વાસણ મોઝાર,
પછે અગ્નિપર તેને ચઢાવ્યો, ત્યાં કેવો તમાશો થાય તે વાર,
.... અગ્નિ તો માખણને નવ ચડકે, તો ય ગાળીગાળી ટાળે ગાર,
શુદ્ધ રસરૂપ તો બનાવે તેને, તેવું માર્ હું ધ્યાનમાં ધાર.

છતાં શિષ્યની શંકા ટળી નથી. એ પૂછે છે: સુખદુઃખ રૂપી દેહથી સંયુકત તે આત્મા કહેવાતો હોય, એ અનેક દેહમાં રહેલો આત્મા પણ અનેક હોય ને કર્મને અધીન બનીને એક દેહમાંથી બીજા દેહમાં જતો હોય એ સાચું હોય તો પછી આત્માને સ્થિર ધર્મવાળો શી રીતે કહેવાય? ગુરુ કહે છે કે જુદા જુદા દેહમાં વસી હું જુદાં જુદા સુખદુઃખ ભોગવતો છતાં હું તો એક રૂપી અવિનાશી છું, હું સર્વ મુખ્યોનો પ્રમુખ છું. એક દષ્ટાંતની મદદથી આ સમજાઇ જશે: સાત જુદાં જુદાં પાત્રમાં જળ ભર્યું હોય, ને તેમાં સૂર્યનું પ્રતિબિંબ પડતું હોય તો જુદા જુદા સાત સૂર્યો હોય એમ જણાય, છતાં મૂળમાં તો સૂર્ય એકજ હોય, વળી પાણીનું ટાઢા-ઉનાપણું સૂર્યથી વ્યતિરિકત જ છે તેમ હું જગતમાં ઉપાધિરહિત બનીને વ્યાપી રહ્યો છું. પછી શિષ્યને પ્રશ્ન થાય છે: સાગર તીરે ઊભા રહેતાં એના અનંત તરંગોને સમુદ્રમાંથી ઊઠીને સમુદ્રમાં શમી જતા જોઇએ છીએ. એ સાગર-તરંગની જેમ જેમાં અનંત બ્રહ્માંડ રહ્યાં છે ને લય પામે છે, તે શું છે? આના જવાબમાં ગુરુ કહે છે કે તું એક બીજ હાથમાં લઇ જો. વિચારતાં તને લાગશે કે એમાં જ ઝાડની સત્તા રહેલી છે; તેમ પરમ ચૈતન્ય રૂપી અણુમાં સત્ અસત્ ને અપાર બ્રહ્માંડ રહ્યાં છે. હવે શિષ્ય પૂછે છે: સ્વરૂપ શોધવાને હું અષ્ટાંગયોગ સાધું કે સાંખ્ય શાસ્ત્ર શીખું કે મૌમાં સાનો અભ્યાસ કરું કે અજપા-જાપ જપું કે દાન કરીને દાનેશ્વરી કર્ણ જેવો થાઉં કે સ્નાન કરી કરીને માછલી જેવો થાઉં કે બાવો બનું? ગુરુ કહે છે કે આમાંનું કશું સ્વસ્વરૂપ જાણવા કામમાં ન આવે, "ઊલટી લાગે તેનાથકો લાજ" એમાં શાસ્ત્ર, જપતપ, સ્નાનદાન કે જટાભાર તલમાત્ર અપમાં આવતાં નથી. સદ્ગુરુનાં વચનમાં અને સદ્-વિચારનો જ એમાં તો અપ છે. શિષ્ય પૂછે છે: તો શું હું નવધા ભક્તિ કરું? દેવતાઓની પ્રતિમા કરી દેવળમાં પધરાવું? ષટ્શાસ્ત્ર જાણનાર શાસ્ત્રીઓ પાસે શાસ્ત્રની ચર્ચા કરાવું ને જે જીતે તેનો મત સ્વીકારું? તો મને મુક્તિ મળે ખરી? ગુરુ કહે છે કે ના, એમાં "કશો માલ નથી" મુક્તિપદ તો મોંઘામાં મોંઘું છે. જે શિવજીવનો એકતા કરી જાણે તેને જ એ પદ મળે. એ એકતા કરવા સદ્ગુરુનો બોધ માનવો પડે, તો જ મહાશાંત મુક્તિપદ મળે. પણ શિષ્યને શંકા થાય છે: સંસાર-સાગરમાં ડૂબતા મને કોણ તારશે? "તૂટેલું નાવ સહુ ટાળે" છે. મેં બ્રહ્મભોજન કરાવ્યાં છે. સુપાત્રે દાનમાં દીધાં છે, તો તે મને તારશે? ગુરુ કહે છે કે એમાંનું કશું તને

તારશે નહિ. કોઇ સાચો સદ્‌ગુરુ મળી આવશે તો તે જ તને તારશે. બાકીના બીજા તો "બૂડેલાને વધારે બૂડાડશે" ને "હાણ થતી જોઇ હસશે". જો સંસાર સાગરમાં પોતાનો જીવાત્મા ડૂબતો જણાય તો યોગારૂઢ થવું, જ્ઞાનનિષ્ઠ થવું તો જ અજ્ઞાનાર્ણવ તરી જવાય. વળી શિષ્યને પ્રશ્ન થાય છે: આત્મવિદ્યાનો અધિકારી કોણ? ગુરુ જવાબમાં કહે છે: જે નર મહામતિમાન હોય, જે તર્ક કરવામાં વિચક્ષણ હોય, વિદ્વાન હોય, મુકત મનુષ્યની જે જે લક્ષણો હોય તે પાળવામાં સાવધાન હોય, પુરેપુરો વિવેકી હોય, વૈરાગ્ય વાળો હોય, શમાદિ ગુણો-વાળો હોય, નિરંતર મોક્ષની ઇચ્છા ધરાવતો હોય તે આત્મવિદ્યાનો અધિકારી થાય. શિષ્ય પૂછે છે: સુખ દુ:ખને જીતવા શા રીતે? ગુરુ કહે છે: આવી પડેલાં સુખદુ:ખને સ્વાભાવિક રીતે વર્તીને ભોગવવામાં જ ભલાઇ છે. જે સુખ દુ:ખને સમાન ગણે છે ને "ભલીપેર" ભોગવે છે તે મોક્ષપદને પામે છે. પણ શિષ્યને પ્રશ્ન થાય છે: ટાઢતાપ વગેરે બ્હ-બ્હને શું તિતિક્ષાપૂર્વક સહી જ લેવાં? તો તો કદાચ મારો દેહ નાશ પામી જાય, ને તો પછી બધી સાધના બાકી રહી જાય, ને આત્મજ્ઞાન શી રીતે થાય? ગુરુ એના જવાબમાં કહે છે: તારો આત્મા સત્ય સ્વભાવી છે; અજર અમર અવિનાશી છે એને શીત ઉષ્ણ શું કહી શકે? એ તો દેહના ધર્મ છે. શિષ્યને એક બીજી મુશ્કેલી છે. ઘણા પોતે ઇશ્વરનું મુખ બ્રાહ્મણ છે એવો દાવો કરીને છાતી ઠોકીને આવે છે. તો એમાં સાચો બ્રાહ્મણ કોને જાણવો? ગુરુ સાચા બ્રાહ્મણના લક્ષણો કહે છે: એ સત્યભાષી હોય, એનામાં અસત્ય તલભાર ન હોય, એ બલિ ને કર્ણના જેવો દાનેશ્વરી હોય, એ ક્ષમાનો ગુણ ધરાવતો હોય. એ શીલ ધરાવનારાઓમાં શ્રેષ્ઠ હોય. આ બ્રાહ્મણના લક્ષણો થયાં. એ સ્વધર્માચરણમાંથી ચ્યુત થાય તેને બ્રાહ્મણ છતાં ચંડાળ માનવો.[૩] હવે શિષ્ય મૂળ મુદ્દાની વધુ નજીક આવીને પૂછે છે. ચાર કે પાંચ પગવાળી ગાય, ચાર હાથવાળા માણસ, અદ્ધર મૂર્તિવાળા દેવાલય-આ બધું તો અઘટનઘટનપટીયસી માયા વડે બને. એટલે એમાં કાંઇ આશ્ચર્ય પામવા જેવું નથી, પણ ખરું જાણવા જેવું શું છે તે મને કહો, "સારકેરો સાર" તે મને સમજાવો. ગુરુ કહે છે કે આ વિશ્વમાં જાણવાનું એકજ છે, અને તે બ્રહ્મ. એને જાણવાથી બધું જણાઇ જાય છે[૪]

૩: સરખાવો: શમો દમસ્તપ: શૌચં ક્ષાંતિરાર્જવમેવ ચ।
જ્ઞાનવિજ્ઞાનમાસ્તિક્યં બ્રહ્મકર્મ સ્વભાવજમ્‌ ॥ ભગવદ્‌ગીતા.

૪: સરખાવો. યેનૈકવિજ્ઞાનેન સર્વં વિજ્ઞાતં ભવતિ તદ્વિજિજ્ઞાસસ્વ તદ્બ્રહ્મેતિ શ્વેતકેતો।

એને જાણવાથી બધાં કાર્યો સિધ્ધ થઇ જાય છે, સુખદુ:ખનો લેશ રહેતો નથી, શોચ થતો નથી. નખ કે કેશ વધારવા પડતા નથી, ટૂંકમાં એને જાણવાથી મુક્તિ મળે છે જગતમાં જાણવા જેવું તો એ જ છે, એને જાણ્યા પછી બીજું કશું જાણવાનું રહેતું નથી. પણ શિષ્યને પ્રશ્ન થાય છે: જ્ઞાની એમ કહે છે કે કર્મપાત્ર સારું નથી, વેદ અનેક પ્રકારનાં ફળની વાત કરે છે, તો શું એ બધાંનો ત્યાગ કરવો, એ બધુ જૂઠું માનવું ને કેવળ "આત્માકેરું સ્વરૂપ" જાણવું ગુરુ આનો જવાબ એક સરળ છતાં સચોટ દષ્ટાન્તનો મદદથી આપે છે: ક્ષુધાર્થી બાવાને કાજે બેતરે બેતર ભટકીને કણકણ ભેગા કરે છે તે ક્ષુધા લાગે ત્યારે ખાય છે. પણ જો કણનો ઢગલો એકકી વખતે મળતો હોય તો કણકણ માટે બેતરે બેતર ભટકવાની જરૂર રહે બરો બંનેથી ભૂખ તો મટે જ છે, તો પછી અધિક કયું ગણાય. કણકણ માટે ભટકવું કે એકકી વખતે કણનો ઢગલો પામવો વેદમાં જે કર્મો કહયાં તે તો બ્રહ્મ નિષ્ટમાં ભરેલાં જ છે, એનો તો એ પાર પામી જ ગયો હોય છે. બ્રહ્માસુખમાં બધાંજ સુખોનો સમાવેશ થઇ જતો હોય છે. બ્રહ્મજ્ઞાનથી સદાકાળ સ્થિર સુખ પ્રાપ્ત થાય છે, માટે સર્વ સુખોમાં તે જ ઉત્તમ સુખ છે. વળી શિષ્યને સંશય થાય છે: સાક્ષાત વેદમાં કહયું છે કે સર્વ કર્મો તો કરવાં જ, કર્મ કર્યા વિના મુક્તિ નથી, કર્મ ન કરનારને "હાણ" છે. તો એનું કેમ કરવું હવે સાંખ્ય એમ કહે છે કે કર્મ ન કરવાં એક તજવાનું કહે છે ને એક સંશય ટાળતાં કહે છે: અજ્ઞાનીનું અંત:કરણ શુધ્ધ કરવા વેદે કર્મનો ઉપદેશ કર્યો છે. પણ જેને આત્મા વિશે પૂર્ણ પ્રિતિ હોય તેને કર્મની શી જરૂર માટે સાંખ્ય પણ સાચું જ કહે છે. જેણે "સ્વસ્વરૂપ" ને ઓળખ્યું છે, એનો "અપાર અનુભવ" કર્યો છે, એને સુખસાગરની જેમ માણ્યો છે તેને "કર્મજળનો ખુબો છે ઠાર." પણ શિષ્યનું મન માનતું નથી. એ કહે છે. જેમ રાજાને મળવાની ઇચ્છા રાખનારને પ્રધાનાદિકની સેવા કરવી પડે તેમ "બ્રહ્માંડનો ભૂપત "મેળવવો હદય તો તેના અનુયાયી દેવનાં કર્મ ન કરવાં પડે ગુરુ કહે છે કે આવાં બધાં વિઘ્નો ઘટભીતર જ્ઞાન નહિ થયું હોય ત્યાં સુધી રહે છે, પણ જ્યાં બ્રહ્માનો વિવેક વિચારાયો ને બ્રહ્મામાં ભેટી ગયા, બ્રહ્મારૂપનો પાર પામ્યો પછી કોઇનું કશું ચાલે નહિ. હવે એક બીજી શંકા તમે કહુય કે જ્ઞાનીને કર્મની જરૂર નથી, તો પછી કોઇનું કશુ ચાલે નહિ. હવે એક બીજી શંકા તમે કહુયુ કે જ્ઞાનીને કર્મની જરૂર નથી તો, પછી જનક વિદેહી જેવા બ્રહ્મજ્ઞાનીઓ કર્મ કેમ કરે ગુરુ કહે છે કે જ્ઞાનીઓ સકળ સંસારને તારે છે, સર્વનું ભલું કરવાને વિચારે છે, પોતા જેવું આખું જગત કરવા ઇચ્છે છે

ને તેથી શુદ્ધ માર્ગ બતાવવાને વિધવિધ યત્ન કરે છે. હવે શિષ્યને પ્રશ્ન થાય છે : જે બ્રહ્મપદ કહ્યામાં આવતું નથી તે બ્રહ્મપદને જોગી પામે છે, પણ ત્યાંથી ય એને ભેંચો પાડનારા વેરી કેવા કહેવાય? ગુરુ કહે છે કે આ તો તેં સહેલામાં સહેલું પૂછ્યું, આ તો કામક્રોધાદિ ષ રિપુની વાત થઇ. એમને જીતવાને બીજા છનો સંગ કરવો. એ ષ સંપત્તિ તે આ મુજબ: અહિંસા, શમતા, શાંતિ, તપ, શૌચ, મત્સર. જોગી મુનિઓ આ ષ ને સેવે છે. શિષ્ય પૂછે છે: ષ પદી એટલે શું? ગુરુ કહે છે કે ષ પદી એ કોઇ ભમરો કે એવી વસ્તુ નથી. ષ પદી એટલે ક્ષુધા, તૃષ્ણા, શોક, મોહ, જરા અને મૃત્યુ. આ ષ પદીને, જે જીતી ગયો તે જગતને જીતી ગયો. હવે શિષ્યને પ્રશ્ન થાય છે: પુરાણોમાં સ્વર્ગસુખની વાત કરી છે તે સ્વર્ગ તે શું હશે? અહીં ભૂમિ પર સ્વર્ગસુખ શી રીતે મળે? ગુરુ કહે છે કે આ દેહ જ સ્વર્ગ છે, એમાં રહેલો આત્મા તે ઇન્દ્ર છે, સત્ત્વગુણનો ઉદય થાય ત્યારે સ્વર્ગ મળ્યું જાણવું. અધિકારીને માટે તો આ જ સ્વર્ગ સાચું છે. એ સિવાયનું બીજું કોઇ સ્વર્ગ નથી. સ્વર્ગ વિશેના શંકા તો દૂર થઇ. હવે નરકની વાત. તમો ગુણને ભજવો એટલે નરક સેવવું. એ સિવાય બીજું કોઇ નરક છે જ નહિ. હવે પ્રશ્ન એ થાય છે કે આ જગતમાં બંધુ કોને ગણવા? ગુરુ કહે છે કે જે જ્ઞાનભાનુના પ્રકાશે કરીને સર્વ બંધન તોડી નાખે છે તે જ સાચો બંધુ, આવો બંધુ તો સદ્‌ગુરુ જ હોઇ શકે.[૫] બંધુને તો ઓળખ્યા, હવે મારું ઘર કયું કહેવાય? ગુરુ કહે છે કે જે ઘર છે તેને ઘર ન સમજશ. દેહ એ જ સાચું ઘર છે. એ ઘરવડે તરી જવાનું છે. હવે પ્રશ્ન એ થાય છે કે શ્રીમંત કોને કહેવો? ધનનો ધન્ય ધણી કહી શકાય એવો કોણ? ગુરુ કહે છે કે જેણે જ્ઞાનધન મેળવ્યું હોય તે જ સાચો ધનવાન. એના ભંડાર અખૂટ છે કારણ કે "જ્ઞાનધન વધે ખરચ્યે અપાર". માટે બ્રહ્મધનવાળાને જ ધનવાન કહેવા, બીજા એ સંજ્ઞાને પાત્ર જ નથી, તો નિર્ધન કોણ? ગુરુ કહે છે કે ધન વિનાના નિર્ધન કોઇ નથી, જે અસંતોષી છે તે નિર્ધન છે. જ્ઞાનીજન ધનવિનાનો છતાં ધનાઢય છે, સંતોષ ના ખડ્‌ગથી અલક્ષ્મીનો એ‌ઓ વધ કરે છે, તો ગરીબ કોણ? અજિતેંદ્રિય તે ગરીબમાં ગરીબ. સ્વતંત્રતા કોને કહેવી? જેની મતિ વિષયાદિકમાં આસકત કદાપિ થતી નથી તેને સ્વતંત્રતા સાંપડી કહેવાય. આનું નામજ સાચી સ્વતંત્રતા. તો જે પરતંત્રતાથી "પ્રૌઢી પીડા" થાય છે તેનાં શાં લક્ષણ? જવાબ આગલા ઉત્તરમાંથીજ ફલિત થાય છે.

૫: 'જે સમીપ આવેલા મૃત્યુથી છોડાવે નહિ તે બંધુ ન કહેવાય'. ભાગવત.

વિષયમાં આસક્તિ તે પરતંત્રતા. શિષ્ય શબ્દ કોશનો અભ્યાસી લાગે છે. એણે કોશમાં "ભગ" શબ્દના સૂર્ય, વિષયેંદ્રિય, ઇચ્છા, પ્રયત્ન, માહાત્મ્ય, મોક્ષ, પુણ્ય વૈરાગ્ય, ધર્મ, ધનની શોભા–આટલા અર્થો જોયા. આથી એ ગૂંચવાઇ ગયો ને એને પ્રશ્ન થયો કે ભગ એટલે શું? ગુરુ કહે છે કે ઐશ્વર્ય, ધર્મ, યશ, લક્ષ્મી, જ્ઞાન અને વિજ્ઞાન એ ષડ્‌ગુણ તે જ ભગ.[૬] હવે લાભ એટલે શું? પુત્રલાભ એ સૌથી મોટો લાભ? ગુરુ કહે છે કે પુત્રાદિકનો લાભ વેદાદિમાં માન્યો છે ખરો, પણ એ લાભ ખોટો છે. આત્મારામની ભક્તિ મેળવવી એ જ સાચો લાભ છે. તો સાચી વિદ્યા કઇ? "ખત કપટ ને વ્યાજ" ની વિદ્યા? કે "શાસ્ત્ર શીખ્યા કેરો વિદ્યા"? કે પછી કઇ? ગુરુ કહે છે કે નામુંકામું કે શાસ્ત્રજ્ઞાન તે વિદ્યા નથી, પણ આત્મામાં આ જગત વગેરે રૂપના પ્રતીત થતા ભેદોને જે વિદ્યાને કારણે મિથ્યા માનવામાં આવે છે તે અધ્યાત્મ વિદ્યા જ સાચો વિદ્યા.[૭] લજ્જા કોને કહેવી? અધમ કર્મનો ત્યાગ તે લજ્જા. આભરણ કોને કહેવું? તૃષ્ણાત્યાગ વગેરે ગુણગણ તે જ સાચાં આભરણ. સુખ એટલે જાતે સુખી થવું ને બીજાને સુખી કરવા એ જ ને? ગુરુ કહે છે કે ના, એ સુખ સાચું સુખ નથી. વાસ્તવમાં દુઃખ અથવા સુખનું ધ્યાન જ ન ધરવું, સુખદુઃખમાં સમાનબુદ્ધિ રાખવી, તેજ સાચું સુખ. તો દુઃખ કોને કહેવું? વિષયસુખમાં વંઠી જવું તેનું નામ જ દુઃખ, કારણ કે વિષયસુખની વધારે પડતી લાલસા જ દુઃખને નોતરો લાવે છે. જ્ઞાની કોને કહેવો? જે ધર્માધિકારી છે તેને જ્ઞાની કહેવો? કાશીએ જઇને શાસ્ત્રો શીખીને વાદવિદ્યા પામનારને જ્ઞાની કહેવો? એને પંડિત કે પુરાણીની ઉપમા આપી શકાય? આ પ્રશ્નનો ઉત્તરનો ખરું જોતાં, જ્ઞાન કોને કહેવું એમાં જ સમાઇ ગયો; છતાં "બાલાનામવબોધાય" ગુરુ પુનરુક્તિ કરીને કહે છે: પોથાં ભરીને ભટકનારા પુરાણી કે પંડિત તે જ્ઞાની નથી, વેદ ભણ્યા માટે જ્ઞાની થઇ ગયા એમ નહિ કહેવાય; ન્યાયનો નિર્ણય કરનાર, સર્વશાસ્ત્રનો સિદ્ધાંત સમજાવનાર પંડિત પણ જ્ઞાની ન કહેવાય. સંક્ષેપમાં કહેવું હોય તો જે બંધ અને મોક્ષને જાણે છે તે જ્ઞાની, પછી ભલેને એ શાસ્ત્ર ન શીખ્યો હોય. તો મૂર્ખ કોને કહેવા? જે ભણ્યો નથી

૬: ઐશ્વર્યસ્યસમગ્રસ્ય ધર્મસ્ય યશસઃ શ્રીયઃ |
જ્ઞાનવિજ્ઞાનયોશ્ચૈવ ષણ્ણાં ભગમિતીરણા ||

૭: અધ્યાત્માદિવિદ્યાનામ્ |

તે મૂર્ખ નથી પણ જે અહંમમતાથી ભરેલો છે તે જ મૂર્ખ છે. પછી શિષ્યને પ્રશ્ન થાય છે કે સાધ્ય તરફ જવાના પંથ તો ઘણા છે તો એમાં સુગમ માર્ગ કયો? સાચો માર્ગ કયો? જે માર્ગે સંતો જાય તે સારામાં સારો માર્ગ, જે માર્ગે પોતાને પોતાની ઓળખ થાય તે માર્ગ સુગમ. તો નઠારો માર્ગ કોને કહેવો? જે માર્ગે જતાં ચિત્તનો વિક્ષેપ જણાય તે નઠારો માર્ગ. શમ અથવા શાંતિ તે શું? આત્મનિષ્ઠા તે જ શમ. તો દમ એટલે શું? દમ એટલે નિગ્રહ એમ માનવું? ગુરુ કહે છે કે દમનું સ્વરૂપ જાણતાં તો દમ નીકળી જાય! પંચ કર્મેન્દ્રિય, પંચ જ્ઞાનેંદ્રિય અને અગિયારમું મન. આ અગિયારનો નિગ્રહ કરવો તે દમ. તિતિક્ષા તે શું? દેહનાં દુઃખ સહન કરવા તે તિતિક્ષા ન કહેવાય, પણ પ્રારબ્ધ યોગથી જે જે કષ્ટ પ્રાપ્ત થાય તે તે સહન કરવાં તેનું નામ તિતિક્ષા. ધૃતિનું લક્ષણ શું? મનમાં ઉદ્વેગ ન રાખવો તેને ધૃતિ કહેવાય? ના, ઇંદ્રિયાદિકના વેગને જે રોકી જાણે તે ધૃતિધર કહેવાય. દાન કોને કહેવું? પોતાનો જીવ આપી દે તે સૌથી મોટો દાની નહિ કહેવાય? ના, જ્ઞાનદાન તે શ્રેષ્ઠ દાન. વ્રત કોને કહેવું એકાદશી દ્વાદશી કરવી, ગાયો પૂજવી, એક દિન આંતરે જમવું આને વ્રત કહેવાય? ના, ભોગને ભોગવવા નહિ, તે પ્રત્યે અપાર અરુચિ ધરવી તેનું જ નામ વ્રત. શૂર કોને કહેવો? હથિયાર બાંધી ધૂંઆરો કરે, માંડા બબડાવે, અશ્વે બેસીને અસવાર થાય, અનેક શત્રુને મારે ને લોકોમાં કીર્તિ સ્થાપે તેને શૂર કહેવાય? ગુરુ કહે છે કે ના, આવું બધું પરાક્રમ તે તો "અપ્સરાને વરવાની અકૂળામણ" મલી છે! જે વાસનાને જીતે તે સાચા શૂર. સત્ય કોને કહેવું? ગુરુ કહે છે કે સત્ય ઉચરવું કે તેનું અભિમાન ધરવું તે સત્ય નથી, પણ બ્રહ્મનો નિરંતર વિચાર કરવો તે "સાચેસાચું" સત્ય છે. તો ઋત કોને કહેવું? સાચાની સાથે સારું લાગે તેવું બોલવું તેનું નામ ઋત. ગુરુની આ "ઋત" ની વ્યાખ્યા આપણને જરા મનસ્વી લાગે ખરી. ત્યાગ કોનો કહેવો? કોઇનું કહયું ન કરવું તે ત્યાગ? ગુરુ કહે છે કે ના, એ તો હઠીલાપણું કહેવાય, સર્વ વસ્તુ પર વૈરાગ્ય ધરવો તેનું નામ ત્યાગ. ધન કોને કહેવું? આનો જવાબ, એક રીતે જોતાં, સાચો ધનવાન કોને કહેવો એ પ્રશ્નના ઉત્તરમાં જ આવી ગયો, છતાં એનો ફરીથી જવાબ આપતાં ગુરુ કહે છે કે ધર્મ એ જ સૌથી મોટું ધન છે ને એનો ધારક તે ધનવંત કહેવાય. યજ્ઞ કોને કહેવો? આત્માનું સ્વરૂપ જાણીને તેમાં એકાગ્ર થવાનું કાર્ય તે જ યજ્ઞ. દક્ષિણા કોને કહેવી? જ્ઞાનદાન એ જ દક્ષિણા. સાચું બળ કયું? બુદ્ધિબળ, અંગબળ, ધનબળ આ બળ સાચાં કહેવાય. ના, પ્રાણાયામની યુક્તિથી મનને કબજે રાખવું તેનું નામ બળ. શૌચ તે શું? મળત્યાગ તે શૌચ કહેવાય? ના, કર્મમાંથી આસક્તિને તજવી તે શૌચ. યમ એટલે શું? યમરાજ? ના, યમ બાર પ્રકારનો છે ને એનાથી ભવની ભાવટ

ભાગી જાય છે. એ બાર પ્રકાર આ મુજબ : અહિંસા, સત્ય મનવડે પરાયું ધન ન ઇચ્છવું, અસંગ રહેવું, લોકમાં લજ્જાવાળા કહેવાવું, તલભાર સંચય ન કરવો, સ્વધર્મના વિશ્વાસી થવું, વિકાર ટાળી બ્રહ્મચર્ય પાળવું, મૌન ધરવું, પર્વત જેવી સ્થિરતા ધારવી, ક્ષમાવાન થવું ને ચરિને અભય આપવું. તો નિયમ કોને કહેવાય? જેમ યમના બાર પ્રકાર છે તેમ નિયમના પણ બાર પ્રકાર છે: અંતરમાં પવિત્રતા, બહારની પવિત્રતા, જપતપ હોમ પૂરાં આચરવાં, સ્વધર્મનિષ્ઠા રાખવી, અતિથિનો આદર કરવો, આત્મારામનું પૂજન કરવું, રમતા જોગી બનીને રહેવું, પારકાનું સારું કરવા "અંગોઅંગ ઉધોગી" થવું, સાચો સંતોષ માનવો ને જેને ગુરુ ગણ્યા તેની સેવા કરવી. હવે શિષ્ય કહે છે કે મને મૃત્યુભય પીડે છે. તમે કહો છો કે મોત નથી, પણ એ કદી મનાય એવું નથી, ને તમે અસત્ય બોલો નહિ, તો મૃત્યુને શી રીતે સમજવું? ગુરુ કહે છે કે જ્યાં સુધી અવિદ્યાવસ્થા રહે ત્યાં સુધી મોહને કારણે મૃત્યુ નિ:સંદેહ ભાસે, પણ જ્ઞાન થાય પછી મૃત્યુ ન રહે. હવે શિષ્ય પૂછે છે: તમે જ્ઞાની છો, મુક્ત છો શા પ્રયોજન કાજે ધર્મને ધરો છો? જ્ઞાનીએ ધર્મ શા માટે આચરવો જોઇએ? ગુરુ એના જવાબમાં કહે છે : મનવાણી જેને પહોંચી નથી શકતી એવા પરબ્રહ્મને જાણવા કાજે અમે ધર્મ આચરીએ છીએ, જ્ઞાનીને બ્રહ્માનંદના અનુભવ માટે અંતર્મુખવૃત્તિ ધારવારૂપી ધર્મ આચરવાનો રહે છે. મૌન કોને કહેવાય? બાવાઓ બાર વર્ષ સુધી મૌન રાખે છે તે? ના, મનનો નિગ્રહ તે જ સાચું મૌન, પણ એ મૌનનું લક્ષણ શું? વાણી બાંધીને મનનો નિગ્રહ કરવો ને એ બંને વડે બાહ્યાભ્યંતર નિર્મળ થવું, પ્રપંચના ભાનને ટાળવું તે મૌનનું લક્ષણ કહેવાય. હવે પ્રશ્ન એ થાય કે પંચભૂતના પાંચ વિષય ત્યજી દઇએ તો દેહ નાશ પામે, પછી "મુક્તિનો માણિગર" કોણ થાય? ગુરુ કહે છે: પંચ વિષયનો ત્યાગ એટલે એ વિષયના ભોકતા તરીકેના અભિમાનનો ત્યાગ. શિષ્યને પ્રશ્ન થાય છે: હું દેહ છું એ વિચારને શી રીતે તજવો? ગુરુ કહે છે કે એ તો સાવ સીધીસટ વાત છે. તું દેહ છે એમ તને અવિવેકને કારણે લાગે છે. આ દેહનો અભિમાની અહંકાર તે ઇન્દ્રિયોનો દ્રષ્ટા છે; પણ જેમ ઘટનો જોનારો ઘટથી જુદો છે તેમ તું પણ દેહથી જુદો છે. વારુ, તો જે આત્માના જ્ઞાનનો આટલો બધો મહિમા અત્યાર સુધી મૂખ જ ગવાયો છે તે આત્માને જાણ્યાથી શું ફળ મળે? જેણે આત્માને સાક્ષી ચૈતન્યરૂપે જાણ્યો તે જીવનમુકતનું પદ પામ્યો એમ જાણવું. આ મુક્તિ તે શી વસ્તુ છે? ગુરુ કહે છે કે બ્રહ્મશાસ્ત્રના ભણનારા મુકિતના અનેક રૂપમાને છે, પુરાણવાળા વળી

જુદો જ વાત કરે છે, શ્રુતિવાળા જુદો જ સાર કાઢે છે, પણ હું વાદ વદવાથી ડરું છું. સાચો વાત એ છે કે આત્મારામને જાણવો તેનું નામ મુક્તિ. તો પછી વર્ણાશ્રમ ધર્મ પાળવાની જરૂર અરી? કે આત્મરૂપમાં સ્થિત થઇને રહીએ એટલે બસ? ગુરુ કહે છે કે તું વિદ્વાદિક કોઇ નથી, તારે કોઇ આશ્રમ પણ નથી, તું નોખામાં નોખો છે, માટે આત્મરૂપમાં સ્થિર થવું એ જ તારી મુક્તિ. તો પછી વિધવિધ કર્મ કરીને તેમાં આસકત રહેનાર સંસારીઓને એમ કરતાં વારવા તે જ્ઞાનીઓની ફરજ નથી? દુનિયાના દિવાના લોક અનેક પ્રકારનાં કર્મ કરે છે તે મહાજ્ઞાની જુએ છે, પણ તેથી કાંઇ શોક કરતા નથી, ઊલટા અંતરમાં રોજે છે; જેઓ કર્મથી તરતા હોય તે ભલે તરે. કર્મ કરતાં જ્ઞાનનો માર્ગ અઘરો છે, ને જો એ ન ફાવ્યો તો એ બિચારા ધર્મભ્રષ્ટ થાય. માટે કર્મ કરતા હોય તેણે કર્મ કરવું, જ્ઞાન ધરતાને જ્ઞાન ધરાવવું. પણ અહીં ફરીથી શિષ્યને પ્રશ્ન થાય છે કે અજ્ઞાનીનાં જેવાં જ કર્મ જ્ઞાનીઓ પણ આચરતાં દેખાય છે, તો બંનેમાં ફેર શો? જ્ઞાની અજ્ઞાનીમાં ભેદ ઘાટલોજ છે: અજ્ઞાનીજન કર્મ કરતી વેળાએ હું-પદ માને છે, પોતાને સર્વ કર્મનો કર્તા ગણે છે, પણ જ્ઞાની એમ જાણે છે જે ગુણાદિક ઇંદ્રિયાદિક તે હું નથી, કરેલાં કર્મ તે મારાં નથી. વિષયવાસના તો ઇંદ્રિયનું કર્મ છે. એમાં મારે કશી લેવાદેવા નથી. આમ જેને હું-પદનું અભિમાન નહિ તે જ્ઞાની, પણ કેટલીક વાર એમેય બને કે માણસ કોઇકનો પ્રેરેલો પાપ કરે, પોતાની ઇચ્છાથી નહિ, તો એ કોની પ્રેરણાથી થાય છે?[૮]: એવો અવનવો કોણ છે જે અણઇચ્છેલું કાર્ય કરાવે છે? એના જવાબમાં ગુરુ કહે છે: રજોગુણથી ઉત્પન્ન થયેલો કામ નામનો વિકાર સર્વ પાપ કરાવે છે, એ મુક્તિના માર્ગનો લૂંટારો છે, એ ઊલાળનું ધરાળ કરે છે, વાડ વિના વેલો લટકાવે છે. હવે શિષ્ય પ્રશ્ન કરે છે: શુદ્ધ સ્વરૂપને જાણનારા ને સમદૃષ્ટિ રાખનારા સંત મહંતના વેરો કોણ? મહાજ્ઞાનીનો વેરો કોણ? ગુરુ કહે છે કે જ્ઞાનીનો વેરો કોઇ હોય નહિ, પણ આ કામ જ જ્ઞાનીનો પણ વેરો છે, જો કે ઘણા જ્ઞાનીઓએ એને જીત્યો છે. સર્વેશ્વર નેસર્વનો કર્તા એવો આત્મા ફરીફરી કેમ જન્મ ધારણ કરે છે? આત્મા તો અજન્મા ને અવિનાશી છે છતાં તે જનનીના ઉદરમાં આવે છે તે સ્વેચ્છાએ જ. આત્મા એનો શુદ્ધ સત્વગુણી પ્રકૃતિનો આશ્રય લઇને અવતરે છે. એ માયાનું મંડાણ છે, માટે આત્મા

૮: સરખાવો: अथ केन प्रयुक्तोऽयं पापं चरति पुरुषः।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः॥ (ભગવદ્ગીતા)

અવતરતો જણાય છે. આ શુધ્ધબુધ્ધ મુકત આત્માને બંધન શા માટે એ જો સદા મુકત હોય તો પછી મહંતો ને યોગીઓ એને મુકત કરવાને શા માટે મિથ્યા મહેનત કરતા હશે. ગુરુ કહે છે કે આત્માને બંધન છે જ નહિ. બંધન છે એમ અજ્ઞાનને કારણે જ માનવામાં આવે છે. દેહના અભિમાનને કારણે એ બંધનમાં હોય એમ લાગે છે, પણ દૃષ્ટા નરને નોખો કરીને નિહાળતાં એમ લાગશે નહિ. અનર્થનું કારણ શું ? અનેક દુઃખ તું દુઃખદ ધરીને મનથી માને છે તેમાં તારો વાંક છે, તું જો તારી જાતને અકર્તા માનશે તો દુઃખદૂર જશે. હવે શિષ્ય પૂછે છે કે આત્મજ્ઞાનરૂપી અમૃતપાન શી રીતે કરાય શૂન્ય શિખરને યોગની અપરંપાર યુકિતઓ તો વસમી છે, સાંખ્યની સમજ તો અતિ અઘરી છે, તો કંઇક સહેલું સમજાવો. ગુરુ કહે છે કે એનો સરળ માર્ગ એ છે કે હું એક છું એમ પહેલો નિર્ણય કરવો, મારામાં સજાતિવિજાતિઓ ભેદ નથી, હું કેવળ સ્વપ્રકાશરૂપ છું. એમ અનુભવ થતાં રાગદ્વેષ વગેરે વૃદ્ધનું કચરધાણ નીકળી જશે ને આત્મજ્ઞાનરૂપી અમૃતનું પાન થશે. હવે પ્રશ્ન એ થાય છે કે જે જગત પ્રત્યક્ષ જોવામાં આવે છે તેને અસત્ કેમ કરીને માનવું ? બ્રહ્મમાં જગત અજ્ઞાનને કારણે કલ્પવામાં આવે છે, શુધ્ધજ્ઞાન થતાં એ જતું રહે છે. એક દૃષ્ટાંતથી આવાત સ્પષ્ટ કરે છે: ભરનિદ્રામાં સ્વપ્ન આવે કે વાઘ ખાવા આવ્યો છે ને આપણે છળી મરીએ, પણ જાગીને જોતાં એ ભય ટળે છે, તેમ અજ્ઞાન જતાં જગત વિશેની કલ્પના રહેતી નથી, જગતને મિથ્યા ગણીશું તો સુખ કયાંથી મળશે? દુઃખરૂપી જગતને મિથ્યા માન્યું પછી રહયો માત્ર સદા સુખરૂપ રસોલો આત્મા, પછી સુખ જ સુખ રહયું. જ્ઞાનનું ફળ શું ? જ્ઞાન પામવાથી મોહ ફના થાય છે, સર્વને આત્મા વિશે અભેદપણે જોવા એ જ્ઞાનનું ફળ છે. શિષ્ય પૂછે છે: મેં જે આગળ પાપ કર્યા એનો પ્રલય શી રીતે થશે ગુરુ કહે છે: મેં જે જ્ઞાન તને આપ્યું છે તે જ એમાંથી તરી નીકળવાનું નામ થશે ને તું પાપસાગરને તરી જશે.[૬] પણ શિષ્યને પ્રશ્ન થાય છે: હું જ્ઞાનનાવથી પાપઅર્ણવને તરી જાઉં તે સારું, પણ પાપનો સમુદ્ર તો એમ ને એમ જ રહેતો હોય તો એનો શો અર્થ ગુરુ કહે છે કે એવું નથી. જેમ ધગધગતો અગ્નિ કાષ્ઠને ભારેભાર બાળી નાખે છે તેમ આત્મજ્ઞાનરૂપી અગ્નિ પાપના સમૂહને બાળી નાખશે. જ્ઞાન થયા પછી આત્મા સિવાયનું સર્વ મિથ્યા જણાશે. પછી પાપ અને તેનો ભોગ પણ મિથ્યાજ બની રહેશે. પાપ બળે પણ પ્રારબ્ધને બાળી શકાય નહિ. હવે ગુરુ જ્ઞાનીનાં લક્ષણો વિશે પ્રશ્ન પૂછેછે. જ્ઞાની વિદ્વજ અને ઢેડ ને સરખા ગણે છે. કોઠો કુંજરને એક ગણે છે, અંધારું અજવાળું એને મન સરખું છે.

૬: સરખાવો: ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन ।

આમ જે સર્વત્ર સમદર્શી છે તે જ્ઞાની છે. પરબ્રહ્મ જેને પ્રાપ્ત થયા હોય તેનાં લક્ષણ કેવાં હોય? આકાશ કે સૂર્ય ચળે પણ બ્રહ્મવેત્તા નહિ ચળે. બ્રહ્મવેત્તા દઢ નિશ્ચયથી હોય છે, બ્રહ્મપ્રાપ્તિનું એ લક્ષણ છે. ઇષ્ટની પ્રાપ્તિથી એ હર્ષ પામતો નથી, અનિષ્ટના પ્રાપ્તિથી એ પીડા પામતો નથી. જગત જો કલ્પિત છે તો પછી બંધમોક્ષ કયાંથી થયા? જેણે સદ્‌ગુરુ પાસેથી નિર્ણય કર્યો કે હું મુકત છું તે તો સદા મુકત જ રહેવાનો, પણ જેને સદ્‌ગુરુની કૃપા નથી મળી તે બંધાયેલો રહેવાનો. અભિમાનથી જ બંધમોક્ષ નીપજે છે, પણ પંડિતો બંધમોક્ષને સત્ય માને છે તેનું શું?ગુરુ કહે છે કે પંડિતરાજ સાથે વાદવિવાદમાં મારે પડવું નથી. એ પંડિતો અજ્ઞાનથી દેહને આત્મા જાણીને બંધમોક્ષને સત્ય માને છે, પણ આત્મા તે દેહ નથી, એ તો દેહનો દ્રષ્ટા છે, સાક્ષીરૂપ ચૈતન્ય છે. માટે એ પંડિતોની આ માન્યતા ખોટી છે. આત્મા સ્થૂળ દેહથી ભિન્ન છે, તેમ લિંગદેહ અને કારણદેહથી પણ એ ભિન્ન છે ખરો? લિંગદેહ, કારણ દેહ અને સ્થૂળદેહથી તો સકળ વિશ્વ છે. આત્મા તો એ સર્વનો દ્રષ્ટા છે ને તેથી એ સૌથી ભિન્ન છે.તો પછી આત્મા અને જગત એમ બે વસ્તુ થઇ નહિ કહેવાય? તો તો દ્વૈતભાવ સાચો ઠરે. ગુરુ આ પ્રશ્નનો જવાબ એક દ્રષ્ટાંતની મદદથી આપે છે: જળનેકાંઠે ઊભા રહીને જોતાં જેમ એમાં તરંગ, ફીણ અને બુદ્‌બુદ દેખાય છે ને તે જળથી ભિન્ન કહેવાય છે છતાં જળથી ભિન્ન નથી તેમ આત્માના સાગરમાં ત્રણ ગુણરૂપી તરંગ, ફીણ અને બુદ્‌બુદ સમી જાય છે. આત્માથી ભિન્ન કશું નથી, તો પછી દ્વૈતભાવ રહે છે જ શી રીતે? હવે પ્રશ્ન એ થાય જે કે આત્મા જો અજ્ઞાનરૂપી અંધકારથી ઢંકાયેલો હોય તો બીજાને પ્રકાશ શી રીતે આપે? તો પછી જગતનો ભાસ શાના પ્રકાશથી થાય? આત્મા સદા પ્રકાશરૂપ જ છે, એને વિશે અજ્ઞાન અંધકાર સંભવે જ નહિ. પ્રકાશ જ આત્માનું રૂપ છે. આ પ્રશ્નોત્તર જેણે સાંભળ્યા તેને શું ફળ મળે? એ કયા પદને પામે?ગુરુ કહે છે કે આ પ્રશ્નોત્તરમાલિકા જે સાંભળે, એનું જે મનન અધ્યયન કરે તે નિ:સંદેહ મોક્ષપદને પામે, તે સમાન દ્રષ્ટિવાળો થાય, સદ્‌ગુરુનું સ્વરૂપ સમજે. આ તો મીઠા જ્ઞાનનો કૂપ છે, એમાં ડૂબકી મારનારને સુધારસ સાંપડે છે.

આમ "પ્રશ્નોત્તરમાલિકા"માં ચર્ચાયેલા વિષયો આપણે ધીરાની ભાષામાં જ, જોઇ ગયા. ગુરુ "કરવો ન મારે પુનરુક્ત"[૧૦] એમ કહે છે છતાં આમાં ઘણા પ્રશ્નો ફરી ફરી જુદી જુદી રીતે પુછાયા કરે છે. કેટલાક પ્રશ્નો ખાસ મહત્વના નથી,

---

૧૦: કાફી ૨૧૧, પૃ. ૧૭૮

પ્રશ્નો પૂછવામાં પણ ખાસ કશી વ્યવસ્થા નથી. "ભગ" શબ્દના અનેક અર્થનો પ્રશ્ન પણ શિષ્ય પૂછે છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિ એ મુખ્ય વસ્તુ છે. આ વાત અનેક રીતે ફરી ફરી અહીં કહેવાય છે. કયાંક કયાંક સચોટ દૃષ્ટાંત ધીરાએ યોજ્યાં છે ખરાં, તો કયાંક શિષ્ય પ્રત્યે ગુરુના મુખમાં વધારે આકરી ભાષા પણ મૂકી દીધી છે. એક સ્થળે ગુરુ શિષ્યને કહી દે છે:

મારું કહેવું સર્વે છે સાચું, તારું જૂઠામાં જૂઠું છે જાણ. કાફી ૧૨૭, પૃ.૧૦૭

એકની એક વાતનું પિષ્ટપેષણ ઘણીવાર સુખપાઠ્ય બની રહેતું નથી. ભાષામાં ઘણી વાર અશિષ્ટ ને ગ્રામ્ય પ્રયોગો પણ આવી જાય છે.

ધીરાની અન્ય કૃતિઓ પૈકી "પ્રાચીન કાવ્ય" ત્રૈમાસિકના ત્રીજા વર્ષના બીજા અંકમાની ૩૮ કાફીઓ, ૭ પદો અને એક ગરબો નોંધપાત્ર છે. "બૃહત્કાવ્યદોહન" ના બીજા ભાગમાં "જ્ઞાનબત્રીશી" એ શીર્ષક હેઠળ છપાયેલાં બત્રીસ પદો પૈકીના ૧,૨,૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ - આટલાં ૨૨ પદો તો "પ્રાચીન કાવ્ય" ત્રૈમાસિકમાં આવી જ ગયાં છે. બાકીના ૧૦ પદો એમાં નથી, પણ એ સિવાયનાં બીજા પદો છે. "જ્ઞાનબત્રીશી" માં ચમુક એક વિષયનું સળંગ કડીબધ્ધ નિરૂપણ નથી, વળી એ પદો જુદા જ ક્રમમાં "પ્રાચીન કાવ્ય" માં છપાયેલાં છે. એ જોતાં આ પદોને "જ્ઞાનબત્રીશી" નામ કોઇએ પાછળથી આપ્યું હોય એમ પણ સંભવે. ધીરાની આ પ્રકીર્ણ રચનાઓના પર એક ઊડતી નજર નાંખી લઇએ.

અન્ય જ્ઞાનમાર્ગી કવિઓની જેમ ધીરાએ બ્રહ્મસ્વરૂપનું વર્ણન આ પ્રકીર્ણ કૃતિઓમાં આપ્યું છે. પુરુષ સૂકતમંત્રના પુરુષના વર્ણનને અનુસરીને એ બ્રહ્મનું ભવ્ય વર્ણન આમ આપે છે:

શીશ ચશમાન રવિશશિ લોચન, શેષ પગ પાતાળ,
પૃથ્વી પિંડ નવસેં નવાણું નદી માંડો, નિર્મળ ઉદર અર્ણવમાળ,
અઢાર ભાર રોમ જ રે, નવલખ તારો બાદલ બાશી. ૨
નાભી બ્રહ્મા પીઠમાં રુદર, એ હૃદિયા ઉમિયાનાથ,
વદન વિષ્ણુ કંઠ કૃષ્ણજી, શ્રવણ રસની શક્તિમાત,
મહામમ મોટો રે , આનંદ પદ ઉલ્લાસો. ૩. :પૃ.કા. દો.૫૬.૪:

આ વિશ્વંભર બ્રહ્મ તે સભર ભરેલા સમુદ્ર સમાન છે. એમાં રવિશશીના તેજનો જ્યોતિ છે, એ સુખનો સાગર, જો નિરખશો તો, નિજ અંતરમાં જ રહેલો જણાશે.[૧૧] અખંડાનંદ આત્મા આદિથી જ વિશ્વને વ્યાપીને રહ્યો છે, વેદ એની ગતિને જાણતા નથી, પણ જ્ઞાની પુરુષો જ જાણે છે.[૧૨]

કોટિ બ્રહ્માંડ મધ્ય વ્યાપિક વિશ્વંભર, સરજનહાર સંસાર;
વિરંચી વિષ્ણુ શિવ સુરરાજ્ત, હુચા માંહી રમણહાર,
અલખ નિરંજન રે, કરંદા ખેલ ખેલંદા. ૨.

અને પછી નરસિંહની જેમ ઉમેરે છે:

એક હેમના ઘાટ જુજવા, નામ ધરાવે ધરી નેમ;
બેટો તે બાપ ને બાપ તે બેટો, તદ્વત નામ ધારે હેમ.

એ આમ વિશ્વમાં ઓતપ્રોત થઈને રહે છે તે દૃષ્ટાંત આપીને સમજાવતાં એ કહે છે:

જડ ચૈતન્ય મણિમાળા મુક્તા-ફળ, તે મધ્યે પોતે સૂત્રનો તાર;
જેમ જળમાં તોરંગ બુદબુદા, એમ વિશ્વ ને વિશ્વાધાર,
અદ્વિતીય અવિનાશો રે, હાલંદા બંદા બોલંદા.

આ બ્રહ્મની પ્રાપ્તિને માટે ચટપટાં સાધનો કે જટાજાળના જરૂર નથી.

દરપણમાં તન દરશે પોતાનું, એમ માંહેથી મળે મા"રજ.[૧૩]

જો મેળવતાં આવડે તો એ દૂર છે જ નહિ.

દૂર બતાવે નાથને, તેને પ્રકટ પાસ દેખાડું જો,
એક સદગુરુની કૃપા વડે, તેને બ્રહ્મલોકમાં પોહોચાડું જો.[૧૪]

આ ધારાના અન્ય કવિઓની જેમ ધીરો પણ સહજ સાધનાનો જ પુરસ્કર્તા છે માટે જ એ સહજ સમાધિની વાત કરે છે:

હસ્તામળ રવિ પ્રકટ્યો ઘટમાં, જળ બિંબ જ્યોતિ,
સેજ સમાધિ અનહદ ધૂન લાધી, અજપદ આનંદ ઉજાસ,
અદ્વૈત મગ્ન ઉછ્યું રે, લલુતા પ્રેમ પાખડિયે. ૧૫:

૧૧: પ્રાચીન કાવ્ય, કાફી ૧, ૧૨, એજન કાફી. ૧૭, ૧૩. એજન કાફી.૧
૧૪: એજન, ગરબો, પૃ. ૪૩ ૧૫: એજન, કાફી ૨૫.

આ બ્રહ્મપ્રાપ્તિનું "વિશ વસાનું કામ" શી રીતે સિધ્ધ થાય તે બતાવતાં ધીરો કહે છે:

શીળ સંતોષ ને ક્ષમા ગરીબી, ગુરૂજ્ઞાન નિજ નામ;
કામક્રોધ લોભમાં હારે ત્યારે, વિશ વસા થાય કામ. [૧૬]

એક રીતે આ સાધના સાવ સહજ ને સરળ છે, પણ એનો અર્થ એ નથી કે ગમે તેવા એ કરી શકે. એ તો "શૂરાપૂરા"નું જ કામ છે. વિશ્વંભરના સભર દરિયામાં

શૂરાપૂરા તારા એ જળમાં ઝંપલાવે, કોઇ મરજીવા લાવે મોતી. [૧૭]

મરજીવા જ એ મર્મને જાણી શકે. [૧૮] એના આ પ્રખ્યાત પદમાં ધીરાએ યુધ્ધના જ પરિભાષા વાપરીને આ સાધનાને વર્ણવી છે:

બખ્તર મનસુબા રે, ખાંડાની ધારે ચઢવું છે;
હિમ્મત હથિયાર બાંધી રે, સત્ય લઢાઇએ લઢવું છે.
....સો સરદારે ગઢ ઘેર્યો રે, તેની ઝીતી પાર પડવું છે.

આ સો સરદાર તે સો વર્ષ, એક ઉમરાવ એટલે એક વર્ષ ને એના બાર પટાવતા એટલે બાર મહિના– આ બધાંએ મળીને આયુષ્યના ગઢને ઘેર્યો છે, આપણે કાળના પરિમાણથી બંધાયેલો છીએ. પાંચ વિષયરૂપ પાયદળ પૂંઠે ફરે છે. એની સામે ઝૂઝવાની રીત કેવી છે:

પ્રેમ પલાણ ધરી જ્ઞાન ઘોડે ચઢી, સદ્‌ગુરુ શબ્દ લગામ;
શીલ સંતોષ ને ક્ષમા બડગ ધરી, ભજન બડાકે રામ,
ધર્મ ઢાલ ઝાલોરે, નિર્ભે નિશાને ચઢવું છે. [૧૯]

મિથ્યાચારીઓ અને દંભીઓની ધીરાએ પણ સારી પેઠે ખબર લઇ નાંખી છે એવા "શાકુટ" હંમેશાં હરિભજનમાં ભંગ પાડે છે. એમની સંગત કરવી જ નહીં જોઇએ, એ લોકો બીજાની બુધ્ધિને બગાડે છે:

કુડ કપટે ઘટભોતર ભરિયું, દંભી પાખંડ અપાર;
સો સો વાર તેને સંત સમજાવે, પણ માને નહિ લગાર,
દૂધે ધોયા કોયલા રે, ઉજ્વળતા તે કયાંથી કાંડે.

૧૬: પ્રાચીન કાવ્ય, કાફી ૧૩, ૧૭: એજન કાફી ૧,
૧૮: એજન, કાફી ૧૧, ૧૯: એજન, કાફી ૨૨,

સમાજે પણ એવા લોકોને પોષવા ન જોઇએ, એ તો અમૃત પાઇને અહિ ઉછેરવા જેવું થાય. સાપનો જાતિસ્વભાવ કાંઇ થોડો જ જવાનો હતો! જરા આકરી ભાષા માં ધીરો એવા પાખંડીને ભાંડે પણ છે:

હરિભજન જેના ભવનમાં નહિ, મંદિર તેનું મશાણ;
સ્મરણ પૂ-ય શમણે નવ સમજે, તે પાપી પાખંડી પશુ પ્રમાણ,
ધિક્કાર તેની જનની રે, એવાં રત્ન જે જીવાડે.
ગુરૂ-જ્ઞાનહીણા વિશ્વાસ-ઘાતી, તે કૃતઘ્ની કહેવાય,
દાસ ધીરા તેને વાસ ન વસિયે, સંગતનું ફળ થાય,
અઘોઠ મુખ તેનું રે, કૂવે ઉતારી વરત વા'ડે. ૨૦:

આવા મૂરખોના હાથમાં હીરો આવે તો તેને પણ કોડીસાટે વેચી નાખે, પણ આ દુનિયા ખરેખર "દિવાની" છે, આ બ્રહ્માંડ પાખંડને જ પૂજતું લાગે છે, "બુચટ" લોકો કશો વિવેક કરો નથી જાણતા:

જીવન નહીં તેને શિવ કરી માને, પૂજે કાષ્ટ પાષણ,
ચૈત-ય પુરૂષ ને પાછળ મૂકે, એવી આંધી જગત અજાણ,
ચર્કને ચજવાળે રે, પ્રસિદ્ધ મણિ નવ સૂઝે. ૨૧

એવા લોકો પથ્થરની હોડો પાણીમાં મૂકીને તરાવવા જાય છે, ને પછી સોવાર શીશ પટકે છે, પણ ધાતુની પેનું કાંઇ થોડો જ દૂઝવાને હતી? અંતરમાં મેલ "અતિપૂરણ" ભર્યો હોય, પછી નિત્ય નિર્મળ જૈળમાં નાહવાથી શું વળવાનું હતું? જે લોકો વાદવિવાદ અને વિતંડામાં રાચે છે, પંથ અને વાડામાં પૂરાઇને બેસે છે તેમને માટે ધીરાને સમભાવ નથી. એવાઓનો ઉપહાસ કરતા ધીરો કહે છે:

અજોનો વાડો કૂકડીનો વાડો, ગાયો ભેંશોનો વાજિયો વાડો,
જે અબંધ સ્વામી બંધમાં ના'વે, મુને વ્યાઘ્રનો વાડો દેખાડો.
.... રામાનંદી ને નિમાનંદી, વલ્લભ સ્વામીજાનંદી સમજાવે,
કબીરપંથી ને દાદુપંથી, બણીબણીને ભૂલાવે,
ગુરૂ થઇને ગાજે રે, પરાયું ધન હરવાને.

૨૦: એજન, કાફો ૩૦:૮: ૨૧: એજન કાફી ૧૦:

પ્રૌઢો પ્રીને પ્રેત પૂજાવે પાણી પીતળ પાષાણ,
ઘેલડો મેલડીને કબર પૂજાવે, એમાં કો ણ કરે કલ્યાણ?
તીર્થ યાત્રાએ ડોલે રે, અકળાઇ મરવાને. ૨૨

આ બધા પ્રપંચનો કશી જરૂર નથી, માત્ર આટલું જ કરવા ની જરૂર છે:

સદ્‌ગુરુ શબ્દનું ગ્રહણ કરીને, પ્રગટી પંડમાં પેખ,
દૂર નથી નાથ નજીક નિરંજન, દિલ શુદ્ધે દેદાર દેખ.૨૩

બ્રહ્માનંદનું વર્ણન કરતી રચનાઓ ધીરાની કવિતરીકેની શક્તિનું ઠીકઠીક દર્શન કરાવે છે. જે આત્માસ્વરૂપને "સમજ્યા" તે સહેજમાં સુખ પામ્યા. એ બ્રાલી સ્થિતિનું વર્ણન કરતાં ધીરો કહે છે:

પોતામાંથી પોતે પ્રકટ્યો, આત્મા ચોળપ્યો ઉલ્લાસે.
ધ્યાનારો જઇ ધ્યેયમાં ભેઠ્યો, મોટે મેલ મન મગન.
સાધન બાધન સર્વે સમી ગયું, કોં કેત કરીએ મજ્જન.
સરિતા સિંધુ ભેળી રે, જળે જળ ભળી ચાલે.૨૪:

જેને "કૂટ" કહેવાય એવી, આ પરંપરાની, સાંકેતિક ભાષા માં આ સ્થિતિનું વર્ણન પણ ધીરાએ કર્યું છે. આ સ્થિતિને પામ્યા પછી ચમત્કાર રૂપ લાગતી વાતો શક્યપની રહે છે. જો સમજો તો એમાં કશો ચમત્કાર નથી, ને જો એની ચપરોક્ષાનુંભુતિ નહિ થઇ હોય તો આ બધું નર્યા વિરોધાભાસરૂપ જ લાગે. મૃતસંજીવન વિધાનો મહામંત્ર બતાવીને કવિ આટલા ચમત્કારો કરી બતાવવા ધારે છે:

વિના પરે ઉડું આસમાન ઉપર, પર્ણ વિના મેરૂ ચઢું,
નવસે નવાણું એક ધેર આણું, સિંધુ કૂદી પાર પડું,
સાડા ત્રણ કોડ રોમને રે, રમત રૂડી રમાડું.

મન પાંખ વિના આસમાંનમાં ઉડે, પ્રાણાયામમાં મસ્તકે પ્રાણને ચઢાવવો ને ચરણ વિના મેરુ ચઢવા બરાબર ગણાય, નવસે નવાણું નાડીઓને, એમાં રહેલા પ્રાણવાયુને એક સ્થળમાં કેન્દ્રિત કરી શકાય, મનમાં, સમુદ્રને ઉલ્લંઘીને નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર થવાય અને એમાં સ્થિર થયા પછી જે બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય તેનાથી સાડાત્રણ કરોડ ઇંચાને એ રમતમાં રમાડાય.

૨૨: એજન, કાફી ૩૦ ૨૩: એજન કાફી, ૧૦, ૨૪: એજન કાફી ૧૨.

પછી અર્ક વિના અજવાળું પણ કરી શકાય કારણ કે જ્યોતિસ્વરૂપ આત્માનું જ્ઞાન થતાં બધું જ વિના સૂર્યે ઝળહળ થઇ ઊઠે, પછી વિવેકથી શિવ, વિરંચી અને વિષ્ણુને એટલે કે તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણને કબજે કરીને ત્રિગુણાતીત થઇ શકાય. પછી અગ્નિ વરસાવીને પાષાણને પલાળી શકાય; એટલે કે કર્મને બાળનાર જ્ઞાનાગ્નિથી મનના પાષાણને પલાળી શકાય; શત વૈકુંઠને પણ તારી શકાય; જળમાં જોળધરને બાળી શકાય, એટલે કે કાળરૂપી જળધરને બાળીને ત્રિકાલાતીત બની શકાય; જે મરે ન હિ તેવી તૃષ્ણાને મારી શકાય; ચૌદલોક જેમાં સમાયા છે એવા આ દેહ[૨૫] ને ચેતાવીને પંદરમાં લોકમાં એટલે કે મૂર્ધસ્થાને રહીને મુક્તિ અપાવી શકાય; જડીબુટ્ટી વિના ધનવંતરી બનીને કાયાને નિરોગી કરી શકાય એટલે કે યોગની સાધનાથી કાયાને બ્રહ્મપ્રાપ્તિનું સાધન બનાવી શકાય; સત્ય, દ્વાપર, ત્રેતા ને કલિ એ ચારે યુગમાં જોગી બની શકાય, એટલે કે તુરીયા, સ્વપ્ન, જાગ્રત અને સુષુપ્તિ-એ ચારે અવસ્થામાં યોગની સાધના કરી શકાય; ને આમ ઘટમાં સિંધુને સંતાડી શકાય, એટલે કે બુદ્ધિના ઘડામાં મનના સિંધુનો લય કરી શકાય.[૨૬:] કબીરમાં પણ આવી "સંધ્યા ભાષા" નાં કૂટ પદો ઘણાં છે. બ્રહ્માનંદને વર્ણવતી અન્ય રચનાઓમાં ભવાઇની પરિભાષામાં એ સ્થિતિનું વર્ણન માત્ર ઉલ્લેખમાત્ર છે.[૨૭:] સંસારનું નાટક કરનારા ભવૈયાઓને કવિ ભૂતળ ઉપર ખેલ ભજવવાનું કહે છે.

ભવૈયા ભાવે ભજો બ્રહ્મ રે, ભૂતળ ખેલ ભજાડો;
નૃત્ય કરો નાયક રે, રચો આનંદ અખાડો.

આમ ભવૈયા "સોહમ્"ની સરતે "આત્માને રમાડે છે, એ ત્યારે થેઇથેઇકાર મચી રહે છે:

જ્ઞાન ધુધરો ઘણણણ ઘમકે, રણણણ રોમ રણકાર;
રણણણ સુર ઝણઝણે, ભણણણ ભાન ભણકાર,
ગડડ મૃદંગ ઝડ રે...

૨૫: ભાગવત, બીજો સ્કન્ધ
૨૬: પ્રાચીન કાવ્ય, ઝાકી ૧૫
૨૭: એજન કાફી, ૧૯:

આ ભવાઇમાં ભાવનો ભુંગળ વાગે છે, એના શબ્દથી દિશાઓના છેડા પણ ડોલી ઊઠે છે. એનો તનનન તાલ તંબુરા પૂરે છે ને એથી સુરત તુરત શાંત થાય છે. એમાં નામનાં નરધાં વાગે છે, માનનાં મંજરાં રણકે છે. આ ભવાઇના નાયક મનને ઉદ્દેશીને કવિ કહે છે:

ધોરી લાખા વેશ લાવો મન નાયક, રિઝવો રાજા જોઇ રૂપ;
દાસ ધીર ધણો અઢળક ઢળિયા, મોટા કોટિ બ્રહ્માંડના ભૂપ,
મજામાની મોજ મળી રે, ધન્યઘડી ધન્ય દા'ડો.

ધીરાએ આ સ્થિતિનું વર્ણન હઠયોગની પરિભાષામાં પણ ઘણીવાર કર્યું છે. હઠયોગની સાધનામાં દેહનું મહત્ત્વ ઘણું છે.[૨૮] આ દેહનું આવી સાંકેતિક પરિભાષામાં ધીરાએ ચચ્છું વર્ણન આપ્યું છે. કવિ દેહને "નૌતમ નગરી" કહીને વર્ણવે છે:[૨૯]

શેહેરની લેહેર બની નૌતમ નગરી, પંચરંગી બંગલા બિરાજે,
મેહેલ મેહેલ મોતીનાં તોરણ, ઘેર ઘેર વાજંત્ર વાજે,
નિવૃત્તિનો નાવલો રે, જૂવે તે જોયા જેવાને,

આ નગરીમાં પાંચ તત્ત્વના પાંચ રંગવાળા બંગલા છે, બ્રહ્મરન્ધ્રમાંથી સ્રવતાં અમૃતબિંદુનાં તોરણ છે, અનહદ નાદનાં વાજંત્ર વાગે છે, ને આ બધું પરમાત્મા જુએ છે. આ નગરીમાં મુખ, બે આંખ, બે નાસિકા, બે કાન, મૂત્રદ્વાર, અપદ્વાર અને બ્રહ્મરંધ્ર એમ દશ દરવાજા છે, પાંચ જ્ઞાનેન્દ્રિયોની પાંચ બારી છે ને એમાં મનની અનેક વૃત્તિઓ પૈકોની છત્રીસ વૃત્તિઓ છત્રીસ નારીની જેમ નાચે છે. અથવા તો શરીરમાં રહેલા ચંદ્રસૂર્યની મળીને ૨૮ કળા અને ષટ્ચક્રની સાત શક્તિઓ મળીને ૩૫ ને છત્રીસમો નિજકળા- આ એ છત્રીસ નારીઓ નૃત્ય કરે છે. આ નગરમાં ભાવન બજાર અને ચોરાશી ચૌટા છે, એટલે કે છત્રીસ વ્યંજન અને સોળસ્વર મળીને ભાવન માતૃકા છે ને ચોર્યાસી લાખ યોનિનો ભેદ છે. આવી નગરીમાં ઊર્ધ્વમુનિ મંદિરમાં અખંડ જ્યોતિ ઝળકે છે, એ "નિરંજનના ઘર" માં મૂર્ધાસ્થાને જીવ બિરાજે છે, શૂન્યમંડળમાં હંસમંડળી બેઠી છે, ત્યાં ધીરો "બ્રહ્મદેવા" ને ભેટે છે. આજ પ્રકારનું વર્ણન બૃહત્કાવ્યદોહનમાંની" જ્ઞાન બત્રીશી" ના ૩૦ માં પદમાં પણ છે:

૨૮: "શરીરે વિના સાધન રે, પાર કોઇ પામે નહિ "ભજન, કાફી, ૧૧,
૨૯: ભજન, કાફી ૨૧.

ખેચરી ભેસરી અગોચરી રે, ઉન્મુનિએ જઇ ઠરી.
ઇંગલા પિંગલા રહી અળગી રે, વળગી સુષુમ્ણા વરતી;
મહી તરવેણી ગંગા રે, જમુનાં સરસ્વતી. ૩
શૂન્ય શિખર ઉપર રે, અખંડ અંતરજામી ૪.

આવું જ દેહનું પંચરંગી બંગલા રૂપે વર્ણન આ "જ્ઞાનબત્રીશી" ના ૬૨ માં પદમાં પણ આપ્યું છે. હઠયોગની પરિભાષાનો ઉપયોગ ધીરાએ, બ્રહ્માનંદની સ્થિતિને વર્ણવવામાં અનેક રચનાઓમાં કર્યો છે. એ પૈકીની એક ઉલ્લેખપાત્ર રચના અહીં જોઇએ. એવી એક કાફીમાં[૩૦]: ચતુર મનને કવિ ચૌદબારીઓને એટલે કે ચૌદ વિદ્યાઓ અથવા દશ ઇન્દ્રિયો ને ચાર અંત:કરણના અધિભૂત – કર્મ – વિષયને બાજુએ મૂકીને અધ્યાત્મ વિદ્યા અથવા નિર્વિકલ્પ સમાધિરૂપ પંદરમો બારો ખોલવાનું કહે છે. એ બારીમાંથી પંદરમો ભૂમિ-ચૌદલોકની પારનો પંદરમો લોક અથવા અલક્ષ્ય માં પ્રવેશીને જોતાં રંગીલો રાસ રમતો દેખાશે. એણે પાંચ મહેલને પાછળ મૂકી દીધા છે ને છઠ્ઠા મહેલમાં એ છબીલો, એકલો ખેલંદો ખેલ ખેલે છે. આ રંગીલો એકાકી ખેલંદો તે બ્રહ્મ, ને પાંચ મહેલ એટલે પાંચ કોશ. ત્યાં ગંગા, યમુના અને સરસ્વતીનો એટલે કે ઇડા, પિંગલા અને સુષુમ્ણાનો ત્રવેણી સંગમ છે, ત્યાંથી આ નાડીરૂપી રાણી પાણી ભરે છે એટલે કે એ નાડીએ ચઢવાથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે, એ જ નાડીએથી અમૃત બિંદુ સ્ત્રવે છે, માટે એજ પાણી ભરે છે એમ કવિ કહે છે ને આમ

ઝરમર ઝરમર મોતી વરસે રે, વિના વેલે ખીલી કૂવાડી,
શૂન્યશિખર પર અમર અજય નર, વિશ્વંભર રાજ વિરાજે,
સહસ્રદલ કમળ પર કરે લીલા, ત્યાં અનહદ છંદેવાજાં વાજે,
ગડગડ સિંધુ ગાજે રે, ઝીલે જળ પાળ ફાડી.

આ શૂન્યશિખર તે બ્રહ્મરંધ્ર. ત્યાં હજાર પાંખડીનું કમળ છે તેમાં નિરંજન પુરુષ વિરાજે છે, ને લીલા કરે છે. અનહદ નાદ એટલે પ્રાણ વગેરે દશ વાયુ અને શિરાઓમાં ફરનારા રુધિરનો નાદ. એ સ્થાનને વર્ણવતાં કવિ કહે છે:

૩૦: એજન, કાફી. ૭

પૃથ્વીથી પોલું આકાશથી ઉંચું, એવું પર વિના અધર કરે પંખી;
બે બચ્ચાં તેની બગલમાં બિરાજે, બોલે પિયુપિયુપિયુ ઝંખી,
ધીર મરજીવા રે, સાકર દૂધ પીએ દાઢી.

પ્રથમ દષ્ટિએ આ પંક્તિઓ કૂટ જ લાગે. પાંખ વિના અધ્ધર ફરતું પંખી તે મન, એનાં બે બચ્ચાં પુરુષ અને પ્રકૃતિ, અથવા શુભ અને અશુભ, પાપ અને પુણ્ય-તેની બગલમાં છે. એ પિયુપિયું બોલીને ઇશ્વરને ઝંખે છે. જે મરજીવા હોય તે હંમેશાં સાકરદૂધ પીએ, વિજ્ઞાનરૂપ સાકર અને અમૃતબિંદુ રૂપ દૂધનું પાન કરે.[૩૧]

ધીરાની આવી જ બીજી કૂટ જ લાગતી રચનાઓ, તે જેમાં એણે અવળવાણીનો આશ્રય લીધો છે તે છે. આવી અવળવાણીમાં જો શબ્દોનો વાચ્યાર્થ લઈએ તો સાવ વિરોધ જ ભાસે, પણ એનાં સાંકેતિક અર્થને લક્ષમાં લઈએ તો આપોઆપ એ અર્થ સુસંગત લાગે. કબીરાદિ સંતોની વાણીમાં આવી ઉલટબાંશી ઘણી આવે છે તે આપણે, સંત સાહિત્યની ચર્ચા કરી ત્યારે, જોઈ ગયા છીએ. અહીં ધીરાની એવી અવળવાણી જોઈએ. સંતોને સેવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય ત્યારે જે "અગમ" છે તે "સુગમ" થાય, પણ તેમ છતાં વાણી તો એને પામીને પાછી જ વળે. માટે વાણીમાં એનું વર્ણન કરવું હોય તો અવળવાણીનો ઉપયોગ કર્યે જ છૂટકો. એ "અગમ" જ્યારે "સુગમ" બને ત્યારે કેવી સ્થિતિ હોય, ત્યારે શું થાય? કવિ એને વર્ણવતા અવળવાણીનો આશ્રય લઈને કહે છે.[૩૨]

ઊલટી સરિતા પડે ગગનપર, વિના વાદળા વરસાય,
વિના ચાભ વિજળી ચમકે, જેળી ગરજના થાય,
ધીરે ધીરે વરસે રે, વરસીને અમર કરે.

બાષ્પીભૂત થઈને નદી વાદળ બની ગગનને ઢાંકે તેમ માયા બ્રહ્મને ઢાંકે છે. બ્રહ્મ-ધર્મોથી અમૃતનું વરસવું તે જ વિના વાદળનું વરસવું, વજ્રાસને બેસીને ચેચરી મુદ્રા કરવાથી વીજળીનો તથા ભેળી ગર્જનાનો અનુભવ થાય છે એમ યોગના સાધકો કહે છે ને આ જ વાતનો ઉલ્લેખ કબીર વગેરેની રચનાઓમાં પણ વારે વારે આવે છે.[૩૩] પછી આગળ આ જ સ્થિતિને વર્ણવતાં કવિ કહે છે:

૩૧: આ જ પ્રકારની બીજી કાફીઓ ૧૨, ૧૫, ૧૮, ૨૧, પ્રાચીન કાવ્ય. ૩૨: એજન કાફી.૨

૩૩: કડકી કમાન જબ, બિજરીસી ચમક ભઇ,
તારનસે તૂટતે ન બાદલ ઘટા છાઇ - વગેરે. કબીર.

તેતરડે સિંહાણો પકડયો, સસે સપડાવ્યો સિંહ;
કાયર અડ્ગ કાઢીને દોડયો, ત્યારે શૂરે પાડી ચીસ,
મંજારો મૂએ મારો રે, રૈયતનું રાજા ડરે.

આનો અર્થ કરવાનું મુશ્કેલ જ બની રહે. બદ્રિનાથ દેવનાથે "પ્રાચીન કાવ્ય" ત્રૈમાસિક વર્ષ ૩, અંક ૨ માં આને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે અરો: બુદ્ધિરૂપી તેતરે અહંકારરૂપી બાજને પકડયો, સંતોષરૂપી સસલાએ તૃષ્ણારૂપી સિંહને સપડાવ્યો, સાચા સંતના સમાગમથી કાયર ચિત્તે પણ ચૈત-ચઅડ્ગ સંભાળ્યું ને ત્યારે શૂર કાળ હેઠો પડયો, કારણ કે કાળનો કાળ અખંડ બ્રહ્મ છે, અવિદ્યારૂપી બિલાડીને, સંતના સત્સંગથી પ્રાપ્ત થયેલી સદ્વિદ્યાના બળે, મનરૂપી ઉંદરે મારી, દશ ઇન્દ્રિય અને ચાર અંત:કરણના ચૌદ દેવતારૂપે રહેલી રૈયતે આત્મારૂપી રાજાને ડરાવ્યો. આ અર્થ મનસ્વી અને તાણીતૂસીને બેસાડેલો લાગે છે તે સ્પષ્ટજ છે.

આમ આ અવળવાણી આગળ ચાલે છે:

વિના વાજીત્ર વાજાં વાજે, વિના કંઠ હોય ગાન,
દોકર વિના તાળી વાજે છે, તાલ વિના જડે માન,
વિના વાડી પુષ્પ જ રે, પર વિના ભમર ફરે.

આના પણ આવી જ સમજુતી આપી છે: પ્રાણવાયુનો નાદ તે વાજીત્ર, અપાનનો નાદ તે ગાન, વાન તથા ઉદાનનો નાદ તે તાલ અને માન, વાડી વિનાનું પુષ્પ તે સહસ્રદલ કમળ, એના ઉપર પાંખ વિના ફરનારો ભમર તે મન.[૩૪]: "તરણા ચોથે ડુંગર રે ડુંગર કોઇ દેખે નહિ" એ પ્રસિદ્ધ રચનામાં પણ ધીરાએ, આ જ સ્વરૂપની, અવળવાણીનો આશ્રય લીધો છે.

સાધ્યવસાન રૂપકના સ્વરૂપની રચનામાં પ્રાચીન કાવ્ય, વર્ષ ૩, અંક ૨ માની જી મી કાફી તથા પ્રાચીન કાવ્ય વર્ષ ૪, અંક ૩ માની "સુરતી બાઇનો વિવાહ" એ બે રચનાનો ઉલ્લેખ કરવો જોઇએ. આ પૈકીની પહેલી કૃતિમાં મનને "સોકલીગર" એટલે કે સરાણીઆ જોડે સરખાવ્યું છે ને એને "હરદાના હથિયાર" સરાણે ચઢાવવાનું કહ્યું છે. એમાનું કાયાકટારનું વર્ણન જુઓ:

૩૪: આવી જ અવળવાણી પ્રા. કા. માં કાફી ૧૫ તથા ૨૩,૨૪ માં પણ છે.

કાયા કટાર લાડીલે લવાર ઘડ્યો, મીનાકારી કામ મોતીચૂરે જડ્યો,
તેના ઉપર અતિશે કાટ ચડ્યો, મનસી કલોગર.
આ કટાર તો છે બુદ્ધીનો, મન સી કલોગર.
જળાબોળા જ્યારે થાશે, ગુરૂગમથી જળહળ દેખાશે,
કહે ધીરો ધણીને ભેટ જાશે, મન સી કલોગર.

"સુરતી બાઈનો વિવાહ" એ ચૌદ ઢોળમાં રચાયેલી કૃતિ છે. એમાં "સુરતી" ના "અલક્ષ્યપુરૂષ" સાથેના વિવાહનું વર્ણન છે. વિવાહના, નાવિયેલા અને મોર તે ચિત્ત અને મન, એ બે આપોને સુરતીની "શોભતી સગાઇ" કીધી. એ વિવાહ મંડપનો સ્તંભ પુણ્યના છે, મંડપ નવલ સુધાનો છે, મંડપમાં ઢોલ ધીરજના વાગે છે, રવિચન્દ "દીવીદાર" છે, ચૌદ બ્રહ્માંડરૂપી ચૌદ માળની ચોરી રચી છે, બ્રહ્મા વેદ ભણે છે. એમાં ધર્મકર્મનું અખ્યાણું છે, એ ઝાલીને મનસા નારો ચાલે છે, આ અખ્યાણું મતિરૂપી કુંભારણે લીધું, એમાં શાંતિનું સોપારી, શંકાનું શ્રીફળ છે, અજ્ઞાનરૂપી ઈંધણમાં જ્ઞાનનું ઘી હોમ્યું છે ને ચતુરાઇના ચોખા વેર્યા છે. ત્રિવેણીને તોરે વરધ ભરવા જાય છે, પછી નવધન સ્વામી મંડપે આવે છે ને સુરતીના જૂઠા પાંચપચીસ સંગાથીની છાતી દાઝે છે, એઓ બુદ્ધિને બીજું સમજાવીને વિવાહ તોડાવવાનો પ્રયત્ન કરે છે, પણ મેધા સાસુની આગળ એવા કપટીઓનું કાંઇ ચાલતું નથી, વિવાહવિધિ આગળ વધે છે, સુધારસનું સામૈયું કરવામાં આવે છે, કન્યાની મા બુદ્ધિ સ્થૂળ, સૂક્ષ્મ અને મહા કારણનો કલવો જમાડે છે.

આમ મનપવન રૂપી ઘોડા પર અનુભવો અસ્વાર થઇને નીકળે છે, ને પછી

અનહદ નોબત ગડગડે, વાગે ધીરજરૂપી ઢોલ રે,
પ્રેમ પખાજો ભાવ ભુંગળો, શબ્દ શરણઇયો બોલ રે,
મન વાચા કર્મણાનાં તાસો તડતડાટ વાજ કરે તોલ રે,
વરરાજા મંડપે આવ્યા તે, ધીરમુખે વર્ણવે બોલ રે.

બુદ્ધિધણાઇએ એમને પોખ્યા, માયાનું "ધુંશળમુશળ" ચૂકવ્યું પછી અધ્યાત્મ ગુરૂજી પધાર્યા, ભજનનાં છેડાછેડો ગાંઠ્યા, નિજનામની વરમાળા ચારોપી, આમ લગ્ન પછી અખંડ વરની સાથે સુરતાકુંવરી સાસરે ગયાં, સુકૃતના પલંગ પર પોઢીને બ્રહ્માનંદનાં સુખ માણ્યાં ને એ સુખને પોતાની સખીઓ આગળ આ રીતે વર્ણવ્યાં:

બ્રહ્મા વિષ્ણુ ને વેધી રે, હું તો શંકર-ઘરથી સંધરી,
ખેચરી ભૂચરી અગોચરી રે, માંહી ઉન્મની અને આચરી.

ઇંગળા પિંગળા રહી અળગી રે, વળગી સુષુમ્ના વરતી;
માંહિ મળ્યાં તીર ત્રિવેણી રે, ગંગા જમુના સરસ્વતી.
શૂન્ય શિખર ઉપર રે, અખંડ અંતરજામી;
હું ભમર અબળા નારી રે, મમ હૃદે બિરાજે બડનામી.
ઉંચી જ્યોતો આકાશમાં રે, ચરાચર મેં દીઠા.

આટલું કહીને પછી ઉમેરે છે:

સખિ! પરણ્યા પિયુની વારતા રે, પિયરીએ કયમ કહીએ;
પિયુ મળ્યાનું પારખું રે, માત્ર લોચનિયામાં લહીએ.
એ બ્રહ્મસ્વામીના સુખને રે જે પરણે તે માણે.

"સ્વરૂપ" નો કાફીઓમાં ધીરાએ ગુરુ, માયા મન, તૃષ્ણા, લક્ષ્મી, યૌવન અને કાયાના "સ્વરૂપ" ને નિરખ્યું છે. બીજા કવિઓ જે અર્થમાં "અંગ"શબ્દ વાપરે છે તે અર્થમાં ધીરો "સ્વરૂપ" શબ્દ વાપરે છે, ધીરો પોતે જ "માયાસ્વરૂપ" માં "સ્વરૂપ" એટલે શું તે આમ સમજાવે છે:

જ્યારે કોઇનું સ્વરૂપ જણાય, ત્યારે અનુભવતાં કરાયે વિચાર,
અજેય હોય તો યે તાપે કરીયે, એમ સમજ્યે પમાયે પાર.

જેનું સ્વરૂપ જાણ્યું તે પછી અજેય રહી નહિ શકે. આ સ્વરૂપની કાફીઓમાં પણ "પ્રશ્નોત્તર માલિકા"નો કાફીઓનો જેમ વધારે પડતો વિસ્તાર છે. પ્રાસના મોહમાં ધીરો ઘણીવાર તણાઇ જાય છે, અશિષ્ટ અને ગ્રામ્ય પ્રયોગો પણ કરી બેસે છે. આ પૈકી ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવતી "ગુરૂસ્વરૂપની" કાફીઓ જોવા યોગ્ય પાત્ર છે. ગુરુની પોતાના પરની કૃતજ્ઞતાની વાત કરતાં ધીરો કહે છે:

તૂટે નાવ બેસીને જતાં ગુરૂએ બેહાલ ભાળ્યો,
બાહાદરપણે મુને પૂઠતો તાર્યો, કરી લાંબો જમણેા હાથ. કાફી.૧૩.

કવિતા કરવી, ગુણગાવા, મુખે વાહવાહ કરવી એ બધી વિદ્યા તો કાચા છે. પણ આ ગુરુ એવો કાચી વિદ્યાવાળા નથી. એ તો 'અલખની લખને ઉરમાં સમારે' છે. ગુરુ જ્ઞાન ધ્યાન ને બ્રહ્મનું દાન કરે છે, ગુપ્તમાં ગુપ્ત આપી દે છે ને પોતાનો દિદાર–આત્મસ્વરૂપનું દર્શન કરાવે છે. બ્રહ્મા, વિષ્ણુ અને શિવથી પણ ગુરુ વિશેષ છે:

વિષ્ણુ જેને પાજે તેને શિવ મારે
પણ મારા ગુરુ જેને પાજે રે, તેને કોઇ નવ મારે

શિવ સંહારે, પણ ગુરુ તો તારે ને મોક્ષ અપાવે, મૃત્તિકાથી ય માઠાને જ્ઞાની બનાવે. આથી ધીરાને અચરજ થયું:

વ્યાપક વિશ્વમાં વ્હાલો બનાવ્યો, કહો મોટા ગુરુ કે કિરતાર? અને ધીરો દઢતાથી કહે છે:

ગુરુ મોટા મારા રે. કારણ કે
સંશયકેરો શોક હતો મુને, તે ટાળી કર્યો અશોક
આપે આપ ઉદે કર્યો. કાફી. ૨૨.

આ ગુરુ હંમેશાં "શાંતિનો પ્રકાશ" પ્રસારે છે. બ્રહ્મકર્મમાં કદી ઢીલ કરતા નથી. એમને આનંદનો સદા સાથ રહે છે. એમના મુખની વાણી સાંભળતાં સદા રંગની રેલ થઇ રહે છે. એવા આત્મારામમાં મગ્ન સુખસાગર ગુરુદેવ છે. આથી જતો અંતમાં કવિ કહે છે:

પરબ્રહ્મનું રૂપ દેશે કદાપિ, તો ય તેનું વર્ણન કંઇ થાય?
એવા મારા ગુરુજી ગરવાનું, વર્ણન કેમ લખાય? કાફી. ૩૦.

એવા ધીરાની અન્યકૃતિઓ પૈકીની કેટલીક એની રચનાઓ હશે કે કેમ તે વિશે હજુ શંકા સેવાય છે. 'જ્ઞાનકક્કો', આત્મબોધનાં પદો, ગુરુધર્મ, શિષ્યધર્મ, યોગમાર્ગ, મતવાદો, અને કેટલીક છૂટક ગરબીઓ તે આવી રચનાઓ છે. ધીરામાં પણ લોકોકિતનો સારો સરખો સંગ્રહ જોવા મળે છે. ધીરાની રચનાનું પૂર મોટું છે. વિવેક વાપરીને એમાંથી વધુ શાસ્ત્રીય પદ્ધતિએ એની સારી કૃતિઓનો સંચય થવો જરૂરી છે.

Chapter-2-24 SM

ભોજો ભગત
(સંવત ૧૮૪૧-૧૯૦૬)

ભોજાએ પોતે પોતાના વિશેની માહિતી એની "ભક્તમાળ" નામની કૃતિને અંતે આ પ્રમાણે આપી છે:

પિતા કૃષ્ણ ને ગંગાબાઇ માય,
પ્રેમે કરીને લાગુ પાય,
કૂળ કણબી સાવલિયો છે.[1]

એના વડવાઓ મૂળ સાવલીમાં વસતા હશે, પણ પાછળથી એમણે આ ઠિયાવાડમાં જેતપર પાસે દેવકી ગાલોલમાં વાસ કર્યો. એ દેવકી ગાલોલ ગામમાં જ ભોજાનો જન્મ થએલો. એણે મોટા ભાગનું જીવન ફતેહપુરમાં ગાળ્યું અને વીરપરમાં એનું મૃત્યુ થયું. આજે ય વીરપરમાં ભોજા ભગતનું દેવળ છે અને એમાં એની પાદુકાની પૂજા થાય છે. એને ગિરનારના કોઇ રામેતવન નામના યતિનો ભેટો થએલો, ને તેનો એ શિષ્ય થએલો એમ કહેવાય છે.[2]

એણે મુખ્યત્વે જ્ઞાનમાર્ગીધારાને અનુસરતી કાવ્ય-રચના કરી છે. વેદાંત-પ્રતિપાદ્ય બ્રહ્મનું સ્વરૂપ, એ સ્વરૂપ-જ્ઞાનને માટેનાં સાધનો, શમાદિ ષટ્સંપત્તિનું સ્વરૂપ, વેદાન્ત-સંમત મુમુક્ષુઓના વિકાસનો માર્ગ, નિત્યાનિત્યનો વિવેક, યોગની જુદી જુદી ભૂમિકાઓ, ગુરુ-મહિમા, સંતોનાં તથા જીવનમુક્તનાં લક્ષણો- આટલા મુખ્ય વિષયોનું એની કૃતિઓમાં ---- નિરૂપણ છે. એના ચાળણાઓથી એ ઘણો પ્રખ્યાત થયો છે. એમાં મુખ્યત્વે વૈરાગ્યોત્પાદક બોધ છે. એ પોતે કહે છે તેમ એ કાંઇ ચંદન નથી, પણ કેરડો છે. એનામાં ય ચણાનું આખાબોલાપણું છે, કેટલાક ગ્રામ્ય ને અશિષ્ટ કહેવાય એવા પ્રયોગો પણ છે.

એણે પ્રભાતિયાં, સરવડાં, ધોળ, કાફી, સંદેશાની ગરબી, હોરી, જુદા જુદા રાગનાં પદ અને કીર્તન, કક્કો, તિથિ, વાર, મહિના અને "બ્રહ્મબોધ" નામની ત્રણ કડવાંની કૃતિ, "ભક્તમાળ" નામની છ કડવાંની કૃતિ અને ચાળણા- આટલું જ્ઞાનમાર્ગીધારાને ---- અનુસરતું સાહિત્ય લખ્યું છે. એનો મુખ્ય ઝોક વૈરાગ્ય પર છે, પણ ભક્તિને ય એ મહત્ત્વનું સાધન ગણે છે. યોગ-સાધના અને તેથી પ્રાપ્ત થતી ઉચ્ચ ભૂમિકા- નિર્વિકલ્પ સમાધિ અને બ્રહ્માનંદ-નાં વર્ણનો એની ઘણી રચનાઓમાં છે. એની વાણીમાં એક પ્રકારનું સોંસરાપણું અને અસંસ્કૃતતા છે, એથી એક વિશિષ્ટ પ્રકારનું ઓજસ્ એની વાણીને પ્રાપ્ત થાય છે. લોકોક્તિઓનો ઉપયોગ એણે પણ સારા પ્રમાણમાં કર્યો છે. જ્ઞાનમાર્ગી કવિઓની પરમ્પરા સાથે એ સીધી રીતે

---

૧. પ્રાચીન કાવ્યમાળા ગ્રંથ ૫, ભોજાભક્તકૃત કવિતા, પૃ. ૧૯૯.
૨. એજન, ભોજાભક્તનું જીવનચરિત્ર, પૃ. ૨.

સંકળાયેલો હોય એમ લાગે છે,કારણકે એ ધારાનાકવિઓ પૈકી નરહરિ,ભૂટિયો[૩],અનુભવા-નંદ[૪] વગેરેનો એ સીધો ઉલ્લેખ એની "ભક્તમાળ" માં કરે છે.એ બતાવે છે કે એ કવિઓ-ની કૃતિઓનો એને પ્રત્યક્ષ પરિચય હશે.

બ્રહ્મનું વર્ણન બીજે,અન્ય જ્ઞાનમાર્ગીકવિઓની જેમ,વેદાંતાનુસાર આપે છે. "બ્રહ્મબોધમાં" એણે કહ્યું છે:

ભરિયા હે ભરપૂર નાથ નિરગુણ ન્યારા.(૧,૨)

અન્યત્રે,ગોડીનાં પદ બીજામાં,એ "નિરગુણ ન્યારા" નાથને "બારચા બ્રહ્મ રસાળા" કહીને પણ વર્ણવે છે.એ બ્રહ્મ "રસાળા" છે માટે બ્રહ્માનંદને વર્ણવતાં ધોળ,હોરી અને પદોમાં શૃંગારની પરિભાષાનો આશ્રય એણે લીધો છે.આ બ્રહ્માનંદને,સ્વરૂપજ્ઞાનની ઉચ્ચદશાને વર્ણવિવાને એણે હઠયોગની પરિભાષાનો પણ ઘણે સ્થળે ઉપયોગ કર્યો છે.આ પૈકીની કેટલીક લાક્ષણિક રચનાઓ અહીં જોઇએ.

આ "રસાળા બ્રહ્મ" નો અપરોક્ષાનુભૂતિથી જ્યારે સાક્ષાત્કાર થાય છે ત્યારે બધે એકી સાથે ચેતનમાં અનંત લોચનો ઉઘડી જાય છે,ને એ અનંત લોચનોથી એના "નિરાળા નાટ" ને નિરખી રહીએ છીએ,પછી "તનનાં તાળાં" ખૂલી જાય છે,"મનમંદિરમાં" માં દીપક પ્રકટે છે;એ દીપક તો બધે બીજે રવિ,એ કાંઇ અનોખો જ રંગ લગાડે છે અને એનાથી બધી દિશા અજવાળાઇ જાય છે.આવી બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે મરણ મટી જાય છે,ને "છોગાળા"ના મરણનો સ્પર્શ થાય છે,"ચૈન ઘેન" બધું છૂટી જાય છે,મગન ગાજે છે અને અનહદ નાદ વાજે છે.[૪] આ "અખંડાનંદ" ની વાત કેમે કરી વર્ણવી જાય એવી નથી,એની સમજ તો સર્વ પ્રપંચની પાર રહી છે,એ સામાન્ય જીવને શી રીતે જણાવાની હતી!! પણ જે "શૂરવીર" સંતો હતા તે "પ્રેમે" ત્યાં પૂગી ગયા:

ઓંકાર શબ્દને ઓળખી,વીરહાક જ વાઇ,
અનહદ વાજાં વાગિયાં,શૂન્ય શિખરગુમાંહી.....૮
દદામાં વાગ્યાં દેવનાં,નાથતણાં નિશાન,
પૂર્વનાં પાછાં નહિ ફરે,નર પો'ત્યા નિર્વાણ....૯
ત્યાં સુખસંપત્તિ ને દુઃખ નહિ,નહિ ત્રિવિધના તાપ,
પ્રાણજીવનની પાછળો,નહિ માયાનું માપ.....૧૧
ન્યાં ઝગમગ જ્યોત્યું ઝળહળે,તેજતણા અંબાર,
બ્રહ્મરૂપને ભેટતાં,નહિ નર આકાર.....૧૨

---

૩. નરહર નરરૂપ પિયાલો પાયો, ભૂટા બની બહુ વિધ શરનસૌં સાહ્યો
૨,૯૪

૪. અનુભવાનંદ અપાર સ્વબળ વાત સમજણી, હરખે લેત લડાઇ ચાલ્યા ચાલ શૂરાની
૪,૧૧૫

સુરતી હતી તે શૂન્ય રહી,વરતિ વારંવાર,
ગુણ તે અવગુણ ગાળશ્યો,જઇ, સમાને સરજનહાર..૧૩[૫]

આ દશા કોને પ્રાપ્ત થાય ? જેણે "નુરતનાં નાંગલ નોંધ્યાં" હોય તેને જ એ પ્રાપ્ત થાય.આ બ્રહ્માનંદનું જ બીજું નામ તે "પ્રેમરસ",માટે જ ભોજે કહે છે:

પૂરણ હરિને પામવા, તમે પ્રેમરસ ચાખો રે.[૬]

આ પ્રેમરસનો પ્યાલો પીને જેઓ "ચકચૂર" થયા તેના તનમાં "તૂર" વાગ્યાં,એ લોકો મરણથી શેનાં ડરે ? એમને તમે અગ્નિમાં ઓરી દો,તોય ઉગરી જાય એવું એમનું ખમીર હોય છે.એમને "નયણે નૂર વરસે" છે.કલિજુગનું પૂર એમને શું કરવાનું હતું ?[૭] આ "રસાળ બ્રહ્મ" તે "છોગાળા" કે "લાલન" ને રૂપે પણ કવિને દેખાય છે.એની સાથેની ફોડાની વર્ણનને રૂપે પણ કવિએ બ્રહ્માનંદને વર્ણવ્યો છે.અહીં તો/સર્વત્ર સર્વાંગે અખંડ રસ રચાયો છે.એમાં રમતાં રમતાં રામને પરખી લેવાના છે.[૮] એ રસિક "લાલન" ની લગની હવે તો લાગી છે."ફાગનો રાગ" સાંભળતાંની સાથે જ બધી ગ્વાલન "અનહદ અનુરાગી"થઇ ગઇ છે.એમની મસ્ત દશા કવિ આમ વર્ણવે છે:

શ્યામ સલૂણા શુધ્ધબુધ્ધ ભૂલી, ચૈતર પ્રગટી આગી,
રિતુ વસંત જે રમવા ચાલી,જેને વચનગલોલી વાગી,
કામણગારે કોઇ પેર દાગી,
પ્રેમે ગુલાલકી ઝોરી ભરકે ગોઠ ગોવિંદજીકે માગી,
મન્મથી પૂર્ણકરો હે મોરારિ,નારી નાચત કૂદત નાગી,
અનભે થઇ ભય ગયો ભાગી.

જે આમ સાવ અનાવરણ છે,પણ જેણે અવિચળ ધાગો ઓઢયો છે તે શામની,"સુવાગી પ્રીત" ને પામી.[૯] આ"શામ" હરદમ હોરી મચાવે છે.એ હોરીમાં નાભિકમળમાંથી સૂર નીકળે છે,એ સૂર સાથે "સુરતી" ને મિલાવી દઇએ એટલે જે કાંઇ પસર્યું હોય તેને એ પાછું સંકેલી લઇને રોમે રોમમાં રંગ લાવી દે છે,અને આ રીતે પિયુ રીઝે છે.આ ભોજલનો સ્વામી "સ્નેહ વિના સ્વપ્નામાં ના'વે" [૧૦].આ હોરીના આનંદની ધૂન તો બ્રહ્માંડ ભરમાં મચી રહે છે:

શારદ નારદ પાર ન પાવે,નૌતમ ભેદ રચાવે,
ગગન વિમાન દેવ સબ આવે,જય જય શબ્દ સુણાવે,
પુનિ પુનિ પુષ્પે વધાવે.[૧૧]

---

૪ રાગગોડીનાં પદ,પદ બીજું,પૃ.૧૭૮-૧૭૯,૫.કવિત ૬ઠું,પૃ.૧૬૨-૬૩.૬.ચાબખો ૩૩.પૃ.૨૨૨ ૭.ચાબખો ૩૪,પૃ.૨૨૩.૮.હોરી પદ ૧,પૃ.૧૫૨,૯.હોરી પદ ૨,પૃ.૧૫૨-૫૩.૧૦.હોરી પદ ૩, પૃ.૧૫૪.૧૧. હોરી પદ ૪,પૃ.૧૫૪-૫૫.

ભોજે પોતાને "ભગત" તરીકે ઓળખાવતો હોઇ ભક્તિનો મહિમા એને મન ઘણો મોટો છે.પ્રીતિની વાત તો આપણે કરી,પણ એ પ્રીતિ કાંઇ જેવીતેવી પ્રીતિ નથી.એ પ્રીતિનો મર્મ તો કોઇ "વેધુ" જ જાણે.જે "છબિયેલ" છે તેને એનો શો ખ્યાલ આવવાનો હતો ?.

પ્રેમ પ્રીતકી રીત હે ન્યારી,
શારી લીજે રે એ તો ચિતને રે,શબદુંને રે બાણે.
સહુ સાથે તોડી જેણે હરિ સાથે જોડી,
છોડી હે લાજ સંસારની રે,બીક કોણ કેની એ રે ના'ણે.
પ્રેમીને પુરુષોતમ પાસે,
ભોજલ સુહાગણ સુંદરી તે મોહનજીને માણે.[૧૨]

આ પ્રેમી પ્રીતિનાં લક્ષણો કયાં ?.

સખિ નિત્ય નિત્ય નવલો રંગ,આઠે પો'ર આનંદમાં રે,
ગુરુજ્ઞાનમાં રહે ગરકાવ,મગન હોય મનમાં રે.[૧૩]
જેને લગા કલેજે ઘાય,ઘાયલ કેમ જીવે રે,
જેણે મોત દીઠું મનમાંહી,નિસ્પૃહી થઇ રે'વે રે.[૧૪]

"ભક્તિ ભક્તિ" તો બધાં કરે છે પણ ભક્તિનો ભેદ બહુ ઓછા જાણે છે.એ ભક્તિ કેવી હોય તે સમજાવતાં ભોજે કહે છે:

પતિવ્રતા જેમ પ્રીછે પિયુને, અખંડ બ્રહ્મ એમાં ભાળે રે,
એક મને ને એક વૃત્તિએ, એક દશામાં મન ગાળે રે.[૧૫]

આ ભક્તિ એટલે અગમ અગોચરને માટેની 'લે.' એ લે'લાગે ત્યારે "સુરતિ" સ્વરૂપમાં સ્થિર થઇ જાય.હુંપણ રહેજે ખોઇ દેવાય,હૃદયમાં આશ-નિરાશ રહે નહિ,હદ અને બેહદ છોડીને અનહદમાં જઇ પહોંચાય ને પછી

ધામ ધણીને અમરપદ ઊગ્યા,અકળ અજીત મૂર્તિ કા'વેરે
ચૈતન્ય બ્રહ્મ ભીતરથી ભાળ્યો,અક્ષરાતીત આનંદ આવે રે.[૧૬]

બીજાં સાધનો વડે આ સ્થિતિ સિધ્ધ કરવા જઇએ તો બહુવાર લાગે.

પ્રેમ વિના પંથનો પાર આવે નહિ.
કવિ થઇ રવિને પાર પોહોચે.[૧૭]

જેમ જ્ઞાન વિનાની ભક્તિ નકામી,તેમ ભક્તિ વિનાનું જ્ઞાન પણ કોરું:

૧૨.કીર્તન પદ ૧,પૃ.૧૦૭:૧૩.કીર્તન પદ ૩,પૃ.૧૧૭,૧૪.કીર્તન પદ ૪,પૃ.૧૧૮.
૧૫.કીર્તન પદ ૧૪,પૃ.૯૯-૧૦૦.૧૬.કીર્તન પદ ૧૧,પૃ.૯૭.૧૭.પ્રભાતિયું ૧૨,પૃ.૩૮

ભેદ જડ્યો જેને ભક્તિ કેરો
પછે જ્ઞાન હિમાળે ગળી ગયા.

એવા લોકોને માટે ભોજાએ "કેસરભીન્યા" એવો સુંદર શબ્દ પ્રયોજ્યો છે.એવા લોકોના મનમાં જ મહાદશા પ્રગટે છે,એવા લોકો જ "અજર પિયાલો" જરવી શકે છે,એ લોકો હદ અને બેહદના સંશયમાંથી છૂટકારો પામે છે.[૧૮]

આ ભક્તિ એટલે વરતો કહે છે તેમ ગાઇ વાઇને ઘેલાં કાઢવાં તે નહિ.સાચી ભક્તિ તે શૂરવીરની ભક્તિ:

ભક્તિ શૂરવીરની સાચી રે,લીધા પછેડે નહિ મેલે પાછી રે.

જે લોકો કાયર હોય તે તો કંપવા માંડે,એવા તો જરૂર નાસી જ જવાના,પણ

સાચા હતા તે ચૂરા ચૂરા,હરિ રંગે રહ્યા રાશી રે,
પંચ પચીશથી પરા થયા,એક બ્રહ્મ રહ્યા ભાશી રે.

ને વૈકુંઠના વાસી થવાનો અધિકાર કોનો ?.

તનમન ધન જેણે તુચ્છ કરી જાણ્યો,ચહો નિશ ઉદાસી રે,
ભોજે ભગત કહે ભાઇડા,એ તો વૈકુંઠના વાસી રે.[૧૯]

ભોજાએ આ "શૂરપણા" પર ઘણો ભાર મૂક્યો છે.એ ફરી ફરી કહે છે કે આ સાધનાનો માર્ગ તે કાચા પોચાનો નથી:

મારગ ખરો છે ખાંડાની ધાર,દીસે વાટ દોહેલી જી રે.[૨૦]

દરિયાના ઉંધા લોઢ પર સવાર થવાની હામ તો મરજીવામાં જ હોય.

મોજુ કોઇ મરજીવા માણે રે,શીશ સાટે સોંપા હરિ આગે રે.[૨૧]

આ યુધ્ધમાં તો પોતાના હેહનું જ "પેન્યું"- નિશાન રોપવાનું હોય;મનનો મોરચો માંડવાનો હોય,ગુરુના મુખમાંથી શબ્દના ગોળા છુટે ત્યારે અડગ ઉભા રહેવાનું હોય. માટે

માહાત્મ્ય તો મરજીવા માણશે,જેલ છે અપરંપાર,
નુરતે ચઢી નિશાન બનવે,નિરભેગા નિરખણહાર.

એવા શૂર તો લગની લગાડીને મેદાનમાં જ મંઠયા રહે,છે ને રોમે રોમમાં રામ પ્રગટે ત્યારે તો

સ્થિરતા વાળા થડથડે,જન ન ચાલે જોર,
તન તુરિયાના તીર્થ પર,પોતેગા કો શૂર.[૨૨]

---

૧૮. ભજન,પદ ૧૧,(પૃ.૧૫૧).૧૯.ચાબખો ૧ લો,પૃ.૧૯૯-૨૦૦,૨૦.કીર્તન,પદ ૧૪,પૃ.૭૦, ૨૧. ચાબખો ૨જો,પૃ.૨૦૦.૨૨.કચિત પંચમું.પૃ.૧૬૧.

માટે

મલ્લ હોય તો મૂક, નહિ કાયરનું કામ.

સાચ શરીરવાળાનું એમાં કામ નહિ, અને જેને આ યુધ્ધમાં રતિ જેટલો પણ એકવાર ઘા થઇ ચૂક્યો છે તે કદી સાચે થતો નથી, અને ઘાને ટેભો મારી શકાતો જ નથી:

શરીર જેનું સાજું નહિ, પૂર્ણ લાગ્યા ઘાય,
એને માથે આવી બની, રહ્યો રણ મોઝાર.[૨૩]

આ ભક્તિનો મોરચો તે તો ભડવીરને માટે જ છે:

ભક્તિને મોરચે ભડ કોક અંગમે,
રણસંગ્રામે પદ કોક રોપે.'[૨૪]

આમાંતો તન મન ધન બધું જ હથેળીમાં રાખીને બહેર થઇને ઝૂઝવાનું છે. પ્રીતમની પેલી પ્રખ્યાત પંક્તિઓને ભોજે પણ ફરીથી સંભારી આપે છે:

સંતો શૂરા ચઢે સંગ્રામ, કાયર શું જાણે રે,[૨૫]

એમાં વળી ભોજે ઉમેરે છે:

હે સંતો મનસા મો'ર ને શીશ શ્રીફળ,
એતો ધડથી ઉતારીને ધરિયે રે.[૨૬]

આમ આ ભક્તિ તે "ફનાફિલા" નો મામલો છે, આથી

શીશ વાઢી ચણે ધર્યું જેના, મનવા ભયા એક તાર રે.

આમાં તો જે શૂરા હશે તે જ સામી છાતીએ આગળ ચાલશે, કારણકે એમણે સ્વેચ્છાએ મરણને આવકારી લીધું છે:

ભાઇ શૂરા તે સન્મુખ ચાલશે, જેણે સોંપ્યા તન મન/ને ધન રે,
તનમાં ત્રેવડયું એ શું કરે જેનાં, મરવાનાં થયાં મન રે લોલ.[૨૭]

આ માર્ગે લઇ જનાર તે ગુરુ. અન્ય જ્ઞાનમાર્ગી કવિઓની જેમ ભોજએ પણ ગુરુનું માહાત્મ્ય આ સાધનામાં સ્વીકાર્યું છે, ને એ ગુરુનાં લક્ષણો પણ વર્ણવ્યાં છે. એને મન ગુરુ, સંત, જીવનમુક્ત, જોગી, - આ બધા પર્યાયો જ છે. જે સાચો શિષ્ય હોય તે

ગુરુજ્ઞાનમાં રહે ગરકાવ, મગન હોયે મનમાં રે.[૨૮]

~~એ સદ્‌ગુરુને પારખવાની રીતે ? એ ગુરુ "પ્રેમરસના ભોગી" હોય છે, એના અંતરમાં પ્રેમનો પયોધિ ઉછળતો હોય છે, એની અંદર નિરંજન નામની લે'રી ઉઠે છે. એનું મન મરણથી ડરતું નથી, એ "મુક્તિ પદારથ" ને માણે છે. એની "ધારણા" ધરતી સરખી સ્થિર હોય છે.~~

---

૨૩. કવિત ત્રીજું, પૃ. ૧૫૮, ૨૪. પ્રભાતિયું ૬, પૃ. ૨૭, ૨૫. કીર્તન પદ ૪, પૃ. ૧૧૮. ૨૬. ભજન પદ ૨, (પૃ. ૧૩૭). ૨૭. કીર્તન પદ ૩, પૃ. ૧૩૩, ૨૮. કીર્તન પદ ૩, પૃ. ૧૧૭.

એ સદ્‌ગુરુને પારખવા શી રીતે ? એ ગુરુ "બ્રહ્મરસના ભોગી" હોય છે,એના અંતરમાં પ્રેમ-નો પયોધિ ઉછળતો હોય છે,એની અંદર નિરંજન નામની લે'રી ઉઠે છે,એનું મન મરણથી ડરતું નથી,એ "મુક્તિ પદારથ" ને માણે છે.એની"ધારણા" ધરતી સરખી સ્થિર હોય છે ને એની મતિ સમુદ્રના જેવી હોય છે.એમાં "નવસેંનવાણું નિધારૂપી નદિયું" વહી આવે તોયે એ છકી જતો નથી.આવા ગુરુઓનો જ "વિમળ જશ" વેદે પણ ગાયો છે.[૨૯]

સદ્‌ગુરુનાં લક્ષણોને ભોને બીજી રીતે પ્રણ વર્ણવે છે:

સંતો રે'ણીકરણીનાં ગુરુજી કંકણ બાંધે,
એ તો મુક્તિની માળા આપે,
એ સંતો જન્મમરણનો ભેળો નહિ તેને,
એ તો અમર કરીને થાપે.

આ જ રીતે અનુભવાનંદ તથા વસ્તાચેર પણ ગુરુનાં અને સંન્યાસીનાં વર્ણનો આપ્યાં છે તે આપણે આગળ જોઈ ગયા છીએ.આવા સંતોની ને સદ્‌ગુરુની પૂજા પૂજવાની રીત પણ જુદી જ હોય:

હે સંતો નારાયણ સત્ય ચિત્તના ચોખા,
ને સુમતિ સોપારી રે લઈને નાથને નમણું કીજે.[૩૦]

ગુરુપ્રત્યેની કૃતજ્ઞતા ભોને અનેકવાર પ્રકટ કરે છે:

અજ્ઞાન અણ હતો ચોર્યા જુગનો
કારજ સર્વે સીધ્યું,
મહામલિન હતું મન માહું,
પ્રેમેશું પવિત્ર કીધું.
કોટિ ઉપાય કરી પ્રપંચ પરહરી,
પ્રેમેશું અમૃત પીધું,
ધન્ય ધન્ય ચર્ણ સદ્‌ગુરુજી કેરાં,
ભક્તિ અભયપદ દીધું.[૩૧]

આ સંતો સમદૃષ્ટિ હોય છે,કીટથી માંડીને બ્રહ્મ સુધી બધું એ એક લેખે છે.જળ,સ્થળ,જીવ, જડ,સ્થાવર,જંગમ-આ બધું અદ્વૈત બ્રહ્મમાં રહેલું જુએ છે.[૩૨]."ચૈત-ચતા" સદ્‌ગુરુથી જ જાગે છે,બ્રહ્મવેત્તા સદ્‌ગુરુ જેને મળે તે નરદેહે "અભેપદ"ને પામે.એવા ગુરુની સુરતી "સે'જમાં

૨૯.ભજન પદ ૫,પૃ.૧૩૯-૪૦.૩૦. ભજન પદ ૨,પૃ.૧૩૭.૩૧.ગોડીનાં પદ,૫,પૃ.૧૮૧.
૩૨.પ્રભાતિયું ૧૧,પૃ.૩૭.

શમી ગઇ હોય છે,એનાં અંતરનાં લોચન ઊઘડી ગયાં હોય છે,ને એણે" નિરવાણી પુરૂષ" ને નિરખ્યા હોય છે.આવા ગુરૂ

એકી દશાના અનુભવી બ્રહ્મ નિરંતર ભાળે
અદ્વૈત આતમજ્ઞાનમાં લઇ આપોપું ગાળે [૩૩]

આ ગુરૂ તે સાચા અર્થમાં "જોગી" પણ હોય છે.જ."જોગી" કોને કહેવો ? જે શિર પરહરીને અજર બ્રહ્મરસને જરવે એવા ભોગી તે જોગી.[૩૪] હઠયોગની સાધનાની પરિભાષામાં આ જોગીનું વર્ણન ભોળાએ કર્યું છે,એવો જોગી "પંચમની બારી" એટલે પંચ પ્રાણ બ્હારા અંદર પ્રવેશીને દશે બ્હાર બંધ કરે છે ને પછી શૂન્ય શિખર પર આરૂઢ થઇને અનહદનાં વાજાં વગાડે છે.[૩૫] આવા જોગી શુભેચ્છા, વિચારણા, તનુમાનસા, સત્વાપત્તિ, અસંક્તિકા અને પદાર્થાભાવિની- આ છ "જમીન" ને છોડીને સાતમી તુર્યગા ભૂમિકામાં સરી જાય છે.આ સદ્‌ગુરૂ જે પ્રાપ્ત થાય તો ચારે શૂન્યને ઉલ્લંઘી જવાય.[૩૬] માટે જ ભોજે ફરી ફરી કહે છે કે:

ગુરૂગમ વિના ગોથાં ખાશ (કક્કો પૃ.૧૩)
ઘરપેઠાં તું નાહાની ભાઇ,કરી લે સંત સાથે સગાઇ
તીરથવ્રત જે ચરણે ભણ,એક ઘરે તું સુરતિ આણ.(કક્કો,પૃ.૧૬)

જે લોકોમાં સાચા ગુરૂનાં લક્ષણ નથી ને છતાં છતાં ગુરૂપણાનો દાવો કરે છે એવા મિથ્યાચારીઓની ભોજે,લગભગ ચણાના જેવી જ આકરી ભાષામાં,ખબર લઇ નાંખે છે. ચણાની જ યાદ દેવડાવે એવી રીતે ભોજે આવા ઢંભીઓનું વર્ણન આમ કરે છે:

બાવી ત્રેવી ટીલાં કરે,દયા વિનાનું દર્પણ ધરે,
તિલક બનાવી નિર્મો તન,જાણે થયો હું હરિનો જન,
વેઠેલ પેરી બેઠા વેશ,ભક્તિ રહી ભક્તિને દેશ.[૩૭]

પણ એવા લોકોને"મૂળ ધર્મ"શું છે તેની ખબર હોતી નથી,પછી પાણીનું મંથન કરવાથી શું નીપજવાનું હતું? [૩૮] આવા ઢોંગીઓની ઝાટકણી કાઢનારો પેલો પ્રખ્યાત ચાબખો અહીં તરત યાદ આવશે.

દુનિયા ભરમાવા ભોળી,ચાલ્યો બાવો ભભૂતિ ચોળી રે,
દોરા ધાગા ને ચીઠ્ઠી કરે,આપે ગુણકારી ગોળી રે.
ચેલાચેલીને ભેળા કરી બાવો,ખાય ખીર ખાંડને પોળી રે,
ભોજો ભગત કહે ભવસાગરમાં,બાવે માયાં બોળી રે.[૩૯]

૩૩.તિથિઓ.૧૧.પૃ.૪૪.૩૪.તિથિઓ ૧૩,પૃ.૪૪,૩૫.તિથિઓ ૫,પૃ.૪૨,૩૬.ભજન પદ ૭, પૃ.૧૪૩.૩૭.ભાવનાક્ષર ૧૪,પૃ.૬,૩૮.ભાવનાક્ષર ૧૮,પૃ.૮.૩૯.ચાબખો ૪૧,પૃ.૨૨૮.

આવો આવો બધાને ધૂતી આવા માટે ભેખ ધરે છે,પ્રેમદાઓ પાણી ભરતી હોય ત્યાં જૈ નાહવા જાય,જેને ઘેરે પુરુષ ન હોય તેવી સ્ત્રીને ઘરે આવો ગાવા બેસે,પરાણે પ્રીત કરવા જાય,"સિધ્ધાઇ" દેખાડીને ભોળા લોકોને ભરમાવે.ભોજે જેવા ભોળા લોકોના પર પણ ગુસ્સે થઇ જઈને કહે છે.

ભોજે ભગત કહે ભાવે જેવો જેને,જમપુરીમાં જવા રે.[૪૦]

અન્ય જ્ઞાનમાર્ગી કવિઓની જેમ ભોજે પણ સહજ સાધનાને જ સાચી સાધના માને છે.આમ જુઓ તો આ સાધના સાવ સાદી છે.

પ્રથમ પડદા પરા કરોને,ધરો જૈતરમાં ધ્યાન,
નયણે નિરખો નરહરિ,તમે મેલોની મનનું માન.[૪૧]

જેને માટે નથી કાયાકલેશ કરવાની જરૂર[૪૨],નથી વિધિ વિરોધને માનવાની જરૂર.આથી જ તો "ભાવનાક્ષર" માં ભોજજે સ્પષ્ટ જ કહી દીધું છે:

મોટું મોડું વિધિનિષેધ.

જપતપ,તીર્થવ્રત,અને જોગ જે બધું જ ભક્તિ વિના તો રોગ જેવું જ થઇ પડે.મતમતાંતરમાં પણ પડવાની કશી જરૂર નથી.જેથી તો ફૂંચવણ વધે ને પંથનો તો કદિ પાર આવે જ નહીં.પોતાના મતને જ સાચો ગણાવવાની મમત પકડનારાને માટે ભોજજે "આપાપંથી" જેવો શબ્દ યોજ્યો છે.જેમને વિશે ભોજે કહે છે:

જેહી મહીમાં મતિયા ઘણા,પંથ વખાણે પોતાતણા,
જેકનું થાપ્યું બીજે હણે,આપોપું અધિકેરું ગણે.[૪૩]

પણ સાચી વાત તો જે છે કે

અનુભવ ભુલ્યા વિના આપ સુઝે નહિ
જૈતન્ય બ્રહ્મ કદી સ્વપ્ને નાવે.[૪૪]

કેવળ જ્ઞાન કશા કામનું નથી,જે જ્ઞાન જ્યારે અપરોક્ષાનુભૂતિરૂપે સિધ્ધ થાય ત્યારે જ સાચું ઠરે,નહીં તો "તાણમતાણ" ચાલ્યા જ કરે,ને "બુધ્ધિના ઠાઠમાં વાટ સુઝે નહીં." પણ બુધ્ધિનું તે કેટલુંક ગજું?

બુધ્ધિ બૂડી જાય બોલતાં,ભાળી ભેચક થાવે,
અખંડ જોત્યું ઉદ્યૈતનું કાંત્યું કહેવામાં નાવે.[૪૫]

માટે જ ભોજે ફરી ફરી કહે છે:

જે પદને કોઇ અનુભવી બૂઝે.

૪૦.ચાબખો ૪૨(પૃ.૨૨૮.૪૧.ચાબખો ૩૮,પૃ.૨૨૬.૪૨.સરખા ૨,"કાયાક્લેશ લવલેશ નહિ" પૃ.૪૦.:૪૩.ભાવનાક્ષર,૧૭,પૃ.૭.૪૪.પ્રભાતનું ૮,પૃ.૩૩.૪૫.વાર,પૃ.૪૭.

જ્ઞાનમાર્ગધારામાં જ્ઞાન એટલે સ્વરૂપજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન નહિ. શાસ્ત્રજ્ઞાન બુધ્ધિભેદ ઉપજાવે આથી ભોજાએ કહ્યું છે:

વધી ગયા વિવાદમાં તેણે હરિ નાવે હાથમાં.[૪૬]

આમ તો માર્ગ બહુ સરળ છે, ને ભોજે એને એક જ પંક્તિમાં-શ્લોકાર્ધમાં કહી દે છે:

આતમા ઓળખી આપ ખોવું.[૪૭]

આ આત્માની ઓળખ વિનાની યોગની સાધના પણ મૂઢ વૃથા.

ખત ભણ્યા વિના યોગસાધના કરે,
(તે) વૈભવને ભોગવી ભક્તિ ચૂકે.[૪૮]

ખતને ભણ્યા પછી જ-મમૃત્યુ ટળે, બધા પ્રપંચો છૂટી જાય ને "હરિ હસ્તામળ દેખાય", જે "આપ" ને ટાળે તેને જ "આપોપું" સૂઝે, માટે નામરૂપને ટાળવા, મહંતને મળવું, વિવેકો પુરુષ વાળે તેમ વળવું, જ્ઞાનમાં ગળવું, આત્મદર્શી થવું તો મૃત્યુલોકમાં મરવું મટે, "ભણ્યે" થવાય. માટે ભોજાએ કહ્યું છે:

જ્ઞાન ગંગાજીમાંહે બહર નિશ ના'વું.[૪૯]

આમ મુક્તિનો મર્મ સહેજમાં સમજાઈ જાય એવો છે. જે મર્મને સમજનારા જ સાચા તત્ત્વદર્શી છે, ને એ તત્ત્વદર્શીઓ "નિત્ય આપમાં ઉપનિષદ ગાવે રે". આવા મુક્ત અગમનિગમને સુગમ કરી આપે છે. આવા "વિશ્વાસિયા" ને ઘેરે સદા "વધામણાં" હોય છે. એવા લોકોએ જ "અમરફળ વેડ્યું".

ભોજાની ભાષામાં પણ ઓજસની કાન્તિ છે, કેટલીક એણે યોજેલી સંજ્ઞાઓ(જેનો નિર્દેશ ઉપર કર્યો છે) તો આપણી ભાષાની કાયમની સંપત્તિ બની ગઈ છે. ક્યાંક ક્યાંક ગ્રામ્યતાનો દોષ ભોજે વહોરી લે છે ખરો.

---

૪૬. પ્રભાતિયું.૯, પૃ.૩૪, ૪૭. પ્રભાતિયું ૪, પૃ.૨૭. ૪૮. પ્રભાતિયું.૯, પૃ.૩૪.
૪૯. સરવડું ૧, પૃ.૩૮-૩૯.

દયાળ.

બૃહત્ કાવ્ય-દોહનના પાંચમા ભાગમાં (પૃ. ૬૫૮-૬૬૯)

આ કવિની "સુરતીનો વિવાહ", "પંદર તિથિઓ", અને "જ્ઞાનમાસ" આ ત્રણ કૃતિઓ સંગ્રહાયેલી છે. કવિનાં જીવનકથન વિશે અન્ય કશી માહિતી ઉપલબ્ધ નથી. એની આ કૃતિઓ જોતાં એ જ્ઞાનમાર્ગી ધારાનો કવિ લાગે છે. એની ઉપલબ્ધ આ ત્રણ કૃતિઓમાં આપણે જ્ઞાનમાર્ગીધારાનાં લક્ષણો કેવી રીતે પ્રકટ થયાં છે તે જોઈએ.

"સુરતીનો વિવાહ" એ ૭ કડવામાં લખાયેલી રૂપકગ્રન્થ છે. એમાં સુરતી એટલે કે ચેતનાનો વિવાહ નિરૂપાયો છે. કાયા નગરી છે, એમાં મન સરદાર છે. એની પુત્રી તે સુરતી. એને માટે સારો વર શોધવાનો છે. વિચાર અને વિવેક બે સાથે મળીને વર શોધવા નીકળે છે. સૌ પ્રથમ એઓ "શારદ્રિ શહેર" માં આવીને ઊતરે છે. ત્યાંના લોકો આ બંનેને અવનવી સલાહ આપે છે:

શારદ્રિ શહેરના લોક ઠગારા રે, શબ્દ બોલે છે ન્યારા ન્યારા રે,
કોઇ કહે અડસટ તીરથ ફરશે રે, ત્યારે સુરતાને હરીવર મળશે રે,
કોઇ કહે હાડ હીમાળે ગાળશે રે, ત્યારે સુરતાને હરીવર મળશે રે,
કોઇ કહે દેવદેરાને નમશે રે, ત્યારે સુરતાને હરીવર મળશે રે.

આ બધી ઠગારા લોકોની વાતથી ભોળવાયા વિના વિવેક અને વિચાર સદ્‌ગુરુને શરણે જવાનું નક્કી કરે છે. આ ગુરુને પ્રતાપે સુરતીનો વિવાહ "આત્મારામ" જોડે નક્કી થાય છે. આ વિવાહ તે "અનુભવ વિહવા" છે. "અલક્ષપતિમની સાથે આમ "લક્ષલગ્ન" નક્કી થાય છે, ને માનુનીઓ મંગળ ગીત ગાવા માંડે છે. "ઇદીયાપુરમ" માં મંડપ તૈયાર થઇ ગયો છે. સમતાના શીળા ચાર મંડપ રચ્યા છે. ચાર ચૈતન્યાવસ્થાની ચોરી રચી છે. વિચારવહ્નિથી વહી શરૂ કર્યો છે. એમાં કરણીનું ઘૃત હોમ્યું છે. સૂક્ષ્મ વાસનાલિંગનું શ્રીફળ છે. આપણાં લગ્નગીતના ઢાળમાં આ વિધિનું કવિ આમ વર્ણન આપે છે:

ગમગોત્ર ભરવો ગુરૂગમનું, નિવૃત્તિને માથે સોહવાય રે,
બુધ્ધ્ય ભરી લાવો ચિત ચોકમાં, કુંભ કરોધ ઉતારો હંકાર રે,
રેણીકેણી રોપાવો બંને ટોડલા, તોરણની શેતુ બાંધો નીરધાર રે,
બુધ્ધ્યબાઇને બેસાડો પ્રેમ પાટલે, વાંણા વસ્તુનો કરવો વિચાર રે.
કરમ કાળક સર્વે ઉતરી, અનુભવ ઉજાળતા પ્રગટી છે અપાર રે.
હરખે હું તો ભુલી માત હું પણું, ચૈનદેવની છોડી સરવે આશ રે,

પછી વરરાજાનું વર્ણન કવિ આપે છે:

ગુરૂગમ ઘોડે બીઉ ચડયા, સત મન સજ્યા શણગાર,
નેહકમ નાંખ્યો શીર શેડલો, નીરખે નીરવંતી નાર,

ચેતન ચોદીશ ચમર ઢળે,નીરભે વાગે નિશાન,
અનુભવ ઉતારે આરતી,ઉતમ અવસર પ્રમાણ.

અને અંતમાં આવો વર પામ્યાના ઉલ્લાસને કવિએ ભારે ઉમળકાથી ગાયો છે:

હરીવરને જોઇ માઇં હઇડું ઠર્યું છે,
નીર્મળ થઇ છું હું તો નામ વરીને;
હરીવર હરખે ભેટશે મુજને,
રાખશે મુજને નેહ કરીને,
અસત જેવા જણ મારા નજરે ના આવે,
મનડું મોહ્યું છે મારૂ સતના સોહાગે,
મુક્ત મેળામાં હું તો વાસો વસી છું,
ભવનો ભય ભાગ્યો જમનું જોર ના ચાલે,
અવિનાસી વરની હું તો થઇ છું પટરાણી,
ગુણશિણરની જોહેજ મહાસુખ પામી,.

આમ આ "સુરતીનો વિવાહ" પૂરો થાય છે.

"પંદર તિથિઓ"ના મંગળાચરણમાં કવિ ગુરુ તરીકે નિરંતનો ઉલ્લેખ કરે છે. આથી આ કવિ નિર્ંતનો સમકાલીન અને શિષ્ય હોવાનું અનુમાન કરી શકાય.પંદર તિથિઓમાં માયામાં ફસાયેલી જીવને કરેલું ઉપાલંભાત્મક ઉદ્‌બોધન છે જે ધીરાની યાદ આપ આપાવે છે.એમાં પણ કવિ "અનુભવીયાનું પ્રમાણ" મેળવી લેવાનું કહે છે.જપતપ કર્મ,ઉપાસના,બંધમોક્ષ- આ બધી ભ્રમમાં પડ્યા વિના "શોધો આપ, સુરત ધરીને,".અપરોક્ષાનુભૂતિ થતાં જણાશે કે" બ્રહ્મ ભરપૂર બેહે" છે ને "સચરાચરમાંહે સરવમાં સરણો" રહ્યો છે.આ અનુભવ થયા પછી જ "સ્થીરતા પદ"માં "અચળ સમાધુ" સિધ્ધ થશે.અહીં કવિ સાચા ગુરુનાં લક્ષણ પણ આપે છે:

તેને માયાજાળ વપરીત,મનથી ત્યાગી રે,
તે ના કરે નબળો નેહ, નીચે જાવે રે,
કોને આવ્યો નામ વિશ્વાસ,ને હે અચળ નામે રે,
તે નીરખે આતમા એક,અંતર બોવા રે,
તે વરતે ગુણ વિવેક,જગતને જેવા રે,
તે સરવ રહે પુર, ચકળ વિલાસે રે.

કવિ કહે છે કે "તુરીયામતીનું અમૃત" તે સૌ કોઇ પી શકે નહિં.

એ નહીં નીરબળનું કામ, હામ જ ધાલે રે.

પૂનમે પૂર્ણવિસ્થાની પ્રાપ્તિ થાય છે ને કવિ કહે છે:

મારે થયું હતું જેમ આદ, અસલ ઓળખાયું રે,
મને મળ્યું મહા નિધિ સુખધામ,ઠીક ઠરાયું રે,
હવે પડી પુરણ પરતીત,અવિગત જેતાં રે,
થયું એકપણું અદ્વિત, ખટપટ ખોતાં રે,

"જ્ઞાનમાસ" માં કવિનું કવિત્વ ખાસ કરીને પ્રકટ થાય છે.વૈશાખનું આ વર્ણન જુઓ:

વૈશાખે વસ્તુકી વેલડી રે,વાધી અગમ અપાર,
પાને પાને દીવા બળે રે,વરસે અમીરસ ધાર,

તેવી જ રીતે પોષના વર્ણનમાંની આ પંક્તિઓ પણ સ્મરણમાં રહી જાય તેવી છે:

પોહો પરાની પારથી રે,આવે વસ્તુની સેલ,
નીવણિ તે વાણી કરે,પ્રીછવે સહુ પેર,

બારમાસીના કાવ્યમાં ફાગણનું વર્ણન તો ઘણા કવિઓ સુંદર રીતે કરતા હોય છે.આ કવિ પણ ફાગણને આમ વર્ણવે છે:

ફાગણે બ્રહ્મ ફૂલી રહ્યો રે,જેહે નર ને નાર,
પરબ્રહ્મ થઇ પડદે રહ્યો રે,વરતે જુગ વેહેવાર,
પડદો પ્રકાશીક નુરનો રે,જેવું ચસમાનું અંગ,
લટકાં કરે લેહેવાય છે રે,મન વાણીની સંગ

અહીં"નૂરના પડદા" ની "ચસમાના અંગ" સાથે કરેલી સરખામણી ખાસ નોંધવા જેવી છે.

"સુરતીની તિથિઓ" માં પરબ્રહ્મને માટેના પ્રેમનો વિકાસ નિરૂપાયો છે.બ્રહ્મને અનુભવથી લહ્યાનો જેમાં આનંદ છે.

આ સ્થિતિનું વર્ણન કરતાં કવિ કહે છે:

કે નોમે નરમ થઇ સાચી,કે કરણી સર્વે પડી કાચી,
નેહેકમ પદ જેઇ મતિ રાચી રે,
કે દશમે મુક્તપણું મળીઉં,કે બંધન નીકાનું ટળિયું,
અફળ વૃક્ષ સફળ થઇને ફળીયું રે

અંતમાં એક છુટું પદ પણ છે.જેમાં કવિ પોતાના બ્રહ્માનુભવની કૃતાર્થતાને જ ગાય છે:

હવે પરપંચ સર્વે પરા થયા,પ્રકટી કોટી કલ્યાણ,
મારે જનમમરણનો ભે ટળ્યો,મળીયો મહાપદનું લાણ.

આમ દયાળની કવિતા જ્ઞાનમાર્ગીધારાની જ નીપજ છે તે સ્પષ્ટ થાય છે.

Chehar-2-26 ૬૫૪

દામોદરાશ્રમ

જ્ઞાનમાર્ગી ધારાના આ કવિના જીવનકાળ વિશે કશી આધારભૂત માહિતી પ્રાપ્ત થતી નથી. બૃહત્કાવ્યદોહનના ૭ માં ભાગમાં એની કૃતિઓ સંગ્રહાયેલી છે. એમાં જણાવ્યા મુજબ આ કવિના જીવનકાળ વિશે જુદી જુદી બે માન્યતાઓ પ્રવર્તે છે: એક માન્યતા મુજબ એ સિદ્ધપુરનો રહેવાસી હતો અને બિન્દુસરોવરને કાંઠે રહેતો હતો. આ માન્યતા અનુસાર એ બાલણ પછી પચાસ વર્ષે થયો હતો. બીજી માન્યતા મુજબ એ ચાંદોદ પાસે કલ્યાણીમાં ઓગણીસમાં સૈકામાં થયો. એની કૃતિઓમાંથી, આ બે માંથી એકેય માન્યતાને સમર્થક, આંતરિક પુરાવો સાંપડતો નથી.

બૃહત્કાવ્યદોહનના ૭ માં ભાગમાં એની આઠ્ઠી કૃતિઓ છે: અક્ષર અનુભવપ્રદીપિકા, અનુભવચિન્તામણિ, સપ્તવાર, સાતભૂમિકા, શિવઅનુભવપ્રદીપિકા, બ્દાદશ મહિના, પંદર તિથિઓ અને પચ્ચીસ છૂટાં પદો. આ કવિ અનુભવના પર બૂબ જ ભાર મૂકે છે ને તે એની કૃતિનાં નામોમાં પણ વરતાઇ આવે છે.

અક્ષર-અનુભવ-પ્રદીપિકા તે કક્કાનું કવિએ યોજેલું નામ છે. એ ચોપાઇમાં રચેલો છે. પ્રારંભના મંગલાચરણમાં જ કવિ આ કક્કાના નિરૂપણનું સ્વરૂપ સમજાવી દે છે. આદ્ય ઓમકારમાંથી ઉદ્ભવેલી ચાર પ્રકારની વાણી અને એનો શાસ્ત્રાદિરૂપે થયેલો વિસ્તાર એમાં વર્ણવાયો છે. આ બતાવવાની સાથે સાથે જ્ઞાનમાર્ગી કવિતાના મુખ્ય વિષયો બ્રહ્મનું સ્વરૂપ, ગુરુનું મહત્વ, સાધનાનું સ્વરૂપ, બ્રહ્માનંદ પણ એણે સંક્ષેપમાં નિરૂપ્યા છે. બ્રહ્મ અચલ અવિનાશી સ્થિર આત્મારામ છે, એ "પરાપાર" તૂર્યાતીત છે. આત્મા નિર્મલ આકાશના જેવો "સર્વાવાસ" છે. વેદ શાસ્ત્ર અને ઉપનિષદ કહે છે તેમ આત્માને નામ રૂપ ગુણ નથી. એ સદા શિવરૂપ, ત્રિગુણાતીત, અખંડ અને અમર છે. પરમાત્માને "અવેવ" નથી, એ "સૂત્રમણિ સરખા" સર્વમાં રહે છે ને "પૂરણ બ્રહ્મ" એ સંજ્ઞાથી ઓળખાય છે. બ્રહ્મ સનાતન ને અગમ્ય છે, તેથી જ નિગમ એને "નેતિનેતિ" કહીને ગાય છે. અતલ સમુદ્રના નીરની જેમ બ્રહ્મસાગર ઊંડો છે. આ બ્રહ્મને "ગુરુગમ" થી જાણીને અનુભવી શકાય. ગુરુ ને ગોવિંદ એક જ છે. એ ગુરુ પોતે જ સાક્ષાત બ્રહ્મવિદ્યા છે. કવિએ એ "અદ્વૈત ચિદાનંદ ગુરુ" નો મદદથી જ આ કક્કામાંના મર્મને જાણ્યો છે. ગુરુના ઉપદેશથી થતા આત્મજ્ઞાનથી જીવદશા જાય અને આખુંય વિશ્વ શિવરૂપ થઇ રહે. ધી નિર્મળ થતાં નર "તદરૂપ" થઇ જાય ને એના બધા તાપ નાશ પામતાં એ શીતળ થાય સહજ આનંદ

એનો સ્વભાવ બની રહે. આત્મજ્ઞાનનો ઉદય થતાં પ્રેમની જ્યોત પ્રકટે, ચિત્ત લક્ષમાં લાગીને લીન થાય, સ્થૂલ સૂક્ષમ કારણ પણ જાય પણ સાચા અને ખોટા જ્ઞાન વચ્ચે વિવેક કરવો જરૂરી છે:

જેણે જીવનું ઝોસરું તપાસ્યું તેનું ડહાપણ ખરું.

બાકી "ડહાપણા ડહ્યા" તો નરકે જ જાય. સાચા જ્ઞાનને જુદું પાડવા કવિ "આત્માનુંભવજ્ઞાન" સંજ્ઞા યોજે છે ને કહે છે:

આત્માનુભવજ્ઞાન ઉદય થાયે શ્રી ભગવાન પાસે આવી જાય.

જે બ્રહ્મનો મર્મ જાણે છે, તેને અનુભવ સુખ પ્રાપ્ત થાય છે. વિચારતાં અનુભવનો ઉદય થાય છે. ને "અનુભવે નર થાયે તદ્રૂપ". વેદ શાસ્ત્ર અને સ્મૃતિમાં જે કહ્યું છે તેના સ સારનો પાંડિત્યનો ગર્વ પોષવા નહિ, પણ અનુભવ દૃષ્ટિએ વિચાર કરવો ઘટે. માટે જ કવિ નિશ્ચયપૂર્વક કહે છે:

ષડ્શાસ્ત્ર ઉપનિષદ્ વેદનો ભેદ તો અનુભવ વિના જ જાણે.

આ અનુભવને સિદ્ધ કરનારની આનંદાવસ્થાનું વર્ણન કવિ આમ આપે છે:

તતા નાદમાં લાગી તાળી સુરતી નુરતી જોયું ન્યાળી
ગગન ગુફામાં આતમદેવ, તતા તેની કરો નિત સેવ.

પછી તો "અનુભવધૂન્ય" અખંડ લાગે છે ને અંતરમાં અનહદનાદ ગડગડે છે. પછી પ્રણવ ને પરિબ્રહ્મ એકરૂપ છે એની પ્રતીતિ થાય છે. કવિ અંતમાં ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા પ્રકટ કરે છે, કારણ કે એમણે જ આ કડકાના મર્મરૂપ "પૂરણ બ્રહ્મ"ને ઓળખાવ્યા.

"અનુભવચિન્તામણિ" ના પ્રારંભમાં જીવને માનવદેહ સફળ કરી લેવાનો ઉપદેશ કવિ આપે છે. પછી વિષયી, મુમુક્ષુ ને જીવનમુક્તનાં લક્ષણો કવિ વર્ણવે છે. વિષયી વેદશાસ્ત્રને વિષ સમજે છે, એની વૃત્તિ વિષયવાસના ભોગવવાની જ હોય છે, એ ઇશ્વરને ઉપદેશે છે પણ પોતાનું સંભાળતો નથી, મનોકામના પૂર્ણ કરવા "સકામી કર્મ" કરે છે, એની "સુરતી" સ્વાર્થમાં રમમાણ રહે છે. ને એ એક ઘડી પણ "પરિબ્રહ્મ"ને સંભારતો નથી. મુમુક્ષુ ત્રણ પ્રકારના હોય: ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. આ પૈકી કનિષ્ઠ તે મોક્ષ ધર્મનો મર્મ નહિ સમજનાર કર્મમાં જ કલ્યાણ માનનારો કર્મજડ છે, મધ્યમ મુમુક્ષુ ચિત્તશુદ્ધિ અર્થે કર્મ કરે છે ને એના ફળને બ્રહ્મર્પણ કરીને નિષ્કામી થઈને રહે છે. આ પ્રકારે ઇશ્વરની ઉપાસના કરે તે મધ્યમ મુમુક્ષુ, ઉત્તમ મુમુક્ષુ ધ્યેય, ધ્યાન, ધ્યાતાથી રહિત હોય છે. એ કાર્યકારણ કે વ્યષ્ટિસમષ્ટિ નથી. એને પ્રતીતિ થઈ ગઈ હોય છે કે

હું તો નિશ્ચે છું ચિદ્‌ઘન આત્મા, એવું અંતરમાં ઉદે થયું અનુભવજ્ઞાન
હું તે છું સાક્ષી તત્વ ચોવીશનો, ધ્યેયમાં ધ્યાતાપણું સમ્યું, ધરે પોતાનું ધ્યાન.

પછી કવિ મુકતનો મહિમા વર્ણવે છે:

મુકત પુરુષ સદા રહે છે મન મગન,
સહજ સમાધી સત્‌ચિત્‌ આનંદ ઘન.
ત્યાં ત્રિપુટી નથી, ત્રિગુણ નથી, ન વ્દૈતાવ્દૈત
આપો આપ છે એક આત્મા, પુરુષોત્તમ તુર્યાતીત,
કૈવલ્યધામ છે ત્યાં મુકતપુરુષ નું મન મળ્યું
પુરુષોત્તમ ભેટી મનવાસના તત્ક્ષણમાં ટળ્યું.

આવો જીવનમુકત એ "સાક્ષાત્‌ અનુભવ મૂર્તિ" છે, જીવનમુકતના હૃદયમાં અખંડ હરિ અનુભવરૂપે દેહ ધરી રહે છે માટે એ હરિજન તે હરિરૂપ પ્રત્યક્ષ દેવ છે. કવિ છેલ્લે પોતાના અનુભવથી થયેલી કૃતાર્થતાના રોમાંચને પ્રકટ કરે છે:

હૃદય ભોતર જોયું મેં ઘણી, પ્રેમ પુરુષોત્તમ રહ્યા રોમરોમ.

"સપ્તવાર" માં પણ ક્રમશ: થતી બ્રહ્મ સાથેની અભેદાનુભૂતિનું વર્ણન છે. આદિત્યે રવિવારે આદ્યપુરુષ ને અંતરમાં અનુભવ્યા, સોમવારે સોહં શબ્દનો જાપ થવા લાગ્યો, અનહદ નાદ અંતરમાં સંભળાવા લાગ્યો. સુરતા સદા તેમાં સ્થિર થઇ, મંગળવારે મન સહજ સમાધિમાં સ્થિર થયું ને એમાં બ્રહ્મસાથે એકરસ થઇને રમવા લાગ્યું. આમ ક્રમશ: ગુરુકૃપાથી અનુભવજ્ઞાન મળ્યું, સચ્ચિદાનંદ સુખ પ્રાપ્ત થયું ને ધ્યેયધ્યાતા ને ધ્યાન ગયાં. "સપ્તભૂમિકા" માં શુભ ઇચ્છા, શુદ્ધ વિવેક વિચારણા, તનુમાનસા, સત્યાપત્તિ, અસંસક્તિ, પદાર્થભાવની, તુર્યાગા ભિમની આ સપ્ત ભૂમિકાનું વર્ણન કર્યું છે. શુભઇચ્છા નામની પહેલી અવસ્થામાં સુબુદ્ધિ રાખીને સત્સંગ કરવાથી નિત્યા-નિત્યના વિવેકને પ્રકટવાની ભૂમિકા તૈયાર થાય છે ને અંતરમાં વૈરાગ્ય અનુભવાય છે. શુદ્ધ વિવેક વિચારણા નામની બીજી ભૂમિકામાં ગુરુ અને શાસ્ત્રવચન પર વિશ્વાસ રાખવામાં આવે છે. શ્રવણ મનન અને નિદિધ્યાસનના નિત્ય અભ્યાસથી અનુભવ વધતો જાય છે, તનુમાનસા નામની ત્રીજી ભૂમિકામાં દેહાભિમાન રહે નહિ, અખંડ આત્મસ્વરૂપનું ધ્યાન રહે, એક એવ્દૈત રસપૂર્ણ આત્મા સાથે તદાકાર તદ્‌વત થઇને રહેવાય. સત્યાપત્તિ નામની ચોથી અવસ્થામાં

હું એક અદ્વૈત પૂર્ણબ્રહ્મ છું એવો અનુભવ અંતરમાં દઢ થાય ને સચ્ચિદાનંદનું સુખ સહેજે પ્રાપ્ત થઇ રહે, આ સ્થિતિને પ્રાપ્ત કરનારબ્રહ્મવિદ્ કહેવાય, અસંભકિત નામની પાંચમી અવસ્થામાં સાધક બ્રહ્મવિદ્વર બને ને સદા સહજ સમાધિમાં રહે, પદાર્થભાવની નામની છઠ્ઠી અવસ્થામાં સાધક તૂર્યાતીતે તત્વદર્શી બને, તુર્યગા ભિમની નામની સાતમી અવસ્થામાં સાધક બ્રહ્મવિદ્વરિષ્ઠની પદવીને પામીને ઉન્મનિ અવસ્થાને અનુભવી અખંડ સમાધિમાં કૈવલ્યધામને રહે પામીને રહે.

"શિવઅનુભવ પ્રદીપિકા" માં કવિ બ્રહ્મનું શિવરૂપે વર્ણન કરે છે. આ વિશ્વ તે વાચારંભણ વિકાર માત્ર છે. સનાતન તત્વ તે શિવ છે. એ શિવ આત્મસ્વરૂપે વિશ્વની મહી વિશ્વનાથ બનીને વસી રહ્યા છે. જે કાંઇ સત્ય ભાસે છે તે શિવની સત્તાએ કરીને ભાસે છે; એના સિવાય આ પંચભૂત કે પંચકોશ એ કશુ છે જ નહિ. એ શિવ સાક્ષીરૂપે શરીરમાં રહે છે; એને કાળ કે કર્મ લેપતા નથી. એને નથી કાર્યકારણ કે નથી ઉત્પત્તિપ્રલય. એ સૌથી ન્યારા શિવ છે. એમ ઉપનિષદોમાં પણ કહ્યું છે. આવા અગમ અગોચર શિવ તો દામોદરાબ્રહ્મને ગુરુકૃપાએ ગોચેર થયા ને એમને અનુભવ થયો કે

શિવ વિના નથી ઠામ ઠાલો, શિવ છે સચ્ચિદાનંદ સુખરૂપ,
નિર્ગુણો માયાને આધાર શિવનો, શિવ છે અનંત બ્રહ્માંડના ભૂપ.

"બદાદશ મહિના" પણ આધ્યાત્મિક અનુભૂતિનો ક્રમશ: થતો વિકાસ નિરૂપાયો છે. ચૈતમાં સદગુરુના વચનામૃતથી ચિત્ત નિર્મળ થયું, વૈશાખમાં વૈરાગ્ય વ્યાપ્યો. જેઠમાં યોગસાધના સિધ્ધ થઇ. આષાઢમાં અભયપદનો અનુભવ થયો, શ્રાવણમાં ચિત્તને "તૂર્યાતીત પરાપાર" માં બાંધ્યું, એ નિ:સંશય તે નિર્વિકાર થયું ને મહાપદ લાધ્યું. ભાદરવામાં "પરિબ્રહ્મ" સઘળે ભાસવા લાગ્યા ને લાગ્યું કે

આત્મસ્વરૂપ એકરસ પ્રત્યક્ષ પાસે રે
અનુભવ અમૃતરસ પીવાય છે.

આસોમાં ઇશ્વરની લીલાએ માયા વિસ્તારી ને

શરદ્ ઋતુનો ચંદ્ર નિર્મળ રહે છે રે
ઘેરઘેર આનંદ થાય, કીર્તન કરે છે રે.

કાર્તિકમાં આઠેપહોર નિત્યે આનંદ જ આનંદ છે, હરિભજન કરતાં હરિરૂપ [illegible] થઇ જવાય છે. માગશરમાં મન સ્થિર થાય છે ને અખંડ સચ્ચિદાનંદનું લક્ષ્ય લાધે છે. પોષ માં પુરુષોત્તમરાય દર્શન આપે છે, પ્રેમ અનુભવવાણીમાં પ્રકટ થાય છે. માહમાં જાણવો દુર્ગમ એવા કઠણ મર્મને જાણ્યો, અનુભવજ્ઞાન થયું ને પછી સદા આનંદરૂપમાં સ્થિર થયા ને ફાલ્ગુનમાં

સેહેજ સમાધીનું સુખ અંતર આપ્યું રે,
મારે ઉપન્યું અદ્વૈતજ્ઞાન, દ્વૈત સમાવ્યું રે.

"પંદર તિથિઓ" માં પણ આ જ રીતે બ્રહ્માનુભવના ક્રમશઃ વિકાસને કવિ નિરૂપે છે. પડવે પ્રગટ થયેલો પ્રેમ ને ઉલટેલો આનંદ વિકસતો જ જાય છે. અખંડ એકનો અનુભવ થતો જ રહે છે. સત્પુરુષ નો સંગ, આત્મવિચાર પણ એની માત્રા વધારે છે. પંચભૂત, ચોવીસ તત્વ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, દશઇન્દ્રિયો, દશ દેવ, પાંચ પ્રાણ, પંચ કોશ આ સૌથી આત્મા અસંગ થઇને રહે છે, એનો અનુભવ થાય છે. પછીથી આત્મસ્વરૂપ કેવળ સાક્ષીરૂપ ને ચાર અવસ્થાથી પર છે એ સમજાય છે. પછી આકાશવત્ અખંડાનંદનો અનુભવ સ્ફુરે છે, અને એને પરિણામે

અખંડ સુરતી લાગી કે, જીવ ચૈતન્ય એક થયું રે લોલ
જ્યાં જોઇએ ત્યાં ભરપૂર કે, આત્મા અનુભવ્યું કે લોલ,

આમ અનુભવજ્ઞાન આત્માનો સાક્ષાત્કાર થતો જ રહે છે ને આખરે

જ્યાં નથી પોંચતું વાણી મન કે, (ત્યાંથી) મન વાણી આવતી રે લોલ

આ અનુભવનો ખેલ ચટપટો છે, પણ આખરે નિશ્ચય દઢ થાય છે કે પંચભૂતનું બનેલું આ તન નથી, નિર્ગુણ બ્રહ્મ જ છે.

દામોદરાશ્રમનાં પચ્ચીસ પદોમાં પણ આ "અખંડાનંદ"ની જ જાણે રમઝટ મચી રહે છે. અપરોક્ષાનુભૂતિનું કવિ એમાં ગૌરવ કરે છે, ને એ જેને લાધ્યો છે તેવા જ્ઞાની ને જીવનમુક્તનાં લક્ષણોને વર્ણવે છે ને એવા જ ગુરુપદને યોગ્ય હોય છે એમ કહે છે. કવિને મન અનુભવનું પૂર્ણ જ મહત્વ છે તેથી પણે આગળ પણ જોઇ ગયા. અહીં પણ આત્માને અનુભવચક્ષુથી જોવાનું જ શક્ય છે. એમ કવિ કહે છે.[1] સાચો ગુરુ ને અનુભવિયો જ હોય, ને એવા જ ગુરુ દામોદરાશ્રમને મળ્યા છે.[2] કવિ પોતે પોતાને વિશે પણ કહે છે:

૧: પદ ૨૨, ૨: પદ ૧૮.

ઉપનિષદનો વિચાર કરતાં, અંતરમાં ઉદે થઇ અનુભવવાણી રે,[૩]

એ અનુભવ પામવો એ જેવાતેવાનું કામ નથી, એ તો જેનેથયો હોય તેજ જાણે:

આ અનુભવ છે અપૂર્વ ભારી, અનુભવ જાણે છે વીરલા યોગી રે,

જાણે તે જર જીવનમુકત કહાવે, કાં ભોગી કે જોગી રે.[૪]:

સાચો વિજોગો કોણ?

એવું બ્રહ્માનંદ સુખ ભોગવે અનુભવીયા જોગી,

એ સુખનો અનુભવ ના તે વિજોગી.[૫]:

કવિ પોતે તો ફરી ફરી કહે છે:"રહું છું અનુભવના રંગમાં",[૬]:

આમ "અનુભવરવિ" નો ઉદે થયો ને અજ્ઞાનરજની ઝલોપ થઇ, અનુભવસાગર ઉલટ્યો ને આનંદની રેલ આવી.[૭]:આ બધું ગુરુ-કૃપાથી થયું.

સદગુરુએ મુજને સમજાવીયો

મુજને હારદ સમજાવીને, હું પદ કીધું વેગળું રે,

ને હવે

સાક્ષીવત્ થઇ શરીરમાં રહ્યો છું, વિદેહી રહ્યો છું છતી દેહમાં રે,

તૂર્યાતીતનો અનુભવ કહું છું રે, અતિ આનંદના લોઢ વલીયા રે.[૮]:

આ આનંદની વાત તો કવિના પચ્ચીસેય પદમાં રણકો ઉઠી છે. આત્મા અતિ આનંદરૂપ છે ને એ અનુભવકોડા કરે છે, પણ જેમ પોયણાની પીઠમાં રહેતો છતાં દાદુર પોયણાની વાસને જાણતો નથી તેમ વિષયી પામરને આ આનંદસ્વરૂપ આત્માની ઝાંખી સરખી થતી નથી. જેને આ આત્મા લાભ્યો તે સાચા સુખિયા; તે સહજ સમાધિમાં સંતોષે રહે છે.[૯]: આ સ્થિતિને પ્રાપ્ત કરીને કવિ કહે છે.[૧૦]:

અમે છિયે કૈવલ્યપદના નિવાસી, રહીયે છિયે આઠેપોર અનુભવ ઉદાસી.

અને કૃતાર્થ થઇને કવિ આનન્દોદ્ગાર કાઢે છે:

અમો અનુભવજ્ઞાન અમૃત પીધું છે, દુર્લભ મરજીવા થઇને લીધું છે,

ગુરુકૃપાએ દામોદરાશ્રમનું કાર્ય સીધ્યું છે.[૧૧]:

હવે તો જેનું સ્વરૂપ અનુભવઘન છે એવા આત્મારામ હૃદયકમળમાં કલ્લોલ કરી રહ્યા છે.[૧૨]:હઠયોગની પરિભાષામાં આ આનન્દાવસ્થાનું વર્ણન કરતાં કવિ કહે છે:

૩: પદ ૮, ૪: પદ ૯, ૫:પદ ૨૧, ૬: પદ ૨૪, ૭: પદ ૫, ૮:પદ ૪,
૯: પદ ૨, ૧૦: પદ ૧૯, ૧૧: પદ ૧૬, ૧૨: પદ ૧૮,

આત્મારૂપ ગગનગુફામાં વિરાજે, ત્યાં અનહદનાદ નિરંતર ગાજે,
ત્યાં તાલ મૃદંગ ભેરી વાજાં વાજે
અખંડ સંભળાય છે અંતરમાં અનહદ નાદ
તેનો અનુભવીયા પુરુષ જાણે છે સ્વાદ. [૧૩:]

હવે તો

નિરંતર ધૂન ઉઠે નાદની, તે સાંભળીને રહું છું પ્રસન્ન
નાદનું સુખ અંતરમાં હવું, નિરંતર સંભળાય નાદની ધૂની
અનંત વસ્તુ દીઠી અંતરમાં તેનો મર્મ સમજીને રહું છું મૂનિ. [૧૪:]

સાચું મૌન શું તે પણ કવિ સુન્દર રીતે સમજાવે છે. વાણીનું મૌન તે સાચું મૌન નથી. સદા સ્વરૂપમાં લીન થઇને રહેવું તેને જ અનુભવીયાનું સાચું મૌન કહેવાય. [૧૫:]
આનંદની આ સ્થિતિનો પ્રાપ્ત કર્યા પછી

સમાધી સાધન શમો ગયાં, ભાસ્યા સઘળે રે બ્રહ્મ,
ત્રિવિધ તાપસંતાપ લાગે નહિ, દગ્ધ થયાં ત્રિવિધ કર્મ. [૧૬:]

આ કૃતાર્થતા કવિ ઉલ્લાસપૂર્વક ગાય છે:

આઠ પહોર દિવસ ને રજની, રહું છું પ્રસન્ન ચિત પ્રેમમગનમાં
સહેજ સમાધીમાં સ્વરૂપ લાધ્યું, જ્ઞાનઘના ગગનમા
રહું છું અનુભવના રંગમાં. [૧૭:]

જીવનમુકતનું લક્ષણ પણ આ જ છે. એ આઠે પહોર આનદમાં રહે છે. એ અમૃતરસનો ભોગી છે. એને ષડ્ઊર્મિ નથી, એને ત્રિવિધતાપ પીડતા નથી. મનપવન સ્થિર છે એને કશા વિધિનિષેધ નથી, એ વિજ્ઞાનઘન વિચારમાં સદા દઢ રહે છે. એમાંથી એની વૃત્તિ ડોલાવી ડોલતો નથી. [૧૮:] એ અવિદ્યાને આવરણે અંતરાતો નથી. આવા જ્ઞાનીનો દેશ ગૂઢ છે, એને અનુભવીયા જ્ઞાની જ અનુસરી શકે. [૧૯:] આવા બ્રહ્મવેત્તા પુરુષ ને સાક્ષાત્ બ્રહ્મરૂપ જાણવા, કારણ કે એઓ સાયુજ્યપદવીને પામી ચૂકયા હોય છે. [૧૯:]

આમ આ કવિની રચના જ્ઞાનમાર્ગીધારાનાં બધાંજ લક્ષણોને પ્રકટ કરે છે. એની ભાષા નો પ્રાંજલતા અને એની વાણીમાંનો આનંદરણકાર આપણે ભૂલી શકીએ તેમ નથી. શાસ્ત્રની ટીકા કરવી એને પસંદ નથી, મિથ્યાચારના પર પ્રહાર કરવાનું એને દિલ નથી. એની અનુભવવાણી આપણને પણ કૃતાર્થતાના રોમાંચનો અનુભવ કરાવે છે.

૧૩: પદ ૧૮, ૧૪: પદ ૨૩, ૧૫: પદ ૧૦, ૧૬: પદ ૧૨, ૧૭: પદ ૨૪, ૧૮: પદ ૩
૧૯: પદ ૨, ૧૯: પદ ૨૧.

કેવળપુરી.
(સંવત ૧૮૧૫-૧૯૦૫)

હરગોવિંદદાસ વદા.કાંટાવાળાસંપાદિત પ્રાચીન કાવ્યમાળા,ગ્રંક ૨ માં કેવળપુરીકૃત કવિતાનો સંગ્રહ પ્રસિધ્ધ થયેલો છે.એમાં"કેવળપુરીનું ચરિત્ર" નામના લેખમાં આપેલી માહિતી મુજબ "કેવળપુરીનો જન્મ ક્ર આશરે સંવત ૧૮૧૫ અને કૈલાસવાસ આશરે સંવત ૧૯૦૫ માં થયો હતો."[1] એમનું મૂળ વતન ઉદેશુ(મેવાડ) હતું.અને એમનો જન્મ રાજ-વંશી ભાયાતને ત્યાં થયો હતો.ભાટચારણોની સોબતને કારણે એમની કૃતિઓમાં ચારણી ભાષાની અસર જોવામાં આવે છે.આ ઉપરાંત એમની કવિતામાં મારવાડી ને હિંદી શબ્દોનું ભરણું ઠીક પ્રમાણમાં જોવામાં આવે છે.સંવત ૧૮૪૦ ના અરસામાં ઈડરના ઓધાનાથ-ના અખાડામાં જઈ એમણે ત્યાંના સેલપુરીને ગુરુ તરીકે સ્થાપ્યા અને માથું મુંડાવીને એ ગોંસાઈ થયા.આ સેલપુરી ઉપરાંત એમને સદાનંદ, વિશ્વાનંદ તથા પૂર્ણાનંદ વગેરે દંડી સંન્યાસીઓની સોબત હતી,અને એમના પ્રતાપે યોગ તથા બ્રહ્મવિદ્યાનું જ્ઞાન એમને પ્રાપ્ત થયું હતું.[2]

કેવળપુરીએ જ્ઞાનમાર્ગીધારાના અન્ય કવિઓની જેમ ગુરુમહિમા,તિથિઓ, બારમાસી,બાર રાશિ,વાર,કક્કો,ગંગો,પદો,રેવેણી,આરતી,તથા ગરબીઓ લખેલી છે.એની દીર્ઘ અને લઘુ વિષયનું સાંગ નિરૂપણ કરતી કૃતિઓ પૈકી ચિંતામણિ(પ્રથમ અને દ્વિતીય) તથા ચારમુંડમાં ગુરૂશિષ્યના સંવાદરૂપે લખાયેલી "તત્વસાર" નામની કૃતિઓ નોંધાયેલી છે."ધ્યાન તત્વ મુક્તાસાર" માં એમણે હઠયોગાનુસાર સાધનાનું વર્ણન કરેલું છે.આ ઉપરાંત "ઉપદેશી દોહરા","ઝૂલણા","કુંડલિયા" પણ લખ્યા છે.અહીં આ બધી કૃતિઓનો વીગતે પરિચય કરવો શક્ય નથી,આથી જ્ઞાનમાર્ગીધારાની મુખ્ય લક્ષણોને પોતાના આગવા વિશેષતાથી પ્રકટ કરતી નોંધપાત્ર કૃતિઓની જ અહીં વાત કરીશું.

આ ધારાના અન્ય કવિઓની જેમ કેવળપુરીએ પણ ગુરુમહિમા ગાયો છે. એની "ગુરૂમહિમા" નામની રચનામાં ગુરુ પોતે "નેતિનેતિ" કહીને કરવામાં આવતાં બ્રહ્મવર્ણનની જેમ પોતાનું જે વર્ણન આપે છે તે ઉલ્લેખપાત્ર છે.એમાંની થોડી લાક્ષણિક પંક્તિઓ આપણે જોઈએ:

નહિ હું તો જોગ, નહિં હું તો જત,
નહિં હું તો નીમ,નહિં હું તો નાત;
નહિં હું તો વન,નહિં હું તો વાસ,
નહિં હું તો શબ્દ, નહિં હું તો પ્રવાસ...૨૧

---

૧. કેવળપુરી કૃત કવિતા,પૃ.૨. ૨. જોજન પૃ.૩.

નહિં હું તો દાન, નહિં હું તો દેવ,
નહિં હું તો શ્યામ, નહિં હું તો સેવ.
નહિં હું તો હદ, નહિં હું તો ધામ.
નહિં હું તો વા'ર ,નહિં હું તો હામ...૨૪
નહિં હું તો બીજ, નહિં હું તો બૂઝ,
નહિં હું તો ગુણ, નહિં હું તો ગુજ;
જુઓ અવિગત, અજંપાએ ભણ,
ધંધુકાર આકાર , શૂન્ય નિશાન.....૩૨

કવિને મન ગુરુ "અખંડ આનંદ" રૂપ છે,ગુરુ પારસમણિ જેવા છે,એના સ્પર્શથી બધા બ્રહ્મરૂપ બની જાય છે.આકૃતિમાં હઠયોગની પરિભાષા વાપરીને કવિએ ગુરુને વિનંતી કરી છે:

ત્રિવેણી કેરે તીર, ઉલટા આવણા,
બાંધેને પરમોદ, મન શુધ્ધ માવણા;
સમેર ઉપર સોય, મેળાવો મુજ રે,
ખડકી સંગમ બોલ, સુરીમુનિ સુજ રે.

આ"ઉલટા આવણા" તે જ પ્રત્યાવર્તન," ઊર્ધ્વ માર્ગ" અથવા ઉલ્ટી સાધના.ઇડા, પિંગલા ને સુષુમણા નાડીઓમાં થઇને વાયુ જે સ્વાભાવિક ગતિએ વહે છે તેને રોકો ને તેને બ્રહ્મરંધ્રમાં લઇ જવો એટલે ઉલ્ટી ગતિ,"ઉલટા આવણા".આટલું કર્યા પછી પચીસે તત્વને પ્રબોધવા,મનને મનમાં જ સ્થિર કરવું,સુમેરુ(બ્રહ્મરંધ્ર)અથવા શૂન્ય શિખર પર મન સ્થિર થાય એવી યુક્તિ બતાવવાનું શિષ્ય ગુરુને વિનવે છે.ગુરુ શિષ્યને મુમુક્ષુની આઠ અવસ્થાઓ બતાવે છે.

"ધ્યાનતત્ત્વ મુદ્રાસાર" પણ ગુરુશિષ્યસંવાદરૂપે લખાયું છે.એમાં શિષ્ય જીવનમુક્ત થવા માટે પંચમુદ્રાનો ભેદ જણવા ઇચ્છે છે.ગુરુ એને આ પંચમુદ્રાનો ભેદ બતાવે છે. રંગોની પરિભાષામાં આ મુદ્રાઓનું વર્ણન કરેલું છે તેથી એ કૂટ બની રહે છે. અગોચરી મુદ્રા જેને સિધ્ધ થઇ તે પોતાના તનમાં જ "અમૂલ્ય રતન" ને પામે છે. પછી એને અનેક પ્રકારના નાદ સંભળાય છે:

સુણે સોહી અસંખ્ય શબ્દ સાર,
તાર ભેર શરણાઇ જેત્રી તાર,
ઝાંઝ કુનકુની રુનજુની નેય,
દેહી કામ ક્રોધ ત્યાં ભાસે છે દોય..૨૧-૨૨.

ચાચરી મુદ્રા સિધ્ધ થાય ત્યારે મન,બુધ્ધિ,ચિત અને અહંકારમાં ચમત્કારિક તેજ પ્રકાશે:

ગુરૂપ્રતાપે ભાસે સોઇ જ્ઞાના,મહાસુખ સોઇ તે શબ્દ માના,
ચંચળ ચાચરી અંતર ચીનો,દેદાર રૂપ તે સાહેબ દીનો. ...૨૮-૨૯

પણ અમૂલ્ય હીરો તો ઉન્મની અવસ્થામાં જ પ્રાપ્ત થાય છે,એ મુદ્રા "સોહં" શબ્દની ટંકશાળ" છે.એ અવસ્થાનો અનુભવ વર્ણવતાં કવિ કહે છે:

ઉન્મુની મુદ્રા ચરાચર એહી,વાણી અવસ્થાની પાર વિદેહી,
નિરંજન નાથ પ્રકાશી છે નૂર,અષે સરોવર ભાસે બે ઉર...૩૨-૩૩

પિંડમાં બ્રહ્માંડ અને અખંડ મંડળ પછી ભાસે છે.પછી રૂપ અરૂપ કે હદ બેહદનો ઝપડો રહેતો નથી.જીવ,શિવ અને શૂન્ય છોડીને કેવળ ચૈતન્યરૂપ એવું અગોચર સ્વરૂપ તે આ મુદ્રાના અનુભવનો વિષય છે.જુદી જુદી મુદ્રાનાં જુદાં જુદાં સ્થાનોનું વર્ણન પણ ગુરુએ કર્યું છે.ખેચરીનું સ્થાનક આકાશ,ભૂચરીનું સ્થાનક જલાકાશ,અગોચરીનું સ્થાનક શૂન્ય આકાશ,ચાચરીનું ચિદાકાશ ને ઉન્મનીનું મહાકાશ.પછી કવિ પાંચની સંખ્યા નો મહિમા ગાય છે:

ગુરૂગમ ખોજ પાંચ નિજ જ્ઞાના,ધરે પાંચ અંતર એહી સત ધ્યાના,
પાંચ જ તત્વ દેખે મન પૂરા ઈંદ્રિ બે પાંચ અનુકે તે પુરા...૮૧-૮૨

પછી શિષ્ય પ્રશ્ન પૂછે છે:

અર્થ કહો ગુરુ આતમા,અકલ વસ્તુ આપ,
સ્વામી કોણ કોણ શિષ્ય છે,જપે કોણનો જાપ..૯૪.

એના જવાબમાં ગુરુ કહે છે:

માયા નાહી બ્રહ્મ સેજના મેળા,બોજ સેહેજ હોઇ સેહેજ શૂન્યકા ખેલા,
વૃક્ષ નાહી મૂળ નાહી બીજ વેલા,ચિત ભૂમિ નાહી પંથ ગુરૂ નહિ ચેલા..૯૯.

દાદુએ પૂજનું જે વર્ણન આપ્યું છે તેને મળતું વર્ણન કેવળપુરી આમ આપે છે:

જીવ્હાની પૂજા વાદ વિવાદ જેહી, નાસિકા વાસ સુવાસ સનેહી,
કર્ણની પૂજા શબ્દ કહાવે,રંગ સ્પર્શ પૂજા ત્વચારી રહાવે,
ચક્ષુની પૂજા રૂપમાં ચેત,વિચારે પાંચ તો ઉપજે ભેત..૧૩૦-૧૩૨.

વળી પાંચ તત્વની કળાનું વર્ણન પણ એણે લાક્ષણિકરીતે આમ આપ્યું છે:

એ પૃથ્વીમલ આવે જીવ મલ જાવે,
બોજે પાણીમલ આવે હોઇ હંસ ખેલાવે.
તેજમલ આવે જીવે મલ હોઇ ચૈતન,
બે આવે વાઇમલ નિરાલંબ હોયે જન.

હદ આકાશમલ આવે જયે નિરંજન હોય,
કળા પાંચની જણે તે જન કોય.....૧૩૭-૩૯

આ જ રીતે પંચતત્ત્વને પાંચ દેવળ કલ્પીને તેના પાંચ ~~૬૬~~ દેવોનું વર્ણન એ આમ આપે છે:

પૃથ્વીરૂપ દેવળ બનાવ્યાં છે પૂરા,જીવરૂપ દેવ તે વસે હજુરા,
પાણીરૂપ દેવળ અનુપમ પાયા,ઉનમેં ને હંસ દેવરૂપ આયા.
તેજરૂપ દેવળ બન્યું છે તેહી,અંતર ચૈતન આવો દેવ એહી,
વાઈરૂપ દેવળ કીધું છે વિચારી,પોતે નિરાલંબ જે દેવ વેપારી.
આકાશ દેવળ નિરાધાર એહી,દેવ નિરંજનરૂપ વિદેહી.
દેવળ પાંચ ને પાંચ છે દેવા,સંત સમાગમ ગુરૂની સેવા..૧૪૬-૫૧

આ પ્રમાણે પંચતત્ત્વના પાંચવર્ણ પણ બતાવ્યા છે.પૃથ્વીનો પીતવર્ણ,પાણીનો શ્વેત, તેજનો રક્ત,વાયુનો નીલ ને આકાશનો શ્યામ વર્ણ.આમ પાંચનો મહિમા વર્ણવતાં કવિ પાંચ પૂર્ણ "મહાવાક્યો" ;પાંચ બુંદ,પાંચ બ્રહ્મવારતા,પાંચ સ્થૂલ સ્થાનક, પાંચ વેદ,પાંચ આસન,પાંચ પૂજા,પાંચ દેવળ,પાંચ દેવ,પાંચ સેવા,ને પાંચ વર્ણ વિગતે સમજાવે છે,ને અંતમાં કહે છે:

આતમ સોહી ચરાચર આયા,સમજત પાંચ તે પાંચ સમાયા.૧૯૧.

આમ આ કૃતિ પૂરી થાય છે.

"ચિંતામણી"બે છે,એ પૈકી પ્રથમની શરૂઆત,કથા મંગલાચરણ વિના, સીધી જ થાય છે,જ્યારે બીજા "ચિંતામણિ"માં મંગલાચરણ છે.આ કૃતિમાં સાચી સાધના ~~ભોળાભાવ~~ ઓળખ્યા વિના બાહ્યાચાર,કાયાકષ્ટ અને એવી બીજી જટિલતામાં અટવાતા અજ્ઞ લોકોને કવિ પ્રબોધે છે ને સાથે સાથે સાચું સાધન કોને કહેવાય, માયા શું,બ્રહ્મ શું,સાચું જ્ઞાન કોને કહેવાય-- આ વિષયોની સંક્ષેપમાં મીમાંસા કરે છે.આ કૃતિમાંના કેટલાક લાક્ષણિક અંશો જોઈએ:

બ્રહ્મને પતિવ્રતાનો ભાવ રાખીને ભજવાનું કવિને ઇષ્ટ છે,એ જે ભૂલે તેની બુધ્ધિ બગડે.વનવગડામાં જઈને હરિને ભજવાની જરૂર નથી:

કૃપા ગુરૂની આવે જ્યાંથી,વસ્તિ છોડી રહ્યો વગડે રે.

એને માટે તો સાચો અનુભવ જગે તે જરૂરી છે,પણ એ કાંઈ સહેલી વાત નથી:

શિર સાટે તો શૂરા સૌવે,જ્યારે અનુભવ જગે રે.

આ અભેદાનુભૂતિનો ઉદય નહિ થાય ત્યાં સુધી યોદ્ધ વિદ્યાથી મેળવેલી ચાતુરી,

આઠ પ્રમાણનું જ્ઞાન,અનેક શાસ્ત્રોનું જ્ઞાન,યોગના આઠ અંગનું જ્ઞાન,આઠ સિધ્ધિ,નવ નિધિ સમાધિ,પાંચ મુદ્રા,મંત્ર જંત્ર તંત્ર માત્રા,રાગતાન,કાવ્ય- આ બધું બપનું નથી.આત્માને જાણીને અનુભવીએ નહિ ત્યાં સુધી આ બધા બુધ્ધિના ઘાટ માત્ર છે.

બુધ્ધિ ઘાટ વૈરાટ બધાંયે,રેત બીજ ચોરાશી રે,
કોરે રહ્યો જ્યુ ઘાટનો કર્તા,-ન્યારો એમ અવિનાશી રે.

પણ

નિર્ગુણ રૂપ બતાવ્યામાં નાવે,બુધ્ધિ વાસના બાંધે રે,
અદેખ અછેદ અભેદ આંતમ,સુરતા તાર શું સાંધે રે.

માયાની સાવ સાદી પણ સાર્થક વ્યાખ્યા કવિ આમ આપે છે."મન કલ્પે તે સર્વે માયા"[૩] જેને "વસ્તુ" નો અનુભવ બન્યો છે તે માયાને માગતો નથી,જેને રામભજનની આશા છે તે કાયાને કષ્ટતો નથી.કવિને મન સંતસમાગમનું એક સાધન તરીકે બ જ ઘણું મહત્ત્વ છે:

સંતસમાગમ સાધન સાચું,પ્રકટ વસ્તુ પાયે રે,
ઓર સાધના કર્મ ઉપાધિ,વાણીમાં વર્ણાયે રે.

આવા સંતસમાગમથી આપણો સ્વરૂપચૈતન્ય પ્રબુધ્ધ થાય ત્યારે કેવો અનુભવ થાય ? કવિ આ પ્રબુધ્ધ ચૈતન્યને "ગોડિયા" ચૈટલે કે સદગુરુ સાથે સરખાવતાં કહે છે:

ચૈતન ગોડીઓ આવ્યો ચોવટે,ગડ ગડ ડુગળી ગાજી રે,
જગત્ જોવા આવ્યું ખેલ જાણીને,બાજીગરની બાજી રે.

એનો ખેલ કોઇ સમજી શકતું નથી.પંચીકરણની વાત તો પુરાણી છે,એ બધી જંજાળેડીમાં પડવાની શી જરૂર છે ? "સહેજે સહેજમાં સમાઇ રહેલું"એ જ સાચું.એને માટે બધો ---- શબ્દાડંબર શા માટે ?

કુરાન ન જાણે કિતાબ કાજી,કવિ ન જાણે કાવ્ય રે,
મન કલ્પે તેમાં એ નાવે,ભેદી ન જાણે ભાવ રે.

એ તો "પરમ રસાયણ" છે.,એના ભોગી વિરલ જ હોય છે.નરહરિ આદિએ આપેલાં દૃષ્ટાન્ત આ કવિ પણ આપે છે:

અખંડ ધામ અરૂપ આતમા,અજ-મા અવિનાશી રે,
તેલ રહે જેવું તલીયનમેં,વાસ કુલનમાં વાસી રે.
આપ સર્વેમાં સર્વ આપમાં,અરસ પરસ એક અંગ રે,
નીર લહેર કદી ન હોયે -ન્યારી,ભાતાતીત અભંગ રે.

---

૩. આવીજ બીજી માયાની વ્યાખ્યા:-"માયા કેવળ પવનની મૂઠી."

કર્મકાંડ નહિ,પણ જ્ઞાનકાંડ જ જરૂરી છે.

વિદતિય"ચિંતામણિ" હિન્દીમાં લખેલી કૃતિ છે.

આ પરમતત્ત્વના અનુભવની અગમ્ય બોલી શુકદેવ જેવા બોલી ગયા છે:

બોલે શુક અગમ શુધ્ધ બોલી,ઘડકી ઘર મઠમાં હદ બોલી,

કવિ અહિંચાતુરીથી પ્રતિષ્ઠા વાપરે છે.પોપટ જેમ શુધ્ધ પણ આપણને ન સમજાય એવી બોલી બોલે છે,તેમ શુક જેવા જેગી અગમ્ય એવા પરમાત્મા વિશે શુધ્ધ બોલી બોલે છે.પોપટ જેમ પિંજર (ઘર) તથા ઘર(મઠ)ની હદ બોલીને આકાશમાં ઉડી જાય છે તેમ શુક જેવા સાધક પણ ઘટાકાશ તથા મઠાકાશની ઘટ તથા મઠ જેવી ઉપાધિને ત્યાગીને મહાકાશને પામે છે,એટલે કે જીવ અને ઇશ્વરની ઉપાધિને છોડીને બ્રહ્મરૂપ બને છે.

સાધુઓને કુલનો ભેદ હોતો નથી,

નીચ ઉચ કુલ જકે નોઇ,સચ્ચા કેવળ સાધુ સોઇ.

સાચો સાધુ જગતના દોષ જોતો નથી,એ તો ચરાચરમાં પૂર્ણ બ્રહ્મને જ પેખે છે જે વાણીથી પાર છે ને સર્વવિાસી છે.એવા સાધુનું વર્ણન કરતાં કવિ કહે છે:

મતામતિ ગતિ નહી મનમાં,વસ્તિ ઓર વૃતિ નહિ વનમાં,

તીરથ વ્રત નહિ ગ્રહે ન ત્યાગે,જગ જજ્ઞ નહિ ઉધે જાગે,

તત્વાતીત સ્વરૂપ છે તોઇ,સચ્ચા કેવળ સાધુ સોઇ,

સાચા બ્રાહ્મણનું લક્ષણ આપતાં કવિ વિપ્ર અને બ્રાહ્મણ વચ્ચે વિવેક કરે છે:

વિપ્ર હોઇ સોઇ ભણહી વેદા,બ્રહ્મ ચીને તે બ્રહ્મ અભેદા

ચતુર્થવિરથામાં જેણે ડેરો નાંખ્યો છે તે જ સાચો જેગી.એ જેગી વાદવિવાદમાં પડે નહિ જીવનમુક્ત દશામાં રહે:

અગ્રતમાંહી ઉઅગ્રત જાગે,લક્ષ વિષાય પર કબુ ન લાગે,

દ્રશ્ય પદારથ રૂંગ નહિં દેખે,પરમ ગુરૂરૂપ અપરમ પેખે,

અગ્રતભાવથી થયો વિજેગી,જનકુ કેવળ કહીએ જેગી.

આમ સેજપુરી ગુરૂએ "સૈજમાં સાન" બતાવી તેને પ્રતાપે રચાયેલી આ કૃતિ પૂરી થઇ.

"તત્વસાર" એ સુદીર્ઘ કૃતિ છે.એ છપ્પા,દોહરા,અને ચોપાઇમાં ગુરૂશિષ્ય-સંવાદરૂપે ચાર પંડમાં લખાયેલી કૃતિ છે.એમાં કબા અને નરહરિની જેમ કેવળપુરીએ ચૌદ સંમતિશ્લોકો પણ ટાંક્યા છે,એને આધાર બનાવીને એની વિસ્તૃત સમજ પણ આપી છે. આ ચાર પંડના પાછા કાંડરૂપે પેટા વિભાગ છે.એવા ચૌદ કાંડની આકૃતિ બનેલી છે.

ગુરૂની વંદનાથી આકૃતિનો આરંભ થાય છે.શિષ્ય પરમપદ શું છે તે જાણવા ઉત્સુક છે.ગુરૂ કહે છે કે આ પરમપદ તે કાંઇ હાથમાં પકડીને આપવાની ચીજ નથી,એ

"આપુ" મૂકી દે તો જ્ઞાતુ પોતે જ સત્ છે.એને માટે સ્વરૂપજ્ઞાન થવું જોઇએ.એ જાણ્યા વિના પ્રપંચ જાય નહિ:

જાણ્યા વિના તત્વ ચેતન જેહી,તોલ બધું મનાવે તેહી,
ભોગવ્યો નહિ વસ્તુનો ભોગ,રહ્યો તે પ્રપંચ દીર્ઘ રોગ..૧.૧૬

માટે

એ ચેતન નિજ જાણો આપ,તેણે સૌ'જે ટળીયા તાપ.૧.૧૯

કવિ તત્વાનુમાન અને તત્વજ્ઞાનનો વિવેક કરતાં કહે છે કે અનુભવ તે જ સાચું તત્વજ્ઞાન છે,બાકીનું બધું અનુમાન છે.

શિષ્યને હવે મહાભૂતનો ભેદ જાણવાની ઇચ્છા થાય છે.ગુરૂ કહે છે કે "રસસમ પરબ્રહ્મ" ને પાંચ વિશેષણ છે: અસ્તિ,ભાતિ,પ્રિય,નામ અને રૂપ.આ પૈકીનાં પહેલાં ત્રણ બ્રહ્મરૂપ છે ને બાકીના બે એની ઉપાધિરૂપ છે.અસ્તિ એટલે સ્થિર આત્મા, ભાતિ,તે કર્મવિશેષણ છે.આ આત્મા સર્વને પ્રિય લાગે છે.જે કોઇ બુદ્ધ ઉપજે તેનું રૂપ બંધાય,ને રૂપ થયું એટલે તેનું નામ પડે.એનાં સ્થિતિ,ઉત્પત્તિ ને લય હોવાનાં જ.આમ

એ પાંચ વિશેષણ જાણે સંગ,લેવાં ભૂત સ્થૂલ સૂક્ષ્મ લિંગ,
માનુભાવ જન સમજ્યા મન,મેલી પ્રપંચ થયા અમન.૧,૨૮

આ પછી પંચીકરણની વિગત ગુરૂ શિષ્યને સમજાવે છે,ને એનો ઉપસંહાર કરતાં કહે છે:

શમે ઉપજે ભૂત જ સહી,મળે કહીંક મહાભૂત જ મહીં,
પણ ચેતન સાગર ભર્યો અપાર,વિષાય વ્યંવ્યં ન્યાંહી નહિ વિકાર
૧.૫૧

પછી સંમતિશ્લોક ટાંકીને કવિ,"તત્વમસિ" એ મહાવાક્ય તથા "નેતિનેતિ" એવી શ્રુતિની ઉક્તિનો અર્થ સમજાવે છે.અહીં પ્રથમ ખંડ પુરો થાય છે.

બીજા ખંડમાં શિષ્ય કહે છે કે ચૌદ ભૂમિ(ચૌદ લોક)ની ભીતરમાં રહેલા ભૂતનો કલ્લોલ તો મેં લહ્યો,પણ મેં પરમાત્માને પ્રીછ્યો નથી,તો એને શી રીતે પ્રીછવો ?.

એના જવાબમાં ગુરૂ કહે છે:

સાગરના તત્વના બુદ બુદ શરીર,હેરો ચરાચર બ્રહ્માંડ તે હીર,
સૌ'જે ઉપજે ને સૌ'જે શમે,દેખો ચણછતો જીવ હું હું દમે.
,.૬૯

પણ પરમાત્માનું વર્ણન કરવું અઘરું છે:

પરમાત્માની કોણ કહે પેર, ઠીક પ્રપંચથી અગોચર દેર,
વળી શબ્દ કરીને જે કહેવાય,મગન આકાશતણો મહિમાય.
૨.૭૧

વાસ્તવમાં અહંકારકર વગેરે કશું ઉત્પન્ન જ થયું નથી, એટલે મન અને વાણી પણ ક્યાંથી ઉદ્ભવે ? ને તેથી પરમાત્માનું સ્વરૂપ કોણ કોની આગળ વર્ણવી બતાવે ?

પછી શિષ્ય "અહંભાવના" મનથી બચ એને માટેનો ઉપાય પૂછે છે. એના ઉત્તરમાં ગુરુ કૃષ્ણે અર્જુનને જે ભગવદ્ગીતામાં કહ્યું તે જ ટાંકી બતાવે છે. જેને ઘટનો અહંકાર નથી એટલે તેની બુદ્ધિ સંસારથી લેપાતી નથી, તે કાર્ય કરતો છતાં અકર્તા છે. આ જ વાત રઘુપતિને વસિષ્ઠે કહી, કૃષ્ણે ઉદ્ધવને કહી. એનો સાર તારવીને ગુરુ કહે છે:

ભ્રષ્ટ દૃષ્ટે દીસે છે ભૂત, ભેદ વસ્તુ વિચારે છે અદ્ભૂત,
વસ્તુ વિચારે તું છે વસ્ત, એ કોણ કહે ઉદય ને અસ્ત. ૨.૯૧

ગુરુ પ્રપંચ શબ્દનો જુદોજ અર્થ અહીં અસ્ત્ર આમ કરી બતાવે છે:

પ્ર કહેતાં પરબ્રહ્મ છે, પંચ કહેતાં ભૂત પંચ,
પ્રપંચ નામ જૂઠાં પડે, વંઝાપુત્ર જ તંચ. ૨,૯૪

આ જે બધું દેખાય છે તે કલ્પનાને પ્રભાવે જ છે:

કલ્પના માત્ર એ તે કહી, લક્ષ ચાર ખાણવાણી તે લહી,
નર વસ્તુ વિષે એકે વૃંદ નાહી, જે દીસે તે માયા ફંદ જ્યાંહી. ૨, ૧૧૧

આમ આ "કલ્પનાએ કીધો સંસાર "છે. ને તે "પુરુષા પ્રકૃતિ કેરો વિસ્તાર" છે. આ બધું મનની લીલા છે. ગુરુ મનનો મહિમા વર્ણવતાં કહે છે:

મનોમયે સધળું મંડાણ, વળી મનોમયે પંડિતની વાણ,
લક્ષો મનોમયે સર્વે લોક, ફેર મનોરચિત એ સર્વે ફોક.
ગણો મન વડે પંડિત બાંધ્યો ગ્રંથ, પછી મનવડે દર્શન મનવડે પંથ.
જોગી મનવડે સાધે જોગ, ભોગીએ મનવડે મા-યો ભોગ.
એ મનવડે ઈશ્વર મનવડે જીવ, કંઈ મનવડે ઘાટ ઘડે અકીવ.
સો મનમાં મન જ્યારે ગયું શમી, ઉઠતી ત્રિપુટી પ્રકૃતિ આથમી,
૨, ૧૧૨-૧૪

આમ મનમાં મનને શમાવી દેવાની જરૂર છે.

પછી શિષ્યને પ્રશ્ન થાય છે કે માયા જે પુરુષને વશ કરે છે તે માયાનો સ્વામી મન થઈને અવતરે ખરો ?.

ગુરુ કહે છે કે મનની ઉત્પત્તિ જ થઈ નથી, પણ એ અનાદિ છે, અજ છે, સૌથી પ્રથમ જન્મ પામનાર સ્થૂલ દેહનું કારણ મન છે. અને આના સમર્થનમાં સંમતિશ્લોક ટાંકે છે:

મનો વૈ ગગનાકારૂં, મનો વૈ સર્વતોમુખમ,
મનો વૈ પરમાત્મેદં, મનો વૈ પરમાર્થકમ. ૨, ૧૨૨

મન વડે જ મોક્ષ છે ને મનવડે જ બંધન છે,માટે

માંહી ગગનાકાર થાય જે મન,જાણે મન મોક્ષ તોયે તે જન
૨, ૧૨૫

આ મન એતો "હરિની લે'૨" છે.

પછી શિષ્યને જીવનમુક્ત વિશે કુતૂહલ થાય છે.જે મુક્ત થયો છે તે પણ બીજા માણસની જેમ જ વર્તે છે તો પછી મુક્ત અને અમુક્તની વચ્ચે વિવેક શી રીતે કરવો?.

એના જવાબમાં અષ્ટાવક્રે શુકદેવને જે કહેલું તે યાદ કરીને ગુરૂ કહે છે કે મુક્તપુરૂષ વાસના વગરનો,બ્રહ્મરૂપ,સ્વચ્છંદ અને બંધન વગરનો છતાં વાયુથી શુષ્કપણે ઉડે છે તેમ પૂર્વ જન્મના સંસ્કારરૂપી વાયુથી એ પણ ચેષ્ટા કરતો રહે છે.આને વધુ સ્પષ્ટ કરવા અન્ય જ્ઞાનમાર્ગી કવિઓએ આપેલા દ્રષ્ટાંતનો ઉપયોગ કરીને કવિ કહે છે:

સ્ફટિકને નિકટ બહુ રંગ,જેહ પ્રતિબિંબ મણિને અંગ,
વળી મણિમધ્યે નહિ એક બાન,ભાસે જેમ મળે પ્રતિભાન,
સ્ફટિકની પેરે તે સદા,જે લિંગ વિના શિષ્ય લાગે જૂદા,
ઉત્પત્તિ પ્રલય નહિ વસ્તુ વિષે,રસ લક્ષાલક્ષ વિવર્જિત રૂપે.
૨, ૧૪૨-૪૩

ત્રીજા ખંડમાં ગુરૂ શિષ્યની વૈરાગ્ય વિશેની જિજ્ઞાસાને સંતોષે છે.એ સમજાવવાને કવિ "શંકર ભાષ્ય" અને શિવગીતાનો આશ્રય લે છે.એ સંમતિ શ્લોકને આધારે કવિ કહે છે:

જે કાર્ય ઉપાધિતણું નામ જીવ,દેખ કારણ ઉપાધિ ઈશ્વર સદીવ,
જીવ ઈશ્વરનું કારણ જેહ,તે પરિબ્રહ્મ નામ તો ભણીયે તેહ.
૩. ૧૫૩

બ્રહ્મમાંથી જગતની ઉત્પત્તિની વાત કરતાં કવિ સૂર્ય અને મેઘનો દાખલો આપીને કહે છે કે સૂર્યની મેઘ રચવાની ઇચ્છા નથી હોતી,પણ એ એના તેજનો સ્વભાવ જ છે,તેવી જ રીતે ઈશ્વર પોતાની ચૈતન્ય સત્તાના સ્વભાવરૂપ માયાથી જગત રચે છે.મનનેજ મારીએ એટલે જ સાચો વૈરાગ્ય સિધ્ધ થાય. શિષ્યને પ્રશ્ન થાય છે:આ વૈકુંઠાદિ લોક તે પણ પંચભૂતમાંથી થયા છે ? ગુરૂ કહે છે કે એ પણ મનની કલ્પના છે,એ બધાંની ઉત્પત્તિ વાણીમાં છે.મને રૂપની કલ્પના કરી અને વાણીએ એનું નામ વૈકુંઠ પાડ્યું.આ જ રીતે પરમાત્મા બધા લિંગોમાં સમરસ બનીને વ્યાપી રહ્યો છે એમ

સમજવાથી લિંગભેદ પણ ટળી જશે."હું તું" નું દ્વૈત પણ વાસ્તવમાં નથી.એ વિશેની શિષ્યની શંકા ટાળતાં ગુરુ કહે છે:

માન્યું મિથ્યા તે સતમયિ,તેણે આપોપું માન્યું ત્યયિ.
૩,૨૦૬

એ મિથ્યાની બળ દૂર કરવાનો ઉપાય ગુરુ બતાવે છે.સંત જનનો સંપર્ક સેવવાથી મનવૃત્તિ એકતાર બને છે,બુધ્ધિ"વણ પ્રતીકાર" ઉજ્જવલ બને છે,લોભમોહાદિ મળ ટળે છે. ∴ જ્ઞાનીનો સત્સંગ કરવો,કારણ કે

જ્યમ પારસ ત્યમ જ્ઞાતા જન,અજ્ઞાન મૂળ તે મૂકાવે અન્ય,
જીવ ટાળી કરે શિવરૂપ જેવે,હરિજન તણો મહિમા એમ હોયે
૩.૨૧૬

જે પોતાસમો શિષ્યને કરે તે સાચો બ્રહ્મવેત્તા.શિષ્ય [illegible] "તજ્ઞ પુરૂષ" કોણે તે જાણવા ઇચ્છે છે.ગુરુ એના જવાબમાં સંમતિ શ્લોક ટાંકીને કહે છે કે શુકદેવ જોગી, કૃષ્ણ ભોગી,દુર્વાસા ક્રોધી અને જનકવશિષ્ઠ કર્મયોગી– આ પાંચ તત્વદર્શીઓ છે. એ પાંચમાં વસ્તુતાએ કશો ભેદ નથી:

બુજવી ચાલ્યા પાંચેની જોય,હારદ પાંચેનું એક જ હોય,
વાણી શુધ્ધ શિષ્ય બે ત્રે વિવેક,ત્રે કમ પાંચ પણ વસ્તુ એક.
વળી ત્યાગી પુરૂષ તે મોટાવીર,શુધ્ધ અશુધ્ધ દો નહિ શરીર,
પ્રપંચ નહિ પાંચેની પાસ,વળી ઇચ્છે નહિ કામ વૈકુંઠવાસ.

સંત કે "તજ્ઞ" ને "લક્ષણ જોય" નહિ,લક્ષણો કે ચિન્હ્ન હોય નહિ એમ ગુરુ કહે છે,પણ સ્વયં પ્રભુએ ઉધ્ધવને સંતનાં ત્રીસ લક્ષણ ગણાવ્યાં છે.તેનું શું ?એના જવાબમાં ગુરુ કહે છે કે જ્યાં સુધી ઉતારુ સામે પાર ગયો નથી ત્યાંસુધી એને નૌકાની જરૂર રહે છે, પણ સામે પાર પહોંચી ગયા પછી એને નૌકાની શી જરૂર ? આમ,અપરોક્ષાનુભૂતિ નહિ થાય ત્યાં સુધી શાસ્ત્ર,ગુરુ ને સાધનાની જરૂર રહે,પણ બ્રહ્માનુભૂતિ થયા પછી એ બધાંનું મહત્વ રહેતું નથી.પછી કવિ શ્રીમદ્ ભાગવતમાંના એકાદશ સ્કંધના ૧૦-મા અધ્યાયના ૨૯,૩૦ અને ૩૧ મા શ્લોકમાં ગણાવેલાં અઠાવીસ લક્ષણાનુસાર સંતપુરૂષનાં લક્ષણો વર્ણવે છે.એવો સંત આનંદમાં "લગન મગન" હોય છે.અનુભવની આંખ ઉઘડે તે જરૂરી છે:

અનુભવી આંખે દેખ જેહ,દેખ્યો કરકંકણ દર્પણમાં જેહ,
૩,૨૭૯

અનુભવની આંખ ઉઘડ્યા પછીની રહેણી તે કામદુઘા જેવી છે.સંતોનું વર્ણન આપીને કવિ ત્રીજા ખંડના અંતમાં કહે છે:

કૃષ્ણ ઉદ્ધવનો સંવાદ જ કહ્યો,લક્ષ અભેપદ મનમાં લહ્યો.
જે ઇચ્છો નિજપદ પામવા જેહ,તે ચાલો સાધવા ~~સમબા~~ લક્ષણ તેહ
૩.૨૮૪

ચોથા ખંડમાં શિષ્ય પ્રશ્ન કરે છે:

મોટો સંશે સ્વામી મુજને,જીવ ભૂતપંચ જેહ,
જે જડ સરીખા જડ છે,તેને ચદ્‌ભુત કહ્યા તેહ.
૪,૨૯૨

આ કક્ષાએ ગુરૂ શિષ્યને કહે છે કે "હું શિષ્ય છું" એવી માન્યતા હવે તું છોડી દે, કારણ કે

ગુરૂ શિષ્ય બેમાં નીનતા ગઇ,૨મ ચૈતનતા વસ્તુ ૨ઇ
૪,૨૯૯

આ સ્થિતિનું વર્ણન કરતાં નરહરિ અને અખાએ આપેલું વર્ણન આ કવિ પણ આપે છે.

કંઈ શરદ ઋતુનો હોયે પ્રકાશ,ચંગમાં હોયે નિર્મળ આકાશ,
તત્ત્વજ્ઞાન દેખ પ્રગટયું તેહ,જ્યારે પ્રકૃતિનું ભાન ટળ્યું જેહ.
૪,૩૧૨

હવે "હું તું" માં કહું અંતર રહું નથી,દીપથી દીપ પ્રકટી ગયો છે.જડ પંચભૂતે જડ નથી તેની શિષ્યને પ્રતીતિ થાય છે ને એ કહે છે:

દેખ પાંચ ભૂત ચિદ્‌રૂપ,ત્રણ ભુવન ભાસ તદ્‌રૂપ,
એ મહાજ્ઞાન પામ્યો હું આજ,દૃઢે ચિદ દીસ્યું મહારાજ.

હવે

જ્યાં દેખું ત્યાં એકુ જ્યાંહી,નિર્ગુણ વસ્તુ વિના ભાસે નાંહી,
સર્વે સન્મુખ સામ સ્વરૂપ,૨જ ૨જમાં વ્યાપક એક રૂપ.
૪,૩૨૦

ત્રિલોકની રંગભૂમિ પર આ ચિદ્‌રૂપી નટનો રચાયેલો ખેલ છે.આત્મારામ જ અરાચરમાં અનેક પ્રકારના ગુણ કર્મરૂપ અને નામ ધારણ કરીને રમી રહ્યો છે.પણ એ વિશે વાણી શું વધુ વર્ણવવાની હતી?.

નિરખવા કહેવામાં આવે નહિ,રસનાએ કહું જ્યા રૂપ,
અલખ વસ્તુ એક છે,સર્વે રૂપ સ્વરૂપ.
૪,૩૨૮

પછી પ્રત્યક્ષજ્ઞાન અને અનુમાનજ્ઞાન એવા જ્ઞાનના બે પ્રકાર ગુરૂ ગણાવે છે.હરિજનને પ્રત્યક્ષજ્ઞાન થાય,અનુમાનથી બ્રહ્મનું જ્ઞાન જેને થાય તે દાસ.હવે શિષ્ય ત્રણ પ્રકારનાં અદ્વૈતને જાણવા ~~ઇ~~ ઇચ્છે છે.ગુરૂ એ ત્રણનાં નામ ગણાવે છે: ભાવઅદ્વૈત,ક્રિયા અદ્વૈત અને

દ્રવ્ય દ્વૈત. દેહભાવે જોઈએ તો જ આ દ્વૈત દેખાય.મહાજ્ઞાને એ ભાસે નહિ.યોગસિધ્ધિથી અદ્વૈતની અનુભૂતિ થાય ખરી એવો શિષ્યને પ્રશ્ન થાય છે.એના જવાબમાં ગુરૂ કહે છે કે સકળ સિધ્ધિને માયારૂપ જ ગણવાને ગણવી.યોગસિધ્ધિથી કૈવલ્યપદની પ્રાપ્તિ થતી નથી,જેમ વેશ્યા નિર્ધનને તજે છે તેમ સિધ્ધિ પણ એના લોભમાં પડેલાને તજે છે.પછી શિષ્ય કહે છે:જે બ્રહ્મમાં આ સકળ વિશ્વ ભાસે છે અને જેનામાં નામ ને રૂપ મિથ્યા છે તે સ્થળ જે વર્ણવી શકાય એવું હોય તો વર્ણવો.એના જવાબમાં ગુરૂ કહે છે:

જે લક્ષાલક્ષ વિવર્જિત જેહ, ત્યાં પક્ષાપક્ષ વિવર્જિત તેહ,
થીર મન વાણી તે ત્યાં થકે,સોહી ગમ કોણ કહી શકે.
તું હું નહિ જ્યાઇ છે તેહ,જ્યહિં જ્ઞાન નહિ જ્ઞાતા જેહ,
જે આ કેઇ કહ્યો નવ જાય,મળે આદ્ય ઓંકાર માંહી સમાય.

(૪,૩૬૮-૬૯)

માટે

સ-મુખ પ્રતિબિંબ જહું સમાઇ,અગમવેત્તા કલા તે આઇ,
કોય હોય દુજો તો સત્ હું કહું,રિરંકાર એક ઉ-મુન રહું.

૪.૩૭૨

આટલી કક્ષાએ પહોંચ્યા પછી "લીન ભયો શિષ્ય લાલમેં, પ્રેમ આનંદ ભરપૂર," "આપું" આપમાં મિટાવીને "અભેપદ" ને પામ્યો.આમ ગુરૂ સેજપુરીની કૃપાથી આ ગ્રંથ પૂરો થયો.જ્ઞાનમાર્ગીધારાનાં બધાંજ લક્ષણો એ પ્રકટ કરે છે તે આપણે વીગતે જોયું.

કેવળપુરીએ એના પદોમાં કર્મકાંડી અને મિથ્યાચારીના પર પ્રહાર કર્યો છે. કર્મકાંડી વિશે એ કહે છે:

ક્રિયા કર્મકાંડ કરે કાનુ,મર્મ જ્ઞ ન જાણે સત માંહેલો હોજી,
પુન્ય કરે પણ પાત્ર નહિ પરખે,બળતામાં બીજ બોયેલો.

(પદ ૪)

દેહનું "ચૈતનપુરી" ની રાજધાનીરૂપે વીગતે વર્ણન એ આપે છે.(પદ ૫) .કળજુગનાં લક્ષણો વર્ણવીને એ સામે ચેતવણી પણ આપે છે.(પદ ૭) જે મોક્ષ છે તે તો જીવતાં જ મેળવવાનો છે.

જીવતાં ઘર જૂઓ બંદા,જીવતાં ઘર જુઓ જી,
મૂવા કેડે જે મોક્ષ માગે,કારાગૃહનો તે કૂચો.(પદ ૧૪)

"ચૂકાયેણ ચર્ચાયચૂકમાયેજેવલધરિયેજેજાયેજાલાજાલુજાયજાયેજાયેજાયે

"વાયેણનાં પદ" એ કેવળપુરીની એક લાક્ષણિક રચના છે.એમાં પ્રકૃતિને વાયેણ જેડે સરખાવીને એના વિસ્તારને વર્ણવ્યો છે.બ્રહ્માનંદને પિયુને પામવાના આનંદ સાથે કેવળપુરી પણ સરખાવે છે:

સખી સત રસિયાને સંગ રળી રે,રસિયાને રંગ રળી,
જ્ઞાન હિમાળે ગળી,બ્રહ્મસ્વરૂપમાં ભળી. (કાફીનાં પદ ,૨)

કેવળપુરી પણ સંતોને "અનુભવી" ને નામે જ સંબોધે છે:

આનંદરૂપે,અનુભવી સંત આવો રે,
લક્ષમાં અલક્ષ લાવો,પ્રેમ રસ સેજે પાવો રે.
(કાફીનાં પદ,૫)

બ્રહ્માનુભૂતિની સ્થિતિને કેવળપુરી "સમઝનું ઘર" કહે છે ને ત્યાં આવવાને "બંદાના પદ" માં નિમંત્રણ આપે છે:

સમઝકે ઘેર સમો બંદા,સમઝકે ઘેર સમોજી,
કરણદોષાને દૂર કરીને રમત અખંડ રમો.

આ પદોમાં કેવળપુરી મનુષ્યદેહનું માહાત્મ્ય પણ ગાય છે:

દુર્લભ મનુષ્ય દેહ બંદા, દુર્લભ મનુષ્ય દેહ જી,
જીવ ઈશ્વરકેરો સાક્ષી બણે,વસ્તુરૂપ વિદેહ.
મનુષ્યદેહથકી મહાપદ મળીયે,જન્મમરણ દુઃખ જાય જી,
અખંડાનંદ સ્વરૂપ આપે,ગુણાતીત વેદ ગાય.

બ્રહ્માનંદની સ્થિતિ વર્ણવતાં કવિ કહે છે:

ચક્ષુમાં મીઠાશ આવી,રંગ મેંદીમાં ચકચૂરજી,
વસી ફૂલમાં જ્યમ વાસના,જેમ હરિ રહેત હજુર.

કવિ પોતાને "નિરાકારકા ભોગી" કહીને ઓળખાવે છે ને કહે છે:

ધરતી નહિ જ્યાં પાંઉ જ ધરતા,નીર નહિ ત્યાં નાઉં રે,
તેજ નહિ ત્યાં ધૂણી તપતા,જ્યોમ નહિ કયે વાઉં.

કેવળપુરી પણ "સભરભર્યા બ્રહ્મસાગર" માં નિમજ્જન કરે છે.યુધ્ધની પરિભાષામાં આ કવિ પણ સાધનાનું વર્ણન આપે છે:

વૃત્તિ ઘોડો કરે અસવારી, ચેતન ઉપર ચઢતા હેજી,
હરિનામનાં બાંધે હથિયારો,લડાઇ અરિસંગ લડતાહે,
સમજણ સાજ માંડી લે સારી,નવ ખુટીયું નહિ નડતાહેજી,

પગ ઠરાવી પ્રેમ પેંગડે, ગુરૂગમ નોબત ગડતા હે,
સંતરી સેલ પકડ લે સાચી, ધીરજ ઢાલ કર ધરતા હે,
ખમણીચારો ખડગ પકડી લે ખાંતે, દેખ અરિસમન ડરતા હે.

આમ કેવળપુરી આ પરંપરાનો એક ઉલ્લેખપાત્ર કવિ ઠરે છે. એની કૃતિઓનો વિવેકી સંગ્રહ થવાની જરૂર છે.

Chapter-2-28

૬૧૫

મનોહરસ્વામી

:સંવત ૧૮૪૪ - ૧૯૦૧:

મનોહરસ્વામી ભાવનગરનો વડનગરો નાગર ગૃહસ્થ હતો. ઉત્તરાવસ્થામાં સંન્યસ્ત લઇને એણે સચ્ચિદાનન્દ નામ રાખ્યું હતું, એમ કહેવાય છે. એની રચનાઓ પૈકી, જ્ઞાનમાર્ગી ધારાને લાગેવળગે એવી મુખ્ય ઉલ્લેખપાત્ર કૃતિઓ આટલી: ભગવદ્ગીતા પરની પદબોધિની ટીકા, રામગીતા પર ટીકા, મનોહરકાવ્ય (પ્રકીર્ણ પદોછે). આ ઉપરાંત એણે વલ્લભમતખંડન, ગૂજરાતી વ્યાકરણ તથા સંન્તસુજાતિય આખ્યાની અને બંદાનું આખ્યાન નામનાં બે આખ્યાનો લખ્યાં છે. એવાં ૭૦ પદો હ બહત્કાવ્યદોહન ૬૩ માં છપાયેલાં છે. ભગવદ્ગીતા પરની તથા રામગીતા પરની ટીકા હજુ અપ્રસિધ્ધ છે.

અહીં એનાં ૭૦ પદોને, જ્ઞાનમાર્ગી ધારાના સંદર્ભમાં જોઇ જઇએ. એ પદોના મુખ્ય વિષયો બ્રહ્મનું સ્વરૂપ, ગુરુમહિમા, સંતનાં લક્ષણ, મિથ્યાચારની ટીકા, જ્ઞાનનો મહિમા, સાધનાનું સ્વરૂપ, બ્રહ્માનંદના અનુભવનું વર્ણન-આટલા છે. ગીતાનો એણે બહુ ઊંડો અભ્યાસ કર્યો હોય એમ લાગે છે. એનાં પદોમાં ગીતાની અસર વરતાઇ આવે છે. એના ૫૭ માં પદમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો એ ગીતાનુસાર જ વર્ણવે છે ને કહે છે.

મુખ્ય લક્ષણ મોટાં એ જ છે, ગીતામાં રે પ્રભુ કરે નિરધાર.

આજ રીતે ૨૧ માં પદમાં એણે પોતાના શબ્દોમાં ગીતાના વિભૂતિયોગને સરળ ભાષા માં જાણે સાર આપી દીધો છે. સાકાર ઇશ્વરની પૂજા એ સાધનાની એક અવાન્તર સ્થિતિ છે, અંતિમ લક્ષ્ય નથી એ વાતના સમર્થનમાં એ ગીતાનો આધાર ટાંકીને કહે છે.

ગીતામાંહે ચાલ કરી છે તે જ જાણવા કાજે રે :પદ ૩૯:

મનોહરસ્વામીએ ૯, ૧૨, ૧૭, ૨૪, ૩૦, ૪૩, ૪૬, ૬૯, ૭૦ - આ નવ પદોમાં શ્વાસ કરીને બ્રહ્મનાં સ્વરૂપ તથા મહિમાનું વર્ણન કર્યું છે. આ પૈકી ૧૭ માં પદમાંનો બ્રહ્મના સ્વરૂપનો ગરબો શ્વાસ ઉલ્લેખપાત્ર છે. પહેલાજ પદમાં એ પોતાના ઇષ્ટ દેવનો "અખંડ નરહરિરાયજી એ નામે ઉલ્લેખ કરે છે તે સૂચક છે. ~~૨૧મા~~ નવમાં પદમાં એ બ્રહ્મને એક "અમિત શક્તિરૂપ એક 'અખંડ ચૈતન" કહીને ઓળખાવે છે. એ બ્રહ્મ પોતે નિર્લેપ શુધ્ધ ને નિ:કામી છતાં ત્રિગુણાત્મક રૂપ ધરીને બહુનામી કહાવે છે. એણે માયામય ઘાટ

કરીને એવો ઠાઠ રચ્યો છે કે બ્રહ્માદિક પણ એને લહી શકતા નથી. આપોપું નજીત્યજીએ તો જ જ્ઞાન-દરૂપ એ બ્રહ્મને માણી શકીએ. બ્રહ્મને જાણવું એટલે સ્વસ્વરૂપને જાણવું. સ્વસ્વરૂપનું જ્ઞાન થયા વિનાનું બધું જ્ઞાન મિથ્યા છે. આ વાત લોકોક્તિનો ઉપયોગ કરીને સરળ રીતે મનોહરસ્વામી આમ સમજાવે છે:-

છીપે નહિ તરશ, કદિ પગે નીર ડોલે (ડહોળ્યે) :પદ ૧૨:

એ બ્રહ્મ ત્રણે અવસ્થાથી પર, સોળે કળાએ પ્રકાશતા તેજરૂપ છે. બ્રહ્મ નિરુપાધિક છે, માટે એને જાણવાને માટે ઉપાધિને દૂર કરવી જોઇએ. તર્કબુદ્ધિથી બુદ્ધિએ બ્રહ્મને ન જાણી શકે એમ કૃષ્ણેજ ગીતામાં કહ્યું છે. ૧૭ મા પદમાં એણે ગરબાના ઢાળમાં બ્રહ્મવર્ણન કર્યું છે. એમાંની બ્રહ્મવર્ણનની થોડી પંક્તિઓ જોઇએ :

ગરબો ગાઇએ તે નિરગુણ નામનો રે લોલ,
જે કોઇ શામ છે અકામ જે સકામનો રે લોલ. ૧.
આપે ચૈતન ઘન વ્યાપક અપાર છે રે લોલ,
ચૌદ લોકનો આધાર નિરાધાર છે રે લોલ. ૨.
જેની શક્તિઓ અનંત તે અનૂપ છે રે લોલ,
એક ઇચ્છા શક્તિ તે નિરગુણરૂપ છે રે લોલ. ૩.

આ બ્રહ્મે નાટક રમવાની ઇચ્છાથી અનંત સૃષ્ટિ ચાદરી છે. આદિ, મધ્ય અને અંતમાં એક જ સદા વ્યાપી રહયો છે. એ ચૈતન ઘટઘટમાં વ્યાપક છે. એમાં વિવેક દૃષ્ટિએ ભેદ જોવો ન જોઇએ, પણ જીવ "દેહોહંમતિ" થી અવિવેકને કારણે ભેદ જુએ છે તેથી શુભાશુભ જે સુખદુ:ખ માને છે. ગુરુને શરણે રહીને સાધના કરી બ્રહ્મને સચ્ચિદાનંદને જાણવું જોઇએ. આગળ ૩૦ મા પદમાં એ બ્રહ્મનું "અજબ જગ" ના બનાવનાર તરીકે વર્ણન આવે છે, અને કહે છે:

પોતે માંહે જે બાહાર બિરાજે, ભિન્ન ન થાયે લગાર;
કોઇ કરી ન શકે એવાં સર્વે કામ કરે દિલદાર. ૧૪.
વંધ્યાપુત્ર જેવો, અસંભવતો પરીવાર;
શબ્દાદિકથી કરે એવો, બીજા કેનો ભાર. ૧૫.
કરતે સતે નિત્ય અકર્તા, લેપ ન પામે લગાર,
ચૈતન્ય આનંદરૂપ છે વ્યાપક, જેનો પાર ન વાર. ૧૬.

: ૩ :

આ બ્રહ્મ જ્ઞાનીજનમાં પ્રગટ જણાય છે, ને જ્ઞાનીઓ વ્યવહારે નિજ સ્વરૂપને એ પોતે ગાય છે, નહીં તો એ અકળનો કળાને બીજું કોણ કળી શકવાનું હતું? એ બ્રહ્મને પામવાની સાધના સંક્ષેપમાં એ આમ સમજાવે છે:

ગુરુ શરણે સાધન સિધ્ધ કરી, વચન વેદાંતનાં શ્રવણે ધરી,
રાતાદિવસ કર બ્રહ્મવિચાર,
વિશ્વાદિકનું ત્યજ અભિમાન, કર વિરાટ આદિનું ધ્યાન,
એક કરી જો અનંત અપાર,
સચ્ચિદાનંદ બ્રહ્મ ન જણાયે, ભેદથી માટે અભેદ ઉપાયે,
કરી થઇ રહે ચિદ્‌ઘન ભંડાર. :પદ ૪૬:

પંચભૂત, ઇન્દ્રિયો વગેરેમાં વ્યાપીને રહેલા બ્રહ્મની સ્તુતિ એણે ૪૩ મા પદમાં કરી છે તે ઉપનિષદ્‌માંના બ્રહ્મવર્ણનની યાદ અપાવે એવી છે.

આ બ્રહ્મની પ્રાપ્તિ માટે ગુરુને શરણે જવાની આવશ્યકતા, અન્ય જ્ઞાનમાર્ગ કવિઓની જેમ, મનોહરસ્વામી પણ સ્વીકારે છે:

દઢ વિશ્વાસ ધરીને જે કોઇ, સદ્‌ગુરુ શરણે જાય,
તેના સંશય તર્ક વિપર્યય, હૃદય ગ્રંથી ભેદાય. :પદ ૧, ૧૭:

ગુરુનું મહત્વ શા માટે છે?

જ્ઞાની ગુરુજન ઓચરે સત્ય વચન નિરધાર;
વ્યાપક ચિદ્‌ઘન નાથનું, ભજન બતાવે સાર.
દુષ્ટ ગુણો દૂરો કરે, શુભ ગુણ શીખવનાર,
પામરતાને પાલટી, આપે વસ્તુ અપાર. :૬૯, ૧૭-૧૮:

સદ્‌ગુરુ જે શીખવે છે તેજ કૃષ્ણનો ભાવ છે. જો એને અનુસરીને ચાલીએ તો એની વાણીરૂપી ગીતાજ્ઞાનાવથી ભવજલ તરી જવાય. માટે ગુરુના ઉપદેશથી વૈરાગ, વિવેક શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રધ્ધા, નિજસ્વરૂપની પ્યાસ, મુમુક્ષુતા વગેરે શુભ સાધનોની પ્રાપ્તિ કરવી જોઇએ. આ "અંતરંગ સાધન" કરનારને "મોક્ષતણા દાતાર" ગુરુ લક્ષ્યની પ્રાપ્તિ કરાવે છે. બ્રહ્મપ્રાપ્તિની સાધના તે સહજસાધના છે એ વાત, અન્ય જ્ઞાનમાર્ગી ધારાના કવિઓની જેમ, મનોહરસ્વામી પણ સ્વીકારે છે. એમાં કશું કઠિન નથી, ક્લેશકર નથી. આથી જ એ કહે છે :

સહુ સાધનમાં શ્રેષ્ઠ છે, સાચે પ્રેમે ધ્યાન;
કહે સચ્ચિદાનંદ બ્રહ્મનું, તો ઝટ થાયે બ્રહ્મજ્ઞાન. :૬૯, ૩૨:

એને માટે તપ તપવાની, શાસ્ત્રો ભણવાની કે કાયાકલેશ કરવાની કશી જરૂર નથી. જે સંતોનો દેશ છે એમાં તો,

કાયાકલેશ દોડધૂપ ન કરવો પડે જો.
જ્યાં જોઇયે ત્યાં સ્વામો સનમુખ જડે જો.

ને દેહ એ કાંઇ દમવાની વસ્તુ થોડી જ છે?

આવું સુંદર ધામ શરીરનું જ્યાં નાથ રાજે સરદાર
વિશ્વતણા સહુ દેવતા રે, ત્યાં છે સેવા કરનાર.

જે દેહબુદ્ધિને દૂર કરીને "પરાપાર" ને પહોંચે છે તેને પછી સર્વજ્ઞ સચ્ચિદાનંદ બ્રહ્મનો જ અનુભવ થાય છે. અભેદભાવે જે આનંદરૂપને ઝીલતો નથી તેને માટે જ આ સંસાર છે. આ અંતરંગ સાધનાનો એણે ટૂંકમાં પરિચય આપ્યો છે:

મનમાં ન ધરો જડવાસરા, જેથી પામો રે ચિદ્‌ધન ભંડાર.
આસન વાળીને બેસો એકાંતમાં, ચિદ્‌ધનનારે થાઓ ચિંતવનાર.
:૫૫,૨૧-૨૨:

નિજ રૂપ ન બાહેર બોલીયે, જેનો ઘટમાં રે છે પ્રગટ ચમકાર.
જ્ઞ ભેદ અભેદમાં ઝોલીયે, જડને જાણી રે માયાનો પરિવાર.
આદે અંત છે માયા અણછતી, બાકી ન રહે રે મૂઠી એક ધર.
માટે રાખીયે ચિદ્‌ધન એકલો, મનમાંથી રે કાઢાડી કૂડો ગુબાર.
સચ્ચિદાનંદ બ્રહ્મ તો ભેટશે, જો ગળશે રે મન મતિ અહંકાર. :૫૫,૨૪-૨૮:

આ અહંકારને ગાળવાનું મુખ્ય સાધન તે પ્રેમનો વિસ્તાર, માટે જ સાધક

દિન દિન પ્રભુને પામવા, પ્રેમ વધારે જાય. :૬૯, ૩૧:

આ સાધનાનો "શાહરાહ" છે, એમાં "ચોરઠગોર" ચાલી ન શકે. અન્ય જ્ઞાનમાર્ગી કવિઓની જેમ આ કવિ પણ મિથ્યાચારને ઠોકઠોક ભાંડે છે. આ માર્ગ તે કાંઇ કાયરનો માર્ગ નથી:

સૂરા જન ચિદ્‌ધન પ્રભુ પામે, પ્રગટ જગતમાં ઢાલ ખડી,
કાયર કામાદિકની ઠેશે, દોડતાં જાય દડી દડી. :૪૦, ૨:

પણ મિથ્યાચારી અને દંભીઓ અનેક રીતે પોતાના પ્રપંચને વિસ્તારે છે. કેટલાક જે સર્વવ્યાપક ચૈતન્ય છે તેને મૂર્તિમાં બતાવે છે. એવાને કવિ એક જ સાદો પ્રશ્ન પૂછે છે :

ક્ષણભંગુરની પ્રતિમા પૂજતાં રે, કયમ પતિ પામીશ તું અશરીર? :૫૬,૪૫:

કૃષ્ણે પોતે મનબુદ્ધિથી પર એવા આત્મસ્વરૂપને નિહાળવાનું કહ્યું પણ ભક્તો રાધાકૃષ્ણની વાતોમાં રચ્યાપચ્યા રહેવા લાગ્યા :

કૃષ્ણ કહે મનબુદ્ધિથી પર, આત્મસ્વરૂપ નિહાળો રે,
ઊલટા કહે જે અમે માનીયે, રાધાકાનડ કાળો રે.

આવા "વૈષ્ણવો" ભવોભવે ભટકતા રહી જાય છે. એવાઓને ઉદ્દેશીને આ કવિ ૨૫૦૮ ભાષામાં કહી દે છે:

માયાના ચકડોળ વિષે જે, બહુ બ્રહ્માંડ રમાડે,
તે મેહેલો તું અલ્પ સિદ્ધિ પાસે, જઇ પાછો પછાડે.
જે દિન રેણ જુએ છે સહુને, તેને તું નથી જોતો,
ક્ષુદ્ર દેવ મંત્રોની માળા, તાણ છ રોતો રોતો. :૨૮-૧૪,૧૭:

પણ કવિ ચેતવે છે કે જો

કેવળ ઐહિક કામનાની તું મનમાં બાંધીશ માળ,
તો તારું મન રેંટિયાની જ્યમ, ફરતું ભરશે ફાળ,

પછી ચોર્યાસી લાખ ફેરા ફર્યે જ છૂટકો

અણસમજુ જે કૃચ્છ્રસાધના કરે છે તેને સખત ઉપાલમ્ભ આપતાં કવિ કહે છે:

કૃચ્છ્રાદિક બહુ વ્રત કરે, તેથી તન સૂકાય,
લાલચ ધારા ચાલતી, તે પલ નવ મૂકાય.
દેવ વિવિધ વિધિ વીનવે, પૂજા કરે અખંડ,
દશે આંગળાં દાંત દઇ, પાય પડે જ્યમ દંડ.
એણિપર ધાયે અતિ ઘણો, ન લહે પાતક મૂળ,
ખીલો ડાંભે કયમ મટે, અશ્વ ઉદરનું શૂલ.
શત સંવત્સર તૂંબડો, જલમાં ડબકાં ખાય,
અંતર ધોયાપણ કદી, કટુતાઇ નવ જાય.
ત્યમ અંતરથી પાપનું, મૂળ કર્યાવણ દૂર,
કાયકલેશ વૃથા કરે, મમતાતણા મજૂર. :૫૬ ૮:

કવિની વાત સાચી છે. આવા લોકો તે સાચા સાધકો નથી, પણ મમતાની મજૂરી કરનારાઓ જ છે. એવા દાંભિકોના ઘણા પ્રકાર કવિએ જોયા હશે. એવાઓની એક લાંબી યાદી, એમના દરેકનાં જુદાં જુદાં લક્ષણો સહિત, કવિએ ૩૬ મા પદમાં આપી છે તે ઘણીવાર અથાનાં આવાં વર્ણનની યાદ કરાવે તેવી છે.

પણ આગળ કહ્યું તેમ, આ માર્ગ તો "શાહ રાહ" છે, એ જેવા તેવાને માટે નથી. આથી કવિ કહે છે :

પ્રભુની પૂજા તો રે, તે નરથી બને રે
જે જીવતમૃત થઇ રહેનાર. :પદ :૪૪:

બંગાળના બાઉલો આને જ "જા-તે મરા" ની સાધના કહે છે. જે લોકો ભૂમાને છોડીને નાનાં સુખ, નાનો સિદ્ધિની પાછળ ભટકે છે તેને તો આની ઝાંખી પણ ન થાય :

જ્યમજ્યમ સુખસાચવણી કરીએ, ત્યમ કલેશ વધારો રે,
જ્ઞાનદિવાકરને પ્રકટાવી તમ ભય સહિત બિડાશે રે. :પદ ૪૨:

આમ, મનોહરસ્વામી પણ અન્ય જ્ઞાનમાર્ગીધારાના કવિઓની જેમ જ્ઞાનનું આ સાધનામાં ગૌરવ કરે છે. આ જ્ઞાન તો પંડિતોનું વિતંડામાં રાચનારું શુષ્ક જ્ઞાન નથી કે વન્ધ્ય તર્ક નથી. અથાની જેમ મનોહરસ્વામી એવા શુષ્ક જ્ઞાનને તો નિંદે જ છે:

ખટ શાસ્ત્રના ખોટા રાજવી, કાહાડ્યા કરતા કૂડા વાદ
થાણું બેઠું વેદાંત ભૂપાલનું ઉઠ્યો અનહદ નોબતનાદ.
હોંડે જ્ઞાનગગનમાં મલપતો, છૂટ્યો મોહમાયાનો પાસ,
તુરોયાપદમાં વરતે સદા, અજ્ઞાન થઇ ગયું નાશ. પદ ૧૫:

મતમતાંતર તો મનને તાણી બાંધે છે :

ઘણા ભણ્યા બમણા ભરમાયે, મન બાંધે મતતાણી. :પદ ૨૨:

કવિ પોતે તો ધન્ય થઇને ઉચ્ચારી શકે છે :

રોગ અવિદ્યાનો અમને ન આવે
પીધો છે જ્ઞાનના કવાથને રે. :પદ ૨૭:

આતમરામને ઓળખવાનું જે જ્ઞાન છે એનું સર્વશ્રેષ્ઠ પ્રમાણ તે સ્વાનુભવ જ છે:

એવા આતમરામને ઓળખો, એક અનુભવ રે જેનું સત્ય પ્રમાણ,
જીવનમુક્ત થઇ જગમાં જેમો, મેલો જૂઠો રે તમે તાણમતાણ.

મનોહર પોતાને ગૌરવપૂર્વક આવા જીવન્મુક્ત તરીકે ઓળખાવે છે. આવા જીવન્મુક્ત "સલોણા સંત" નું વર્ણન કવિએ અનેક પદોમાં કર્યું છે. તેમાંય "સન્તો આવો અમારા દેશમાં" એ ઽપ મું પદ તો ખાસ ઉલ્લેખપાત્ર છે. જીવન્મુક્તની ઓળખ આપતાં કવિ કહે છે :

સમરસ વ્યાપક સચ્ચિદઆનંદ, રૂપ થઇને વિલસાય,
મનોહર મરણતણો ભય ભાગે, જીવન્મુક્ત કહેવાય. :પદ ૪૭:

એવા જીવન્મુક્તને

ભેદરહિત નિજરૂપ જણાયે ચિદાકાશ સુખહ્રાશ
કૃષ્ણકૃપાથી નિશદિન તેને, બ્રહ્માનંદ વિલાસ,
મનોહર મુક્ત જગતમાં વિચરે, છૂટે માયાપાસ. :પદ ૫:

આવા સન્તો "કર્મકાંડનાં કાટલાં" ને પરહરી જ્ઞાનના અખૂટ ભંડારને પામે છે ને સદા "તુરીયા પદ" માં સ્થિર થઇને રહે છે. એવા સંતનાં લક્ષણો આપતાં કવિ કહે છે :-

દશ ઇંદ્રિયો જેણે વશ કરી, જીત્યાં, મન બુધ્ધિ ચિત્ત અહંકાર,
ઉપરતી પામ્યું મન સર્વદા, ન કરે કાંઇ વિષય વિચાર.
સુખથી ઉછરંગ ન મન ધરે, ભય દુઃખથી ન પામે લગાર,
વિશ્વાસ ગુરુ વેદાંતનો, દઢ કરી ચિત્ત રાખે ઠાર.
નિજ રૂપ જાણવા ચિત રહે, એકાગ્રપણે દિનરાત,
એક મોક્ષની ઇચ્છા મન વિષે , બીજી કાંઇ ગમે નહીં વાત.
જીવ ઇશ ઉપાધિને પરહરી, નિજ રૂપ લહ્યું ટળ્યો દાસ,
પાંચ ભૂતનાં પૂતળાં પરહરાં, જાણ્યો સૂત્રાત્મ સુખરાશ.
ધ્યાતા ધ્યાન ધ્યેય ત્રૂટિ પરહરી, રહ્યો ધ્યેય નિરંતર આપ,
ગુણ ત્રણના દેવની એકતા, જાણ્યો બ્રહ્મ પ્રણવનો જાપ.
પુણ્યપાપનાં ત્રાજવાં ત્રોડીયાં, મેહેલ્યો વધઘટનો વેપાર. :પદ ૧૫:

આવો સંત કરુણાળુ હોય છે, એ પ્રેમમાં વરતે છે. એ અણસમજુના આળને ગણતો નથી. કાળ એનો કિંકર થઇને રહે છે, જે દુઃખરૂપ તે એને માટે સુખસાગર થઇ રહે છે, રિધ્ધિસિધ્ધિ એની દાસીઓ થઇને રહે છે, એના હૃદયમાં બ્રહ્માનંદ સમાતો નથી. એવા સંતો સચ્ચિદાનંદ બ્રહ્મરૂપે સદા કલ્લોલ કરે છે. :પદ ૧૫:

આ ઉપરાંત, પદ ૩૮ તથા પદ ૫૭ માં, અનુક્રમે ગીતાને અનુસરીને દૈવી સંપત્તિવાળા સંતનું તેમજ સ્થિતપ્રજ્ઞોનું વર્ણન મનહરે કર્યું છે. આ કવિના પદોમાં હઠયોગની સાધનાની પરિભાષા ઝાઝી દેખાતી નથી. તેમ છતાં આ સાધનાને એ સ્વીકારે છે એનો નિર્દેશ એણે આપેલાં સંતલક્ષણોમાંથી જ આપણને જાણવા મળે છે. એવો સન્ત

ઉન્માન ગંગા જલમાં ઝીલે, સદા મુક્ત સુખરાશ. :પદ ૩:

એને સદા "અનહદનો નોબતનાદ" સંભળાય છે. :પદ ૧૫:

આજ રીતે એ પ્રણવસાધનાનો પણ ૪૧ માં પદમાં આ પ્રમાણે ઉલ્લેખ કરે છે:

તનગોળીમાં પ્રણવ ને-તરે, પ્રણવ ઊવાઇ પરોયે રે,

તો સચ્ચિદાનંદ બ્રહ્મ લહે જો, ચંચલ ચિત્ત વલોયે રે,

બ્રહ્માનંદનો તો કવિને સ્વાનુભવ છે. આથી કવિ કહે છે:

મનોહર આનંદરૂપ માંહે મોજ માણે :પદ ૯:

એ આનંદ તો વાણીમાં વર્ણવ્યો જાય એવો નથી:

એ સુખને જે માણે તે જાણે, વાણે નવ કહેવાય :પદ ૨:

આમ છતાં, એના પદ માં પદમાં બ્રહ્માનંદથી થયેલી કૃતાર્થતાનો ઉદ્‌ગાર કાવ્યમય વાણીમાં પ્રકટ થાય છે ને કવિ ગાઇ ઊઠે છે :

હું મારું ને તું તારું ગયું, એક ઝિલસે રે પોતે આતમરામ,

ઊઠે શુભ્ર પરણ સમ પૂતળાં, નાનાં મોટાં રે સહુ ઠામોઠામ,

એનો ઇચ્છાએ વરતું ખરે, ભિન્ન સત્તા રે મારી નહીં નામ,

સચ્ચિદાનંદ બ્રહ્મ કલ્લોલમાં, ડુબ્યાં ડુબ્યાં રે હવે ચૌદે ધામ.

સંતરામ અને શિષ્યમંડળ.

શ્રી સંતરામ મંદિર, નડિયાદ તરફથી સં. ૧૯૯૩ માં પ્રસિધ્ધ થયેલા પદસંગ્રહમાં સંતરામે સંવત ૧૮૮૭ ની મહા સુદ પૂનમે જીવતાં સમાધિ લીધી હતી એમ કહ્યું છે. એમાં એમની જન્મતિથિ આપવામાં આવી નથી. "સન્તોની વાણી"માં આપેલા અક્ષય-વૃક્ષને આધારે એમને શ્રી જીતામુનિ નારાયણના શિષ્ય ગણવામાં આવે છે. "અક્ષયવૃક્ષ"ની પરંપરા બહુ શ્રધ્ધેય ગણાય તેવી નથી. તેમ છતાં એની પરંપરા સાથે સંતરામને સીધો સંબંધ હોઇ શકે. સંતરામની તથા એમના શિષ્યોની રચનામાં જ્ઞાનમાર્ગી-ધારાનાં લક્ષણો પ્રકટ થાય છે એટલું નક્કી.

આ પદસંગ્રહને "યોગિરાજ શ્રી સંતરામ મહારાજ વિરચિત" કહીને ઓળખાવ્યો છે, પણ એમાં મોટા ભાગનાં પદો એમના શિષ્યોનાં જ છે. એમના શિષ્યો પૈકી સુખસાગર, લક્ષ્મણદાસ, હરિરામ, વિષ્ણુદાસ, બાલકદાસ, પુરુષોત્તમ, વિદેહી બાવો, ચરણદાસ, ચદેસંગ, વીરો- આટલા શિષ્યોની રચનાઓ છે. સુખસાગર એ સંતરામનું જ ઉપનામ હોય એવી પણ કલ્પના કરવામાં આવી છે, પણ બીજી પ્રભાતિયામાં

સંતરામનો સંગ કરે તેની ફકર ફજેતી નય રે,

એવો ઉલ્લેખ છે ને એ પ્રભાતિયું સુખસાગરનું રચેલું છે. એમાં સુખસાગરે પોતાના ગુરુને બિરદાવ્યા છે તે રૂપષ્ટ છે. સંતરામ ગૂજરાત બહારથી લોકકલ્યાણાર્થે વિચરતા નડિયાદ આવ્યા હતા. એમની માતૃભાષા, કદાચ, ગૂજરાતી નથી. આ પદસંગ્રહમાંની એમના નામોલ્લેખ સાથેની રચના હિંદીમાં જ છે, ચલણત, એમની ગૂજરાતીમાં રચેલી કૃતિઓ પણ છે.

હિંદીમાં રચેલી "ગુરુબાવની" માં સદ્‌ગુરુની પ્રાપ્તિથી થતી કૃતાર્થતાનો ઉદ્‌ગાર છે. એમાં ગુરુ મળ્યા પહેલાંની અને ગુરુ મળ્યા પછીની દશાને વિરોધાવી છે. ગુરુ અને શિષ્યનું મિલન પૂર્ણ થયું તે સ્થિતિનું વર્ણન કરતાં કહે છે:

સ્વામી સેવક મીલ રહે ને હો ગયે ચારપાર,
આકાશસે એક ગુદ્દન ઝૂરે સો ઝીલ લીઆ એક ધાર. ૧૮

શાસ્ત્રની શાખ તો હતી જ, પણ એથી મન માનતું નહોતું. સદ્‌ગુરુ મળતાં આત્મદર્શન થયું, ને હવે તો આત્મદર્શન કરીને મગ્ન થઇ ગયા છીએ, એ આનંદના પ્યાલા ભરી ભરીને પીએ છીએ, ને હવે

મન મેશ તો ખીલ રહા હે જેસા સફેરોવર ફૂલ. ૨૪

આ પહેલાં મન પૂર્વ, પશ્ચિમ ને ક્વચિત દક્ષિણમાં ભમતું હતું, હવે એણે ઉત્તરમાં આસન માંડ્યું. હવે મેરુ પર આરોહણ કરીને એના શિખર પર ધ્વજ ફરકાવી. હવે બધું સહજ બની ગયું છે:

સુરતી મેરી સે'જ ભયા હૈ સેહેજ સમાગમ પાયા,
સતગુરૂ મોચૈ આન મીલે જબ સુરત શબદસે લાયા.
(પૃ.૬)

હવે સુરતી શૂન્ય ચઢીને "શબ્દ" સાથે ઝૂઝે છે,એ હવે "નુરત" માં ભળી ગઇ છે,એટલુંજ,નહિ એને પાર ગઇ છે ને હવે તો "નરત રહી નીરધારા".આ સ્થિતિનું વર્ણન કરતાં સંતરામ કહે છે:

જેસે ગુડીયા ગગનમાંહી ઐસી ચઢી મોય સુરતી,
સતગુરૂ મોચૈ આનમીલે જબ હોઇ રહા એક નરતી.

પ્રત્યાવર્તનનો ઉલ્લેખ કરતાં સંતરામ કહે છે કે "નરત" ને ઉલટી કરતાં"સુરત" સુલટી થઇ છે.હવે"આપ આપનમેં ભીલ રહે" એ ધન્ય સ્થિતિ પ્રાપ્ત થઇ છે.આ બધું સદ્‌ગુરૂના પ્રતાપે થયું.શિષ્ય કેવો હોવો જોઇએ તે વિશે સંતરામ કહે છે:

ચતુર ચેલા તેને કહીએ ગુરૂગમ સઘળી પેખે,
દેહ સ્વભાવને દૂર કરીને સોંહંગ સરખા દેખે.

બ્રાહ્મી દશાના આનંદને સંતરામે અનોખા ઉલ્લાસથી વર્ણવ્યો છે:

નવ ગંગે નવ નોરતાં દશરા દશમે ગંગ,
સમન્યા તેને દિવાળી ને દેવદિવાળી સંગ.

આ નોરતાં અને દશેરાને હઠયોગની પરિભાષામાં વર્ણવતાં સંતરામ કહે છે:

બે કાને બે નોરતાં બે નેત્રની કોટે,
બે નોરતાં બે પડખે કાઢ્યાં નવમું નોરતું હોઠે.
દશ નાદે તે દશરા કહીએ ભજન કરે તે દિવાળી,
દેવદિવાળી દેહ બાધી સમન્યા તેણે લી વાણી.

આજ રીતે રામ સીતા અને રાવણની પણ નવી સમજ સંતરામ આપે છે:

સત ચાલ્યા તે સીતા વાણી અહંકાર રાવણ રોળ્યો.

કૃષ્ણે ગોવર્ધન પર્વત તોળ્યો તે વિશે પણ સંતરામ કહે છે:

શબદ ગોવાલીએ ટેક કરી ત્યારે અતોલ ગોવરધન તોળ્યો.

આમ જેનું મન ઠરે તેને સદા માણેકઠારી.હઠયોગની સાધનાનો ઉલ્લેખ સંતરામની કૃતિમાં સર્વત્ર છે,પણ હઠયોગની એકાંગી સાધના એમને અભિમત નથી.આ બારામાં અન્ય કવિઓની જેમ સાચી સૂઝને એનો મહત્વ આપે છે:

પંચમુદ્રાનું સાધન કરીએ ભમરગુફામાં જઇને

પણ

સાધન સરવે સમજણમાં છે તે વિચારે રહીએ.

સંતરામના શિષ્યો પૈકી સુખસાગરનાં પદો ખાસ ઉલ્લેખપાત્ર છે.ભણતરની રૂપકગ્રંથી વાપરીને સુખસાગર સાધનાનું રહસ્ય સમજવી દે છે: વિદ્યાર્થી તે વિવેક, એ લગનની પાટી કરીને આખો અધ્યાય ભણે છે,પાંચ ભૂતનું એણે પુસ્તક કહ્યું છે ને એમાં એ લક્ષનું નામ લખે છે.એને લેણણ તે ½ "લેહે" છે,ને એણે "આંખત" નો બડિયો કર્યો છે, એણે "સુરત"ની સહી કરી છે.આમ એ ½ "ભાવનની બાહારૂ" ભણતર ભણી રહ્યો.:

ભણી ગણી આપે થયા આપે જેયું આપ રે,
ચિતનો ચોપડો વાંચ્યો ચરાચરમાં વ્યાપ રે

આ સુખસાગર સંતરામનો મહિમા મુક્તકંઠે ગાય છે.એણે વિવેકવિચારની સેના ચઢાવી, સમજણની નોબત વગાડી,ને એને પરિણામે કામ ક્રોધ મોહ મત્સર ભાગ્યા.નામ લગનનું નિશાન ચઢાવીને મનની "મહોરી" વાળી ને "ગુપત" ગોળી ચલાવી અજ્ઞાનનો સંહાર કર્યો.આખરે સંતરામની કૃપાથી.

સુરત શબદમાં મળી રહી,જેમ લૂણપાણીની પેઠે રે,

આજ રીતે સુખસાગર "ધરધંધાની ધાણીનું" રૂપક પણ વર્ણવે છે.શબ્દનો મહિમા ગાતાં સુખસાગર કહે છે:

શબ્દમાંથી શબ્દ ઉઠે શબ્દમાં મળી જાય રે,
એ શબ્દને જે પરખશે રે તે શબ્દ સ્વરૂપે થાય.

વળી

શબ્દ રૂંધે શબ્દ ગુંજે શબ્દમાં છે સાર રે,
શબ્દે શબ્દ ઊલટયો રે,તે શબ્દ નિરાધાર.

સુખસાગર કહે છે કે આ સાધનામાં "લુખા" માણસનું કામ નથી,કારણકે આ તો "મહાસુખ માં રહેવાની સાધના છે.પ્રીતમ અને આ સાધનાના અન્ય કવિની જેમ સુખસાગર પણ આ સાધનાના સાધકને શૂર અને મરજીવા માને છે.ભગવાનને ધરાવાતા ભોગનું વર્ણન કરતાં સુખસાગર સાધનાનો સાર ભાવિક લોકોને સરળતાથી સમજવી દે છે.સુખસાગર પણ સૂઝ અથવા સમજણને ઘણું મહત્ત્વ આપે છે:

સમજણ સમજ્યા વીણ કાચું રે,
સરવે સરમાં છે સાચું રે.

માટે "સમજણ સમજીને મ્હાલો" પછી "આનંદની બાણ" ઊઘડી જશે.સુખસાગરે બારમાસી પણ લખી છે.એની શરૂઆત દીવાળીથી થાય છે.આષાઢમાં "વ્રેહે"ની વીજળી ચમકે છે પણ શ્રાવણમાં આનંદની હેલી વરસે છે.આસોમાં જ્ઞાનના દીપક પ્રકટી જાય છે. સુખસાગરને મન પરમ પદવી તે "ગુલતાન પદવી" છે,ને એને પામવા માટેની સાધના પણ આનંદમયજ છે:

આનંદ અનુભવમાં રહીએ રે,
રહીએ તો મહા સુખીયા થઇએ રે.

તિથિઓ પણ સુખસાગરે લખી છે, ને એમાં ય ચૈતે "ઉધડ્યાં આનંદનાં ડેલાં" એમ જ એ કૃતાર્થતાપૂર્વક ઉચ્ચારે છે. આથી જ સુખસાગરનો શિષ્ય મુકુંદ એમને "ઊંડા અનુભવના છો આનંદી" કહીને ઓળખાવે છે. આ "સમજણને અજવાળે ગજાવ્યા" સુખસાગરની કૃતિઓ આનંદનો રણકાર જગાવે છે. અન્ય શિષ્યોની કૃતિઓ ખાસ કશો વિશેષ પ્રકટ કર્યા વિના આ ધારાનાં લક્ષણો પ્રકટ કરે છે, માટે એની વીગતમાં અહીં ઉતર્યા નથી.